Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Trivedi, Rajesh B., 2010, *"આર્ટ ઓફ લિવીંગની સામાજિક અસરો - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ",* thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/403

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# આર્ટ ઑફ લિવીંગની સામાજિક અસરો - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

A SOCIAL IMPACT OF THE ART OF LIVING - A SOCIOLOGICAL STUDY

**પીએચ.ડી. (સમાજશાસ્ત્ર) મહાશોધ નિબંધ**


**• સંશોધક •**

*રાજેશ બી. ત્રિવેદી*

એમ.એ.

સમાજશાસ્ત્ર ભવન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ.

**• માર્ગદર્શક •**

*ડૉ. હેમીક્ષાબેન રાવ*

પ્રોફેસર અને અધ્યક્ષ

સમાજશાસ્ત્ર ભવન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ.



**સમાજશાસ્ત્ર ભવન,**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**૨૦૧૦**

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે **શ્રી રાજેશ બી. ત્રિવેદી** એ **''આર્ટ ઓફ લિવીંગની સામાજિક અસરો - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ''** મારા માર્ગદર્શન નીચે પીએચ.ડી. (સમાજશાસ્ત્ર)ની પદ્વી માટે આ મહાશોધ નિબંધ તૈયાર કર્યા છે. આ સંશોધન તેઓનું મૌલિક સંશોધન છે. જે અન્યત્ર કોઈ પદ્વી માટે રજૂ કરવામાં આવ્યો નથી કે આ સંશોધનનો કોઈ પણ અંશ કયાંય પ્રસિદ્ધ થયો નથી.

આ મહાશોધ નિબંધ પીએચ.ડી.ની ઉપાધિની જરૂરિયાતના ભાગરૂપે રજૂ કરેલ છે.

સ્થળ : રાજકોટ
તારીખ :

**(ડૉ. હેમીક્ષાબેન રાવ)**
પ્રોફેસર અને અધ્યક્ષ,
સમાજશાસ્ત્ર ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.

# આમુખ

૨૧મી સદીમાં સામાજીક સંશોધનના ક્ષેત્રે અનેક નવા નવા ખેડાણો થઈ રહ્યા છે. કોઈપણ સામાજીક વિજ્ઞાનના વિકાસમાં નવા નવા સંશોધનોનું યોગદાન અમૂલ્ય હોય છે. પદ્ધતિસરના સંશોધનના અંતે જ સિદ્ધાંત મળે છે. આવા વિપુલ સિદ્ધાંતો જ સામાજિક વિજ્ઞાનોના વિકાસની પારાશીશી બને છે. એક વિષયના રૂપમાં ૨૦૦ વર્ષ કરતા પણ જૂનો ઈતિહાસ ધરાવનાર સમાજશાસ્ત્રએ માનવસંબંધોના જટિલ તાણાવાણાને વૈજ્ઞાનિક એરણ પર મૂકી મૂલ્યમુક્ત સંશોધનોની ભેટ વિશ્વને આવી છે.

વર્તમાન સમયમાં સમાજશાસ્ત્રમાં અભ્યાસોની આગવી પરંપરાઓનો પ્રારંભ થયો છે જેમાં પર્યાવરણ, મહિલા સશક્તિકરણ, પાણીના વ્યવસ્થાપન જેવી બાબતોનો સમાવેશ થાય છે. પરંતુ તેની સાથે સાથે સમાજની પાયાની મહત્વની પાંચ સંસ્થાઓ લગ્ન સંસ્થા, કુટુંબ સંસ્થા, ધર્મસંસ્થા, રાજ્યસંસ્થા અને શિક્ષણ સંસ્થા. જે એકબીજા સાથે પરસ્પરાવલંબીત છે. સમાજશાસ્ત્ર વર્તમાન સમયમાં આ પાયાની સંસ્થાઓની બદલાતી ભૂમિકા-કાર્યો તથા સમાજ પરની તેની અસરોનો અભ્યાસ કરે છે.

સમાજશાસ્ત્રએ મૂળભૂત રીતે સામાજિક તથ્યોનો અભ્યાસ કરે છે. ધર્મની મૂળભૂત વિભાવના સમાજશાસ્ત્રીય સંદર્ભમાં સામાજીક નિયંત્રણના સંદર્ભમાં સમજી શકાય છે. વૈદિક યુગથી વર્તમાન સમય સુધી ભારતીય સમાજ જીવનના અનેક તાણાવાણા ધર્મ સાથે જોડાયેલા જોવા મળે છે. સામાજીક વ્યવસ્થામાં ધર્મ માનવીની દૈનિક જીવનશૈલીમાં સંકળાયેલો છે.

સમાજશાસ્ત્રી મેકસવેબર (જેમણે, ભારતીય ધાર્મિક વ્યવસ્થા પર અભ્યાસ કર્યો છે) અને નિસ્બેત સામાજીક વ્યવસ્થાને અનુસરવા અને સમજવા માટે ધર્મને મહત્વનું પરિબળ ગણાવ્યુ છે. મેલીનોવસ્કીએ જીવવિજ્ઞાનમાં અને રોબર્ટ મર્ટને એજ આધાર લઈને

કાર્યાત્મકવાદમાં ધર્મનો ઉલ્લેખ કર્યો છે. વેબર, મર્ટન તથા ધૂર્ખેના ધર્મના અભ્યાસો, ઓલ્વીનના આદિમધર્મ અંગેના લખાણો મારા અભ્યાસમાં કેન્દ્રસ્થાને છે.

વર્તમાન સમયમાં ધર્મ કે ધાર્મિક સંસ્થાના બદલાતા જતા અભિગમો, તેના સ્વરૂપ અને રચનાતંત્રીય માળખામાં અને ભૂમિકામાં આવેલ પરિવર્તન સમજવું જરૂરી બની ગયું છે. ધર્મ એ વ્યક્તિના વર્તનવ્યવહારોને નિયંત્રીત કરે છે ત્યારે વર્તમાન સમયમાં બદલાતી સામાજિક પરિસ્થિતિ પર ધર્મના વિવિધ સંપ્રદાયોની કેવી અસર થઈ છે તેને તપાસવાનો પ્રયત્ન કરેલ છે.

આર્ટ ઓફ લિવીંગ એ હિંદુ ધર્મના મૂલ્યો પર આધારિત એક સેવા કરતી રજીસ્ટર્ડ ધાર્મિક સ્વૈચ્છિક સંસ્થા છે જે સમાજમાં ચોક્કસ હેતુઓને પરિપૂર્ણ કરવા માટે સમાજમાં લોકોની માનસિક તંગદિલી દૂર કરી, શાંતિ, પ્રેમ, સહકાર, ભ્રાતૃત્વ અને વસુદૈવ કુટુંબકમની ભાવના સમાજમાં પ્રસરે તે માટેના પ્રયત્નો કરે છે. આ ઉપરાંત સમાજકલ્યાણની વિવિધ પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે. હું પોતે છેલ્લા ૧૫ વર્ષથી આર્ટ ઓફ લિવીંગ સાથે સક્રિય રીતે જોડાયેલો છુ. મારા પોતાના અનુભવો તથા આજુબાજુના લોકોમાં આવેલ પરિવર્તન તથા સમાજના કેટલાક વર્ગોમાં આવેલ પરિવર્તન તથા સમાજના કેટલાક વર્ગોમાં આવેલ પરિવર્તનોને સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી સમજવા માટે મારા પીએચ.ડી.ના અભ્યાસ માટે મેં આ વિષયની પસંદગી કરી હતી. મેં ભક્તિ સંપ્રદાય, સ્વામિનારાયણ સંપ્રદાય, સ્વાધ્યાય પ્રવૃત્તિ જેવી વિવિધ ધાર્મિક સંસ્થાઓની સમાજજીવન પરની અસરો અંગેના અભ્યાસો જોતા મને આર્ટ ઓફ લિવીંગની સામાજીક અસરોને પણ તપાસવા માટે પ્રેરણા મળી.

મારા અભ્યાસમાં મે આર્ટ ઓફ લિવીંગનું ધ્યેય, તેનું રચનાતંત્રીય માળખુ તેની વિવિધ પ્રવૃતિઓ, કાર્યક્રમોની વ્યક્તિગત અસરો, કૌટુંબિક અસરો અને સમાજજીવન

પરની અસરોને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મારા સમગ્ર અભ્યાસનું ક્ષેત્ર રાજકોટ જીલ્લા પૂરતુ મર્યાદિત રાખવામાં આવ્યું છે. આમ આ અભ્યાસ એ Microlevel (લઘુકક્ષા)નો છે. મારો અભ્યાસ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવા માટે નિરીક્ષણ, મુલાકાત, પ્રશ્નાવલી પ્રયુક્તિઓ તથા વ્યક્તિ એકમ અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. પ્રસ્તુત મહાશોધ નિબંધને કુલ આઠ પ્રકરણોમાં વિભાજીત કરેલા છે.

સામાજીક સંશોધનની વિશેષતા એ છે કે તેનુ અભ્યાસવસ્તુ લાગણીઓથી ધબકતો માનવ સમુદાય છે. સંશોધનની આ માત્રામાં આ સમુદાયના સહકાર વિના મંઝીલ સુધી પહોંચી શકાય નહી. માનવસંબંધોને વૈજ્ઞાનિક આધાર પર સમજવામાં અનેક વ્યક્તિઓની મદદ સંશોધકને હુંફ અને કંઈક નવું શોધી કાઢવાની પ્રેરણા આપશે.

પ્રસ્તુત સંશોધનકાર્ય સંપન્ન કરવામાં અનેક વ્યક્તિઓનો સહકાર અને અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયા છે. આ તબક્કે મહાશોધ નિબંધ તૈયાર કરવામાં મદદરૂપ થનાર સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરુ છું.

આ શોધનિબંધ પૂર્ણ કરવા માટે મને આર્ટ ઑફ લિવીંગના મારા પૂજ્ય ગુરુજી શ્રી શ્રી રવિશંકરની ગુરુકૃપા વગર શક્ય જ નહતું. તેમની પ્રેરણાથી હું આ કાર્ય પૂર્ણ કરી શક્યો છું માટે તેમનો હું ઋણી છું.

સૌ પ્રથમ મારા માર્ગદર્શક અને ગુરુ ડો. હેમીક્ષારાવ (પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટનો હું ઋણી છું. સંશોધનના પ્રત્યેક તબક્કે તેમના અનુભવપૂર્ણ માર્ગદર્શને મારા સંશોધનમાં નવી કેડી કંડારી આપી છે. તેમની સાથે મારી બી.એ. એમ.એ. થી લઈને પીએચ.ડી. સુધીની સફરે મારા સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુને દ્રઢ કર્યું છે. સતત નવું ને નવું વાંચતા રહેવું, વિચારતા રહેવું અને કપરા સંજોગોમાં પણ નિષ્ઠાપૂર્વક પોતાનું કર્મ કરતા રહેવાનું તેમની પાસેથી શીખવા મળ્યું છે.

સંશોધન કાર્ય દરમિયાન મારાથી થયેલી ભૂલોને તેમણે પ્રેમથી સમજાવી પણ છે અને ક્યારેક જરૂર પડ્યે મીઠો ઠપકો પણ આપ્યો છે. સંશોધન કાર્ય દરમિયાન જ્યારે પણ કોઈ મૂંઝવણ પેદા થાય ત્યારે રાજકોટ ખાતેનું તેમનું નિવાસસ્થાન મારા માટે પાવરહાઉસ બની રહેતું. જીવન પ્રત્યેનો હકારાત્મક અભિગમ અને સતત કર્મશીલ રહેવાની તેમની ધગશે મારી જેવા યુવાનને હંમેશા પ્રોત્સાહિત કર્યો છે.

➢ આજે હું જે કંઈ છું તે મારા કુટુંબનો આભારી છું. આ મહાનિબંધના ભગીરથકાર્યને સંપન્ન કરવામાં મારા પૂજ્ય માતા શ્રીમતી કુસુમબેન ત્રિવેદી, પિતા શ્રી બળવંતભાઈ ત્રિવેદી, બહેન શ્રીમતી જીજ્ઞાસા, જીજાજી શ્રી સૌરભ કકુલકર્ણી, મોટા બહેન શ્રીમતી બીના જોષી તથા જીજાજી શ્રી તિજેન જોશીનો હું ઋણી છું. તેમના આશીર્વાદ મારામાં હંમેશા નવી ચેતનાનો સંચાર કર્યો છે. આ સંશોધન કાર્યને સંપન્ન કરવામાં મારી પત્ની શ્રીમતી મનીષાના પ્રેમ અને હુંફે મને હંમેશા હિંમત આપી છે. આ સંશોધન કાર્ય દરમિયાન મારા બે નાના બાળકો ચિ.સર્વજ્ઞ અને ચિ.રીષભ માટે હું જરૂરી સમય ફાળવી શક્યો નથી તેનો મને ખેદ છે.

➢ ડો. જયશ્રી નાયક તથા ડૉ. હરેશભાઈ ઝાલાએ જે જ્ઞાનરૂપી ગાઈડલાઈન તથા સહકાર આપ્યો છે એ માટે હું બધાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

➢ સમગ્ર સંશોધન કાર્યનો આત્મા ક્ષેત્રકાર્ય છે. મારા આ ક્ષેત્રકાર્ય દરમિયાન આર્ટ ઓફ લિવીંગ સંપ્રદાયના ઋષીજી, સ્વામીજી, શિક્ષકો અને ઉત્તરદાતાઓના સહકારને આ તબક્કે અવગણી શકાય નહીં. માન. ઋષિ નિત્ય પ્રજ્ઞાજી, શ્રીમતી તનુજા લીમયે, શ્રી મેહુલ પરીખનો આભાર માનું છું. વળી, ક્ષેત્રકાર્ય દરમિયાન ઉત્તરદાતાઓએ આપેલી માહિતી વિના તો આ કાર્ય અસંભવિત હતું. તેમનો પણ આભાર.

➢ પ્રસ્તુત મહાનિબંધને તૈયાર કરવામાં અનેક અંગ્રેજી સંશોધન ગ્રંથોના સંદર્ભો ટાંકવાનું બનતું. આ અંગ્રેજી ગ્રંથોના સંદર્ભોને સમજવામાં અમારા સાથી મીસ અલ્પા વોરાએ કરેલી મદદ બદલ તેમનો પણ આભારી છું. ડો.નીરૂલા સીંધ, રીસર્ચ સાયન્ટીસ્ટ મેમોરિયલ મ્યુઝિયમ અને લાયબ્રેરી, તીનમૂર્તિ હાઉસ ન્યુ દિલ્હીનો હું આભારી છું.

➢ ભાષાકીય ક્ષતિઓ દૂર કરી પ્રુફરિડીંગ કરી આપનાર અમારી સ્કુલનાં પ્રિન્સીપાલ શ્રી ભાનુભાઈ શુકલનો હું આભાર માનું એટલો ઓછો છે.

➢ મારા ક્ષેત્રકાર્યમાં જેનો સતત સહકાર મળતો રહ્યો છે તેવા ડો.ચંદ્રકાંતભાઈ વાઘેલા, શ્રી દીપક પંજાણી શ્રી તુસાર વાકાણી, શ્રી નીકુંજ, ડો.કલ્પેશ પટેલ, શ્રીમતી વૃંદાબેન તે સર્વે પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરુ છું.

➢ આ સમગ્ર કાર્ય દરમિયાન સમયસર અને ટાઈપીંગ અને બાઈન્ડીંગ કરી આપી સાથ આપનાર શ્રી પિનાકીન લખતરિયાનો જેટલો આભાર માનુ એટલો ઓછો છે.

➢ આ સમગ્ર કાર્ય દરમિયાન મને ડેટા એન્ટ્રી તથા ચાર્ટ બનાવી આપવામાં મદદ કરવા બદલ હું કું.મોસમી સી. વાઘેલા, તથા કુ. હેના કુલકર્ણીનો આભાર માનું એટલો ઓછો છે.

➢ તદઉપરાંત નામી અનામી શુભેચ્છો, મિત્રો, વડીલો, વિદ્વાનો, જ્ઞાતિજનો, પરિવારજનો વગેરે કોઈને કોઈ ક્ષેત્ર કાર્ય કરવામાં મદદરૂપ થયા હોય અને નામ લખવામાં ભૂલાઈ ગયા હોય તો તેઓનો હું અંતઃકરણપૂર્વક સાદર આભાર માની વિરમું છું.

રાજકોટ

તા...../..../૨૦૧૦

**— રાજેશ બી. ત્રિવેદી**

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| — | **પ્રમાણપત્ર** | II |
| — | **આમુખ** | III-VII |
| — | **કોષ્ટકોની યાદી** | XI-XIII |
| — | **ગ્રાફની યાદી** | XIV |
| — | **ચાર્ટ અને નકશા ચાર્ટની યાદી** | XV |
| **પ્રકરણ-૧** | **સંશોધન આયોજન** | **૧-૪૯** |
| | ૧.૧ વિષય પસંદગી | ૨ |
| | ૧.૨ સંશોધન પ્રશ્ન | ૫ |
| | ૧.૩ સંશોધન હેતુ | ૮ |
| | ૧.૪ સંશોધનની વિભાવનાઓ | ૯ |
| | ૧.૫ સંશોધનનું મહત્વ | ૧૫ |
| | ૧.૬ સંશોધન સમસ્યા અંગેનો અભિગમ | ૧૭ |
| | ૧.૭ સંશોધન ક્ષેત્ર | ૧૯ |
| | ૧.૮ સંશોધન પ્રયુક્તિઓ | ૨૭ |
| | ૧.૯ માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ | ૪૫ |
| | ૧.૧૦ સંશોધન અહેવાલની રૂપરેખા | ૪૪ |
| | ૧.૧૧ સામાજિક સંશોધનની મર્યાદા | ૪૭ |
| | ૧.૧૨ ક્ષેત્રકાર્યના અનુભવો | ૪૮ |
| **પ્રકરણ-૨** | **સંશોધન પ્રશ્નની સૈદ્ધાંતિક સમજ** | **૫૦-૧૦૦** |
| | ૨.૧ પ્રસ્તાવના | ૫૧ |
| | ૨.૨ ધર્મની વ્યાખ્યાઓ | ૫૫ |
| | ૨.૩ ધર્મના સમાજશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ | ૬૦ |
| | ૨.૪ સમાજશાસ્ત્રીઓના ધર્મ અંગેના વિચારો | ૭૪ |

| | | |
|---|---|---|
| **પ્રકરણ-૩** | **સંદર્ભ સાહિત્ય** | **૧૦૧-૧૯૦** |
| ૩.૧ | પ્રસ્તાવના | ૧૦૨ |
| ૩.૨ | અભ્યાસ પુસ્તકો | ૧૦૫ |
| ૩.૩ | સંશોધન અભ્યાસો | ૧૪૭ |
| ૩.૪ | અભ્યાસની વિશેષતાઓ | ૧૮૯ |
| **પ્રકરણ-૪** | **આર્ટ ઓફ લિવીંગ (જીવન જીવવાની કળા)** | **૧૯૧-૨૨૯** |
| ૪.૧ | પ્રસ્તાવના | ૧૯૨ |
| ૪.૨ | પ્રેરણામૂર્તિ શ્રી રવિશંકરજી | ૧૯૩ |
| ૪.૩ | આર્ટ ઓફ લિવીંગ દ્વારા ચાલતી પ્રવૃતિઓ અને કોર્ષ | ૧૯૭ |
| ૪.૪ | આર્ટ ઓફ લિવીંગનું રચનાતંત્રીય કાર્યાત્મક માળખું | ૨૨૧ |
| ૪.૫ | ઉપસંહાર | ૨૨૯ |
| **પ્રકરણ-૫** | **વ્યકિત, કૌટુંબિક માહિતીનું વર્ગીકરણ** | **૨૩૦-૨૬૩** |
| ૫.૧ | પ્રસ્તાવના | ૨૩૧ |
| ૫.૨ | ઉત્તરદાતાની વ્યકિતગત માહિતી | ૨૩૧ |
| ૫.૩ | ઉત્તરદાતાની કૌટુંબિક માહિતી | ૨૪૭ |
| ૫.૪ | ઉપસંહાર | ૨૬૨ |
| **પ્રકરણ-૬** | **માહિતીનું વિશ્લેષણ ભાગ : ૨<br>આર્ટ ઓફ લિવીંગની અસરો અને પરિવર્તન** | **૨૬૪-૩૧૬** |
| ૬.૧ | પ્રસ્તાવના | ૨૬૫ |
| ૬.૨ | આર્ટ ઓફ લિવીંગનો પરીચય | ૨૬૫ |
| ૬.૩ | વ્યક્તિગત-કૌટુંબિક અને સામાજિક અસરો | ૨૮૬ |
| ૬.૪ | આર્ટ ઓફ લિવીંગની અસરો | ૩૦૩ |
| ૬.૫ | ઉપસંહાર | ૩૧૬ |

| | | |
|---|---|---|
| **પ્રકરણ : ૭** | **કેશ સ્ટડીઝ** | **૩૧૭-૩૬૩** |
| ૭.૧ | પ્રસ્તાવના | ૩૧૮ |
| ૭.૨ | વૈયક્તિક અધ્યયનો | ૩૧૯ |
| ૭.૩ | વૈયક્તિકનું અર્થઘટન | ૩૫૯ |
| ૭.૪ | ઉપસંહાર | ૩૬૩ |
| **પ્રકરણ-૮** | **ઉપસંહાર-તારણો** | **૩૬૪-૩૮૩** |
| ૮.૧ | પ્રસ્તાવના | ૩૬૫ |
| ૮.૨ | સારાંશ | ૩૬૬ |
| ૮.૩ | તારણો | ૩૬૯ |
| ૮.૪ | ભાવિ સંશોધનના ક્ષેત્રો | ૩૮૨ |
| **પરિશિષ્ટ : ૧** | **સંદર્ભ સૂચિ** | **૩૮૪-૩૯૦** |
| **પરિશિષ્ટ : ૨** | **પ્રશ્નાવલિ** | **૩૯૧-૩૯૮** |
| **પરિશિષ્ટ : 3** | **Testimonials** | |

# કોષ્ટક સૂચિ


| ક્રમ | કોષ્ટક વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૫.૧ | ઉત્તરદાતાનું વયજૂથ દર્શાવતું કોષ્ટક | ૨૩૩ |
| ૫.૨ | ઉત્તરદાતાની વતનની માહિતી દર્શાવતું કોષ્ટક | ૨૩૪ |
| ૫.૩ | ઉત્તરદાતાની જ્ઞાતિનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક | ૨૩૬ |
| ૫.૪ | ઉત્તરદાતાના ધર્મ દર્શાવતું કોષ્ટક | ૨૩૮ |
| ૫.૫ | ઉત્તરદાતાની ભાષા દર્શાવતું કોષ્ટક | ૨૩૯ |
| ૫.૬ | ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો દર્શાવતું કોષ્ટક | ૨૪૧ |
| ૫.૭ | ઉત્તરદાતાનો શૈક્ષણિક દરજ્જો દર્શાવતું કોષ્ટક | ૨૪૩ |
| ૫.૮ | ઉત્તરદાતાનો વ્યવસાયિક દરજ્જો દર્શાવતું કોષ્ટક | ૨૪૫ |
| ૫.૯ | ઉત્તરદાતાની વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક | ૨૪૬ |
| ૫.૧૦ | ઉત્તરદાતાના કુટુંબનો પ્રકાર દર્શાવતું કોષ્ટક | ૨૪૮ |
| ૫.૧૧ | ઉત્તરદાતાના કુટુંબનું કદ દર્શાવતું કોષ્ટક | ૨૫૧ |
| ૫.૧૨ | કુટુંબનું જાતિ જૂથ દર્શાવતું કોષ્ટક | ૨૫૪ |
| ૫.૧૩ | કુટુંબના સભ્યોનું વયજૂથ દર્શાવતું કોષ્ટક | ૨૫૫ |
| ૫.૧૪ | કુટુંબના સભ્યોનો શૈક્ષણિક દરજ્જો દર્શાવતું કોષ્ટક | ૨૫૭ |
| ૫.૧૫ | ઉત્તરદાતાના કુટુંબના સભ્યોનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક | ૨૫૮ |
| ૫.૧૬ | ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની માસીક આવક દર્શાવતું કોષ્ટક | ૨૬૦ |
| ૫.૧૭ | કુટુંબના સભ્યોએ કરેલ આર્ટ ઑફ લિવીંગના કોર્ષની વિગત દર્શાવતું કોષ્ટક | ૨૬૨ |

| | | |
|---|---|---|
| ૬.૧ | પંથ વિશેની માહિતી ક્યાંથી મળી તે દર્શાવતું કોષ્ટક | ૨૬૭ |
| ૬.૨ | પ્રવૃત્તિ/પંથમાં શા કારણે જોડાયા તે દર્શાવતું કોષ્ટક | ૨૬૮ |
| ૬.૩ | આર્ટ ઑફ લિવીંગના કોર્ષની જાણકારી અને ભાગીદારી દર્શાવતું કોષ્ટક | ૨૭૨ |
| ૬.૪ | આર્ટ ઑફ લિવીંગ શૈક્ષણિક સંસ્થાની માહિતી દર્શાવતું કોષ્ટક | ૨૭૪ |
| ૬.૫ | આર્ટ ઑફ લિવીંગની આરોગ્ય વિષયની માહિતી દર્શાવતું કોષ્ટક | ૨૭૬ |
| ૬.૬ | સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમની જાણકારી ભાગીદારી દર્શાવતું કોષ્ટક | ૨૭૭ |
| ૬.૭ | આર્ટ ઑફ લિવીંગના સત્સંગ વિશેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૨૭૯ |
| ૬.૮ | આર્ટ ઑફ લિવીંગના રૂરલ ડેવલપમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ વિશેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૨૮૧ |
| ૬.૯ | વંચિત સમુહો માટેની પ્રવૃત્તિ દર્શાવતું કોષ્ટક | ૨૮૩ |
| ૬.૧૦ | જાહેર પ્રવૃત્તિની માહિતી દર્શાવતું કોષ્ટક | ૨૮૫ |
| ૬.૧૧ | નિયમિત ઉત્તરદાતાઓ ધર્માદાઓની વિગત દર્શાવતું કોષ્ટક | ૨૮૭ |
| ૬.૧૨ | દોરાધાગામાં માનતા હોય તેની વિગત દર્શાવતું કોષ્ટક | ૨૮૮ |
| ૬.૧૩ | ઉત્તરદાતા વ્યસન કરે છે કે નહીં તે દર્શાવતું કોષ્ટક | ૨૮૯ |
| ૬.૧૪ | ઉત્તરદાતા કેવા પ્રકારનું વ્યસન કરે છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૨૮૯ |
| ૬.૧૫ | આર્ટ ઑફ લિવીંગમાં જોડાવાથી જ તમારું વ્યસન દૂર થયું હોય તે દર્શાવતું કોષ્ટક | ૨૯૧ |
| ૬.૧૬ | કૌટુંબિક સમસ્યા કે વિપરીત સંજોગોમાં પહેલા અને પછી કેવું વર્તન કરે છે તે દર્શાવતું કોષ્ટક | ૨૯૨ |
| ૬.૧૭ | કોષમાં જોડાયા બાદનું વર્તન દર્શાવતું કોષ્ટક | ૨૯૨ |
| ૬.૧૮ | સતસંગમાં જાય છે તે દર્શાવતું કોષ્ટક | ૨૯૩ |

| | | |
|---|---|---|
| ૬.૧૯ | સતસંગમાં કયારે જાય છે તે દર્શાવતું કોષ્ટક | ૨૯૩ |
| ૬.૨૦ | ઉત્તરદાતાના બાળક શાળાએ જાય છે તે દર્શાવતું કોષ્ટક | ૨૯૪ |
| ૬.૨૧ | ઉત્તરદાતાના બાળકો કઇ શાળામાં જાય છે તે દર્શાવતું કોષ્ટક | ૨૯૫ |
| ૬.૨૨ | બાળકોએ આર્ટ ઑફ લિવીંગના કોર્ષ કર્યો છે તે દર્શાવતું કોષ્ટક | ૨૯૬ |
| ૬.૨૩ | સંસ્થામાંથી સ્કોલરશીપ મળે છે કે કેમ તે દર્શાવતું કોષ્ટક | ૨૯૬ |
| ૬.૨૪ | સંતાનોને અભ્યાસલક્ષી માર્ગદર્શન મળે છે કે નહીં તે દર્શાવતું કોષ્ટક | ૨૯૭ |
| ૬.૨૫ | કોર્ષથી સંતાનના અભ્યાસમાં કોઇ લાભ થયો છે તે દર્શાવતું કોષ્ટક | ૨૯૮ |
| ૬.૨૬ | બાળ સંસ્કાર કેન્દ્ર વિશેની માહિતી જાણો છો કે નહીં તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૨૯૯ |
| ૬.૨૭ | તમારું બાળક સભામાં જાય છે કે નહીં તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૩૦૦ |
| ૬.૨૮ | બાળ સંસ્કાર કેન્દ્રમાં જવાથી સંતાનમાં આવેલ પરિવર્તન દર્શાવતું કોષ્ટક | ૩૦૧ |
| ૬.૨૯ | પંથમાં જોડાવાથી ઉત્તરદાતાઓના પ્રશ્નોમાં મદદ દર્શાવતું કોષ્ટક | ૩૦૨ |
| ૬.૩૦ | ઉત્સવોની ભાગીદારી દર્શાવતું કોષ્ટક | ૩૦૩ |
| ૬.૩૧ | આ કોર્ષ પછી આવેલ પરિવર્તન દર્શાવતું કોષ્ટક | ૩૦૬ |
| ૬.૩૨ | આર્ટ ઑફ લિવીંગથી વર્તન વ્યવહારમાં કોઇ પરિવર્તનની વિગત દર્શાવતું કોષ્ટક | ૩૦૯ |
| ૬.૩૩ | સંસ્થા સાથેના જોડાણની માહિતી દર્શાવતું કોષ્ટક | ૩૧૨ |

# આલેખ સૂચિ


| ક્રમ | આલેખની વિગત |
|---|---|
| ૫.૧ | ઉત્તરદાતાનું વયજૂથ દર્શાવતો ગ્રાફ |
| ૫.૨ | ઉત્તરદાતાની વતનની માહિતી દર્શાવતો ગ્રાફ |
| ૫.૩ | ઉત્તરદાતાની જ્ઞાતિનું વર્ગીકરણ દર્શાવતો ગ્રાફ |
| ૫.૬ | ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો દર્શાવતો ગ્રાફ |
| ૫.૭ | ઉત્તરદાતાનો શૈક્ષણિક દરજ્જો દર્શાવતો ગ્રાફ |
| ૫.૮ | ઉત્તરદાતાનો વ્યવસાયિક દરજ્જો દર્શાવતો ગ્રાફ |
| ૬.૩ | આર્ટ ઑફ લિવીંગના કોર્ષની જાણકારી અને ભાગીદારી દર્શાવતો ગ્રાફ |
| ૬.૧૦ | જાહેર પ્રવૃત્તિની માહિતી દર્શાવતો ગ્રાફ |
| ૬.૧૫ | આર્ટ ઑફ લિવીંગમાં જોડાવાથી જ તમારું વ્યસન દૂર થયું હોય તે દર્શાવતો ગ્રાફ |

# ચાર્ટ અને નકશા ચાર્ટની યાદી


| ક્રમ | ચાર્ટ અને નકશા ચાર્ટની યાદી | |
|---|---|---|
| ૦ | ગુજરાત રાજ્યનો નકશો | |
| ૦ | રાજકોટ જિલ્લાનો નકશો | |
| ચાર્ટ : ૧ | વ્યક્તિ વિકાસ કેન્દ્ર ઇન્ડિયા | ૨૨૫ |
| ચાર્ટ : ૨ | આર્ટ ઑફ લિવીંગનું રચનાતંત્રીય માળખું | ૨૨૬ |

# પ્રકરણ-૧

# સંશોધન આયોજન

૧.૧ વિષય પસંદગી

૧.૨ સંશોધન પ્રશ્ન

૧.૩ સંશોધન હેતુ

૧.૪ સંશોધનની વિભાવનાઓ

૧.૫ સંશોધનનું મહત્વ

૧.૬ સંશોધન સમસ્યા અંગેનો અભિગમ

૧.૭ સંશોધન ક્ષેત્ર

૧.૮ સંશોધન પ્રયુક્તિઓ

૧.૯ માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ

૧.૧૦ સંશોધન અહેવાલની રૂપરેખા

૧.૧૧ સામાજિક સંશોધનની મર્યાદા

૧.૧૨ ક્ષેત્રકાર્યના અનુભવો

# પ્રકરણ-૧

# સંશોધન આયોજન

## ૧.૧ વિષય પસંદગી

વિશ્વમાં અનેક રહસ્યો ધરબાયેલા છે. માનવી આદિમકાળથી આ રહસ્યોનો પામવાનો પ્રયત્ન કરી રહ્યો છે. પોતાના પ્રયાસો અને પ્રવૃત્તિઓને કારણે તેણે અનેક રહસ્યોને ઉદ્‌ઘાટિત પણ કર્યા છે કે જેનાથી વિશ્વ અપરિચિત હતું. આ રહસ્યોને પામવાની પ્રવૃત્તિથી તેના જ્ઞાનમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પણ થતી રહે છે અને ઉપલબ્ધ જ્ઞાનને વાસ્તવિકતાની એરણ પર ચકાસી સ્પષ્ટતા મેળવી શકાય છે. રહસ્યોને જાણવાની અને તેને ઉદ્‌ઘાટિત કરવાની તેની આ પ્રવૃત્તિ એટલે જ સંશોધન. જ્યારે આવો પ્રયત્ન સામાજિક ઘટનાઓ પાછળના રહસ્યને સમજવા માટે કરવામાં આવે છે ત્યારે તેને સામાજિક સંશોધન કહેવાય.

વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગ દ્વારા સામાજિક ઘટનાઓ અંગેની વાસ્તવિકતાને સમજવા માટેનો, તે અંગેનું જ્ઞાન મેળવવાનો કે અભ્યાસ કરવાનો પ્રયાસ એટલે જ સામાજિક સંશોધન. પોલિન યંગ જણાવે છે કે "We may define social research as a scientific undertaking which, by means of logical and systematized methods, aims to discover new facts or old facts, and to analyze their sequences, inter-relationships, casual explanations and the natural laws which govern them. ..... Social research is a method of studying, analyzing and conceptualizing social life in order "to extend, correct, or verify knowledge, wether that knowledge aid in the construction of a theory or in the practice of an art."

વળી, સામાજિક તથ્યો અને ઘટનાઓની પ્રકૃતિ જટિલ તથા પરિવર્તનશીલ છે, તેથી સામાજિક ઘટનાઓ અંગેનું વૈજ્ઞાનિક જ્ઞાન મેળવવાનું કાર્ય ઘણું કઠિન પણ છે. સામાજિક

સંશોધનનું કાર્યક્ષેત્ર પણ અત્યંત વિસ્તૃત છે, કારણ કે સામાજિક જીવનના તમામ પાસાંઓને તે આવરી લે છે. આ જ કારણથી ઓગષ્ટ કોમ્ટ વિજ્ઞાનોના વર્ગીકરણના સિદ્ધાંતમાં સમાજશાસ્ત્રને સૌથી જટિલ અને અન્ય વિજ્ઞાનો પર આધારિત વિજ્ઞાન તરીકે ઓળખાવે છે. સામાજિક સંશોધનમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ અત્યંત આવશ્યક છે અને આ સિવાય અન્ય કોઈ વિકલ્પ પણ નથી. સત્યને પામવા માટે બીજો કોઈ ટૂંકો રસ્તો નથી. કાર્લ પિયર્સન જણાવે છે કે, "There is no short cut to truth; no way to gain knowledge of the universe except through this gateway of scientfic method."

વધુમાં કાર્લ પિયર્સન વૈજ્ઞાનિક પદ્ધતિના સામાન્ય લક્ષણોની વાત કરતા લખે છે: "The scientific method is marked by the following features:

(1) Careful and accurate classification of facts and observation of their correlation and sequence;

(2) the discovery of scientific laws by the aid of the creative imagination; and

(3) self criticism and the final touchstone of equal validity for all normally constitude mind"

આમ, સામાજિક સંશોધન એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. સંશોધનના આરંભથી લઈને અંત સુધી સંશોધકે માહિતી એકત્રીકરણથી લઈને પ્રાપ્ત માહિતીના વિશ્લેષણ સુધીના અનેક તબક્કાઓમાંથી પસાર થવાનું હોય છે. સંશોધન કાર્યના આરંભ પૂર્વે સંશોધન વિષય, સંશોધન પદ્ધતિ, સાધનો તથા પ્રક્રિયા સંબંધી બધી જ બાબતોનું વ્યવસ્થિત રીતે સંયોજન કરી સંશોધકે નિશ્ચિત કાર્યક્રમ કે રૂપરેખા તૈયાર કરવાની હોય છે. સંશોધન પૂર્વે સંશોધકે તૈયાર કરેલો આ કાર્યક્રમ કે રૂપરેખા એટલે જ સંશોધન આયોજન.

સંશોધનનું સુવ્યવસ્થિત આયોજન સંશોધકને નિર્ધારિત લક્ષ્ય સુધી પહોંચવાની કેડી કંડારી આપે છે. સંશોધન આયોજન એ સંશોધકે તૈયાર કરેલો નકશો છે. નકશો એ કોઈ પ્રદેશ નથી પરંતુ લાગતાવળગતો પ્રદેશ કયાં આવેલો છે તે દર્શાવે છે. સંશોધકે પોતાના લક્ષ્ય સુધી કેવી રીતે પહોંચી શકાય તે અંગેનું માર્ગદર્શન આ આયોજન આપે છે. સંશોધકની આ સંશોધન યોજના તેના સંશોધનકાર્યને દિશાસૂચન કરવાનું એક તાર્કિક અને આયોજિત સાધન બની રહે છે. જો કે અહીં એક બાબત ખાસ યાદ રાખવી જોઈએ કે સંશોધકે તૈયાર કરેલી સંશોધન યોજના એક કામચલાઉ પ્લાન છે. સંશોધકની સંશોધનયાત્રા જેમ જેમ આગળ વધતી જશે તેમ તેમ સંશોધક સામે સંશોધન વિષયને લગતા નવાં નવાં મુદ્દાઓ, નવી પરિસ્થિતિ અને વિપુલ માત્રામાં માહિતી આવતી જશે. આ પરિસ્થિતિમાં સંશોધકે પોતે તૈયાર કરેલું આયોજન લવચિકતા ધરાવતું હોવું જોઈએ કે જેથી તેમાં સમય અને માંગ મુજબ ફેરફારો કરી શકાય. વળી, સમગ્ર સંશોધનપ્રક્રિયા દરમ્યાન પોતાના પૂર્વગ્રહો સંશોધનમાં ન પ્રવેશે તેની તકેદારી પણ તેણે રાખવી પડશે.

આમ, સંશોધકે સંશોધન વિષયની પસંદગી કર્યા બાદ એક લાંબી અને જટિલ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. માનસિક કવાયત કરવી પડે છે. વૈજ્ઞાનિક પદ્ધતિથી થયેલું આવું સંશોધન સિદ્ધાંતના નિર્માણમાં મહત્વની ભૂમિકા પુરી પાડે છે. રોબર્ટ મર્ટનના મતે સિદ્ધાંતનું નિર્માણ અને સંશોધન વચ્ચે સતત આંતરક્રિયા થતી હોય છે. મર્ટન જણાવે છે કે સામાજિક સંશોધનો સિદ્ધાંત માટે ચાર રીતે ઉપયોગી પુરવાર થાય છે.

(૧) સંશોધનો સિદ્ધાંતોને જન્મ આપે છે.

(૨) સિદ્ધાંતોની પુનર્રચનામાં સંશોધન મહત્વની ભૂમિકા ભજવે છે.

(૩) સંશોધનો સિદ્ધાંતોને નવી દિશામાં લઈ જાય છે.

(૪) સંશોધનો સિદ્ધાંતમાં આવતા ખ્યાલોને વધુ સ્પષ્ટ બનાવે છે.

કોઈપણ વિજ્ઞાનનો આધાર તેની પાસે સિદ્ધાંતોનો કેટલો વિપુલ વારસો છે તેના પર છે. આ રીતે જોઈએ તો વિવિધ સંશોધનો સમાજશાસ્ત્રમાં વિપુલ માત્રામાં સિદ્ધાંતોનું સર્જન કરી નવી દિશા સૂચવશે.

પ્રસ્તુત સંશોધનનો વિષય છે - આર્ટ ઓફ લિવીંગની સામાજિક અસરો- એક સમાજશાસ્ત્રીય અભ્યાસ.

આ વિષયની પસંદગી કરવા પાછળ કેટલીક બાબતો મહત્વની જણાઈ છે. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ કોમ્ટ, દુર્ખિમ, વેબર, માર્ક્સ, શ્રીનિવાસ જેવા વિદ્વાનોના ધર્મ અંગેના વિચારોનો અભ્યાસ એ વિષય પસંદગીમાં ઘણી જ મહત્વની ભૂમિકા ભજવી છે. કોમ્ટ માનવતાના ધર્મની વાત કરે છે તો દુર્ખિમ અરૂન્ટા જાતિના આદિવાસીઓના અભ્યાસ દ્વારા સમાજમાં એકતા કેવી રીતે પ્રસ્થાપિત થાય છે તેની ચર્ચા કરે છે. વળી વેબરને મૂડીવાદના વિકાસ પાછળ ધર્મનું પરિબળ મહત્વનું લાગે છે તો માર્ક્સ ધર્મને અફીણ કહે છે. શ્રીનિવાસનો મૈસુરના કૂર્ગ લોકોનો અભ્યાસ તેમજ થૂથીનો ગુજરાતના વૈષ્ણવોનો અભ્યાસ પણ વિષય પસંદગીમાં મહત્વનું પરિબળ બની રહ્યા. આ બધા જ અભ્યાસોએ મને હંમેશા ધર્મની સમાજમાં ભૂમિકા શું હોઈ શકે? તે વિચારવા પ્રેર્યો છે. વળી ભારત જેવા બિનસાંપ્રદાયિક રાષ્ટ્રમાં ધર્મ સમાજની સંસ્કૃતિ પર શું પ્રભાવ પાથરે છે? શું ખરેખર ધાર્મિક આચાર ખૂબ જ પ્રભાવી હોઈ શકે? સામાજિક પરિવર્તન માટે ધર્મનું પરિબળ કેટલે અંશે જવાબદાર હશે? જેવા પ્રશ્નોએ આ વિષયની પસંદગીમાં ભાગ ભજવ્યો છે.

પ્રસ્તુત અભ્યાસમાં આર્ટ ઓફ લિવીંગની સામાજિક અસરાને વૈજ્ઞાનિક પદ્ધતિથી ચકાસવાનો પ્રયાસ કર્યો છે.

## ૧.૨ સંશોધન પ્રશ્ન

સંશોધકનું સર્વપ્રથમ કાર્ય સંશોધન વિષયની કે સંશોધન સમસ્યાની પસંદગી કરવાનું

છે. વળી, એ તેના સંશોધન આયોજનનું પણ સૌપ્રથમ તબક્કો છે. સંશોધન પ્રશ્નની ઓળખ, તેની પસંદગી અને ઘડતર એ ત્રણેય પ્રક્રિયાઓ સંશોધન આયોજનની પ્રાથમિક પ્રક્રિયાઓ છે. એક રીતે જોઈએ તો આ ત્રણેય પ્રક્રિયાઓ નજીવા તફાવત સિવાય એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલીછે. સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું ક્ષેત્ર વ્યાપક ફલક પર વિસ્તરેલું છે. આ વ્યાપક ફલક પર વિસ્તરેલા સંશોધન ક્ષેત્રમાંથી ક્યા સંશોધન પ્રશ્નની પસંદગી કરવી તે સંશોધન માટે પડકારરૂપ કાર્ય છે.

સંશોધન કેવી રીતે પોતાના સંશોધન પ્રશ્નની પસંદગી કરશે, તેનો આધાર ઘણી બધી બાબતો પર રહેલો છે. સંશોધકના પોતાના નિરીક્ષણો, તેનું સામાન્ય જ્ઞાન, નવું નવું જાણવાની જિજ્ઞાસાવૃત્તિ, માર્ગદર્શકના સૂચનો, સંશોધકની સામાજિક-સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકા, સંદર્ભ ગ્રંથોનું વાંચન, છાપાં તેમજ સામયિકોમાં પ્રકાશિત થતાં રોજિંદા સમાજજીવનને લગતાં જુદાં જુદાં સળગતા પ્રશ્નો વગેરે સંશોધન પ્રશ્નની પસંદગી માટે અગત્યના પરિબળ બની રહે છે.

વળી, સંશોધન પ્રશ્નની ઓળખનો સ્રોત ગમે તે હોય પરંતુ નાણાં, સમય અને સંશોધકના પોતાના સંજોગોને કારણે તે વ્યાપક ફલક પર વિસ્તરેલા સંશોધન ક્ષેત્રના અમુક પાસાં પર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી શકતો હોય છે જે તેની એક મર્યાદા બની રહે છે. સંશોધકે પોતાની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને સંશોધનનું કદ અને તેનો વ્યાપ નક્કી કરવા જોઈએ.

સંશોધન આયોજનના આ પ્રથમ ચરણ પર સંશોધનની સફળતાનો આધાર રહેલો છે અને તેથી સંશોધન પ્રશ્નની પસંદગીમાં સાવધાની રાખવી જરૂરી છે. જાણીતા વિજ્ઞાન અને સંશોધક નોર્થરોપ જણાવે છે કે, "One may have the most rigorous method of investigation but if a faise of superficial beginning is made, rigor later on willnever retrieve the

situation. It is like a ship leaving port for a distant destination. A very slight erroneous deviation in taking one's bearings at the beginning may result in entirely missing one's mark at the end, regardless of the sturdiness of one's craft or the excellence of one's subsequent seamaship."

અર્થાત્ પોતાના સંશોધન દરમ્યાન સંશોધકે કોઈપણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરી શકે છે, પરંતુ જો સંશોધનકાર્યનો પ્રારંભ જ ખોટી રીતે થયો હશે તો આગળ જતાં તેણે પસંદ કરેલી સંશોધન પદ્ધતિઓ પણ તેને ક્યારેય સુધારી નહીં શકે. સંશોધનકાર્ય એક એવી સ્ટીમર સમાન છે કે જે દૂરના સ્થળે જવા માટે બંદર પરથી નીકળે છે પરંતુ આરંભમાં જ જો દિશાની પસંદગી ખોટી હશે તો તે ક્યારેય પોતાના મુકામ સુધી પહોંચી શકશે નહીં, પછી ભલેને એ સ્ટીમરનું નિર્માણકાર્ય ખૂબ જ કુશળતાપૂર્વક કરવામાં આવ્યું હોય અને તેનો કેપ્ટન ગમે તેટલો નિષ્ણાંત હોય! આમ, સંશોધન પ્રશ્નની પસંદગીમાં સંશોધકે દાખવેલી સાવધાની નિર્ધારિત સમયમર્યાદામાં ગુણવત્તાસભર સંશોધનની ભેટ ધરશે.

શ્રીમતિ પોલિન યંગ પણ સંશોધન સમસ્યાની પસંદગી માટે ચાર બાબતોનું ધ્યાન રાખવાનું સૂચવે છે. શ્રીમતી યંગ જણાવે છે : "A study can be probbitably delimited form the stand point of :

(1) aims and interest of the research worker

(2) amount of relevant available

(3) complaxity of theoretical assumptions formulated regarding the study

(4) previous valid research in the field having direct bearing on the project under consideration"

પ્રસ્તુત સંશોધન સમસ્યાનું કેન્દ્રબિંદુ છે - આર્ટ ઓફ લિવીંગની સામાજિક અસરો- એક સમાજશાસ્ત્રીય અભ્યાસ.

સમાજની પાંચ મહત્વની સંસ્થાઓમાં ધર્મસંસ્થાનું પણ આગવું મહત્વ રહ્યું છે. કોમ્ટ, દુર્ખિમ, વેબર, ધૂર્યે, થૂથી જેવા સમાજશાસ્ત્રીઓના ધર્મ અંગેના અભ્યાસો સંશોધક માટે ધર્મ સમાજ પર કેવી અસરો ઉપજાવે છે તે જાણવા માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. ભારતમાં ૨૭ વર્ષ પૂર્વે ઉદ્ભવેલા આર્ટ ઑફ લિવીંગની સમાજ પર પ્રભાવી અસર રહી છે. સમાજના વિશાળ સંખ્યાના લોકો કાળક્રમે ઉદભવેલી આર્ટ ઑફ લિવીંગની વિવિધ શાખાઓના અનુયાયીઓ છે. આર્ટ ઑફ લિવીંગ સંપ્રદાયે નિમ્ન વર્ણના લોકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા કેળવી છે.

પ્રસ્તુત અભ્યાસમાં આર્ટ ઓફ લિવીંગની સમાજના જુદા જુદા વર્ગો, જ્ઞાતિ, ધર્મના લોકોના સામાજિક જીવન પર અસરોને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી મૂલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## ૧.૩ સંશોધન હેતુ

કોઈપણ સામજિક સંશોધન પાછળ ચોક્કસ હેતુ હોય છે. ચોક્કસ હેતુ સંશોધનને દિશા પ્રદાન કરે છે. અહીં સંશોધન પ્રશ્નને ધ્યાનમાં રાખી પ્રસ્તુત અભ્યાસ માટે નીચેના હેતુઓ નક્કી કરવામાં આવ્યા છે:

૧. આર્ટ ઓફ લિવીંગની ઐતિહાસિક પૂર્વ ભૂમિકા સંબંધી માહિતી એકત્રીત કરવી.

૨. આર્ટ ઓફ લિવીંગ બહુવિધ માળખુ ધરાવતા ભારતના ક્યા ક્યા સામાજીક સ્તરમાં વ્યાપકતા ધરાવે છે અને તેના વ્યાપકતા પરિબળો/પરીસ્થિતિને સમજવાનો પ્રયાસ.

૩. આર્ટ ઓફ લિવીંગની વિવિધ પ્રવૃતિઓ વિશેની જાણકારી મેળવવી અને તેના વ્યવસ્થાપનનું માળખુ તપાસવું.

૪. આર્ટ ઓફ લિવીંગની વિવિધ પ્રવૃતિઓની વ્યક્તિ, પરિવાર તથા સમાજ ઉપર કેવી કેવી અસર પડે છે તેને તપાસવી.

## ૧.૪ સંશોધનની વિભાવનાઓ

અનેકવિધ હકિકતો માટે વપરાતો એક શબ્દ એટલે વિભાવના. દરેક વિજ્ઞાન પાસે પોતાના આગવા ખ્યાલો અથવા વિભાવનાઓની વ્યવસ્થા હોય છે. શ્રી વાય.એ.પરમાર જણાવે છે કે વિભાવનાઓ વસ્તુ, વિચાર, ઘટના કે પરિસ્થિતિના એક પ્રતીક અથવા લેબલ સમાન છે. વિભાવનાઓ સ્પષ્ટ અને સમાનાર્થી હોવી જોઈએ. કોઈ એક વિભાવનામાંથી વ્યક્તિને જે અર્થ પ્રાપ્ત થયો હોય તે જ અર્થ અન્ય વ્યક્તિને પણ પ્રાપ્ત થવો જોઈએ. અભ્યાસ હેઠળના સંશોધન પ્રશ્નને સ્પષ્ટ કરવા માટે તેમાં પ્રયોજાયેલા ચાવીરૂપ ખ્યાલોને સમજવા જરૂરી હોય છે. ખ્યાલોના ઉપયોગ દ્વારા આપણે સંશોધન પ્રશ્નના વિવિધ પાસાંઓને એકબીજા સાથે સાંકળી શકીએ છીએ. પ્રસ્તુત અભ્યાસ આર્ટ ઓફ લિવીંગને લગતો છે. આ અભ્યાસમાં ઉપયોગમાં લેવાયેલા કેટલાક ખ્યાનોને નીચે મુજબ સ્પષ્ટ કરી શકાય.

### ૧. આર્ટ ઓફ લિવીંગ

ભારતમાં અનેક વિવિધતા જોવા મળે છે. જેવીકે પ્રદેશ, ભાષા, ધર્મ વિગેરે. ભારતમાં હિંદુ, મુસ્લીમ, શીખ, જૈન, પારસી, બૌદ્ધ, ખ્રિસ્તી જેવા અનેક ધર્મના લોકો વસવાટ કરે છે. જેમાં હિંદુ ધર્મની વસ્તી સૌથી વધુ જોવા મળે છે. હિન્દુ ધર્મમાં અનેક સંપ્રદાયો અનેક પેટાધર્મો જોવા મળે છે. તેમાં જુદા જુદા સમયાંતરે પરિવર્તનો આવતા રહ્યા છે. ધર્મ એ વ્યક્તિના જીવનમાં મહત્વ ધરાવે છે. હિન્દુ ધર્મના સ્વામિનારાયણ સંપ્રદાય, પાંડુરંગ દાદાની સ્વાધ્યાય પ્રવૃતિ તથા આર્ટ ઓફ લિવીંગ જેવા સંપ્રદાયો અસ્તીત્વ ધરાવે છે. જેઓ સમાજ સુધારાની પ્રવૃતિઓ ચલાવે છે.

વર્તમાન સમયમાં છેલ્લે અઢી દસકાથી શ્રી શ્રી રવિશંકર મહારાજ દ્વારા આર્ટ ઓફ

લિવીંગની પ્રવૃતિ ચલાવવામાં આવે છે. આ એક આંતરરાષ્ટ્રીય કક્ષાનું બીનસરકારી સંગઠન છે.

આર્ટ ઓફ લિવીંગ એ હિંદુ સંપ્રદાયના મૂલ્યો, ધોરણો અને નીતિ નિયમો પ્રમાણે કાર્ય કરે છે. પરંતુ છેલ્લા દસકા દરમિયાન આ પ્રવૃતિમાં ખૂબ મોટા પ્રમાણમાં લોકો જોડાય છે.

આર્ટ ઓફ લિવીંગની વિશ્વમાં ૧૪૫ દેશોમાં ૪૫૦૦ કેન્દ્રો દ્વારા જુદા જુદા સેવાકાર્યો ચલાવવામાં આવે છે અને તેના દ્વારા દરેક શ્રેણીના લોકો સુધી માનવ કલ્યાણ અને માનવીય મૂલ્યોમાં વધારો કરી લોકોને સારી રીતે જીવન જીવવામાં મદદરૂપ બનવાનો પ્રયત્ન કરે છે અને તેના દ્વારા અનેક લોકોના જીવનમાં મોટા પાયા પર પરિવર્તન આવ્યા છે. લોકોની જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું છે.

આમાં સુદર્શન ક્રિયા શીખવાડવામાં આવે છે. જેના દ્વારા સ્વની ઓળખ અને સ્વની જાગૃતિ થાય છે. શ્વાચ્છોશ્વાસની એવી સુંદર અને સરળ પ્રક્રિયા છે જેના દ્વારા ઘણા રોગોમાંથી મુક્તિ મળે અને લોકો ઘણા બધા સેવાકાર્યમાં જોડાય છે. આને લોકોના જીવનમાં પરિવર્તન આવે છે તેના દ્વારા સમાજ કલ્યાણની અનેક પ્રવૃતિઓ કરવામાં આવે છે.

## ૨. આર્ટ ઓફ લિવીંગનું માળખું

આર્ટ ઓફ લિવીંગ એ આગળ ઉલ્લેખ કર્યા પ્રમાણે એક સ્વૈચ્છીક સંસ્થા છે જે હિન્દુ ધર્મના મૂલ્યો, ધોરણો પ્રમાણે અનેકવિધ પ્રવૃતિઓ કરેછે. જેની દેશ તથા વિદેશમાં શાખા પ્રશાખાઓ છે. આ આર્ટ ઓફ લિવીંગની વિવિધ પ્રવૃતિઓ માટે તેનું એક ચોક્કસ માળખુ ઘડાયેલું છે. જેમાં ઋષીજી, સ્વામીજી, શિક્ષકો તથા સ્વયંસેવકો લોકોમાં આ સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ લોકો સુધી પહોંચે તેના માટે પ્રયત્નો કરે છે. જેનો હેતુ લોકોને સ્વસ્થ જીવન આપી માનસીક શાંતિ તથા સમાજમાં સંવાદિતા પ્રસ્થાપિત થઈ શકે તેના માટેના

પ્રયત્નો કરે છે જેનું મુખ્ય મથક બેંગ્લોર ખાતે છે અને તે સીવાયના ભારતમાં ૫૦૦૦ કેન્દ્રો વિદેશમાં અનેક કેન્દ્રો સ્થાપવામાં આવેલ છે. જેનું મુખ્ય સંચાલન બેંગ્લોરથી કરવામાં આવે છે. જુદા જુદા સ્તરના લોકોને આ અંગેની તાલીમ આપી સ્વૈચ્છાએ ધાર્મીક તથા સામાજીક પ્રવૃતિઓમાં જોડી સામાજીક જાગૃતિનું કાર્ય કરવામાં આવે છે. આ સંસ્થામાં શિક્ષકો નીચે પ્રમાણેના વિભાગોમાં વહેચાયેલા છે.

૧. એડવાન્સ કોર્ષ શિક્ષક
૨. દિવ્ય સમાજના નિર્માણ માટેના શિક્ષક
૩. બાળકો માટેના આર્ટ એકસલ શિક્ષક
૪. યુથ એમ્પાયરમેન્ટ માટેના શિક્ષક
૫. યુવાઓ માટે યશ + ના શિક્ષકો
૬. વાયએલટીપી યુથ લીડર સીપ ટ્રેનીંગ પ્રોગ્રામ ગ્રામ જીવનમાં પરિવર્તન લાવતા શિક્ષકો
૭. CEP (Corporate executive programme) Company માં કોર્ષ લેતા શિક્ષકો
૮. GEP (Government Executive Programme) ગર્વમેન્ટમાં કાર્ય કરતા લોકો માટે ટ્રેનીંગ આપતા શિક્ષકો
૯. KYC (Know your chield) તમારા બાળકોને ઓળખો તેના માટેના શિક્ષકો (૨-૩ વર્ષના બાળકો માટે)
૧૦. KYT (Know your teengo) ૧૩-૧૮ વર્ષના બાળકોને ઓળખવા માટેના શિક્ષકો.
૧૧. Prisan Smart જૈલના કેદિઓ માટેના શિક્ષકો
૧૨. શ્રી શ્રી યોગાના શિક્ષકો

૧૩. સહજ સમાધીના શિક્ષકો

૧૪. TTC ટીચર્સ ટ્રેનીંગ કોર્ષના શિક્ષકો

શિક્ષકોની પણ ચોક્કસ તાલીમ આપી તાલીમ કાર્યક્રમો દ્વારા તૈયાર કરવામાં આવે છે.

શિબિરનું આયોજન કરીને તથા લોકોને તાલીમ આપીને જે ફંડ એકત્રીત કરવામાં આવે છે તેને સેવાકીય પ્રવૃતિમાં ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉપરાંત વિવિધ દાતાઓ દ્વારા પણ દાન આપવામાં આવતું હોય છે. સરકારની વિવિધ યોજનાઓ દ્વારા પણ આ સંસ્થા દ્વારા સહાય મેળવે છે. વિદેશમાંથી પણ દાન મેળવે છે. WHO, NIMHANSE, AIIMS બધા સાથે સંશોધન કરીને પણ ભંડોળ એકત્રીત કરવામાં આવે છે.

UN, UNEP, UNDP

આર્ટ ઓફ લિવીંગમાં ઉપરોક્ત જુદા જુદા સ્તરમાં અનેકવિધ વ્યક્તિઓ જુદા જુદા દરજ્જા પ્રમાણે સંકળાયેલી છે. જેનું એક ચોક્કસ કાર્ય પ્રણાલી હોય છે. જેમકે ઋષીજી એ સમાજમાં લોકોને જ્ઞાન સત્સંગ દ્વારા ધાર્મીક વિચારોને સમાજ સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે. સ્વામીજીએ સંસ્થાના વિવિધ વહીવટી વિભાગોનું સંચાલન કરવાની ભૂમિકા ભજવે છે. વિવિધ વિભાગોના શિક્ષકો દ્વારા લોકો સુધી આ સંદેશ પહોંચે તેના માટે વિવિધ શિબિરોનું આયોજન કરીને લોકોને તાલીમ આપવાનું કાર્ય કરે છે. જ્યારે સ્વયં સેવકોએ શિબીરો દરમ્યાન શિક્ષકોને તાલીમમાં વિવિધ પ્રકારની સહાય કરે છે.

આયુર્વેદ પદ્ધતિથી ઉપચાર I.A.H.U. (International Association for Human Ualues, tribal well fare project, RDP (Rural development Project), Sri Sri Seva mandir, Sri Sri Ravishanker Vidya Mandir જેવી વિવિધ પ્રવૃતિઓ માટેના પણ અલગ અલગ વિભાગો કાર્યરત છે. જેનું સંચાલન વિવિધ સ્વામીજીઓ દ્વારા કરવામાં આવે છે.

## ૩. જ્ઞાતિ

ભારતીય સમાજ વ્યવસ્થાનું માળખું એ જ્ઞાતિ વ્યવસ્થા ઉપર રચાયેલું છે. જ્ઞાતી વ્યવસ્થા એ એક વિશિષ્ટ માળખું ધરાવતી વ્યવસ્થા છે. ભારતમાં અંદાજીત ૫૦૦૦ થી વધુ જ્ઞાતિઓ અસ્તીત્વ ધરાવે છે. જ્ઞાતીઓની પણ અનેક પેટા જ્ઞાતીઓ જોવા મળે છે.

ભારતની જ્ઞાતી વ્યવસ્થાને ડો.ધુર્યએ ચાર લક્ષણોથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. સમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન કરવામાં આવે છે.

૧. સામાજીક કોટીક્રમ

૨. ખાનપાન પરના પ્રતિબંધો

૩. વ્યવસાયિક પ્રતિબંધો

૪. નાગરીક અને ધાર્મીકના પ્રતિબંધો

ઉપરોક્ત લક્ષણોના આધારે જોઈ શકાય છે કે જ્ઞાતિવ્યવસ્થામાં દરેક જ્ઞાતિનું સામાજીક કોટીક્રમમાં માળખામાં ચોક્કસ સ્થાન હોય છે. દરેક જ્ઞાતિના ચોક્કસ રીતરીવાજો, ધોરણો, મૂલ્યો વલણો અને માન્યતાઓ પરંપરાઓ અને રૂઢીઓ અસ્તિત્વ ધરાવે છે. અમુક જ્ઞાતિ એ અમુક ચોક્કસ પ્રદેશમાં વસવાટ કરે છે. જ્ઞાતિમાં આવી ગતિશીલતા જોવા મળે છે. ગતિશીલતાને અવકાશ નથી. જે દર્શાવે છે કે હિન્દુ સમાજની જ્ઞાતિ વ્યવસ્થા એ બંધ સમાજ વ્યવસ્થા છે. જેમાં વ્યક્તિને અર્પિત દરજ્જો પ્રાપ્ત થાય છે જે જન્મના આધારે નક્કી થતો હોય છે. જ્ઞાતિ વ્યવસ્થા એ અસમાનતાના પાયા ઉપર રચાયેલી વ્યવસ્થા છે.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા જ્ઞાતિને એક ચલ તરીકે સ્વીકારીને આર્ટ ઓફ લિવીંગની વિવિધ પ્રવૃતિમાં કઈ કઈ જ્ઞાતિના લોકો સંકળાયેલા છે અને ક્યા ક્યા ક્ષેત્રોમાં કઈ જ્ઞાતિની વ્યક્તિઓ ઉપર કેવી અસર થાય તેને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે.

### ૪. વર્ગ

વર્ગ વ્યવસ્થા એ સમગ્ર વિશ્વમાં દરેક સમાજમાં જોવા મળે છે. વર્ગ વ્યવસ્થાનો મૂળ આધાર એ આર્થિક બાબતો છે. જ્યારે જ્ઞાતિવ્યવસ્થાને મૂખ્ય આધાર સામાજીક સ્થાન છે. વર્ગવ્યવસ્થા એ વ્યક્તિનો આર્થિક દરજ્જાનો નિર્દેશ કરે છે. વર્ગ વ્યવસ્થા ૩ વિભાગમાં વહેચાયેલી છે. (૧) ઉચ્ચ વર્ગ (૨) મધ્યમ વર્ગ (૩) નિમ્ન વર્ગ

વર્ગ વ્યવસ્થાને દરજ્જે વ્યક્તિ પોતાના કાર્યને આધારે બદલી શકે છે. જેમકે નિમ્ન વર્ગની એક વ્યક્તિ પોતાની મહેનત દ્વારા ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે છે. ગુજરાતીમાં એક કહેવત મુજબ 'નાણાં વગરનો નાથીયો નાણે નાથાલાલ' જે દર્શાવે છે કે વર્ગવ્યવસ્થામાં વ્યક્તિ પોતાનું સ્થાન બદલી શકે છે. અર્થાત ગતિશીલતા જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે વર્ગને પણ એક ચલ તરીકે પસંદ કરેલ છે. જેના દ્વારા આર્ટ ઓફ લિવીંગમાં કયા વર્ગની વ્યક્તિઓ વધુ આવે છે અને તેમના જીવન ઉપર કેવી અસર થઈ છે તેને તપાસવાનો પ્રયત્ન કર્યો છે.

### ૫. સામાજીક અસરો

સમાજમાં હંમેશા પરિવર્તનની પ્રક્રિયા સતત ચાલતી હોય છે. આ પરિવર્તનની પ્રક્રિયાના અનેક પરિબળોને કારણે સમાજના વિવિધ ક્ષેત્રો પર અસર કરે છે. રચનાતંત્રએ કાર્યાત્મકવાદના સિદ્ધાંત પ્રમાણે સમાજના કોઈ એકમમાં પરિવર્તન આવતા તેની અસર અન્ય એકમ પર પડતી હોય છે. કારણ કે સમાજના દરેક અંગો/એકમો પરસ્પરાવલંબી હોય છે. સમાજની મહત્વની એક સંસ્થા ધર્મ છે જેની અસર કુટુંબ, લગ્ન, અર્થવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા પર પડે છે. સમાજમાં વિવિધ એકમોમાં પણ પરિવર્તન આવે છે. પ્રસ્તુત અભ્યાસ એ હિંદુ ધર્મનો એક સંપ્રદાય એ 'આર્ટ ઓફ લિવીંગ' જીવન જીવવાની કળા છે જે આધ્યાત્મિક પ્રવૃતિઓની સાથે સાથે અનેક સામાજીક કલ્યાણની પ્રવૃત્તિઓ પણ કરે છે. તેમજ શિક્ષણ, આરોગ્ય, સ્વાસ્થ્ય, ગ્રામવિકાસ કાર્યક્રમો તથા પર્યાવરણ, આપત્તિ વ્યવસ્થાપન,

સજીવ ખેતી, અનાથાશ્રમો જેવા અનેક કાર્યક્રમો ચલાવવામાં આવે છે. તેની અસર વ્યક્તિ અને સમાજ પર પડતી જોવા મળી છે. આ સંપ્રદાયથી બાળકોના શિક્ષણમાં, વ્યક્તિની જીવનશૈલી, માન્યતાઓ, વલણો, વિચારો પર પડે છે. આથી આ અભ્યાસમાં આર્ટ ઓફ લિવીંગના ધ્યેયો પ્રવૃતિઓ અને વિચારોની વ્યક્તિ અને સમાજના સામાજીક જીવન પર કેવી અસરો પડે છે તેને તપાસેલ છે.

## ૧.૫ સંશોધનનું મહત્વ

સામાજિક સંશોધનના મહત્વને આપણે બે વિભાગોમાં વિભાજીત કરી શકીએ.

૧. સૈદ્ધાંતિક મહત્વ અને

૨. વ્યવહારિક મહત્વ

કોઈ પણ સામાજિક સંશોધનનો હેતુ જ્ઞાનપ્રાપ્તિ તથા ઉપલબ્ધ જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનો હોય છે. સામાજિક સંગઠન, તેની રચના, તેને સંચાલિત કરનારા નિયમો તથા વિવિધ તથ્યો વચ્ચેના કાર્ય-કારણના સંબંધો માટેના જવાબદાર પરિબળોની શોધ કરવી એ સામાજિક સંશોધનનું સૈદ્ધાંતિક મહત્વ છે. માત્ર નવીન તથ્યોનું સંકલન કરી તેના વિષેનું જ્ઞાન મેળવવું એ જ માત્ર સામાજિક સંશોધનનો હેતુ નથી, પરંતુ તે જૂના તથ્યોનું પણ જ્ઞાન મેળવે છે. સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિમાં પરિવર્તન આવતા સમાજ અંગેના સામાજિક નિયમો અને સામાજિક તથ્યોમાં પણ પરિવર્તન આવે છે તેથી સામાજિક સંશોધન એ માત્ર નવીન તથ્યોનું જ જ્ઞાન મેળવવાનો પ્રયત્ન નથી કરતું પરંતુ જૂના તથ્યોને પણ ચકાસે છે, તેનું પુનઃપરિક્ષણ કરે છે. સામાજિક સંશોધન હેઠળ વિવિધ સામાજિક ઘટનાઓ અને તથ્યો વચ્ચેના કાર્યાત્મક સંબંધોને તપાસવા, પદ્ધતિશાસ્ત્રના વિકાસમાં આ સંશોધનનું શું પ્રદાન છે, નવા સંશોધનો માટે કેટલો અવકાશ છે વગેરે બાબતો સામાજિક સંશોધનનું સૈદ્ધાંતિક મહત્વ દર્શાવે છે.

સામાજિક સંશોધનનું બીજું મહત્વ વ્યાવહારિક અથવા તો તેની ઉપયોગિતાના આધારે

નક્કી થાય છે. શ્રીમતિ પોલિન યંગ જણાવે છે કે "The primary goal of social research- immediate of distant is to understand social life and thereby gain a greater measure of control over it." આમ, સામાજિક સંશોધન દ્વારા માનવીના સામાજિક જીવન વિશે જે કંઈ પણ જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ તેનો ઉપયોગ વ્યવહારમાં પણ કરી શકાય છે. તે સામાજિક સમસ્યાઓના નિવારણમાં મદદરૂપ બને છે.

જો કે એક બાબત ખાસ યાદ રાખવી જોઈએ કે સામાજિક સંશોધનનો મુખ્ય હેતુ તો જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનો તથા તેની પુન: ચકાસણી કરવાનો છે.

પ્રસ્તુત અભ્યાસ એ આર્ટ ઓફ લિવિંગની સામાજીક અસરોને સમાજશાસ્ત્રીય પરીપ્રેક્ષથી સમજવાનો છે. આર્ટ ઓફ લિવીંગ એ અગાઉ ચર્ચા કર્યા મુજબ દક્ષિણ ભારતમાં કર્ણાટક રાજ્યમાં બેંગ્લોર સ્થીત સંસ્થા છે. જે સમગ્ર વિશ્વમાં પોતાનો વ્યાપ્ત ધરાવે છે અને તેની અસર સમાજના તમામ જ્ઞાતિ વર્ગના લોકો ઉપર પ્રભાવ અસર રહી છે. આ સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ દ્વારા સમાજના ગામડાના છેવાડાના લોકોના ઉત્કર્ષ માટે યુવાનો તથા માનસિક રીતે અશાંતિ અનુભવતા લોકોના કલ્યાણ માટેની અનેક પ્રવૃતિઓ કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં આર્ટ ઓફ લિવીંગની વિવિધ શિબીરોમાં જોડાયેલા શિબિરાર્થીઓના જીવન ઉપર તેમના સામાજીક આતર્થક અને દૈનિક જીવનચર્યા ઉપર કેવી અસર થઈ છે તેને તપાસવાનો પપ્રયત્ન કરવામાં આવ્યો છે. આમ આ સંસ્થા દ્વારા સમાજની વર્તમાન સમસ્યાઓ મુખ્યત્વે લોકોને માનસિક તંગદિલીમાંથી  બહાર કાઢી તંગદિલી નિવારવાનો અને શાંતિપૂર્ણ જીવન જીવી શકે તે માટેનો પ્રયત્ન કરવામાં આવે છે. કે જેથી લોકો આત્મહત્યા કે બીજી કોઈ ગુનાહિત પ્રવૃતિઓ કરતાં અટકે તેમજ સમાજ કલ્યાણની વિવિધ પ્રવૃતિઓ દ્વારા સમાજના નબળા વર્ગ માટે અનેકવિધ પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે તેનાથી લોકોને કેટલો લાભ થયો છે તે સમજી શકાશે. આ ઉપરાંત આ બધાથી આ દ્વારા લોકોના સામાજીક જીવન

ઉપરની અસરો દ્વારા યુવાનોમાં ભૌતિકતાવાદ તરફની ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ અને સંવાહક તરીકેની જે ભૂમિકા આ સંસ્થા દ્વારા ભજવવામાં આવે છે તે કેટલે અંશે સીદ્ધ થઈ શકી છે તે જાણી શકાશે.

આ ઉપરાંત અભ્યાસનું ફક્ત વ્યવહારિક મહત્વ નથી પરંતુ સૈદ્ધાંતિક મહત્વ પણ એટલું જ મહત્વનું જોવા મળે છે. કાર્લ માકર્સ ધર્મને અરિણ્યની ઉપમા આપે છે. તેના મતે ધર્મ વ્યક્તિને પાંગળો બનાવે છે. પરંતુ આ અભ્યાસ પરથી એવું લાગે છે કે વ્યક્તિના વિકાસમાં, સમાજના વિકાસમાં ધર્મની ભૂમિકા મહત્વની છે. કાયદા દ્વારા વ્યવહારમાંની અસમાનતા દૂર કરી શકાશે. પરંતુ લોકોના માનસપટ પર સદીઓથી દઢ થયેલી અસમાનતા દૂર કરવામાં ધર્મની ભૂમિકા મહત્વની રહેશે. હવે ધર્મ સંસ્થાનું ધ્યેય માત્ર ઈશ્વરની આરાધના કરી અલૌકિક લાભ મેળવવા પૂરતું મર્યાદિત રહ્યું નથી. પરંતુ સામાજીક વિકાસના કાર્યમાં પણ ધર્મ પોતાનું યોગદાન આપી રહ્યો હોવાનું આ અભ્યાસમાં માલુમ પડ્યું છે. સાંપ્રત સમયમાં જ્યારે વિવિધ મુદ્દાઓને લગતા સામાજીક સંશોધનો થઈ રહ્યા છે ત્યારે આ અભ્યાસ ધર્મના સમાજશાસ્ત્રમાં એક નવું પૃષ્ટ ઉમેરશે.

## ૧.૬ સંશોધન સમસ્યા અંગેનો અભિગમ

પ્રસ્તુત સંશોધનમાં ધર્મ કેન્દ્રિય પરિબળ છે. સામાજિક પરિવર્તનના એકમ તરીકે ધર્મની ભૂમિકા સમજવા માટે અહીં ઐતિહાસિક અભિગમ તથા કાર્યાત્મક અભિગમ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

Hans Gerth લખે છે: "Every model of social structure implies a model of socio-historical change; history consists of changes which social structures undergo."

ઐતિહાસિક અભિગમ અભ્યાસની એ પદ્ધતિ છે કે જેમાં ઐતિહાસિક ઘટનાઓ અથવા તો તથ્યોના ઉદ્દભવ-વિકાસના સાતત્ય તથા સામાજીક પ્રભાવોના સંદર્ભમાં વર્તમાન

સમયની સામાજિક-સાંસ્કૃતિક ઘટનાઓની વ્યાખ્યા અને વિશ્લેષણ કરવામાં આવે છે. રેડક્લિફ બ્રાઉનના મતે ઐતિહાસિક અભિગમ એ એવો અભિગમ છે કે જેમાં સાંપ્રત સમયમાં ઉદ્‌ભવતી ઘટનાઓને ભૂતકાળમાં બનેલી ઘટનાઓના પ્રભાવ અને ક્રમિક વિકાસની કડીના રૂપમાં સમજી અધ્યયન કરવામાં આવે છે.

પી.વી.યંગ લખે છે કે ઐતિહાસિક અભિગમ આગમનાત્મક સિદ્ધાંતોના આધારે કરવામાં આવેલી એ સામાજિક શક્તિઓની શોધ છે કે જેને વર્તમાનમાં ઢાળવામાં આવી છે.

ઐતિહાસિક અભિગમ મુજબ તથ્યોને એકત્રિત કરવાના મુખ્ય ત્રણ સ્રોતનો ઉલ્લેખ તેઓ કરે છે:

(1) documents and various historical sources to which the historian himself has access;

(2) materials of cultural history and of analytical history;

(3) personal sources of authentic observers and witnesses.

ઐતિહાસિક અભિગમથી ધર્મનું અધ્યયન કરતી વખતે નીચેની કેટલીક બાબતોનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ:

૧. સામાજિક અંતર્દષ્ટિ

૨. ઐતિહાસિક અભિમુખતા

૩. વિશ્લેષણાત્મક અને સમન્વયાત્મક દૃષ્ટિકોણ

૪. વસ્તુનિષ્ઠ અધ્યયન

૫. વિશ્વસનીય અને સંબંધિત તથ્યોનું સંકલન

૬. કલ્પનાશક્તિ

મેક્સમૂલર, ઈ.બી.ટાયલર અને મેક્સ વેબર જેવા વિદ્વાનોએ પોતાના ધર્મને લગતા સંશોધનોમાં ઐતિહાસિક પદ્ધતિનો ભરપૂર ઉપયોગ કર્યો હતો.

વળી, કાર્યાત્મક દ્દષ્ટિબિંદુ પણ આ અભ્યાસમાં મહત્વનું પુરવાર થયું છે. સમાજની બધી જ વ્યવસ્થાઓની રચનાઓના અનેક અંગો હોય છે. આ વિવિધ અંગો દ્વારા થતા વિવિધ કાર્યોને પરિણામે સમગ્ર વ્યવસ્થા ટકી રહેતી હોય છે. ધર્મના સમાજશાસ્ત્રીય અધ્યયનમાં કાર્યાત્મક અભિગમ ખૂબજ મહત્વનો બને છે. ધાર્મિક વિશ્લેષણની એક પદ્ધતિના રૂપમાં કાર્યાત્મક અભિગમ એ બાબત પર વિશેષ ભાર મૂકે છે કે ધાર્મિક વ્યવસ્થાઓની સંરચના અન્ય સંરચનાઓ કરતાં જુદી હોય છે. આ સંરચનાના જુદાં જુદાં અંગો પોતપોતાના કાર્ય કરવા છતાં કેવી રીતે સંતુલન જાળવી રાખે છે તે સમજવું ખરેખર રસપ્રદ બની રહેશે.

પ્રસ્તુત સંશોધનમાં આ બંને અભિગમો મુજબ સંશોધન પ્રશ્નને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સંશોધનમાં આર્ટ ઓફ લીવીંગની ઘણી માહિતી ઐતિહાસિક દસ્તાવેજોમાંથી પ્રાપ્ત થઈ છે. આ ઐતિહાસિક તથ્યોનું સંકલન અને વિશ્લેષણ કરી સાંપ્રત સમયમાં તેની પ્રસ્તુતતા ચકાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વળી, કાર્યાત્મક દૃષ્ટીબિંદુ મુજબ આ ધર્મની કુટુંબ, શિક્ષણ, આર્થિક વગેરે બાબતો પર કેવી અસરો થઈ છે તેની પણ ચકાસણી કરવામાં આવી છે.

## ૧.૭ સંશોધન ક્ષેત્ર

### o ગુજરાત

ગુજરાત ભારત દેશમાં આવેલ પ્રગતિશીલ રાજ્ય છે. દેશની પશ્ચિમ દિશામાં આવેલો છે. ત્રણ બાજુ સમુદ્રથી ઘેરાયેલ છે.

કચ્છ જેવો સુકો પ્રદેશ અને જુનાગઢનો હરિયાળો પ્રદેશ તથાસુરત પાસેના સાપુતારા જેવો પર્વતીય વિસ્તાર આવેલો છે.

ગુજરાતમાં અમદાવાદ જેવું પ્રગતિશીલ શહેર આવેલ છે. સુરત સાડી તથા હીરા ઉદ્યોગ માટે જાણીતું શહેર છે. અભ્યાસમાં વડોદરા ખૂબજ જાણીતું છે. રાજકોટ ઔદ્યોગિક શહેર છે. તેમજ શૈક્ષણિક અને શાંતિ માટે જાણીતું શહેર છે.

ગુજરાત પશ્ચિમ કિનારા પર ૨૦.૬ અને ૨૪.૪૨ ડીગ્રી ઉતર અક્ષાંશની વચ્ચે અને ૬૮.૧૦ પૂર્વથી ૭૪.૨૮ ડીગ્રી પૂર્વ રેખાંશની વચ્ચે કર્કવૃત તેના પરથી પસાર થાય છે.

ગુજરાતની રાજધાની ગાંધીનગર છે. સોમનાથ તથા દ્વારકા જેવા પ્રસિદ્ધ મંદિરો આવેલા છે. ગુજરાત સંતોની ભૂમિ છે. બાપાસીતારામ, જલારામ બાપા (વીરપુર), નરસિંહ મહેતા, સ્વામીનારાયણના સંતો, સતાધાર, તુલશીશ્યામ, વીરપુર, તેસલતોરલ (કચ્છ), સંતદેવિદાસ અને અમરમા, ટંકારાના દયાનંદ સરસ્વતી જેવા મહાપુરુષો ઉપરાંત અનેક સંતો મહંતો થઈ ગયા છે.

પોરબંદરના મોહનદાસ કરમચંદ ગાંધીને વિસરાય તેમ નથી.

## ૦ રાજકોટનો પરિચય

ગુજરાતના મોટા શહેરોમાં સ્થાન ધરાવતું અને પોતાના ઓઈલ એન્જીનના ઉદ્યોગના વિકાસને કારણે દેશમાં ઔદ્યોગિક નકશામાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી ચૂકેલ રાજકોટ. સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલું એક અત્યંત ઝડપથી વિકાસ પામતું શહેર છે.

સૌરાષ્ટ્રમાં એક પ્રગતિશીલ અને શ્રેષ્ઠ નગર તરીકેની પ્રતિષ્ઠા સંપાદન કરી ચૂકેલું આ શહેર જિલ્લાનું મુખ્ય મથક છે.

'રાજકોટ રંગીન તબીયતનું શહેર છે. આ શહેર પાસે મગરના આંસુ નથી પણ રાજી થયા પછીનું મીઠું સ્મીત છે અને અહી તો માનવી મનથી પોકળો છે. ગુજરાત બહારના તમામ ગુજરાતીઓ રાજકોટના આશિકો છે. કારણ કે અહીં સુરત જેવું ક્રાઈમ, મુંબઈ જેવો રઘઘાટ, કે અમદાવાદ જૈવી તંગદિલી નથી. 'રાજકોટમાં શાંતિથી જીવી શકાય છે અને અહીં જીવવાથી શાંતિ મળે છે.

## ૦ રાજકોટનો ઐતિહાસિક પરિચય

'ઈ.સ.૧૬૧૦માં રાજકોટની સ્થાપના થઈ ત્યાર પહેલા રાજકોટથી ૪૦ કીલોમીટર દૂર સરધાર નામનું રજવાડું હતું. એકવાર સરધાર પર એક સુબાએ હુમલો કરી ગાદી પચાવી પાડી એટલે સરધારના રાજવી વિભાજી ગાદી પાછી મેળવવા માટે પોતાના બે મિત્રો મુળુ લાંગા અને રાજુ સંધી સાથે દિલ્હી ગયા. તે વખતે દિલ્હીમાં જહાંગીરનું રાજ હતું. એમ કહેવાય છે કે વિભાજીને કેટલોક સમય જહાંગીરના મહેલમાં નોકરી કરવી પડેલી તેઓએ પોતાની ફરજ, નીતિમતા, પ્રમાણિકતા અને સચ્ચાઈથી બજાવી તેથી જહાંગીર પ્રસન્ન થયો અને વિભાજીને જે માંગવું હોય તે માંગવા કહ્યું. વિભાજીને આટલું જ જોઈતું હતું. તેણે દિલ્હીની સફર એક જ મકસદથી ખેડી હતી એ મકસદ પાર પાડવા માટે જ તેઓએ બાદશાહની નોકરી સ્વીકારી હતી. તેથી વિભાજીએ સરધારની ગાદી પાછી મેળવવા માટે સનદ આપવાની વિનંતી કરી, બાદશાહે ખુશ થઈને સરધાર કબજે કરનાર સુબાને કાગળ લખીને રાજ પાછુ સોંપી દેવાનું જણાવ્યું. સરધાર પાછા આવીને વિભાજી ગાદી પર બેઠા ત્યારે દિલ્હીથી સાથે આવેલા તેમના મિત્ર રાજુ સંધી પર ખુશ થઈને સરધારથી થોડે દૂર જમીન આપી હતી. એ જમીનના ટુકડા પર રાજુ અને તેના કબીલાએ વસવાટ કરવા માંડ્યો. એટલે તેણે 'રાજુનો નેશ' ગણવામાં આવતો. થોડા વર્ષો બાદ રાજધાની વસાવવાનો નિર્ણય લાગતા હાલનું રાજકોટ શહેર અસ્તિત્વમાં આવેલું છે. તે જમીન ધંધા ઉદ્યોગ માટે અનુકુલ લગતા તેની રાજધાની તરીકે પસંદગી થઈ હતી. આ જગ્યામાં રાજુ સંધીનો નેશ વસતો હોવાથી તેની યાદગીરી હંમેશા જળવાઈ રહે તે હેતુથી નવી ઉભી કરાયેલી રાજધાનીને રાજકોટનું નામાભિધાન મળેલું છે.

''ઈ.સ.૧૭૨૦માં માસુમખાન નામના સરધારે રાજકોટ પર આક્રમણ કર્યુ. માસુમખાનનાં આક્રમણ સામે રક્ષણ કરતાં મહેરામણજીએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું

છે. માસુમખાને રાજકોટને માસુમબાદ નામ આપ્યું. મેરામણજીનાં કુંવરોએ માસુમખાન સાથે બહારવટુ પોકાર્યુ. છેવટે ૧૨ વર્ષ પછી ૧૭૩૨ની સાલમાં પાટવી કુંવર રણમલજીએ માસુમખાનને મારી રાજકોટ પાછું જીતી લીધું અને રાજકોટનું માસુમાબાદ નામ ભુંસાઈ ગયુ'' ત્યારથી આજ પર્યંત આ શહેર રાજકોટનાં નામે ઓળખાય છે.

## ૦ ભૌગોલિક વિસ્તાર તેમજ હવામાન

'રાજકોટ શહેર ૨૦.૧૮° ઉતર અક્ષાંશ અને ૭૦.૫૧° પૂર્વ રેખાંશ પર આવેલું છે. સમુદ્રથી તેની ઉંચાઈ ૧૩૮ મીટર છે. વિસ્તાર ૬૯ ચોરસ કિલોમીટર છે.'

'આ હદ મુજબ રાજકોટ શહેર પૂર્વ પશ્ચિમ અને ઉત્તર દક્ષિણ ૮થી૯ કિલોમીટર અંતર ધરાવે છે. હાલનું રાજકોટ શહેર તેની વૈજ્ઞાનિક મ્યુનિસિપલ હદ વટાવી અન્ય મોટા શહેરની જેમ વસવાટમાં અને વિસ્તારમાં ઘણું આગળ નીકળી ગયું છે. રાજકોટનો પશ્ચિમ સિમાડો નિર્મલા કોન્વેન્ટ રોડ પર આવેલો છે. પણ હાલનું રાજકોટ તેનાથી આગળ વધી સૌરાષ્ટ્ર કલાકેન્દ્રથી શરૂ કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સુધી વિસ્તરી ગયેલ છે. રાજકોટનો દક્ષિણ સિમાડો જે કોઠારીયા ગામને આંબી ગયો છે. રાજકોટનો ઉત્તર સિમાડો પણ દ્દશ્યમાન નથી. કારણ કે નવાગામ, માલીયાસણ અને કુવાડવા સુધી વિસ્તરેલી છે. આમ રાજકોટ શહેરની વૈજ્ઞાનિક અને વાસ્તવિક સરહદ એક રહી નથી.' જે સાબિત કરે છે કે રાજકોટ 'દિન ગુના, રાત ચોગુના' વિસ્તરતું જાય છે.

હવામાનની દ્દષ્ટિએ જોઈએ તો સામાન્ય રીતે ઉષ્ણતામાન ૨૬ ડીગ્રી અને વધુમાં વધુ તાપમાન ૪૫ ડીગ્રી હવામાં ભેજનું પ્રમાણ સામાન્ય વરસાદ સરેરાશ વાર્ષિક ૬૨૦ મીલીમીટર છે.'

## ૦ વસ્તી

રાજકોટ જીલ્લાની કુલ વસ્તી ઈ.સ.૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૩૧,૬૯,૮૮૧

જોવા મળે છે. જેમાં પુરૂષો ૧૬,૪૨,૦૧૮ અને સ્રોઓનીસંખ્યા ૧૫,૨૭,૮૬૩ જોવા મળે છે. આ ઉપરાંત રાજકોટ જીલ્લાનો સેક્સ રેશિયો ૧૦૦૦ પુરુષોએ ૯૩૦ સ્રીઓ જોવા મળે છે. રાજકોટ જીલ્લામાં સાક્ષરતાનો દર ૭૪.૧૬% જોવા મળે છે. જેમાં પુરુષોમાં ૮૨.૬૧% અને સ્રીઓમાં ૬૫.૨૦% જોવા મળે છે. ૦ થી ૬ વર્ષના બાળકોની સંખ્યા ૪,૨૭,૧૮૪ જોવા મળે છે. જેમાં કુમારોની સંખ્યા ૨,૩૦,૪૦૨ અને કન્યાઓની સંખ્યા ૧,૯૬,૭૮૨ રહેલ છે. જેમનો સેકસ રેશિયો ૮૫૪ જોવા મળે છે.

રાજકોટ જીલ્લામાં ૧૪ તાલુકાઓ અને ૮૫૫ ગામડાઓ આવેલા છે. રાજકોટ જીલ્લાનું કુલ ક્ષેત્રફળ ૧૧,૨૦૩ ચો.કી.મી. આવેલું છે. રાજકોટ શહેરની ગણના એક લાખથી વધુ વસ્તીવાળા શહેરમાં કરવામાં આવે છે. રાજકોટ જીલ્લામાં હિંગોળગઢ પ્રાકૃતિક શિક્ષણ અભ્યારણ અને રામપરા અભ્યારણ આવેલ છે. આ ઉપરાંત રાજકોટ જીલ્લામાં ૧૧ વિધાનસભાની બેઠકો આવેલી છે અને શિક્ષણ ક્ષેત્રે પ્રાથમિક શાળાઓથી માંડી વિશ્વ વિદ્યાલય સુધી શિક્ષણ મેળવી શકાય તેવી સુવિધા છે. રાજકોટ જીલ્લામાં આવેલ તાલુકાઓ જોઈએ.

૧. રાજકોટ
૨. માળીયા મીયાણા
૩. મોરબી
૪. ટંકારા
૫. વાંકાનેર
૬. પડધરી
૭. લોધીકા
૮. કોટડાસાંગાણી

૯. જસદણ

૧૦. ગોંડલ

૧૧. જામકંડોરણા

૧૨. ઉપલેટા

૧૩. જેતપુર

૧૪. ધોરાજી

## o ઉદ્યોગો

આયોજનો અને વિકાસના આજના યુગમાં અન્ય પ્રદેશોની સાથોસાથ ગુજરાતને નોંધપાત્ર પ્રગતિ સાધી રહ્યું છે તેમાં રાજકોટ શહેરનો ફાળો સવિશેષ છે. સૌરાષ્ટ્રમાં રાજકોટનું જે ભૌગોલિક સ્થાન છે તેની દ્રષ્ટિએ છેલ્લા કેટલાક દાયકાઓથી રાજકોટ સૌરાષ્ટ્રનું કેન્દ્રવર્તી મથક બની રહ્યું છે. વ્યાપાર, વાણિજ્ય અને ઉદ્યોગના ક્ષેત્રે રાજકોટ અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

રાજકોટ શહેર નાના ઉદ્યોગો અને ખાસ કરીને એન્જીનીયરીંગ ઉદ્યોગોમાં અગ્રીમ કેન્દ્ર તરીકે આજે તો દેશભરમાં નામના પ્રાપ્ત કરી ચૂક્યું છે. 'ઓઈલ એન્જીન'ના ઉત્પાદનમાં ભારતમાં રાજકોટ પ્રથમ નંબરે છે. અહીં ઓઈલ એન્જીન ઓટોમોબાઈલ્સ પાર્ટસ ઉપરાંત મશીનરી ઉદ્યોગના અનેક નાના મોટા બે હજાર એકમો છે. સ્કૂટરના ઓટો પાર્ટસનું ઉત્પાદન પણ રાજકોટમાં બહોળા પ્રમાણમાં થાય છે. શહેરની નજીક પૂર્વ બાજુ ૨૮ કી.મી.ના અંતરે આવેલ બામણબોર પાસે કેટલાક મહા ઉદ્યોગો પણ સ્થપાયા છે. તે જ રીતે રાજકોટની દક્ષિણ બાજુ ૧૫ કિલોમીટર દૂર અન્ય નાની ઔદ્યોગિક વસાહત વિકસી છે. જે 'શાપર' નામે જાણીતી છે. તથા મૌઝેક ટાઈલ્સ, પ્લાસ્ટીક ઉદ્યોગો અને અન્ય નાના-મોટા અનેક ઉદ્યોગો ચાલે છે.

રાજકોટમાં રાષ્ટ્રીય શાળામાં હાથ વણાટના પટોળા બનાવવાનો ઉદ્યોગ પણ ચાલે છે. જેમ પાટણના પટોળા વખણાય છે તેમ રાજકોટના પટોળા એ પણ સારી એવી નામના મેળવી છે.

રાજકોટમાં ચાંદીની કલાત્મક કારીગરીનું શિક્ષણ આપતી હુન્નર શાળાઓ પણ ચાલે છે. ગુજરાતમાં આ પ્રકારની તાલીમ આપતી હુન્નર શાળાઓ માત્ર 'રાજકોટ'માં જ છે.

### ○ વિશેષતા

૧૯૩૮ થી શરૂ થયેલી અને અત્યારે ઓટોમેટીક હાઈપ્રેશરવાળો, ઈટાલીયન ટેકનોલોજીથી બનતી રોયલ બ્રાન્ડની મોઝેક ટાઈલ્સનું નામ મોટું છે.

રાજકોટમાં જુદી જુદી એક ડઝન બ્રાન્ડની ઘરઘંટી બને છે. મિલોન બ્રાન્ટની ઘરઘંટી પરદેશના પાવર વોલ્ટેજને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. કારણ કે વિદેશમાં તેની ખપત છે. મ્યુઝીક સિસ્ટમવાળી 'ઈલાઈટ' ઘંટી પણ અહીં બને છે.'

સંચાર માધ્યમો અને સંદેશા વ્યવહારની દ્રષ્ટિએ વિચારીએ તો રાજકોટમાં પ્રાઈવેટ ટેલીફોન એકસચેંજ ખુલી રહ્યા છે અને સ્પર્ધા કરી રહ્યા છે.

મનોરંજનની દ્રષ્ટિએ જોઈએ તો અમદાવાદની સાયા કંપનીના માલિકો અને મુંબઈના અરૂણભાઈ મુંછાળા એ બનાવેલ ફનવર્લ્ડ ૧૯૯૦માં શરૂ થયેલું. ફનવર્લ્ડ સૌરાષ્ટ્રમાં એકમાત્ર છે. જુદી જુદી એક ડઝન રાઈડઝનો આ દિલ ધડકાવનારો અનુભવ રાજકોટને ગમ્યો છે. એ વાત સાબિત કરે છે કે રાજકોટ પરિવર્તન પોષ્યુ છે.

### ○ રાજકોટની હોસ્પિટલો

રાજકોટમાં સહકારી સહાય આપતી ખૂબ મોટી સિવિલ હોસ્પિટલ છે. તેમજ આ ઉપરાંત અનેક નાની-મોટી હોસ્પિટલો રાજકોટમાં વિકસતી જાય છે. રાજકોટની ખૂબ પ્રખ્યાત એવી વોકહાર્ટ હોસ્પિટલ, મધુરમ હોસ્પિટલ, દોશી હોસ્પિટલ, જનાના હોસ્પિટલ

જેવી અનેક હોસ્પિટલ છે. આ ઉપરાંત રાજકોટમાં અનેક હોસ્પિટલ બની રહી છે. પહેલા જે ઈલાજ માટે મુંબઈ, અમદાવાદ જેવા શહેરોમાં જવું પડતું તે હવે બધી જ સવલતો રાજકોટમાં મળી રહે છે. સૌરાષ્ટ્રના રાજકોટ શહેરમાં સૌથી વધારે હોસ્પિટલો આવેલી છે. અને દિવસે દિવસે રાજકોટ શહેરમાં હોસ્પિટલોની સંખ્યા વધતી જાય છે.

## ○ રાજકોટના પુસ્તકાલયો

રાજકોટની પ્રજા વાંચનની શોખીન છે. નવું જ્ઞાન મેળવનારી તૃષા ધરાવે છે તો તૃષા સંતોષવા માટે રાજકોટમાં જાહેર પુસ્તકાલયો જેવા કે જિલ્લા લાઈબ્રેરી, સર લાખાજીરાજ લાઈબ્રેરી, લેંગ લાઈબ્રેરી, જી.ટી.શેઠ શ્રીમતી પ્રભાદેવી, જયપ્રકાશ નારાયણ પુસ્તકાલય તથા વાંચનાલય અને મ્યુનિસિપલ સંચાલિત છે. બાળકો માટે ટોયઝ લાઈબ્રેરી પણ ચાલે છે.

ઉપરોક્ત દર્શાવેલ લાઈબ્રેરીઓમાં લેંગ લાઈબ્રેરી સૌથી જુની અને વિશાળ લાઈબ્રેરી છે. છેલ્લા ૧૨૫ વર્ષોથી રાજકોટ અને સૌરાષ્ટ્રના જીજ્ઞાસુ વાચકોની વાંચન તૃષા સંતોષતી આ લાયબ્રેરી પ્રત્યે આદરભાવ પ્રગટે એવી એની સેવા છે. ગુજરાત રાજ્ય તરફથી રાજ્યની શ્રેષ્ઠ લાઈબ્રેરી તરીકેનું પ્રમાણપત્ર પ્રાપ્ત અને મોતિભાઈ અમીનને એવોર્ડ પ્રાપ્ત થયો છે.

## ○ રાજકોટની યાદગાર ઐતિહાસિક તવારીખ

ઈતિહાસ અને સંસ્કૃતિ આ બંને બાબતો પ્રત્યેક રાષ્ટ્ર માટે મહામુલી ગણવામાં આવે છે.

અત્યારે વિકાસના પંથે હરણફાળ ભરી રહેલા રાજકોટની જ વાત કરીએ તો તેનો પ્રાચીન તેમજ મધ્યકાલીન ઈતિહાસ આપણી પાસે છે જ નહીં છતાંયે ઈતિહાસની વિવિધ બાબતોને પૂર્વોપર સંબંધ બાંધી ભવ્ય ભૂતકાળના થોડા તાંતણે બાંધવાના પ્રયત્ન કરીએ.

- ૧૬૧૦માં ઠાકોર વિભાજીએ રાજકોટની સ્થાપના કરી સૌરાષ્ટ્રના હૃદયસ્થાને રહેલ આ નગરોને પોતાના કાલ પ્રવાહના આરોહણ અવરોહણો નિહાળ્યા છે.

- ૧૭૨૦માં માસુમખાને રાજકોટને જીતી તેને માસુમબાદ નામ આપ્યું.
- ૧૭૩૨માં રણમલજીએ માસુમખાનને મારી ફરી રાજકોટને જુનું નામ આપ્યું.
- ૧૮૨૦ માં અંગ્રેજ શાસને રાજકોટમાં કોઠી તથા લશ્કરી છાવણી નાખી.
- ૧૮૮૯ માં વાંકાનેર સાથે રાજકોટનું રેલ્વે જોડાણ થયું.
- ૧૯૨૧માં કાઠીયાવાડ રાજકીય પરીષદનું પ્રથમ અધીવેશન રાજકોટમાં ભરાયું.
- ૧૯૨૪માં રવીન્દ્રનાથ ટાગોરે રાજકોટની મુલાકાત લીધી.
- ૧૯૨૫માં રાષ્ટ્રીય શાળાના ઉદઘાટન સમારંભમાં મહાત્મા ગાંધી ઉપસ્થિત રહ્યા.
- ૧૯૪૯માં ૧લી ઓક્ટોમ્બરે રાજકોટની પ્રજાએ ચૂંટેલી સુધરાઈ અસ્તિત્વમાં આવી.
- ૧૯૫૫માં રાજકોટને રેડીયો સ્ટેશન સ્થાપવાનો લાભ મળ્યો.
- ૧૯૮૪માં રાજકોટમાં ટી.વી. કેન્દ્રનું આગમન થયું.
- ૧૯૯૬માં પ્રથમ વખત વન-ડે ઈન્ટરનેશનલ મેચ યોજાઈ.'

## ૧.૮ સંશોધન પ્રયુક્તિઓ

કોઈપણ વિજ્ઞાનનું આવશ્યક લક્ષણ છે- તેનું પદ્ધતિશાસ્ત્ર. સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે, કારણ કે તેની પાસે સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરવા માટેનું ચોક્કસ પદ્ધતિશાસ્ત્ર છે. ફ્રાંસના વિદ્વાન ઈમાઈલ દુર્ખિમે (૧૮૫૮-૧૯૧૭) સમાજશાસ્ત્રમાં સામાજિક ઘટનાઓનો પદ્ધતિસર અભ્યાસ કરવાની વાત કરી. દુર્ખિમનો સામાજિક તથ્યનો સિદ્ધાંત સમાજશાસ્ત્રમાં રજૂ થયેલું સૌ પ્રથમ પદ્ધતિશાસ્ત્ર છે.

સંશોધકે સંશોધન પ્રશ્નને લગતી માહિતી એકઠી કરવા માટે સામાજિક સંશોધનની વિવિધ પ્રયુક્તિઓમાંથી પોતાના સંશોધન પ્રશ્નને અનુરૂપ યોગ્ય પદ્ધતિની પસંદગી કરવાની હોય છે. સામાજિક સંશોધનની વિવિધ પદ્ધતિઓ કે પ્રયુક્તિઓ જેવી કે નિરીક્ષણ પ્રયુક્તિ

અને નિદર્શન પ્રયુક્તિ, મુલાકાત પ્રયુક્તિ, પ્રશ્નાવલી પ્રયુક્તિ, વ્યક્તિ તપાસ પદ્ધતિ વગેરે પ્રયુક્તિમાંથી માહિતીનું સ્વરૂપ, સ્રોત અને કદને ધ્યાનમાં રાખી યોગ્ય પ્રયુક્તિ કે પદ્ધતિની પસંદગી સંશોધકે કરવાની હોય છે. સંશોધન પ્રશ્નને લગતી યોગ્ય પ્રયુક્તિના ઉપયોગથી સંશોધક વિષયને અનુરૂપ જટિલ માહિતીનું એકત્રિકરણ પણ સરળતાથી કરી શકશે.

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબની પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**૧. ગ્રંથાલય**

વિવિધ વિષયને લગતા સંદર્ભ પુસ્તકો, સામયિકો, જરનલ્સ, એનસાઈકલોપીડિયા, શબ્દકોષ, જીવનચરિત્રો વગેરેનું ક્રમબદ્ધ અને વિષયવાર વિભાજન કરી, તેનું એક જ સ્થળે આયોજનબદ્ધ રીતે પ્રદર્શન એટલે ગ્રંથાલય. કોઈ પણ વિષયના સંશોધન પૂર્વે અને સંશોધન દરમ્યાન ગ્રંથાલય સંશોધકને એક ઉતમ મિત્ર અને માર્ગદર્શકની ગરજ પૂરી પાડે છે. સંશોધન વિષય અંગે પૂર્વે થયેલા કાર્યને પિછાણવામાં અને ઉપકલ્પનાના નિર્માણમાં સંદર્ભ ગ્રંથોની મદદ આ ગ્રંથાલયમાંથી જ મળતી હોય છે. પ્રસ્તુત અભ્યાસ આર્ટ ઓફ લીવીંગનો છે.

દિલ્હીમાં રહેવાને કારણે દિલ્હીમાં આર્ટ ઓફ લિવીંગ સાથે Organisa તરીકે જોડાયેલ હોવાને કારણે ત્યાંનું ગ્રંથાલય બેંગ્લોરની સંસ્થાના ગ્રંથાલયનો લાભ પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત JNV Delhi University, Saurashtra University નાં ગ્રંથાલયનો ધર્મનાં સમાજશાસ્ત્ર સંબંધી થયેલા અભ્યાસો તથા વેબટ, દુર્ખિમના અભ્યાસો મેળવ્યા હતા. સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય સમજવામાં ગ્રંથાલયમાંથી અનેક માહિતી પ્રાપ્ત કરી હતી. ઈન્ટરનેટના આ યુગમાં વિષયને લગતી કેટલીક દુર્લભ માહિતી જુદીજુદી વેબસાઈટ પરથી પ્રાપ્ત થઈ છે.

ઉપરોક્ત ગ્રંથાલયોની વારંવાર મુલાકાતો, પુસ્તકો અને સામયિકોના વાંચનની મારી વિષય અંગેની સૂઝ અને અભિમુખતા કેળવાઈ છે. મારા સંશોધનને લગતા ખ્યાલો સ્પષ્ટ થયા છે, ઐતિહાસિક દ્દષ્ટિબિંદુ કેળવાયું છે. ઘણીવાર એક સાથે અનેક પુસ્તકો જ્યારે નજર હેઠળથી પસાર થઈ જતાં ત્યારે ક્યાં પુસ્તકમાંથી કઈ માહિતી મારા સંશોધન પ્રશ્નના

વિશ્લેષણમાં વધુ ઉપયોગી નિવડશે એ અંગેની મથામણ સતત ચાલતી અને તેમાંથી મને હંમેશા યોગ્ય માર્ગ મળતો રહ્યો છે. સમગ્ર સંશોધન યાત્રા દરમિયાન જુદાં જુદાં ગ્રંથાલયના વિવિધ સંદર્ભ પુસ્તકોએ આ સંશોધનને સમૃદ્ધ બનાવવાનું ભાથું પૂરું પાડ્યું છે એમ કહીશ તો તે અસ્થાને નથી.

## ૨. વ્યક્તિ તપાસ પદ્ધતિ

વ્યક્તિ તપાસ પદ્ધતિ સંશોધકના નિરીક્ષણને ગહન બનાવે છે. વ્યક્તિ તપાસ પદ્ધતિ દ્વારા સમાજના કેટલાક એકમોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી, પ્રાપ્ત થયેલા તારણોને સમગ્ર સમાજ અથવા તો વિશેષ વર્ગ પર લાગુ કરવામાં આવે છે. વ્યક્તિ તપાસ પદ્ધતિ સંશોધન માટેની ઘણી પ્રાચીન પદ્ધતિ છે. ઈતિહાસકારો ભૂતકાળમાં બનેલી ઘટનાઓને સમજવા માટે આ પદ્ધતિનો સવિશેષ ઉપયોગ કરતા હતા. ગ્રીક વિજ્ઞાન મેગેસ્થનીઝ અને હ્યુએનસંગના યાત્રા વૃત્તાંતો આ પદ્ધતિના ઉતમ ઉદાહરણો છે. સમાજશાસ્ત્રમાં હર્બર્ટ સ્પેન્સરે કૌટુંબિક બજેટના અભ્યાસમાં સૌ પ્રથમ આ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

ડિક્ષનરી ઓફ સોશિયોલોજી વ્યક્તિ તપાસ પદ્ધતિનો અર્થ સમજાવતા લખે છે: "The method used in social research, whereby data are collected and studied which depict any phase of a, or entire, life process of a unit in its various interrelationships and in its cultural setting. The unit studied may be a person, a social institution, a community or a nation. In contrast to the statistical method, the case study method gives a more or less continuous picture through time of the experiences, social forces and infuences to which the unit has been subjected."

આમ, વ્યક્તિ તપાસ પદ્ધતિ અંતર્ગત સંશોધક કોઈપણ વ્યક્તિના જીવનની વિશિષ્ટ ઘટના, પરિસ્થિતિ, સમસ્યા કે સમગ્ર જીવનનો અભ્યાસ કરે છે. પરંતુ અહીં એક બાબત ખાસ યાદ રાખવી જોઈએ કે વૈયક્તિ અધ્યયનનું એકમ માત્ર વ્યક્તિ નથી, પરંતુ કુટુંબ, સંસ્થા, સમુદાય કે રાષ્ટ્ર પણ હોઈ શકે છે. આ સંદર્ભમાં ગુડે અને હટ જણાવે છે કે, "It is a way of organizing social data so as to preserve the unitary character of the social object being studied."

પ્રસ્તુત અભ્યાસમાં વ્યક્તિ તપાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કારણ કે આર્ટ ઓફ લિવીંગ માં અનેક જ્ઞાતિ-વર્ગ ધર્મ ના લોકોની પૂર્વની પ્રવૃતિઓ તેમના સામાજીક વલણો, અપેક્ષાઓ, માન્યતાઓ, વિચારો, જીવનશૈલી વિગેરેમાં આ સંપ્રદાયમાં આવ્યા બાદ શું પરિવર્તન આવ્યું છે તેને સમજવામાં તપાસવામાં વ્યક્તિ તપાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં કુલ ૧૦ વ્યક્તિઓનો એકમ અભ્યાસ કરીને તેમના અનુભવોને આગળના પ્રકરણમાં દર્શાવવામાં આવ્યું છે. ૧૦ એકમોનો વ્યક્તિ તપાસ પદ્ધતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેઓમાં ઉચ્ચ/મધ્યમ/નિમ્ન જ્ઞાતિના તેજ રીતે ઉચ્ચ/મધ્યમ/નિમ્ન વર્ગના લોકો જુદા જુદા ધર્મનાં શિક્ષકો, યુવાનો, શાળાના વિદ્યાર્થીઓ શિક્ષણ અને અશિક્ષીતો અને સરકારી અને બીનસરકારી સંસ્થામાં નોકરી કરતા લોકોની ઊંડાણપૂર્વકની મુલાકાત લીધા બાદ જેમના જીવનમાં જે વિવિધ અસરો થઈ છે તેને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

### ૩. નિદર્શન પદ્ધતિ

સામાજિક સંશોધનનું કાર્યક્ષેત્ર વિશાળ ફલક પર વિસ્તરેલું હોય ત્યારે સંશોધકે બે બાબતોમાંથી એકની પસંદગી કરવાની હોય છે.

૧. સમગ્રના બધાં જ પાસાઓનો અભ્યાસ કરવો અને

૨. સમગ્રના પ્રતિનિધિરૂપ એકમોનો જ અભ્યાસ કરવો

નિર્ધારિત સમયમર્યાદામાં સમગ્રનો અભ્યાસ કરી તારણો તારવવાનું મુશ્કેલ જ નહીં પરંતુ અશક્ય છે. આ સંજોગોમાં સામાજિક અને ભૌતિક સંશોધનમાં નિદર્શન પદ્ધતિનો ઉપયોગ સરળ અને ઉતમ સાબિત થાય છે.

સમગ્રમાંથી કેટલાંક એકમોને અભ્યાસના હેતુ માટે પસંદ કરી તેને લગતી માહિતી પ્રાપ્ત કરવાની પદ્ધતિને નિદર્શન કહેવાય. આમ, પસંદ કરેલ નિદર્શન સમગ્ર સમૂહનું પ્રતિનિધિત્વ કરે છે. ગુડે અને હટ્ટ જાણાવે છે કે, "The sample, as the name implies is a smaller representation of a larger whole."

સામાજીક સંશોધન ક્ષેત્રે નિદર્શન પદ્ધતિના ઉપયોગથી સમય, નાણાં અને શ્રમની બચત થાય છે. વિકસતા રાષ્ટ્રોમાં સામાજિક સંશોધનની આ પદ્ધતિ વધુ લાભદાયી બને છે. સમગ્રમાંથી પ્રતિનિધિરૂપ નિદર્શની પસંદગીથી સંશોધનનું ક્ષેત્ર સિમિત બને છે અને સમગ્રના પ્રત્યેક એકમનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકાય છે.

આમ, પ્રતિનિધિરૂપ એકમની પસંદગી અને તેનો અભ્યાસ સમગ્ર અંગેના તારણો તારવવામાં મદદરૂપ બને છે. પરંતુ જો એકમની પસંદગી યોગ્ય રીતે કરવામાં ન આવી હોય તો સમગ્ર સંશોધન ગેરમાર્ગે દોરવાય છે અને યોગ્ય તારણો તારવી શકાતા નથી.

નિદર્શન પદ્ધતિ યદ્દચ્છ નિદર્શન અને બિનયદચ્છ નિદર્શન એવા મુખ્ય બે પ્રકારોમાં વિભાજીત થયેલી છે. આ બંને પ્રકારોની અને તેના પેટા પ્રકારોની સમજૂતી નીચે મુજબ છે.

## ૧. યદચ્છ નિદર્શન

જ્યારે સમગ્રના પ્રત્યેક એકમને નિદર્શનમાં સમાવિષ્ટ થવાની સમાન તક પ્રાપ્ત થાય છે ત્યારે તેને યદચ્છ નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારના નિદર્શનમાં સમગ્રનું તથાનિદર્શનનું કદ અગાઉથી નિર્ધારિત કરવામાં આવે છે. યદચ્છ નિદર્શનના ચાર પેટા પ્રકારો છે.

### અ. સાદુ યદચ્છ નિદર્શન

સાદા યદચ્છ નિદર્શનમાં સમગ્રના બધા જ એકમને પસંદગી પામવાની સમાન તક મળે છે. નિદર્શ પસંદ કરવાની સાદામાં સાદી પદ્ધતિ છે.

### બ. પદ્ધતિસરનું યદચ્છ નિદર્શન

પદ્ધતિસરના યદચ્છ નિદર્શનમાં નિયત અંતરનો સિદ્ધાંત કાર્ય કરે છે. જ્યારે સમગ્રની યાદીમાંથી અમુક નિશ્ચિત ક્રમનાં અંતરે નિદર્શન માટેના એકમોની પસંદગી કરવામાં આવે ત્યારે તેને પદ્ધતિસરનું યદચ્છ નિદર્શન કહેવામાં આવે છે. આ પ્રકારમાં નિદર્શનના સૌ પ્રથમ એકમની પસંદગી સાદા યદચ્છ નિદર્શન વડે કરવામાં આવે છે.

### ક. સ્તરિત યદચ્છ નિદર્શન

આ પ્રકારના નિદર્શનમાં સૌ પ્રથમ સમગ્રનું જુદાં જુદાં સ્તરોમાં વિભાજન કરી ત્યારબાદ બધા જ સ્તરોમાંથી યદચ્છ નિદર્શન મેળવવામાં આવે ત્યારે તેને સ્તરીત યદચ્છ નિદર્શન કહેવાય. ગુડે અને હટ્ટ આ પ્રકારના નિદર્શનમાં બે બાબતોનું વિશેષ ધ્યાન રાખવાનું સૂચવે છે.

"The first requirement for division into homogenous categories is that the criteria for division be correlated with the variable being studied. A second is that the criteria used not provide so many samples as to increase the size of the required sample over that required by simple random techniques."

### ડ. ઝૂમખા યદચ્છ નિદર્શન

આ પ્રકારના નિદર્શનમાં સમગ્રના બધા જ સ્રોતો અને એકમોની સંપૂર્ણ યાદી મેળવવાનું અનિવાર્ય બને છે. તેના અભાવે યદચ્છ નિદર્શન મળી શકતું નથી. સમગ્ર જ્યારે વ્યાપક ફલક પર વિસ્તરેલું અને અમર્યાદિત હોય ત્યારે સમગ્રના બધાજ એકમોની યાદી

મેળવવાનું કાર્ય મુશ્કેલ બને છે. આવી પરિસ્થિતિમાં ઝૂમખા યદચ્છ નિદર્શનની પસંદગી કરવામાં આવે છે.

નિદર્શન પદ્ધતિનો બીજો મુખ્ય પ્રકાર છે: બિનયદચ્છ નિદર્શન.

### ૨. બિનયદચ્છ નિદર્શન

બિનયદચચ્છ નિદર્શન એ યદચ્છ નિદર્શન કરતાં અલગ છે. આ પ્રકારના નિદર્શનમાં સમગ્રના બધાજ એકમોને નિદર્શનમાં પસંદગી પામવાની સમાન તક મળતી નથી. નિદર્શન પદ્ધતિનો આ પ્રકાર પ્રમાણમાં ઓછો ભરોસાપાત્ર છે. વળી, પસંદ થયેલો એકમ કે નિદર્શ સમગ્રનું કેટલા પ્રમાણમાં પ્રતિનિધિત્વ કરે છે તે પણ જાણી શકાતું નથી. આ બધા કારણોસર આ પ્રકારના નિદર્શનથી કરવામાં આવેલા સંશોધનના તારણો સમગ્રને લાગુ પાડી શકાતા નથી. બિનયદચ્છ નિદર્શનના પણ અન્ય ચાર પેટા પ્રકારો છે.

### અ. આકસ્મિક નિદર્શન

આ પ્રકારના નિદર્શનમાં સંશોધક સમગ્ર વિશે પૂરતી જાણકારી ધરાવતો હોતો નથી. સંશોધન પ્રશ્નને લગતા જે કાંઈ એકમો હાથ લાગે તેનો સમાવેશ આ પ્રકારના નિદર્શનમાં કરવામાં આવે છે. આ એકમોનો ભેટો સંશોધકને આકસ્મિક રીતે જ થઈ જતો હોય છે તેથી પ્રત્યેક એકમને સંશોધનમાં સમાવિષ્ટ થવાની સમાન તક મળતી નથી.

### બ. ઉપલબ્ધ નિદર્શન

જ્યારે કેટલીક વ્યક્તિઓ સંશોધકના સંશોધન પ્રશ્ન અંગે સ્વૈચ્છિક રીતે જ માહિતી આપવા તૈયાર થાય છે ત્યારે આવી વ્યક્તિઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવે છે. આ પ્રકારના નિદર્શનને ઉપલભ્ય નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે કેટલીક સંશોધન સમસ્યાઓ અંગે સમગ્રને નક્કી કરવાનું કાર્ય મુશ્કેલીભર્યુ બને છે ત્યારે આ પ્રકારની નિદર્શન પદ્ધતિ વિશેષ લાભદાયી બને છે.

### ક. હેતુલક્ષી નિદર્શન

આ પ્રકારનું નિદર્શન આકસ્મિક નિદર્શન કરતા જુદું છે. નિદર્શનના આ પ્રકારમાં સંશોધક સમગ્રના બંધારણ અંગે માહિતી ધરાવતો હોય છે. સંશોધન માટે થોડી વિગતોના નાના નિદર્શની જરૂરિયાત હોય ત્યારે નિદર્શનના આ પ્રકારને પસંદ કરવામમાં આવે છે. હેતુલક્ષી નિદર્શનમાં સંશોધકને પોતાની નિર્ણયશક્તિ ઉપર સંપૂર્ણ ભરોસો હોય છે. નિદર્શનની પસંદગી કરવામાં સંશોધક માસ્ટર હોય છે તથા લાક્ષણિક કિસ્સાઓ ક્યા છે તેની જાણકારી ધરાવતો હોય છે.

### ડ. નિર્દષ્ટાંશ નિદર્શન

સમગ્રના એકમોને સમગ્રમાંના તેમના પ્રમાણ મુજબ નિદર્શન માટે પસંદ કરવામાં આવે છે ત્યારે તેને નિર્દષ્ટાંશ નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારના નિદર્શનમાં સમગ્રના જુદાં જુદાં વિભાગો જેવા કે લિંગ, શિક્ષણ, વયજૂથો, જાતિ, જ્ઞાતિ વગેરેનું સમગ્રમાં તેમના પ્રમાણને આધારે નિદર્શનમાં સમાવવામાં આવતા હોય છે.

પ્રસ્તુત અભ્યાસમાં હેતુપૂર્વક સ્તરીત નિદર્શનનો ઉપયોગ કરીને નિદર્શના એકમો પસંદ કરવામાં આવ્યા છે. અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને ત્રણ સ્તરના ઉતરદાતાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

૧. શિક્ષકો

૨. સ્વયં સેવકો

૩. શિબિરાર્થી ઉતરદાતાઓ.

નિદર્શની પસંદગીમાં આકસ્મીક નિદર્શન પ્રયુક્તિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. કારણ કે ત્રણે સ્તરના ઉતરદાતાઓની પસંદગી વિવિધ શિબિરોમાં ભાગ લેતા શિક્ષકો, સ્વયંસેવકો અને શિબિરાર્થીઓને ઉતરદાતા તરીકે પસંદ કરેલ છે. જેમાં શિક્ષકો અને સ્વયંસેવકો

કુલ ૧૦% લેખે પસંદ કરેલ છે. રાજકોટ જીલ્લામાં કુલ ૭૦ શિક્ષકો, ૩૩૦ સ્વયંસેવકો છે. તેમાંથી ૧૦% લેખે ૭ શિક્ષકો, ૩૩૦ સ્વયંસેવકો છે તેમાંથી ૧૦% લેખે ૭ શિક્ષકો, ૩૩ સ્વયંસેવકો નિદર્શન તરીકે પસંદ કરેલ છે. જ્યારે ૨૧૦ ઉતરદાતાઓ બે કોર્ષના સમગ્ર ઉતરદાતાઓનો અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

### (૫) પ્રશ્નાવલી

સામાજિક સંશોધનમાં વૈજ્ઞાનિક અભ્યાસ કરવા માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે તે પૈકીની એક સામાજિક સંશોધનની પદ્ધતિ પ્રશ્નાવલી છે. સંશોધનમાં આ પદ્ધતિનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં કરવામાં આવે છે. સંશોધન અભ્યાસ વિષય સાથે સંબંધીત પ્રાથમિક માહિતીને સંકલિત કરવા માટે આ પદ્ધતિનું સ્થાન મહત્વપૂર્ણ છે. પ્રશ્નાવલી અનેક પ્રશ્નોની એક યાદી હોય છે. જેમાં અધ્યયન વિષય સાથે સંબંધિત વિભિન્ન પાસાં વિષે પહેલેથી કરેલા પ્રશ્નોનો સમાવેશ થાય છે. આને સંશોધક માહિતીદાતા પાસેથી માહિતી મેળવવા માટે ટપાલ દ્વારા મોકલે છે. ઉતરદાતા અને વાંચીને સમજીને એમાં પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો ભરીને ફરીથી ટપાલ દ્વારા સંશોધકને મોકલી આપે છે.

કોઈપણ સામાજિક સમસ્યાને માત્ર ક્ષેત્રીય સ્તરે અભ્યાસ કરવા માટે નહીં પરંતુ દૂર દૂરના દેશવાસીઓના સ્તર પર અભ્યાસ કરવા માટે પ્રશ્નાવલી જ એક એવી પદ્ધતિ છે જેના દ્વારા જે માહિતીદાતાના વિચારો સરળતાપૂર્વક જાણી શકાય છે. સામાજિક અભ્યાસોના ક્ષેત્રમાં જ્યા વિચાર સંબંધી જાણકારી પ્રાપ્ત કરવી આવશ્યક છે ત્યાં પ્રશ્નાવલીને અત્યંત મહત્વપૂર્ણ યંત્ર માનવામાં આવે છે.

### ૦ પ્રશ્નાવલીનો અર્થ

સામાન્ય રીતે કોઈ વિષય સાથે સંબંધિત વ્યક્તિઓ પાસે માહિતી મેળવવા માટે બનાવવામાં આવેલા પ્રશ્નોની વ્યવસ્થિત યાદીને પ્રશ્નાવલી કહે છે. પ્રશ્નાવલી એટલે પ્રશ્નોનો

સમૂહ જે તે વિષયના સંશોધનને અનુરૂપ પ્રશ્નો કાગળ પર રજૂ કરવામાં આવે છે. અભ્યાસનું ફલક મોટું હોય તો તેને છાપવામાં આવે છે. અને અભ્યાસનું ફલક નાનું હોય તો એક વ્યક્તિ તેનો ઉપયોગ કરે છે. વિશાળ સંખ્યામાં માહિતી મેળવવા માટે મદદનીશોની મદદ લેવામાં આવે છે.

### o પ્રશ્નાવલીની વ્યાખ્યા

વિભિન્ન વિદ્વાનોએ પ્રશ્નાવલીની વ્યાખ્યા આપી છે.

શિનયાઓ યંગ ગણાવે છે કે 'પ્રશ્નાવલિ એ વિશાળ અને વિસ્તૃત રીતે વિખરાયેલા લોકોના જૂથ પાસેથી માહિતી એકત્ર કરવાની ખૂબ ઝડપી અને અતિ સરળ પદ્ધતિ છે. તેમાં ખૂબ સરળ સ્વરૂપે રચેલા પ્રશ્નોની એક યાદી ટપાલ દ્વારા ઉતરદાતા વ્યક્તિઓને અથવા સર્વેક્ષણમાં નમૂના તરીકે પસંદ કરેલી વ્યક્તિઓને મોકલવામાં આવે છે.'

બોગાર્ડસના અનુસાર: 'પ્રશ્નાવલિ એટલે જુદી જુદી અનેક વ્યક્તિઓ પાસેથી પ્રત્યુતર મેળવવાના હેતુથી તૈયાર કરેલી પ્રશ્નોની એક યાદી તેના દ્વારા આધારભૂત પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. કોષ્ટીકરણ થઈ શકે છે તેમજ આંકડાકીય બાબતોના સંદર્ભમાં તેનો ઉપયોગ પણ કરી શકાય છે.'

ગુડ અને હટના અનુસાર: 'સામાન્ય રીતે પ્રશ્નાવલી શબ્દનું તાત્પર્ય પ્રશ્નોના ઉત્તરો પ્રાપ્ત કરવાની એક એવી પદ્ધતિ છે જેમાં ઉત્તરદાતા પોતે એક પ્રશ્નાવલીને ભરીને માહિતી મોકલે છે.'

લુંહબર્ગના મતમાં મૂળત: 'પ્રશ્નાવલી પ્રેરણાઓનો એક સમૂહ છે જેને શિક્ષિત લોકોની સામે એ પ્રેરણાઓની અંતર્ગત એમના મૌખિક વ્યવહારોનું નિરીક્ષણ કરવા માટે રજૂ કરવામાં આવે છે.'

વિલ્સન ગીના અનુસાર: 'પ્રશ્નાવલી મોટી સંખ્યામાં લોકો સાથે અથવા નાના પસંદ

કરેલા એક સમૂહ પાસેથી જેના સભ્યો વિસ્તૃત ક્ષેત્રમાં ફેલાયેલા છે સીમિત માત્રામાં માહિતી પ્રાપ્ત કરવાની એક સુવિધાજનક પદ્ધતિ છે.'

પોપના મતાનુસાર: 'પ્રશ્નાવલી એ પ્રશ્નોની એક યાદી છે કે જેના ઉત્તરો લોકો સંશોધકની વ્યક્તિગત મદદ વિના જાતે જ લખીને માહિતી પુરી પાડે છે.'

ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે કહી શકાય કે વિશાળ સંખ્યાવાળા જૂથમાંથી અથવા પસંદ કરેલા નાના કદના વેરવિખેર હોય તેવા જૂથના સભ્યોને પ્રશ્નો જાતે ભરીને પછી મોકલે તેવી વિનંતી સાથે ટપાલ દ્વારા મોકલવામાં આવતી વિશિષ્ટ પ્રકારની અનુસૂચિ એટલે પ્રશ્નાવલી.

## ૦ પ્રશ્નાવલીની વિશેષતાઓ

પ્રશ્નાવલીની વ્યાખ્યાના આધારે તેની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે આપી શકાય.

૧. પ્રશ્નાવલી પ્રશ્નોની એક વ્યવસ્થિત યાદી હોય છે જેમાં અભ્યાસ વિષય સાથે સંબંધિત માહિતી પ્રાપ્ત કરવા માટે અનેક પ્રશ્નો હોય છે.

૨. આને પસંદ કરેલા માહિતીદાતાની પાસે ટપાલ દ્વારા મોકલી શકાય છે. પરંતુ કેટલીક પરિસ્થિતિઓમાં એનું વિતરણ વ્યક્તિ દ્વારા પણ કરવામાં આવે છે.

૩. પ્રશ્નાવલિનો ઉપયોગ માત્ર શિક્ષિત વ્યક્તિઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે છે. અશિક્ષિત વ્યક્તિઓ પર એનો ઉપયોગ કરી શકાતો નથી.

૪. પ્રશ્નાવલિનો ઉપયોગ વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલા લોકો પાસેથી માહિતી મેળવવા માટેના હેતુથી કરવામાં આવે છે જ્યાં મુલાકાત દ્વારા માહિતી મેળવવી શક્ય નથી હોતું.

૫. ઉત્તરદાતા દ્વારા ભરાયેલી પ્રશ્નાવલી ટપાલ દ્વારા જ અભ્યાસકર્તાની પાસે મોકલી  શકાય છે. સ્થાનિક ઉતરદાતાઓ એનો સંગ્રહ વ્યક્તિગત સ્વરૂપમાં કરી શકે છે.

૬. પ્રશ્નાવલી આવશ્યક સ્વરૂપથી માહિતીદાતા દ્વારા પણ ભરી શકાય છે.

૭. પ્રશ્નાવલીના પ્રશ્નો સરળ અને સ્પષ્ટ ભાષામાં હોય છે જેનાથી માહિતીદાતા સરળતાથી એનો ઉત્તર આપી શકે છે.

૮. આ પદ્ધતિ સગવડતાભરી ઝડપી અને સસ્તી છે.

૯. આનાથી આધારભૂત માહિતી મેળવી શકાય છે. તેનું કોષ્ટીકરણ થઈ શકે છે તેમજ તે માહિતીનો ઉપયોગ આંકડાકીય બાબતોના સંદર્ભમાં થઈ શકે છે.

## ૦ પ્રશ્નાવલીના પ્રકાર

પ્રશ્નાવલીના અનેક પ્રકાર હોઈ શકે છે જે પ્રશ્નાવલીની રચના, એનું સ્વરૂપ, પ્રશ્નોના પ્રકાર અને ઉત્તરદાતાઓની વિશેષતાઓના આધારે વિભાજીત કરી શકાય છે.

લુંડબર્ગ પ્રશ્નાવલીના મુખ્યત્વે બે પ્રકાર બતાવ્યા છે.

### ૧. માહિતી કે તથ્ય સંબંધી પ્રશ્નાવલી

આનો ઉપયોગ સામાજિક તથ્યો સાથે સંબંધિત માહિતી એકત્ર કરવા માટે કરવામાં આવે છે.

### ૨. મત અને મનોવૃત્તિ સંબંધી પ્રશ્નાવલી

આનો ઉપયોગ ઉત્તરદાતાના અભિપ્રાયો વિચારો અથવા મનોવૃત્તિઓને જાણવા માટે કરવામાં આવે છે.

પોલીન યંગે પ્રશ્નાવલીને સંરચિત અને અસંરચિત એવા બે વિભાગોમાં વિભાજીત કરી સામાજિક વિજ્ઞાનોમાં પ્રશ્નાવલીના પ્રકારો નીચે મુજબ છે.

૧. સંરચિત પ્રશ્નાવલી

૨. અસંરચિત પ્રશ્નાવલી

૩. પ્રતિબંધિત પ્રશ્નાવલી

૪. અપ્રતિબંધિત પ્રશ્નાવલી

૫.	ચિત્રમય પ્રશ્નાવલી

૬.	મિશ્રિત પ્રશ્નાવલી

**૧.	રચિત અથવા સંરચિત પ્રશ્નાવલી (Structured Questionnair)**

આ એવી પ્રશ્નાવલી છે જેની રચના વાસ્તવિક અધ્યયન શરૂ કરતાં પૂર્વે જ કરી લેવામાં આવે છે આ સંદર્ભમાં પોલીન યંગે લખ્યું છે કે 'સંરચિત પ્રશ્નાવલી એ હોય છે કે જેમાં નિશ્ચિત સ્પષ્ટ તથા પૂર્વનિર્ધારિત પ્રશ્નો ઉપરાંત એવા આવશ્યક સીમિત પ્રશ્નો પણ રહે છે જે અપર્યાપ્ત ઉત્તરોના સ્પષ્ટીકરણ કરવા અથવા વધુ વિસ્તૃત ઉત્તરો મેળવવા માટે આવશ્યક હોય છે. પ્રશ્નનો પ્રકાર રચિત હોય કે અરચિત, મહત્વપૂર્ણ વાત તો એ છે કે એ પ્રશ્નોને પહેલેથી જ લેખિત સ્વરૂપ આપવામાં આવે છે નહીં કે મુલાકાત દરમ્યાન 'આના આધારે સેલિજ અને અન્ય એ સંરચિત પ્રશ્નાવલીને 'માનદંડીય પ્રશ્નાવલી' કહે છે તો જહોડા અને કુક એને માનદંડ પ્રશ્નાવલી કહે છે.'

આવી પ્રશ્નાવલીનો ઉપયોગ ખૂબ વિશાળ ક્ષેત્રના અભ્યાસ માટે કરવામાં આવે છે. પ્રાથમિક માહિતી એકત્રીકરણ માટે અથવા સંકલિત માહિતીની  ફરી પરીક્ષા કરવા માટે આ પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવે. અભ્યાસનો હેતુ સામાજિક આર્થિક ઘટનાઓના સંબંધમાં માહિતી એકત્ર કરવા મતોના સંબંધમાં જાણકારી પ્રાપ્ત કરવા અથવા કોઈ વહીવટી નીતિ અથવા પરિવર્તનના સંબંધમાં અભ્યાસ કરવા કોઈપણ હોઈ શકે છે. પરંતુ વિસ્તૃત ક્ષેત્રની માહિતી મેળવવા માટે સંરચિત પ્રશ્નાવલી સર્વોતમ હોય છે. આ માહિતી પૂર્વ નિર્ધારિત આયોજન અનુસાર હોય છે.

સંરચિત પ્રશ્નાવલીઓમાં જે પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવે છે તે વધુ નિશ્ચિત ક્રમબધ્ધ અને સ્પષ્ટ હોય છે તથા પ્રત્યેક ઉત્તરદાતા માટે એનું સ્વરૂપ સમાન હોય છે. જેને કારણે પ્રશ્નાવલીથી પ્રાપ્ત થતા ઉત્તરોનું વર્ગીકરણ કરવું સરળ થઈ જાય છે. કોઈપણ સમુદાયની

સામાજિક આર્થિક વિશેષતાઓના અભ્યાસ માટે પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવે છે. ધીરેન્દ્રનાથ મજુમદારેકાનપુર શહેરનો અભ્યાસ પ્રશ્નાવલીને આધારે કર્યો હતો. કેટલાક સમાજ વૈજ્ઞાનિકોએ આ પદ્ધતિનો ઉપયોગ કરીને સંશોધન અભ્યાસ હાથ ધર્યો છે.

## ૨. અસંરચિત અથવા અરચિત પ્રશ્નાવલી (Unstructured Questionnaire)

આ પ્રકારની પ્રશ્નાવલીનું નિર્માણ વાસ્તવિક અભ્યાસના આરંભ કરતા પહેલાં કરવામાં આવતું નથી. આની અંદર ફક્ત એવા વિષયોનો ઉલ્લેખ થાય છે જેના સંબંધમાં ઉતરદાતાઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરવાની હોય છે. એક અભ્યાસકર્તા આવી પ્રશ્નાવલીની મદદથી આરંભમાં એ જાણવાનો પ્રયત્ન કરે છે કે કેવા પ્રકારના પ્રશ્નો અને એના વિશેષ ક્રમો દ્વારા સર્વોત્તમ માહિતી પ્રાપ્ત કરી શકાય છે. આ પ્રકારની પ્રશ્નાવલીને મુલાકાત નિર્દેશિકા પણ કહે છે. જેને કારણે ઘણા સમાજશાસ્ત્રી પ્રશ્નાવલીના આ પ્રકારને મુલાકાત પદ્ધતિનું એક અંગ માને છે.

કેપ્ટનું કહેવું છે કે ‘અસંરચિત પ્રશ્નાવલી એ છે કે જેમાં કેટલાક નિશ્ચિત વિષય ક્ષેત્રોનો સમાવેશ હોવાની સાથે એ લોકોની સંખ્યા પણ નિર્ધારિત હોય છે જેની સાથે મુલાકાત કરવાની હોય છે. પરંતુ આ પ્રણાલીમાં પ્રશ્નોનું સ્વરૂપ અને એના ક્રમને નક્કી કરવામાં સંશોધકને પૂર્ણ સ્વતંત્રતા હોય છે. આ અભ્યાસકર્તા આ પ્રકારની પ્રશ્નાવલીઓની મદદથી શરૂઆતમાં એ જાણવાનો પ્રયાસ કરે છે કે સર્વોતમ માહિતી કેવા પ્રકારના પ્રશ્નો અને એના વિશેષ ક્રમ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે.

મર્યાદિત અભ્યાસ ક્ષેત્ર માટે તેમજ પ્રત્યેક ઉતરદાતા સાથે સંપર્ક સ્થાપિત કરવા માટે અસંરચિત પ્રશ્નાવલી ઉપયોગી રહે છે. કેટલાક વિદ્વાન એને પ્રશ્નાવલી ન માનતા મુલાકાતની પદ્ધતિના એક વિશેષ સ્વરૂપમાં જુએછે. કારણ કે આ પ્રકારની પ્રશ્નાવલીઓમાં મુલાકાતને માટે કોઈ સ્થાન નથી હોતું. પી.વી.યંગે એને પ્રશ્નાવલીનું એક સ્વરૂપ માને લે છે.

### ૩. બંધ અથવા પ્રતિબંધિત પ્રશ્નાવલી (Closed Questionnaire)

આ પ્રકારની પ્રશ્નાવલીને બંધ પ્રશ્નાવલી કહેવામાં આવે છે. કારણ કે પ્રત્યેક પ્રશ્નની સાથે કેટલાક સંભવિત ઉત્તર આપવામાં આવે છે અને આ ઉત્તરોમાંથી ઉત્તરદાતાને કોઈ એકની પસંદગી કરવાની હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીનો સૌથી મોટો ફાયદો એ છે કે આનાથી પ્રાપ્ત માહિતીનું સરળતાથી વિભાગીકરણ, કોષ્ટીકરણ કરીને વર્ગીકરણ કરી શકાય છે.

શિન પાઓ યંગના અનુસાર: 'પ્રતિબંધિત પ્રશ્નાવલીમાં પૂછવામાં આવેલા વિભાગ અનુસાર ઉત્તર આપવામાં આવે છે. આ પ્રશ્નાવલીમાં ઉત્તરદાતાને હા કે ના માં ઉત્તરો આપવાના હોય છે. એટલે ઉત્તરદાતાને કોઈ ખાસ અસુવિધાનો સામનો કરવો પડતો નથી.' દા.ત. (૧) આપ સંયુક્ત કુટુંબમાં રહો છો ? હા/ના. (૨) આપની આવકનું સાધન ક્યું છે? નોકરી/ધંધો/ખેતી/અન્ય.

આમ ઉત્તરદાતાને સ્વતંત્ર જવાબ આપવામાં સ્વતંત્રતા હોતી નથી તથા જવાબમાં ફેરફાર કરી શકતા નથી.

### ૪. ખુલ્લી અથવા અપ્રતિબંધિત પ્રશ્નાવલી (Open Questionnaire)

આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રશ્નોના સંભવિત ઉત્તરો આપવામાં આવતા નથી. પરંતુ ઉત્તરદાતા પોતાની ઈચ્છા અનુસાર ઉતર આપવા માટે સંપૂર્ણ સ્વતંત્ર હોય છે. પ્રત્યેક પ્રશ્નોની સામે કેટલીક ખાલી જગ્યામાં છોડવામાં આવે છે જેમાં તેને જવાબ લખવાના હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીનો ઉપયોગ ગુણાત્મક માહિતી એકત્રીત કરવા માટે કરવામાં આવે છે.

દા.ત.૧. અનામતને તમે કેવી રીતે લાગુ પાડવા ઈચ્છો છો?.................

૨. વિદ્યાર્થીઓમાં વધતી જતી નિયમપાલનની અવજ્ઞાને કેવી રીતે દૂર કરી શકાય?

આનાથી ઉત્તરદાતાઓના વિચારો જાણી શકાય છે. તેના વ્યક્તિત્વના ગુણોનું યથાર્થ સ્વરૂપ પ્રગટ થઈ જાય છે. પરંતુ ઉતરદાતાએ આપેલ માહિતીનું વર્ગીકરણ અને કોષ્ટીકરણનું કાર્ય થઈ શકતું નથી.

### ૫. ચિત્રમય પ્રશ્નાવલી (Pictorial Questionnaire)

એવી પ્રશ્નાવલી કે જેમાં પ્રશ્નોના સંભવિત ઉત્તરો ચિત્રના સ્વરૂપમાં હોય છે અને ઉત્તરદાતાએ એ ચિત્રોને જોઈને જવાબ આપવાનો હોય છે. તેને ચિત્રમય પ્રશ્નાવલી કહે છે. આ પ્રશ્નાવલીનો ઉપયોગ એવા ઉતરદાતાઓ માટે કરવામાં આવે છે જે શિક્ષિત નથી હોતા આ ઉપરાંત બાળકોની મનોવૃત્તિ જાણવા માટે ચિત્રમય પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રશ્નાવલીમાં પ્રશ્નોની ભાષા અત્યંત સરળ હોય છે તથા પ્રશ્નોનાં વૈકલ્પિક ઉત્તરો શબ્દોના સ્થાને ચિત્રમાં રજૂ કરવામાં આવે છે. ઉત્તરદાતા ચિત્રોને જોઈને જવાબ આપવા માટે પ્રેરિત થઈ જાય છે. આનો ઉપયોગ બહેરી વ્યક્તિઓ માટે કરી શકાય છે. ચિત્રોની ભાષા સમજવી બધા માટે સરળ હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીના ઉતરોની તપાસનું કાર્ય આસાન હોય છે. દા.ત. કોઈ સંશોધક કુટુંબના કદનો અભ્યાસ કરવા ઈચ્છે છે તો આ પ્રશ્નાવલીમાં પ્રશ્નોની વચ્ચે બે, ત્રણ, ચાર, પાંચ, સ્ત્રી-પુરુષ તથા બાળકોના ચિત્રો દોરેલા હોય છે. ઉત્તરદાતા એની ઈચ્છાનુસાર જે કુટુંબનું કદ યોગ્ય લાગે તેની ઉપર ચિન્હ કે નિશાની કરે છે.

### ૬. મિશ્રિત પ્રશ્નાવલી (Mixed Questionnaire)

મિશ્રિત પ્રશ્નાવલીમાં પ્રશ્નોનું સ્વરૂપ કોઈ એક સ્વરૂપ સીમિત ન રહેતા અનેક પ્રકારના પ્રશ્નો સાથે સંબંધીત હોય છે. એમાં સામાન્ય રીતે ખુલ્લા અને બંધ સ્વરૂપના પ્રશ્નો હોય છે એટલે એને મિશ્રિત પ્રશ્નાવલી કહે છે. આ પ્રકારની પ્રશ્નાવલીની રચનામાં બે કે તેથી વધુ પ્રશ્નાવલીઓનો ઉપયોગ કરવામાં આવે છે. આજે તો મોટાભાગના સામાજિક સંશોધનમાં

મિશ્રિત પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રકારની પ્રશ્નાવલી દ્વારા ગુણાત્મક અને પ્રમાણાત્મક માહિતીનું સંકલન સરળતાથી કરી શકાય છે. આ પ્રશ્નાવલી શિક્ષિત તથા અલ્પ શિક્ષિત બંને પ્રકારની વ્યક્તિઓ માટે ઉપયોગી છે. આ દ્વારા ઉતરદાતાના સ્વતંત્ર વિચારો જાણવામાં પણ મદદ કરે છે. આવી પ્રશ્નાવલીથી જટિલ વિગતો જાણી શકાતી નથી.

### ૭. પ્રશ્નાવલીને જોવી અને તપાસવી.

સંશોધક દ્વારા બનાવેલી પ્રશ્નાવલીનું પ્રભાવશાળી રીતે પ્રસ્તુતીકરણ થવું જોઈએ તો જ સંતોષકારક ઉત્તરો પ્રાપ્ત થઈ શકવાની શક્યતા રહે છે. પ્રશ્નાવલીમાં અભ્યાસકર્તા ઉત્તરદાતા પાસે હાજર નથી હોતા આવી સ્થિતિમાં પ્રશ્નાવલી નિર્માણ સમયે એને અત્યાધિક પ્રભાવશાળી બનાવવી અનિવાર્ય છે. એટલે પ્રશ્નાવલીના નિર્માણ માટે ગુડ અને હટ નીચેના સુઝાવો આપે છે.

પ્રશ્નાવલીની સાથે અભ્યાસકર્તાએ ઉતરદાતાઓ સાથે પત્રના માધ્યમથી અપીલ કરવી જોઈએ. જેમાં સંશોધનનો હેતુ સ્પષ્ટ કરીને એમની પાસેથી એમના સહયોગની પ્રાર્થના કરવી જોઈએ સાથે એવો પણ વિશ્વાસ આપવો જોઈએ કે તેમના દ્વારા આપવામાં આવેલી માહિતીને ગોપનીય રાખવામાં આવશે. આ અપીલ પત્રમાં સાર ગર્ભિત અને સંક્ષિપ્ત હોવો જોઈએ. આ પ્રશ્નમાં ઉતરદાતાને સ્પષ્ટ બતાવી દેવું જોઈએ કે અભ્યાસ કોણ કરી રહ્યું છે. અભ્યાસ કરનાર સંસ્થા કે સંગઠનનું નામ, સરનામું, ટેલીફોન નંબર પણ આપવો જોઈએ સાથે સાથે અભ્યાસના હેતુને પણ સ્પષ્ટ કરવો જોઈએ. પ્રશ્નાવલી ભરીને પાછી આવે તે માટે જવાબી કવર ટીકીટ ચોડીને સાથે બીડવું જેથી પ્રશ્નાવલી સમયસર ભરાઈને પાછી આવી શકે.

### ૮. સારી પ્રશ્નાવલીની વિશેષતાઓ

એ.એલ.બાઉલે એક ઉત્તમ પ્રશ્નાવલીની નિમ્નલિખિત વિશેષતાઓનો ઉલ્લેખ કર્યો છે.

૧.	તુલનાત્મક દ્રષ્ટિએ પ્રશ્નોની સંખ્યા ઓછી હોવી જોઈએ.

૨.	એવા પ્રશ્નો હોવા જોઈએ જેનો ઉત્તર સંખ્યામાં અથવા હા કે ના માં આપી શકાય.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ઉતરદાતાઓ શિક્ષિત હોવાથી પ્રશ્નાવલી પ્રયુક્તિનો ઉપયોગ કરેલ છે. પ્રશ્નાવલીને ઉતરદાતાઓ પાસેથી રૂબરૂ ભરાવેલ છે. જેથી તેઓને કોઈ પ્રશ્નોની અસ્પષ્ટતા હોય તો તે તાત્કાલીક દૂર કરી શકાય. બીજુ પ્રશ્નાવલીમાં બંધ અને ખુલ્લા બંને પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવેલ છે. પ્રતિભાવો/અભિપ્રાયો સંબંધી પ્રશ્નો ખુલ્લા સ્વરૂપના છે. જ્યારે અન્ય પ્રશ્નોનું સ્વરૂપ બંધ સ્વરૂપનું છે આમ આ અભ્યાસમાં મિશ્રિત પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રશ્નાવલીને કુલ ચાર વિભાગમાં વહેંચવામાં આવી છે. પ્રથમ બે વિભાગ એ ઉતરદાતાની વ્યક્તિગત અને કૌટુંબિક માહિતીનો છે. જેમાં ઉતરદાતાની ઉંમર, વતન, જ્ઞાતિ, ધર્મ, માતૃભાષા, વૈવાહિક દરજ્જો, શૈક્ષણિક દરજ્જો અને આર્થિક દરજ્જો અને પરિસ્થિતિની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત કુટુંબનો પ્રકાર, કુટુંબનું કદ, કુટુંબના સભ્યોની જાતિ તેમનું વયજૂથ, શિક્ષણ, વ્યવસાય, આવકની માહિતીની સાથે સાથે આર્ટ ઓફ લીવીંગ સાથે કેટલા લોકો જોડાયેલા છે. તેની માહિતી પણ પ્રાપ્ત કરેલ છે. જેમાં કુલ ૧૮ પ્રશ્નોનો સમાવેશ કરેલ છે. વિભાગ-૩માં આર્ટ ઓફ લિવીંગની જાણકારી તેની પ્રવૃતિઓ, અને કાર્યક્રમો વિશેની જાણકારી થતા ભાગીદારી સંબંધી માહિતી એકત્રીત કરેલ છે જેમાં કુલ પાંચ પ્રશ્નોની માહિતી એકત્રીત કરેલ છે. જ્યારે વિભાગ-૪માં આર્ટ ઓફ લિવીંગની વ્યક્તિની જીવનશૈલી, વિચારો, માન્યતાઓમાં આવેલ પરિવર્તન, કૌટુંબિક અસર, બાળકો પરની અસર, આર્ટ ઓફ લીવીંગ સાથેનો સંબંધ તથા સમાજ જીવન પરની અસરોનો નિર્દેશ કરેલ છે જેમાં ૩૧ પ્રશ્નો પૂછેલ છે. આમ સમગ્ર પ્રશ્નાવલીમાં કુલ ૫૪ પ્રશ્નો દ્વારા વ્યક્તિગત, કૌટુંબિક માહિતી આર્ટ ઓફ લિવીંગ વિશેની જાણકારી તથા તેની વ્યક્તિ પર,

કુટુંબ પર તથા સમાજ જીવન  પરની અસરો અને તેને કારણે આવેલ પરિવર્તનનો નિર્દેશ કરેલ છે.

## ૧.૯ માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ

સંશોધકની સંશોધનયાત્રા તબક્કાવાર આગળ વધતી હોય છે. સંશોધનના પ્રત્યેક સોપાનો પર તેની પાસે સંશોધન પ્રશ્નને લગતી વિપુલ માત્રામાં માહિતી આવે છે. સંશોધકે ભારે જહેમતથી કરેલું સંશોધન અન્ય વિદ્યાર્થીઓ માટે પણ ઘણું ઉપયોગી સાબીત થતું હોય છે. સમગ્ર સંશોધન પ્રક્રિયા દરમ્યાન તેણે સંપાદિત કરેલી વૈવિધ્યપૂર્ણ માહિતીના જટિલ જથ્થાને તેના મૂળ સ્વરૂપે રજૂ કરવાથી સંશોધન અર્થસભર બનતું નથી. સંશોધનના અંતે સંશોધકે સંપાદિત કરેલી માહિતીને અહેવાલ સ્વરૂપે રજૂ કરવાની હોય છે. સંપાદિત થયેલી માહિતીનું સંક્ષેપીકરણ કરવું, સંક્ષિપ્ત થયેલી માહિતીને યોગ્ય રીતે અને સરળ ભાષામાં રજૂ કરવી, કોઈ મહત્વનો મુદો ધ્યાન બહાર ન રહી જાય વગેરે બાબતોની કાળજી સંશોધકે રાખવાની હોય છે. સંશોધકે પ્રાપ્ત કરેલી માહિતીના સંક્ષેપીકરણમાં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ વિશેષ મહત્વની બને છે.

માહિતી વિશ્લેષણના સમયે સંશોધકે મુલાકાત માર્ગદર્શિકાના દરેક ફોર્મની ચકાસણી કરવાની હોય છે. આ ચકાસણી કરતી વખતે સંશોધકે બિનજરૂરી વિગતો દૂર કરી સંશોધનમાં ઊભી થતી સંદિગ્ધતાને ટાળવી જોઈએ. પ્રાપ્ત થયેલી માહિતીને ચોક્કસ સાંકેતાંક આપીને એક કોડબુક તૈયાર કરી. કોડબુક પરથી માસ્ટરશીટ તૈયાર કરી. આ માસ્ટરીટ પરથી સંશોધનના હેતુ મુજબના જુદાં જુદાં સાદા અને જટિલ કોષ્ટકોની રચના કરી.

## ૧.૧૦સંશોધન અહેવાલની રૂપરેખા

સંશોધકે સમગ્ર સંશોધનના અંતે અહેવાલનું લેખન કરવાનું હોય છે. સમગ્ર સંશોધન દરમ્યાન પોતાને પ્રાપ્ત થયેલી માહિતી અને અનુભવોની અભિવ્યક્તિ આ અહેવાલમાં તેણે

કરવાની હોય છે. આ માટે ભાષા પરનું પ્રભુત્વ, માહિતીનું યોગ્ય વિશ્લેષણ અને તારણોની અસરકારક રજૂઆતનો વિનિયોગ સંશોધન અહેવાલને સમૃધ્ધ બનાવે છે. કઈ માહિતી જરૂરી છે અને કઈ બિનજરૂરી તેની સ્પષ્ટતા સંશોધકના મનમાં હોવી અનિવાર્ય છે. વિષયવસ્તુની સ્પષ્ટતા સંશોધકના અહેવાલ લેખનને સરળ બનાવે છે.

પ્રસ્તુત સંશોધન અહેવાલમાં વિષયને લગતી માહિતી એકત્રીત કરી, તેનું વિશ્લેષણ કરી, કોષ્ટકીકરણ કરવામાં આવ્યું છે. પ્રાપ્ત થયેલી માહિતીને વૈજ્ઞાનિક રીતે ચકાસીને તેને જુદાં જુદાં પ્રકરણોમાં વિભાજિત કરી છે. સંશોધન અહેવાલના અંતે સંદર્ભ પુસ્તકોની યાદી, પરિશિષ્ટ તેમજ મુલાકાત માર્ગદર્શિકા પણ બિડવામાં આવી છે. સમગ્ર લખાણની પ્રક્રિયા દરમ્યાન જોડણી વિષયક ભૂલો ન રહી જાય તે માટેની પણ તકેદારી રાખી છે.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત થયેલી માહિતીને નીચે મુજબના પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવી છે.

પ્રકરણ-૧. સંશોધન આયોજન

પ્રકરણ-૨. સંશોધન પ્રશ્નની સૈદ્ધાંતિક સમજ

પ્રકરણ-૩. સંદર્ભ સાહિત્ય

પ્રકરણ-૪. આર્ટ ઓફ લીવીંગનો પરિચય

પ્રકરણ-૫. માહિતીનું વિશ્લેષણ-૧ (વ્યક્તિગત-કૌટુંબિક માહિતી)

પ્રકરણ-૬. માહિતીનું વિશ્લેષણ-૨ (આર્ટ ઑફ લિવીંગની અસરો અને પરિવર્તન)

પ્રકરણ-૭. કેશ સ્ટડીઝ

પ્રકરણ-૮ તારણો અને સૂચનો

૮. પરિશિષ્ટ

## ૧.૧૧ સામાજિક સંશોધનની મર્યાદા

દરેક સંશોધક પોતાના અભ્યાસને સર્વાંગ સંપૂર્ણ બનાવવા માટેના દરેક પ્રયત્નો કરતો હોય છે. આમ છતાં પ્રત્યેક સંશોધન અભ્યાસ સાથે કોઈને કોઈ મર્યાદા જોડાયેલી હોય છે. અભ્યાસ સાથે સંકળાયેલી કેટલીક મર્યાદા સમયની હોય છે તો કેટલીક મર્યાદાઓ સાધનોની હોય છે અને કેટલીક મર્યાદાઓ સંશોધન પદ્ધતિની પણ હોઈ શકે.

સંશોધકની જે મર્યાદાઓ હોય છે તે પદ્ધતિશાસ્ત્ર અને સંશોધન સાહિત્યના વાંચનથી જ તેમજ માર્ગદર્શકના માર્ગદર્શનથી નિવારી શકાય તેવી હોય છે. બાકી જે કેટલીક મર્યાદાઓ હોય છે તેને નિવારવા માટે સંશોધકે સંનિષ્ઠ પ્રયાસો કર્યા હોય છે. તે પછી પણ જે મર્યાદાઓ અભ્યાસ સાથે જોડાયેલી રહે છે તેને સમગ્ર અભ્યાસના જ એક ભાગરૂપ ગણવામાં આવે છે. એક જ વિષયના જુદા જુદા સ્થળોના જુદા જુદા સમયે અને જુદા જુદા સંશોધકો દ્વારા થતા અભ્યાસોદ્વારા તેનું નિર્મૂલતઃ થઈ જતું હોય છે.

આમ સંશોધનની મર્યાદાઓ અને અભ્યાસની બિનઉપયોગિતા કે નિરર્થકતા દર્શાવતી નથી. પરંતુ અભ્યાસની મર્યાદાઓથી માહિતગાર રાખે છે.

સામાજિક સંશોધનમાં સંશોધકે જટિલ પ્રક્રિયામાંથી પસાર થવાનું હોય છે. નિર્ધારિત સમય મર્યાદામાં તેણે પોતાના સંશોધન પ્રશ્નને લગતી માહિતી એકત્રિત કરી, વિશ્લેષણ કરી રજૂ કરવાની હોય છે.

પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ નીચે પ્રમાણે છે.

૧. પ્રસ્તુત અભ્યાસ એ રાજકોટ જિલ્લાના ઉત્તરદાતાઓ પૂરતું મર્યાદિત છે.

૨. આ અભ્યાસ એ આર્ટ ઑફ લિવીંગના એડવાન્સ કોર્ષ અને ડી.એલ.એન. કોર્ષમાં જોડાયેલ શિબિર પૂરતો મર્યાદિત છે.

૩. અભ્યાસ માઈક્રો લેવલનો છે.

૪. આ અભ્યાસના કારણો અભ્યાસમાં સમાવિષ્ટ ઉત્તરદાતાઓ પૂરતા મર્યાદિત રહેશે.

## ૧.૧૨ક્ષેત્રકાર્યના અનુભવો

સંશોધન પદ્ધતિની મદદથી અભ્યાસ માટે સંશોધન ક્ષેત્રની પસંદગી સંશોધકે કરવાની હોય છે. સંશોધન ક્ષેત્રની પસંદગી થયા બાદ સંશોધકે કેટલીક પૂર્વ તૈયારીઓ સાથે ક્ષેત્રકાર્યનો આરંભ કરવાનો હોય છે. વિવિધ સામાજિક અને આર્થિક પરિસ્થિતિ ધરાવતા તેમજ સંશોધન પ્રઅશ્ન જેની આસપાસ ગૂંથાયેલો છે તેવા ઉતરદાતાઓની રૂબરૂ મુલાકાત લઈ, રહેઠાણના સ્થળનું તેમજ તેની આસપાસના સામાજિક વાતાવરણનું નિરીક્ષણ કરી નોંધ તૈયાર કરવાની છે. આમ, સંશોધનના કોઈપણ વિદ્યાર્થી માટે ક્ષેત્રકાર્ય વિવિધ અનુભવોનું ભાથું તૈયાર કરે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન હાથ લાગેલા તથ્યો સંશોધકને સામાજિક વાસ્તવિકતાને નજીકથી નિરખવાની તક આપે છે.

પ્રસ્તુત અભ્યાસ આર્ટ ઑફ લિવીંગ સંપ્રદાયને લગતો છે. આ ક્ષેત્રકાર્ય દરમ્યાન અનુસૂચિ જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગના ઉતરદાતાઓની રૂબરૂ મુલાકાત લઈ માહિતી મેળવવામાં આવી છે. આ સંશોધનમાં સ્નોબોલ ટેકનિકના તથા આકસ્મિક નિદર્શનના ઉપયોગ દ્વારા એક ઉતરદાતા પાસેથી બીજાની અને બીજા પાસેથી ત્રીજાની એમ જુદાં જુદાં ઉત્તરદાતાઓ પાસેથી સંશોધન પ્રશ્નને લગતી અનેક રસપ્રદ વિગતો જાણવા મળી છે.

ઘણાં ઉતરદાતાઓના મુખેથી એવું સાંભળવા મળતું કે 'સત્સંગમાં આવ્યા પૂર્વેના જીવનનો વિચાર કરીએ છીએ તો મનાતું નથી કે અમે આવું જીવન જીવતા હતા...' 'દારૂ-માંસ બંધ થયા એટલે જનમારો સુધરી ગયો...' 'સત્સંગ ન મળ્યો હોત તો અમે સાવ જંગલી જેવા જ રહેત...', 'લોકોનો અમારી પરનો વિશ્વાસ ખૂબ વધ્યો છે, અમારી

પાસેથી નૈતિક અપેક્ષા ઘણી વધી ગઈ છે...' આમ, જુદાં જુદાં ઉતરદાતાઓ પાસેથી વિવિધ પ્રકારના અનુભવો દ્વારા વિષયને લગતી ઘણી ઉપયોગી માહિતી મળતી હતી.

એક ઉતરદાતાની મુલાકાત પાછળ ઓછામાં ઓછો એકથી દોઢ કલાક જેટલો સમય લાગતો હતો.

# પ્રકરણ-૨

## સંશોધન પ્રશ્નની સૈદ્ધાંતિક સમજ

૨.૧ પ્રસ્તાવના

૨.૨ ધર્મની વ્યાખ્યાઓ

૨.૩ ધર્મના સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ અને વિકાસ

૨.૪ સમાજશાસ્ત્રીઓના ધર્મ અંગેના વિચારો

૧. ઓગસ્ટ કોમ્ટ

૨. ઈમાઈલ દુર્ખિમ

૩. મેકસવેબર

# પ્રકરણ-૨

## સંશોધન પ્રશ્નની સૈદ્ધાંતિક સમજ

### ૨.૧ પ્રસ્તાવના :

સમાજશાસ્ત્રી ધર્મને એક સામાજિક ઘટના ગણે છે. ધર્મના જે પાસાંઓ વિશે ફિલસૂફો અને મીમાંસકો સામાન્ય રીતે વિચારતા નથી તેનો વિચાર સમાજશાસ્ત્રીઓ કરે છે. ધર્મનો અભ્યાસ કરનાર સમાજશાસ્ત્રી ધર્મનો સંબંધ સમાજના પાસાં સાથે જોડે છે. દરેક સમાજમાં ધાર્મિક માન્યતાઓ, ધાર્મિક વિધિઓ અને ધાર્મિક સંસ્થાઓનું અસ્તિત્વ હોય છે. રોજિંદા જીવનની સમજ પર તથા એકબીજા સાથેના સંબંધો પર પણ ધર્મનો પ્રભાવ પડે છે. યિંગર નામના વિદ્વાને 'Religion, Society and the Individuals' માં લખ્યું છે કે ધર્મ એક સામાજિક ઘટના છે-કેમ કે તે સામાજિક જીવનના વણાટમાં ગૂંથાઈ ચૂકેલ છે.

ધર્મનું સમાજશાસ્ત્ર સમાજશાસ્ત્રની જ એક નવીન શાખા છે, જેનો ઉદ્‌ભવ હમણાંના થોડા વર્ષો દરમિયાન જ થયો અને વિકાસ ૨૯મી સદીના પ્રારંભમાં થયો. સમાજશાસ્ત્રની આ વિશિષ્ટ શાખા પોતાના અભ્યાસના વિષયવસ્તુમાં સમાજ અને ધર્મના પારસ્પરિક સંબંધોનો સમાવેશ કરે છે. એટલે કે આ શાખા ધર્મ સામાજિક વ્યવસ્થા, સામાજિક સંરચના, સામાજિક સંસ્થાઓ, સામાજિક સંબંધો, સામાજિક વ્યવહાર અને ક્રિયાઓને કઈ રીતે પ્રભાવિત કરે છે તેનો અભ્યાસ કરે છે. આ ઉપરાંત તે સમાજના અંતર્ગત રાજનૈતિક વ્યવસ્થા, નેતૃત્વ, સત્તા, ધાર્મિક સંગઠન વગેરેના પ્રભાવોનો પણ અભ્યાસ કરે છે. આમ ધર્મનું સમાજશાસ્ત્ર એક નવીન શાખા હોવાના કારણે તેનું વિષયવસ્તુ ઘણું જ મર્યાદિત છે. ધર્મનું સમાજશાસ્ત્ર સામાજિક સંદર્ભમાં ધર્મનો અભ્યાસ કરે છે. આ શાખા સંબંધિત વિચારો યુરોપીયન વિદ્વાનોના મસ્તિષ્કની નિપજ છે, જેનો સંપૂર્ણ વિકાસ અમેરિકન વાતાવરણમાં થયો. પરંતુ આ વિકાસ દરમ્યાન મૂળ વિચારોમાં અનેક પરિવર્તન અને સંવર્ધન થતાં રહ્યા છે.

ધર્મનો સંબંધ કોઈને કોઈ પ્રકારની અલૌકિક શકિત પર વિશ્વાસ સાથે છે. ધર્મનું

સમાજશાસ્ત્ર આ અલૌકિક શકિતના અલૌકિક કાર્યોનો અને તેના ચમત્કારોનો અભ્યાસ નથી પરંતુ ધર્મ એક સામાજિક ઘટનાના રૂપમાં સામાજિક જીવન સાથે કઈ રીતે સંબંધિત છે અને સામાજિક જીવનમાં તેનું શું સ્થાન છે તેનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવો તે જ ધર્મના સમાજશાસ્ત્રનું વાસ્તવિક કાર્ય છે. ધર્મનું સમાજશાસ્ત્ર ધર્મ પ્રત્યેનાં અંધવિશ્વાસયુકત દૃષ્ટિકોણને વૈજ્ઞાનિક આધાર પર પ્રતિષ્ઠિત કરવાનો પ્રયાસ કરે છે. જેનાથી ધર્મ વિશે કંઈક વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થઈ શકે અને તે જ્ઞાનનો ઉપયોગ સમાજના લોકો પોતાના સામાજિક ઉદ્દેશ્યની પૂર્તિ માટે કે સમસ્યાઓનો હલ કરવા માટે કરી શકે.

ધર્મનું સમાજશાસ્ત્ર સમાજના સભ્યોના જીવનના વિભિન્ન પાસાં તથા સંસ્થાઓ વચ્ચે ધર્મના સ્થાન તથા કાર્યોનો અભ્યાસ કરે છે. આ પરિભાષા પરથી એ સ્પષ્ટ થાય છે કે ધર્મનું સમાજશાસ્ત્ર ધર્મ સાથે સંકળાયેલી અલૌકિક શકિત સાથે પોતાને જોડતુ નથી કારણ કે વૈજ્ઞાનિક આધાર પર આ શકિતનું વિવેચન થઈ શકતું નથી. આ અલૌકિક શકિત વિજ્ઞાનના પરિઘમાં આવતી નથી કે જે વિજ્ઞાનની જ એક શાખા છે, માટે અલૌકિક શકિતના સંદર્ભમાં અધ્યયન નથી પરંતુ એનું તાત્પર્ય એ નથી કે ધર્મ સાથે સંકળાયેલી આ અલૌકિક શકિત સંબંધિત વિશ્વાસોના અસ્તિત્વને ધર્મનું સમાજશાસ્ત્ર સ્વીકારે છે. સ્વયં અલૌકિક શકિત અદૃશ્ય અને કાલ્પનિક છે માટે ધર્મનું સમાજશાસ્ત્ર તેનો ત્યાગ કરે છે પરંતુ તેની સાથે સંબંધિત વિશ્વાસ વાસ્તવિક છે. કારણ કે તેની અભિવ્યકિત તે ધર્મ વિશેષને માનવાવાળાઓના આચરણોમાં અભિવ્યકત થાય છે માટે તેનું નિરીક્ષણ-પરિક્ષણ શકય છે. આમ, ધર્મનું સમાજશાસ્ત્ર આ વિશ્વાસોના અસ્તિત્વને ન તો સ્વીકારે છે અને ન તો તેનો પોતાના અધ્યયનક્ષેત્રમાંથી બહાર રાખે છે.

ધર્મનું સમાજશાસ્ત્ર ઈશ્વરના અસ્તિત્વને પુરવાર કરી શકતું નથી અથવા નકારી શકતું નથી. વળી સમાજશાસ્ત્ર સામાજિક-ધાર્મિક સુધારણાઓનો અભ્યાસ પણ નથી. ધર્મના સમાજશાસ્ત્રના સંદર્ભમાં નીચેના બે મુદ્દાઓ મહત્વનાં છે :

૧. ભગવાન છે કે નહીં એ પ્રશ્ન ધર્મનું સમાજશાસ્ત્ર ઉઠાવતું નથી. આના કરતા તે કેટલાક ચોકકસ પ્રકારના પ્રશ્નો તરફ પોતાનું ધ્યાન કેન્દ્રીત કરે છે. શું લોકો ભગવાન છે એમ માને છે ? શા માટે તેઓ આમ માને છે ? આ માન્યતા ઉપર તેઓ કેવી રીતે પહોચ્યાં ? તેઓ પોતાના ભગવાનને કઈ રીતે વર્ણવે છે ? તેમની સામાજિક પરિસ્થિતિ કેવી છે ? વગેરે પ્રશ્નોના ઉતર મેળવવાનો પ્રયાસ સમાજશાસ્ત્રી કરે છે.

૨. ધર્મની ફિલસૂફી ઉપરની બાબતથી તદન જુદી વસ્તુ છે. ફિલસુફીમાં ઘણી ઉપશાખાઓ હોય છે જેમકે, આધિભૌતિક, જ્ઞાનમીમાંસા અને નૈતિકતા વગેરે. તેમાં નિષ્ણાત ફિલસૂફે ભગવાન છે કે નહીં તે પ્રશ્ન અંગે વિશિષ્ટ દલીલો કરવાની હોય છે. તે રીતે આ શાખાના નિષ્ણાંતોએ જ્ઞાનમીમાંસા કે ભગવાનને જાણવાની વિવિધ રીતોનો અભ્યાસ કરવાનો છે. ધર્મના ફિલસૂફ ધર્મ અને નૈતિકતા વચ્ચેના સંબંધો પણ સ્પષ્ટ કરે છે.

ધર્મનું સમાજશાસ્ત્ર ધર્મને એક સ્વાભાવિક સામાજિક ઘટનાના રૂપમાં જુએ છે. પ્રત્યેક સ્વભાવિક સામાજિક ઘટનાના બે પાસાં હોય છે-કાર્ય અને કારણ. ધર્મનું સમાજશાસ્ત્ર આ બંને પાસાંનો અભ્યાસ કરે છે. તે ધર્મની ઉત્પતિ અને સાતત્ય માટે જવાબદાર કારણોનું વિશ્લેષણ કરે છે. સાથે સાથે સામાજિક વ્યવસ્થાની અંતર્ગત ધર્મને ટકાવી રાખનારા પરિબળોનું વિવેચન પણ ધર્મનું સમાજશાસ્ત્ર કરે છે. આ પરિબળો અને કાર્યોનું વિવેચન બે દૃષ્ટિકોણથી કરી શકાય :

૧. વ્યકિત સાથે સંબંધિત પરિણામ

૨. વૈયક્તિક જીવન પર ધર્મનો શું પ્રભાવ પડે છે તેનું વિવેચન ધર્મનું સમાજશાસ્ત્ર કરે છે.

The Scientific study of Religion માં મિલ્ટન યિંગર વોલેસે આપેલી ધાર્મિક વર્તનના જુદાં જુદાં ૧૩ સ્તરો દર્શાવે છે.

Wallace gives thierteen categories as the minimal list. These types of behaviour are found almost everywhere. His list is influenced by the focus of attention on anthropological materials, by the inclusion of magic within his definition, and by the restriction to supernatural systems. With some modification, nevertheless, it serves as a valuable outline of types of religious behaviour.

1. Addressing the supernatural (Prayer, exorcism)
2. Music (dancing, sining, chanting, playing instruments)
3. Physiological exercise (Physical manipulation of psychological states through drugs, deprivation, and modification)
4. Exhortation (addressing others as representative of divinity)
5. Reciting the code (use of the sacred written and oral literature, which contains statements regarding the pantheon, cosmology, myths, and moral injuctions)
6. Simulation (Imitating things for purposes of control)
7. Mana (touching things possessed the sacred power, laying on of hands)
8. Taboo (avoiding things to prevent the activition of unwanted power or undesired events)
9. Feats (Sacred meals)
10. Sacrifices (immolation, offerings, fees)
11. Congregation (Procession meetings, convocations)
12. Inspiration (pursuit of revelation, conversion, possession, mystical ecstacy)
13. Symbolism (manfacture and use of symbolic objects)

## ૨.૨ ધર્મની વ્યાખ્યાઓ :

વાસ્તવિક રીતે તો ધર્મ સત્યની અનુભૂતિ છે. દરેક ધર્મ પોતપોતાની રીતે સત્યને શોધવાનો પ્રયત્ન કરે છે. દરેકનો સત્યને હ્રદયથી અનુભવવાનો પ્રયાસ છે તથા એ અનૂભૂતિના પ્રકાશમાં વ્યવહારને શોધવાનો પ્રયાસ છે. જુદાં જુદાં વિદ્વાનોએ 'એક સત્ય' નો જુદાં જુદાં રૂપમાં અનુભવ કર્યો, જેના આધારે ધર્મની અનેક પરિભાષાઓનું ઘડતર થયું.

ધર્મની સંતોષકારક પરિભાષા માટે નીચેની કેટલીક બાબતો અનિવાર્ય છે :

૧. ધર્મની પરિભાષા એવી હોવી જોઈએ કે જે બધા ધર્મોની સામાન્ય અને આવશ્યક બાબતોનો સમાવેશ કરતી હોય અને આ રીતે તે વિશ્વના બધા જ ધર્મોને લાગુ પડતી હોય.

૨. ધર્મની પરિભાષાને સંકીર્ણતાથી બચાવવા માટે તેનું વિકાસાત્મક પાસું હંમેશા જરૂરી છે. ધર્મ એક ગત્યાત્મક ખ્યાલ છે. ગતિશીલ ધર્મમાં પરિવર્તન અને પરિવર્ધન સ્વાભાવિક છે. જો કે ધર્મની કોઈ અંતિમ પરિભાષા સંભવિત નથી. પરિભાષા એવી હોવી જોઈએ કે જે ધર્મની વિકાસશીલ પ્રવૃતિ તરફ સ્પષ્ટ નિર્દેશ કરતી હોય.

૩. ધર્મની સમૃધ્ધ પરિભાષા માટે એ જરૂરી છે કે તેમાં જ્ઞાન, ભાવ અને ક્રિયાને સમાન સ્થાન મળે. જ્ઞાન, ભાવ અને ક્રિયાનું સમકાલીન રૂપ જ ધર્મની પરિભાષાનું નિર્માણ કરે છે.

૪. ધર્મની પરિભાષામાં સમાજમાં જોવા મળતી આદર્શપૂર્ણ સતા તરફ સ્પષ્ટ સંકેત હોવો જોઈએ. પછી ભલે તે સત્તા ઈશ્વરની હોય કે આદર્શરૂપે ઈશ્વરોતર સત્તા હોય.

૫. ધર્મનું વિષયવસ્તુ સમગ્ર વિશ્વ હોવું જોઈએ. ધર્મની પરિભાષામાં અન્ય પ્રાકૃતિક જીવોને પણ ઉચિત સ્થાન મળવું જોઈએ.

૬. ધર્મ ન તો મનોવૈજ્ઞાનિક અભિવૃતિ છે અને ન તો સમાજવૈજ્ઞાનિક અભિવૃતિ. એટલે કે કોઈ વિશિષ્ટ અભિવૃતિની મદદથી ધર્મને પરિભાષિત કરવો ઉચિત નથી.

વિલિયમ પી. સ્કોટ ડિક્ષનરી ઓફ સોશિયોલોજીમાં ધર્મને સમજાવતા લખે છે : 'A System of beliefs, practices and philosophical values concerned with the definition of the sacred, the comprehension of life and salavation from the problems of human existence. Religion is essentially an institutionalized of traditional path to salvation. All man in all societies ultimately must face certain of life's problems essentially alone, despit all efforts of others to help. Religious tradition are the result of man's attempto capture and enshirne his philosophical and spiritual insights so that they are available to the individual as he faces life and its stresses, confusions complexities. Religion is a social phenomenon (as well as psychological one) because it necessarily stresses fellowship in the development, teaching and perpetuation of religious insight and knowledge. It is concerned with the common plight of all people at all times, regardless of age, sex or status within society. The concept of the Supernatural or a path of salvation may work to bind man to the dictates of limited contemporary social values and social groups, or it may serve to provide the wisdom and techniques by which may free himself from contemporary groups and values-it may give him periodic freedom to achieve values that transcend the demands of the social present. Thus religion is both intensely personal and intensely social'

પ્રો. મિલ્ટન યિંગર 'The Scientific study of Religion' માં ધર્મની પરિભાષા વિશે વાત કરતા લખે છેઃ ...three kinds of definition will suffice. One type expresses

valuation, such definitions describe what religion "really" or "basically" is in terms of what, in a given writer's judgment, it ought to be. Clerarly such definitions are inappropriate for the tasks of science. Other definitions are discriptive or Substantive. They designate certain kinds of beliefs and practices as religion but do not evaluate them, on the one hand; nor, on the other hand, do they indicate their function or seek to discover whether other beliefs and practices perform similar functions. Thus in Edward B. Tylor's words, religion is "belief in Spiritual Beings." This kind of definition has the advantege of being clear-cut and reasonably easy to apply. One can proceed from it to a classifications of the kinds of Spiritual Beings and the kinds of practices and organizations that are found in various societies. Such a definition naturally draws attention to the differences among religions as distinct historical entities. The emphasis is placed primarily on religions as cultural systems. Their doctrines, rites, sacred texts, typical group structures, and the like, are described, contrasted, and compared. This is what religion is, such definitions say, and these particular patterns indicate what Buddhism, Judaism, and the religion of the Arunta are.

Substantive definitions can be of great value, particularly for those who are concerned with religions as historical and cultural facts rather than with religion as a panhuman phenomenon. They are of greater value in the study of stable sccieties, where distinctive and coherent religious systems are likely to develop, than they are in the study of changing societies; for in the latter, religion itself is also in the process of changing, which continually complicates any attempt to define what it is, but

equally sugests new efforts to study what it does.

જેમ્સ ફ્રેઝર જાણાવે છે કે 'By Religion...I understand a propititation or concilliation of powers superior to man which are believed to direct and control the course of nature and of human life.' અર્થાત ધર્મ એટલે પ્રકૃતિ અને માનવજીવનનું નિયમન અને નિયંત્રાણ કરતી માનવીથી વધુ શકિતશાળી અલૌકિક શકિતઓ અસ્તિત્વ ધરાવે છે. એવી માનવીની માન્યતાના આધારે તેની થતી પૂજા-આરાધના.

ટાયલર 'Primitive Culture' માં જાણાવે છે કે 'Religion is the belief in spiritual Beings.' આધ્યાત્મિક સત્તા લૌકિક જગતથી પરની સત્તા છે. લૌકિક સત્તા અપૂર્ણ છે. મનુષ્ય સંપૂર્ણત્વની પ્રાપ્તિ કરીને ભય અને મર્યાદાથી મુકત થવાની ઈચ્છા રાખે છે. માટે તે આધ્યાત્મિક સત્તાનું શરણ સ્વીકારે છે. પરંતુ ટાયલરની આ પરિભાષા ધર્મના જ્ઞાનાત્મક પાસાંને જ દર્શાવે છે માટે તે એકપક્ષીય છે. ધર્મ માત્ર જ્ઞાન અથવા તર્કનો જ વિષય નથી પરંતુ તે શ્રદ્ધાનો પણ વિષય છે.

મેલિનોવસ્કી જાણાવે છે : 'Religion is a mode of action as well as system of belief, and a sociological phenomenon as well as personal experience.' મેલિનોવસ્કીએ ધર્મમાં સમાજશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક એમ બંને પાસાંનો ઉપયોગ કરીને લખ્યુ છે કે, 'ધર્મ ક્રિયાની એક વિધિ છે અને સાથે સાથે વિશ્વાસોની પણ એક વ્યવસ્થા છે. ધર્મ એક સમાજશાસ્ત્રીય ઘટનાની સાથે સાથે એક વ્યકિતગત અનુભવ પણ છે.'

કયૂબર જાણાવે છે કે 'ધર્મ સાંસ્કૃતિક જીવન સાથે સંબંધિત વ્યવહારનું એ પ્રતિમાન છે. જેનું નિર્માણ પવિત્ર વિશ્વાસો અને વિશ્વાસો સાથે સંબંધિત ઉદ્વેગપૂર્ણ વિચારો તથા એને વ્યકત કરવાવાળા બાહ્ય આચરણો સાથે છે.'

હોબલના મતે 'ધર્મ અલૌકિક શકિત વિશ્વાસ પર આધારીત છે. જેમાં આત્માવાદ અને માનાવાદ બંને ભળેલા છે.'

હેગલના મતે 'ધર્મ પૂર્ણ મસ્તિષ્કના રૂપમાં અપૂર્ણ મસ્તિષ્કનું જ્ઞાન છે.' અથવા અપૂર્ણ બુદ્ધિ દ્વારા પોતાના સ્વરૂપનું પૂર્ણ બુદ્ધિના રૂપમાં જ્ઞાન જ ધર્મ છે. બુદ્ધિ સ્વાભાવિક રીતે સિમિત છે. પરંતુ તે અસીમને જાણવા માટે હંમેશા પ્રયત્નશીલ હોય છે. ધર્મ આ પ્રયાસનું જ ફળ છે. હેગલની આ પરિભાષા સંતોષકારક નથી કારણ કે સિમિત બુદ્ધિથી અસીમ વિશેનું જ્ઞાન મેળવી શકાય નહીં. વળી આ પરિભાષામાં માત્ર જ્ઞાન પર જ ભાર મુકવામાં આવ્યો છે. તે ધર્મના ક્રિયાત્મક પાસાંને સમજાવી શકતી નથી.

દુર્ખિમ ધર્મને પવિત્ર વસ્તુઓ સાથે સંકળાયેલી શ્રદ્ધાઓ અને વિધિઓના પરસ્પર સંબંધિત સંકુલ તરીકે પરિભાષિત કરે છે.

જહોન્સન ધર્મની વ્યાખ્યા આપતા નોંધે છે કે, 'ધર્મ શ્રદ્ધાઓ અને ક્રિયાઓની એવી વ્યવસ્થા છે જેનો સંબંધ પ્રાણીઓ, શકિતઓ, સ્થાનો અને અન્ય વસ્તુઓની અલૌકિક વ્યવસ્થા સાથે રહેલો છે.'

મેન્જીસ ગિડિંગ્સ ધર્મનો અર્થ સમજાવતા લખે છે કે 'આવશ્યકતાની પૂર્તિ માટે અનંત ઉત્કૃષ્ટ શકિતની પૂજા જ ધર્મ છે.'

પી. હોંઈગશેમના મતે, 'The term Religion will be used to denote every attitude based on, and connected with, the conviction that supernatural forces exist and that relations with them are possible and significant.'

મજુમદાર અને મદન જણાવે છે કે, 'Religion is the human response to the apprehension of something or power which is supernatural and suprasensory.'

શ્રી આર. એન. મુખર્જી જણાવે છે : 'Religion is the belief in one or the other superhuman, or supernatural, or supersocial power which (the belief) has for its basis the fear, the reverence, the devotion and the idea of sacredness and which is expressed through preayer worship of submission.'

મેક્સ મૂલર 'Lectures on the origin and growth of Religion' માં જાણાવે છે કે 'ધર્મ અસીમનું સાક્ષાત જ્ઞાન છે.' મેક્સ મૂલર પણ ધર્મને જ્ઞાનના પરિઘની બહાર લાવી શકયા નથી.

જર્મન દાર્શનિક ઈમેન્યુઅલ કાન્ટ 'The Philosphy of Religion' માં જાણાવે છે કે 'ધર્મ દૈવી અથવા ઈશ્વરીય આદેશના રૂપમાં બધા જ કર્તવ્યો અંગેની માન્યતા છે.' કાન્ટનો મત એવો છે કે કર્તવ્ય ઈશ્વરીય આદેશના રૂપમાં વ્યકિતને મળે છે. કર્તવ્યોનું સમ્યકરૂપે પાલન અને સંપાદન જ સાચી ઈશ્વર પૂજા છે. કાન્ટની આ પરિભાષા ધર્મના ક્રિયાત્મક પાસાં સુધી જ મર્યાદિત છે. જ્ઞાનના અભાવમાં ધાર્મિક ક્રિયા પાખંડ છે, આડંબર છે. ભાવનાના અભાવમાં કરવામાં આવેલી ધાર્મિક ક્રિયા શુષ્ક છે, યંત્રવત છે.

મેથ્યુ આર્નોલ્ડ 'ધર્મને ભાવનાયુકત નૈતિકતા' તરીકે ઓળખાવે છે. આ પરિભાષા પણ અપૂર્ણ હોય એવું લાગે છે. ધર્મ માટે નૈતિક હોવું જરૂરી નથી. પ્રારંભિક ધર્મનું સ્વરૂપ નૈતિક નહોતું. ધર્મને નૈતિકતા સાથે બાંધી દેવાથી ધર્મનું ક્ષેત્ર ખૂબ જ મર્યાદિત થઈ જશે.

## ૨.૩ ધર્મના સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ અને વિકાસ :

ધર્મના પ્રારંભિક સમાજશાસ્ત્રીય અભ્યાસોની ત્રણ જુદી જુદી શાસ્ત્રીય પદ્ધતિઓ હતી.

૧. વિકાસવાદી ૨. પ્રત્યક્ષવાદી ૩. મનોવિજ્ઞાનવાદી

આ ત્રણેય પદ્ધતિઓનું ઉદાહરણ કોમ્ટ, ટાયલર તથા સ્પેન્સરે રજૂ કરેલા વિચારો દ્વારા દર્શાવી શકાય. કોમ્ટના સમાજશાસ્ત્રના મૂળભૂત વિચારોમાંનો એક વિચાર એટલે-ત્રણ સ્તરનો નિયમ. કોમ્ટના આ નિયમ મુજબ માનવ વિચાર ઐતિહાસિક તથા આવશ્યક રીતે ધાર્મિક તબકકામાંથી આધિભૌતિક તબકકામાં અને અંતમાં પ્રત્યક્ષવાદી તબકકામાંથી પસાર થાય છે. કોમ્ટ ધર્મશાસ્ત્રીય વિચારને બૌદ્ધિક અશુદ્ધિ માનતા હતા અને આ અશુદ્ધિ આધુનિક વિજ્ઞાનના વિકાસને લીધે દૂર થશે એવો તેમને દઢ વિશ્વાસ હતો. ધાર્મિક તબકકામાં માનવી

જડત્વવાદથી લઈને એકેશ્વરવાદ સુધી વિકાસને શોધે છે તથા તે ધાર્મિક વિશ્વાસની વ્યાખ્યા પ્રારંભિક માનવીના પ્રત્યક્ષીકરણોના સંદર્ભમાં અને વિચાર પ્રક્રિયાના પ્રસંગોમાં મનોવૈજ્ઞાનિક પદોમાં કરે છે. એ સાચુ છે કે કોમ્ટે સ્વયં પોતાના માનવતા ધર્મની ઘોષણા કરી અને કેટલેક અંશે ધર્મની સાર્વભૌમિક આવશ્યકતાઓ સ્વીકાર કર્યો છે. પરંતુ પોતે પહેલા રજૂ કરેલા વિચારો અને ત્યારબાદ રજૂ કરેલા વિચારો વચ્ચે એકતા સ્થાપિત કરવામાં તે અસફળ રહ્યો છે.

ટાયલર અને સ્પેન્સરનું કાર્ય કોમ્ટ કરતા વધારે કઠિન છે. તથા તેમાં બધી જ વિશેષતાઓ સ્પષ્ટપણે જોવા મળે છે જેનો આપણે અહીં ઉલ્લેખ કર્યો છે. ટાયલર તથા સ્પેન્સરના મતે આત્મા સંબંધી વિચાર ધર્મનું કેન્દ્રબિંદુ છે. આત્માવાદ સિદ્ધાંતના પુરસ્કર્તા તરીકે માનવશાસ્ત્રી ઈ.બી. ટાયલરનું નામ જાણીતું છે. ઈ.સ. ૧૮૭૧માં પ્રકાશિત થયેલા પોતાના પુસ્તક Primitive Culture માં તેમણે સૌપ્રથમ આ વિચારની રજૂઆત કરી. તેઓની દૃષ્ટિએ આદિમ માનવીથી માંડીને સભ્ય મનુષ્યો સુધીની 'ધર્મની ફિલસૂફી'નો તે આધાર છે. આ આત્માવાદ બે મુખ્ય વિશ્વાસોમાં વિભાજીત છે, એક વિશ્વાસ તો એ કે માનવીના આત્માનું અસ્તિત્વ મૃત્યુ અથવા શરીરના નષ્ટ થઈ ગયા પછી પણ ટકી રહે છે, તેમજ બીજો વિશ્વાસ એ છે કે મનુષ્યોના આત્માઓ સિવાય પણ શકિતશાળી દેવતાઓના અન્ય આત્માઓ પણ હોય છે.

ટાયલરની માન્યતા પ્રમાણે પ્રેતાત્માઓથી માંડીને શકિતશાળી દેવતાઓની શ્રેણીઓ સુધીના આત્માઓ હોય છે. આ પારલૌકિક આત્માઓ ફકત અમર જ હોતા નથી, પરંતુ ભૌતિક જગતની સર્વ ઘટનાઓને તેમજ મનુષ્યોના જીવનની દિશાને નિયંત્રિત કરે છે. તેથી જ તો આવા આત્માઓથી લોકો ડરે છે, અને તેઓમાં શ્રદ્ધા ભકિત કેળવે છે, જેના દ્વારા ધર્મની ઉત્પતિ સંભવી છે.

આમ, ધર્મની ઉત્પતિમાં આત્માઓ પરનો વિશ્વાસ એ ટાયલરની ફિલસૂફીનો મુખ્ય

આધાર છે. આદિમજાતિઓમાં આત્માઓ પરનો આ વિશ્વાસ કયાંથી ઉદ્‌ભવ્યો એ પ્રશ્ન મહત્વપૂર્ણ છે. ટાયલર દર્શાવે છે કે આદિમજાતિઓના લોકોમાં આત્માઓ પરનો વિશ્વાસ બે પ્રકારના અનુભવોમાંથી થયો. એ બે અનુભવો એટલે મૃત્યુ અને સ્વપ્ન.

એક જીવિત અને એક મૃત વ્યકિત વચ્ચેનો ભેદ જોઈને આદિમ મનુષ્યે વિચાર્યુ કે જીવિત વ્યકિતના શરીરમાં કોઈને કોઈ એવી શકિત સમાયેલી હોય છે કે જે શરીરમાંથી નીકળી જતા શરીર ક્રિયાવિહિન બની જાય છે. આ શકિત શું છે એનો પરિચય મનુષ્યને એની સ્વપ્નાવસ્થાના અનુભવો, તેમજ પડછાયો, પડઘો વગેરે જેવા સ્વાનુભાવો દ્વારા થયો.

આદિમજાતિના લોકો બે પ્રકારના આત્માઓમાં માને છે એવું ટાયલરનું મંતવ્ય છે. (૧) સ્વતંત્ર આત્મા અને (૨) શરીર-આત્મા. આ બંને પ્રકારના આત્માનું અસ્તિત્વ હોય છે. દા.ત. સ્વપ્નાવસ્થામાં આપણે દૂર દૂર સુધી ફરી આવીએ છીએ, તે 'સ્વતંત્ર આત્મા' છે કે જે શરીરમાંથી નીકળીને પરિભ્રમણ કરી પાછો આવે છે. જ્યારે વ્યકિત મૃત્યુ પામે છે ત્યારે એનો 'શરીર આત્મા', એનું શરીર ત્યજીને ચાલ્યો જાય છે, જે ફરીથી શરીરમાં પ્રવેશતો નથી, અને વ્યકિત તેથી જ તો મૃત્યુ પામે છે.

ટાયલરના મત મુજબ આદિમજાતિનો માનવ એવી માન્યતા ધરાવે છે કે આ આત્માઓ મનુષ્યના નિયંત્રણની બહાર હોય છે. સાથે સાથે તેઓ માને છે કે આ આત્માઓ મનુષ્યોની સાથે સીધો સંબંધ રાખે છે, તેમજ મનુષ્યોનાં સારાં ને ખોટાં કાર્યો દ્વારા, એ આત્માઓ સુખ અને દુઃખ અનુભવે છે. આ આત્માઓને પ્રસન્ન રાખવાથી મનુષ્યને લાભ થાય છે અને તેઓનો અપ્રસન્ન રાખવાથી નુકશાન પહોંચે છે. તેથી જ તો આ આત્માઓની આરાધના કરી તેઓને પ્રસન્ન રાખવામાં આવે છે. ટાયલરના આ આત્માવાદમાં હર્બર્ટ સ્પેન્સર સવિશેષ શ્રદ્ધા ધરાવતા હતા.

ટાયલરના આ આત્માવાદના ઉપરોકત સિદ્ધાંત સાથે દુર્ખિમ સહમત થતા નથી. ટાયલરે રજૂ કરેલા આ ખ્યાલની કેટલીક મર્યાદાઓ તરફ દુર્ખિમ આપણું ધ્યાન ખેંચે છે.

દુર્ખિમ જણાવે છે કે આ સિદ્ધાંતમાં ટાયલરે આદિમ માનવીને વધુ પડતો તર્કયુકત અને દાર્શનિક માની લીધો છે જે ખોટું છે. ટાયલર જેવી કલ્પના કરે છે તેટલી સરળતાથી અને ક્રમબદ્ધ રીતે આત્માના ખ્યાલને વિકસાવવો આદિમ માનવી માટે સંભવિત નહોતું. બીજું એ કે ધર્મ એ કોઈ સરળ ઘટના નથી કે તેની ઉત્પતિને પડછાયો, સ્વપ્ન, પડઘો, મૃત્યુ વગેરે જેવા સિમિત તથા વૈયકિતક અનુભવોના આધારે દર્શાવી શકાય. વળી, ટાયલરે 'ધર્મને એક સામાજિક ઘટના' ના રૂપમાં કદી સ્વીકાર્યો જ નથી. પરંતુ વાસ્તવમાં તો ધર્મના ઉદ્ભવ માટે સામાજિક પરિબળોને જરૂર જવાબદાર ગણાવી શકાય.

હર્બર્ટ સ્પેન્સર (૧૮૨૦-૧૯૦૩) એક અંગ્રેજ વિદ્વાન હતા. જેમની દલીલ હતી કે મૃત પિતૃઓના આત્માઓ અથવા પ્રેતોની પુજામાંથી ધર્મનો ઉદય થયો હતો. આ પ્રકારની પૂજા વિશ્વભરમાં સામાન્ય હતી, ખાસ તો આદિમ જાતિઓમા. આ પછીનો તબકકો અનેકદેવવાદનો આવ્યો અને છેવટે એકેશ્વરવાદ આવ્યો. ૧૮૫૯માં વિશ્વવિખ્યાત ગ્રંથ 'Origin of Species' જે ચાર્લ્સ ડાર્વિનને લખ્યો હતો તેનું પ્રકાશન થયું. તે ગ્રંથે જીવવિજ્ઞાનમાં મોટી ક્રાંતિ આણી. પરંતુ તેની પહેલાં, સ્પેન્સરે ૧૮૫૭માં Progress: Its law and Cause' નામના લેખમાં એવો દાવો કર્યો કે જેમ જેમ વિજ્ઞાન પ્રગતિ કરશે અને કરાર આધારીત સમાજ બંધાતો જશે, તેમ તેમ પ્રભુકેન્દ્રી ધર્મ પીછેહઠ કરતો જશે. પરિણામે નિરીશ્વરવાદ જ વૈજ્ઞાનિક યુગનો ધર્મ થઈ જશે.

પોતાના પુસ્તક 'The Principle of Sociology' માં સ્પેન્સર પ્રાચીન આદિમ માન્યતાઓની ચર્ચા કરે છે. તેઓ દર્શાવે છે કે આદિમ લોકો પાસે જ્ઞાનની માત્રા ઓછી હતી છતાં તેઓ તાર્કિક પદ્ધતિ ધરાવતા હતા. પ્રાકૃતિક પરિબળો અને ઘટનાઓ અંગે તેઓના અનુમાનો તાર્કિક હતા. જો કે અણઘડ હતા. સૂર્ય, ચંદ્ર, વાદળાં, તારા વગેરે આકાશમાં આવતાં-જતાં જોઈને આદિમ માનવીને દશ્ય અને અદશ્ય પરિસ્થિતિના ખ્યાલો આવે છે. તે જ રીતે વ્યકિતમાના બે વિભાગોનો પરિચય પણ તેને આવતાં સ્વપ્નો પરથી

થાય છે, જે સ્વપ્નાં દુન્યવી જીવનની વાસ્તવિકતાનાં જ પ્રતીકો છે. તેમને લાગે છે કે સ્વપ્નમાંની તેમની જાત રાત્રે જીવે છે અને તેના પડછાયા જેવી જાત દિવસે જીવે છે. આ દ્વૈત ભાવનાનો વિચાર વધુ દૃઢ ત્યારે બને છે જ્યારે તેને મૂર્છા અને બેભાનપણાના અનુભવો થાય છે. મૃત્યુને પણ આદિમ લોકો લાંબી મૂર્છાનો સમય ગણે છે. સ્પેન્સરના કહેવા મુજબ મૃત વ્યકિતના સ્વપ્નમાં દેખાય તે ઘટનાને આદિમ લોકો મૃત્યુ પછીના અસ્થાયી જીવન તરીકે જૂએ છે. આ વિચારને આગળ ધપાવતાં એક નિસર્ગાતીત તત્વ અથવા તત્વને પ્રેતના રૂપમાં વિચારવાનું શકય બને છે. સ્પેન્સર કહે છે કે પ્રેતનો વિચાર પછી દેવોના વિચારમાં ફેરવાય છે અને મૃત પિતૃઓના પ્રેતો પણ પછી દૈવી સત્વો બની જાય છે. સ્પેન્સરનું તારણ એ છેકે 'પિતૃપૂજા એ દરેક ધર્મનું મૂળ છે.'

સંસ્કૃત અને ભાષાશાસ્ત્રના પ્રસિધ્ધ વિદ્વાન મેકસમુલરે પોતાના 'Lectures on the Origins and Growth of Religion' નામના પુસ્તકમાં પ્રકૃતિવાદની ચર્ચા કરી છે. મેકસમૂલર પ્રકૃતિને સર્વોચ્ચ શકિત ગણી, એના તરફ અહોભાવમાંથી ધર્મનો ઉદ્‌ભવ થયો, એમ દર્શાવિ છે. પ્રકૃતિનાં વિભિન્ન રૂપ જોઈને આદિમાનવના મનમાં શ્રધ્ધા, ભય અને આશ્ચર્ય ઉદ્‌ભવ્યાં. પ્રકૃતિના વિભિન્ન પદાર્થો સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, તેમજ વનસ્પતિ-એ સર્વે તરફના આશ્ચર્યયુકત અહોભાવમાંથી ધર્મનો ઉદ્‌ભવ થયો, એવું વિભિન્ન સંસ્કૃતિઓના અભ્યાસ પરથી જાણાયું.

મેક્સમૂલરના આ સિધ્ધાંતની આલોચના દુર્ખિમ કરે છે. સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, ભૂકંપ વગેરે નિહાળીને આદિમ માનવીના મનમાં ભય અને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. તથા આ માનસિક ભાવનાઓને કારણે તે જેમ કોઈ પરિચિત વસ્તુથી ડરતો હોય તેમ પ્રકૃતિથી ડરવા લાગ્યો અને તેથી તેના પ્રત્યે તેના હૃદયમાં શ્રધ્ધા, ભકિત વગેરેનો ઉદ્‌ભવ થયો અને આ બધાના ફળસ્વરૂપે ધર્મનો ઉદ્‌ભવ થયો હશે. મેકસમૂલરનો આ વિચાર ખોટો છે એવું દુર્ખિમનું માનવું છે. દુર્ખિમના મતે પ્રકૃતિની પુજામાંથી ધર્મનો ઉદ્‌ભવ થયો હશે, એમ કહેવું એ ધર્મના ઉદ્‌ભવ માટેનું સંકુચિત વિશ્લેષણ છે. મેકસમૂલરે આ સિધ્ધાંતમાં ધર્મને માત્ર

એક ગૌણ બાબત ગણી છે અને પ્રકૃતિને લગતા પાસાં પર જરૂર કરતા વધુ ભાર મૂક્યો છે. દુર્ખિમ જણાવે છે કે મેકસમૂલર એ સત્યને ભૂલી જાય છે કે ધર્મ એક સામાજિક સંસ્થા, તથ્ય અથવા ઘટના છે અને સામાજિક ઘટના અથવા સંસ્થાના ઉદ્ભવમાં કોઈ સામાજિક પરિબળ સંકળાયેલું ન હોય એ અશકય છે. આમ, ધર્મના સામાજિક આધારની અવગણના મેકસમૂલરના સિદ્ધાંતની એક મોટી નબળી કડી છે. વાસ્તવમાં આત્મા, ભૂત-પ્રેત, સ્વપ્ન, પડછાયો, પ્રકૃતિ વગેરેના આધારે ધર્મની વ્યાખ્યા અપૂર્ણ છે. કારણ કે આદિવાસીઓ માટે પ્રાકૃતિક અને અલૌકિક ઘટનાઓ વચ્ચે ભેદ કરવાનું સંભવિત નથી. વળી, તેમને પ્રાકૃતિક ઘટનાઓ વિશે જ્ઞાન પણ ન હોય અને ન તો તેઓ અલૌકિક ઘટનાઓને બરાબર રીતે સમજી શકતા હોય. દુર્ખિમના મતે પ્રત્યેક ધર્મનો કોઈ ‘વાસ્તવિક આધાર’ હોય છે અને દુર્ખિમના મતે તે ‘સમાજ’ છે.

આ ઉપરાંત કેટલાંક માનવશાસ્ત્રીઓ દ્વારા જીવસત્તાવાદનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે. આર.આર. મૈરેટ (૧૮૬૬-૧૯૪૩) ટાયલરના જ શિષ્ય હતા. તેમાં ૧૮૯૯માં આર.આર. મૈરેટ (૧૮૬૬-૧૯૪૩) દ્વારા પોતે રજૂ કરેલા વિચારોને ઈ.સ. ૧૯૧૪માં 'The Threeshold of Religion' નામના પોતાના જ પુસ્તકમાં વિસ્તૃત રીતે રજૂ કરવામાં આવ્યો. મૈરેટે આદિમ માનવમાં સમાયેલી આશ્ચર્યની વૃત્તિને ધ્યાનમાં લઈને પ્રાકૃતિક તત્વો અને એ જ પ્રાકૃતિક તત્વોની અકળ વર્તણુંકમાંના આશ્ચર્યમાંથી કોઈક ‘અતિમાનવીય શકિત’ અથવા ‘આધ્યાત્મિક શકિત’માની શ્રદ્ધા જાગૃત થઈ અને તેમાંથી ધર્મ ઉદ્ભવ્યો એમ દર્શાવ્યું છે. મૈરેટે ‘માના’ ઉપર ‘એનસાઈકલોપીડીયા ઓફ રિલિજન એન્ડ એથિકસ’ માં એક લેખ લખ્યો. તેમાં તેમણે એ બાબતનું દઢ પ્રતિપાદન કર્યુ કે ‘માના’ અને ‘ટેબુ’માની માન્યતાઓ જાદુ-ધર્મની વિચારધારાની વ્યાખ્યા આપી છે.

આર.એચ. કોડરિંગટને મલેશિયાની આદિમ જાતિઓના અભ્યાસ દ્વારા મૈરેટે દર્શાવિલા જીવિતસત્તાવાદની ‘અતિમાનવીય શકિત’ જેવી જ શકિતના અસ્તિત્વની રજૂઆત કરી. એ

શકિત તે 'માના' અને એ શકિત પ્રત્યેની શ્રધ્ધામાથી 'માનાવાદ' ઉદ્‌ભવ્યો. આમ આ ધારણાની દષ્ટિએ ધર્મની ઉત્પતિ 'આત્મા'ની ધારણાંથી નહીં, પરંતુ 'માના'ની ધારણામાંથી થઈ.

આર.એચ. કોડરિંગટનની દષ્ટિએ 'માના એક શકિત છે કે જે ભૌતિક અથવા શારીરિક શકિતથી પૂર્ણપાણે ભિન્ન છે, તે સારાં અને ખોટાં રૂપોમાં કાર્ય કરે છે અને તેની ઉપર આધિપત્ય અથવા નિયંત્રાણ પ્રાપ્ત કરવું તે અત્યંત લાભદાયક છે.' Mana is a force altogether distinct from physical power which act in all of ways for good and evil and which it is of greatest advantage to possess of control.

આર.એચ. કોડરિંગટનની દષ્ટિએ 'માના' એ શારીરિક શકિતથી તદન ભિન્ન અલૌકિક શકિત છે. તે સાધારણ માનવીય શકિતથી અને પ્રકૃતિની સામાન્ય પ્રક્રિયાઓથી પર હોય તેવા વસ્તુને પ્રભાવિત કરનારા કાર્યો કરે છે. કોડરિંગટન જાણાવે છે કે 'માની'ની શકિતને કોઈ શારીરિકરૂપ ન હોવાથી તેને અશરીરી કહેવામાં આવે છે અને આ શકિત કોઈમાં વિશેષ તો કોઈમાં ઓછી હોય છે છતાં તેનું અસ્તિત્વ દરેકમાં હોય છે. માનાનો પ્રભાવ સારો અને ખરાબ બન્ને પ્રકારનો હોઈ શકે છે. માનાની સૌથી મહત્વની વિશેષતા એ છે કે તે વીજળીની શકિત જેવી હોય છે કે જે વ્યકિતઓ અને ચીજોને પ્રભાવિત કરે છે, તેમજ જે એકબીજામાં આવન-જાવન કરી શકે છે. કોઈ વિશેષ સાફલ્ય કે અસફળતા માનાની હાજરીમાં કે ગેરહાજરમાંથી સંભવે છે.

મલેનેશિયાની આદિજાતિઓની એવી માન્યતા છે કે જયાં સુધી 'માના' સહાયતા ન કરે ત્યાં સુધી યુદ્ધમાં કે શિકારમાં કે જીવનનાં કોઈપણ કાર્યમાં સફળતા સાંપડતી નથી. મૈરેટે દર્શાવિ છે કે આદિમજાતિના લોકો સર્વ ચેતન અને અચેતન વસ્તુઓમાં 'માના'ની અવર્ણનીય, અવૈયકિતક, અલૌકિક દૈવી જીવિત સત્તામાં શ્રદ્ધા ધરાવે છે. આ સત્તા અથવા શકિતનું જ્ઞાન ઈન્દ્રીયો દ્વારા સંભવતું નથી. તેથી જ જીવનમાં સફળતા મેળવવા અને એ શકિતના અયોગ્ય

પ્રભાવોથી બચવા, આદિમજાતિના લોકો એ શકિતની આરાધના અને ભકિત કરે છે. ધર્મનું આ જ પ્રારંભિક રૂપ છે.

જો કે દુર્ખિમ આ વિચારોની ટીકા કરતા જણાવે છે કે માનાવાદની ઉત્પતિ કઈ રીતે થઈ એનું સ્પષ્ટીકરણ પ્રાપ્ત થતું નથી. વળી, ધર્મ એક સામાજિક તથ્ય છે, તેથી જ તો એ સામાજિક તથ્ય વ્યકિતના મસ્તિષ્કમાં નહીં પરંતુ સામાજિક પરિસ્થિતિમાં નિવાસ કરે છે. તેથી ધર્મની ઉત્પતિનું કારણ સમાજમાં ખોળવાને બદલે, વ્યકિતના મસ્તિષ્કમાં ખોળવાનો પ્રયત્ન કરવો, એ વધુ યોગ્ય છે. દુર્ખિમના મતે જગતની સર્વ વસ્તુઓ 'પવિત્ર' અને 'અપવિત્ર' એવા બે વિભાગોમાં વહેંચાઈ જાય છે. પરંતુ ધર્મને હંમેશા 'પવિત્ર' સાથે જ સંબંધ હોય છે, એ સ્પષ્ટીકરણ માનાવાદની ધારણામાં પ્રાપ્ત થતું નથી.

૧૯મી સદીના અન્ય સામાજિક સિદ્ધાંતશાસ્ત્રીઓએ પણ ધર્મના અધ્યાયનને આવી જરીતે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. માર્કસના મતે પ્રાકૃતિક ઘટનાઓના કારણે ઉદ્ભવેલી ચિંતા તથા ભયમાંથી ધર્મનો ઉદ્ભવ થયો. વળી, તે એક ભ્રમ છે જે અંતે તો એક દિવસ તૂટી જશે. પરંતુ તેમણે વિવિધ પ્રકારના સમાજોમાં વિચારધારાના રૂપમાં ધાર્મિક સિદ્ધાંતોની ભૂમિકા પર વિચાર કરવાની એક નવી દિશા પણ દર્શાવી. આ દિશા એટલે સામાજિક નિયંત્રણમાં ધર્મની ભૂમિકા.

ફ્રેઝરે પણ ધર્મનો અભ્યાસ વિકાસવાદી સિદ્ધાંત, પ્રત્યક્ષવાદી તથા બુદ્ધિવાદી દર્શનના દૃષ્ટિબિંદુથી કરવાનો પ્રયાસ કર્યો. તેણે જાદુ અને ધર્મ વચ્ચેનો ભેદ દર્શાવ્યો. જાદુમાં પ્રાકૃતિક ક્રિયાઓ ઉપર માનવીની શકિતનું પ્રભુત્વ રહેલું છે અને ધર્મમાં 'માનવીની ઉચ્ચ શકિતઓમાં વિશ્વાસ' તથા તેની આરાધના કરવી અથવા તેને પ્રસન્ન કરવાનો પ્રયત્ન સમાયેલો છે. માનવતાની બૌદ્ધિક પ્રગતિ અંગેનો તેનો ખ્યાલ એ હતો કે માનવી જાદુના યુગથી ધર્મના યુગ તરફગતિ કરી રહ્યો છે અને ત્યારે જ વિજ્ઞાનના યુગતરફ જાય છે. પરંતુ તેણે એ વાતનો સ્વીકાર કર્યો છે કે બહુધા ધર્મ અને જાદુ સભ્ય સમાજો સુધી એકબીજા સાથે જોડાયેલા હતા.

આધુનિક સમાજોમાં પણ જાદુઈ વિશ્વાસોની એક નિમ્ન કક્ષા જોવા મળે છે.

ધર્મના અધ્યયનની એક વૈકલ્પિક રીતની સર્વપ્રથમ ઈમાઈલ દુર્ખિમે પોતાના પુસ્તક ધ એલમેન્ટરી ફોર્મ ઓફ રિલિજિયસ લાઈફ-૧૯૧૨માં રજૂ કરી. જો કે દુર્ખિમ પહેલાં જ દુર્ખિમના જ અધ્યાપક પુસ્તલ ડી. કોલેજે એ સંયુકત રીતે પ્રતિપાદિત કરી હતી. દુર્ખિમે એવો તર્ક રજૂ કર્યો છે કે પવિત્ર અને અપવિત્ર વસ્તુઓ વચ્ચેનો ભેદ સાર્વત્રિક રીતે બધા જ સમાજોમાં જોવા મળે છે. પવિત્ર વસ્તુઓ સાથે સંબંધિત વિશ્વાસો અને ક્રિયાઓની સંયુકત વ્યવસ્થાને ધર્મ કહેવામાં આવે છે. પવિત્ર વસ્તુઓ એટલે એવી વસ્તુઓ કે જેને અલગ રાખવામાં આવે છે અને તેને માટેના નિષેધોનું પાલન કરવામાં આવે છે. વિશ્વાસ અને ક્રિયાઓ જયારે એક નૈતિક સમુદાયમાં સંગઠિત થાય છે ત્યારે તેને ચર્ચા કહેવામાં આવે છે. દુર્ખિમના સિદ્ધાંતમાં ધર્મના સામૂહિક પાસાં પર ભાર મૂકવામાં આવ્યો છે. ધાર્મિક ક્રિયાકાંડોનું કાર્ય સમાજની નૈતિક શ્રેષ્ઠતાને તેના વ્યકિતગત સભ્યો પર દૃઢ કરવાનું છે અને આમ કરવાથી સમાજમાં પણ એકતા મજબૂત બનશે. દુર્ખિમે પોતાના પુસ્તકના પ્રથમ ભાગમાં માનવશાસ્ત્રીઓના કાર્યોની આલોચના એ આધારો પર કરી હતી કે તેમણે ધર્મની મનોવૈજ્ઞાનિક વ્યાખ્યાઓ એટલે કે વ્યકિતગત ભાવનાઓના અર્થમાં રજૂ કરી હતી. વળી, આ માનવશાસ્ત્રીઓએ ધર્મને એક માયા અથવા ભ્રાંતિ તરીકે રજૂ કર્યો છે. જયારે દુર્ખિમના મત મુજબ માનવસમાજમાં ધર્મ જેવી સાર્વભૌમિક અને મહત્વપૂર્ણ ઘટનાને માત્ર માયા કહેવું તે તદન અયોગ્ય છે. આમ દુર્ખિમે ધર્મનો કાર્યાત્મકવાદી સિદ્ધાંત રજૂ કર્યો છે.

મેલિનોવસ્કી અને રેડક્લિફ બ્રાઉન દ્વારા માનવશાસ્ત્રને ક્ષેત્રે કાર્યાત્મક અભિગમ પ્રસ્તુત થયો છે. 'Structure and Function in Primitive Society' નામના પુસ્તકમાં રેડક્લિફ બ્રાઉને સમગ્ર રચનાતંત્ર ટકાવી રાખવામાં સાંસ્કૃતિક તત્વોના અસ્તિત્વની અને મહત્વની ચર્ચા કરી. ધર્મને સંસ્કૃતિના એક ભાગ તરીકે દર્શાવી, સમગ્ર રચનાતંત્રમાં એના કાર્યોની મહત્તા વર્ણવી. જયારે મેલિનોવસ્કીએ માનવ ઉપર ધ્યાન કેન્દ્રીત કરી દર્શાવ્યુ છે કે માનવ પોતાની વિભિન્ન

આવશ્યકતાઓની પરિપૂર્તિ અર્થે, વિવિધ સાંસ્કૃતિક તત્વોને સર્જે છે, અને એ જ સાંસ્કૃતિક તત્વોને પોતાની આવશ્યકતાઓની પરિપૂર્તિ અર્થે, વિવિધ સાંસ્કૃતિક તત્વોને સર્જે છે, અને એ જ સાંસ્કૃતિક તત્વોને પોતાની આવશ્યકતાઓની પૂરિપૂર્તિ અર્થે ઉપયોગમાં લે છે. ધર્મ પણ સંસ્કૃતિનું એક અંગ છે, તેથી જ તો તેનું કોઈ ને કોઈ કાર્ય નિશ્ચિત હોય છે. એ કાર્ય માટે તો ધર્મની ઉત્પતિ થઈ છે, એમ કાર્યાત્મકવાદીઓનું સ્પષ્ટ મંતવ્ય છે. ઉપરાંત માનવની અનેકવિધ સમસ્યાઓનુ નિરાકરણ પણ ધર્મ દ્વારા જ સંભવે છે. તેથી જ ધર્મનું, સમસ્યાઓના ઉકેલ અર્થે અને સંસ્કૃતિ તેમજ માનવને ટકાવી રાખવા માટેનુ કાર્ય એ સર્વ અગત્યના કાર્યો ગણી શકાય. આમ કાર્યાત્મકવાદ સંસ્કૃતિ અને માનવ બંનેની ઉપસ્થિતિ અર્થે ધર્મના અસ્તિત્વની ચર્ચા કરે છે.

સભ્ય સમાજોનાં અધ્યયનમાં દુર્ખિમનો સિદ્ધાંત ઓછો ઉપયોગી નીવડ્યો છે. કારણ કે, અહીં ધર્મ સંગઠનાત્મક અને વિઘટનાત્મક એમ બંને શકિતના રૂપમાં જોવા મળે છે. જયાં એકબાજુ ધર્મ વિશિષ્ટ સમૂહોમાં સંગઠનનું નિર્માણ કરે છે ત્યાં સંભવ છે કે વિશાળ સમાજોની અંદર વિવિધ સમૂહો વચ્ચે સંઘર્ષમાં વધારો પણ કરે છે. આમ છતાં કેટલાક રાજ્યો એવા છે કે જેની એકતા ધર્મ પર આધારીત છે. જેમકે, મધ્યયુગનું ખ્રિસ્તી રાજ્ય, કેટલાક ઈસ્લામી રાજ્યો અને હિન્દુ-ભારત. પરંતુ આધુનિક ઔદ્યોગિક સમાજોમાં ધાર્મિક પચરંગીપણું અને ધાર્મિક સંઘર્ષો જોવા મળે છે. અન્ય સભ્ય સમાજોમાં ખાસ કરીને આધુનિક સમાજોમાં વિશ્વાસ અને સિદ્ધાંતનું કર્મકાંડોની તુલનામાં વધુ મહત્વ છે. કારણ કે માનવ સમાજની એકતા અથવા વિભાજનનો આધાર ભાવનાઓ નથી પરંતુ વિચાર છે.

ઘણીવાર એવું લાગે છે કે ધર્મનું સમાજશાસ્ત્રીય અધ્યયન ધર્મના માનવશાસ્ત્રીય અધ્યયનથી દૂર થઈ ગયું છે. તેના મુખ્ય ઉદાહરણો એલ.ટી. હોબહાઉસ અને મેકસવેબરની રચનાઓ છે. હોબહાઉસ દ્વારા રજૂ થયેલ સમાજશાસ્ત્રનો સંબંધ સામાજિક સંસ્થાઓ પર બૌદ્ધિક વિકાસના પ્રભાવ સાથે છે. આ સામાન્ય બૌદ્ધિક વિકાસની અંતર્ગત હોબહાઉસ

નૈતિક વિચારોના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરે છે. આમ, પોતાની મુખ્ય કૃતિ 'Morals in Evolution' માં તેઓ ધર્મનું વિવેચન કરતી વખતે મુખ્ય ધર્મોની અને ખાસ કરીને ખ્રિસ્તી ધર્મની નૈતિક સંહિતાઓ સાથે સંપૂર્ણપણે સંબંધિત રહ્યો છે. આ નૈતિક સંહિતાઓને સિદ્ધાંતના રૂપમાં ચકાસવામાં આવી અને તેનું દાર્શનિક રીતે વિશ્લેષણ કરવામાં આવ્યું, ત્યારે ખૂબ જ સામાન્ય રીતે તેનો સામાજિક વ્યવહાર સાથેનો સંબંધ તપાસવામાં આવ્યો. ધાર્મિક વિશ્વાસોના સંદર્ભમાં મેકસવેબરનો જે વિચાર છે તે કેટલાય મહત્વના પાસાંઓના સંદર્ભમાં હોબહાઉસના વિચારથી અલગ છે. પ્રથમ તો એ કે તે કોઈ વિકાસલક્ષી યોજના પર આધારીત નથી. બીજું, મોટાભાગે તેનો સંબંધ ધાર્મિક આચરણના જ મુખ્ય પાસાં સાથે છે અર્થાત મુખ્ય આચરણો અને આર્થિક વ્યવસ્થાનો પારસ્પરિક સંબંધ, વેબરે આ સંબંધોની બે દૃષ્ટિબિંદુ મુજબ વ્યાખ્યા કરી છે, વિશિષ્ટ ધાર્મિક સિદ્ધાંતોનો આર્થિક વ્યવહાર પર પ્રભાવ અને આર્થિક વ્યવસ્થાઓમાં સમૂહોની સ્થિતિ તથા ધાર્મિક વિશ્વાસોના પ્રકારો વચ્ચેનો સંબંધ. ત્રીજું, તે ધર્મશાસ્ત્રીઓ દ્વારા પ્રતિપાદિત આચરણ સંબંધિત સિદ્ધાંતો સાથે ઓછો સંબંધિત છે. તેની કરતા તો તે સિદ્ધાંતોને તેના લૌકિક સ્વરૂપમાં વધુ મહત્વપૂર્ણ માને છે કારણ કે તે આ રૂપમાં જ માનવીના રોજબરોજના વ્યવહારને માર્ગદર્શન આપે છે. વેબરની The Protestant Ethic and the spirit of Capitalism ની રચનાનો હેતુ આધુનિક મૂડીવાદના ઉદ્ભવ અને વિકાસમાં કેલ્વિનવાદી આચરણોની ભૂમિકાને દર્શાવવાનો છે. આ સંબંધમાં મેકસવેબરના સિદ્ધાંતનું એક ખૂબ જ સરસ સંક્ષિપ્તિકરણ રેમન્ડ એરોન નામના વિદ્વાને કર્યુ છે. એક કેલ્વિનવાદી પોતાના ધનનો ઉપયોગ કરવા માટે સ્વતંત્ર નથી, તે પોતાના ધનને પોતાની એક ફરજના ભાગરૂપે ફરીથી પોતાના જ વ્યવસાયમાં રોકે છે અને આ રીતની બચતને કારણે મુડીનું નિર્માણ થાય છે. આ ઉપરાંત નિયમપૂર્વક અને બુદ્ધિયુકત કાર્ય, સાચો હિસાબકિતાબ કે જેનાથી પ્રત્યેક ક્ષણે વ્યાપારની સ્થિતિનું જ્ઞાન મળતું રહે છે અને શાંતિપૂર્ણ વ્યાપાર-આમ આ બધુ જ નૈતિકતા સાથે જોડાયેલું છે. કેલ્વિનવાદી સ્વયં પોતાનો માલિક

છે, તે સંપૂર્ણ સ્વતંત્ર છે અને માત્ર પોતાની જાત પર જ વિશ્વાસ ધરાવે છે. તે એક મુડીવાદી જે રીતે વિચાર કરે છે બરાબર એવી જ રીતે વિચારે છે અને અભ્યાસ કરે છે. પરંતુ વેબરને એ વાતમાં વિશ્વાસ નહોતો કે 'વિશ્વ પર વિચારોનું શાસન છે.' તેમણે પ્રોટેસ્ટન્ટવાદના ઉદાહરણને માત્ર એક અનુકૂળ દષ્ટાંતના રૂપમાં પ્રસ્તુત કર્યો છે કે જેનાથી દરેકને એ સમજવાની પ્રેરણા મળે કે ઇતિહાસમાં વિચારો કેવી રીતે કાર્ય કરે છે. પ્રોટેસ્ટન્ટ તેના ધર્મશાસ્ત્રીય અને આચરણ સંબંધી વિચારોના નિર્માણમાં વિવિધ સામાજિક અને રાજનૈતિક પરિસ્થિતિઓનો પ્રભાવ પડેલો જણાય છે તેનો આર્થિક બાબતો પર કોઈ પ્રત્યક્ષ પ્રભાવ નહોતો. પરંતુ વિચારોનો સ્વયં પોતાનો તર્ક હોય છે અને તે એવા પરિણામોને જન્મ આપે છે કે જેનો વ્યવહારિક પ્રભાવ પડી શકે. આમ, આ રીતે કેલ્વિનવાદનો સિદ્ધાંત કે જે વિશિષ્ટ સમૂહો સાથે સંબંધિત વ્યકિતઓની ચેતનામાં સ્થાપિત થાય છે, તે જીવન પ્રત્યે એક વિશિષ્ટ સ્વરૂપ અને વ્યવહારના નિશ્ચિત રૂપને ઉત્પન્ન કરે છે.

વેબરે યહૂદી, ચીન અને ભારતીય ધર્મોના અધ્યયનમાં અન્વેષણની ઉપરોકત પદ્ધતિ અપનાવી છે અને વિશિષ્ટ સામાજિક સમૂહોના ધાર્મિક સિદ્ધાંતોની સમીક્ષા કરીને ધાર્મિક પદ્ધતિઓ દ્વારા ઉત્પન્ન થયેલાં જીવન પ્રત્યે વિશિષ્ટ મનોવૃત્તિઓના સામાજિક અને ખાસ કરીને આર્થિક પરિણામોનું વિવેચન મહત્વનું છે. (Max Weber: The Religion of India) પહેલાં તો તે આધુનિક બુદ્ધિવાદી વ્યાપારિક ક્રિયાઓ અને ધાર્મિક વિશ્વાસોના પારસ્પરિક સંબંધોનું વિશ્લેષણ કરે છે અને જૈન, પારસી અને વલ્લભાચાર્યના સંપ્રદાયોના ધાર્મિક વિચારોનું વ્યાપારીઓ પર કેવો પ્રભાવ છે એ તપાસે છે. તો બીજી બાજુ તે રૂઢિવાદી હિન્દુત્વ કે જેમાં સાધના (ધ્યાન) ને માનવી દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલું સર્વોચ્ચ ધાર્મિક મૂલ્ય માનવામાં આવ્યું છે, તે વ્યાપારિક ક્રિયાને પ્રોત્સાહિત કરતું નથી. વળી, વેબરે હિન્દુત્વની સંસ્થાત્મક રચનાના રૂપમાં જાતિના મહત્વ પર વિશેષ ભાર મૂકયો છે. 'જાતિમાં કર્મકાંડ સંબંધી અધિકાર અને જવાબદારી સમાવિષ્ટ છે અને તે પોતાના સભ્યો પર આ બાબતને

લાદે છે. બ્રાહ્મણોનું એમાં જે સ્થાન છે તે હિન્દુત્વની મૂળભૂત સંસ્થા છે.' વળી, જાતિ અને હિન્દુત્વના આંતરસંબંધોને સ્વીકારવામાં આવ્યા છે. એમ.એન. શ્રીનિવાસ Religion and Society Among the coorges of South India માં લખે છે કે 'હિન્દુત્વનો રચનાત્મક આધાર જ્ઞાતિવ્યવસ્થા છે, જે હંમેશા હિન્દુઓના ખ્રિસ્તી અથવા મુસ્લિમ બનવા છતાં જીવંત રહે છે.' વધુમાં તેઓ લખે છે કે ભારતમાં હિન્દુત્વનો પ્રસાર આદિવાસીઓ તથા હિન્દુ સમુહોના વિશ્વાસ અને કર્મકાંડના સંસ્કૃતિકરણ દ્વારા થયો છે અને તે સાથે જ આ સમૂહોનો પ્રવેશ નવી જ્ઞાતિઓના રૂપમાં જ્ઞાતિવ્યવસ્થાની અંદર થયો છે. લોકોના કોઈપણ સમુહનો હિન્દુ સમાજમાં વિલય થયો ત્યારે જ કહેવાય કે જયારે તે જ્ઞાતિ બને છે.

આમ, આ રીતે પોતાના એક દષ્ટિબિંદુ મુજબ હિન્દુ ધર્મને એક પ્રાર્થના સ્થળ જેવું સંગઠન માનવું જોઈએ કે જેના વિના હિન્દુત્વને ન તો ટકાવી શકાય છે અને ન તો તેનો પ્રસાર થઈ શકે તેમ છે. વળી, આ લક્ષણ ભારતની બહાર પ્રસરી ન થઈ શકવાથી હિન્દુ ધર્મની અયોગ્યતાનું પણ કારણ છે. જેમ કે ચાર્લ્સ ઈલિયટે કહ્યું છે તેમ, '....સાગર પારના દેશોમાં તેના પ્રસારની અશકિતનું કારણ એ તથ્ય છે કે તે હિન્દુ ધર્મ છે અને ધર્મ કરતા પણ વિશેષ એક જીવન છે. તેમાં કોઈપણ વ્યકિત પોતાનું ધર્મ પરિવર્તન કરીને બાપ્ટીઝમ જેવા સરળ ઉત્સવના માધ્યમથી તેમાં પ્રવેશી શકતું નથી. જે સમુદાય સાથે તેનો સંબંધ છે તેણે નિશ્ચિતપણે હિન્દુ રીતિરિવાજોને અપનાવવા પડે છે અને ત્યારે જ તેને જ્ઞાતિની માન્યતા મળે છે. સૌથી પહેલા તો એ જ્ઞાતિ એકદમ નિમ્ન સ્તરની હોય છે. પરંતુ કેટલીક પેઢીઓ બાદ તેનો આદર સમાજમાં વધી શકે છે.'

દુર્ખિમ અને મેકસવેબરની રચનાઓ પછી ધર્મના સમાજશાસ્ત્રીય અધ્યયનમાં ઘણું ઓછું સૈદ્ધાંતિક યોગદાન પ્રાપ્ત થયું છે. સામાજિક નૃવંશશાસ્ત્રીઓએ પોતાના અધ્યયનનો આધાર મોટેભાગે દુર્ખિમના સિદ્ધાંતને બનાવ્યો છે. સમાજશાસ્ત્રમાં વેબરનો પ્રભાવ મુખ્ય રહ્યો છે, જેણે બે મુખ્ય અને સંબંધિત ધાર્મિક પદ્ધતિઓને પ્રોત્સાહન પૂરું પાડયું છે. તેમાંની

એક એ સંપ્રદાયની વિશેષતા, સિદ્ધાંતો તથા સામાજિક મહત્તા સાથે સંબંધિત હતી તથા અન્ય ધાર્મિક સિદ્ધાંતો તથા સામાજિક વર્ગોના પારસ્પરિક સંબંધો સાથે સંબંધિત હતી. એક મહત્વપૂર્ણ યોગદાન વેબરના મિત્ર અર્નેસ્ટ ટ્રાયલ્સે આપેલું છે, જેનું પુસ્તક The Social Teaching of the Christian Churches વેબરની રચનાઓનું પૂરક બન્યું છે. આ રચનામાં ટ્રાયલ્સે ખ્રિસ્તી દેવળો તથા સંપ્રદાયોના સામાજિક ઢાંચાઓનું વિસ્તૃત વર્ણન પ્રસ્તુ કર્યુ છે. સાંપ્રદાયિક આંદોલન સાથે સંબંધિત આ વિષયમાં આર. નિબોરનું પુસ્તક The Social Sources of dinominatioulism છે. હાલમાં જ વિશિષ્ટ સંપ્રદાયોનું વિસ્તૃત અનુભવજન્ય અધ્યયન આ સંપ્રદાયોના પોતાના સામાજિક પર્યાવરણ સાથેના સંબંધો તથા તેના પ્રત્યેની અનુસંધાન ધરાવનારી ક્રિયાઓના અર્થમાં કરવામાં આવ્યા છે. આવા અભ્યાસો ખાસ કરીને ફ્રાંસમાં એચ. ડેસરોચની રચનાઓમાં પણ જોવા મળે છે, જેને સમાજવાદી રાજનૈતિક સમૂહોના પૂરોગામી કરી શકાય.

અન્વેષણની બીજી દિશા પણ એ વિષયો સાથે જ સંબંધિત રહી છે કે જેનું નિરૂપણ વેબરે કર્યુ છે. પ્રથમ આધુનિક મુડીવાદનો ઉદ્ભવ અને વિકાસમાં પ્રોટેસ્ટન્ટ આચાર પર સતત વાદ-વિવાદ થતો રહ્યો છે. બીજું ધાર્મિક વિશ્વાસ અને અભ્યાસમાં સામાજિક વર્ગો વચ્ચેના તફાવતનો વધુ યોગ્ય અને ઊંડાણપૂર્વકનો અભ્યાસ થયો છે. આમ આ રીતે ઘણો ઉપયોગ કરી શકાય તેવો ધર્મના સમાજશાસ્ત્રનો ક્રમિક વિકાસ થયો છે અને ખાસ કરીને ફ્રાન્સમાં તેનો વિકાસ વધુ સારી રીતે થયો છે. જયાં જી લેબ્રાસે અને વિવરણાત્મક અને પરિણાત્મક અધ્યયનો માટે પ્રેરણા આપી છે. આ પ્રકારના અભ્યાસોને એક વિશાળ સંદર્ભમાં કરવામાં આવ્યા કે જે ધર્મ નિરપેક્ષતાની પ્રક્રિયા અંગેના છે, જે ઘટનાઓ પશ્ચિમના સમાજમાં છેલ્લી સદીમાં ઘટી છે તેનો સામાન્ય રીતે સ્વીકાર કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયાઓમાં એ સ્પષ્ટ હતું કે ધર્મનિરપેક્ષતાનો અન્ય વર્ગોની તુલનામાં શ્રમિક વર્ગ પર વધુ પ્રભાવ પડયો હતો. આમ આ રીતે બ્રિટનમાં ઈ.સ. ૧૮૫૧ની વસ્તીગણતરી (એકમાત્ર વસ્તીગણતરી કે

જેમાં ધાર્મિક સંબંધી એક પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો હતો) દ્વારા એ જાણવા મળ્યું છે કે ઈંગ્લેન્ડમાં ચર્ચ ઓફ ઇંગ્લેન્ડના ઘણા અનુયાયીઓ પહેલેથી જ તેને છોડીને અન્ય સંપ્રદાયોના સભ્ય બની ચૂકયા હતા અને તેમાંના ઘણા શ્રમિક વર્ગના તથા નિમ્ન મધ્યમ વર્ગના હતા.

## ૨.૪ ધર્મના સમાજશાસ્ત્રનું વિષય વસ્તુ :

ધર્મનું સમાજશાસ્ત્ર કોઈપણ ધર્મનું તત્વજ્ઞાન અને તેના સત્વોનો અભ્યાસ કરે છે એમ માનવું ભૂલભરેલું છે. પ્રત્યેક ધર્મની કેટલીક વિશેષતાઓ હોય છે, આવશ્યક ઘટનાઓ હોય છે.-સમાજશાસ્ત્રી આ બધી બાબતોનો અભ્યાસ નથી કરતો. દા.ત. હિન્દુ ધર્મમાં પુનર્જન્મનો સિધ્ધાંત છે તે એક સંપૂર્ણ તત્વજ્ઞાન છે. સમાજશાસ્ત્રી તેના અભ્યાસ પર કોઈ ભાર મૂકતો નથી. પરંતુ દરેક ધર્મ વિશિષ્ટ પ્રકારનો વ્યવહાર કે જે સામાજિક હોય છે તેને જન્મ આપે છે. ધર્મમાંથી ઉદ્‌ભવતી આંતરક્રિયાઓ અને વ્યવહારોનો અભ્યાસ ધર્મનું સમાજશાસ્ત્ર કરે છે. જુલિયેન ફ્રેન્ડના મતે જયારે કોઈ ધાર્મિક વ્યકિત કોઈ ધર્મના સંદર્ભમાં અર્થપૂર્ણ વ્યવહાર કરે છે તો તેનો અભ્યાસ ધર્મના સમાજશાસ્ત્રની અંતર્ગત આવે છે. ફ્રેંડ ખૂબ જ સ્પષ્ટપણે કહે છે કે ધાર્મિક સંપ્રદાયોના ધર્મ સંબંધી તત્વજ્ઞાન, તેની વિધિઓ અને તેની ઉપયોગિતાઓનો અભ્યાસ કરવો એ જ સમાજશાસ્ત્રીનું કાર્ય નથી. તેમના મતે ધર્મનું સમાજશાસ્ત્ર નિશ્ચિતપણે ધાર્મિક વ્યવહારોનો માનવીની લૌકિક ગતિવિધિના રૂપમાં અભ્યાસ કરે છે. આ રીતે ગતિવિધિ ધર્મ તરફ ઝૂકેલી હોય છે. દા.ત. કોઈ ધાર્મિક વ્યકિત ફૂલોનો હાર પોતાના ઈષ્ટદેવને અર્પણ કરવા માટે બનાવે, આરતી કરે અથવા તો નૈવેદ્ય માટે ખૂબ ખર્ચો કરે તો તેની આવી બધી જ ક્રિયાઓ ધર્મ સાથે જોડાયેલી છે અને તેનો અભ્યાસ ધર્મનું સમાજશાસ્ત્ર કરે છે. પરંતુ આટલેથી જ ધર્મની પરિભાષા પૂર્ણ થઈ જતી નથી. આનાથી આગળ વેબર જાણાવે છે કે ધાર્મિક વ્યવહાર અથવા તો આંતરક્રિયાનો પ્રભાવ નૈતિકતા, આર્થિક અને રાજનૈતિક વ્યવસ્થા પર પણ પડે છે. એટલું જ નહીં ધાર્મિક વ્યવહારનો પ્રભાવ સામાજિક સંઘર્ષ ઉપર પણ પડે છે. ફ્રેન્ડ સમાજશાસ્ત્રીય અભ્યાસની ધર્મ સાથે જોડાયેલી આ પરિભાષા સ્પષ્ટ કરતાં જાણાવે

છે કે, ધર્મનું સમાજશાસ્ત્રીય અધ્યયન આ રીતે આર્થિક અને રાજનૈતિક અધ્યયન પણ બની જાય છે તેની સાથે સાથે નૈતિક અધ્યયનનો વિષય પણ બની જાય છે.

જો કે વેબરના અભ્યાસનો પ્રારંભ આંતરક્રિયાઓના અભ્યાસ પરથી થાય છે. તેમણે ધર્મના સમાજશાસ્ત્રને પોતાના જીવનના અંતિમ વર્ષોમાં અત્યંત મહત્વ આપ્યું હતું. વેબરે પ્રાથમિક રૂપે એ જાણવાનો પ્રયત્ન કર્યો હતો કે ધાર્મિક વ્યવહારનો પ્રભાવ આચરણ અને અર્થવ્યવસ્થા પર કેટલો અને કેવો પડે છે ? આ વ્યવહારના દ્વૈતિયક પ્રભાવને તેમણે રાજનીતિ અને શિક્ષણમાં જોયો છે. દા.ત. જયારે કોઈ ધાર્મિક વ્યકિત નિયમિતરૂપે પૂજા-પાઠ કરે છે, ધાર્મિક મૂલ્યોને પ્રાથમિકતા આપે છે, ઈમાનદારીને પોતાના વ્યવહારનો પર્યાય બનાવે છે તો આ બધાને તેની અર્થવ્યવસ્થા પર શું પ્રભાવ પડે છે ? વેબર એ વાતનો સ્વીકાર કરે છે કે ધાર્મિક અને જાદુઈ વ્યવહાર એવો હોય છે જેમાં તાર્કિકતા હોય છે. આવા વ્યવહારનો અભ્યાસ પણ ધાર્મિક વ્યવહારના ક્ષેત્રમાં આવે છે.

## ૨.૫ સમાજશાસ્ત્રીઓના ધર્મ અંગેના વિચારો :

૧૯મી સદીમાં આરંભાયેલા સમાજશાસ્ત્રને હજુ વિષય તરીકે ૨૦૦ વર્ષ પણ પૂરા નથી થયા. વળી, ભારતમાં તો તેના ઈતિહાસ ૧૦૦ વર્ષ કરતાં પણ ઓછો છે. તેમ છતાં એક બાબત અહીં નોંધવી જરૂરી લાગે છે કે આટલા ઓછા સમયગાળામાં પણ સામાજિક સંબંધોના તાણાવાળાં ઉકેલવાનું તથા સમાજમાં બનતી જટિલ ઘટનાઓને વૈજ્ઞાનિક રીતે મૂલવવાનું કાર્ય સમાજવૈજ્ઞાનિકો દ્વારા થતું રહ્યું છે. ધર્મના સમાજશાસ્ત્રનો વિકાસ ૨૦મી સદીની દેણ છે પરંતુ તેના મૂળ તો કોમ્ટે આપેલા પ્રત્યક્ષવાદી માનવધર્મ અને ત્રણ સ્તરના નિયમમાં જોઈ શકાય છે. ધર્મના પ્રારંભિક સમાજશાસ્ત્રીય અભ્યાસોની જુદી જુદી ત્રણ શાસ્ત્રીય વ્યવસ્થા હતી-વિકાસવાદી, પ્રત્યક્ષવાદી અને મનોવિજ્ઞાનવાદી. આ વિશેષતાઓનું ઉદાહરણ કોમ્ટ, ટાયલર અને સ્પેન્સરની રચનાઓ દ્વારા આપી શકાય. કોમ્ટના ત્રણ સ્તરના નિયમ મુજબ માનવ વિચાર ઐતિહાસિક તથા આવશ્યકરૂપે ધાર્મિક વ્યવસ્થાથી શરૂ કરીને

અનુભવવાદી વ્યવસ્થાથી પસાર થયો છે. કોમ્ટ ધર્મશાસ્ત્રીય વિચારને બૌદ્ધિક અશુદ્ધિ માને છે જે આધુનિક વિજ્ઞાનના વિકાસને કારણે ખોરવાઈ ગયો છે. ધર્મશાસ્ત્રીય અવસ્થામાં જડત્વવાદથી એકેશ્વરવાદ સુધીના વિકાસને શોધે છે. એ સત્ય છે કે છેલ્લે કોમ્ટે પોતે માનવતાના ધર્મની ઘોષણા કરી છે અને આ પ્રકારે થોડેઘણે અંશે ધર્મની સાર્વભૌમિક આવશ્યકતાનો સ્વીકાર કર્યો. પરંતુ પોતાના મૂળભૂત વિચારો તથા ત્યારબાદના વિચારો સાથે તે સુમેળ સાધી શકયો નહીં.

કોમ્ટ પછી ઈમાઈલ દુર્ખિમના ઓસ્ટ્રેલિયાના અરૂન્ટાના આદિવાસીઓના ધર્મનો અભ્યાસ, વેબરના પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્ર અને મૂડીવાદના વિકાસનો અભ્યાસ તથા હિન્દુ ધર્મના અભ્યાસે ધર્મ અંગેના સમાજશાસ્ત્રીય વિચારોને વિકસાવવામાં મહત્વનો ફાળો આપ્યો છે. ભારતમાં પણ ડો. જી.એસ. ધૂર્યે, પ્રો. એમ.એન. શ્રીનિવાસ, ડો. થૂથી જેવા સમાજશાસ્ત્રીઓએ ધર્મના સમાજશાસ્ત્રીય અભ્યાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

## ૧. ઓગસ્ટ કોમ્ટ (૧૭૯૮-૧૮૫૭) :

સામાજિક વિચારધારાનું વ્યવસ્થિત વૈજ્ઞાનિક સ્વરૂપ ૧૯મી સદીમાં જોવા મળે છે અને તેનું શ્રેય ફ્રાંસના સમાજશાસ્ત્રી ઓગસ્ટ કોમ્ટના ફાળે જાય છે. સામાજિક ઘટનાઓ અને સામાજિક જીવનના વિવિધ પાસાંઓને સમજવા માટે ઓગસ્ટ કોમ્ટ પહેલાં પણ ઘણા વિચારકોએ પ્રયત્ન કર્યો હતો. ઓગસ્ટ કોમ્ટ સર્વપ્રથમ એવા સર્વપ્રથમ એવા સમાજશાસ્ત્રી હતા કે જેમણે સામાજિક ઘટનાઓને કાલ્પનિક વિચારોને બદલે વૈજ્ઞાનિક પદ્ધતિથી સમજવાનો પ્રયાસ કર્યો.

ફ્રાંસની ક્રાંતિએ (૧૭૮૯-૧૭૯૫) એ સમયની સમાજવ્યવસ્થાને વેરવિખેર કરી નાંખી હતી. એ સમયની સામાજિક વ્યવસ્થામાં રાજાની ઈશ્વરીય સત્તા, કુલીન વર્ગોનો વિશેષાધિકાર, કેથોલિક ચર્ચની સત્તાનો પ્રભાવ જોવા મળતો હતો. આ ક્રાંતિને કારણે આ બધાનો વિશેષાધિકાર છિનવાઈ ગયો. આ બધી જ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને નોપેલિયન

પોતાને અધિનાયક બનાવવામાં સફળ થયો હતો. ફ્રાંસની આ બધી જ સામાજિક પરિસ્થિતિનો પ્રભાવ ઓગસ્ટ કોમ્ટ પર પડેલો જણાય છે.

જુદા જુદા સમાજશાસ્ત્રીઓના ધર્મ અંગેના વિચારોને સમજવા હોય તો તેની શરૂઆત ઓગસ્ટ કોમ્ટના ધર્મ અંગેના વિચારોથી જ કરવી જોઈએ. ઓગસ્ટ કોમ્ટે ધર્મ અંગેનો કોઈ અલગ સિદ્ધાંત રજુ કર્યો નથી પરંતુ તેણે રજૂ કરેલા જુદા જુદા સિદ્ધાંતોમાંથી તેના માનવતાના ધર્મ અંગેના વિચારો તેમજ ત્રણ સ્તરનો નિયમ જેવા સિદ્ધાંતોને સમજવાથી તેના ધર્મ અંગેના વિચારોને જાણી શકાશે. ઈ.સ. ૧૮૨૨માં માત્ર ૨૪ વર્ષની ઉંમરે તેણે ત્રણ સ્તરનો નિયમ રજૂ કર્યો. આ નિયમના સંદર્ભમાં કોમ્ટ જણાવે છે કે માનવીનો બૌદ્ધિક વિકાસ ધીમે ધીમે ત્રણ સ્તરોમાં થયો છે. આ ત્રણ સ્તરો એટલે...

૧. ધાર્મિક સ્તર

૨. આધિભૌતિક સ્તર

૩. પ્રત્યક્ષ સ્તર

આ ત્રણેય સ્તરોમાં માનવીનું બૌદ્ધિક સ્તર કેવું હશે ? તેનું સામાજિક જીવન કેવું હશે ? વગેરે બાબતોને લગતું વર્ણન કોમ્ટના આ સિદ્ધાંતમાં જોવા મળે છે.

ધાર્મિક સ્તરના સંદર્ભમાં કોમ્ટ જણાવે છે કે માનવી બધી જ વસ્તુઓને ઈશ્વરના પ્રતિનિધિના રૂપમાં અથવા કોઈ અલૌકિક પ્રાણીઓની તાત્કાલીક ક્રિયાઓના પરિણામના રૂપમાં જૂએ છે. પૃથ્વી પરની બધી જ ચીજવસ્તુઓ ઝાડ, પાન, નદી, તળાવ વગેરે બધામાં આ અલૌકિક શકિત વ્યાપેલી છે. પ્રાકૃતિક ઘટનાઓ બનવા પાછળ આ સ્તરમાં માનવીને માત્ર એક જ કારણ નજર સમક્ષ આવે છે અને તેકારણ છે દેવદેવીઓની શકિત અથવા અલૌકિક શકિત. આ વિચાર સારો છે કે ખરાબ એવું વિચારવાને બદલે માનવી પોતાની આસપાસ બનતી બધી જ ઘટનાઓ વિશે આ જ દૃષ્ટિબિંદુથી વિચારે છે, જૂએ છે. કોમ્ટ આ સ્તરના પણ અન્ય ત્રણ પેટા સ્તરો દર્શાવે છે :

૧. જીવિત સત્તાવાદ

૨. અનેકેશ્વરવાદ

૩. એકેશ્વરવાદ

પ્રથમ પેટા સ્તરમાં એટલે કે જીવિત સત્તાવાદમાં માનવી આ પૃથ્વી પરની તમામ વસ્તુઓમાં કોઈક જીવંત સત્તાનો અનુભવ કરે છે અને તે અનુસાર અનેક પ્રકારના જાદુ-ટોણામાં વિશ્વાસ ધરાવે છે.

દ્વિતીય પેટાસ્તરમાં માનવીનું મન જરા વધુ સુસંગઠિત બની જાય છે અને તેના કારણે તે અનેક દેવતાઓ તથા જાદુ ટોણા વગેરેથી ત્રસ્ત બની જાય છે. આવું થવાને કારણે તે જીવનના વિવિધ પાસાંઓ સાથે સંબંધિત અનેક દેવદેવીઓમાં શ્રદ્ધા ધરાવવા લાગે છે. આ અનેક દેવદેવીઓ જીવનના પાસાંઓનું નિયમન કરે છે.

પરંતુ ત્રીજા પેટા સ્તરમાં અનેક દેવદેવીઓમાં શ્રદ્ધા અને વિશ્વાસને કારણે માનવી વધુ મુંઝવણ અનુભવે છે. આ કારણથી જ માનવી પોતાના સમગ્ર ચિંતન અથવા શ્રદ્ધા-વિશ્વાસને અનેક દેવદેવીઓમાં વહેંચવાને બદલે કોઈ એક જ ઈશ્વર પ્રત્યે પોતાની શ્રદ્ધા વ્યકત કરે છે. પૃથ્વી પર બનતી તમામ ઘટનાઓનું કારણ માત્ર એક જ ઈશ્વર છે એવું વ્યકિત માનવા લાગે છે. જેમ જેમ માનવીનો દૃષ્ટિકોણ વ્યાપક બને છે અને ચિંતન શકિત ગહન અને ગંભીર બને છે તેમ તેમ એકેશ્વરવાદનો ખ્યાલ પણ વધુ સ્પષ્ટ અને દૃઢ બને છે.

મુખ્ય બીજા સ્તરમાં એટલે કે આધિભૌતિક સ્તરમાં ઈશ્વરની વૈયકિતક શકિતનો ખ્યાલ દૂર થાય છે. ઈશ્વરનો વિચાર વ્યકિતના રૂપમાં કરવાને બદલે અમૂર્ત શકિતના રૂપમાં કરવામાં આવે છે. સંસારમાં બનતી ઘટનાઓ કોઈ વૈયકિતક ઈશ્વરને કારણે નહીં પરંતુ અગોચર અથવા નિરાકાર શકિતઓના કારણે બને છે. અલૌકિક શકિતનું અસ્તિત્વ છે પરંતુ તે કોઈ વિશિષ્ટ વ્યકિતના શરીરમાં નહીં પરંતુ તેનાથી સ્વતંત્ર છે. આ અમૂર્ત અને નિરાકાર શકિતના કારણે જે કંઈપણ બની રહ્યું છે તે શાશ્વત અને સંપૂર્ણ છે એવું વ્યકિત માને છે. આ સ્તર

ધાર્મિક અને પ્રત્યક્ષ સ્તરની વચ્ચેનું સ્તર છે.

ત્રીજા અને અંતિમ સ્તરમાં એટલે કે પ્રત્યક્ષ સ્તરમાં માનવી તાત્વિક વિચારોને છોડીને નિરીક્ષણ અને તર્કના આધારે દુનિયામાં બનતી ઘટનાઓને મૂલવવા લાગે છે. કોમ્ટના મતે તર્ક અને નિરીક્ષણનું મિશ્રણ જ વાસ્તવિક જ્ઞાનનો આધાર બને છે. નિરીક્ષણ જ પ્રમાણ બને છે. કારણ કે તે વાસ્તવિક છે, કાલ્પનિક નથી. આ તબકકામાં જ્ઞાનનો સંગ્રહ જ એકમાત્ર સાધ્ય છે, અંતિમ ઉદ્દેશ્ય છે.

કોમ્ટ જણાવે છે કે માનવ ચિંતનના આ ત્રણેય તબકકાઓ અથવા સ્તરો જુદા જુદા સમયે અને જુદી જુદી વ્યકિતઓમાં જોવા મળતા હોય એવું નથી. પરંતુ કોઈ એક જ સમયે એક જ વ્યકિતમાં અથવા સમાજમાં આ ત્રણેય સ્તરો હોય એવું બની શકે છે.

માનવ ચિંતનના આ ત્રણેય તબકકાઓમાં સામાજિક વ્યવસ્થાનું સ્વરૂપ કેવું હશે ? તે અંગેનું વર્ણન પણ કોમ્ટ પોતાના આ નિયમમાં રજૂ કરે છે.

ધાર્મિક સ્તરમાં માનવીના સામાજિક જીવનને ઈશ્વર ઈચ્છાનું ફળ માનવામાં આવે છે. સમાજની ઉત્પતિ અને તેનું અસ્તિત્વ ઈશ્વરની ઈચ્છાને આભારી છે. રાજાને ઈશ્વરના પ્રત્યક્ષ પ્રતિનિધિ માનવામાં આવે છે અને એટલા માટે જ રાજાના પ્રત્યેક આદેશો પછી ભલે તે ઉચિત હોય કે અનુચિત તેનું પાલન પ્રજા કરતી હોય છે. રાજા ઈશ્વરનો પ્રતિનિધિ મનાતો હોવાના કારણે તેના દ્વારા બોલાયેલો પ્રત્યેક શબ્દ કાનૂનનું રૂપ ધારણ કરે છે. આ કાનૂનોનું ઉલ્લંઘન એટલે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન. આવા કાનૂનના ઉલ્લંઘન બદલ વ્યકિતને આકરી સજા કરવામાં આવે છે. આ સ્તરમાં અનેક લોકકથાઓ દ્વારા સમાજિક નિયંત્રણ કરવામાં આવે છે.

આધિભૌતિક સ્તરમાં સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન આવે છે. ઈશ્વરીય શકિતનું સ્થાન પ્રાકૃતિક શકિત લે છે. આ સ્તરમાં સામાજિક વ્યવસ્થા પ્રથમ સ્તર કરતા વધારે પ્રગતિશીલ હોય છે. વ્યકિત સ્વાતંત્ર્યના ખ્યાલનું આ તબકકામાં બીજ રોપાય છે. પરંતુ આ

સ્વતંત્રતા પ્રત્યેક વ્યકિત માટે એક નવીન ઘટના છે અને તેથી દુરુપયોગ થવાનો સંભવ છે. આ તબકકો પ્રથમ અને ત્રીજા તબકકાની વચ્ચેનો તબકકો છે. આ તબકકામાં એક એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે કે વ્યકિત પોતાની ભૂતકાલીન પરંપરાઓમાંથી કે અંધવિશ્વાસોમાંથી સંપૂર્ણપણે બહાર નીકળી શકતી નથી અને આગળ વૈજ્ઞાનિક જ્ઞાન અને ટેકનોલોજીનો તે ધીરે ધીરે સ્વીકાર કરી પ્રત્યક્ષ સ્તર પર વિચારવાની શરૂઆત કરે છે. આવી પરિસ્થિતિનું નિર્માણ થતાં સમાજમાં અરાજકતા ઉભી થાય છે. વળી, આ તબકકામાં પુરોહિતવાદનો પણ વિકાસ થાય છે. ઉદા. ૧૦મી સદીથી ૧૫મી સદીના અંત સુધી યુરોપમાં આ પુરોહિતવાદની બોલબોલા રહી હતી. આ સમયગાળામાં ધર્મસંસ્થાનું સ્થાન રાજય સંસ્થા કરતા ચઢિયાતું હતું.

જયારે અંતિમ સ્તર છે પ્રત્યક્ષ સ્તર. પ્રથમ બે તબકકામાં સામાજિક વ્યવસ્થા અથવા સંગઠનનો આધાર આધ્યાત્મિક વિશ્વાસ અથવા અતાર્કિક પ્રણાલિઓ હતી. પરંતુ આ સ્તરમાં સામાજિક વ્યવસ્થાનો આધાર વૈજ્ઞાનિક જ્ઞાન છે. આ તબકકામાં વિચારકો ઘટનાના અંતિમ કારણોને શોધવામાં કે અધિકારોની અમૂર્ત વ્યાખ્યા કરવામાં પોતાનો સમય બરબાદ કરતા નથી પરંતુ તેઓ પોતાની જાતને અનુભવ અને નિરીક્ષણના ક્ષેત્ર સુધી જ મર્યાદિત રાખે છે અને એટલા માટે જ આ તબકકો વિજ્ઞાનની સાથે સાથે વિકાસ અને સાનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરે છે. આ સ્તરમાં વૈજ્ઞાનિક શોધખોળોના કારણે પ્રાકૃતિક સાધનોનો ઉચિત ઉપયોગ થવાનું સંભવિત બને છે. સમાજના સભ્યોમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણનો વિકાસ થાય છે. માનવસભ્યતાના વિકાસનું આ એક ઉતમ સ્તર છે, તબકકો છે.

### ૨. ઈમાઈલ દુર્ખિમ (૧૮૫૭ થી ૧૯૧૭) :

દુર્ખિમે પોતાના પુસ્તક The Elementary Forms of Religious Life માં ધર્મની પ્રકૃતિ, ઉત્પતિ, કારણો, પ્રભાવ વગેરે વિષયક વિસ્તૃત સૂક્ષ્મ વ્યાખ્યાઓ રજૂ કરી છે. પોતાના ધર્મના સિદ્ધાંત દ્વારા દુર્ખિમ એવું સાબિત કરવા માગે છે કે ધર્મ સંપૂર્ણપણે એક

સામાજિક તથ્ય અથવા સામાજિક ઘટના છે. તેમના મતે નૈતિક રૂપમાં સામૂહિક ચેતનાનું પ્રતિક જ ધર્મ છે. આ સિદ્ધાંતમાં દુર્ખિમનું અંતિમ તારણ એ છે કે 'સમાજ જ વાસ્તવિક ઈશ્વર' છે.

પોતાના ધર્મસંબંધી સિદ્ધાંતને રજૂ કરતા પહેલા દુર્ખિમે ઘણા વિદ્વાનોના ધર્મ વિષયક વિચારોનું અથવા સિદ્ધાંતોનું ખંડન કર્યુ છે. તેમનું માનવું છે કે આ સિદ્ધાંતોમાં અથવા વિચારોમાં ધર્મની ઉત્પતિના સંબંધમાં દર્શાવવામાં આવેલા કારણો માત્ર અપર્યાપ્ત જ નહીં પરંતુ અવૈજ્ઞાનિક પણ છે. દુર્ખિમે એડવર્ડ ટાયલર, મેકસમુલર, જેમ્સ ફ્રેઝર વગેરે વિદ્વાનોના ધર્મ સંબંધી વિચારોનું ખંડન કર્યુ છે.

દુર્ખિમના મતે સામૂહિક જીવનની બધી જ વસ્તુઓ અથવા ઘટનાઓ પછી તે સરળ હોય કે જટિલ હોય, વાસ્તવિક હોય કે આદર્શાત્મક હોય તેને બે વિભાગોમાં વિભાજીત કરી શકાય છે. એક, પવિત્ર અને બીજું અપવિત્ર. બધા જ ધર્મોનો સંબંધ 'પવિત્ર' પાસાં સાથે રહેલો છે. પરંતુ એનો અર્થ એવો નથી કે બધી જ પવિત્ર વસ્તુઓ ઈશ્વરીય અથવા ઈશ્વર હોય છે, જો કે બધી જ ઈશ્વરીય અથવા આધ્યાત્મિક ઘટનાઓ તથા વસ્તુઓ પવિત્ર જરૂર હોય છે. આ પવિત્ર વસ્તુઓ સમાજનું પ્રતિક અથવા સામૂહિક ચેતનાનું પ્રતિનિધિત્વ કરનારી હોય છે. અને આ કારણથી જ વ્યકિત તેને આધીન અને તેનાથી પ્રભાવિત થતો હોય છે.

સમાજના સભ્યો જેને પવિત્ર સમજે છે તેને અપવિત્રથી હંમેશા દૂર રાખવાનો પ્રયત્ન કરે છે અને તેના આ હેતુને પૂરો કરવા માટે તે અનેક વિશ્વાસો, આચરણો, સંસ્કારો અને ઉત્સવોને જન્મ આપે છે. The final key characteristic of sacred things is found in the fact that they are those which the interdictions protect and isolate; profane things, those to which these interdictions are applied and which must remain at a distance from the first. ધર્મ આ પ્રયત્નોનું જ પરિણામ છે. જો કે આ પ્રયત્નો સાથે

સંબંધિત વિશ્વાસો, આચરણો, સંસ્કારો વગેરેની પાછળ સમગ્ર સમાજનું દબાણ હોય છે. અને આ કારણે જ સમાજની એ સામૂહિક સત્તા આગળ માનવીએ નતમસ્તક થવું પડે છે. અહીંથી જ ધર્મનો આરંભ છે.

પોતાના આ સિદ્ધાંતની પુષ્ટિ કરવા દુર્ખિમે ઓસ્ટ્રેલિયન અરૂન્ટા જનજાતિનો વિસ્તૃત અભ્યાસ કર્યો છે. તેમનું માનવું છે કે આ આદિવાસીઓના અભ્યાસ પરથી ધાર્મિક અનુભવોના ઉદ્‌ભવ સંબંધી સ્પષ્ટ ધારણા ધારી શકાય છે અને એ ધારણા એ છે કે ધાર્મિક અનુભવો એક પ્રકારની સામૂહિક ઉતેજનાનું કારણ છે. તહેવારો તથા ઉત્સવોના સમયે ગોત્રના બધા જ લોકો એકસાથે એકત્રિત થાય છે ત્યારે પ્રત્યેક સભ્યને એવો અનુભવ થાય છે કે સમૂહની શકિત તેની વૈયકિતક શકિત કરતાં ઘણી વધારે છે. આવો અનુભવ થવા પાછળના સ્પષ્ટ કારણો પણ છે. આ તહેવારો અને ઉત્સવોનું અસ્તિત્વ જ અનેક લોકોની ઉપસ્થિતિ પર આધારીત હોય છે. સમાન ભાવો,વિચારો અને રૂચિ ધરાવતા અનેક વ્યકિતઓના વૈયકિતક ભાવો, વિચારો અને રૂચિઓના મિલન અને સંગઠનને કારણે જ એક નવીન ચેતના તથા ઉતેજનાનું નિર્માણ થાય છે. આ સામૂહિક શકિત આગળ પ્રત્યેક વ્યકિતએ અનિવાર્યપણે ઝુકવું પડે છે. વળી, આ તહેવારો તથા ઉત્સવોમાં એકત્રિત થયેલી ભીડમાં એક પ્રકારનો માનસિક ઉલ્લાસ પ્રદર્શિત થાય છે. આ ઉલ્રાસ સંભવિત રીતે માનવીની સામાજિક મૂળ પ્રવૃતિને કારણે હોય છે. આવા પ્રસંગોએ એક જ સમયે અનેક વ્યકિતઓ એકત્રીત થાય છે અને વ્યકિતના વિચાર તથા આવેગો પણ બધા જ ઉપસ્થિત વ્યકિતઓના વિચારો તથા આવેગો સાથે અનુકૂળ થાય છે. આ અનુકૂળતા અને અનુરૂપતાનો આભાસ જ વ્યકિતને પ્રફુલ્રિત તથા ઉતેજિત કરી દે છે. પરિણામસ્વરૂપે વ્યકિતની પોતાની શકિત ગૌણ બની જાય છે અને સમૂહની શકિતનું મહત્વ વધી જાય છે. વ્યકિત સમૂહની આ શકિત આગળ ઝુકીજાય છે અને આ શકિતથી પ્રભાવિત થઈને તેના મનમાં એ સમૂહ પ્રત્યે ભય, શ્રદ્ધા અને ભકિતની ભાવનાનો વિકાસ થાય છે. તે સમૂહને સાધારણથી લઈને શ્રેષ્ઠ સમજવા લાગે છે. અંતે આ

સમૂહ અથવા સમાજ જ ધાર્મિક પુજાનું પ્રતિક બની જાય છે.

આમ છતાં આ સંદર્ભમાં એક શંકા ઉદ્ભવે છે કે પવિત્રતાના ખ્યાલના વિકાસનો વાસ્તવિક આધાર કયો હોઈ શકે ? આ પ્રશ્નના સંદર્ભમાં દુર્ખિમ જણાવે છે કે ટોટમવાદના આધાર પર જ પવિત્ર અને અપવિત્ર વસ્તુઓ વચ્ચે ભેદ દર્શાવવાની ભાવનાનો જન્મ થયો. આમ ટોટમવાદ જ બધા જ ધર્મોનું પ્રાથમિક સ્તર છે. ટોટમવાદ નૈતિક કર્તવ્યો અને મૌલિક વિશ્વાસોની એ સમષ્ટિ છે કે જેના દ્વારા સમાજ અને પશુ, ઝાડપાન કે અન્ય પ્રાકૃતિક વસ્તુઓ વચ્ચે એક પવિત્ર અને અલૌકિક સંબંધ સ્થાપિત થઈ જાય છે. આ ટોટમવાદની નીચે મુજબની લાક્ષણિકતાઓ ઉલ્લેખનીય છે.:

૧. ટોટમ સાથે એક જ ગોત્રના સભ્યો પોતાની ઘણી પ્રકારનો ગૂઢ, અલૌકિક તથા પવિત્ર સંબંધ હોવાનું માને છે.

૨. ટોટમ સાથે આ અલૌકિક તથા પવિત્ર સંબંધના આધારે જ એવો વિશ્વાસ રાખી શકાય છે કે ટોટમ જ એ સમૂહની રક્ષા કરે છે, સભ્યોને ચેતવે છે અને ભવિષ્યવાણી પણ કરે છે.

૩. ટોટમ પ્રત્યે વિશેષ ભય, શ્રદ્ધા, ભકિત અને આદરની ભાવના ઉભી થાય છે. ટોટમને મારીને ખાવું કે તેને કોઈપણ પ્રકારની હાનિ પહોંચાડવાની નિષિદ્ધ માનવામાં આવે છે. તથા એના મૃત્યુના સમયે શોક પ્રગટ કરવામાં આવે છે. ટોટમ સાથે સંબંધિત વસ્તુઓને અત્યંત પવિત્ર માનવામાં આવે છે. ટોટમની ચામડીને વિશિષ્ટ પ્રસંગોએ ધારણ કરવામાં આવે છે. ટોટમના ચિત્રો બનાવીને મૂકવામાં આવે છે અને શરીર પર તેના ચિત્રો પણ દોરવામાં આવે છે. ટોટમ સંબંધી નિષેધોનું ઉલ્લંઘન કરનારની સમાજ દ્વારા નિંદા કરવામાં આવે છે. જયારે બીજીબાજુ તેની સાથે સંબંધિત કેટલાક વિશિષ્ટ નૈતિક કર્તવ્યોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

૪. ટોટમ પ્રત્યેની ભકિત તથા આદરની ભાવના એ બાબત પર આધાર રાખે છે કે કઈ વસ્તુ ટોટમ તરીકે છે અથવા તે વસ્તુ કેવી છે કારણ કે ટોટમ તો હાનિ ન પહોંચાડે તેવું પશુપક્ષી અથવા ઝાડપાન હોય છે. દુર્ખિમના મતે ટોટમ સામુદાયિક પ્રતિનિધિત્વનું પ્રતિક છે અને ટોટમનો ઉદ્‌ભવ તે સામુદાયિક રૂપમાં સમાજ પ્રત્યેની પોતાની શ્રદ્ધાને કારણે થયો છે. આ શ્રદ્ધા જ પવિત્રતાની ભાવનાને જન્મ આપે છે અને ટોટમ સમૂહના બધા જ સભ્યોને નૈતિક બંધનમાં બાંધે છે. આ કારણથી જ ટોટમ-સમૂહના બધા જ સભ્યો પોતાને એકબીજાના ભાઈ-બહેન માને છે અને તેઓ વચ્ચે લગ્ન સંબંધ બંધાતો નથી.

ટોટમવાદની આ લાક્ષણિકતાઓનો ઉલ્લેખ કરીને દુર્ખિમ એવા તારણ પર પહોંચે છે કે કોઈપણ ધર્મના ઉદ્‌ભવમાં ઉપરોકત બધા જ તત્વોનું હોવું આવશ્યક છે. અને આ કારણે જ એવું ચોકકસપણે કહી શકાય કે ટોટમવાદ બધા જ ધર્મોનું પ્રાથમિક રૂપ છે. કારણ કે ટોટમ એક સમૂહના નૈતિક જીવનના સામુહિક પ્રતિનિધિત્વનું પ્રતિક છે. આમ ધર્મનો મૂળ સ્રોત સ્વંય સમાજ પોતે છે. વધુ સ્પષ્ટ રીતે કહેવું હોય તો કહી શકાય કે ઈશ્વર સમાજની પ્રતિકાત્મક અભિવ્યકિત છે.

આમ, અહીં એવું સ્પષ્ટ થાય છે કે ધર્મનો સંબંધ કોઈ વ્યકિત સાથે નહી પરંતુ તેના સામુહિક જીવન સાથે છે. અહીં આગળ જ ધર્મ અને જાદુ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થઈ જાય છે. જાદુમાં પણ ધર્મની જેમ અનેક વિશ્વાસ, સંસ્કાર વગેરે હોય છે તેમ છતાં મૂળભૂત રીતે તો જાદુ વૈયકિતક હોય છે. જાદુનો સંબંધ વ્યકિત વિશેષ સાથે હોય છે. આ કારણે જ જાદુ પોતાના પર વિશ્વાસ કરનારાઓ એક સમૂહમાં ભેગા કરી શકતું નથી. જયારે આનાથી વિરુદ્ધ ધર્મનો સંબંધ કોઈ વ્યકિત વિશેષ સાથે નથી. તેનો આધાર તો સ્વયં સમાજ છે. અને આ કારણથી જ ધર્મ પર વિશ્વાસ કરનારાઓ એક નૈતિક સમુદાયમાં જોડાય છે. દુર્ખિમના મતે

ધર્મની કોઈપણ પરિભાષા ધર્મની આ વિશેષતાના આધારે થવી જોઈએ. આમ કહી દુર્ખિમ ધર્મની પોતે રજૂ કરેલી પરિભાષા જાણાવે છે. દુર્ખિમના મતે, 'ધર્મ પવિત્ર વસ્તુઓ સાથે સંબંધિત વિશ્વાસો અને આચરણોની એ વ્યવસ્થા છે જે તેના પર વિશ્વાસ કરનારાઓને એક નૈતિક સમુદાયમાં બાંધે છે.' 'Religion is a unified system of beliefs and practices relative to sacred things-which unite into one single moral community called a church, all those who adhere to them.'

ઉપર્યુકત વિવેચન પરથી સ્પષ્ટ થાય છે કે દુર્ખિમનો ધર્મ સંબંધી સામાજિક સિદ્ધાંત પવિત્ર અને અપવિત્ર વચ્ચેના ભેદ પર આધારિત છે અને આ બંને વચ્ચે ભેદ ઉભો કરવાની ભાવનાનો જન્મ ટોટમવાદને કારણે થયો છે. આમ આ રીતે ધર્મના ઉદ્ભવનો મુખ્ય સ્રોત ટોટમ અથવા તો સમાજ છે કારણ કે ટોટમ સમાજનું જ પ્રતીક છે. ટોટમ પ્રત્યે જે ભય અને આદરની ભાવના ઉભી થાય છે તથા ટોટમ સાથે એક જ ગોત્રના સભ્યોનો જે ગૂઢ અને અલૌકિક સંબંધ માનવામાં આવે છે તેના આધાર પર જ પવિત્રતાની ભાવનાનો વિકાસ થાય છે અને તેના પરિણામે જ તે સમૂહના બધા જ સભ્યોમાં એક પ્રકારની ભાઈચારાની ભાવના જાગૃત થાય છે અને તેઓ એક નૈતિક સમુદાયમાં જોડાય છે. અહીં જ ધર્મનું મૂળ રહેલું છે કારણ કે ટોટમના આધારે સંયુકત નૈતિક સમૂહ જે શકિતનું અધિકારી હોય છે તેની તુલનામાં વ્યકિત પોતાની વૈયક્તિક શકિતને તુચ્છ સમજવા લાગે છે અને તેની સામે તે નતમસ્તક થઈ જાય છે.

દુર્ખિમે પોતાના સિદ્ધાંતનું સામાન્ય તારણ આ શબ્દોમાં રજૂ કરે છે :

'Religious representation are collective representations which express collective realities; the rites are manner of acting which take rise in the midst of the assembled groups and which are destined to excite, maintain, or recreate certain mental states in these groups...The religious life is the concentrated expression of the whole

collective life. The idea of society is the soul of religion. Religious forces are therefore human forces, moral forces...Religion far from ignoring the real society and makeing abstaction of it, is in its image; it reflects all its aspects, even the most vulgar and the most repulsive.'

દુર્ખિમના મતે ધર્મના અનેક સામાજિક કાર્યો હોય છે અને તેમાં સૌથી પહેલું તો એ કે ધર્મ માનવજીવનને બે વિભાગોમાં  વિભાજીત કરે છે.-પવિત્ર અને અપવિત્ર. ધર્મ પોતાના સભ્યોને આ બંને વચ્ચે સ્પષ્ટ ભેદ રાખવાનું તથા અપવિત્ર કાર્યોથી દૂર રહેવાની કેળવણી આપે છે કારણ કે પવિત્ર જીવનથી દૂર જવાનું આચરણ ભ્રષ્ટ છે. આમ, ધર્મ લોકોને પવિત્ર ક્રિયાઓ કરવાની કેળવણી આપે છે જેનાથી તેઓ પાપી પરિણામોથી મુકત રહી શકે. તેમ છતાં લોકો દ્વારા અપવિત્ર કાર્યો થઈ જાય તો તેમને ધાર્મિક શુદ્ધિ કરાવવાનો આદેશ આપે છે. દુર્ખિમ જણાવે છે કે ધાર્મિક પુજા-આરાધનાના સ્થાનને એવા સ્થાનોથી દૂર રાખવા જોઈએ કે જયાં અપવિત્ર કાર્ય કરવામાં આવતા હોય. પુજા-આરાધનાના સ્થાનો પવિત્ર સ્થાનો છે અને તેથી આવા સ્થાનોનો ઉપયોગ અપવિત્ર કાર્યો કરવા માટે કરવો જોઈએ નહીં. વળી પવિત્ર અને અપવિત્ર કાર્યો કરવા માટેનો સમય પણ અલગ અલગ હોવો જોઈએ. આમ, સમાજ ધાર્મિક કાર્યો કરવા માટેનો કોઈ એક દિવસ નકકી કરે છે, જેમ કે ખ્રિસ્તીઓ રવિવારે ચર્ચમાં જઈ પ્રાર્થના કરે છે. ધાર્મિક ઉત્સવો તથા કાર્યોનો  હેતુ પણ પાપીઓને પવિત્ર કરવાનો અથવા એક અપવિત્ર વ્યકિતને ધાર્મિક વ્યકિતમાં પરિવર્તિત કરવાનો અથવા એક ધાર્મિક વ્યકિતને પવિત્રતાના ઉચ્ચ શિખરે બેસાડવાનો છે. ટૂંકમાં, દુર્ખિમના મતે ધર્મ સામુહિક આદર્શને વ્યકત કરે છે.

સામાજિક જીવનમાં ધર્મના મહત્વનું વિવેચન કરતા દુર્ખિમ લખે છે કે, 'ધાર્મિક વિશ્વાસ એક વિશિષ્ટ અનુભવ પર આધારીત હોય છે જેનું નિર્દેશકીય મૂલ્ય એક અર્થમાં, વૈજ્ઞાનિક પ્રયોગો કરતા નિમ્ન કક્ષાનું નથી હોતું, જો કે તેનાથી અલગ જરૂર હોય છે. બધી

જ મહાન સામાજિક સંસ્થાઓનો ઉદ્‌ભવ ધર્મમાં જ થયો છે. વિચારની મૌલિક શ્રેણીઓ અને એક રીતે જોઈએ તો વિજ્ઞાનનો પણ એક ધાર્મિક આધાર હોય છે. ધાર્મિક જીવન સમગ્ર સામુહિક જીવનનું પ્રતિષ્ઠીત સ્વરૂપ તથા સારરૂપ અભિવ્યકિત છે જો ધર્મએ આ બધાને જન્મ આપ્યો છે કે જેની સમાજમાં આવશ્યકતા છે તો એ એટલા માટે કે સમાજનો વિચાર જ ધર્મનો આત્મા છે એ સમાજ પોતાના અસ્તિત્વને ટકાવી શકતો નથી કે જે નિયમિત અંતરે સામુહિક ભાવનાઓ તથા સામુહિક વિચારોને બિરદાવતો નથી કે જે તેની સમરૂપતા તથા વ્યકિતત્વનું નિર્માણ કરે છે.' Religious beliefs rest upon a specific experience whose demonstrative valueis, in one sense, not a bit inferior to that of Scientific experiments though different from them..Nearly, all the great social institutions have been born in religion. The fundamental categories of thought, and consequently of science, are of religious order. The religious life is the eminent form and the concentrated expression of the whole collective life. If religion has given birth to all that is essential in society, it is because the idea of society is the soul of religion. There can be no society which does not feel the need of upholding and reaffirming at regular intervals the collective sentiments and the collective ideas which make its unity and its personality.'

સોરોકિને દુર્ખિમના ઉપરોકત સિદ્ધાંતનો સાર આ રીતે રજૂ કર્યો છે :

૧. ધર્મનું મૂળ કારણ સમાજ પોતે છે.

૨. ધાર્મિક ખ્યાલો સમાજની વિશેષતાઓના પ્રતિકથી વધુ કંઈ જ નથી.

૩. પવિત્ર અથવા ઈશ્વર સમાજનું જ મૂર્ત સ્વરૂપ છે.

૪. ધર્મનું મુખ્ય કાર્ય સામાજિક એકતાનું નિર્માણ કરવાનું તથા સ્થિરતા જાળવવાનું છે.

એલેકન્ઝાડર ગોલ્ડનવિઝર તથા અન્ય વિદ્વાનોએ દુર્ખિમના ઉપરોકત સિદ્ધાંતની ટીકા

કરતા લખ્યું છે કે સૌપ્રથમ તો દુર્ખિમનું એ કથન છે કે ટોટમવાદ જ ધર્મનો મુખ્ય અને સૌથી પહેલો આધાર છે, જે ખોટું છે. વિવિધ આદિવાસી સમાજોના અભ્યાસ આ વાતને સમર્થન આપતા નથી. આદિવાસી સમાજોમાં ધર્મ અને ટોટમ પોતપોતાનું અલગ અસ્તિત્વ ધરાવે છે. ટોટમવાદમાં એક ગૌત્ર ટોટમને પોતાનો મૂળ પુરુષ અથવા સામાન્ય પૂર્વજ માને છે, અને તેમાં માનવાવાળા બધા જ વ્યકિતઓ અંદરઅંદર લગ્ન સંબંધ બાંધતા નથી. આ બંને વિશેષતાઓ ટોટમવાદમાં અનિવાર્ય છે, પરંતુ ધર્મમાં આ બંનેનો અભાવ હોય છે. જો ધર્મનો આધાર ટોટમવાદ જ હોત તો અત્યારસુધીમાં તો તે બંને એક થઈ ગયા હોત. બીજું એ કે માત્ર પવિત્ર અને અપવિત્ર આ બે ખ્યાલોના આધારે જ ધર્મને સમજાવી શકાય નહીં. આ પ્રકારનો ભેદભાવ આદિમ સમાજોમાં સ્પષ્ટ થઈ શકે છે, પરંતુ આધુનિક સમાજોમાં આ બંને વચ્ચેનો ભેદભાવ સ્પષ્ટ કરવાનું કાર્ય ઘણું અઘરું છે. ત્રીજું એ કે ધર્મના ઉદ્‌ભવમાં સામાજિક પરિબળ મહત્વનું છે પરંતુ એ કહેવું યોગ્ય અને વૈજ્ઞાનિક નથી કે ધર્મના ઉદ્‌ભવનું એકમાત્ર કારણ સમાજ છે. આવું કહીને દુર્ખિમે સમાજને જરૂર કરતા વધુ મહત્વ આપી દીધું છે.

### ૩. કાર્લમાર્કસ (૧૮૧૮-૧૮૮૩) :

આર્થિક વ્યવસ્થા યુગેયુગે બદલાય છે. સામંતશાહી, મુડીવાદ અને સમાજવાદ એ ત્રાણ આર્થિક વ્યવસ્થાના ઉદાહરણો છે. જુદીજુદી આર્થિક વ્યવસ્થાઓમાં ઉત્પાદન, વહેંચણી અને વપરાશનાં સ્વરૂપો અને સંગઠનો વ્યાપક રીતે જુદા પડે છે.

૧૫મી અને ૧૬મી સદી દરમિયાન યુરોપમાં વિજ્ઞાન, તત્વજ્ઞાન અને પુનર્જાગરાણની અસર હેઠળ સામંતશાહી પ્રથા તુટી રહી હતી. ઘાણા સામંતશાહી દેશોમાં કેથોલિક ચર્ચના મૂળ મજબૂત હતાં. સામંતશાહી દેશોના રૂપાંતરથી ધાર્મિક ક્ષેત્રોમાં પણ પરિવર્તનો આવ્યા. નવા વિચાર-પ્રવાહો દ્વારા કેથોલિક ચર્ચના સિદ્ધાંતોને પડકારવામાં આવ્યા. આ સિદ્ધાંતોમાં એક સિદ્ધાંત પાપની સર્વોપરિતાનો હતો અને રાજયની બાબતોમાં ચર્ચના હસ્તક્ષેપની આકરી

ટીકા થવા લાગી. મૂડવાદનો વિકાસ થયો. ઘણા વિદ્વાનોએ મૂડીવાદ અને ધર્મ વચ્ચેના સંબંધોને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. કાર્લ માર્કસ આવા જ એક વિચારક છે.

કાર્લ માર્કસ ધર્મની સમજ મેળવવા કરતાં વિશેષરૂપે મુડીવાદી વ્યવસ્થાની સમજૂતી મેળવવા સાથે વધુ સંકળાયેલા હતા. પરંતુ મુડીવાદની સર્વસામાન્ય સમજૂતીમાં માકર્સે સમાજનો સર્વસામાન્ય સિદ્ધાંત વિકસાવ્યો. આ સિદ્ધાંત લગભગ બધી જ સામાજિક સંસ્થાઓ અને તેમાં ખાસ કરીને ધર્મ અને રાજ્ય સુધી વિસ્તરેલો છે. માકર્સે રચેલું સમાજનું મોડેલ આર્થિક આધાર ધરાવે છે. તેમની દષ્ટિએ આ આર્થિક માળખું ધર્મ, રાજ્ય, કળા વગેરે સંસ્થાઓની બનેલી અધિરચનાને ઘાટ આપે છે. માકર્સ જર્મનીના યહૂદી હતા તેમ છતાં ઈંગ્લેન્ડ સાથે તેમનો દીર્ઘ સંબંધ હતો. માકર્સ ધર્મ અંગેના તેમના વિચારો માટે તેના પુરોગામી હેગલ અને ફ્યુર્બેકના ઘણા ઋણી છે. બીજા શબ્દોમાં કહીએ તો ધર્મ અંગેના માકર્સના વિચારો મહદ્અંશે ધર્મને લગતા હેગલ અને ફ્યુર્બેકના લખાણો પ્રત્યેની પ્રતિક્રિયા છે.

માકર્સના મતે ધર્મ એક વિચારસરણી છે અને તેના મુખ્ય બે કાર્યો છે.

૧. તે શાસક પ્રબુદ્ધોની એક વિચારસરણી (શાસક વર્ગના રાજકીય વિચારો) તરીકેકાર્ય કરે છે.

૨. તે જનસમુદાય માટે પીડાશામક દવા તરીકે કાર્ય કરે છે અર્થાત તે જનસમુદાયને ઘેનમાં રાખવાનું કાર્ય કરે છે.

માકર્સની ધર્મ અંગેની મોટાભાગની સમજ પ્રારંભની ઓગણીસમી સદીના પ્રશિયાના રાજયના પ્રોટેસ્ટન્ટ ધર્મના તેમના અનુભવમાંથી ઉદ્ભવતી હોય તેમ જણાય છે. માકર્સ પ્રોટેસ્ટન્ટ ધર્મને ઉતેજન આપનાર પ્રશિયાના રાજયના ટીકાકાર હતા. કારણ કે પ્રશિયાના રાજયએ આર્થિક અસમાનતાને વાજબી ઠરાવવા-ન્યાયોચિત ઠરાવવામા મદદ કરી હતી. એમ પણ કહી શકાય કે સામંતશાહી તુટી પડવાની સાથે ઉદ્ભવેલા નવા વર્ગની વિચારસરણી તરીકે પ્રોટેસ્ટન્ટ ધર્મે કાર્ય કર્યુ છે.

માકર્સ ધર્મને વિમુખતાના એક સ્વરૂપ તરીકે પણ સમજયા છે. આ વિમુખતા ઉપભોગની વસ્તુઓનું ઉત્પાદન કરતા મુડીવાદી સમાજની લાક્ષણિકતા છે. ઉપભોગની વસ્તુ માનવીના શ્રમની પેદાશ છે. ઉપભોગની વસ્તુમાં શ્રમનું સામાજિક તત્વ તરીકે નજરે પડે છે. અહીં ઉત્પાદકો અને તેમના પોતાના શ્રમ વચ્ચેના સંબંધોને તેઓની પોતાની વચ્ચેના સંબંધો તરીકે રજૂ કર્યા નથી, પરંતુ તેમના પોતાના શ્રમની પેદાશો વચ્ચેના સંબંધો તરીકે રજૂ કર્યા છે. તેથી ઉપભોગની વસ્તુઓ સામાજિક વસ્તુઓ છે જેની ખાસિયતો જ્ઞાનેન્દ્રિયો દ્વારા સમજી શકાય નહીં-માનવીઓ વચ્ચેના સંબંધો વસ્તુઓ વચ્ચેના સંબંધો બની જાય છે. આમ ઉપભોગની વસ્તુઓ સ્વતંત્ર બની જાય છે. એ જ રીતે, ધર્મ કે જે માનવીના વિમુખિત શ્રમની પેદાશ છે તે પણ (ધર્મ) સ્વતંત્ર બની રહે છે અને શ્રમિકો પર સત્તા ચલાવવાનું શરૂ કરે છે. ઉપભોગની વસ્તુઓના ક્ષેત્રમાં તેમજ ધર્મના ક્ષેત્રોમાં માનવીઓ વચ્ચેના સામાજિક સંબંધો પારકી વસ્તુઓના સંબંધો તરીકે નજરે પડે છે. આમ માનવીની વિમુખતાથી ધર્મ ઉદ્‌ભવેછે.

માકર્સ કહે છે, 'ધર્મનો ભય' વાસ્તવિક ભયની અભિવ્યકિત છે અને વાસ્તવિક ભય સામેનો વિરોધ પણ છે. આ વિરોધ સમાજમાં શોષણની વાસ્તવિક પરિસ્થિતિ પ્રત્યે નિશાન તાકતો નથી-તે કેટલે અંશે કાલ્પનિક રચના પ્રત્યે નિર્દેષિત થયેલ છે. આ રીતે ધર્મનું સર્જન કરનાર માનવી પોતે જ ધર્મનો ગુલામ બની જાય છે. ધર્મ અહીં અફીણ તરીકે કાર્ય કરે છે, કારણ કે તે દુઃખમાંથી છૂટકારો મેળવવાનું ક્રિયાતંત્ર છે, તે ભ્રામક સુખ આપે છે, તે સમાજમાં શોષણની પરિસ્થિતિઓને અસરકારક રીતે બુરખો ઓઢાડી દે છે અર્થાત ઢાંકી દે છે. જયારે બધા જ સ્વરૂપોનું શોષણ બંધ થશે ત્યારે ધર્મની જરૂર રહેશે નહીં. જયારે માનવી મુકત વ્યકિતઓ તરીકે સંબંધોમાં પ્રવેશશે ત્યારે દુઃખનો અંત આવશે અને તેથી ધર્મ માટેની કોઈ જરૂરિયાત પણ નહીં રહે.

## ○ હિન્દુ ધર્મ વિશેના માકર્સના વિચારો :

કાર્લ માકર્સ પાસે ભારત અંગેનું જ્ઞાન મેળવવાના બહુ જ મર્યાદિત સ્ત્રોતો હતા. મુસાફરોના લખાણો, નોંધપોથીઓ અને બ્રિટીશ સંસ્થાના વહીવટકર્તાઓના લેખિત અહેવાલો તેમના સ્ત્રોતો હતા. આ સ્ત્રોતો દ્વારા માર્કસ હિન્દુ ધર્મને પ્રકૃતિની પુજા કરતા ધર્મ તરીકે અને ભારતને આત્મનિર્ભર લઘુ સમુદાયોના જમાવ તરીકે સમજયા હતા. હિન્દુ ધર્મમાં એક બાજુ તેનો અંતિમ ભોગવાદ અને બીજીબાજુ દેહદમનનો વૈરાગ્યવાદ હતો. આવા વિરોધાભાસી તત્વોની સમજ મેળવવામાં માકર્સ રસ ધરાવતા હતા. આ પ્રકારના અંતિમો માકર્સની દષ્ટિએ જમીનની સામુદાયિક માલિકી એટલે કે ગણતંત્રોની લાક્ષણિકતા ધરાવતા હતા. ભારત જે પ્રકારનું સામાજિક સંગઠન ધરાવતું હતું તેમાં માનવી પ્રાકૃતિક પરિબળોને આધિન હતો, પરિણામે પ્રકૃતિપુજા વિકસી હતી. તેમણે દલીલ કરી કે ભારતીય મનને અંધશ્રદ્ધા-વહેમને હવાલે કરી દેવા માટે મુખ્યત્વે ગ્રામીણ ગણતંત્રો લય પામશે ત્યારે હિન્દુ ધર્મનો અંત આવી જશે.

માકર્સના માહિતીના સ્ત્રોતોમાં અંતર્નિહીત પૂર્વગ્રહ ધ્યાન ઉપર આવ્યો છે. ઘણા અભ્યાસોએ દર્શાવ્યુ છે કે ભારત 'સ્થગિત સમાજ' ન હતો કે લઘુ સમુદાયો સ્થગિત ન હતા. ગામડા કયારેય આત્મનિર્ભર ન હતા. લોકો લગ્ન સંબંધો, ખરીદી અને યાત્રા માટે પોતાના ગામની બહાર જતા હતા. સગપણ સંબંધોના બંધનો, વ્યાવસાયિક અને ધાર્મિક સંપર્કો દ્વારા ગામની હદો એકબીજાને છેદતી હતી. માકર્સની આગાહીની વિરુદ્ધમાં કેટલાંક વિદ્વાનો નોંધે છે તેમ હિન્દુ ધર્મનાં સ્વરૂપો બદલાયા છે તેમ છતા તે ઘણી સદીઓથી જીવંત રહ્યો છે એમ પણ કહેવામાં આવ્યુ છે કે માકર્સે પશ્ચિમના ધર્મોને શોષણ અને નિયંત્રણના સાધન તરીકે જોયો છે તેમ હિન્દુ ધર્મને શોષણ કે નિયંત્રણના સાધન તરીકે જોવામાં માકર્સ નિષ્ફળ ગયા છે.

## ૪. મેકસવેબર (૧૮૬૪-૧૯૨૦) :

મેકસવેબર સૌથી પહેલાં એવા સમાજશાસ્ત્રીય વિચારક હતા કે જેમણે ધર્મનો અત્યંત ગહનતાથી અને વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરીને સમાજશાસ્ત્રની જ એક શાખાના રૂપમાં ધર્મના સમાજશાસ્ત્રની શરૂઆત કરી. ધર્મ વિશેના વેબરના વિચારોની ખાસિયત એ હતી કે તેઓના આ વિચારોમાં માનવશાસ્ત્રીય સિદ્ધાંતોની અસર જોવા મળતી નથી. વળી, સાથે સાથે તેઓ ધર્મના વિવેચનમાં પૂજા કે ધાર્મિક વિશ્વાસોની વૈચારિક વ્યવસ્થા વિષયક કોઈ પણ વિચારો રજૂ કરતા નથી. વેબર જુદા જુદા સમાજોના સામાજિક સંસ્થાઓ પરના ધાર્મિક નીતિઓના પ્રભાવને સ્પષ્ટ કરી એ જાણવા માગતા હતા કે વિભિન્ન સમાજોની આર્થિક તથા સામાજિક વિભિન્નતાઓને ધાર્મિક આધાર પર કઈ રીતે સ્પષ્ટ કરી શકાય. આ પરિકલ્પનાના આધારે વેબર ધર્મનો જે વ્યાપક અભ્યાસ કર્યો છે તે તેમની જગપ્રસિદ્ધ કૃતિ ધ પ્રોટેસ્ટન્ટ એથિક એન્ડ ધ સ્પિરિટ ઓફ કેપિટાલિઝમમાં પ્રકાશિત થયો છે. તેમનું આ પુસ્તક ધર્મનો અભ્યાસ કરવાવાળા સંશોધકો માટે એક શ્રેષ્ઠ આધાર પૂરો પાડે છે. વિભિન્ન ઘટનાઓ વચ્ચે તાર્કિક સંબંધ શોધવો એ તેમનો મુખ્ય વિષય હતો. તાર્કિકીકરણ બે સમાંતર પ્રક્રિયાઓ સૂચવે છે. એક વિચારના રહસ્યપૂર્ણ તત્વોનું વિસ્થાપન કરવાની પ્રક્રિયા અને બીજું, વિચારો પદ્ધતિસરની સુસંગતતા અને સ્વાભાવિક એકવાકયતા પ્રાપ્ત કરે તેવી પ્રક્રિયા. વેબર તેમનો તાકિર્કીકરણનો આ ખ્યાલ ધર્મ, વિજ્ઞાન, કળા, વહીવટતંત્ર અને રાજ્યતંત્રમાં પરિવર્તનને સમજવા માટે લાગુ પાડે છે. વેબરની દૃષ્ટિએ મૂડીવાદ આર્થિક તાર્કિકીકણની ઉચ્ચતમ માત્રામાંથી ઉદ્‌ભવ્યો હતો.

વેબર દલીલ સાથે દર્શાવે છે કે વિકાસ પ્રક્રિયામાં વિચારો ચાલક બળો બની શકે છે. મુડીવાદના વિકાસમાં પ્રોટેસ્ટન્ટ ધર્મે પૂરા પાડેલા વિચારોએ મુખ્ય ભૂમિકા ભજવી છે. મેકસવેબરનું પુસ્તક 'પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્ર અને મૂડીવાદની ભાવના' ૧૯૦૪ અને ૧૯૦૫ વચ્ચે જર્મનીમાં પ્રકાશિત થયું ત્યારથી સમગ્ર દુનિયાના સામાજિક વિજ્ઞાનીઓમાં તે ચર્ચાનો

વિષય રહ્યો છે. આ ચર્ચાએ ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી ત્રીજી દુનિયાના વિદ્વાનોનું ધ્યાન ખેંચ્યું છે. આ ઉપરાંત આ અભ્યાસમાં પ્રયોજાયેલ પદ્ધતિશાસ્ત્રીય અભિગમ તથા કાર્ય-કારણની વ્યાખ્યા એ વેબરની એક નવી સૂઝબૂઝ હતી જેના કારણે મેકસવેબરને ધર્મના સમાજશાસ્ત્રના જનક તરીકે પણ ઓળખવામાં આવે છે.

વેબરે પોતાના ધર્મ સંબંધી વિચારોને વિભિન્ન સમાજોની પૃષ્ઠભૂમિમાં પ્રસ્તુત કર્યા છે. જોકે વેબરે વિશ્વના અનેક મહાન ધર્મોનો અભ્યાસ કર્યો છે અને તેના આધારે જ પોતાનું ધાર્મિક વિવેચન રજૂ કર્યુ છે. એટલા માટે જ વેબરના વિચારોને સમજતા પહેલાં એ જાણવું જરૂરી છે કે તેમના આ વિચારોનો આધાર કયો હતો.

વેબરપહેલાં જર્મનીમાં મુડીવાદ અનિયંત્રિત હતો. સટ્ટાબજારોનો વ્યાપાર સંપૂર્ણ રીતે સ્વતંત્ર હતો. મુડીપતિઓ વ્યાપારીઓ તરફી હતા. ખેતવિહોણા મજુરોની સમસ્યાઓ પણ અત્યંત જટિલ હતી. જો કે આ મજૂરોમાં વર્ગસભાનતાનો વિકાસ ધીમે ધીમે થઈ રહ્યો હતો. ૧૯મી સદીના ઉતરાર્ધ સુધીમાં જર્મનીમાં ઔદ્યોગિકરણના વિકાસને કારણે જમીનના માલિકો તથા નવા ઉદ્ભવેલા મૂડીપતિ વર્ગ વચ્ચે સ્પર્ધાનું વાતાવરણ ઊભું થયું હતું. આ વાતાવરણ અંતે તો ઔદ્યોગિક મુડીવાદના ઉદ્ભવનું પાયાનું પરિબળ બની રહ્યું.

સમાજમાં આવનારા પરિવર્તનનું એક નૈતિક પાસું પણ હોય છે એવું વેબર દઢપણે માને છે. વેબર જણાવે છે કે તત્કાલીન સમાજમાં સત્તાધિકારીઓની નીતિમાં આની ઝલક જોવા મળે છે. ઈ.સ. ૧૮૯૨માં સટ્ટાબજારોના અભ્યાસ દ્વારા વેબર એ જાણવા માગતા હતા કે વિશેષ આર્થિક વ્યવસ્થા સમાજની આર્થિક સ્થિતિ અને વ્યકિતગત સ્વાર્થોથી જ નિર્ધારીત થતી નથી,પરંતુ તેનો એક અસમાન ઉદ્દેશ્ય પણ હોય છે.

વેબર જણાવે છે કે જર્મનીની એ સમયની પરિસ્થિતિમાં જમીનદારો અને મુડીપતિઓની સામે પોતાના આર્થિક હેતુઓ પુરા કરવા માટે અન્ય અનેક સાધનો પણ હતા. પરંતુ તેઓએ ઔદ્યોગિક મુડીપતિ બનવાના બદલે પોતાની પરંપરાગત પરિસ્થિતિને જાળવી

રાખવાનું વધારે ઉચિત માન્યું. એનો અર્થ એ થયો કે તેમના વિચારો માત્ર આર્થિક હિતોથી પ્રેરાઈને જ નથી ઉદ્‌ભવ્યા. આ ભાવનાને સ્પષ્ટ કરતા વેબર જણાવે છે કે આપણને જે કંઈ મૂલ્યવાન જણાયછે તેનો વિકાસ અને સમર્થન આપવાનો આપણે પ્રયાસ કરીએ છીએ. વળી, નૈતિક માન્યતાઓને અપનાવવાની પ્રવૃતિ આપણો એક ભાવનાત્મક ગુણ છે જેને આપણે હંમેશા જાળવી રાખવા માગીએ છીએ.

આ દષ્ટિબિંદુ મુજબ વેબરે માર્કસની એ વિચારધારાનું ખંડન કર્યુ છે કે માનવીના વિચાર અને ક્રિયાઓ એ માત્ર તેના આર્થિક હિતો દ્વારા જ ઉદભવે છે.

વેબરે પોતાના પુસ્તક ધ પ્રોટેસ્ટન્ટ એથિક એન્ડ ધ સ્પિરિટ ઓફ કેપિટાલીઝમના એક લેખમાં લખ્યું છે કે, 'મારો હેતુ સંસ્કૃતિ અને ઈતિહાસની ઘટનાઓના કારણોની શોધમાં એકપક્ષીય ભૌતિકવાદી વિચારોને બદલે એકપક્ષીય આધ્યાત્મિક વિચારોને સાથ આપવાનો જ નથી. આ બંનેમાંથી કંઈ પણ શકય છે. પરંતુ આમાંથી કોઈને પણ અન્વેષણના આધારને બદલે તેના નિષ્કર્ષના રૂપમાં સ્વીકારવામાં આવે તો ઐતિહાસિક તથ્યોની જાણકારી માટે આ બંને સમાન માત્રામાં ઉપલબ્ધ નથી.'

વેબરના ઉપરોકત વિચારો પરથી એ સ્પષ્ટ થાય છે કે તેમણે અન્વેષણના ભૌતિકવાદી અને અધ્યાત્મવાદી એમ બંને રીતો પર ભાર મૂકયો છે. આમ છતાં વેબરે પોતાના વિચારોમાં ભૌતિકવાદી અને આધ્યાત્મિક એમ બંનેની તુલનામાં અન્વેષણના આધાર માટે વિચારોને મહત્વ આપવાનું વધારે ઉચિત માન્યું છે.

મેકસવેબરને પોતાના ધર્મના સમાજશાસ્ત્રને વ્યવસ્થિત સ્વરૂપ આપતા પહેલા એ વિશ્વાસ નહોતો કે રાજનૈતિક અને આર્થિક માનવીના વાસ્તવિક ઉદેશ્યો પણ હોય છે. પરંતુ આદર્શાત્મક ઉદ્દેશ્યનો આ વાસ્તવિક ઉદ્દેશ્યો સાથે આધ્યાત્મિક અર્થ જોડીને તેને વધારે મહત્વનું સ્થાન પ્રદાન કરે છે તથા તેની સત્યતાને સાબિત કરે છે.

વેબરના મતે માનવી માત્ર રોટી માટે જ નહીં પરંતુ પોતાના જીવનના હેતુઓને પૂરા

કરતા કરતા પોતાના આત્માના સંતોષની અપેક્ષા પણ રાખે છે. વેબરના મતાનુસાર આધ્યાત્મિક પક્ષના ઉદ્દેશ્યો અપંગ હોય છે. આમ, વેબરે માર્કસના ધર્મ સંબંધી વિચારો અને તેની અધિસંરચના (સુપરસ્ટ્રકચર) તથા પેટાસંરચનાના ખ્યાલ સાથે અસંમતિ વ્યકત કરી છે. વળી, વેબરે ઉદ્દેશ્યો તથા વિચારોના પારસ્પરિક સંબંધોને સામાજિક અન્વેષણ માટે અનિવાર્ય માને છે. આ બધી પરિસ્થિતિઓએ વેબરેને પોતાને ધ પ્રોટેસ્ટન્ટ એથિક એન્ડ ધ સ્પિરીટ ઓફ કેપિટાલિઝમ લખવા માટેની પ્રેરણા આપી છે.

અનેક ધાર્મિક સિદ્ધાંતોની નીતિઓની તુલના દ્વારા વેબરે એ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે કે  કઈ રીતે કેટલાક ધાર્મિક સિદ્ધાંતોના પ્રભાવથી આર્થિક જીવનની તર્કશકિત વધી અને કેટલાક પ્રભાવોથી ઘટી ?

આ રીતે વેબરે આ વિશ્લેષણમાં પોતાની કેટલીક વિશિષ્ટ ઘટનાઓનો સંબંધ પોતાની પૂર્વવર્તી ઘટનાઓ સાથે જોડતા એ સ્પષ્ટ કર્યુ છે કે પ્રોટેસ્ટન્ટ નીતિના પ્રભાવની માત્રા અનિશ્ચિત છે. પરંતુ જયાં સુધી પશ્ચિમથી મુડીપતિના સારની ઉત્પતિને કોઈ સારા આધાર પર પ્રમાણિત ન કરી શકાય ત્યાં સુધી આ કારણના મહત્વની ઉપેક્ષા ન કરી શકાય.

પ્રો. રાઈનહાર્ડ બેન્ડિકસના મતે વેબર એ તારણ પર પહોંચ્યા છે કે કોઈપણ વ્યકિત એવું ન કહી શકે કે પ્રોટેસ્ટન્ટ નીતિ વિના મૂડીવાદી આર્થિક વ્યવસ્થા કઈ રીતે ઉદ્ભવી હશે, જયારે વાસ્તવિકતા એ છે કે આવી નીતિની ગેરહાજરીમાં અન્ય જગ્યાઓ પર આર્થિક વિકાસ સ્થગિત થઈ ગયો હતો. આ ઉપરાંત પ્રોટેસ્ટન્ટ નીતિ અને મૂડીવાદ વચ્ચેના સંબંધના પ્રમાણો પણ છે. વેબરના મતે પ્રોટેસ્ટન્ટ નીતિના પ્રભાવની માત્રા અનિશ્ચિત છે, પરંતુ તેના મહત્વનો અસ્વીકાર ત્યારે જ થઈ શકે કે જયારે પશ્ચિમમાં ઉદ્ભવેલા મૂડીવાદને પ્રોટેસ્ટન્ટ ધર્મ સિવાયના પરિબળો કરતા વધુ સારી રીતે સ્પષ્ટ કરી શકાય.

બેન્ડિકસ એવું પણ માને છે કે વેબરના ધર્મના સમાજશાસ્ત્રના વિવેચનમાં તેમણે ત્રણ મહત્વની સમસ્યાઓને કારણે પોતાના અભ્યાસનો પ્રારંભ કર્યો હતો. આ ત્રણ મહત્વના

કારણો નીચે મુજબ છે :

૧. એક ટકા અનુયાયીઓની ધર્મનિરપેક્ષ નીતિ અને આર્થિક વ્યવહારો પર મુખ્ય ધાર્મિક વિચારોનો પ્રભાવ.

૨. સમૂહની રચનાનો ધાર્મિક વિચારો પર પ્રભાવ

૩. વિવિધ સભ્યતાઓમાં ધાર્મિક વિશ્વાસોના કારણો અને પ્રભાવોની તુલના દ્વારા પશ્ચિમી સભ્યતાના તત્વોનો નિર્ણય કરવો.

મેકસ વેબરના ધર્મના સમાજશાસ્ત્રના વિવેચનમાં પદ્ધતિશાસ્ત્રીય દષ્ટિકોણ અત્યંત મહત્વનો છે. ટાલ્કોટ પાર્સન્સના મતે ધર્મના સમાજશાસ્ત્રની પસંદગી કરવા પાછળનો વેબરનો મુખ્ય હેતુ ઊંડાણપૂર્વકની પદ્ધતિશાસ્ત્રીય અંતદષ્ટિ હતી. તેમની સમસ્યા ઐતિહાસિક ક્રમના વિશિષ્ટ તથ્યોનું સ્પષ્ટીકરણ કરવાનો નથી, પરંતુ સૌથી મહત્વપૂર્ણ પરિવર્તનશીલ તત્વોને નિશ્ચિત રીતે અલગ કરવાનો તથા પરિવર્તનશીલ અવસ્થાઓની અંતર્ગત તેમની ક્રિયા, કાર્ય અથવા પ્રભાવોનો અભ્યાસ કરીને તેના કાર્ય-કારણના મહત્વને દર્શાવવાનો છે.'

વેબરે પોતાના આ અભ્યાસમાં ધાર્મિક પરિબળને એક પરિવર્તનશીલ તત્વ તરીકે સ્વીકાર્યુ છે અને તેનો આર્થિક તથા અન્ય સામાજિક ઘટનાઓ પર જે કાર્યકારણનો પ્રભાવ પડે છે તેનું વિશ્લેષણ તથા નિરૂપણ કરવાનો પ્રયત્ન કર્યો છે. વેબર એવો વિશ્વાસ ધરાવે છે કે માત્ર કેટલાક અર્થોમાં સમાન અને અન્યમાં ભિન્ન ઉદાહરણોનો અભ્યાસ કરીને જ કોઈ પરિબળના કાર્યકારણના પ્રભાવ અંગેનો નિર્ણય સંભવિત છે. આ કારણથી જ તેમણે કોઈ એક ધર્મનો નહીં, પરંતુ વિશ્વના મહાન ધર્મોના અભ્યાસને પોતાના અધ્યયનમાં સ્થાન આપ્યું છે.

પાર્સન્સના મતે વેબરની સમસ્યા એ હતી કે જેને તે ધાર્મિક આચારશાસ્ત્ર તરીકે ઓળખાવે છે. તેનો કેટલો પ્રભાવ દર્શાવી શકાય, વેબર આ ધાર્મિક આચારશાસ્ત્રને એક પરિવર્તનશીલ પરિબળ તરીકે સમજવાનો પ્રયત્ન કર્યો છે. તેમના મતે તેઓ જે તારણ પર

પહોંચ્યા છે કે મહાન સભ્યતાઓની સંસ્થાગત સંરચનાઓમાં એકબીજાને પૃથક કરવાવાળી વિભેદીકરણની પ્રક્રિયામાં આ પરિબળની ભિન્નતાઓને વિશેષ મહત્વ આપી શકાય છે. જે ભિન્નતાઓની મર્યાદાઓમાં તેને રસ હતો તે સ્પષ્ટરૂપે એ જ હતી કે જેને આધુનિક મૂડીવાદની પ્રભાવી વિશેષતાઓના રૂપમાં પરિભાષિત કરવામાં આવી છે. ખાસ કરીને તેમનો રસ પરંપરાવાદની વિરૂદ્ધ, બુદ્ધિ સાથે અનુપસ્થિત અનુકૂળ અવસ્થાઓ, કૃત્યાત્મક દૃષ્ટિએ વિશિષ્ટ ભૂમિકાઓના એક મુખ્ય સ્થાન અને છેવટે માત્ર વ્યકિતગત આચારમાં જ નહીં પરંતુ પરિસ્થિતિઓની સંસ્થાગત વ્યાખ્યાઓમાં સાર્વભૌમિકતાના તથ્યોમાં હતી.

વેબરે ધાર્મિક આચારશાસ્ત્રના પ્રભાવને પોતાના વિસ્તૃત હેતુ માટે યોગ્ય પદ્ધતિના ઉપયોગ દ્વારા અલગ કર્યો. તેમણે એવો નિર્ણય કરવાનો પ્રયાસ કર્યો કે વિચારોની અંતર્ગત ધાર્મિક આંદોલનનો ઉદ્ભવ થતાં પહેલાં ધર્મ સિવાય વધારાની સામાજિક સંરચનાનું સામાન્ય રૂપ આધુનિક પાશ્ચાત્ય વિશ્વના વિશિષ્ટ સંસ્થાગત પ્રતિમાનોના વિકાસ માટે વધારે કે ઓછું અનુકૂળ હતું. બે ઉદાહરણોમાં તેમણે આ બાબતને સંપૂર્ણ રીતે સ્પષ્ટ કરી છે. અર્થાત ચીન અને ભારત, તેમનું તારણ એવું હતું કે તુલનાત્મક અવસ્થાઓમાં એટલે કે સુધારણાના સમયમાં યુરોપના જેવી અવસ્થામાં પરિસ્થિતિ, ઓછામાં ઓછા બધા જ સંબંધિત ખાતાઓમાં એટલી જ અનુકૂળ હતી જેટલી પાશ્ચાત્ય યુરોપમાં હોય.

ધાર્મિક આંદોલનો અર્થાત કન્ફયુશિયસ ધર્મ, હિન્દુ ધર્મ અને પ્રોટેસ્ટન્ટ ધર્મ આ ત્રાણેય ધર્મોનો સાંસ્કૃતિક ક્ષેત્રો પર પ્રભાવ હતો જે એકબીજાથી સમગ્ર રીતે અલગ હતા.

જો આ વિધિવિધાનનો કોઈ પ્રભાવ પડતો હોય તો તે ત્રાણેય સમાજોને એક સમાન સંસ્થાગત પ્રતિમાની દિશામાં આત્મીકૃત ન કરતા હોત. વધુમાં આ ત્રાણ મહાન ધાર્મિક આંદોલનોમાં સામાજિક જીવન પ્રત્યેના પાયાના ખ્યાલો પોતાનો નિર્ણાયક પ્રભાવ પાથરે તો આ ત્રાણેયમાંથી પ્રત્યેક ઉદાહરણમાં જે સંસ્થાગત સંરચનાનો ઉદ્ભવ થયો તે એ પ્રકારની જ હોય જે પ્રકારની આશા રાખવામાં આવતી હતી.

આ રીતે આપણે એ જોઈ શકીએ છીએ કે વેબર પોતાના અભ્યાસમાં એક યોગ્ય વૈજ્ઞાનિક તથ્ય જાળવી રાખવાના સંદર્ભમાં હંમેશા જાગૃત રહ્યા છે. આ કારણથી જ તેમણે પોતાના એક પરિબળવાળા સિદ્ધાંતને સાવધાનીપૂર્વક પોતાના અધ્યયનથી દૂર રાખ્યા છે. વેબરના ધર્મના સમાજશાસ્ત્રના મુખ્ય આધારો નીચે મુજબ છે :

૧. ધાર્મિક તથા આર્થિક ઘટનાઓ એકબીજા સાથે સંબંધિત અને એકબીજા પર આધારિત છે. આમાંથી કોઈપણ એકને બીજાનું નિર્ણાયક માની લેવું ઉચિત નથી. વાસ્તવમાં તો, આ બંને એકબીજાને પ્રભાવિત કરે છે.

૨. કોઈપણ એક પક્ષીય દૃષ્ટિબિંદુ, પદ્ધતિ કે વ્યાખ્યા અવૈજ્ઞાનિક છે. કોઈપણ પ્રકારના એકતરફી વિવેચનથી આપણે હંમેશા સાવધાન રહેવું જોઈએ. માત્ર ઈતિહાસની આર્થિક વ્યાખ્યા કે માત્ર સામાજિક ઘટનાઓનું ધાર્મિક પાસાંને આધારે કરવામાં આવેલું વિવેચન જ સત્ય અને યથાર્થ નથી. આ બંને પરિબળો એકબીજા સાથે સંબંધિત તથા એકબીજાના કારણ છે જે માનવસમાજના અસ્તિત્વ તથા સાતત્ય માટે જવાબદાર છે.

૩. પરંતુ અધ્યયન પદ્ધતિના આધારના રૂપમાં આમાંથી કોઈપણ એક પરિબળને પરિવર્તન પામતા તત્વ તરીકે ઓળખી શકાય. વેબર ધાર્મિક પરિબળોને આ પ્રકારનું પરિવર્તન પામતું તત્વ માનીને તેનો આર્થિક તથા અન્ય સામાજિક ઘટનાઓ પરનો પ્રભાવ ચકાસવાનો પ્રયત્ન કરે છે.

૪. વેબરે પોતાના અધ્યયનમાં બધા જ ધર્મો સાથે સંબંધિત બધા જ તત્વોનું સ્પષ્ટીકરણ કર્યું નથી. પરંતુ માત્ર 'આદર્શ પ્રકાર' ને નિશ્ચિત રીતે અલગ કરી તેના કાર્યકારણનો પ્રભાવ તથા મહત્વની વ્યાખ્યા આપી છે. આવી જ રીતે આર્થિક પરિબળોમાં પણ પોતાના આદર્શ પ્રકારોને તુલનાત્મક અધ્યયન માટે પસંદ કર્યા છે.

## ○ મૂડીવાદ અને પ્રોટેસ્ટન્ટ નીતિનો સંબંધ :

'મૂડીવાદનો ઉદ્‌ભવ' તથા 'પ્રોટેસ્ટન્ટ નીતિ'ના અધ્યયન દ્વારા વેબરને તેના અનેક આધારોમાં સમાનતા જોવા મળી. આ સમાનતાએ તેને એ તથ્ય પર વિચાર કરવાની પ્રેરણા આપી કે આર્થિક વ્યવહારો તથા ધાર્મિક નીતિઓમાં કઈ પરિસ્થિતિ 'કારણ' છે અને કઈ પરિસ્થિતિ 'પરિણામ' છે. વેબરે સૌ પ્રથમ ૧૬મી તથા ૧૭મી સદીમાં ધર્મ સંઘો તથા તેની માન્યતાઓમાં થયેલાં પરિવર્તનોનો માનવ વ્યવહારો પરના પ્રભાવનો અભ્યાસ કર્યો. શરૂઆતમાં અનેક ધર્મસંઘોએ ભૌતિક વસ્તુઓની પ્રાપ્તિ અને તેના સંગ્રહ પર ભાર મૂકયો અને ત્યાર પછી થોડા સમય બાદ ધનના સંગ્રહને અધાર્મિકતાની શ્રેણીમાં મૂકયું, જેમાં શ્રમની સામે બધી જ ઈચ્છાઓથી વૈરાગ્ય લઈ લેવાનું ઉચિત હતું. આ ધર્મસંઘોએ વૈરાગ્યને લૌકિક વૈરાગ્યના રૂપમાં જ ન લઈને શ્રમના માર્ગમાં આવનારી અડચણોના ક્ષેત્રમાંથી વૈરાગ્ય લેવાના રૂપમાં સમજાવ્યો. વેબર જણાવે છે કે, 'જયારે વૈરાગ્યનો ખ્યાલ ધર્મકેન્દ્રોની સીમાની બહાર નીકળીને સાંસારિક નૈતિકતાને પ્રભાવિત કરવા લાગે છે ત્યારે તે આધુનિક અર્થવ્યવસ્થા (મૂડીવાદ)ની રચનામાં પણ પોતાનું યોગદાન આપવાનું શરૂ કરી દે છે.' આ પરિવર્તનોએ વેબરને અધ્યયની દિશા નકકી કરી આપી. શુદ્ધ આચરણવાદીઓનો તર્કવાદ અથવા ધર્મની નીતિઓ જ એક આધારભૂત કારણ છે જે વ્યકિતના આર્થિક તથા લૌકિક વ્યવહારોને પ્રભાવિત કરે છે.

મૂડીવાદના આગમન પૂર્વે જાદુ અને ધર્મના ઘણા પરિબળો હતાં. બધા જ રૂઢિગત જાદુ-ધર્મના પરિબળોને પાછળ ધકેલી દઈ શકે તેવા પ્રોટેસ્ટન્ટ ધર્મે મૂડીવાદ માટેનો માર્ગ ખુલ્લો કર્યો. વ્યવસાય અને શિક્ષણની પસંદગી પર કેથોલિકસ અને પ્રોટેસ્ટન્ટ લોકો ઉપર તેમની ધાર્મિક માન્યતાઓનો ઘેરો પ્રભાવ હતો. દૃષ્ટાંત આપતા વેબર કહે છે કે પ્રોટેસ્ટન્ટ લોકો તેમના બાળકોને શિક્ષણ માટે યંત્રવૈજ્ઞાનિક, ઔદ્યોગીક અને વાણિજયનું શિક્ષણ આપતી સંસ્થાઓમાં મોકલતા હતા, જયારે કેથોલિકસ લોકો તેમના બાળકોને માત્ર સાહિત્ય,

કળા વગેરે માનવતા સંબંધી શિક્ષણ આપતી વિદ્યાશાખાઓમાં મોકલતા હતા. પરિણામે કુશળ મજૂરો અને વહીવટકારોમાં પ્રોટેસ્ટન્ટ લોકો કેથોલિક લોકોથી ચડિયાતા સાબિત થતા.

આ રીતે વેબર ઐતિહાસિક પ્રમાણો દ્વારા એ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે કે કેવી રીતે પ્રોટેસ્ટન્ટ ધર્મની નીતિઓ યુરોપના અનેક દેશોમાં શરૂઆતના મૂડીવાદના વિકાસમાં જોવા મળતી હતી. પ્રોટેસ્ટન્ટ ધર્મના સુધારાવાદી આંદોલને શરૂઆતથી જ ધાર્મિક પરિષદો તથા ધાર્મિક સમારંભોમાં માત્ર એ જ વ્યકિતઓને પ્રવેશ આપવાનો અધિકાર આપ્યો કે જેને આ ધર્મની નીતિઓમાં અપૂર્વ નિષ્ઠા હતી. ધાર્મિક પરિષદોના સભ્યોએ એ સાબિત કરવું પડતું હતું કે તેમનામાં પોતાના ધર્મની નીતિઓને વ્યવહારિક સ્વરૂપ આપવાની સંપૂર્ણ ક્ષમતા છે. વેબરના મતે આ પરંપરા સાધનાશીલ આજીવિકાને મહત્વ આપીને આધુનિક મુડીવાદના વિકાસમાં સૌથી વધારે સહાયક નીવડી છે. ધીમે ધીમે પ્રોટેસ્ટન્ટ ધર્મનું નૈતિક શિક્ષણ તેના બધા જ અનુયાયીઓના જીવનમાં એક વ્યવસ્થિત શૈલીમાં ગોઠવાઈ ગયું. વેબરે આ સ્થિતિને એક એવી ઘટનાના રૂપમાં સ્વીકારી છે કે જેનાથી પાશ્ચાત્ય જીવનના વિભિન્ન પાસાંઓમાં તર્કવાદની વૃદ્ધિ થઈ. આ તર્કવાદ પાશ્ચાત્ય સભ્યતાના વિવિધ રૂપોમાં સ્પષ્ટ થયો છે અને મૂડીવાદના વિકાસ સાથે તેનો સીધો સંબંધ છે. આ રીતે વેબરે 'મૂડીવાદનો સાર' અને 'પ્રોટેસ્ટન્ટ નીતિ' વચ્ચેના સંબંધની વ્યાખ્યાના આધારે ધર્મને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

# પ્રકરણ-૩

## સંદર્ભ સાહિત્ય


૩.૧ પ્રસ્તાવના

૩.૨ અભ્યાસ પુસ્તકો

૩.૨.૧ The Vaishnavas of Gujarat

By: N. A. Thoothi

૩.૨.૨ Religion among the Coorgs of South India

By: Prof. M. N. Shrinivas

૩.૨.૩ The Religion of India: The Sociology of Hinduism and Buddhism

By: Max Weber

૩.૨.૪ Religion in Indian Society

By: C. N.. Venugopal

૩.૩ સંશોધન અભ્યાસો

૩.૪ અભ્યાસની વિશેષતાઓ

# પ્રકરણ-૩
# સંદર્ભ સાહિત્ય

## ૩.૧ પ્રસ્તાવના

સંશોધન પ્રશ્નની પસંદગી બાદ તેને સંબંધિત સાહિત્યનું ગહન અને આલોચનાત્મક અધ્યયન કરવું જરૂરી છે. શોધવિષય સંબંધિત પૂર્વજ્ઞાન પ્રાપ્ત કરવાથી અધ્યયનકાર્ય સરળ બને છે. શ્રીમતી પી.વી.યંગ (૧૯૬૦:૧૨૪:૧૨૫)નાં મતે

૧. શોધ વિષયનાં સંબંધમાં એક અંત:દ્દષ્ટિ તથા સામાન્ય જ્ઞાન મેળવવા

૨. સંશોધન કાર્યમાં ઉપયોગી થઈ શકે તેવી પદ્ધતિઓનાં પ્રયોગનાં સંદર્ભમાં

૩. ઉપકલ્પનાનાં નિર્માણમાં તથા

૪. એક જ સંશોધન કાર્યનું પુનરાવર્તન કરવાની ક્ષતિમાંથી બચત માટે તેમજ

૫. અગાઉનાં સંશોધકોએ શોધપ્રશ્નનાં જે પાસા ઉપર ધ્યાન ન આપ્યુ હોય તે જાણવા માટે પણ મદદરૂપ બને છે.

એમ પણ કહી શકાય કે સાહિત્ય સમીક્ષાથી સંશોધન માટે માહિતીનાં સ્રોત અને પ્રયુક્તિઓ વિશે વાસ્તવિક જ્ઞાન મળે છે.

યોહાન પરમાર (૧૯૮૬:૧૬)નાં જણાવ્યા અનુસાર 'વૈજ્ઞાનિક સંશોધનનું એક લક્ષણ એ છે કે વૈજ્ઞાનિક સિદ્ધાંત કાયમી હોતો નથી. કારણો, તર્કનિપુણ દલીલો, નવા તથ્યો ને પ્રયોગોને આધારે તથ્યો વચ્ચે પ્રકાર્યાત્મક સંબંધો શોધીને જૂના સિદ્ધાંતનું ખંડન કરી તેમાં સુધારા-વધારા કરી શકાય છે. અથવા નવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરી શકાય છે. કોઈપણ સિદ્ધાંતને સનાતન સત્ય ગણી ન શકાય' આથી તેની જાણકારી મેળવવા લેખિત સંશોધન સાહિત્યનું વાંચન ઉપયોગી નીવડી શકે.

વી.સી.સિન્હા અને આર.એસ.દ્વિવેદી (૧૯૮૮:૩૯) જણાવે છે કે માનવ સમાજ

જટિલ તેમજ પરિવર્તનશીલ છે. સામાજિક તથ્યો પણ સ્થિર અને શાશ્વત નથી હોતા. પરિસ્થિતિ બદલાતાં તેમાં પણ પરિવર્તન આવે છે. આ સંદર્ભમાં તે વિશેનાં સ્થાપિત નિયમો કે સિદ્ધાંતો પૂર્ણત: કે આંશિક રીતે ખોટા સાબિત થઈ શકે છે તેને વર્તમાન સમયમાં અનુકુળ બનાવવા માટે તેમજતે અંગે સંશોધન વધારવા માટે પણ વિષયનાં સાહિત્યની સમીક્ષા ઉપયોગી છે.

એસ.એલ.દોશી અને એમ.એસ.ત્રિવેદી (૧૯૮૯:૩૭,૩૮) જણાવે છે કે સિદ્ધાંત સનાતન નથી હોતો તેમાં પરિવર્તન આવતું રહે છે. પરિવર્તનશીલતા સિદ્ધાંતની લાક્ષણિકતા છે. તેથી સિદ્ધાંતને કાયમી માનવો તે ભ્રમ છે. સિદ્ધાંત તથ્યો-અવધારણાઓ આધારિત હોય છે. સૂક્ષ્મ (Micro) સ્તરનાં સિદ્ધાંતો, બૃહદ (Micro) સ્તરથી વિપરીત સ્વરૂપનાં પણ પુરવાર થાય છે.

તેથી આ વિષે સ્પષ્ટ થવા માટે સંશોધન સાહિત્યનો અભ્યાસ ઉપયોગી છે.

કોઈપણ સંશોધકે સંશોધન કાર્ય કરવા માટેનું વિષય-ઉંડાણ, પ્રવાહનું વાંચન અને અથાગ પ્રયત્ન કરવાનાં હોય છે. તથા સાહિત્યની સાચી સમિક્ષા કરવા માટે તે અત્યંત જરૂરી બને છે. સંબંધિત સાહિત્યનો અભ્યાસ એ અતીતનાં અજવાળે સંશોધનની કેડી પર નવપ્રસ્થાન કરવાનું બળ પુરું પાડે છે. અને તેના દ્વારા સંશોધનનું દ્રષ્ટિબિંદુ ખૂબ જ સ્પષ્ટ બને છે. પૂર્વે થયેલાં કાર્યોથી પરિચિત થયેલાં સંશોધક પોતાનાં કાર્યોને નિશ્ચિત સ્વરૂપે આયોજિત કરી શકે છે. નિશ્ચિત હેતુ અને કાર્ય પદ્ધતિ અંગે નિર્ણય લઈ શકે છે. આરંભેલાં સંશોધનમાં આવતા વિધ્નો પ્રશ્નોનું નિવારણ સરળતાથી કરી શકે છે.

આ પ્રકારના જ્ઞાન કે અનુભવનો સંચય તેની વિકાસયાત્રામાં પ્રેરક અને માર્ગદર્શક નીવડે છે. આ રીતે પૂર્વે થયેલાં અભ્યાસો સંશોધક માટે કડીરૂપ છે.

આ અંગે જહોનડ્યુઈ જણાવે છે કે "Education is the reconstruction or reorganization of experiences, experiences of the race and the new

experiences are viewed together and then other experiences are reconstureted to suit the immediate needs."

ઉપરોક્ત કથનમાં જહોનડ્યુઈ જણાવે છે કે 'કેળવણી અનુભવોનાં નવનિર્માણ અને પુન:નિર્માણની પ્રક્રિયા છે. અનુભવોનું નવનિર્માણ એટલે કે નવા અનુભવોથી જાણકાર બનવું, શકય છે કે આ અનુભવો ભુલાઈ પણ ગયા હોઈ શકે, તેમને યાદ કરવા અથવા તેમાંથી જ્ઞાન મેળવવું' આમ સંદર્ભ સાહિત્યનાં અભ્યાસ પરથી સંશોધક પોતાનાં વિષયનું સ્પષ્ટ અને સંપૂર્ણ જ્ઞાન મેળવી શકે છે.

સાહિત્યમાં રજૂ થયેલી માહિતીની પ્રમાણિકતા અને વાસ્તવિકતા વિષે પણ જાણકારી મળી શકે છે. સંશોધકોમાં બે મત નથી કે સાહિત્યનું પૂર્વ અધ્યયન માત્ર ઉપયોગી જ નહીં પણ ખૂબ આવશ્યક છે. તે એક પ્રકારની પ્રારંભિક તૈયારી છે. તેમાંથી સંશોધનની સફળતા સરળ બને છે. વૈજ્ઞાનિકોનાં સંશોધન નિબંધ કે તારતમ્ય પરથી તે સમજી શકાય છે.

આ પ્રકારના અનુભવોને વાચા આપતું સાહિત્ય વધુ પ્રમાણમાં ઉપલબ્ધ નથી. આપણને આવુ અનુભવજન્ય સાહિત્ય મળે તો આપણા તારણો વધુ આધારભૂત બને. જો આ પ્રકારનું અનુભવજન્ય સાહિત્ય પ્રાપ્ત થાય તો તેના દ્વારા સંશોધક પોતાના તારણોને વધુ મજબૂત બનાવી શકે.

સંશોધક દ્વારા જે કોઈ સંદર્ભ સાહિત્ય ઉપલબ્ધ થયું છે તેને બે વિભાગમાં વિભાજીત કરેલ છે.

૧. પુસ્તકો દ્વારા પ્રાપ્ત સાહિત્ય

૨. સંશોધન અભ્યાસો દ્વારા પ્રાપ્ત સાહિત્ય

સંશોધકે મુખ્યત્વે ૪ પુસ્તકોને સંદર્ભ સાહિત્ય તરીકે ગણેલ છે. જેમાં ડો. થૂથીનો

ગુજરાતના વૈષ્ણવો ઉપરનો અભ્યાસ, ડૉ. શ્રી નિવાસનનો દક્ષિણ ભારતના કુર્ગનો અભ્યાસ, તથા શ્રી વેનુ ગોપાલના ભારતીય સમાજમાં ધર્મની ચર્ચા કરેલ છે.

આ ઉપરાંત સંશોધકે પી.એચ.ડી. અને એમ.ફીલ કક્ષાએ થયેલ સંશોધનોનું સંદર્ભ સાહિત્યમાં ઉપયોગ કર્યો છે. જેનાં સ્વમિનારાયણ સંપ્રદાય અને તેની અસરો, સ્વામિનારાયણ સંપ્રદાય અને પછાત જ્ઞાતિઓ, સ્ત્રીઓ અને આધ્યાત્મિકતા તથા અનુસ્થાનક કક્ષાના વિદ્યાર્થીના લગ્ન અને ધર્મ અંગેના વલણોનો ઉલ્લેખ કરેલ છે. જેની વિસ્તૃત ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

## ૩.૨ અભ્યાસ પુસ્તકો

### ૩.૨.૧ THOOTHI N. A. : THE VAISHNAVAS OF GUJARAT LONGMANS GREEN

શ્રી થૂથીએ ઓકસફર્ડ યુનિ.ના ડી.ફિલ.ના વિદ્યાર્થી તરીકે 'વૈષ્ણવાઝ ઓફ ગુજરાત'નું લેખન કાર્ય કર્યું હતું. ઓકસફર્ડ યુનિ.એ તેને માન્ય કરી નવેમ્બર ૧૯૨૪માં શ્રી થૂથીને ડી.ફિલની ડિગ્રી એનાયત કરી હતી. પરંતુ આ કાર્યને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં શ્રી થૂથીને ૧૦ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. તેઓ પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કે હું આ કાર્ય સને ૧૯૨૮માં પ્રકાશિત કરી શકયો હોત પરંતુ આ મહાનિબંધને વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં મારે સને ૧૯૩૧ના સેન્સસ રિપોર્ટને ટાંકવો જરૂરી હતો. શ્રી થૂથીના મતે સમાજશાસ્ત્રીય સંશોધન ચાલુ હોય ત્યારે તથા સમાજશાસ્ત્રીય અર્થઘટન કરવાનું હોય ત્યારે આંકડાકીય બાબતો ખૂબ જ મહત્વની પુરવાર થતી હોય છે. આમ, શ્રી થૂથીને અન્ય ત્રણ વર્ષ સેન્સસ રિપોર્ટની રાહ જોવામાં પસાર થયા.

'ધ વૈષ્ણવાઝ ઓફ ગુજરાત' મુખ્ય બે વિભાગોમાં વિભાજીત થયેલો, કુલ ૪૩૫ પાનાનો દળદાર સંશોધન ગ્રંથ છે. ગ્રંથનો પ્રથમ વિભાગ On the Vaishnavas of

Gujarat (પાના નં. ૯ થી ૩૭૨) ગુજરાતની ભૌગોલિક વિશિષ્ટતા, ગુજરાતનો ઈતિહાસ, ધાર્મિક સંગઠનો, સામાજિક સંગઠનો, આર્થિક સંગઠનો, સાહિત્ય અને સ્થાપત્ય વિષયક રસપ્રદ વિગતો રજૂ કરે છે.

જ્યારે બીજો વિભાગ On Method (પાના નં.૩૭૫ થી ૪૩૫) આ અભ્યાસમાં ઉપયોગમાં લેવાયેલી પદ્ધતિ ઉપર લખાયો છે. સામાજિક તપાસની શરૂઆત અને પ્રવૃત્તિ, સામાજિક તપાસનું સ્વરૂપ અને દૃષ્ટિબિંદુ, માનવીય સંશોધનમાં વૈજ્ઞાનિક અભિગમ, જીવશાસ્ત્રીય અને પ્રાદેશિક અભિગમ તથા સમાજનું મૂળભૂત સ્વરૂપ જેવા જુદાં જુદાં પ્રકરણો આ બીજા વિભાગમાં સમાવવામાં આવ્યા છે.

ગુજરાતના સામાજિક બંધારણની વ્યવસ્થા અને પરિસ્થિતિ ગુજરાતમાં વૈષ્ણવોના સંદર્ભમાં નીચે મુજબ તારવી શકાય.

ગુજરાતની કુલ વસ્તીના ૮૯ ટકા વસ્તી હિન્દુઓની છે, જેમાના મોટાભાગના એક કે અન્ય વૈષ્ણવ સંપ્રદાય સાથે જોડાયેલા છે. ગુજરાતમાં વસતા મોટાભાગના બ્રાહ્મણો અને ક્ષત્રિયો શૈવ છે, કેટલાક વણિકો જૈન છે, જ્યારે મોટાભાગના વૈષ્ણવો વૈશ્ય અને શુદ્ર છે. ગુજરાતમાં વૈષ્ણવ મત એક નવા મત તરીકે નિમ્ન વર્ણના લોકોને બ્રાહ્મણવાદમાંથી મુક્તિ અપાવવા માટે અસ્તિત્વમાં આવ્યો હોવાનું થૂથી લખે છે. તેઓ જણાવે છે કે વૈષ્ણવવાદનો ઉદભવ એ શૈવ શાસનને ધીમે ધીમે દૂર કરવાનો એક મકકમ પ્રયત્ન હતો. આ નવા પ્રાકૃતિક ધર્મ એ પ્રવર્તમાન સામાજિક બંધારણ સામે વિરોધ કરી લોકોના જીવન વિશેના અભિગમમાં એક નૂતન આશાનો સંચાર કર્યો. આ ધર્મએ નિમ્ન વર્ણના લોકોને એક આગવી ઓળખ પ્રદાન કરી. ઈસ્લામના આગમનને કારણે એ બાબત તો પ્રતિપાદિત થઈ ચૂકી હતી કે માનવીનો મોભો તે તેના કર્મ કે જન્મ દ્વારા નિર્ધારિત થતો નથી. વળી, ઉંચો સામાજિક મોભો પ્રાપ્ત કરવા કેટલાક નિમ્ન વર્ણના લોકોએ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો. સાથે સાથે

પોતાની ફરજ પ્રત્યે સભાન એવા કેટલાક બ્રાહ્મણો અને ક્ષત્રિયોએ નિમ્ન વર્ણના લોકોના ઉદ્ધાર માટે પોતાની ફરજ નિભાવવાના પ્રયત્નો કર્યા. ગુજરાતમાં વૈષ્ણવ ધર્મના વિકાસથી સમાજના કચડાયેલા વર્ગના લોકો સામાજિક મોભાની દ્રષ્ટિએ ઉંચા આવવા લાગ્યા.

પરંતુ આ પરિવર્તન એ એકાએક અને હિંસક નહોતું. ગુજરાતમાં વૈષ્ણવવાદ એ શૈવવાદ સામેની પ્રતિક્રિયામાંથી કુદરતી રીતે જ ઉદ્‌ભવ્યો હતો. શૈવવાદે બૌદ્ધ અને જૈન ધર્મ સામે બળવો કર્યો. પરંતુ વૈષ્ણવવાદ ને અનુબ્રાહ્મણવાદ અને પૂર્વબ્રાહ્મણવાદ જેવો કોઈ બળવો નહોતો. વૈષ્ણવ  સંપ્રદાયે નિમ્ન વર્ણના લોકોને મુક્ત જીવન તેમજ તેમના સાચા હક અપાવવા માટે પ્રયત્ન કર્યો. પૂર્વબ્રાહ્મણવાદનો વિરોધ થયો. શૈવ ધર્મ મુજબ ભગવાન શંકર એ સંહારક છે. યહૂદીઓ ભગવાનને શક્તિશાળી અને ભયાનક માને છે, પરંતુ ખ્રિસ્તી ધર્મ ઈશ્વર દયાળુ હોવાની માન્યતા ધરાવે છે. ખ્રિસ્તી ધર્મની આ માન્યતા યહૂદીઓની માન્યતા કરતા તદન વિપરીત છે. ખ્રિસ્તી ધર્મની માફક વૈષ્ણવ સંપ્રદાયમાં પણ ભગવાનને સર્વચાલક બળ તરીકે વર્ણવવામાં આવ્યા છે. અહીં ભગવાનને શૈવ ધર્મની જેમ ક્રોધ અને સંહારના દેવતા તરીકે વર્ણવવામાં આવ્યા નથી.

આમ છતાં, વૈષ્ણવવાદ અને શૈવવાદનું દ્રષ્ટિબિંદુ સંપૂર્ણપણે અલગ છે તેમ કહી શકાય નહીં. બંને મતના લોકો એકબીજાની ઘણી નજીક છે. ગુજરાતમાં કેટલાક વૈષ્ણવો શૈવ છે તો કેટલાક શૈવ વૈષ્ણવ છે. આ પ્રક્રિયા અટકાવી ન શકાય તેવી છે. કારણ કે ગુજરાતમાં વૈષ્ણવવાદ તરફનું પરિવર્તન એક ધીમી પ્રક્રિયા હતી. શૈવ પરંપરાની કેટલીક અસરો વૈષ્ણવવાદમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વારસામાં ઉતરી આવી છે. તે બંને વચ્ચેનો સામાન્ય વારસો બે પ્રકારનો છે:

૧. સામાજિક પર્યાવરણ અને

૨. ઈતિહાસ

ઈતિહાસ સાક્ષી છે કે ગુજરાત એક સમૃધ્ધ પ્રદેશ છે. શ્રી થૂથી લખે છે કે ગુજરાત એ સારી નિપજ આપનારો પ્રદેશ છે. આ પ્રદેશે અહીં રહેતા લોકોની ઉર્ધ્વગતિ કરી છે. પરંતુ હંમેશા જેમ ધનસંપત્તિ આશિર્વાદરૂપ છે, તેમ તેની આસપાસના વિસ્તારોમાં રહેલી ગરીબી આ પ્રદેશ માટે શાપરૂપ બની છે. પ્રાચીન સમયથી જ આ પ્રદેશમાં વિદેશથી ભટકતી જાતિઓના ટોળાંઓ આવતા, તે પછી યુધ્ધ હોય, વસાહત સ્થાપનની પ્રવૃતિ હોય કે માત્ર આશ્રય માટેનો ઈરાદો હોય. આ બધા સંજોગોમાં ગુજરાત એ વિવિધ સંસ્કૃતિ અને વિવિધ પરંપરાઓવાળા લોકોનું આશ્રયસ્થાન બન્યું છે. આ કારણથી જ ગુજરાત એ વિવિધ જ્ઞાતિઓ અને આચારવિચારમાં વૈવિધ્ય ધરાવતા લોકોને એકસાથે રાખનારું પાત્ર બન્યું છે. આ જ કારણથી ઘણી વખત ગુજરાતના લોકોએ કેટલાક સંઘર્ષનો સામનો કરવો પડયો છે. વિદેશી આક્રમણોએ શસ્ત્રો દ્વારા ધર્મ પરિવર્તનમાટેનું બીડું ઝડપ્યું હતું. આ આક્રમણખોરો સામે વિરોધ કરવા માટે ગુજરાતીઓ શારીરિક અને માનસિક રીતે સક્ષમ નહોતા. ગુજરાતના ગ્રામીણ સમુદાયમાં પ્રતિબિંબિત થતી આર્થિક વ્યવસ્થા પર તથા ગુજરાતની ધાર્મિક વ્યવસ્થા, સામાજિક વ્યવસ્થા તેમજ સંયુક્ત કુટુંબપ્રથા પર આક્રમણો થયા તથા તેને તોડી પાડવાના પ્રયત્નો થયા. પરંતુ આ સમયે કુટુંબ અને સમાજની ઢાલ બનવાનું કાર્ય ધર્મ સંસ્થાએ કર્યું. જેમાં અહીં પ્રવર્તતા જુદાં જુદાં મતો તથા સંપ્રદાયોએ મહત્વનું યોગદાન આપ્યું પરિણામે ગુજરાતની કુટુંબપ્રથા અને સમાજને તોડવાનો પ્રયત્ન કરનારાઓ પરાસ્ત થયા.

શૈવવાદે વૈષ્ણવધર્મને આપેલો વારસો ત્રણ પ્રકારનો હતો.

૧. સામાજિક

૨. આર્થિક અને

૩. ધાર્મિક

સામાજિક વારસામાં એક મુદો અચળ રહયો અને તે હતો કુળ અને ગૌત્ર આધારિત

સામાજિક વ્યવસ્થા. અહીં મોટેભાગે પૂર્વજોના વ્યવસાયને અનુસરવું તે માનવધર્મ સમજવામાં આવતો નથી.

બીજો મુદ્દો હતો- આર્થિક બાબત. શૈવોએ વૈષ્ણવોને વર્ણવ્યવસ્થા આપી પરંતુ વૈષ્ણવોએ તેને સ્વીકારી નહીં. ગુજરાતમાં વૈષ્ણવવાદના વિકાસથી વર્ણવ્યવસ્થાનું પતન થયું અને તે માટેનું મુખ્ય જવાબદાર પરિબળ આર્થિક વ્યવસ્થા હતું. વૈષ્ણવોની આર્થિક વ્યવસ્થાએ વર્ણવ્યવસ્થાને તોડવામાં મહત્વની ભૂમિકા ભજવી.

ત્રીજો મુદ્દો હતો- ધર્મ. આ ધાર્મિક વ્યવસ્થામાં લાભ અને ગેરલાભ બંને બાબતો મહત્વની હતી. શૈવવાદમાં ધર્મના બંધનોએ વ્યક્તિના વ્યક્તિત્વને દબાવી રાખ્યું હતું. જ્યારે વૈષ્ણવ ધર્મએ પ્રત્યેક વ્યક્તિને પોતાની આગવી ઓળખ પ્રદાન કરી.

પહેલાં વ્યક્તિના જન્મ બાદ તેની કુંડળીના આધારે તેના ભવિષ્યની આગાહી કરવામાં આવતી. કોઈપણ હિન્દુ, પુત્રની પ્રાપ્તિ સિવાય સ્વર્ગ પ્રાપ્ત કરી શકતો ન હતો કે શ્રાદ્ધકર્મ કરી શકતો નહોતો. ગ્રામીણ સમુદાયમાં બાળલગ્નો સ્વાભાવિક હતા. લગ્ન અંગેના જ્ઞાતિના કાયદાઓ ખૂબ જ મજબૂત હતા. જ્ઞાતિ બહાર લગ્ન કરનાર વ્યક્તિને નાતબહાર મૂકાવું પડતું. જો પુરુષ વિધુર થાય તો તેણે ફરજિયાત પુનર્લગ્ન કરવા પડતા. આ બાબતની ચરમસીમા તો એ હતી કે મરણપથારીએ પડેલી પત્ની મૃત્યુ પામે તે પહેલાં જ તેના પતિના પુનર્લગ્નની વિચારણા થતી અને પત્નીની ચિંતા સળગે તે સાથે જ વિધુરના પુનર્લગ્ન કરાવવામાં આવતા. આવી ક્રુર અને અમાનુષી પ્રથા ગ્રામીણ લોકો માટે સ્વાભાવિક હતી. જો કે સમાજનો શિક્ષિત વર્ગ આ પ્રથાને ધિક્કારતો હતો.

વળી, સ્ત્રીઓની બાબતમાં આનાથી વિરુદ્ધ પરિસ્થિતિ વર્ણવતી હતી. પુત્રીનો જન્મ કોઈ દુ:ખદ ઘટના નહોતી, પરંતુ આવકારદાયક પણ ન હતો. કુટુંબમાં પુત્રીના જન્મની સાથે જ માતાપિતા તેના લગ્ન અંગેની ચિંતા કરવા લાગતા. લગ્નબાદ જ્યારે સ્ત્રી માતા બનતી

ત્યારે સમાજમાં તેનો દરજ્જો ઉંચો આવતો. વિધુરને પુનર્લગ્ન માટે દબાણ કરવામાં આવતું, જ્યારે વિધવા પુનર્લગ્ન કરી શકતી નહોતી. તેને કમનસીબ માનવામાં આવતી. સમાજમાં વિધવાનું સ્થાન ગૌણ હતું અને આવી વિધવા સ્ત્રીઓએ અનેક સમસ્યાઓનો પણ સામનો કરવો પડતો. બ્રાહ્મણ અને વાણિયાઓમાં  વિધવા પુનર્લગ્ન કરી શકતી નહોતી, જ્યારે ગોલા અને ઘાંચી જેવી કેટલીક જ્ઞાતિઓમાં તે શક્ય બનતું.

જ્ઞાતિપ્રથાના બંધનો ભલે કડક હતા પરંતુ તેમાં એક સ્વતંત્રતા હતી- ધાર્મિક પૂજાની. પોતાની જ્ઞાતિના દેવતા સિવાય વ્યક્તિ કોઈપણ દેવની પૂજા-આરાધના કરી શકતો. વળી, પાશ્ચાત્ય વિચારસરણીએ ઉપરોક્ત અમાનુષી પરંપરાઓ અને રિવાજોનું પતન કરવામાં મહત્વની ભૂમિકા ભજવી. સાથે સાથે ગુજરાતમાં વૈષ્ણવ સંપ્રદાયને કારણે સમાજના કચડાયેલા વર્ગના લોકો માટે શાંતિમય જીવન અને વ્યક્તિત્વ વિકાસ શકય બન્યો.

જીવન વિરોધાભાસથી ભરેલું છે. ક્રાંતિકારી પરિવર્તન એ ધીમી પ્રગતિ છે. જ્યાં સુધી ધર્મને લાગેવળગે છે ત્યાં સુધી લોકોમાં એકાએક સંપૂર્ણ પરિવર્તન શકય નથી. પાશ્ચાત્ય સંસ્કૃતિએ પરિસ્થિતિ સામે માનવીની આંખ ઉઘાડી, તેમ છતાં ધર્મ એ માનવજીવનમાં સર્વોચ્ચ સ્થાન જાળવી રાખ્યું છે. જેમ જેમ ધર્મમાં લવાચિકતા વધશે તેમ તેમ અધર્મને સમાજમાંથી દૂર કરી સ્વચ્છ સમાજનું નિર્માણ શકય બનશે. પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ, ધર્મની જડતા, જ્ઞાતિના જડ બંધનો જેવા દુષિત વાતાવરણની વચ્ચે પણ કેટલાક સેફટી વાલ્વે સમાજને મજબૂત રાખ્યો છે. કેટલાક મતો અને સંપ્રદાયોએ ધર્મના નવા અર્થઘટન દ્વારા વ્યક્તિના મોક્ષ માટેના અને જ્ઞાતિની ઉન્નતિ માટેની ઉજળી તકોના દ્વાર ખોલ્યા છે. ગુજરાતમાં આ સાંપ્રદાયિક વિચારસરણીએ સેફટીવાલ્વ તરીકે સહકાર અને સ્થિરતાની પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. પરંતુ આ હકારાત્મક સામાજિક વિકાસના કાર્યમાં એક નેતાનું હોવું બધા જ કિસ્સાઓમાં જરૂરી રહ્યું છે. સમૂહ દ્વારા એકાએક થયેલું પરિવર્તન ધ્યાનમાં આવ્યું નથી.

વૈષ્ણવવાદમાં ધર્મને બાજુ પર મૂકી અન્ય કોઈ પ્રવૃતિને વધુ પ્રોત્સાહીત કરાઈ નથી. તેમાં ધર્મના પ્રવર્તમાન બંધનો સામેનો પ્રસંગોપાત વિરોધ પણ ધર્મના નામે જ કરવામાં આવ્યો છે. ધર્મ વિના વિશ્વનું વિશ્વ તરીકેનું અસ્તિત્વ સંભવી શકે નહી એવી હિન્દુ ધર્મની માન્યતા છે. ઉચ્ચ જીવન માટે હેતુલક્ષી અસ્તિત્વ જરૂરી છે.

ગુજરાતમાં વૈષ્ણવોના સ્થાપત્ય અને ઈતિહાસે સાબિત કરી દીધું છે કે સંસ્કૃતિની ઊર્ધ્વગતિ કરવામાં સંગઠિત સામૂહિક પ્રયત્ન જરૂરી છે. છતાં પણ હિન્દુ ધર્મની એક વિચિત્ર બાબત એ છે કે કેટલાક રિવાજો અને પરંપરાને 'શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે...' તે રીતે અનુસરવામાં આવે છે. આવી વિચિત્ર પરિસ્થિતિના બે કારણો છે.

૧. બ્રાહ્મણોએ પોતાની સંસ્કૃતિના કાયદાઓ, રિવાજોને પોતાની ઈર્ષ્યાને કારણ અન્ય વર્ણના લોકો સુધી પહોંચાડ્યા નહીં. જો આ પ્રાચીન પરંપરાઓ અને સંસ્કૃતિને સર્વભોગી બનાવવામાં આવી હોત તો તે વધુ સારી રીતે સંગ્રહિત રહી શકી હોત. તેમ છતાં આ માટે માત્ર બ્રાહ્મણોને જ દોષિત માનવા તે યોગ્ય નથી.

૨. બૌદ્ધ ધર્મના શાસન સમયે અને વિદેશી આક્રમણો વખતે બ્રાહ્મણોએ પોતાની શક્તિ ગુમાવી દીધી હતી.

ઉપરોક્ત નબળાઈઓ હોવા છતાં વૈષ્ણવોનો સાંસ્કૃતિક વારસો નિ:શંક રીતે એવું દર્શાવે છે કે તે જીવંત છે, મૃત:પ્રાય નથી. રાજકીય સ્થિરતાને કારણે અને ધાર્મિક સહિષ્ણુતાને કારણે વૈષ્ણવ સંસ્થાઓ યોગ્ય રીતે કામ કરી રહી છે અને વ્યક્તિ વધુ સ્વતંત્ર, જીવંત અને સક્રિય બની રહયો છે. કુટુંબ અને જ્ઞાતિ હજુ પણ મજબૂત છે, અને ધર્મ બધાનો દોરીસંચાર કરી રહયો છે. આમ, આપણે કહી શકીએ કે છેલ્લા કેટલાક દાયકાઓથી સમાજનો વિકાસ ભલે ધીમો હોય પરંતુ તે ઊર્ધ્વગામી રહ્યો છે. આવા સમયે સમાજના પતનની કોઈ શંકા સેવવી તે અસ્થાને છે.

વૈષ્ણવ સ્ત્રીઓ પોતાની સંસ્થાઓ દ્વારા સમાજ ઉપયોગી તથા શૈક્ષણિક કાર્યો કરી રહી છે. સને ૧૯૦૦માં તેમના દ્વારા સ્થાપિત નારીગૃહે સમાજના તમામ વર્ગ અને જ્ઞાતિની વૈષ્ણવ સ્ત્રીઓને એકઠી કરીને જુદાં જુદાં ભાગોમાં શૈક્ષણિક અને ધાર્મિક કાર્યો માટે પ્રયત્ન કર્યો હતો. સને ૧૯૨૩માં ૨૨ વર્ષની કુંવારી વૈષ્ણવ સ્ત્રી એક શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનના સદસ્ય તરીકે ચૂંટાઈ આવી હતી. તો અન્ય એક કપોળ વણિક સ્ત્રી નામદાર મેજિસ્ટ્રેટ તરીકે નિયુક્ત થઈ હતી. વળી, મહાત્મા ગાંધીના પત્ની શ્રીમતિ કસ્તુરબા ગાંધી પોતાના પતિના જેલવાસ દરમ્યાન સતત તેમની  સાથે રહ્યા હતા.

આ રીતે વ્યક્તિ સ્વતંત્ર બની રહ્યો છે અને ધર્મ, જ્ઞાતિ અને કુટુંબની બિનજરૂરી ધૂંસરીમાંથી છૂટકારો મેળવી રહ્યો છે. એક સંસ્કૃત સમાજનો પ્રયત્ન વ્યક્તિને પોતાના વ્યક્તિત્વમાં રહેલી શ્રેષ્ઠતા પ્રદર્શિત કરવાની વધુને વધુ તક આપવી તે તરફનો હોવો જોઈએ. સામૂહિક પ્રયત્ન સમગ્ર સમાજવ્યવસ્થામાં વ્યક્તિને પોતાની ભૂમિકા અદા કરવા માટેની સ્વતંત્રતા આપશે તે નિશ્ચિત છે.

આ પુસ્તકનો બીજો વિભાગ સંશોધન પદ્ધતિને લગતો છે. આ વિભાગમાં શ્રી થૂથીએ બે બાબતોનું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે.

૧. તથ્યોએ એકત્રિત કરવાની પદ્ધતિ અને

૨. આ અભ્યાસમાં જે સાહિત્યનો અભ્યાસ કરવામાં આવ્યો છે તેને સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી મૂલવવું.

અહીં એવી આશા સેવવામાં આવે છે કે આ અભ્યાસ સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુ અને પદ્ધતિ જેટલા જ સામાજીક તથ્યોને સમાવે છે. જો કે સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુ અને પદ્ધતિશાસ્ત્ર ખૂબ જ જરૂરી હોવા છતાં આ ચોકકસ ક્ષેત્રમાં સંશોધકો દ્વારા હજુ સુધી સંતોષજનક રીતે તે રજુ થયું નથી અને જ્યારે તે આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે ત્યારે તે એકતરફી રહ્યું

છે. લેપ્લે, ડિમોલીન અને રાટ્ઝોએ આપેલી વિગતો ભૌગોલિક વધુ છે, હેડન અને રીવર્સની પદ્ધતિ મુખ્યત્વે એથ્નોલોજિકલ છે, તો મેકડૂગલની પદ્ધતિ મનોવૈજ્ઞાનિક અને ફ્રોઈડની મનોવિશ્લેષણાત્મક છે. Argonants of the western pacific નામના ગ્રંથમાં મેલિનોવસ્કીએ સંશોધન પદ્ધતિની વિગતવાર રૂપરેખા આપી છે કે જેનો ઉપયોગ કરીને કોઈપણ વ્યક્તિ લાભકારક રીતે માહિતી એકત્રિત કરી શકે અને આદિમ સમાજના લોકો માટે એક ચોકકસ પ્રકારનું દ્દષ્ટિબિંદુ વિકસાવી શકે.

જો કે ઉપરોક્ત બધી જ પદ્ધતિઓ આદિમ સમાજના અભ્યાસ માટે અપનાવવામાં આવી છે અને અપનાવવી જોઈએ. પરંતુ વિશાળ સમાજના સંદર્ભમાં આદિમ સમાજ એ સામાજિક ઘટનાઓના એક વિભાગનું કે વિકાસના તબકકાનું માત્ર નિદર્શન છે. આદિમ અને પ્રાથમિક જૈવકીય તથ્યો ખરેખર તો તેના જીવનના પ્રારંભના થોડા વર્ષોનું જ નિદર્શન કરે છે. આમ, આદિમ અને સભ્ય માનવી વચ્ચેની કોઈ તિક્ષ્ણ ભેદરેખા દોરી શકાય તેમ નથી. કારણ કે આદિમ સમાજના માનવીમાં પણ સભ્ય સમાજના માનવી જેટલું સામર્થ્ય સંભવી શકે છે.

સંશોધન સમયે સંશોધનના તમામ નિયમોને ધ્યાનમાં લેવા જોઈએ જેનાથી કઈ પદ્ધતિ અપનાવવી એ બાબત નકકી થાય છે. વળી, આ પદ્ધતિઓની પસંદગી કરવાની હોય ત્યારે માનવસમાજના તમામ તબકકાને ધ્યાનમાં લેવાની વાત ડો. થૂથી લખે છે. શ્રી થૂથી જણાવે છે કે તમામ સમાજશાસ્ત્રીય સંશોધન એવા સામાજિક નિયમોને ઉદ્દ્ઘટિત કરે છે કે જે આપણને ભૂતકાળ તથા વર્તમાનને સમજવામાં મદદરૂપ થાય, જીવનશૈલીને સુધારવામાં સાધન બને તથા સામાજીક સમસ્યાઓને દુર રાખે. સમાજશાસ્ત્રીએ રોગોનું માત્ર નિદાન જ કરવાનું નથી, પરંતુ એ નિદાન સુધીપહોંચવાનો સાચો માર્ગ પણ શોધવાનો છે. આવનારા વર્ષોમાં તેનું પ્રાથમિક કાર્ય તબીબો, રસાયણશાસ્ત્રીઓ, ભૌતિકશાસ્ત્રીઓ, વકીલો અને

ધર્મગુરુઓની મદદથી સામાજિક સમસ્યાઓના નિવારણ માટેના ઉપચારમાં મદદરૂપ થવાનું હશે.

### ૩.૨.૨ SRINIVAS M.N.: RELIGION AND SOCIETY AMONG THE COORGS OF SOUTH INDIA

**P.S. JAYASINGHE ASIA PUBLISHING HOUSE- BOMBAY, 1965**

જુદાં જુદાં અભિગમથી કરવામાં આવતો ધર્મનો અભ્યાસ સંશોધક માટે કેટલીક સમસ્યાઓનું નિર્માણ કરે છે. ધર્મને સમજવા મથતાં સામાજીક માનવશાસ્ત્રીઓ માટેની મુખ્ય સમસ્યા છે- ધર્મના સામાજિક કાર્યની સમજૂતી મેળવવાની. સમાજના અસ્તિત્વને નિયમબદ્ધ રીતે જાળવવામાં તથા માનવીની સામાજિક સંબંધોની વ્યવસ્થાને ટકાવી રાખવામાં ધર્મ કેવી રીતે પોતાનું યોગદાન આપે છે તે સમજવું જરૂરી છે. ધર્મ વ્યક્તિઓને જોડનારું પરિબળ છે એ બાબત સર્વસ્વીકાર્ય છે અને ધર્મ શબ્દનો અર્થ પણ આ જ બાબતનો નિર્દેશ કરે છે. પરંતુ ધર્મના સામાજિક કાર્યની વૈજ્ઞાનિક સમજૂતી મેળવવાનું ઘણું મુશ્કેલ છે. ધર્મની તથા ધર્મના સામાજીક કાર્યની સમજુતી મેળવવા માટે સંશોધકે વિવિધ પ્રકારના ધર્મ અંગેના વિશ્લેષણાત્મક અભ્યાસોને ધ્યાન પર લેવા જોઈએ. આમ કરવાથી પદ્ધતિસરની તુલના શકય બનશે અને સંશોધક કોઈ સર્વસામાન્ય સિદ્ધાંત સુધી પહોંચી શકશે. આ અર્થમાં પ્રો. એમ.એન.શ્રીનિવાસે દક્ષિણ ભારતના કુર્ગોના ધર્મ અને સમાજનો સમાજશાસ્ત્રીય પદ્ધતિથી કરેલો અભ્યાસ વિશેષ મહત્વનો બને છે.

ધાર્મિક વર્તન એ ખરેખર તો સામાજિક વર્તન જ છે. ચોકકસ સમાજમાં ધર્મના સામાજીક કાર્યનું સંશોધન કરતી વખતે સંશોધકે સૌપ્રથમ તો ધર્મનો સામાજીક માળખા સાથેનો સંબંધ તપાસવો જોઈએ. આ અર્થમાં કુર્ગોનો અભ્યાસ વધુ ઉપયોગી પુરવાર થાય છે. સંયુક્ત કુટુંબ, ગ્રામીણ સમુદાય અને જ્ઞાતિવ્યવસ્થા જેવા જુદાં જુદાં સામાજિક માળખામાં

કુર્ગો સહભાગી થતા હોય છે. સામાજિક માળખાના આ ત્રણેય વિભાગોમાં ધાર્મિક વર્તનની આગવી વ્યવસ્થા છે.

પ્રત્યેક કુર્ગ પિતૃપ્રધાન સંયુક્ત કુટુંબ 'ઓક્કા'નો સભ્ય છે. આ સમૂહ તથા તેના સભ્યો સાથે તે ખૂબ જ નિકટતાથી જોડાયેલો છે. વળી, આ સમૂહનું તેના જીવનમાં અનોખું મહત્વ છે. કુર્ગ સમાજમાં આવા પ્રત્યેક સમૂહને પોતાની આગવી ધાર્મિક પૂજાપદ્ધતિ છે. સંયુક્ત કુટુંબના પ્રત્યેક સભ્યએ આ ધાર્મિક પૂજાપદ્ધતિને નિયમિત રીતે અનુસરવાનું હોય છે. વર્ષ દરમ્યાન આવતા ઉત્સવોમાં તેઓનું આ ધાર્મિક વર્તન જોવા મળતું હોય છે. સમૂહની એકતા કે હિતને અસર કરતા કોઈપણ પ્રસંગો જેવા કે જન્મ, મૃત્યુ, લગ્ન વખતે ધાર્મિક વિધિ થતી હોય છે. ધાર્મિકતા કુર્ગ સમાજમાં અતિ મહત્વની છે અને કુટુંબના સભ્યો જરૂરિયાત મુજબ આ ધાર્મિક વિધિઓને અનુસરતા હોય છે.

શ્રીનિવાસ આ કૌટુંબિક ધાર્મિક પ્રણાલિઓની કેટલીક લાક્ષણિકતાઓનું વર્ણન કરે છે. તેઓ આ ધાર્મિક વિધિના સામાજિક કાર્યો દર્શાવી કાર્યાત્મક વ્યવસ્થામાં સામૂહિક એકતા અને સાતત્ય કઈ રીતે જળવાઈ રહે છે એ બાબતની સ્પષ્ટ સમજૂતી આપે છે. વળી, તેઓ કુર્ગ કૌટુંબિક સમૂહની ધાર્મિક વિધિઓમાં ઉપયોગમાં લેવાતા ભાષાના રૂઢ અર્થોને પણ સમજાવે છે. ધાર્મિક વિધિઓની કોઈપણ વ્યવસ્થામાં પ્રત્યેક ધાર્મિક વર્તનનો ચોકકસ અર્થ હોય છે અને કેટલાક અર્થો આ વ્યવસ્થામાં ભાષાના રૂઢિપ્રયોગો રચે છે. જુદાં જુદાં સમાજોમાં જુદી જુદી ભાષાઓની સાથે ધાર્મિક ક્રિયાઓના રૂઢિગત અર્થોની પણ વ્યવસ્થા હોય છે. ધાર્મિક ક્રિયાઓ સંબંધી ગૂઢ અર્થોનું સંશોધન કરવું એ માનવશાસ્ત્રીઓનું એક મહત્વનું કાર્ય છે. આ અર્થ મુજબ સંશોધકે જે તે સમાજની ભાષાઓનો પણ અભ્યાસ કરવો જોઈએ. ધર્મને સમજવા માટે ધાર્મિક ક્રિયા સંબંધી રૂઢ અર્થોને જાણવા જરૂરી છે કે જેના દ્વારા તેઓ પોતાની ધાર્મિક લાગણી વ્યક્ત કરતા હોય છે. શ્રીનિવાસ લખે છે કે જ્યાં સુધી

આપણે કુર્ગોના ધાર્મિક અર્થોને બરાબર રીતે ન સમજી શકીએ ત્યાં સુધી આપણે કૌટુંબિક સમૂહને સમજી શકીએ નહીં.

પિતૃપ્રધાન સંયુક્ત કુટુંબ 'ઓક્કા'નો સભ્ય હોવાની સાથે સાથે દરેક કુર્ગ ગ્રામીણ સમુદાયનો પણ સભ્ય છે, જેમાં માત્ર તેની પોતાની જ્ઞાતિના સભ્યો જ નહીં, પરંતુ અન્ય જ્ઞાતિના સભ્યો પણ વસવાટ કરે છે. આ ગ્રામીણ સમુદાયને પણ પોતાની આગવી ધાર્મિક પૂજાની પદ્ધતિ છે, જેમાં તેના દેવદેવીઓ અને આ દેવદેવીઓના મંદિરો તથા પવિત્ર અવશેષોનો સમાવેશ થાય છે. આ ગ્રામીણ દેવો જ્યારે અતિ પ્રસન્ન થાય છે ત્યારે સમગ્ર ગામ અને ગામના લોકોની શીતળા, પ્લેગ અને અન્ય પ્રાકૃતિક અનિષ્ટો સામે રક્ષા કરે છે તથા તેમનું આરોગ્ય સારું રહે અને ખેતીમાં મબલક પાક થાય એવા આશીર્વાદ આપે છે. આમ, ગ્રામીણ દેવોની પૂજા-આરાધના એ સમુદાયની સામૂહિક ક્રિયા છે. જેમ કૌટુંબિક સમૂહ કોઈ, ચોકકસ સામૂહિક હિતનું જતન કરવાનું ધ્યેય ધરાવે છે એવી જ રીત ગ્રામ સમુદાય સમગ્ર ગામના હિતનું જતન કરવાનું ધ્યેય ધરાવે છે. આ બંને સમૂહો પ્રત્યેક વ્યક્તિને ચોક્કસ સમૂહનું (સંયુક્ત કુટુંબ કે ગ્રામીણ સમુદાયનું) સભ્યપદ મેળવવા પર ભાર મૂકે છે.

શ્રીનિવાસના આ અભ્યાસમાં સામાજિક માળખાની ત્રણ મહત્વની લાક્ષણિકતાઓ પણ ગ્રામીણ સમુદાય સાથેના સંબંધમાં સમજી શકાય તેમ છે.

સૌપ્રથમ લાક્ષણિકતા એ છે કે કોઈપણ ઉત્સવ કે પ્રસંગમાં સમગ્ર ગામના લોકો સહભાગી થાય છે અને ગામના વિવિધ જ્ઞાતિસમૂહોને તેમાં જુદી જુદી ભૂમિકાઓ ભજવવાની હોય છે. આને કારણે એક પ્રકારની અસમાનતા ઉભી થાય છે. દા.ત. પ્રાણીઓના બલિદાન પ્રસંગે અમુક જ્ઞાતિના સભ્યોને ભાગે કંઈ જ કરવાનું આવતું નથી. આ પ્રસંગમાં ગામડાંના અમુક જ્ઞાતિના સમૂહો જ મોટે ભાગે બધું જ કાર્ય કરતા હોય છે અને તેઓ આવું કરીને અન્ય જ્ઞાતિ સમૂહોથી પોતાનું  અળગાપણું જાળવી રાખી પોતાની જ્ઞાતિની એકતા પ્રદર્શિત

કરતા હોય છે. ગામડાંના જ્ઞાતિ માળખાનું આ એક મહત્વનું લક્ષણ છે.

બીજી લાક્ષણિકતા એ છે કે દરેક ગામ સામુહિક કાર્યોમાં પોતાની એકતા તથા સંપ પ્રદર્શિત કરે છે. વળી, જુદાં જુદાં ગામો વચ્ચે સહકારની ભાવના પણ જોવા મળે છે. એક ગામનો વ્યક્તિ અન્ય ગામના ઉત્સવોમાં સહભાગી થઈ શકે છે. આમ, કુર્ગ ગામડાંઓ એ બીજું કંઈ નહીં પરંતુ એક વિશિષ્ટ ધાર્મિક સમુદાય છે.

જ્યારે ત્રીજી લાક્ષણિકતા મુજબ ગામના સ્થાનિક દેવદેવીઓ હિન્દુ મંદિરના દેવદેવીઓ સાથે આત્મસાત થયેલા જોવા મળે છે. અહીંના ચોકકસ સ્થાનિક દેવદેવીઓ શિવ-પાર્વતીના નામે ઓળખાય છે. આમ, કુર્ગોનો ધાર્મિક સમુદાય એ વિશાળ હિન્દુ સમાજની જ એક સંસ્થા છે. જો કે કુર્ગોની આ હિન્દુ ધાર્મિક સંસ્થા એકતરફી છે. રૂઢિગત હિન્દુ સમૂહોમાં મંદિરોમાં બ્રાહ્મણો સેવાપૂજા કરે છે. રૂઢિગત હિન્દુ દેવદેવીઓ શાકાહારી છે અને દારૂ જેવા પીણાંઓ અહીં નિષિદ્ધ છે. જ્યારે કેટલાક કુર્ગ ગ્રામદેવોને પ્રાણીઓના લોહી, માંસ અને તાડી ધરાવવામાં આવે છે. આમ, આ સમયે કુર્ગ લોકો હજુ પૂર્ણ સંસ્કૃતિકરણ પામ્યા નથી, પરંતુ ગ્રામીણ દેવ-દેવીઓની પૂજાઆરાધનામાં તેનું સહભાગીપણું પોતે વિશાળ હિન્દુ સમાજનો સભ્ય છે એવું વિચારતો કરવા તેને પ્રેરે છે.

વળી, એક વ્યક્તિ તરીકે પ્રત્યેક કુર્ગ કોઈ ચોકકસ સંયુક્ત કુટુંબ કે ગ્રામીણ સમુદાયનો સભ્ય છે, પરંતુ વધુમાં તે જન્મથી જ કોઈ એક ચોકકસ સામાજિક જૂથનો પણ સભ્ય છે જેને આપણે 'જ્ઞાતિ' તરીકે ઓળખીએ છીએ. ભારતમાં હજારો જ્ઞાતિસમૂહો વસવાટ કરે છે. પ્રત્યેક જ્ઞાતિ એક ધાર્મિક સમૂહ પણ છે અને તેનું સભ્યપદ મેળવ્યા બાદ જે તે વ્યક્તિએ ચોકકસ ધાર્મિક વિધિઓને અનુસરવાનું હોય છે. જ્ઞાતિના વર્તન અંગેના આવા નિયમો એ જ ધર્મના નિયમો છે. ભારતની જ્ઞાતિવ્યવસ્થાના સામાજિક માળખાના તુલનાત્મક અધ્યયનમાં સમાજશાસ્ત્રને વિશેષ રસ છે. જ્ઞાતિના મુખ્ય બે લક્ષણો છે.

૧. અળગાપણું: વિવિધ જ્ઞાતિઓ વચ્ચે સામાજિક સંપર્કના કેટલાક નિયમો હોય છે. આંતર્લગ્નનો નિયમ જ્ઞાતિ બહારના લગ્નોને અટકાવે છે. કોની સાથે ભોજન કરવું, કોના હાથે અપાયેલું પાણી પીવું વગેરે જ્ઞાતિ નક્કી કરે છે.

૨. ધાર્મિક અસમાનતા: બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલો કોઈપણ વ્યક્તિ પવિત્ર છે અને તે મંદિરના પૂજારી તરીકેનું કાર્ય કરી શકે છે. જ્યારે બીજી બાજુ નિમ્ન જ્ઞાતિમાં જન્મેલો કોઈપણ વ્યક્તિ અસ્પૃશ્ય છે અને તેને માત્ર તેના જન્મને કારણે જ અપવિત્ર માનવામાં આવે છે. તેની સાથેનો સંપર્ક કે વ્યવહાર ઉચ્ચ જ્ઞાતિની વ્યક્તિને અપવિત્ર બનાવે છે. વ્યક્તિઓ વચ્ચેની આવી અસમાનતા એ જ્ઞાતિનું એક મહત્વનું લક્ષણ છે. જ્ઞાતિમાં જોવા મળતી આવી અસમાનતા ખરેખર તો ધાર્મિક અસમાનતા છે.

જ્ઞાતિનું આ સામાજિક માળખું એક જ્ઞાતિને જુદાં જુદાં અનેક વિભાગોમાં વિભાજીત કરી દે છે. વળી, વિવિધ જ્ઞાતિસમૂહો હિન્દુ ધર્મ દ્વારા આપવામાં આવેલી ધાર્મિક વિધિઓ અને માન્યતાઓનું પાલન કરી એક ધાર્મિક સમુદાયનું નિર્માણ પણ કરે છે. ભારતમાં જ્ઞાતિનું આવું વિભાજન હિન્દુ-મુસ્લીમ વિભાજન કરતા અલગ પ્રકારનું છે.

ધર્મ અને સામાજિક માળખા વચ્ચેનો આંતરસંબંધ સમજવામાં શ્રીનિવાસનો આ અભ્યાસ ખરેખર મહત્વનો છે. સમાજના કાર્યાત્મક માળખામાં રહેતા કુર્ગનો દરજ્જો સમજવા માટે સૌપ્રથમ તો તે જે પિતૃસત્તાક સંયુક્ત કુટુંબ 'ઓક્કા'માં રહે છે તેને સમજવું પડે. ત્યારબાદ ધાર્મિક વર્તનના ક્ષેત્રમાં તેની સંવાદિતા અને કૌટુંબિક સમૂહમાં તેનું સહભાગીપણું સમજવું પડે.

વળી, કુર્ગ લોકો એ ગ્રામીણ સમુદાયના પણ સભ્ય છે કે જે સ્થાનિક કુર્ગ સમુદાયનો જ એક ભાગ છે અને તેની સાથે તે વિશાળ હિન્દુ સમાજનો પણ એક ભાગ છે. ધાર્મિક

વર્તન આ સંદર્ભમાં ભગવાનની સેવાપૂજા કરવામાં સહભાગીપણું દર્શાવે છે.

વળી, કુર્ગો હિન્દુ સામાજિક માળખાના જ્ઞાતિસમૂહોમાંથી જ એક જ્ઞાતિના સભ્ય છે. તેમનું ધાર્મિક વર્તન આ સંદર્ભમાં જ્ઞાતિના નિયમોને ચુસ્ત રીતે અનુસરે છે જેથી કેટલાક ધાર્મિક દૂષણોને ટાળી શકાય.

ધર્મ અને સામાજિક માળખા વચ્ચેનો સીધો સંબંધ એ માન્યતાને ઉદ્‌ઘાટિત કરે છે કે ધાર્મિક ક્રિયા કે વિધિ સમૂહના હિત માટે મહત્વનું પ્રદાન આપે છે તથા કેટલાક ચોક્કસ સામાજિક નિયમોને જાળવે છે. આ બંને બાબતો કુર્ગોના સંયુક્ત કુટુંબ અને ગ્રામીણ સમુદાયમાં જોવા મળે છે. કેટલીક વખત ઉચ્ચ ધર્મોમાં વ્યક્તિનું ધ્યેય આત્મોદ્ધાર માટેનું હોય છે અને એ માટે વ્યક્તિ ધર્મનું યથાયોગ્ય અનુસરણ કરતી હોય છે. ખ્રિસ્તી ધર્મ, બૌદ્ધ ધર્મ અને હિન્દુ ધર્મનું સ્વરૂપ મોટેભાગે તાત્વિક છે અને તે વ્યક્તિના આત્મોદ્ધાર માટેની આશા સેવે છે તથા વ્યક્તિને પુનર્જન્મના ચક્રમાંથી મુક્તિ આપવાનો વિચાર આપે છે. આ પ્રકારની ધાર્મિક માન્યતાઓના સામાજિક કાર્યને સમજવું તે જટિલ સમસ્યાઓનું નિર્માણ કરનારું બને છે.

આમ, કુર્ગોનું ધાર્મિક જીવન ઘણી બધી બાબતોનું સંયોજન છે. આપણે કુર્ગને એક વ્યક્તિ તરીકે સંયુક્ત કુટુંબના સભ્ય તરીકે, ગ્રામીણ સમુદાયના સભ્ય તરીકે, હિન્દુ મંદિરોના દેવદેવીઓના પૂજક તરીકે, કોઈ ચોક્કસ જ્ઞાતિના સભ્ય તરીકે અને તેથી વિશાળ જ્ઞાતિ માળખામાં તેના સ્થાન તરીકે અને અંતમાં હિન્દુ ધર્મની તાત્વિક વ્યવસ્થાના પ્રભાવ હેઠળની ઉત્તમ માનવવર્તણુંક તરીકે ઓળખી શકીએ.

ધર્મના તુલનાત્મક અભ્યાસુ અને ખાસ કરને ધર્મનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરનારાઓ માટે શ્રીનિવાસનું આ પુસ્તક ખૂબ જ ઉપયોગી દસ્તાવેજ કહી શકાય.

## ૩.૨.૩ WEBER MAX: THE RELIGION OF INDIA

## THE SOCIOLOGY OF HINDUISM AND BUDDHISM

## FREE PRESS OF GLENCO, 1958

The Religion of India - The sociology of Hinduism and Buddismનું લેખનકાર્ય મેકસવેબરે ૨૦મી સદીની શરૂઆતના સમયમાં કર્યું હતું. આ પુસ્તક મૂળ તો જર્મન ભાષામાં લખાયું છે. સને ૧૯૫૮માં Glenco Free પ્રેસ દ્વારા અંગ્રેજી ભાષામાં અનુવાદિત ૩૯૨ પાનાંના આ પુસ્તકની ઘણીબધી પ્રતો ઉપલબ્ધ છે. The Protestant Ehic and the spirit of capitalism, The Religion of China : Confucianism and Taoism ના લખાણ બાદ વેબર દ્વારા ધર્મ અંગે સમાજશાસ્ત્રીય દ્દષ્ટિબિંદુથી લખાયેલું આ ત્રીજું મહત્વનું પ્રદાન છે.

આ પુસ્તકમાં હિન્દુ ધર્મના પરંપરાગત સિદ્ધાંતો અને બૌદ્ધ ધર્મના સુધારાવાદી સિદ્ધાંતોની ભારતના સામાજિક માળખા સાથેના સંબંધ અંગેની માહિતી રજૂ થઈ છે. બૌદ્ધ ધર્મના સામાજિક સુધારાઓએ પ્રચલિત ધાર્મિક માન્યતાઓ પર પોતાનો પ્રભાવ પાથર્યો હતો. પરિણામે ભારતીય સમાજમાં બિનસાંપ્રદાયિક મૂલ્યો વિકાસ પામ્યા. વેબરે અહીં આ બધી બાબતોની વિસ્તારથી ચર્ચા કરી છે.

વેબરના અભ્યાસનો હેતુ વિશ્વના મુખ્ય ધર્મોનું તુલનાત્મક અધ્યયન કરવાનો હતો. પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્ર મુજબ જે રીતની આચરણ વ્યવસ્થા ખ્રિસ્તી ધર્મમાં હતી, શું એવી આચરણ વ્યવસ્થા હિન્દુ ધર્મમાં પણ જોવા મળે છે કે નહીં તે જાણવાનો વેબર અહીં પ્રયાસ કરે છે. વેબર બુદ્ધિવાદ, નોકરશાહી જેવી બાબતોને હિન્દુ સામાજિક વ્યવસ્થા અને ધર્મમાં શોધવા માગતા હતા.

વેબરે ભારતની સામાજિક વ્યવસ્થા અને ધર્મના અભ્યાસ વખતે ઊઠાવેલા મુખ્ય સવાલો નીચે મુજબ છે:

૧. ભારતીય સમાજમાં એવા ક્યા વિશિષ્ટ વિશ્વાસો છે કે જે ઝડપથી બદલાતા ભારતીય સમાજની સાથે અનુકૂલન સાધે છે? જો આવા વિશ્વાસો જોવા મળતા હોય તો તેના પર કેવી રીતે ભાર મૂકી શકાય તે જાણવું જોઈએ.

૨. એવા ક્યા વિશિષ્ટ વિશ્વાસો છે કે જે આર્થિક વિકાસની સાથે બંધબેસતા નથી?

૩. શું હિન્દુ ધર્મ અને તેની અલૌકિક સાધનાના નિયમો આધુનિક આર્થિક વિકાસના માર્ગમાં અવરોધરૂપ છે?

૪. શું જ્ઞાતિ, પરંપરાગત સંયુક્ત કુટુંબ અને ધર્મ ભારતમાં વૈજ્ઞાનિક વલણના વિકાસમાં અવરોધરૂપ છે?

૫. શું આધુનિક સ્વરૂપના ઔદ્યોગિકરણની આર્થિક પ્રવૃતિઓ હિન્દુ ધર્મના પરંપરાગત ધાર્મિક નિયમોને કારણે ગતિશીલ થઈ શકી નથી?

વેબરે ઉપરોક્ત પાંચ સવાલોના જવાબ શોધવાનો પ્રસ્તુત પુસ્તકમાં પ્રયાસ કર્યો છે. વળી, વેબરના આ પાંચેય પ્રશ્નો મુખ્યત્વે સાંસ્કૃતિક વ્યવસ્થા, આર્થિક વિકાસ અને આધુનિકરણ સાથે સંકળાયેલા છે.

આ પુસ્તક જુદાં જુદાં ચાર પ્રકરણોમાં વિભાજિત થયેલું છે.

1. The Hindu Social System
2. Hindu Orthodoxy and Brahmin Restoration
3. Secular Ethic and Impact of Hindu Beliefs on Economy
4. Asian Belief System

વેબરના મતે ભારતની સામાજિક વ્યવસ્થા જ્ઞાતિ આધારિત છે. ભારતનું સામાજિક માળખું ધાર્મિક માન્યતા સાથેસીધો સંબંધ ધરાવે છે અને સમાજને જુદાં જુદાં દરજ્જા સમૂહોમાં વિભાજીત કરી દે છે. વેબર જ્ઞાતિ અને ધર્મને એકબીજાથી અલગ નથી માનતા. તેમના મતે જ્ઞાતિ અને ધર્મ એકબીજાના પર્યાય છે. તેઓ જ્ઞાતિની પરિભાષા આપતા લખે છે કે જ્ઞાતિ એ અંતર્લગ્નપ્રથા ધરાવતું જૂથ છે કે જે સામાન્ય રીતે સ્થાનિક હોય છે. આ જૂથ વંશપરંપરાગત હોય છે તથા તેમાં એક કોટિક્રમિક વ્યવસ્થા હોય છે.

વેબરના મતે ભારતમાં ધાર્મિક વિશ્વાસ અને સામાજિક સ્તરીકરણ પ્રત્યક્ષ રીતે જોડાયેલા છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે તેઓ સામાજિક અસમાનતા અને ધાર્મિક વિશ્વાસો એકબીજા સાથે સંકળાયેલા હોવાનું માને છે. દા.ત. બ્રહ્માના મુખમાંથી જે ઉત્પન્ન થયા તે બ્રાહ્મણો, સમાજમાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. જ્યારે બ્રહ્માના ચરણમાંથી ઉત્પન્ન થયેલા શૂદ્રો સમાજમાં સૌથી નીચું સ્થાન ધરાવે છે.

ભારતીય સમાજમાં છેલ્લી ઘણી સદીઓથી સામાજિક કોટિક્રમિક વ્યવસ્થામાં બ્રાહ્મણોએ કેવી રીતે પોતાનું આધિપત્ય જાળવી રાખ્યું છે એ બાબત તરફ વેબર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. વેબર જણાવે છે કે ભારતમાં માત્ર બ્રાહ્મણોએ જ વેદોનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું અને સમાજના કોટિક્રમિક માળખામાં તે સર્વોચ્ચ દરજ્જા સમૂહ હતું. વળી, સમાજનું ઉભું વિભાજન પણ બ્રાહ્મણાભિમુખ હતું. સમાજ વંશાનુગત વ્યાવસાયિક જૂથોમાં વિભાજિત થયેલ હતો અને તેમના દરજ્જાઓ બ્રાહ્મણોથી નિકટના અંતરે નિર્ધારિત થયેલા હતા. બ્રાહ્મણોનું ધાર્મિક વર્ચસ્વ હોવાના કારણે હિન્દુ ધર્મના વ્યવહારુ નીતિશાસ્ત્ર પર તેમનો પ્રભાવ હતો. બ્રાહ્મણો દ્વારા નિર્ધારિત થયેલા આ વ્યવહારુ નીતિશાસ્ત્રમાં ઘણાં ગૂઢ અને ચમત્કારિક તત્વો હતા જેમાં શુદ્ધિ અને અશુદ્ધિના ખ્યાલો મુખ્ય હતા. હિન્દુ ધર્મના રહસ્યવાદે ધર્મનું ધ્યાન મુક્તિ અને સંન્યાસ તરફ વિચલિત કર્યું હતું. આ રહસ્યવાદ અને

ચમત્કારિક તત્વોની મદદથી લોકોના વિશાળ સમુદાયને બ્રાહ્મણોએ પોતાના દાસ બનાવી રાખ્યા હતા. વેબર જણાવે છે કે ભારતનો નૈતિક બાહુલ્યવાદ ચીનના કન્ફ્યુશિયસવાદ અને ખ્રિસ્તી ધર્મના નૈતિકવાદ કરતા ઘણો જુદો છે. તેઓ નોંધે છે કે ભારતની જ્ઞાતિવ્યવસ્થા નગરના દરજ્જા સમૂહોને વિકસતા અવરોધે છે.

વેબરને આ બાબત જાણવામાં વિશેષ રસ હતો કે પ્રોટેસ્ટન્ટ ધર્મની આચારસંહિતાએ જે રીતે પાશ્ચાત્ય સમાજમાં મૂડીવાદને વિકસાવવામાં ફાળો આપ્યો છે તેવીજ રીતે ભારત અને ચીનના ધર્મોમાં એવી કોઈ આચારસંહિતા છે જે ભારત અને ચીનમાં મૂડીવાદને વિકસાવી શકે? આ માટે તેઓ ભારતની સામાજિક વ્યવસ્થાની તુલના, સમાનતા અને તફાવતને ચીનની સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં સમજવાનો પ્રયાસ કરે છે.

ભારતીય સામાજિક વ્યવસ્થાને જ્ઞાતિવ્યવસ્થાના રૂપમાં જોયા બાદ વેબર પોતાના અભ્યાસના પાયાના પ્રશ્ન તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. તેઓ ભારતમાં હિન્દુ ધર્મનો સામાજિક વ્યવસ્થા સાથે અને ખાસ કરીને આર્થિક વિકાસ અથવા તો મૂડીવાદ સાથે શું સંબંધ છે તે જાણવામાં રસ ધરાવે છે. આ માટે તેઓ બે પ્રશ્નો તરફ પોતાનું ધ્યાન કેન્દ્રીત કરે છે:

૧. શું હિન્દુ ધર્મનો માનવીની રોજબરોજની ક્રિયાઓ પર કોઈ પ્રભાવ હતો ખરો? જો હા તો,

૨. તેણે આર્થિક વ્યવહારને કોઈ નવી દિશા આપી છે, પ્રભાવિત કર્યા છે? અને ધાર્મિક વ્યવહારો ક્યાં સુધી ધર્મનિરપેક્ષ હતા?

પોતાના આ બંને પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે તેમણે હિન્દુ ધર્મના મુખ્ય સિદ્ધાંતોને જાણવાનો પ્રયાસ કર્યો. ધાર્મિક ગ્રંથો, મહાકાવ્યો વગેરેના અધ્યયન પછી વેબરને હિન્દુ ધર્મના કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાંત સમજવામાં વિશેષ રસ જાગૃત થયો. વેબર જણાવે છે

કે આ જન્મમાં કરેલા કર્મોનું ફળ મૃત્યુ પછીના નવા જન્મમાં મળે છે એવી માન્યતા એટલે કર્મ અને પુનર્જન્મનું તત્વજ્ઞાન. વેબરના મતે કર્મ અને પુનર્જન્મનો આ સિદ્ધાંત વ્યક્તિને આ જીવનમાં તેના કર્મોના આધારે બીજા જન્મમાં દરજ્જાની ગતિશીલતાની ખાતરી આપે છે. જો કોઈ વ્યક્તિ પોતાની જ્ઞાતિએ નિર્ધારિત કરેલી ફરજોનું યથાર્થ પાલન કરશે તો બીજા જન્મમાં દરજ્જાની કોટિક્રમિક વ્યવસ્થામાં તેનું સ્થાન ઊંચુ હશે. વેબર કહે છે કે કર્મ અને પુનર્જન્મનું આ તત્વજ્ઞાન વ્યક્તિને વર્તમાન જન્મમાં વધારે સારા વ્યવસાયો અપનાવવાથી અટકાવે છે. આ તત્વજ્ઞાન જ્ઞાતિના પરંપરાગત વ્યવસાયને વ્યક્તિ પર લાદે છે. વેબર જણાવે છે કે હિન્દુ સમુદાય ક્યારેય કર્મ અને પુનર્જન્મની વાતને તર્કની કસોટી પર ચકાસતો નથી, પરિણામે આ સિદ્ધાંતને વૈજ્ઞાનિક સમર્થન મળતું નથી. વળી, હિન્દુ ધર્મના મોક્ષના ખ્યાલને તેઓ અસાધારણ અને બુદ્ધિમાં બેસે નહીં તેવો માને છે.

વેબર જણાવે છે કે ભારતમાં જોવા મળતી જ્ઞાતિવ્યવસ્થા અતાર્કિક છે અને તેને કારણે જ ભારતમાં મૂડીવાદનો વિકાસ થતો અટક્યો છે. તેના મતે જ્ઞાતિવ્યવસ્થાને કારણે લાખો લોકો સમાજની ઉચ્ચ જ્ઞાતિના માલિકોના દાસ બન્યા. જ્ઞાતિવ્યવસ્થાએ એક જૂથને ઉચ્ચ દરજ્જો આપીને અન્ય જૂથોને અન્યાયનો ભોગ બનાવ્યા. વ્યાવસાયિક જૂથોના ઊભા વિભાજનને ધાર્મિક માન્યતા મળવાથી સમાજમાં જ્ઞાતિપ્રથા સ્થિર બની. વળી, જ્ઞાતિના વ્યવસાયો વંશપરંપરાગત હોવાના કારણે સમાજમાં વ્યાવસાયિક ગતિશીલતાને કોઈ અવકાશ ન રહ્યો. અમુક વ્યવસાયો પર જ્ઞાતિની ઈજારાશાહી સ્થાપિત થતાં વ્યાવસાયિક વિભાગીકરણ સ્થિર બન્યું.

આમ, કર્મના સિદ્ધાંતે અને જ્ઞાતિવ્યવસ્થાએ ભારતમાં મૂડીવાદના વિકાસને અટકાવ્યો છે એવું વેબર દ્દઢપણે માને છે.

વેબર જણાવે છે કે ભારતની ધાર્મિક આચારસંહિતા ખ્રિસ્તી ધર્મના પ્રોટેસ્ટન્ટવાદ જેવી નહોતી. આથી ભારતમાં ધર્મનો આર્થિક જીવન પર કોઈ હકારાત્મક પ્રભાવ જોવા

મળતો નથી. ધનના ઉપાર્જન માટે જે રીતની બૌદ્ધિક જરૂરિયાત હોવી જોઈએ એવી ભારતમાં ધાર્મિક અને સંસ્થાગત વિકાસમાં જોવા મળતી નથી. વેબર કહે છે કે ભારતીય વિચારકો માટે આ દુનિયા તો એક અસ્થાય મુકામ છે, જેનો વ્યક્તિએ ગમે ત્યારે ત્યાગ કરવાનો છે. આમ, આવા વિચારોએ ભારતની આર્થિક વ્યવસ્થા પર કોઈ પ્રભાવ ન પાથર્યો.

વેબરે પોતાના વિશ્લેષણમાં એવું સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે કે ભારતની સામાજિક વ્યવસ્થા અને ધાર્મિક આચારસંહિતામાં એવા તત્વોનો અભાવ હતો જેને પરિણામે ધર્મનિરપેક્ષ પ્રક્રિયા અને મૂડીવાદની ભાવનાના વિકસી શકી નહીં. વેબરના તુલનાત્મક અભ્યાસના પરિણામોએ આપણે નીચે મુજબ દર્શાવી શકીએ.

૧. ભારતની સામાજિક વ્યવસ્થા અને ખાસ કરને તેની પરંપરાઓ વધુ રૂઢિવાદી હતી. આ જડ રૂઢિવાદે ભારતમાં આર્થિક વિકાસના માર્ગમાં અવરોધ પેદા કર્યો.

૨. જ્ઞાતિ સાથે સંકળાયેલા કર્મકાંડોએ લોકોને વિશેષ શ્રમ કરતા અટકાવ્યા.

૩. ભારતની સામાજિક વ્યવસ્થાએ લોકોને અલૌકીક ધ્યેયને પ્રાપ્ત કરવા પ્રેરિત કર્યા. તેના પરિણામે આર્થિક વિકાસ થઈ શકયો નહી.

૪. કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતે આર્થિક વિકાસને કયારેય પ્રોત્સાહન આપ્યું નહીં.

૫. ઘણીવખત શિક્ષિત લોકો પણ જાદુને વિકાસનું સાધન માનતા હોવાનું જોવા મળ્યું છે. રાજામહારાજાઓ જાદુ અને ધાર્મિક આચારસંહિતાએ ભારતીય સભ્યતામાં મૂડીવાદનો વિકાસ થવા દીધો નહીં એવું વેબર દ્રઢપણે માને છે.

### ૩.૨.૪ VENUGOPAL C. N.: RELIGION AND INDIAN SOCIETY

### A SOCIOLOGICA PERSPECTIVE

### GYAN PUBLISHING HOUSE, NEW DELHI, 1988

સી.એન.વેણુગોપાલનું આ પુસ્તક ધર્મ અંગેના સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી લખાયેલા લેખોનું સંપાદન છે. અહીં જી.એસ.ઘૂર્યેના ધર્મ અંગેના વિચારો રજૂ થયા છે. ઘૂર્યેના લેખનું શિર્ષક છે: G. S. Ghurye's Sociology of Religion: An Enquiry into Selected Aspects સને ૧૯૩૨માં પ્રકાશિત થયેલ ઘૂર્યેનું Caste and Race in India માં ભારતીય જ્ઞાતિઓના ક્રિયાકાંડ તેમજ ધાર્મિક મહત્વને લગતા અનેક સંદર્ભોનો ઉલ્લેખ કર્યો છે. ધર્મશાસ્ત્રો અને અન્ય સંલગ્ન પુસ્તકોમાંથી તારવીને ઘૂર્યેએ બતાવ્યું છે કે જ્ઞાતિ પરંપરા ધાર્મિક અને નીતિશાસ્ત્રના ખ્યાલો આધારિત હતી. હિન્દુઓના હક અને ફરજો પવિત્ર ગ્રંથોમાંથી તારવવામાં આવ્યા છે કે જે ગ્રંથો ગૃહસ્થના તેના પિતૃઓ, સ્નેહીઓ અને સગાવહાલાઓ તથા તેની આતિથ્ય સત્કાર પ્રત્યેની ફરજો પર ભાર મૂકે છે. તેમની ત્યારપછીની કૃતિ Gotra and Charana માં તેઓ સામાજિક વર્ગીકરણના પ્રતીકાત્મક પાયા વિશે વાત કરે છે. અસંખ્ય હિન્દુઓ જ્ઞાતિ પરંપરાની પર ઋષિકુળના વંશ એવા ગોત્ર અને ચરણના સમૂહથી જોડાયેલા હતા. આ રીતે કોઈકના નામથી જોડાયેલી પ્રથા હિન્દુઓને આધ્યાત્મિક વંશવેલા સાથે જોડતી હતી તેમજ તેમને જ્ઞાતિપ્રથામાં પ્રસ્થાપિત કરવાની સામાજિક યોજના હતી.

તેમની કારકિર્દીના શરૂઆતના તબક્કામાં પણ ઘૂર્યેએ પ્રાગઐતિહાસિક કાળના દફનક્રિયાના સ્મારકોની જાણકારી મેળવી હતી. તેમણે હાલના પાકિસ્તાનમાં એવા ઉત્તર-પશ્ચિમના (સિંધ) વિસ્તારમાં થયેલા ઉત્ખનનોના આધારે સંશોધનો કર્યા છે. તેઓ ખાસ કરીને પ્રાગૈતિહાસિક કાળના દફનક્રિયાના સ્મારકો જેવા કે સમાધિ પર કરેલો માટીનો ટીંબો, ઉભો પત્થર અને પત્થરના ટેબલમાં રસ ધરાવતા હતા. તદુપરાંત કબર પરના ઉભા પત્થર

એ ધૂર્યેને ઉત્તર બુદ્ધયુગના સ્તુપો કે જે બુદ્ધિના સ્મૃતિચિહ્ન અને બૌદ્ધ મઠના સાધુઓની યાદમાં બનાવવામાં આવતા હતા તેની પુનઃ સ્મૃતિ કરાવે છે. તેમની ત્યારપછીની કૃતિ Anthropo-Sociological Papersમાં તેઓ ભારતના જુદાં જુદાં સાંસ્કૃતિક વિભાગોમાં નવજાત શિશુના ગર્ભનાળનો નિકાલ કઈ રીતે કરવામાં આવતો હતો તેની વિગતવાર માહિતી આપે છે. આ સંદર્ભમાં તેઓ જાણાવે છે કે નવજાત શિશુના ગર્ભનાળના નિકાલની બાબતનું મૂલ્ય માનવજીવનમાં ભલે નજીવું હોય પરંતુ તેનો સંબંધ અસંખ્ય લોકોની લાગણી, ભાવના અને ક્રિયાકાંડ સાથે જોડાયેલો છે. આના નિકાલ અંગેની લોકમાન્યતા એ વિવિધ સંસ્કૃતિમાં ફેલાયેલા કેટલાક દૃઢ ખ્યાલો અંગેની જાણકારી આપે છે. ઉપરોક્ત ઉદાહરણ આ વાતને માત્ર સમર્થન કરે છે એટલું જ નહીં પરંતુ માનવીનો સંસ્કૃતિ અથવા ધાર્મિક બાબતો સાથેનો વર્તમાન અને ભૂતકાળ સાથેનો સંબંધ દર્શાવે છે.

ધર્મના સમાજશાસ્ત્ર વિશે વાત કરતાં, ધૂર્યે તેની સાથે જ ઈન્ડોલોજી, માનવશાસ્ત્રવિદ્યા અને સામાજિક બાબતોની ચર્ચા કરે છે. તેમની કૃતિઓ સૂચિત રીતે કે સ્પષ્ટ રીતે લોકમાન્યતા અને રિવાજો અંગેની સંસ્કૃત કૃતિઓમાં થયેલા ઉલ્લેખોનો તેમના અભ્યાસને છતો કરે છે. હકીકતમાં આ તમામ ઉલ્લેખો વર્તમાન ઘટનાઓ સાથે સંલગ્ન છે. ખાત્રીપૂર્વક કહીએ તો તેમના લખાણોમાં તેઓ કોઈ સિદ્ધાંત રજૂ કરતા નથી પરંતુ તેઓ અનેક સ્રોતો દ્વારા એકઠી કરેલી તેમની માહિતીને ધર્મના સમાજશાસ્ત્રના વ્યાપક અભિગમમાં સમજાવવાનો પ્રયત્ન કરે છે. હાલમાંજ લાખાયેલી બે કૃતિઓ ધૂર્યેના સંયોજિત અભિગમમાંથી પ્રેરણા લીધી છે. એક છે જી.ડી.સોન્થેઈમરની Pastoral Deities in Western India અને બીજી કૃતિ આર.એલ.ગ્રોસની The Sadhus of India. સોન્થેઈમરે પશ્ચિમ મહારાષ્ટ્ર અને ઉત્તર કર્ણાટકના ભટકતા સમુદાયના જ્ઞાતિપ્રથામાં આત્મસાતીકરણ વિશે અભ્યાસ કર્યો છે. આ આત્મસાતીકરણની પ્રક્રિયામાં ઉપરોક્ત સમુદાયો પોતાના પ્રચલિત દેવોને એક અથવા અન્ય

સ્વરૂપે રજૂ કરીને પોતાના સમુદાયને સ્થાયી ખેતીને લગતા જ્ઞાતિ સમુદાયમાં પરિવર્તિત કરે છે. તેમણે દર્શાવ્યું કે ધૂર્યેએ તેમની કૃતિ After a Century and a quarter માં લોનીકાન્ડ ગામના લોકોના ભક્તિની પરંપરામાં થયેલા પરિવર્તનને સમજાવવા અસમર્થ હતા. ગામની બહાર તરફ વિકસી રહેલા ધાંગરા નામના ગોવાળિયા કે જેઓએ તેમના પોતાના દેવીને ગામના સમગ્ર સમુદાયના મંદિરમાં પ્રસ્થાપિત કરી હતી તે તેના માટે જવાબદાર હતા. ગ્રોસે ભારતીય સાધુઓનો ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. તેમના વ્યાપક ક્ષેત્રકાર્ય તેમજ તેમના ઉત્તરભારતના સાધુઓના અવલોક્નોએ ધૂર્યેના ભારતીય સંન્યાસીઓ ઉપરની કૃતિનો આનુભવિક પૂરાવો પૂરો પાડ્યો છે. ગ્રોસનું કાર્ય એ ધૂર્યેના મુખ્ય વિચારના ઉદ્‌બોધનનું વિવેચનાત્મક મૂલ્યાંકન પુરું પાડે છે.

ધૂર્યેના વિચારોની સમજ તેમની કૃતિ Agastya and skanda: A Study in Indian Acculturation ના અભ્યાસ દ્વારા મળે છે. આ કૃતિમાં તેઓ દર્શાવે છે કે આર્યોની સંસ્કૃતિ અને તેના ઘટકો જેવા કે ધર્મ, ભાષા, મૂલ્યો, આદર્શો વગેરે સાથે વિંધ્યાચળના દક્ષિણ તરફ ગઈ અને દક્ષિણના લોકો સાથે સંપર્કમાં આવી. અગત્સ્ય ઋષિ અને સ્કંદે (દક્ષિણમાં મુરૂગ તરીકે ઓળખાતા દેવ) સુચારું સંસ્કૃતિને ફેલાવી. આના બદલામાં તેણે દક્ષિણમાંથી ઘણું લીધું પણ ખરૂં તેથી આ કિસ્સો પારસ્પરિક આદાન-પ્રદાનનો હતો. આ કૃતિ વ્યાપક રીતે સ્વીકૃત પૂર્વધારણા કે ભારતમાં મધ્ય એશિયાના આર્યો ઉત્તર-પશ્ચિમથી આવ્યા અને જુદાં જુદાં ભાગમાં સ્થાયી થયા તેમાંથી તારવવામાં આવી છે.

આર્યવાદનો ઉદ્‌ભવ ખ્રિસ્તીઓને તેના સિમિટિક (સિમિટીક: આરબ, યહૂદી જેવા ધર્મોના મિલનથી થયેલ જાતિ) ભૂતકાળથી અલગ કરવાની યુરોપિયન તજજ્ઞોની ઈચ્છાને લીધે થયો. તેથી જ ઈન્ડો-આયર્ન જોડાણને પ્રકાશિત કરવા સંસ્કૃત, ગ્રીક અને લેટિનમાં વ્યાપક સંશોધનો થયા. તેમ છતાં ભારતના સાંસ્કૃતિક વારસાની હકીકત એ એક કોયડા

સમાન હતી. ભારતની પ્રશિષ્ટ ભાષા સંસ્કૃત એ નિ:સંશયપણે ગ્રીક અને લેટિન જેવી યુરોપીય ભાષા સાથે સંકળાયેલી હતી તેમ છતાં તે (સંસ્કૃત ભાષા) અજોડ હતી. કારણ કે વેદ અને અન્ય ધાર્મિક કૃતિઓમાં એવા કેટલાંય શબ્દો હતાં જેનો આધાર યુરોપીયન વ્યુત્પત્તિશાસ્ત્ર સાથે જોડી શકાય તેમ ન હતા. તાજેતરના સંશોધનો દર્શાવે છે કે આ તમામ શબ્દો સંભવત: દ્રાવિડીયન અને ખાસ કરીને તામિલ ભાષાવિજ્ઞાનના સ્રોતમાંથી તારવવામાં આવ્યા હશે. તેથી, સંસ્કૃત કૃતિઓ જેવી કે વેદો, ઉપનિષદો અને પુરાણોએ આર્ય-દ્રવિડ આંતરમિલનના પરિણામે ઉદ્‌ભવી હશે. યુરોપીયનો અનાર્યો સાથેના જોડાણને નકારે છે. આ માટે બે કારણો છે- પ્રથમ ખ્રિસ્તી ધર્મને સિમિટીક મૂળથી અલગ કરવા અને બીજું આર્યોને દ્રવિડથી અલગ કરવા. બંને કારણોમાં વંશીય ગુણ જવાબદાર છે. આર્યો કે જેઓ ઉમદા હતા તેમને તુચ્છ યહૂદીઓ અથવા શ્યામવર્ણ દ્રાવિડની સમકક્ષ મૂકી શકાય તેમ ન હતું. ભારતીય ઈન્ડોલોજિસ્ટ્સ પણ યુરોપીયન મોડેલને અનુસરતા હતા. આ તજજ્ઞ પ્રયાસો ભારતને અલગ અલગ ખંડોમાં વહેંચાયેલા દેશ તરીકે રજૂ કરે છે. હકીકતમાં તો સંસ્કૃતમાં લખાયેલ પ્રાચીન ધાર્મિક સાહિત્ય પણ આર્યો અને અનાર્યોના આંતરમિલનની ઉપજ છે. ધૂર્યેની ભારતીય આદાન-પ્રદાન ઉપરની કૃતિ એ સૂચન કરે છે કે પારસ્પરિક અસરો દ્વારા ભારતની સંકુલ સંસ્કૃતિનું નિર્માણ થયું છે.

અત્રે હું ભારતીય સમાજમાં પૌરાણિક કથાની ભૂમિકા અંગે કેટલાંક સંદર્ભો ટાંકવા માંગું છું. પૌરાણિક કથાઓ અને દંતકથાઓ એ એક અર્થમાં સમાન સંસ્કૃતિના સંગ્રહસ્થાન જેવા  છે. ભારતીય પૌરાણિક કથાઓ કે જેમાંના ઘણાખરા મહાકાવ્યો અને પુરાણોમાં વર્ણવવામાં આવી છે તે સમાન સંસ્કૃતિ વચ્ચેના સુમેળ અને સંઘર્ષના દસ્તાવેજો છે. તે બંને હિન્દુ ધર્મ જેવા સંકુલ ધર્મને સમજવા માટે મહત્વના છે. પૌરાણિક કથાઓ એ સમાન સંસ્કૃતિઓ ધરાવતા સમૂહો જેવા કે આર્યો, દ્રવિડો દક્ષિણના લોકો, નિગ્રો વગેરે કે જેઓ

અલગ અલગ સમયે આ ઉપખંડના રહેવાસીઓ હતા તેમની વચ્ચેના સ્પર્ધાના દસ્તાવેજો (રેકોર્ડ) છે. ઉદાહરણ તરીકે ગોવાળિયા આર્યો પિતૃપ્રધાન આદર્શ પ્રત્યે સ્વીકૃતિ દર્શાવે છે ત્યારે દ્રાવિડો માતૃપ્રધાન સંસ્કૃતિની તરફેણ કરે છે. બંને વચ્ચેની સ્પર્ધામાં સંઘર્ષ પેદા થઈ શકયો હશે. તે જ રીતે, વિવિધ સમૂહો વચ્ચે એક અથવા અન્ય કારણોસર સંઘર્ષ (મતભેદો) પેદા થઈ શક્યા હશે. પોતાના મહાભારત વિશેના તારણો અંગે ઈરાવતી કર્વે નોંધે છે કે વિશિષ્ટ પૌરાણિક કથાઓમાં સમાન સંસ્કૃતિ વચ્ચેનો સંઘર્ષ સ્વાભાવિક હતો. ઉદાહરણ તરીકે કાળી(નાગ) ઉપરનું કૃષ્ણનું આક્રમણ એ દર્શાવે છે કે કૃષિ આધારિત સમાજને સ્થાયી થવા માટેનો માર્ગ સરળ બનાવવામાં ભ્રમણશીલ જાતિ કે જે વંશપરંપરાગત ચિહ્ન સાપનો ઉપયોગ કરતી હતી તે જાતિને પરાસ્ત કરવાનો હતો.

ડૉ. ધૂર્યે અન્ય પૌરાણિક સંદર્ભમાં દર્શાવે છે કે કૃષ્ણ અને અર્જુને ખાંડવવનના ગાઢ જંગલમાંથી ભાગતા પશુઓ અને પક્ષીઓ કે જેમણે બ્રાહ્મણને તે જંગલ સંપૂર્ણ ભસ્મ કરી નાખવાનું કહ્યું હતું તેવા પશુ-પક્ષીઓનો શિકાર કરતા બતાવ્યા છે. અહીં, પશુ-પક્ષીઓએ કોઈક દક્ષિણની ઓસ્ટ્રિક જાતિના વંશપરંપરાગત પ્રતીકો હતા કે જે વિસ્તરણ ઈચ્છતા કોઈક પ્રભાવશાળી સમૂહના માર્ગમાં અવરોધરૂપ હતી. તે જ રીતે પાંડવોના વંશજ જન્મેન્જય દ્વારા કરવામાં આવેલો સર્પયજ્ઞ એ હજારો સાપના વિનાશનો સંદર્ભ રજૂ કરે છે. આ વિજયી જાતિ દ્વારા નાગ જાતિનો સંપૂર્ણ નાશ થયો હોવાનું દૃષ્ટાંત છે. કર્વે મહત્વપૂર્ણ રીતે એ નોંધે છે કે પ્રભુત્વ ધરાવતા સમુદાયો દ્વારા (પોતાના) સ્વીકૃત ધોરણોના અમલમાં બાહ્ય લોકોની કોઈ દખલગીરીને પ્રવેશ કરવા દેતા ન હતા. અરે, કૃષ્ણ અને અર્જુન દ્વારા ખાંડવવનમાં રહેતી જાતિના નિરંકુશ વિનાશ જેવી ગંભીર ત્રુટિ બદલ પણ તેમને ઠપકો મળ્યો ન હતો. ઉલટાનું તેઓ એક નાયક તરીકે અભિવાદન પામ્યા હતા.

ભારતીય પૌરાણિક કથાઓમાં પણ સંસ્કૃતિઓના સુમેળની વાત કરવામાં આવી છે.

ભીમનું હિડમ્બા સાથેનું તથા અર્જુનનું ઉલુપી અને ચિત્રાંગદા સાથેનું લગ્ન સુમેળને રજૂ કરે છે. આ પહેલાં લંકાના રાક્ષસ સાથેની લડાઈમાં રામની કિષ્કીન્ધા (કાર્ણાટકમાં હોવાનું મનાય છે.) ના વાનરો અને રીછો સાથેનો સહયોગ એ દર્શાવે છે કે યોદ્ધા એવા ઉત્તરના આર્યો અને વંશપરંપરાગત પ્રાણી પ્રતિક ધરાવતી દક્ષિણની જાતિઓ વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો હતા. વિશેષમાં પુરાણોમાં દક્ષિણની બે વ્યક્તિઓ વિભિષણ અને હનુમાનના રામ અને તેમની મિત્ર મંડળી સાથેના ધનિષ્ઠ સંબંધોની વાત કરવામાં આવી છે. વિભિષણનો માત્ર રામાયણ વાંચતી વખતે ઉલ્લેખ કરવામાં આવે છે, જ્યારે હનુમાન સમગ્ર ભારતમાં દેવતા તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. એવી એક પણ જગ્યા નથી કે જ્યાં હનુમાનની પ્રતિમા ન હોય. આ હનુમાનજી ગામની દેરીમાં નાની પ્રતિમા સ્વરૂપે હોય અથવા ટેકરી પર કે ટોચ પર ખુલ્લી જગ્યામાં એક પ્રતિમા તરીકે પ્રસ્થાપિત કરવામાં આવી હોય છે. તે જ વાત રામ અને કૃષ્ણ જેવા મહાન દેવો માટે સાચી છે કે જેમના મંદિરો ભારતમાં બધી જ જગ્યાએ જોવા મળે છે. સાંસ્કૃતિક સંઘર્ષો અને સુમેળ એ વાતની સાક્ષી પૂરે છે કે ભારતીય સાંસ્કૃતિક આદાન-પ્રદાન એ દ્વિમાર્ગીય પ્રક્રિયા હતી.

અત્રે આ પુસ્તકમાં ધૂર્યના અભિગમને કેટલાક વિશાળ પરિમાણના પરિપ્રેક્ષ્યમાં લેવાનો પ્રયાસ કર્યો છે. ધૂર્યેના ધર્મના સમાજશાસ્ત્રનો અભ્યાસ નીચે મુજબના વિભાગોમાં વહેંચાયેલો છે.

૧. સુગ્રથનાત્મક પરિમાણ
૨. સુધારાત્મક પરિમાણ
૩. જ્ઞાનપ્રક્રિયાત્મક પરિમાણ

## ૧. સુગ્રથનાત્મક પરિમાણ

ધૂર્યેનું સંશોધન એન.કે.બોઝની જેમ કેટલાક સમાન ઘટકો ધરાવે છે. બોઝે તેમની

કૃતિ The Structure of Hindu Society માં જ્ઞાતિ અને આદિમ જાતિ વચ્ચેના સેતુની વાત રજૂ કરી છે. તેમના મતે ક્ષેત્રમાંના જ અને અન્ય ક્ષેત્રમાંથી આવેલા યાત્રાળુઓ અલગ વ્યક્તિ તરીકે તેમજ સમુદાય તરીકે એક સાથે ઊભરી આવ્યા છે અને જેમાં ભારતીય એકાત્મકતા દ્દષ્ટિગોચર થાય છે. પછીના વર્ષોમાં બોઝ અને તેમના સહાધ્યાયીઓએ ભારતીય ધાર્મિક ક્ષેત્રો ઉપર ખાસ નિબંધ લખ્યો છે. ધૂર્યેનું Gods And Men ધાર્મિક કેન્દ્રો પર આ જ રીતે લખાયેલું છે. તેમ છતાં ધૂર્યેએ તેમની કૃતિમાં સમાન સંસ્કૃતિ (એથ્નિક) અને મૂર્તિશાસ્ત્રને લોકો અને દેવીઓના પરિપ્રેક્ષ્યમાં સમજાવવા પર ભાર મૂકયો છે. ભારતમાં વિશાળ પ્રમાણમાં હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મમાં પ્રતિમા કે છબિના સ્વરૂપમાં ભક્તિ કરવામાં આવે છે. ભક્તિ (પૂજા)ના સ્થળે થતી મોટાભાગની દૈનિક પ્રાર્થનાવિધિમાં દેવીની છબિ (મૂર્તિ) પ્રત્યેની પૂજા પર ભાર મૂકવામાં આવે છે. જૈનો તથા બૌદ્ધો તેમના ધર્મના સ્થાપકને દેવ માનતા નથી. તેમ છતાં જૈનોની પ્રતિમાઓ એ તેમને ભક્તિ માટેની સામગ્રી તરીકે રહી છે. નાદ કરતા ઘંટ, સળગતો ધૂપ, તરંગરૂપે જલતો દીવો, પુષ્પો અથવા ચંદનના લેપથી મૂર્તિને શણગારવી, ફળો અને બદામ ભગવાનને પ્રસાદ તરીકે ધરાવવી વગેરે ક્રિયાઓ મંદિરની રોજિંદી ક્રિયાઓ છે.

ધૂર્યે નોંધે છે કે ભારતમાં વિવિધ સમુદાયો વચ્ચેના આંતરિક આદાન-પ્રદાન દરમિયાન મૂર્તિશાસ્ત્રનો વિકાસ થયો છે. મહાન પરંપરા અને લઘુ પરંપરા વચ્ચેના આદાન-પ્રદાનના વાદ દ્વારા એ સ્પષ્ટ થાય છે કે બંનેએ એકબીજામાંથી ઘણું સંપાદિત કર્યું છે. મથુરા, ગુપ્તા, ચૌલા, પાલ, સેના જેવી ભારતીય પ્રશિષ્ટ શૈલીઓ હિન્દુ, બૌદ્ધ કે જૈન મૂર્તિઓને વિશિષ્ટ રીતે રજૂ કરે છે. અનેક શાસ્ત્રોથી યુક્ત હિન્દુ દેવદેવીઓ ગંભીર મુદ્રામાં લાગતી બૌદ્ધ અને જૈન મૂર્તિઓ પ્રમાણભૂત બનાવી છે. તેમાના ઘણા નમૂના આપણે આજે પણ જોઈએ છીએ. તે જ રીતે આ દેવ-દેવીઓને સમાવતા મંદિરો પણ ઉત્તરીય, મધ્ય અને દક્ષિણી

એમ ત્રણ પ્રશિષ્ટ સ્થાપત્ય શૈલીમાં બાંધવામાં આવ્યા છે. ધાર્મિક ક્રિયાઓના આ બંને ક્ષેત્રોમાં ભારત ટોચે પહોંચેલો છે. હિન્દુ ધર્મ સર્વવ્યાપક અને સર્વસંમત હોવાથી તેના અનેક દેવ-દેવીઓ છે. તેમ છતાં શિવ, વિષ્ણુ અને શક્તિ એ ત્રણ હિન્દુ ધર્મના મિલન બિંદુઓ છે. અનેક સ્થાનિક અને પ્રાદેશિક દેવદેવીઓ તેમનામાંથી ઉતરી આવેલ છે કે આ ત્રણ સાથે જોડાયેલા છે.

તેમની કૃતિ Gods And Men માં ધૂર્યે શિવ, ગણેશ, સ્કન્દ, રામ, કૃષ્ણ અને દેવી અને તેમના અનેક પ્રાદેશિક સ્વરૂપોને સ્પષ્ટ કરે છે. આ દેવોએ વિવિધ સાંસ્કૃતિક સમુદાયોને ધાર્મિક ચોકઠામાં સંકલિત કર્યા છે. આ ત્રણ દેવો ચઢિયાતી સંસ્કૃતિ અને ગ્રામીણ સંસ્કૃતિની મૂર્તિશાસ્ત્રીય રજૂઆત દ્વારા તેમના વિવિધ ઘટકો વચ્ચે મધ્યસ્થી રહ્યા છે. ગુપ્ત શૈલી જેવી પ્રશિષ્ટ શૈલીમાં પણ માનવપ્રાણી જ ઘટકો (પશુ કે પક્ષી જેવા લક્ષણોને ટકાવી રાખવા) દેવોની મૂર્તિમાં જોવા મળે છે. વિષ્ણુનો નૃસિંહરૂપે જન્મ, ગણેશ કે જેમને હાથીનું માથું છે વગેરે. તદુપરાંત ભગવાનના વાહનો પણ આ જ રીતે દર્શાવવામાં આવ્યા છે. નંદી શિવનું વાહન છે, ગરૂડ વિષ્ણુનું વાહન છે વગેરે. ધૂર્યે લખે છે કે દેશના ગ્રામીણ પ્રદેશોના પ્રાણીજ લક્ષણોને તાર્કિક બનાવવાની પ્રેરણા એ તત્વજ્ઞાનના સ્રોતોને મજબૂત કરવાની ઘટના છે. આ અંગેની પ્રેરણા અને વૃત્તિ એ પછીની પેઢીમાં બ્રાહ્મણવાદ તરીકે ઓળખાતા સંકુલ સાંસ્કૃતિક રચના કે જે સાંસ્કૃતિક સંકલનની ધીમી અને સ્થાયી પ્રક્રિયા હતી તેમાં પરિણમી હતી.

મહાન અને લઘુપરંપરા વચ્ચેના આંતરમિલને બે પ્રકારના મૂર્તિશાસ્ત્રીય વિકાસ પેદા કર્યા. એક તરફ અસંખ્ય ગ્રામીણ આદિજાતિ દેવતાઓ આ મુખ્ય ત્રણ દેવતાઓ વિષ્ણુ, મહેશ અને શક્તિ સાથે જોડાઈ. બીજી તરફ અસંખ્ય મહત્વના મંદિરો એ વ્યાપક મહાન પરંપરા હોવા છતાં આ ગ્રામીણ આદિજાતીય પ્રતીકોને જાળવી રાખ્યા. એક તરફ મોટાભાગના

બૌદ્ધ અને જૈન મંદિરો ભક્તિની શૈલીબદ્ધ પ્રતિમાઓ બનાવી ત્યારે અનુપ્રશિષ્ટ કાળના અસંખ્ય હિન્દુ મંદિરોએ ગ્રામીણ-આદિજાતી પરંપરા જાળવી રાખી. આમાના કેટલાક નોંધીએ તો મનાલી (પશ્ચિમ હિમાલય)માં આવેલું હિડિમ્બા દેવીનું મંદિર, હરદ્વારમાં (ઉત્તરપ્રદેશ) આવેલું મન્સાદેવીનું મંદિર, કાઠમંડુમાં (નેપાળ) ખાતે આવેલું દક્ષિણા કાળીનું મંદિર, ચોટીલા ખાતે આવેલું ચંડી-ચામુંડાનું મંદિર અને સૌરાષ્ટ્રમાં આવેલું હરસિદ્ધિ માતાનું મંદિરમાં અભિનય મૂર્તિઓ છે. ઘણી જગ્યાએ લાકડાની કે પત્થરની મૂર્તિઓમાં આ દેવીઓ કંડારવામાં આવ્યા છે, તો કેટલીક જગ્યાએ પાષાણની મૂર્તિઓ ગુફામાં કે ટેકરી પર દર્શાવવામાં આવી છે. સામાન્ય રીતે મૂર્તિઓ રક્તવર્ણી અથવા મનુષ્યના મોહરાથી છવાયેલી હોય છે. તેમ છતાં ત્રિશુળ, તલવાર, ધાતુનો દીવો વગેરે મૂર્તિની બાજુમાં રાખવામાં આવે છે. તે જ રીતે ઓછેવત્તે અંશે શિવ, વિષ્ણુ અને હનુમાન આદિજાતિ સ્વરૂપે દર્શાવવામાં આવે છે. પૂરી (ઓરિસ્સા) ખાતેના જગવિખ્યાત જગન્નાથ મંદિરમાં ગ્રામીણ-આદિજાતિ પરંપરામાં ત્રણ કાષ્ઠની મૂર્તિઓ લગાવવામાં આવી છે. જમ્મુ-કાશ્મીર ખાતે આવેલ રાષ્ટ્રીય યાત્રાધામ વૈષ્ણોદેવીમાં આદિ-જાતીય મૂર્તિઓ છે.

મંદિર બાંધકામ અને દેવતાઓની પ્રતિષ્ઠા એ બંને (જોડકી) એકબીજાને જોડતી પ્રક્રિયાઓ અનુવૈદિક સમયમાં ભારતીય ધર્મમાં થયેલ ઉત્ક્રાંતિ સાથે સંલગ્ન છે. તામિલનાડુના ઘણાં પ્રાચીન મંદિરો અને ઓરિસ્સા, મધ્યપ્રદેશ તથા ગુજરાતના મધ્યકાલીન સમયના મંદિરો કલાત્મક વારસા અને ધાર્મિકતા માટે પ્રખ્યાત છે. ભારતમાં મંદિર બાંધકામની પ્રવૃત્તિના મુખ્ય ત્રણ સ્રોત હતા. પહેલાના સમયમાં શાસકો, ધનવાન વેપારીઓ અને જાહેરદાતાઓ મંદિર બાંધકામની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. શાસકો હવે રહ્યા નથી પરંતુ અન્ય બે સ્રોતો હજુ જીવંત છે. હરદ્વારના વિપુલ પ્રાચીન અને અર્વાચીન મંદિરો, ઉત્તરપ્રદેશમાં કાશી, ગુજરાતના સૌરાષ્ટ્રના તથા તામિલનાડુના મંદિરો આ પ્રકારના નાણાંકીય ફંડના ઉદાહરણો છે.

આ પ્રકારની ધાર્મિકતા એ ઘણીવખત ધૂર્ત સાધુઓ અને તેમના એજન્ટો દ્વારા મંદિરમાં યાત્રાળુઓનું શોષણ તેમજ જલ્દી પૈસા બનાવવાની લાલચે બાજુમાં અન્ય મંદિરોનું નિર્માણ તેમજ જાહેર ટ્રસ્ટના દુરુપયોગ જેવા કેટલાક દૂષણો પેદા કર્યા છે. તેમ છતાં યાત્રાળુઓની ભીડથી ઉભરાતા તિરુપતિ અને વૈષ્ણવોદેવીના મંદિરોએ ભારતીય સમુદાયમાં ઓછી ન કહી શકાય તેવી ધાર્મિકતાનું તાદ્દશ્ય દર્શન છે.

આદિજાતિ માન્યતા અને રૂઢિઓના હિન્દુત્વકરણને મંદિર બાંધકામ પ્રક્રિયાના સંદર્ભમાં ચકાસી શકાય છે. બે પ્રકારના હિન્દુત્વકરણ જોવા મળે છે. પ્રથમ તો વૈરાગી(સાધુ)સંસ્થાઓએ (બિહાર અને ઓરિસ્સાના) આદિજાતિ વિસ્તારોમાં અને તેની નજીકમાં તેમજ ઉત્તરપૂર્વ ભારતમાં અરૂણાચલ પ્રદેશમાં હિન્દુ માન્યતાઓ અને રૂઢિઓ લોક દિમાગમાં ઠસાવવા હિન્દુ મિશનરી સ્થાપી. એક રીતે આ પ્રવૃતિઓએ ભૂતકાળમાં ખ્રિસ્તીઓના આક્રમણ (ધર્મપરિવર્તન)નો સામનો કર્યો. આવા અસંખ્ય ક્ષેત્રોમાં લોકોને રામ, કૃષ્ણ, શિવ, દેવી અને હનુમાન જેવા હિન્દુ દેવતાઓ વિશે સમજ આપવામાં આવી, મંદિરો બાંધવામાં આવ્યા અને સંસ્કૃત અથવા પ્રાદેશિક ભાષામાંથી ઉતરી આવેલી પ્રાર્થના માટેની વિધિ રજૂ કરવામાં આવી. બીજુ આદિજાતિઓ પોતાના હિન્દુ તરીકે સ્વીકારવા લાગ્યા. જો કે તેઓ પોતાને નીચલી કક્ષાના માનતા હતા. આ સંદર્ભમાં તેઓ હિન્દુ ગુરૂઓના અનુયાયી બન્યા અને તેમના રિવાજો સુસંસ્કૃત બનાવ્યા. હેમેન્દોર્ફ આ સંદર્ભમાં આંધ્રપ્રદેશના ગોંડલ સમુદાયની વાત કરે છે.

હમણાં સુધી હૈદ્રાબાદ વિસ્તારમાં ગોંડલ લોકો કેટલાક કૌટુંબિક પ્રસંગોએ ગાયો અને બકરીઓને મારી નાખી તેમના માંસનો આહાર કરતા હતા. સ્વતંત્રતા બાદ ગોંડ લોકોએ કેટલાક હિન્દુ રીતિરિવાજોને અપનાવ્યા. હવે તેઓ ગાયો અને બકરીઓને મારતા નથી, પરંતુ પૂજામાં ફળો અને પુષ્પો વાપરે છે. આ પરિવર્તન સરળ ન હતું. વરિષ્ઠ ગોંડ લોકો

હિન્દુત્વપણાનો વિરોધ કરતા હતા. હેમફોર્ડ આ સંદર્ભમાં ગોંડ લોકોની વસાહત અંગે નોંધ લખે છે.

કેસલાપુર જાત્રાનું આદિજાતિમાંથી પરંપરાગત ગોંડ દેવતાઓમાં ભક્તિ અને ત્યાંથી હજારો બિનઆદિજાતિ ગોંડ સંસ્કૃતિનું હિન્દુ સંસ્કૃતિનું પરિવર્તન... વરિષ્ઠ અને રૂઢિચુસ્ત ગોંડ લોકો કે જે ગામમાંથી આવતા હતા તે વ્યગ્ર જણાતા હતા. કારણ કે તેઓ જાત્રમાં શાંતિનો અનુભવ કરતા ન હતા, કારણ કે તેઓ ગોંડ સમુદાયની વિધિઓને જ યાદ રાખતા હતા. નાગોબા કબરના વિકાસને લીધે તે માત્ર આદિજાતિ ધાર્મિક કેન્દ્ર ન રહેતા અન્ય બિનઆદિજાતિ લોકો તે સંસ્થાને લઈ લેશે તેવા ભયે તેઓ તેમ થાય તેવું ઈચ્છતા ન હતા. (જેવી રીતે) જાત્રની બિનસાંપ્રદાયિક સંસ્થા ગોંડ લોકોના હાથમાં સરકી ગઈ હતી. કેટલાક યુવાન ગોંડ લોકો કે જેઓ શાળાઓમાં બિનઆદિજાતિ શિક્ષકો પાસે ભણ્યા હતા તેઓ ગોંડ કબરની સ્થાપનાને વધાવતા હતા કારણ કે તેના લીધે તે કબર અન્ય હિન્દુ મંદિરો સાથે સ્પર્ધામાં ઊતરી શકશે અને તે દ્વારા હિન્દુ સમાજમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકશે.

આ રીતે આદિજાતિઓના હિન્દુત્વકરણના બે ઘટકો હતા- બહારથી લાદવામાં આવેલું અને સ્વયંસ્વીકૃત હિન્દુત્વ અને ત્યારબાદની પોતાની આદિજાતિ ઓળખ ગુમાવી દીધાની અસંતોષની લાગણી. ધૂર્યેની આદિજાતિઓને (પછાત હિન્દુઓ) હિન્દુત્વમાં એકત્ર કરવા પાછળની દલીલ એ નૈતિક કાર્યક્રમો જેવા કે તેઓ (દારૂ પીવાનું છોડી દે) સાથે વધુ જોડાયેલી હતી નહીં કે આદિજાતિ વિસ્તારોમાં મંદિરો બાંધવાની. આ બંને પ્રક્રિયાઓ જોડાયેલી હતી. હિન્દુ મંદિરો માત્ર ભક્તિના સ્થળ ન હતા. પરંતુ તે સત્સંગ માટે એકઠા થવાનું સ્થળ હતું કે જ્યાં પવિત્ર માણસ નૈતિક બોધ આપતો હતો. સમગ્રત: તેમાં કોઈ નેતાગીરી જેવું ન હતું. હેમેન્દોર્ફ નોંધે છે કે આંધ્રપ્રદેશ ક્ષેત્રના હિન્દુઓએ આદિજાતિ પદ્ધતિની માન્યતામાં પરિવર્તનનો ખાસ વિશેષ પ્રયત્ન કર્યો ન હતો. હિન્દુ સુધારકોએ

પ્રવર્તમાન આદિજાતિ રિવાજોને બદલવાનો પ્રયત્ન કર્યો હતો નહીં કે હિન્દુ સિદ્ધાંતો ફેલાવવાનો. ભારત એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર હોવાથી તેમાં હિન્દુ નેતાગીરી ઉપર કેટલાક બંધારણીય પ્રતિબંધો હતા.

ભારતના પ્રત્યેક ક્ષેત્ર એ ધાર્મિક પ્રક્રિયાઓને કેન્દ્રિત કરવા તેમના પોતાના દેવ-દેવીઓ પ્રસ્થાપિત કર્યા હતા. પૂર્વ ભારત પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા અને આસામમાં શક્તિ ઉપાસના, મહારાષ્ટ્રમાં ગણેશ, તામિલનાડુમાં રામ, વૃંદાવનમાં કૃષ્ણ આના ઉદાહરણ છે. ભારતના પ્રત્યેક ક્ષેત્રમાં ભાષા, પોષાક, આહારની પદ્ધતિઓ અને માન્યતાઓમાં અનેક વિવિધતા રહેલી છે. તેમ છતાં પ્રાદેશિક પ્રતીક એ એક સંકલન તરીકે ઊભરી આવ્યું છે.

પૂર્વ આધુનિક યુગમાં મંદિર બાંધવાની પ્રેરણા એ માત્ર ઘરાના (શાસકો) અથવા ધનિક વેપારીઓ પૂરતી મર્યાદિત હતી તે આધુનિક યુગમાં રાજકીય પ્રક્રિયા બની ગઈ, જેમાં દેવતાઓની ભક્તિ પ્રત્યેની ભાવના એકત્ર કરવામાં આવી. ભૂતકાળમાં પણ શૈવનારાયણ અને વૈષ્ણવ અલ્વારો દ્વારા તામિલનાડુના લોકોના મનમાં ભક્તિ ઠસાવવા અને જૈનો તથા બૌદ્ધને હિન્દુ સમાજમાં પ્રવેશતા અટકાવવા હિન્દુ મંદિરો બાંધવામાં આવ્યા. એવી જ રીતે બ્રિટિશ આતંકવાદ વિરુદ્ધ અવિભાજ્ય બંગાળમાં શક્તિ પરંપરાનો ફેલાવો થયો. મહારાષ્ટ્રમાં તિલકે ગણેશનો ભારતના બ્રિટીશ સામ્રાજ્ય સામેના વિરોધના પ્રતીકરૂપે ઉપયોગ કર્યો. આ રીતે, આ દેવતાઓ ગ્રામીણ મંદિરમાંથી લોકોના સામાજિક-રાજકીય આકાંક્ષાઓના સ્રોત બન્યા અને મોટા મંદિરોમાં પરિણમ્યા.

સ્વતંત્ર ભારતમાં બિનસાંપ્રદાયિકતાના વિકાસે મોટા શહેરો અને ચાર મહાનગરોમાં પણ મંદિર બાંધકામની પ્રક્રિયા મંદ પાડી હતી. તેમ છતાં, મંદિર સાથેના લોકોના સંબંધમાં પરિવર્તન અવશ્ય આવ્યું છે. તેઓ ઘણીવાર સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં ભાગ લેવા મંદિરે જતા હોય છે. વિશાળ ફલકમાં મહારાષ્ટ્રમાં ગણેશ ઉત્સવ અને પશ્ચિમ બંગાળમાં દૂર્ગાપૂજા ધાર્મિકતાને

બદલે સાંસ્કૃતિક પ્રવૃતિઓનું મિલનબિંદુ બની ગયા છે. બિનસાંપ્રદાયિક સંસ્થાઓ દ્વારા રાજકીય ગતિવિધિઓની શરૂઆત કરવામાં આવે છે. આમ જોઈએ તો આ પરિવર્તનની દિશા રાજકીય ગતિવિધિ તરફથીસાંસ્કૃતિક ગતિવિધિ તરફની છે. સતત વિસ્તરતા શહેરોમાં શહેરીજનોમાં અનામિત્વની (અહીં મને કોણ ઓળખે છે) ભાવના જાગે છે તેનાથી વિરુદ્ધ આ સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં ભાગ લેવાથી તેઓ પોતે ગુમાવેલા કેટલાક મૂલ્યા પાછા મેળવવાનો પ્રયત્ન કરે છે.

તેમની કૃતિ ઈન્ડિયન સાધુઝમાં ધૂર્યેએ ભારતમાં સાધુ સમુદાયના ઉદ્‌ભવની વાત કરી છે. બૌદ્ધ અને જૈન ધર્મના ઉદ્‌ભવે વ્યક્તિલક્ષી સાધુપરંપરા જેવી કે વિશ્વામિત્રનું પતન આણ્યું. દૈવી ઈન્દ્રએ સાધના તપભંગ માટે મુગ્ધાને લાલચ આપવા મોકલી. બીજી તરફ હિન્દુ, બૌદ્ધ અને જૈન સાધુ સંસ્થાઓને અશોકના સમયથી આશ્રય અને નાણાંકીય સહાય આપવામાં આવતી હતી. આ જાતની વર્તણુંકમાં ભેદનું કારણ એ છે કે સાધુ સમુદાયોએ લોકોની આધ્યાત્મિકતા વધારવામાં અને સમાજસેવાના મૂલ્યોના ઉત્થાનમાં ફાળો આપ્યો હતો. સુગ્રથિત સાધુઓ રસ્તે ભૂલેલા કે સમાજમાંથી અલગ કરેલા વ્યક્તિઓ ન હતા. તેઓ ભારતીય સમાજની વચ્ચે સામાજિક ઉતેજનારૂપ હતા. ભારતીય સાધુઓની પરલોકતા એ બાહ્ય દૃષ્ટિ હતી નહીં કે આંતરિક દૃઢ માન્યતા. ધૂર્યે લખે છે કે આદર્શ સાધુ દ્વારા આધ્યાત્મિકતા માટેની પ્રેરણા અને સામાજિક સેવા એ એક ઉત્તમ કક્ષાની સર્જનાત્મકતા અને મહત્વની વાત હતી. જ્યાં સુધી સંખ્યાબંધ લોકોના હૃદયમાં સાધુત્વની ભાવના ધબકી રહી છે, ત્યાં સુધી, સમાજની આધ્યાત્મિક અને સામાજિક જરૂરિયાતો નિ:સ્વાર્થ રીતે પૂર્ણ થશે અને તેના સભ્યો અનુભવાતીત મૂલ્યો યાદ કરતા રહેશે.

ધૂર્યે ભારતીય સાધુઓને સામૂહિક ભૂમિકાના સંદર્ભમાં ટાંકે છે. સ્વૈચ્છિક પરિત્યાગ છતાં તેઓ વિશ્વમાંથી અલિપ્ત થઈ જતા નથી. તેઓ સમાજની જ્ઞાતિ પરંપરાથી પર રહીને

સમાજને સુગ્રથિત કરવામાં ફાળો આપે છે. તેમની પ્રવૃતિઓમાં ધ્યાન, અભ્યાસ, ધાર્મિક પુસ્તકોની વાતનો ફેલાવો, અજાણ્યાને આતિથ્ય, માંદાને સારવાર વગેરે છે.

બૌદ્ધ અને જૈન ધર્મના ઉદ્‌ભવે હિન્દુ સમાજને નવો વળાંક આપ્યો. આ બંને સંપ્રદાયોમાં એકાંત ભિક્ષુક અથવા વનસાધુના સુગ્રથિત સમુદાયો હતા. આ સંપ્રદાયોમાં વર્ણપ્રથા ન હતી. તેમ છતાં સાધુ સમુદાયના સુગ્રથિત માળખાએ મઠ સંપ્રદાયના સભ્યોમાં અનુશાસન સ્થાપવામાં મહત્વનો ફાળો આપ્યો. ઈસવીસનની આઠમી સદીમાં હિન્દુ સુધારક શંકરાચાર્યએ શૈવાયત દસનામીની સ્થાપના કરી કે જેને સમાજકલ્યાણના વિવિધ કાર્યો સોંપવામાં આવ્યા હતા. ચૌદમી સદીમાં ઉત્તરના રામાનંદીઓ કે જેઓ દક્ષિણના રામાનુજના અનુયાયીઓ હતા તેમણે વૈષ્ણવ વૈરાગી પ્રથા સ્થાપી. દશનામીમાં વ્યવસ્થામાં દસ હતા જ્યારે વૈરાગીમાં અનેક હતા. શંકરાચાર્ય દ્વારા ચાર પ્રાદેશિક મુખ્યાલયો- જ્યોતિમંઠ (ઉતરપ્રદેશ, હિમાલય), પુરી (ઓરિસ્સા), દ્વારકા (ગુજરાત), શૃંગેરી (કર્ણાટક)માં સ્થાપીને સત્તાનું કેન્દ્રીકરણ કરવાનો પ્રયત્ન કર્યો. શૈવાયત અને વૈષ્ણવોમાં નાગ સમુદાય હોય છે કે જે મિલિટરી પાંખ તરીકે કાર્ય કરે છે. નાગા સાધુઓ કે જેઓ નગ્ન હોય છે તેઓ ગાંજો અને ચરસ મુક્તપણે લે છે. તમામ શૈવ સાધુઓ તથા ઘણા વૈષ્ણવ સાધુઓ બ્રહ્મચારી રહે છે.

ધૂર્યે નોંધે છે કે વિંધ્યાચળથી ઉત્તરમાં સમગ્ર જગ્યાએ સાધુઓ જોવા મળે છે. જ્યારે તેની દક્ષિણમાં જૂજ જોવા મળે છે તે આજની હકીકત હોઈ શકે. પરંતુ પાંચમી સદીમાં દક્ષિણમાં કાંચી (તામીલનાડુ) અને બનાવસી (કર્ણાટક)માં અનેક બૌદ્ધ અને જૈન સાધુઓ જોવા મળતા હતા. તદુપરાંત છઠ્ઠીથી આઠમી સદીમાં શૈવાયત એ વૈષ્ણવ ભક્તોએ મઠ પણ સ્થાપ્યા હતા. બારમી સદીમાં કર્ણાટકમાં લિંગાયત સંપ્રદાયના ઉદ્‌ભવ પહેલાં, કાલામુખ તરીકે જાણીતા વિશાળ સાધુ સમુદાયે મઠ સ્થાપ્યા હતા કે જ્યાં અનેક વ્યાવસાયિક પ્રવૃતિઓ થતી હતી, જેમાં ધાર્મિક વાંચન, તર્કશાસ્ત્રનો અભ્યાસ, જ્યોતિષ, વૈદકીય તથા ભવૈયા

(આર્ટ કલાકારો)ને આશ્રય પણ આપવામાં આવતો હતો. તામિલનાડુમાં શૈવાયત તથા કર્ણાટકમાં લિંગાયતોએ સાધુપ્રથાને હલકી બતાવી. કારણ  કે તેમાં મદિરાપાન, તાંત્રિક ધર્મપ્રણાલિના બહાને ભોગવિલાસ વગેરેને સ્થાન આપવામાં આવ્યું હતું. તેઓએ ગૃહસ્થ જીવનમાં ધીરતા, સૈયમ, નિયમિત જાતીય જીવનનો સંતોષ અને સાદા જીવનનો સમાવેશ થાય તો તેને આધ્યાત્મિક જીવન માટે શ્રેષ્ઠ બતાવ્યું.

તે જ રીતે ઉત્તરમાં વૈષ્ણવોના મઠ કેન્દ્રો ગૃહસ્થ રહ્યા. આ રીતે દક્ષિણમાં શૈવ અને ઉત્તરમાં વૈષ્ણવ પરંપરાએ સાંસારિક વૈરાગને મહત્વ આપ્યું. ગૃહસ્થ જીવનને વધુ સ્વીકારવા પાછળનું કારણ એ હતું કે સાધુનું જીવન જીવવું વધુ કઠિન હતું. વળી, તે જીવનનો એવો તબક્કો હતો કે જેમાં લાલચ વધુ થાય. આઠમી-નવમી સદીની તાંત્રિક યાતનાએ ભારતીય માનસમાં ખૂબ લાંબા અંતરની સ્મૃતિ કરાવી દીધી હતી. ઉપર નોંધ્યું છે તે મુજબ પરિવર્તનકારી કર્ણાટકના લિંગાયતો કે જેઓ મૂલત: શૈવ હતા તેઓએ ગૃહસ્થ જીવનની પ્રશંસા કરી. પંજાબના શીખો કે જેઓ મૂળ વૈષ્ણવ હતા તેઓને પણ સંયમિત ગૃહસ્થ જીવનને ઈશ્વરપ્રાપ્તિનું સાચું સાધન દર્શાવ્યું છે. તેમ છતાં ભારતમાં મોટાભાગના સંપ્રદાયો-વૈષ્ણવો કે શૈવમાં સાધુ સંસ્થાનું આગવું મહત્વ છે. બીજા શબ્દોમાં કહીએ તો સાધુ સંસ્થા આ સંપ્રદાયોમાં જૂજ રહી છે તેમ છતાં તે ત્યજી દેવામાં આવી નથી. સૂચિત રીતે ગૃહસ્થનું જીવન એ આદર્શ સાધુજીવન છે. જો પુરુષ અને સ્ત્રી સ્વૈચ્છિક રીતે તેમની જાતીયવૃતિ પર પડદો ઢાંકી દે તો તે તેમને આધ્યાત્મિક સાધુત્વ માટે માર્ગ પૂરો પાડે છે.

યુદ્ધમાં પ્રવૃત્ત સાધુત્વનો ઉદ્‌ભવ એ હિન્દુત્વને સમજવામાં એક મહત્વની બાબત છે. એ નોંધવું જરૂરી છે કે હિન્દુ ધર્મના મહત્વના પુસ્તકો અહિંસાનો ફેલાવો કરતા નથી. ધર્મશાસ્ત્રો અને અર્થશાસ્ત્રો સંયુક્ત રીતે શાસકને કાયદો અને વ્યવસ્થા લાદવા માટે બળનો પ્રયોગ કરવાનું કહે છે. તે તેની એટલે કે શાસકની ફરજ છે કે ગુનેગારને રાજ્ય વિરૂદ્ધ ગુના

બદલ પર્યાપ્ત સજા આપશે. તેમ છતાં તેણે જેને સજા આપી છે તેના વિરૂદ્ધમાં કોઈ ખરાબ ભાવના કે તિરસ્કારની લાગણી પેદા કરવાની નથી. જો તે ગુનેગારને સજા કરવામાં નિષ્ફળ જાય તો તે તેની નૈતિક જવાબદારીમાં ગંભીર ત્રુટિ છે. કૌટિલ્યએ મૌર્ય સામ્રાજ્યની એકતા સાચવવામાં દુશ્મનો સામે હિંસાનો ઉપયોગ કરવાની શાસકને હિમાયત કરી હતી. જ્યારે જૈન અને બૌદ્ધ દ્વારા અહિંસાનો સિદ્ધાંત પ્રેરવામાં આવ્યો હતો.

ધૂર્યના મતે મિલીટન્ટ હિન્દુ સાધુત્વ એ તેરમી-ચૌદમી સદીમાં હિન્દુ સમાજમાં આવ્યો કારણ કે તે ઈસ્લામિક અંત:પ્રવાહથી ભયભીત હતો. ત્યાર પછી શીખ મિલિટન્ટનો ઉદય પણ ઈસ્લામના વિરોધમાં ન હતો. પરંતુ ઉત્તર ભારતના મુસ્લિમ શાસકોના વધુ તાકાતને પડકારવાનો હતો. અનેક સૂફી સંતોએ ઈસ્લામનો શુભ આશય ફેલાવ્યો તેથી હિન્દુ ધર્મમાં મિલિટન્સીનો ઉદ્ભવ એ ઈસ્લામી સંપ્રદાયની વિરૂદ્ધમાં નહીં અને મુસ્લિમ શાસકોની ધર્મચુસ્ત અને કડક નીતિની વિરૂદ્ધ હતો. મુસ્લિમ શાસન બાદ આવેલ ઈસ્ટ ઈન્ડિયા કંપની માટે ત્રિશુળધારી સાધુએ કે જેમણે કંપનીના શાસનને પડકારવું તે તેમના માટે કઠિન હતું. કંપનીના ખરાબ શાસને (પ્રાંતીક રાજ્યો પર જબરદસ્તી, વધુ કરભારણ વગેરે) મિલિટન્ટ સાધુને ગુસ્સે કર્યા અને તેમાંના ઘણાંએ ૧૮૫૭ના સિપાહી બળવામાં લડ્યા.

સંક્ષિપ્તમાં હું સાધુઓની આર્થિક અને રાજકીય નીતિનો સંદર્ભ ટાંકીશ. એમાં એ શંકા નથી કે ભારતની સાધુ સંસ્થાઓ-દસનામી કે વૈરાગીમાં કાયદાથી નાસતા-ભાગતા, પ્રમાદી અને સ્ત્રી ભોગી સાધુઓ હતા. તેમ છતાં તેમાંના કેટલાક આદર્શોને વળગેલા હતા. કેટલાક લોકોએ કહ્યું છે તેમ આ લોકો આર્થિક રીતે બિનઉત્પાદક એટલે કે કમાતા ન હોય તેવા હતા. મારા મતે તે સમય વધુ મહત્વનો હતો. ભૂતકાળમાં મઠ કેન્દ્રો નાલંદા યુનિવર્સિટીથી શરૂ કરીએ તો તેમણે અસંખ્ય જાહેર દાન તથા શાસકોની ગ્રાંટ મેળવી હતી. અસંખ્ય મઠ કેન્દ્રો જમીન, વ્યાપાર અને સ્વબેન્કીંગ જેવી પ્રવૃત્તિઓમાં જોડાયેલા હતા. ઉત્તરના નાગા

સાધુઓ માત્ર યોદ્ધા નહીં પરંતુ વ્યાપારીઓ હતા. કર્ણાટકના લિંગાયત સાધુઓના મઠો એ અસંખ્ય વ્યાપારીઓના ગોડાઉન હતા કે તેઓ ત્યાં તેમનો સામાન સાધુઓની કસ્ટડીમાં સલામત રાખી શકતા હતા. આ કેન્દ્રો ખેડૂતોને કૃષિ માટે ઉછીના પૈસા પણ આપતા હતા. ભારતમાં વેપાર ઉદ્યોગમાં પૈસા આવવાને કારણે ઘણા મઠ કેન્દ્રો વધુ ઉત્પાદન અને લેવડ-દેવડના કાર્યોમાં જોડાયા. તે જ રીતે જ્યારે અનેક કારણોસર રાજકીય સ્થિરતા જોખમાઈ ત્યારે ઘણા સાધુ સમુદાયોએ રાજકીય ભૂમિકા અદા કરીને સૂક્ષ્મ રીતે રાજકીય અસ્થિરતા દૂર કરવા પ્રયત્ન કર્યો. આધુનિક બળોના ધસારાને લીધે આ બધા આર્થિક અને રાજકીય ભૂમિકાથી વંચિત આજના સાધુ સમુદાયો વર્તમાન સમાજના લોકોને કાળક્રમના દોષવાળા દેખાય છે. હાલના જ સાધુ સમુદાયો, ખાસ કરીને જેઓ વૈષ્ણવ સંપ્રદાયમાંથી ઉતરી આવ્યા છે તેઓને પોતાને આધુનિક ભારતના શૈક્ષણિક અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં અનુકૂલન સાધ્યું છે. રાધાસ્વામી તેમજ સ્વામિનારાયણ સંપ્રદાય આમાંના છે કે જે ઉત્સાહપૂર્વક ભાવિ તરફ મીટ માંડનારા સાધુ સમુદાયો છે.

## ૨. જ્ઞાનપ્રક્રિયાત્મક પરિમાણ

ધૂર્યે જ્ઞાનના સમાજશાસ્ત્રમાં ખૂબ રસ ધરાવતા હતા. તેમણે આ વિશે તેમના ઓગસ્ટ કોમ્ટે અને વિદ્યા પૂર્વેના જ્ઞાન વિશે પશ્ચિમી સમાજશાસ્ત્રના નિબંધમાં ભારતીય જ્ઞાન પદ્ધતિની વાત કરી છે. વિદ્યા એ પવિત્ર તેમજ બિનસાંપ્રદાયિક અભ્યાસક્રમ હતો કે જે ઉચ્ચ વર્ણના લોકોએ ગુરુની આશ્રમશાળામાં તેમની છત્રછાયા હેઠળ આપવામાં આવતો હતો. વિદ્યાના અનેક હેતુઓ હતા. શાસકો લોકો ઉપર શાસન કરવા માટે વિદ્યાપ્રાપ્તિ દ્વારા કાયદેસરતા પ્રાપ્ત કરતા હતા, ધાર્મિક જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા તેઓ પૃથ્વી તેમજ બ્રહ્માંડને ટકાવી રાખવા અગ્નિ પૂજા કરી શકતા હતા, બિનસાંપ્રદાયિક જ્ઞાન પ્રાપ્તિ દ્વારા શાસક યુદ્ધને યોગ્ય રીતે લડી શકતો, શત્રુને વશ કરી શકતો અને વાણિજ્ય નિયમબદ્ધ કરી શકતો, કર ઉઘરાવી શકતો કે જેના

માટે તે હકદાર હતો. ધૂર્યે આ સંદર્ભમાં કૌટિલ્યની વિદ્યા અંગેની પદ્ધતિને ટાંકીને કહે છે કે તે પદ્ધતિમાં તેણે બિનસાંપ્રદાયિક જ્ઞાનની હિમાયત કરી હતી.

અર્થશાસ્ત્ર એ વિદ્યાઓનો સાર છે કે જેમાં સૈદ્ધાંતિક કરતાં વ્યવહારૂ જ્ઞાન ઉપર ભાર મૂકવામાં આવ્યો. શાસકનું જીવન તેના અંગત તથા જાહેર ક્ષેત્રમાં ઘરા નિયંત્રણોથી લદાયેલું હતું. તેની કાર્યવિધિઓ મુખ્યત: સામાન્ય લોકોની જરૂરિયાત આધારિત હતી. મેગેસ્થનિઝ કે જે લાંબા સમય સુધી ચંદ્રગુપ્તના દરબારમાં હતો તે નોંધે છે કે રાજા સામાન્ય લોકોની જરૂરિયાત પ્રત્યે ધ્યાન આપવામાં પોતાના દરબારમાં લાંબો સમય વ્યતીત કરતો હતો. તદ્દુપરાંત કૌટિલ્યએ ગ્રામીણ અને શહેરી વહીવટકારો માટે સેવાના નિયમો બનાવ્યા હતા. આવા અમલદારો ઉપર જાસૂસો રાખીને કૌટિલ્યએ ભ્રષ્ટાચાર અને લોકો પ્રત્યેની તેમની બેજવાબદારી પ્રત્યે એક સંસ્થાકીય રચના સ્થાપી હતી. આ પુસ્તકમાં (અર્થશાસ્ત્રમાં) નબળા વર્ગના લોકો માટે ઘણી સુવિધાઓ હતી. ઉદાહરણ તરીકે સગર્ભાઓ, બાળકો, યુદ્ધો અને માંદા લોકો જો રાજ્યના જળપરિવહનનો ઉપયોગ કરે તો તેમના માટે કોઈ શુલ્ક નહીં. રાજ્ય નિયંત્રિત કાપડ યુનિટમાં કામ કરતી વિધવાઓને નિમાણૂંકમાં પ્રાધાન્ય અપાતું તેમજ પૂર અથવા આગ જેવી કુદરતી આપત્તિઓના ભોગ બનેલ લોકો માટે ખાસ પ્રબંધ કર્યા હતા. આ પ્રકારની કલ્યાણકારી યોજનાઓનો કૌટિલ્ય પહેલાનાં સમયની વિદ્યામાં ઉલ્લેખ ન હતો.

ધૂર્યે વિદ્યા ઉપરની ટિપ્પણી કરતી વેળા સાપેક્ષ સ્થિતિનો આશરો લે છે. વિદ્યાના સમાજની જરૂરિયાત પ્રમાણે જુદાં જુદાં સમયે જુદાં જુદાં વર્ગીકરણ કરવામાં આવ્યા હતા. સામાજિક ક્ષેત્રમાં ભારતીય સમાજ પોતે, નૈતિકતામાં સાપેક્ષતાને સ્વીકારી હતી. ભારતીય સમાજની જ્ઞાતિ, સંપ્રદાય વગેરેની વિવિધતાને એક નિયમોના સમૂહ દ્વારા શાસિત કરવી શક્ય નથી. ધર્મશાસ્ત્રો પણ આમાં પરિવર્તનશીલ રહ્યા છે. આથી લાગે છે કે આ બાબતમાં શ્રુતિ પરંપરા (શ્રાવ્ય પુસ્તકો)ની ત્રણ શાખાઓ જેવી કે વેદ, વેદાંતો, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રો

જ સંપૂર્ણ અથવા અપરિવર્તનશીલ છે. આનાથી ઉલટું સ્મૃતિ (યાદ રાખેલ કૃતિઓ) જેવી કે મનુનું ધર્મશાસ્ત્ર એ સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંજોગોમાં સાપેક્ષ રીતે લેવું જોઈએ. આમ, વિવિધતાને સમાવી લેવાની પ્રક્રિયા આજ દિન સુધી ચાલુ રહી છે. ઉદાહરણ તરીકે નિયંત્રિત માત્રા સુધીમાં લગ્ન કરવા માટે હિન્દુ કોડ બિલ પ્રતિબંધ લાદે છે. પરંતુ દક્ષિણ ભારતમાં તે અપવાદ છે જ્યાં આંતરપિત્રાઈ અને કાકા-ભત્રીજીના લગ્ન શક્ય છે.

ભારતીય સમાજ વિશેની પશ્ચિમની માન્યતા એ છે કે ભારતીય સમાજ અપરિવર્તનશીલ અને જડ છે. ભારતનું પવિત્ર ગ્રંથ સાહિત્ય જેવું કે ધર્મશાસ્ત્રો એ સંપૂર્ણ નિયમોને મૂર્તિમંત કરતું દર્શાવવામાં આવ્યું છે. ભારતના ધર્મશાસ્ત્રો પ્રમાણે નિયુક્ત કૃતિઓ પણ સૂચીત રીતે પરિવર્તન નોંધ્યા છે. આ પુસ્તકોનું ધ્યાનપૂર્વક વાંચન દર્શાવે છે કે તેઓ સમયની જરૂરિયાત સામે પ્રતિક્રિયા કરનારી છે. ભારત માટે પરિવર્તન એ કોઈ અજાણી ઘટના નથી. તેમ છતાં અહીં કોઈ અતિથિ વિશેષ કે સંપૂર્ણત: પરિવર્તન થયાં નથી. ઈરાવર્તી કર્વે નોંધે છે: પરિવર્તન હંમેશા અંશત: રહ્યા છે અને તે સમાજના તમામ સ્તર સુધી ધીમે ધીમે પ્રસર્યા છે અને મોટાભાગના કિસ્સામાં તે સમગ્ર સમાજ સુધી પહોંચ્યા નથી. આ હકીકતને લીધે આ સમાજને બહારના લોકોને સ્થિર જણાય છે. સાપેક્ષતાવાદી વલણે એવું કોઈ પરિવર્તન સ્વીકાર્યું નથી કે જેમાં જૂના મૂલ્યો-વર્તનોને સંપૂર્ણપણે ત્યજી દેવામાં આવે. આને પરિણામે તે સંગ્રહસ્થાન જેવું એટલે કે મ્યૂઝિયમ જેવું જણાય છે જેમાં જૂના મૂલ્યો અને નવા મૂલ્યો પ્રત્યેની સમીપતા દર્શાવે છે જે બહારના લોકોને ગૂંચવી નાખે છે.

ધૂર્યે એમના ભારતીય જ્ઞાન પદ્ધતિના ઉલ્લેખમાં બિનહિન્દુ પદ્ધતિનો સ્વાભાવિક ઉલ્લેખ કરે છે. આ પદ્ધતિ આમ જૂઓ તો એકતરફી હતી. તક્ષશિલા અને નાલંદાની વિખ્યાત બૌદ્ધ યુનિવર્સિટીઓએ પોતાની જ્ઞાનની પદ્ધતિ અપનાવી હતી. તે જ રીતે ગણિત, તર્ક, શબ્દકોશ, વ્યાકરણ જેવા કેટલા બિનસાંપ્રદાયિક વિષયોમાં જ્ઞાન આપતી જૈન સંસ્થાઓએ

ભારતમાં જ્ઞાનવૃદ્ધિમાં ફાળો આપ્યો છે. આમ તેમની દેખાતી ગૂઢ વિદ્યા હોવા છતાં આ બે ધર્મોએ બિનસાંપ્રદાયિક જ્ઞાનના બહોળા ફલક પર પાયાનું પ્રદાન કર્યું છે. અંતમાં પવિત્ર અને બિનસાંપ્રદાયિક જ્ઞાનને ભારતીય શિક્ષણની પરંપરામાં અલગ કરવું શક્ય નથી. ભારતનો શિક્ષણ પ્રત્યેનો અભિગમ સાંસ્કૃતિક  વૈજ્ઞાનિક છે. સંસ્કૃત સાહિત્યમાં કવિતાની છંદબદ્ધ રચના, તાર્કિક વિચાર અને વ્યાકરણ એ સાંસ્કૃતિક વિજ્ઞાનના ઉદાહરણ છે. વ્યાપક સ્વરૂપમાં વૈદિક શ્લોકો અને ઉપનિષદના સંવાદો એ ભારતીય સાંસ્કૃતિક ઘટનાના સુઆયોજિત અથવા વૈજ્ઞાનિક સર્જકો છે.

ધૂર્યેના મતે ભારતના સામાજિક ઈતિહાસના ત્રણ વળાંકો છે. પ્રથમ આઠમી સદીમાં જ્યારે તત્વજ્ઞાની શંકરાચાર્યએ દ્વૈતવાદ (એકેશ્વર) રજૂ કર્યો. તેમને દક્ષિણના બે આચાર્યો અનુસર્યા- રામાનુજાચાર્ય કે જેમણે વિશિષ્ટ અદ્વૈતવાદ અગિયારમી સદીમાં રજૂ કર્યો અને માધ્વાચાર્ય કે જેમણે દ્વૈતવાદ અથવા દ્વિવાદની તત્વભાવના ૧૩મી સદીમાં રજૂ કરી. ત્રણેય ધાર્મિક હસ્તીઓએ સમગ્ર દેશના વિદ્વાનો સાથે વિવિધ ચર્ચાઓ કરી અને સંસ્કૃતમાં ભગવદ્ ગીતા, ઉપનિષદ અને બ્રહ્મસૂત્ર આ ત્રણ પવિત્ર ગ્રંથો પર આધારિત ટીકા લખી. ધૂર્યે નોંધે છે કે ત્યારબાદ સંસ્કૃત સાહિત્ય ભાષા તરીકે ટકી શકી નહીં.

બીજો વળાંક ભક્તિ ચળવળના ઉદ્ભવ સાથે પ્રાદેશિક સાહિત્યનો ઉદય થયો જેના લીધે સંસ્કૃતની કૃતિઓનો ભાષા તરીકે અસ્ત થયો. ધૂર્યે લખે છે- ‘ધર્મ અને તત્વજ્ઞાનનું સ્થાનિકીકરણ પ્રગતિકારક રીતે વધુ લોકોને જ્ઞાનપ્રાપ્તિનું સાધન બન્યું. તેણે કોઈપણ જાતની શંકા વગર વધુ જનસમુદાયને સામેલ કર્યું તેથી તે સારા વિકાસ માટે અભિવાદનકારક પગલું હતું.’ તેમના મતે, આ સમયે તે ઈસ્લામના આગમનનો સમય હતો જ્યારે ભારતીય એકતામાં ભંગાણ શરૂ થયું.

ધૂર્યેએતે વાત પર દૃષ્ટિ નથી કરી કે ઉત્તરનું ભક્તિ સાહિત્ય કે જે મોટેભાગે એન્ટી

ઈસ્લામિક લાગણીથી પર રહ્યું હતું તે સાહિત્ય પ્રખ્યાત સાહિત્ય હતું. આથી એ શક્ય છે કે તેમણે હિન્દુવાદી દ્રષ્ટિબિંદુથી આ સમયના ઈતિહાસને મૂલ્યો હોય. હિન્દુ અને મુસ્લિમ વચ્ચેની ખાઈ એ સંસ્કૃતિ કે ધર્મ કરતાં વધુ રાજકીય કારણોસર હતી.

ત્રીજો વળાંક તેમણે નોંધ્યું છે કે ઉર્દૂ એ હિન્દુ અને મુસ્લિમને જોડતી ભાષા હતી કારણ કે મુસ્લિમ શાસકોએ ઉર્દૂ ભાષાને આશરો આપ્યો હતો. અને સત્તરથી વીસમી સદી દરમિયાન ભારતમાં બ્રિટિશ શાસકોએ અંગ્રેજી ભાષાને અપનાવી હતી. તેમ છતાં તેવું જાણાય છે કે ઉર્દૂ તે સમયે એકબીજાને જોડતી (લિંક) ભાષા તરીકે વિકસી હતી, તેનું કારણ એ હતું કે મુસ્લિમ શાસકોએ વહીવટ અને ન્યાયિક મુદ્દે ફારસી ભાષાને સ્વીકારી હતી. તેઓ નોંધે છે કે મુસ્લિમો ભારતમાં ગમે ત્યાં સ્થાયી થયા તેમણે અશુદ્ધ ઉર્દૂનો ઉપયાગ કર્યો. ભારતના મુસ્લિમોનો એક જ સમુદાય ન હતો. કેરળ અને તામિલનાડુના મુસ્લિમો પ્રાદેશિક ભાષા બોલતા હતા. ધૂર્યે માત્ર એ જ ઉર્દૂ બોલતા મુસ્લિમોની વાત કરે છે કે જેઓ મુસ્લિમ લશ્કર સાથે ખેંચાઈને આવ્યા અને પછી અહીં સ્થાયી થયા. આ મુસ્લિમો જૂના સ્થાયી થયેલાઓ કરતાં ઘણાં ઓછી સંખ્યામાં હતા. પરંતુ આ બધામાં સત્ય એ છે કે ભારતમાં જ્યાં પણ મુસ્લિમો સ્થાયી થયા તે કુરાન માત્ર અરેબિકમાં જ વાંચતા હતા.

અંતમાં, ધૂર્યે તેમની કૃતિઓ દ્વારા આપણા ભારતીય ધર્મો અંગેના જ્ઞાનને સમૃદ્ધ કરે છે. ભારતના ધર્મની બૌદ્ધિક ભાવાત્મકતા માત્ર સમાજના ઉચ્ચ વર્ગ સુધી જ સિમિત છે. દૈનિક જીવનમાં ક્રિયા કર્મ અને ધર્મ વચ્ચે થોડોક જ ભેદ રહે છે. વધુમાં ધર્મ એ માનવીના રોજિંદા જીવનની કદી પર થઈ શકતો નથી. શાસકોએ વિદ્યા પ્રાપ્તિ દ્વારા તેમના રાજ્યમાં ધાર્મિક પ્રવૃતિઓને આશરો આપ્યો. ચિંતનાત્મક સાધુઓ પણ લોકોની સમીપમાં રહ્યા. પોતાના આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા આવા પવિત્ર પુરુષો અને સ્ત્રીઓ જીવનની અનિશ્ચિતતાનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને મદદ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. બદલામાં, ગૃહસ્થો સાધુ સંસ્થાઓને દાનમાં મદદ કરી તેમની જાળવણીમાં ફાળો આપે

છે. જીવનના ક્ષણિક અને અનુભવાતીત પરિમાણો વચ્ચે પારસ્પરિકતાનો સંબંધ છે.

## ૩.૩ સંશોધનના અભ્યાસો

સંશોધક દ્વારા પીએચડી અને એમ.ફીલ. કક્ષાએ જે અભ્યાસો કરવામાં આવે છે જેમાંથી મહત્વનો અભ્યાસોની ચર્ચા સંશોધકે કરેલ છે.

**(૧) શ્રી એ.બી.રાઠોડ** દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાય અને તેની અસરો (૧૯૮૧)ના પીએચડીના અભ્યાસમાં વિવિધ ધાર્મિક સંપ્રદાયોમાં સ્વામિનારાયણ સંપ્રદાયની વ્યક્તિના જીવન ઉપર કેવી અસરો પડી છે તેને તપાસેલ છે. તેના સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

૧. સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓના અન્ય લોકો સાથે સામાજીક વ્યવહારો અને તેમના વણઉકેલાયેલા પ્રશ્નો તપાસવા.

૨. સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયો કોને ભગવાન ગણે છે અને શા માટે? હિન્દુઓના અન્ય ધર્મ હતા ખાસ કરીને વૈષ્ણવ ધર્મ કરતા કેવી રીતે જૂદા પડે છે તે તપાસવું.

૩. સંપ્રદાયનું રચનાત્મક અને કાર્યત્મક પાસું તપાસવું.

૪. સ્વા. સંપ્રદાયના લોકોને ધર્મ અને સમાજ વચ્ચેનો સંબંધ અને તેની અસરોને તપાસવી.

### ૦ સંશોધન પદ્ધતિ

ઉપરોક્ત અભ્યાસમાં સંશોધકે મુલાકાત અને સુચી, નિરીક્ષણ તથા ઐતિહાસિક પદ્ધતિઓ કમબેક કરે છે તથા આંકડાશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા માહિતીનું વર્ગીકરણ કરેલુ છે. જેમાં મુલાકાત અને સુચી ૧૦ નિદર્શ લઈને એક સર્વે કર્યા બાદ જરૂરી ફેરફારો કરીને ૩૦૦ વ્યક્તિને મુલાકાત અનુસૂચિ ભરવામાં આવી હતી.

નિદર્શ પસંદગી સંશોધકનું જ્યારે અભ્યાસ શ્રેય વિસ્તૃત હોય ત્યારે સંશોધક દ્વારા

સંશોધનના હેતુઓ તથા અભ્યાસશ્રેત્રે આધારે સમષ્ટીનો જ્યારે અભ્યાસ કરવાનો શક્ય ન બને ત્યારે નિદર્શની પસંદગી કરવામાં આવે છે. આ અભ્યાસમાં સંશોધકે સ્વામિનારાયણ સંપ્રદાયના માસિકો અને પાત્રો ઉપરથી અંદાજીત સમષ્ટીના વિચાર કરતા અમદાવાદમાં ૬૦૦૦ જેટલા અનુયાયીઓ હતા જેમાંથી ૫%ની નીદર્શમાં પસંદગી કરેલ હતી. આમ કુલ સંશોધકે વિવિધ આવકોને આધારે ૪ વિભાગો તથા વિસ્તારને આધારે બે વિભાગો પાડી ૩૦૦ નિદર્શની ઉતરદાતા તરીકે પસંદગી કરેલ હતી.

### o સંશોધનના કારણો

૧. શ્રી સહજાનંદ સ્વામીએ એક નવો સંપ્રદાય ગાંધીને જે એક નવું સમન્વયકારીધાર્મિક બંધારણ આપ્યું છે તેમાં આ આદર્શવાદી સંસ્કૃતિના દર્શન થાય છે. આ આદર્શવાદી સંસ્કૃતિના દર્શન કરવાં હોય તો ખાસ કરીને કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોવા મલે છે. હાલ જૂના મંદિરની ધારાના ૫૬ શિખરબંધી મંદિરો, ૧,૩૯૧ ગામોમાં હરિમંદિરો, ૧૦૯ બ્રહ્મચારીઓ, ૧૦૫૭ સાધુઓ, ૫૫૩ પાર્ષદો અને આદિકાળમાં પણ ત્રણ મંદિરો છે.

જ્યારે અક્ષર પુરુષોતમત સંસ્થાના શિખરબંધી મંદિરો, આશરે ત્રણસો હરિમંદિરો, ૨૦૦ સાધુઓ અને પાર્ષદો, આફ્રિકામાં પણ છ મંદિરો તથા લંડન લેસ્ટર વેલીગબરો, આસ્ટન એ ત્રણ મંદિરો ઈંગ્લેન્ડમાં તથા વિશાળ મંદિર ન્યુયોર્ક, અમેરિકામાં પણ છે.

જ્યાં યુવકો નિયમિત ભેગા થાય છે. આમ બસો જેટલા વર્ષોમાં આ વિકાસ તુલનાત્મક રીતે બીજા સંપ્રદાયો કરતાં ઝડપી કહી શકાય.

૩. બ્રિટીશ સરકારની સતાની સાથે જ સ્વામિનારાયણ સંપ્રદાય ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડમાં સ્થપાયો હતો. ધીમે ધીમે ઉદ્ધવ સંપ્રદાયમાંથી પોતાના

વિશિષ્ટ ધ્વૈત સિધ્ધાંત દ્વારા સ્વામિનારાયણ નામનો મંત્ર આપીને આ સંપ્રદાય આગળ ચાલ્યો હતો. જેને અક્ષરપુરુષોતમની સ્વામિનારાયણ ઉપાસના પ્રવર્તાવિનાર લોકો અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મના સિધ્ધાંત તરીકે ઓળખાવે છે. સાત્વિક કહેવાતા દેવદેવીઓની ઉપાસનાની જગ્યાએ તામશિક ગણાતી મંત્ર, જંત્ર અને તંત્રની ઉપાસના વધતી ચાલી હતી. શૈવ અને વૈષ્ણવના મૂળસિધ્ધાંતો દૂર થતા ગયા હતા. શક્તિપંથીઓ, માંસ, મદિરા, મત્સ્ય, મૈથુન અને મુદ્રા (પંચમકાર) નું સેવન કરતા. વૈરાગી ગણાતા બાવાઓના ટોળા ગામેગામ ફરતાં.

૪. ગુજરાતમાં કોળી, ઠાકરડા અને કાઠિયાવાડમાં કાઠી, આયર, મેર, મિયાણા, વાઘેર અને રાજપૂત જેવી જ્ઞાતિઓ આ સંપ્રદાયમાં જોડાયેલ હતી. શ્રી સહજાનંદ સ્વામીનું વ્યક્તિત્વ માનવસહજ હોવા છતાં ચમત્કારીક ગણાતું હતું છતાં તેમણે પોતાના આશ્રિતોને ચમત્કાર ને માન્યતા આપી નથી. આ સંપ્રદાય પરચા બહાને તેને પામર કહીએ.' એવી માન્યતા છે.

૫. શ્રી સહજાનંદ સ્વામીએ ઉધ્ધત સંપ્રદાયનું વૃધ્ધિકરણ કરીને એક નવું સાંપ્રદાયિક માળખું આપ્યું. જે દેશ વિભાગના લેખ તરીકે જાણીતું છે અને તે અંગેના રાજા, પ્રજા, સાધુ, બ્રહ્મચારી, ગૃહસ્થી વિ.ને વર્તવા માટે નવાં ધોરણો આપ્યાં છે. આ ધોરણોનું સંકલન 'શિક્ષાપત્રી, વચનામૃત અને ધર્મામૃત' આ ત્રણેય ગ્રંથોમાં જોવા મળે છે.

૬. મંદિરમાં સેવાપૂજા માટે ત્યાગીઓના વર્ગ ઉભો કર્યો છે. જેમાં બ્રહ્મચારી, બ્રાહ્મણ, સાધુ અને પાર્ષદ એવા ત્રણ પ્રકારો વર્ણાશ્રમની મર્યાદામાં રહીને ઉભા કરેલા છે. આ સંપ્રદાયની વિશેષતા એ છે કે તેમણે બ્રાહ્મણ અને

અબ્રાહ્મણ બુદ્ધિશાળી લોકોને આશ્રિત કર્યા છે. બુદ્ધિશાળી લોકો તેને વધારે ગમતા.

૭. આ સંપ્રદાયનો મુખ્ય હેતુ લોકોમાં કોઈપણ જાતની વાસના વિનાની ધર્મસંહિતાની ભક્તિ પ્રગટાવવાનો છે.

૮. સત્સંગીઓ કોઈપણ જાતની તકલીફ વિના ભગવાન ભજી શકે તેવી જીવનશૈલી (વે ઓફ લાઈફ) આપી અને તેને અનુરૂપ વર્તન ઢબ (બીહેવીયન પેટર્ન) આપ્યા.

૯. સર્વજન હિતાય સર્વજન સુખાયનો માનવતાવાદી અભિગમ અપનાવ્યો. આ ઉપરાંત સ્વામિનારાયણીય વ્યક્તિત્વ ઉપર પણ તેઓના પ્રસંગો ઉત્સવો, પૂજાવિધિઓ, વિગેરે દ્વારા પ્રત્યક્ષ નિરીક્ષણ પર આધારિત પ્રાથમિક માહિતી દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે.

૧૦. સ્વામિનારાયણ ધર્મ અપનાવનારનું વર્તન, ખાસિયતો, જરૂરિયાતો, મનોવલણો વિ. સમય જતાં બદલાતું જાય છે. અને ધીરે ધીરે તેના સભ્યમાં સહકાર અને આનંદનું એક અનોખું વાતાવરણ પેદા થાય છે. આ સંપ્રદાયમાં આદર્શવાદી મનોવલણ જોવા મળે છે.

**(૨) ડૉ.જયશ્રીબેન બારોટ** દ્વારા આંતરજ્ઞાતિય તથા આંતરધર્મીય લગ્ન કરનાર યુવતીઓની અનુકુળતાની સમસ્યાઓ (૨૦૦૭)ના પીએચડીના અભ્યાસમાં તેઓએ આંતરજ્ઞાતિય અને આંતરધર્મીય લગ્ન કરનાર યુવતીઓને પોતાના કુટુંબ વ્યવસ્થામાં તેમજ તેમની જીવનશૈલીમાં, ગૃહસંચાલનમાં અનુકુલનની જે વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે તેનો ઉકેલ કેવી રીતે લાવે છે. તેમાં જ્ઞાતિ અને ધર્મ મુખ્ય પરિબળ તરીકે કેવી ભૂમિકા ભજવે છે તેને સમજવાનો પ્રયત્ન કરેલ છે.

## o સંશોધનન હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણેના છે.

૧. આંતર-જ્ઞાતિય લગ્ન અને આંતર-ધર્મીય લગ્નનું સ્વરૂપ તપાસવું.

૨. આવા લગ્નો ઉપર અસર કરતાં પરિબળો તપાસવા.

૩. જીવનસાથીની પસંદગીના માપદંડો તપાસવા.

૪. લગ્ન સમયની પરિસ્થિતિ અંગે તપાસ કરવી.

૫. આ પ્રકારના લગ્નોની સમસ્યાઓ જાણવી.

૬. આ પ્રકારના લગ્નો દ્વારા જ્ઞાતિ સંસ્થામાં આવેલ પરિવર્તનો જાણવા.

૭. ગૃહવિજ્ઞાનના સંદર્ભમાં ગૃહ સંચાલનના વિવિધ પાસાઓ જેવા કે બજેટ, ઘરની વ્યવસ્થા તપાસવી.

૮. ઘરની રચના કે સુખ સુવિધાઓ અંગેની બાબતો તપાસવી.

૯. આ પ્રકારના લગ્નના પરિણામે ઉભા થતા કૌટુંબિક અનુકૂલનના પ્રશ્નો તપાસવા.

૧૦. આર્થિક અનુકૂલનના પ્રશ્નો તપાસવા.

૧૧. જીવનશૈલીમાં આવેલ પરિવર્તનને સમજવું.

## o સંશોધનમાં ઉપયોગમાં લીધેલી પદ્ધતિઓ અને પ્રવિધિઓ

ઉપકલ્પના ઘડતર પછીનું મહત્વનું સોપાન સંશોધનમાં ઉપયોગમાં લેવાયેલી પદ્ધતિઓની રજૂઆત અંગેનું હોય છે.

માહિતી પ્રાપ્ત કરવા માટે સૌ પ્રથમ આંતર-જ્ઞાતિય અને આંતર-ધર્મીય લગ્ન પરનાં પુસ્તકો, સંશોધનો, સામાયિકો, વર્તમાન પત્રોમાંથી વિષયક માહિતી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આમ ગૌણ માહિતી દ્વારા સંદર્ભ સાહિત્ય પ્રાપ્ત કરવામાં આવ્યું.

ત્યારબાદ ક્ષેત્રકાર્ય દ્વારા વિવિધ સંશોધન પ્રયુક્તિના આધારે પ્રાથમિક માહિતી એકત્ર કરવામાં આવી છે. આ સંશોધન પદ્ધતિઓ મુખ્યત્વે આ પ્રકારની છે.

### ○ નિદર્શન

નિદર્શન જ્યારે મૂડી ઓછી માત્રામાં હોય ત્યારે સામાજિક ઘટનાઓના અભ્યાસમાં નિદર્શન પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે કે કેમ? આ પદ્ધતિમાં વિષય સંબંધિત બધા જ એકમોનો અભ્યાસ કરવામાં ન આવતાં કેટલાક એકમોની પસંદગી કરવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ગૃહ સંચાલન પદ્ધતિ, નિરીક્ષણ, મૂલાકાત અનુસૂચિ તથા વ્યક્તિ તપાસ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. તેમજ સરળ યદચ્છ નિદર્શનના આધારે ઉત્તરદાતાની પસંદગી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના બે જિલ્લા જુનાગઢ, પોરબંદર જિલ્લાના કુલ ૧૨૫નો સમાવેશ કરવામાં આવ્યો છે. નિદર્શનની પસંદગી આકસ્મિક હેતુપૂર્વકની કરવામાં આવી છે.

### ○ મુલાકાત માર્ગદર્શિકા

મુલાકાત માર્ગદર્શિકા દ્વારા ખાસ કરીને આંતર-જ્ઞાતિય અને આંતર-ધર્મીય લગ્ન કરેલી યુવતિઓના ગૃહ સંચાલન અંગેના વિચારો જેવા કે બજેટ, સમય આયોજન, શક્તિનું આયોજન, પૈસાનું આયોજન, કુટુંબના ધ્યેયો, લક્ષ્યો તેમજ જીવનસાથીની પસંદગી અંગેના ખ્યાલો અંગેની માહિતી મેળવવાના પ્રયત્ન કરવામાં આવ્યા છે.

### ○ મુલાકાત અનુસૂચિ

૧. જેમાં પ્રથમ વિભાગમાં ઉત્તરદાતાની વ્યક્તિગત અને કૌટુંબિક માહિતી એકત્રિત કરવામાં આવી છે.

૨. જેમાં ઉત્તરદાતાનું વય જૂથ, જ્ઞાતિ, ધર્મ, તેના પતિનો ધર્મ, જ્ઞાતિ, શૈક્ષણિક દરજ્જો, વ્યવસાય અને કુટુંબનો પ્રકાર, કદ, કુટુંબના સભ્યોની શૈક્ષણિક,

વૈવાહિક દરજ્જો અને આર્થિક બાબતો અંગેની માહિતી એકત્રિત કરવામાં આવી છે. આ વિભાગમાં ઉત્તરદાતાની જીવનસાથી પસંદગી, લગ્નનું સ્વરૂપ, લગ્ન સમયની પરિસ્થિતિ વિગેરે જેવા પાસાંઓને ધ્યાનમાં રાખીને કુલ ૩૪ પ્રશ્નોનો સમાવેશ કરેલ છે.

૩. વિભાગ ત્રણમાં ગૃહવિજ્ઞાનના સંદર્ભમાં ગૃહ સંચાલનના વિવિધ પાસાંઓ જેવા કે બજેટ, ઘરની વ્યવસ્થા, ઘરની રચના તથા આંતર-જ્ઞાતિય કે આંતર-ધર્મીય લગ્નોને કારણે

ઉદભવતા પ્રશ્નોના અનુકુલનને સમજવાનો પ્રયત્ન કરેલ છે. આ વિભાગમાં ૪૬ પ્રશ્ન મૂકેલ છે. આમ મુલાકાત અનુસૂચિમાં કુલ ૮૦ પ્રશ્નો દ્વારા સમગ્ર અભ્યાસના હેતુઓ અને ઉપકલ્પનાઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્ર કરેલ છે. મૂલાકાત અનુસૂચિમાં કેટલાક બંધ પ્રકારના તો કેટલાક ખુલ્લા પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૦ સારાંશ

૧. પ્રસ્તુત મહાશોધ નિબંધ એ પી.એચ.ડી.ના અભ્યાસના ભાગરૂપે કરવામાં આવ્યો છે. જેમાં પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં આંતર-જ્ઞાતિય અને આંતર-ધર્મીય લગ્ન કરનાર યુવતીઓની અનુકૂલનની સમસ્યાઓ અને ગૃહસંચાલન ને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો છે.

૨. માહિતી એકત્રીકરણ, પ્રાથમિક માહિતી માટે મુલાકાત અનુસૂચિ તથા વ્યક્તિએકમ તપાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૦ અભ્યાસના તારણો

સમગ્ર શોધ નિબંધનું સમગ્ર અભ્યાસના આધારે એકત્રીત કરેલ માહિતીને આધારે માહિતીનું વિશ્લેષણ કરી અભ્યાસના મહત્વના તારણો જે તારવવામાં આવ્યા છે. જે નીચે મુજબ દર્શાવ્યા છે.

૧. અભ્યાસક્ષેત્ર પોરબંદર અને જુનાગઢ જિલ્લા પૂરતું મર્યાદિત રાખવામાં આવ્યું છે.

૨. આ અભ્યાસમાં આંતર-જ્ઞાતિય અને આંતર-ધર્મીય લગ્ન કરેલ યુવતિઓને અભ્યાસના એકમ તરીકે પસંદ કરવામાં આવેલી છે. આ અભ્યાસમાં મુખ્યત્વે અનુકૂલનની સમસ્યાઓ તથા ગૃહ સંચાલનની વિવિધ પદ્ધતિઓ તથા વિવિધ પાસાંઓની ચર્ચા કરવામાં આવી છે.

૩. આ અભ્યાસમાં તુલનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલો છે. તેમજ માહિતી એકત્રીકરણ માટે મુલાકાત અનુસૂચી દ્વારા ઉત્તરદાતાની વિષય સંબંધી માહિતી એકત્રીત કરવામાં આવેલ છે.

આ ઉપરાંત મુલાકાત પ્રયુક્તી દ્વારા ઉત્તરદાતાની અંગત બાબતોની માહિતી એકત્રીત કરવામાં આવેલી હતી. આ ઉપરાંત એકમ તપાસ પદ્ધતિ દ્વારા પણ આંતર-જ્ઞાતિય અને આંતર-ધર્મીય લગ્ન કરેલ ઉત્તરદાતા વચ્ચેના તફાવતોને સમજીને ઉંડાણપૂર્વકની માહિતી એકત્રીત કરવામાં આવેલી હતી.

કુલ ૧૨૫ ઉત્તરદાતાની પસંદગી હેતુપૂર્વકના નિદર્શનથી કરવામાં આવી છે. જે સમગ્રનું પ્રતિનિધિત્વ કરે છે. અભ્યાસમાં પ્રાથમિક તેમજ ગૌણ બન્ને માહિતીના સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રાથમિક સ્ત્રોત તરીકે નિરીક્ષણ મુલાકાત તેમજ મુલાકાત અનુસુચિનો ઉપયોગ કરવામાં આવેલ છે. ગૌણ માહિતીમાં જે તે જિલ્લાની સંખ્યા, સેન્સસ, સરકારી આંકડા, સમાચાર પત્રો વિગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. માહિતી એકત્રીકરણ બાદ તેનું વર્ગીકરણ, વિશ્લેષણ કરવામાં આવેલ છે. સૌથી છેલ્લે અભ્યાસમાં આધારે તારણો તારવવામાં આવ્યા છે. જે ઉપકલ્પનાને સાર્થક કરવા માટે સફળ થયેલ છે.

આંતર-જ્ઞાતિય લગ્ન તેમજ આંતર-ધર્મીય લગ્ન કરેલ યુવતિઓની અનુકૂલનની સમસ્યાનો અભ્યાસ પોરબંદર તેમજ જુનાગઢ જિલ્લાને ધ્યાનમાં લઈને કુલ ૧૨૫ ઉત્તરદાતાઓને પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. પ્રસ્તુત અભ્યાસ ૧૨૫ ઉત્તરદાતા પૂરતો મર્યાદિત છે. ઉત્તરદાતાઓની વ્યક્તિગત, કૌટુંબિક, સામાજીક બાબતો તેમજ અનુકૂલનના સંદર્ભમાં માહિતીનું પૃથ્થકરણ કરીને સંબંધિત તારણો તારવ્યા છે.

## ૦ વ્યક્તિગત કૌટુંબિક માહિતી

વ્યક્તિગત તેમજ કૌટુંમ્બિક માહિતીના આધારે નીચે મુજબના તારણો જોવા મળે છે.

૧. વય જુથ મુજબ ૨૧ થી ૩૦ વય જુથ મુજબ ઉતરદાતાનું પ્રમાણ ૫૪% જોવા મળે છે. જ્યારે ૩૧થી૫૦ વર્ષની વયના ઉત્તરદાતાની ટકાવારી ૪૨% છે. ૫૧થી૬૦ વર્ષની વયના ઉત્તરદાતાઓની ટકાવારી ૨% છે. જ્યારે ૬૦થી ઉપરના ઉત્તરદાતાઓની ટકાવારી ૨% જોવા મળે છે. આમ અહિ વયજૂથ પ્રમાણે સૌથી વધારે ૨૧થી૩૦ની ઉંમરના ૬૭ ઉત્તરદાતાઓ જોવા મળે છે.

૦ ઉત્તરદાતાના ધર્મ અંગેના તારણોમાં હિન્દુ ધર્મના ઉતરદાતાઓની ટકાવારી ૯૨% જોવા મળી છે. જયારે જૈન ધર્મના ઉત્તરદાતાઓ ૪% જોવા મળેલ છે. જ્યારે ખ્રિસ્તી ધર્મના અને મુસ્લીમ ધર્મના ઉત્તરદાતાની ટકાવારી અનુક્રમે બે, બે ટકા જોવા મળી છે. આમ સૌથી વધારે હિન્દુ ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

ઉત્તરદાતાનું તાલુકા પ્રમાણેનું તારણ જોતા પોરબંદર તાલુકામાંથી ૫૨ ઉતરદાતા જોવા મળે છે. જ્યારે રાણાવાવ તાલુકામાંથી ૨ ઉત્તરદાતા જોવા મળેલ છે. જુનાગઢ તાલુકામાંથી ૪૧ જોવા મળેલ છે. જ્યારે કેશોદ તાલુકામાંથી ૧ ઉત્તરદાતાની પસંદગી કરેલ છે.જ્યારે માળીયાહાટીના તાલુકામાંથી ૩ જોવા મળેલ છે. જ્યારે માંગરોળ તાલુકામાંથી ૨ ઉત્તરદાતા પ્રાપ્ત થયેલ છે. ઊના તાલુકાના ઉત્તરદાતાઓ ૧૦ છે. વેરાવળમાંથી ૧૪

ઉત્તરદાતાઓ મળેલ છે. આમ જૂનાગઢ જિલ્લામાંથી ૭૧ ઉત્તરદાતાઓ મળેલ છે.

○ ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો તપાસતા પરિણીત ઉત્તરદાતાઓની કુલ ટકાવારી પોરબંદર જિલ્લામાં ૯૪% છે. જ્યારે વિધવા ઉત્તરદાતાઓની ટકાવારી ૬% છે. આ જ રીતે જુનાગઢ જિલ્લામાંથી પરિણીત ઉત્તરદાતાની ટકાવારી ૯૪% છે. જ્યારે ૬% ઉત્તરદાતાઓ વિધવા જોવા મળેલ છે.

શૈક્ષણિક દરજ્જો તપાસતા પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ પોરબંદર જિલ્લાના ઉત્તરદાતાઓ (૫૪) પૈકી કુલ ૪ (૭%) ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલ છે. જ્યારે જુનાગઢ જિલ્લામાં કુલ ૭૧ ઉત્તરદાતાઓ પૈકી ૫ (૭%) ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલો છે. આમ સંશોધનાર્થી ઉત્તરદાતાઓમાંથી પ્રાથમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ બન્ને જિલ્લામાં સમાન જણાય છે.

માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓની માહિતી ઉપર નજર નાખતા જણાય છે કે પોરબંદર જિલ્લામાં કુલ ૫૪ ઉત્તરદાતાઓમાંથી માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦ એટલે કે (૧૯%) છે. જ્યારે જુનાગઢ જિલ્લામાં કુલ ૭૧ ઉત્તરદાતાઓ પૈકી ૧૩ ઉત્તરદાતાઓએ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલ છે, એટલે જુનાગઢ જિલ્લામાં આ પ્રમાણ (૧૮%) છે.

આમ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓની તુલના કરીએ તો પોરબંદર જિલ્લામાં આ આંક (૧%) જેટલો ઉંચો છે.

ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓની માહિતીનો અભ્યાસ કરતાં ૫૪ ઉત્તરદાતાઓ પૈકી ૨૦ ઉત્તરદાતાઓએ (૩૭%) ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલો છે. જ્યારે જુનાગઢ જિલ્લાના ૭૧ ઉત્તરદાતાઓમાંથી ૯

(૧૩%) ઉત્તરદાતાઓએ ઉ.મા. શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલ છે. આમ બન્ને જિલ્લાઓની તુલનામાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની બાબતમાં પોરબંદર જિલ્લો આગળ છે.

ઉચ્ચ શિક્ષણની બાબતમાં આંકડાઓ એવું બતાવે છે કે પોરબંદરના ૫૪ ઉત્તરદાતાઓ પૈકી ૨૦ (૩૭%) ઉત્તરદાતાઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ છે. આની સરખામણીમાં જુનાગઢ જિલ્લાના ૭૧ ઉત્તરદાતાઓ પૈકી ૪૪ (૬૨%) ઉત્તરદાતાઓ ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચ્યા છે. આમ ઉચ્ચશિક્ષણની બાબતમાં પોરબંદર કરતાં જુનાગઢ જિલ્લો આગળ છે.

○ વ્યવસાયિક દરજ્જાનુંવર્ગીકરણ જોતાં પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરતાં ઉત્તરદાતાઓની સંખ્યા પોરબંદર જિલ્લામાં ૧૨ (૨૨%) છે. જ્યારે જુનાગઢમાં તેની ટકાવારી ૪ (૬%) છે. નોકરી કરતાં ઉત્તરદાતા પોરબંદરમાં ૨૪% છે. જ્યારે જુનાગઢમાં ૪૨% જોવા મળેલ છે. ગૃહિણીની ટકાવારી પોરબંદરમાં ૫૦% છે. જ્યારે જુનાગઢમાં ૪૮% ગૃહિણી જોવા મળેલ છે. મજૂરી કામ કરનાર ઉત્તરદાતાની ટકાવારી પોરબંદર જિલ્લામાં ૧ છે. જ્યારે જુનાગઢ જિલ્લામાં તેની સંખ્યા ૦ જોવા મળેલ છે. નિવૃત્ત ઉતરદાતાની ટકાવારી પોરબંદર જિલ્લામાં ૧% જોવા મળેલ છે. જુનાગઢ જિલ્લામાં નિવૃત ઉત્તરદાતાની ટકાવારી ૩% જોવા મળેલ છે.

○ ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની સંખ્યા અંગેના વર્ગીકરણમાં ૦થી૬ સભ્યોની સંખ્યા ધરાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૯૦% હતી. જ્યારે ૭થી૧૦ સભ્યો ધરાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૪% જોવા મળી હતી. જ્યારે ૪% ઉત્તરદાતાઓ ૧૦થી વધુ સભ્ય સંખ્યા ધરાવે છે.

○ કુટુંબના સભ્યોની જાતિ દર્શાવતા વર્ગીકરણમાં પુરૂષ સભ્યોની ટકાવારી ૪૯% જોવા મળી. જ્યારે સ્ત્રી સભ્યોની ટકાવારી ૫૧% જોવા મળી.

○ ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની વય દર્શાવતા વર્ગીકરણમાં ૦થી૬ વર્ષના

સભ્યોની ટકાવારી ૧૩% જોવા મળેલ છે. ૭થી૧૫ વર્ષના સભ્યોની ટકાવારી (૮%) જ્યારે ૧૬થી૩૫ વર્ષના સભ્યોની ટકાવારી ૨૨% છે. જ્યારે ૩૬થી૫૦ વર્ષના સભ્યોની ટકાવારી ૨૫% છે. ૫૦થી૬૦ વર્ષના સભ્યોની ટકાવારી ૨૩% છે. જ્યારે ૬૦થી ઉપરની વય ધરાવતા સભ્યોની ટકાવારી ૮૭% છે.

○ કુટુંબના સભ્યોની માસિક આવક અંગેના વર્ગીકરણમાં જે સભ્યો આધારિત છે. તેની ટકાવારી ૬૬% છે. ૫,૦૦૦ થી ઓછી આવક ધરાવનાર સભ્યોની ટકાવારી ૩૯% છે. ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીની આવક ધરાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૩૫% છે. ૧૦,૦૦૦ થી ૨૫,૦૦૦ની આવક ધરાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૦૭% છે. ૫૦,૦૦૦ થી વધુ આવક ધરાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૦૨% છે. આમ, આધારિતોનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

## ○ લગ્ન, સમસ્યા અને અનુકૂલનના પ્રશ્નો અંગેના તારણો

પ્રસ્તુત અભ્યાસમાં જીવનસાથીની પસંદગી કેવી રીતે કરવામાં આવી તે અંગેનું તારણ જોતા આકસ્મીક રીતે જીવનસાથીની પસંદગી કરવામાં આવી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૧૮% જોવા મળી છે. સહયોગી એટલે કે સાથે રહેનાર હોય અને જીવનસાથીની પસંદગી કરી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૯૦% જોવા મળી છે. સહશિક્ષણ લેતા હોય અને ત્યારે જ જીવનસાથીની પસંદગી કરી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૨૧% જોવા મળી છે. પોતાના પડોશમાંથી જ જીવનસાથી પસંદ કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૨૨% છે. સહકાર્યકર હોય અને જીવનસાથીની પસંદગી આવા સહકર્મચારી ઉપર કરી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૦૨% છે. મિત્રવર્તુળમાંથી જીવનસાથીની પસંદગી કરી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી સૌથી વધુ એટલે કે ૨૫% જોવા મળી છે. અન્ય રીતે જીવનસાથીને પસંદ કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૧૨% જોવા મળી છે.

- લગ્ન અંગેનાં પ્રથમ પ્રસ્તાવ અંગેના વર્ગીકરણમાં પુરૂષ અથવા સ્ત્રીએ કરી હોય તે અંગેના તારણમાં ૭૫% પુરૂષોએ સ્ત્રી ને લગ્ન અંગેનો પ્રસ્તાવ પ્રથમ મૂકેલો જ્યારે માત્ર ૨૫% સ્ત્રીઓએ પુરૂષની સામે લગ્ન અંગેનો પ્રસ્તાવ મૂકેલો. જે દર્શાવે છે કે પુરૂષો આજે પણ પ્રભાવી છે.
- આંતર-જ્ઞાતીય તેમજ આંતર-ધર્મીયલગ્ન અંગેના વર્ગીકરણમાં પ્રસ્તુત અભ્યાસમાં આંતર-જ્ઞાતિય લગ્ન કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૮૦% જોવા મળી છે. જ્યારે આંતર-ધર્મીય લગ્ન કરનાર ઉત્તરદાતાનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળ્યું છે. જેની ટકાવારી ૨૦% જોવા મળી છે. જે દર્શાવે છે કે ભારતીય સમાજમાં હજુ પણ ધાર્મિક ભેદભાવો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. એક ધર્મની વ્યક્તિ બીજા ધર્મની વ્યક્તિ સાથે લગ્ન સંબંધથી જોડાતી નથી.
- પુરૂષ અથવા સ્ત્રીએ લગ્ન અંગેનો પ્રસ્તાવ મૂક્યા બાદ કેટલા સમયના અંતરે લગ્ન યોજાયા એ અંગેના વર્ગીકરણમાં ઝડપથી આ લગ્ન અંગેનો પ્રસ્તાવ સ્વીકારનાર દંપતીની ટકાવારી ૦૬% જોવા મળી. જ્યારે ૨થી૫ માસના અંતરે લગ્ન કરનારની ટકાવારી ૧૪% જોવા મળી. ૬થી૧૨ માસમાં લગ્ન કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૧૪% જ્યારે ૧થી૫ વર્ષના સમયગાળાના અંતરે લગ્ન કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૬૬% જોવા મળી છે. જે સૌથી વધારે જોવા મળી છે.
- આ પ્રકારના લગ્ન કરનાર ઉત્તરદાતાના લગ્ન અંગેના પ્રતિભાવો અંગેનું વર્ગીકરણ જોતા પિયરપક્ષે સંમતિ દર્શાવી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૫૩.૭% છે. આ જ રીતે શ્વસુરપક્ષે સંમતિ દર્શાવી હોય તેની ટકાવારી

૩૨.૮૦% છે. આ પ્રકારના લગ્નનો વિરોધ પિયરપક્ષે કર્યો હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૫૩.૭% છે. એ જ રીતે શ્વસુરપક્ષે વિરોધ.

- અંગત જીવનમાં જ્ઞાતિ કે ધર્મના કારણે અનેક અવરોધો ઉભા થતા હોય છે તે અંગેના વર્ગીકરણ જોતા ૦૭% ઉતરદાતાઓ આવા અવરોધનો સામનો કરે છે. ૯૩% ઉતરદાતાઓને આવો કોઈ અવરોધ જણાયો નથી.
- પોતાના આ પ્રકારના લગ્નથી કેટલા સંતુષ્ટ છે તે અંગેના વર્ગીકરણ જોતા ૯૩% ઉતરદાતાને આ લગ્નથી સંતોષ જણાયો છે. ૭% ઉતરદાતાઓ આ લગ્નથી સંતુષ્ટ નથી જણાયા. અર્થાત્ આ પ્રકારના લગ્ન કરનાર ઉત્તરદાતાઓ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરતા હોવા છતાં પોતે ખોટું પગલું ભર્યુ છે તેમ માનતા નથી. તેનાથી તેઓને સંતોષ જણાયો છે.
- પતિના વર્તનમાં કેવા પ્રકારનો બદલાવ આવ્યો છે. તે અંગેના વર્ગીકરણમાં ૦૪% ઉત્તરદાતાઓના પતિમાં માનસિક બદલાવ આવેલો છે. વૈચારિક બદલાવ આવ્યો હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૫૮% છે. ૧૮% ઉત્તરદાતાઓના પતિની જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું હોય તેવું જોવા મળ્યું છે. રિવાજોના પાલન અંગેના વર્ગીકરણમાં ૨૦% ઉત્તરદાતાઓના પતિનું રિવાજોના પાલનમાં પરિવર્તન આવેલું જોવા મળ્યું છે.
- આ પ્રકારે લગ્ન કરનાર યુવતિઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ત્યારે કૌટુંબિક કે અન્ય પ્રકારના મતભેદો ઉભા થતા જોવા મળે છે. એ અંગેના વર્ગીકરણમાં ૩૫% ઉત્તરદાતાઓ મતભેદોનો સામનો કરે છે. જ્યારે ૬૫% ઉત્તરદાતાઓને આવા કોઈ પ્રશ્નોનો સામનો કરવો પડતો નથી.
- મતભેદો અંગેના સવાલમાં કોની સાથે મતભેદો ઉભા થાય છે તે અંગેના

વર્ગીકરણ જોતા ૩૭% ઉત્તરદાતાઓને પતિ સાથે મતભેદો થયેલા જોવા મળ્યા છે. ૬૩% ઉત્તરદાતાને સાસુ સાથે મતભેદો ઉભા થયેલા જોવા મળ્યા છે.

- મતભેદો થવા પાછળના કારણો દર્શાવતા વર્ગીકરણ જોતા ૨૩% ઉત્તરદાતાને અંગત કારણોસર મતભેદો ઉભા થયેલા જોવા મળ્યા છે. ૧૧% ઉત્તરદાતાઓને આર્થિક બાબત ઉપરથી પોતાના બાળકોને લગ્ન પહેલા જાતિય જ્ઞાન મળવું જોઈએ કે કેમ તે અંગેના અભિપ્રાય ઉત્તરદાતાને પૂછવામાં આવેલા તેના વર્ગીકરણના અંતે તારણો જોતા ૯૪% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે અમે અમારા બાળકોને આ અંગેનું જ્ઞાન આપવા માટે સહમત છીએ. જ્યારે ૦૬% ઉત્તરદાતાઓ જણાવે છે કે આવા જ્ઞાનની કોઈ આવશ્યકતા જણાતી નથી.
- જાતીય જ્ઞાનની આવશ્યકતા શા માટે જરૂરી છે એ અંગેનો મત દર્શાવનાર ઉત્તરદાતામાંથી ૩૮% ઉત્તરદાતાઓ માને છે કે લગ્ન જીવનની સફળતા માટે જાતિય જ્ઞાન જરૂરી છે. જ્યારે ૬૨% એવું દર્શાવે છે કે ખોટી શંકાઓથી બચવા માટે જાતિય જ્ઞાન લગ્ન પહેલા મળવું આવશ્યક છે.
- જીવનસાથીની પસંદગી પોતાના સંતાનો જ્યારે કરે ત્યારે તેને આ પસંદગી કરતી વખતે સ્વતંત્રતા મળવી જોઈએ કે કેમ? ત્યારે ૯૬% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે સ્વતંત્રતા મળવી જોઈએ. જ્યારે ૦૪% ઉત્તરદાતાઓએ આવી સ્વતંત્રતાનો વિરોધ દર્શાવ્યો છે.
- આંતર-ધર્મીય કે આંતર-જ્ઞાતિય લગ્ન કરનાર ઉત્તરદાતાઓને પોતાના સંતાનોના લગ્નનીગોઠવણીમાં ધર્મ કે જ્ઞાતિના રિવાજો અડચણરૂપ બનશે કે કેમ? તે

અંગેના પ્રશ્નના વર્ગીકરણના અંતે તારણો જોતા ૦૮% ઉત્તરદાતાઓ આવી બાધાઓનો સામનો કરવો પડશે તેવું માને છે. જ્યારે ૯૨% ઉત્તરદાતા જણાવે છે કે આવી કોઈ સમસ્યા નડવાને કારણ નથી.

### ૦ ગૃહ વ્યવસ્થાના શિક્ષણ અંગેના વર્ગીકરણના તારણો

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાએ ગૃહવિજ્ઞાનનું ઔપચારિક શિક્ષણ મેળવેલ છે કે કેમ તે અંગેના વર્ગીકરણમાં ૨૨% ઉત્તરદાતાઓએ ગૃહવિજ્ઞાનનું શિક્ષણ મેળવેલ છે. જ્યારે ૭૮% ઉત્તરદાતાઓએ આ અંગે કોઈ જ્ઞાન પ્રાપ્ત કરેલ નથી તેવું જણાવ્યું હતું.

**(૩) ડૉ. ગીતાબેન ચાવડા** સ્ત્રીઓ અને આધ્યામિકતા એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (૨૦૦૧) આંકવામાં આવ્યો હતો. જેમાં તેઓએ સ્ત્રીઓના નારીવાદી સિદ્ધાંતોનો અભ્યાસ કરીને આધ્યાત્મિક કેસમાં સ્ત્રીઓનું પ્રદાન કેવું છે તેને તપાસેલ છે. આ સંશોધનના હેતુઓ નીચે મુજબના હતા.

### ૦ સંશોધનના હેતુઓ

૧. આધ્યાયિકતામાં માનનારી સ્ત્રીઓ પોતાની તાબેદારી અને સમસ્યાઓ વિષે કેવો દ્રષ્ટિકોણ ધરાવે છે અને તેને બહાર આવવા કેવો અભિગમ લે છે.

૨. આ સ્ત્રીઓ જે કાર્ય ભૂમિકા ભજવે છે તેના તરફ કેવું વલણ ધરાવે છે તે તપાસવું આ સંદર્ભમાં સંશોધકે નીચેના પ્રશ્નો પસંદ કરેલ હતા.

### ૦ સંશોધનના હેતુ અને સંશોધન પ્રશ્નો

આધ્યાત્મિકતામાં માનનારી સ્ત્રીઓ પોતાની તાબેદારી અને સમસ્યાઓ પ્રત્યે કેવો દ્રષ્ટિકોણ ધરાવે છે અને તેમાંથી બહાર આવવા કેવો અભિગમ લે છે તે જોવું. આ સ્ત્રીઓ પોતે જે કાર્યભૂમિકા ભજવે છે- વ્યવસાયિક, ગૃહિણી કે માતા તરીકેની- તેના તરફ કેવું વલણ ધરાવે છે તે જોવું. આ હેતુઓ પૂરા કરવા નીચેના સંશોધનના પ્રશ્નો પસંદ કરવામાં આવ્યા છે.

૧. ઉત્તરદાતાની આધ્યાત્મિકતા અંગેની સમજ જાણવી.

૨. ઉત્તરદાતાના સ્ત્રી તાબેદારી અંગેના વિચારો- વલણ-વ્યવહાર જાણવાં.

૩. ઉત્તરદાતાના સ્ત્રીમુક્તિ અંગેના વિચારો-વલણ-વ્યવહાર જાણવાં.

૪. પોતાની સમસ્યા અંગેનો ઉત્તરદાતાનો દ્રષ્ટિકોણ અને સમસ્યા માટેની સમાધાન પ્રક્રિયા જાણવી.

૫. પોતાની કાર્યભૂમિકા અંગેનું ઉત્તરદાતાનું વલણ-વર્તન જાણવું.

## ૦ સંશોધન ક્ષેત્ર

શ્રી અરવિંદ યોગમાં માનનારા વ્યક્તિઓ દરેક જગ્યાએ જોવા મળે છે. દરેક જગ્યાની સ્ત્રીઓને સંશોધન ક્ષેત્રમાં આવરી લેવી શકય ન હોવાથી ગુજરાતના મુખ્ય શહેરો ગાંધીનગર, અમદાવાદ, વલ્લભવિદ્યાનગર, વડોદરા, સુરત, અમરેલી, રાજકોટ અને પાલનપુર શહેરમાં વસેલી બહેનો જે શ્રી અરવિંદ યોગમાં માને છે તેઓ પૂરતો આ સંશોધનને મર્યાદિત રાખવામાં આવ્યો છે.

## ૦ નમૂના પસંદગીની પદ્ધતિ

શ્રી અરવિંદ યોગમાં માનનારી બહેનોની યાદી કોઈ એક જગ્યાએથી મેળવવી શકય ન હોવાથી આ આઠે શહેરોમાં આવેલ શ્રી અરવિંદ સેન્ટર પર જઈ સંશોધક સવાર-સાંજ બેસતા. ત્યાં ધ્યાન માટે આવતી બહેનોનો સંપર્ક કરી તેઓને ઉત્તરદાતા તરીકે પસંદ કર્યા. સ્નોબોલ પદ્ધતિથી જેટલી પણ સ્ત્રીઓનો સંપર્ક શકય થયો તે બધા પાસે પ્રશ્નાવલી ભરાવવામાં આવી. જેની સંખ્યા ૨૧૦ થાય છે. પરંતુ ૧૦ પ્રશ્નાવલીઓ પૂરી ભરવામાં આવી ન હોવાથી તેમાંથી ૨૦૦ પ્રશ્નાવલીનો સંશોધન માટે ઉપયોગ કરવામાં આવ્યો.

વૈયક્તિક અધ્યયનો માટે જુદાં જુદાં આધ્યાત્મિક સ્તર ધરાવતા આઠ ઉત્તરદાતાને પસંદ કરવામાં આવ્યા છે. બે ઉત્તરદાતા પ્રારંભિક સાધક છે, જે હજી આધ્યાત્મિક રસ્તે

જાણકારી મેળવવાના તબક્કામાં છે બે ઉત્તરદાતા બુધ્ધ સાધક પસંદ કર્યા છે, જે આધ્યાત્મિકતા અંગેની જાણકારી મેળવી તેને જીવનમાં ઉતારવા મથી રહ્યાં છે તો ચાર ઉત્તરદાતા પ્રબુધ્ધ સાધક પસંદ કરવામાં આવ્યા, જેઓએ આધ્યાત્મિકતાને આત્મસાત્ કરી છે.

## ૦ માહિતી એકત્રીકરણની પદ્ધતિ

સમાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિ વૈજ્ઞાનિક છે ઉત્તરદાતા શિક્ષિત હોવાથી પ્રશ્નાવલી, મુલાકાત, નિરીક્ષણ અને વૈયક્તિક અધ્યયન પદ્ધતિનો સાથે ઉપયોગ થયો છે. જેથી આંકડાકીય માહિતીની સાથે ગુણાત્મક માહિતી પણ બને તેટલી વધુ મેળવી શકાય. લાઈબ્રેરીનો ઉપયોગ પણ સતત રહ્યો છે.

## ૦ પ્રશ્નાવલી પદ્ધતિ

પ્રશ્નાવલી પદ્ધતિની અનેક મર્યાદાઓ હોવા છતાં તેને સામાજીક સંશોધનની માહિતી એકત્રીકરણની માન્ય પદ્ધતિ તરીકે સ્વીકૃતિ મળતી રહી છે. શ્રી અરવિંદ યોગમાં માનનારી સ્ત્રીઓ શિક્ષિત હોવાથી અને મોટાભાગે વ્યવસાય પણ કરતી હોવાથી પ્રશ્નાવલી પદ્ધતિ પસંદ કરી છે. આ ઉપરાંત અભ્યાસનો હેતુ આધ્યાત્મિકતા અંગેની સમજની તેમના વલણ વર્તન પર કેવી અસર પડી છે તે જોવાનો હોવાથી વિચારીને જવાબ આપવા જરૂરી હતા. આથી પ્રશ્નાવલી પદ્ધતિ પસંદ કરવામાં આવી છે.

પ્રશ્નાવલીના કુલ નવ વિભાગ છે.

વિભાગ-૧ ઉતરદાતાની સામાન્ય માહિતી

વિભાગ-૨ ઉત્તરદાતાના કુટુંબની સામાજિક આર્થિક પરિસ્થિતિ

વિભાગ-૩ ઉત્તરદાતાની આધ્યાત્મિકતા અંગેની જાણકારી

વિભાગ-૪ ઉત્તરદાતાની વ્યક્તિગત માહિતી અને દીનચર્યા

વિભાગ-૫ સ્ત્રીતાબેદારી અંગેની ઉત્તરદાતાની સમજ

વિભાગ-૬ સ્ત્રીમુક્તિ અંગેની ઉત્તરદાતાની સમજ

વિભાગ-૭ ઉત્તરદાતાના અંગત જીવનમાં તાબેદારી અને મુક્તિ

વિભાગ-૮ ઉત્તરદાતાનું કાર્યભૂમિકા પ્રત્યે વલણ અને વર્તન

વિભાગ-૯ ઉત્તરદાતાનાં સૂચનો

આમ નવ વિભાગમાં વહેંચાયેલી આ પ્રશ્નાવલી સ્ત્રીઓના આધ્યાત્મિકતા અંગેના જ્ઞાન, અને તેની વલણ વર્તન પર પડતી અસર જાણવાનો પ્રયત્ન કરે છે.

### ૦ રૂબરૂ મુલાકાત અને નિરીક્ષણ પદ્ધતિ

પ્રશ્નાવલી પદ્ધતિને પૂરક મુલાકાત અને નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. સંશોધનકર્તા ઉત્તરદાતાની વારંવાર મુલાકાત કરતા રહ્યા છે. વ્યક્તિગત મુલાકાત લઈ ઉત્તરદાતાના વર્તન વલણને અવલોકન અને ચર્ચા દ્વારા વધુ વિગતે જોઈ પ્રશ્નાવલીમાં તેઓએ જે ઉત્તર આપ્યા છે તેની સાથે સંકલિત કર્યા છે અને એ રીતે તટસ્થ અને વાસ્તવિક પરિસ્થિતિ જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

### ૦ વૈયક્તિક અધ્યયન પદ્ધતિ

વૈયક્તિક અધ્યયન પદ્ધતિનો વિસ્તૃત ઉપયોગ સમાજવિજ્ઞાનોમાં થાય છે. આમ વૈયક્તિક અધ્યયન પદ્ધતિ ઉત્તરદાતાના વલણ, વર્તણુકક અને તેની સમસ્યાઓ, બધાનો ઉંડાણથી અને ગુણાત્મક અભ્યાસ કરે છે. લોકોના અનુભવોને, તેના આંતરિક સંઘર્ષને અને તેમાંથી બહાર નીકળવાના રસ્તાઓનો ઉંડાણથી અભ્યાસ કરે છે. આથી પ્રસ્તુત સંશોધનમાં આ પદ્ધતિનો ઉપયોગ પણ સર્વેક્ષણની અન્ય પદ્ધતિઓ સાથે કરવામાં આવ્યો છે.

### ૦ વિભાગ-૧ નારીવાદી સૈદ્ધાંતિક અભિગમોમાં આધ્યાત્મિકતાનું પ્રદાન

સ્ત્રી તાબેદારી અને મુક્તિ અંગેના નારીવાદી સાહિત્ય અને શ્રી અરવિંદ ફિલસુખીને સાથે જોઈએ તો આધ્યાત્મિકતા નારીવાદને કેટલાક નવા દૃષ્ટિકોણ અને મુદ્દાઓ પ્રદાન કરી શકે તેમ છે. જે આ મુજબ છે.

૧. સ્ત્રી તાબેદારી અને મુક્તિ માટેનું વિવેચન ઉત્ક્રાંતિની પ્રક્રિયાના સંદર્ભમાં આપી તેની વધુ વિસ્તૃત સમજૂતી આપે છે

૨. સમાજ અને વ્યક્તિ વચ્ચેના સંબંધની વધુ ઉંડાણભરી સમજૂતી આપે છે

૩. સ્ત્રી તાબેદારી અને મુક્તિની આત્મલક્ષી સમજૂતી

૪. નારીવાદને વધુ વિસ્તૃત દર્શન આપે છે.

૫. સમતા, સમાનતા, મુક્તિ, સંવાદિતા, ભગિની ભાવના કે બંધુતા, સહિયારાપણું, સંવાદિતા જેવા આદર્શોને સબળ પુરો પાડે છે.

૬. અમલીકરણના સ્તરે અસરકારકતા વધારે છે

૭. બાહ્ય પરિવર્તનનીસાથે આંતરિક પરિવર્તનને એકરૂપ કરવાની અનિવાર્યતા

૮. ચેતનાના રૂપાંતરની પ્રક્રિયાની વિસ્તૃત સમજુતી આપી

## ૦ ઉત્તરદાતાનાં આધ્યાત્મિક વલણો

પ્રસ્તુત સંશોધનના બહુમતી ૯૧% ઉત્તરદાતા હિંદુ ધર્મના અને ૯૦.૫% ઉત્તરદાતા સવર્ણ ગણાતી જ્ઞાતિઓના છે. છતાં આ ઉત્તરદાતામાં મુસ્લીમ(૧%), જૈન (૭%), ખ્રિસ્તી (૦.૫%), પારસી (૦.૫%) ઉત્તરદાતાનો સમાવેશ થાય છે. તેમ જ અનુસૂચિત જનજાતિ (૦.૫%), અનુસૂચિત જાતિઓ (૧.૫%) અને બક્ષીપંચ (૭.૫%)માં સમાવિષ્ઠ જ્ઞાતિઓનો સમાવેશ થાય છે. આર્થિક સ્તરમાં પણ મધ્યમ અને ઉચ્ચ મધ્યમ આર્થિક સ્તર ધરાવતા ઉતરદાતા સૌથી વધુ ૯૬.૫% છે. ઉંમરની રીતે પણ વિવિધતા જોવા મળે છે. ૨૦થી લઈ ૮૦ વર્ષની ઉંમરના ઉત્તરદાતાનોસમાવેશ પ્રસ્તુત સંશોધનમાં થયો છે. ઉત્તરદાતામાંથી ૧૨થી ઓછું શિક્ષણ ૧૩.૫% ઉત્તરદાતા ધરાવે છે. જ્યારે અનુસ્નાતકથી ઉપરનું ઉચ્ચ શિક્ષણ ૩૪% ઉત્તરદાતા ધરાવે છે. આમ બધી જ ઉંમર, જ્ઞાતિ, ધર્મ, તથા ઉચ્ચ મધ્યમ આર્થિક દરજ્જા અને શૈક્ષણિક સ્તરના ઉત્તરદાતાનો સમાવેશ પ્રસ્તુત પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

આ ઉત્તરદાતા ચાહે ગમે તે ઉંમર, જ્ઞાતિ, આર્થિક દરજ્જો કે શૈક્ષણિક સ્તરના હોય તેઓમાં પોતાની અભીપ્સાની તીવ્રતા અને માત્રા આધારિત કેટલાંક સમાન આધ્યાત્મિક વલણો જોવા મળ્યાં, જે નીચે મુજબ છે.

૧. ૯૬.૫% ઉતરદાતા ક્યારેકવારંવાર કે હંમેશા દૈવી તત્વની હાજરી અનુભવે છે. દૈવી તત્વ પર અખૂટ શ્રદ્ધા ધરાવે છે અને જીવનમાં બનતી પ્રત્યેક ઘટના કોઈ અકસ્માત નહી પણ દૈવી તત્વ દ્વારા ચેતનાના ઉર્ધ્વીકરણના ઉદેશ્યથી આયોજાયેલી હોય છે તેવું માને છે.

૨. ચિત્તમાં રહેલા ભાવો અને પોતાના વર્તન અંગેની જાગૃતિ કેળવવાનો પ્રયત્ન બહુમતીથી ઉત્તરદાતા કરે છે. આ વલણ ચેતનાના ક્યા સ્તરમાંથી આવે છે તે અંગેની જાગૃતિ કેળવવાનો સભાન પ્રયત્ન કરી, આમ રોજબરોજના જીવનમાં આધ્યાત્મિકતાને સતત જીવવી તે તેમનું વલણ દેખાય છે. જેને આંકડાંમાં જોઈએ તો,

૩. ૮૬% ઉત્તરદાતા માને છે કે પોતાની ચેતનામાં રૂપાંતર દ્વારા સમગ્ર સમાજની ચેતનામાં પણ પરિવર્તન લાવી શકાશે. ઉત્તરદાતાઓ સ્પષ્ટ સમજ અને સ્પષ્ટ ધ્યેયથીઆધ્યાત્મિક રસ્તે આગળ વધ્યા છે. આમ બહુમતી ઉત્તરદાતા પ્રમાણે આધ્યાત્મિકતા એ મોક્ષ નથી પરંતુ ચેતનાના રૂપાંતરની પ્રક્રિયા છે.

૪. ઉત્તરદાતાની માનસિક સ્થિતિ જોઈએ તો ૯૮% ઉત્તરદાતા ક્યારેક, વારંવાર કે હંમેશા આંતરિક શાંતિ, પ્રેમ અને આનંદનો અનુભવ કરે છે. શાંતિ પ્રેમ અને આનંદ હોય તો તેની સ્પષ્ટ અસર તેના વ્યવહારમાં પડતી હોય છે અને આવી સ્થિતિમાં થયેલ વ્યવહાર તેનાં વલણો આજુબાજુ પણ ફેલાવતાં હોય છે.

૫. બાહ્ય ઘટનાના મૂળ વ્યક્તિની સભાનતાની ઉપરની અને નીચેની ચેતનાનાં પ્રભાવથી થતાં હોય છે તેવી સમજ બહુમતી ઉત્તરદાતા ધરાવે છે અને તેથી જ કોઈપણ પ્રશ્ન કે સમસ્યાનું મૂળ કે સમાધાન પોતાની ચેતનામાં શોધવાની વૃત્તિ તેઓની જોવા મળે છે.

આધ્યાત્મિક ગુણાંકન પરથી ઉત્તરદાતાઓના મુખ્ય ત્રણ બૃહદ પ્રકારો (સ્વરૂપો) સ્પષ્ટ થાય છે- (૧) આધ્યાત્મિકતામાં શરૂઆત કરનાર પ્રવેશક સાધક, (૨) આધ્યાત્મિકતાને પોતાના જીવનમાં ઠીક ઠીક સ્થિર કરવા મથનાર બુદ્ધ સાધક અને (૩) આધ્યાત્મિકતાને આત્મસાત્ કરનાર પ્રબુદ્ધ સાધક. આ ત્રણે પ્રકારના ઉત્તરદાતામાં આધ્યાત્મિક અનુભૂતિની માત્રામાં પરિવર્તન જોવા મળ્યું. આ ત્રણે પ્રકારના ઉત્તરદાતામાં એક સામાન્ય વલણ એ જોવા મળ્યું કે તેઓ પ્રમાણિકતા અને સચ્ચાઈથી ચેતનાના ઊર્ધ્વીકરણને પ્રાપ્ત કરવા અને જીવનમાં સ્થિર કરવા મથી રહ્યા છે.

## ○ આધ્યાત્મિક વલણોથી ઉત્તરદાતાના જીવનમાં આવેલ પરિવર્તન

આધ્યાત્મિક વલણોથી ઉત્તરદાતાના જીવનમાં જે પરિવર્તન આવ્યા છે તેને ચાર વિભાગમાં જોવામાં આવ્યા છે- વૈયક્તિક જીવનમાં આવેલ પરિવર્તન, કૌટુંબિક જીવનમાં આવેલ પરિવર્તન, સામાજિક જીવનમાં આવેલ પરિવર્તન અને વ્યાવસાયિક ભૂમિકામાં આવેલ પરિવર્તન. તેને વિગતે જોઈએ તો:

## ○ વૈયક્તિક જીવનમાં આવેલ પરિવર્તન

૧. જીવન ધ્યેય વિસ્તૃત થયું
૨. બધા સાથે એકત્વ અનુભવાયું
૩. આત્મવિશ્વાસ અને સુરક્ષાભાવમાં વધારો
૪. જીવનની ઘટનાઓ પ્રત્યે સમત્વ કેળવાય

૫. વ્યક્તિની સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય છે.

૬. સમસ્યા પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલાવ છે

૭. જીવનમાં સુખ, શાંતિ, આનંદ આવ્યાં

## ○ કૌટુંબિક જીવનમાં આવેલ પરિવર્તન

૧. પતિ પત્નિ વચ્ચેના સંબંધ ખૂબ જ સંવાદિત થયા છે.

૨. કુટુંબના સભ્યો સાથેના સંબંધ સમજાણ પર આધારિત અને સંવાદિત થયા છે.

૩. ઘરમાં પ્રતિકૂળ વાતાવરણ હોય તો તે તરફની પ્રતિક્રિયા બદલાઈ છે.

૪. ગૃહિણી તરીકેની ભૂમિકા અંગેના વલણમાં પરિવર્તન આવ્યું છે.

૫ બાળઉછેર અંગેની ભૂમિકામાં પરિવર્તન: 'બાળઉછેર સાથે માતાનો પણ દરેક ક્ષેત્રે વિકાસ થાય છે.' આ પરથી ઉત્તરદાતા બાળઉછેરને કેટલુ ઉદ્દાત કાર્ય ગણે છે તેનો ખ્યાલ આવે છે.

## ○ વ્યવસાયિક ભૂમિકામાં આવેલ પરિવર્તન

૧. વ્યવસાય વિશે હકારાત્મક ખ્યાલ

૨. વિપરીત પરિસ્થિતિનો સામનો કરવાની આધ્યાત્મિક પદ્ધતિ

૩. સમયનો મહત્તમ ઉપયોગ

## ○ સામાજિક જીવનમાં આવેલ પરિવર્તનો

આધ્યાત્મિકતા વ્યક્તિના જીવનમાં પરિવર્તન લાવે છે તેની સીધી અસર સ્વભાવિપણે તેની સામાજિક વર્તણુક પર પડે છે. ઉત્તરદાતામાં આવેલા દેખીતા સામાજિક પરિવર્તન જોઈએ તો-

૧. ઉત્તરદાતા ખોટી ધાર્મિક અંધતામાં માનતા નથી. જે કોઈ પણ પ્રવૃત્તિ કરે તે ઉંડી સમજ સાથે કરે છે. જેમકે ઉપવાસ કરે તો તે શરીર સ્વાસ્થ્ય માટે

કરતા હોય છે. આમ ધાર્મિક ક્રિયાકાંડ પ્રત્યેની માન્યતા ઓછી થઈ છે, અંધશ્રદ્ધા ઘટી છે જે અનેક સામાજિક સમસ્યાઓને રોકી શકવા સમર્થ છે.

૨. ઉત્તરદાતા સામાજિક રીતરિવાજોની અનિવાર્યતામાં માનતા નથી. બધા પ્રત્યે સમત્વ અનુભવતા હોવાથી જ્ઞાતિભેદમાં માનતા નથી. (૭૫%) પુત્ર જન્મ અનિવાર્ય માનતા નથી. (૯૨.૫%) સામાજિક પ્રસંગોમાં ભાગ લે તો પણ સમજથી- શાંતિ સંવાદિતા માટે લે છે પરિણામે તેની આડઅસર થતી નથી.

૩. ઉત્તરદાતા એક સમર્થતા, સ્વતંત્રતાનો અહેસાસ કરતા હોવાથી કશું બળજબરી તેમની પાસે કોઈ કરાવી શકે તેવું લાગતું નથી. આધ્યાત્મિકતામાં આવ્યા પછી સમજપૂર્વક સંવાદિતા માટે કરતા હોવાથી તેની ઓછી વિપરીત અસર ઉત્તરદાતા પર પડે છે તેવું તેમની સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું.

## ○ સ્ત્રી સશક્તિકરણની પ્રક્રિયામાં આધ્યાત્મિકતાનું પ્રદાન

નારીવાદના કેન્દ્રિય વિચાર તરીકે સ્ત્રી સશક્તિકરણનો ખ્યાલ ફ્રેંચ ક્રાંતિમાં પ્રચલિત થયેલ શબ્દ સ્વતંત્રતા થી યાત્રા કરતો સશક્તિકરણ સુધી આવી પહોંચ્યો છે. કોઈના માટે કોઈ કશુંક કરે તે ક્રિયા પોતે સ્તરીકરણ દર્શાવતી હોય છે. જેનો વિરોધ નારીવાદના પાયામાં છે. આમ સશક્તિકરણનો ખ્યાલ વિકસ્યો. સશક્તિકરણની અનેક વ્યાખ્યાઓ થઈ છે. બધામાં સામાન્ય જોઈએ તો કેટલીક બાબતો આવે છે.

- ○ સ્ત્રીના ફાળા અને જ્ઞાનને ઓળખ આપવી.
- ○ સ્ત્રીએ પોતાના ડરો, અક્ષમતાઓ અને લઘુતાના ભાવો સામે લડત કરવી.
- ○ સ્ત્રી પોતાના સ્વમાન અને સ્વ ગૌરવની જાળવણી કરવી આગળ વધારે.
- ○ સ્ત્રી સ્વાયત બને.
- ○ સ્ત્રી પોતાની જાતિયતા જાતે નક્કી કરે.

○ સ્ત્રીનું પોતાના શરીર પર નિયંત્રણ હોય.

## (૪) ડૉ. આનંદ આચાર્ય : સ્વામિનારાયણ સંપ્રદાય અને પછાત જ્ઞાતિઓ :

### ○ સંશોધન હેતુ

કોઈપણ સામાજીક સંશોધન પાછળ ચોક્કસ હેતુ હોય છે. ચોક્કસ હેતુ સંશોધનને દિશા પ્રદાન કરે છે. અહીં સંશોધન પ્રશ્નને ધ્યાનમાં રાખી પ્રસ્તુત અભ્યાસ માટે ત્રણ મુખ્ય હેતુઓ નક્કી કરવામાં આવ્યા છે.

૧. સ્વામિનારાયણ સંપ્રદાય સાથે જોડાયેલા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગના લોકો પરની સામાજિક અસરો તપાસવી.

૨. સ્વામિનારાયણ સંપ્રદાય સાથે જોડાયેલ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગો પરની શૈક્ષણિક અને આર્થિક અસરો તપાસવી.

૩. સ્વામિનારાયણ સંપ્રદાય સાથે જોડાયેલ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગના લોકો પરની નૈતિક અસરો તપાસવી.

### ○ સંશોધન ક્ષેત્ર

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય અભ્યાસમાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉત્તરદાતાઓમાંથી ૧૦૦ ઉત્તરદાતા અનુસૂચિત જાતિના, ૧૦૦ ઉત્તરદાતા અનુસૂચિત જનજાતિના તેમજ ૧૦૦ ઉત્તરદાતા અન્ય પછાત વર્ગોના છે.

ગુજરાતમાં બહોળા પ્રમાણમાં સ્વામિનારાયણ સંપ્રદાયની વિવિધ શાળાઓના અનુયાયીઓ વસે છે. પ્રસ્તુત અભ્યાસમાં બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોતમ સ્વામિનારાયણ સંસ્થા સાથે સંકળાયેલા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ અન્ય પછાત વર્ગના લોકોનો ઉત્તરદાતા તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. સ્વામિનારાયણ ધર્મના ગુજરાતમાં વસતા અનુયાયીઓમાંથી યદચ્છ નિદર્શન પદ્ધતિથી અમદાવાદ જિલ્લામાંથી અનુસૂચિત જાતિના

૧૦૦ તથા અન્ય પછાત વર્ગના ૧૦૦ ઉત્તરદાતાઓનો તથા વડોદરા જિલ્લામાંથી અનુસૂચિત જનજાતિના ૧૦૦ ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવી છે.

આ અભ્યાસમાં આ ધર્મમાં જોડાયેલા પછાતવર્ગો અને પછાત જ્ઞાતિઓ અંગે સમાજશાસ્ત્રીય અભ્યાસ હાથ ધરાયો છે. અભ્યાસમાં યદચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા નિદર્શ લઈ મુલાકાત પદ્ધતિથી મુલાકાત માર્ગદર્શિકાની મદદ દ્વારા ૩૦૦ ઉત્તરદાતાઓ પાસેથી અભ્યાસને લગતી માહિતી એકત્ર કરવામાં આવી છે. આ માહિતીને કોડીંગની મદદથી તુલનાત્મક કોષ્ટકોમાં પ્રસ્તુત કરવામાં આવી છે જે અભ્યાસમાં યથાસ્થાને રજૂ કરાઈ છે.

અભ્યાસમાં ૨૦.૩૩ ટકા સ્ત્રીઓ તથા ૭૯.૬૭ ટકા પુરુષ ઉત્તરદાતાઓનો સમાવેશ થયો છે. અભ્યાસમાં ૧૨ ટકા ૧૮થી૩૦ વર્ષના યુવાનો, ૫૪.૬૭ ટકા ૩૧થી૫૦ વર્ષના, ૩૨ ટકા ૫૧થી૭૦ વર્ષના અને ૧.૩૩ ટકા ૭૦ વર્ષથી વધુ ઉંમરના ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અન્ય પછાતવર્ગના ઉતરદાતાઓની જ્ઞાતિ તપાસતા ૫ ટકા દરજી, પાંચ ટકા પંચાલ, ૨૫ ટકા બ્રહ્મભટ્ટ, ૫ ટકા પ્રજાપતિ, ૮ ટકા વાળંદ, ૪ ટકા ઘાંચી, ૨૬ ટકા કોળી અને ૨૨ ટકા મોચી ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે જ રીતે અનુસૂચિત જાતિના ઉત્તરદાતાઓમાં ૪૨ ટકા વણકર, ૩૩ ટકા ચમાર અને ૨૫ ટકા ભંગી ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આદિવાસીઓના એટલે કે અનુસૂચિત જનજાતિઓના વિવિધ સમૂહો આ ધર્મમાં જોડાયા છે જેમાંથી ૫૦ ટકા રાઠવા, ૧૫ ટકા ભીલ, ૧૦ ટકા ધાનકા અને ૧૦ ટકા તડવી ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉત્તરદાતાઓની વૈવાહિક પરિસ્થિતિ તપાસતા ૯૫ ટકા પરિણિત, ૩ ટકા અપરિણિત, ૬૬ ટકા છૂટાછેડા લીધેલ અને ૧.૩૪ ટકા વિધુર ઉત્તરદાતાઓનો સમાવેશ થયો છે. ઉત્તરદાતાઓનું શૈક્ષણિક સ્તર તપાસતાં જોવા મળ્યું કે ૧૩.૩૩ ટકા અભણ, ૨૨.૬૭ ટકા પ્રાથમિક, ૩૯.૩૩ ટકા માધ્યમિક, ૧૧.૩૩ ટકા સ્નાતક અને ૨.૬૭ ટકા અનુસ્નાતક અને

૧૦.૬૭ ટકાનો વ્યાવાસાયિક ડિગ્રી ધરાવનારનો સમાવેશ થયો છે. નોંધપાત્ર રીતે વ્યાવસાયિક ડિગ્રી ધરાવનારાઓમાં અન્ય પછાત વર્ગો અને અનુસૂચિત જાતિના ઉત્તરદાતાઓનો સમાવેશ થયો છે. જ્યારે અભણ ઉત્તરદાતાઓમાં સૌથી વધુ અનુસૂચિત જનજાતિના ઉત્તરદાતાઓનો સમાવેશ થયો છે. ઉત્તરદાતાઓનો વ્યવસાય તપાસતાં ૩૩.૩૩ ટકા ખેતી કરનારા છે, ૨૨.૬૭ ટકા ખાનગી નોકરી કરનારા અને ૧૨.૬૭ ટકા સરકારી નોકરી કરનારા છે. જ્યારે ૨૩.૩૩ ટકા છૂટક મજૂરી કરનારા અને ૮ ટકા અન્ય નાના-મોટા કામ કરનારા ઉત્તરદાતાઓ પણ છે.

ઉત્તરદાતાઓની આવક તપાસતાં ૩૭.૬૭ ટકા ઉત્તરદાતાઓ ૨૦,૦૦૦ થી ઓછી વાર્ષિક આવક પ્રાપ્ત કરે છે જ્યારે ૧૫.૩૩ ટકા ૨૧થી૪૦ હજાર સુધી ૧૪.૬૮ ટકા ૪૧થી૬૦ હજાર સુધી, ૬૧થી૮૦ હજાર ૮.૬૬ ટકા ૮૧થી૧ લાખ ૪.૬૬ ટકા અને ૧૯ ટકા ઉત્તરદાતાઓની વાર્ષિક આવક એક લાખથી વધુ છે. આ ઉત્તરદાતાઓની ભૌતિક સંપત્તિ તપાસતાં ૫૧.૩૩ ટકા ઉત્તરદાતાઓ જમીન વિહોણા છે, જ્યારે પાંચ એકર સુધી જમીન ધરાવનારા ૩૬.૬૭ ટકા, ૬થી૧૦ એકર જમીન ધરાવનારા ૮ ટકા, ૧૧થી૧૫ એકર ધરાવનારા ૨.૩૩ ટકા અને તેથી વધુ જમીન ધરાવનારાઓ ૧.૬૭ ટકા છે. જમીન ધરાવનારાઓમાંથી ૫૦.૭૦ ટકા જમીન ધારકો આકાશી ખેતી કરે છે. ૨૩.૨૮ ટકા તળાવનું પાણી વાપરે છે, ૧૭.૮૦ ટકા કૂવાનું પાણી વાપરે છે જ્યારે માત્ર ૮.૨૨ ટકા નહેરમાંથી પાણી વાપરે છે. ઉત્તરદાતાઓના ખેતીના સાધનો અંગે તપાસ કરતાં જાણાયું કે ૧૪૬ કુલ ખેતી કરનારાઓમાંથી માત્ર ૬ ઉત્તરદાતાઓ પાસે ટ્રેકટર છે, બાકી બધા જ હળ અને બળદનો ઉપયોગ ખેતી કરવામાં કરે છે. પાકમાં પણ ઘઉં, બાજરો કરનારા ૧૭.૮૦ ટકા અને ૧૦.૯૫ ટકા ઉત્તરદાતાઓ ડાંગર અને બાકીના બધા મકાઈ, જુવાર અને બાજરાનું ઉત્પાદન કરે છે. ઉત્તરદાતાઓમાં ૫૩.૩૪ ટકા સંયુક્ત કુટુંબમાં અને ૪૬.૬૬ ટકા

ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાં રહે છે. નોંધપાત્ર બાબત  એ છે કે ૨.૬૭ ટકા નાના કુટુંબો છે અને ૫૩.૩૩ ટકા મોટા કદના કુટુંબો છે. પશુપાલન કરતા કુટુંબોની તપાસ કરતાં જાણાયું કે અનુસૂચિત જનજાતિના બધા જ એટલે કે સો એ સો ઉત્તરદાતાઓ મરઘા અને બકરા રાખે છે. જ્યારે અનુસૂચિત જાતિના બધા જ ઉત્તરદાતાઓ પશુધન રાખતા નથી. અન્ય પછાતવર્ગના ૬ ગાય, ૨૬ ભેંસ અને ૧૪ ગાય-ભેંસ રાખે છે. જ્યારે અનુસૂચિત જનજાતિના ૬ ઉત્તરદાતાઓ ગાય અને ૧૨ ઉત્તરદાતાઓ ભેંસ રાખે છે.

ઉત્તરદાતાઓની ભૌતિક પરિસ્થિતિ તપાસતા એવું જાણવા મળે છે કે મોટાભાગના ઉત્તરદાતાઓ પોતાની ભૌતિક પરિસ્થિતિ સુધારવા પ્રયત્ન કરે છે. સ્વામિનારાયણ ધર્મ પછાત જ્ઞાતિઓએ અપનાવ્યો છે ત્યારે તેમનો સંપર્ક કેટલા વર્ષથી આ ધર્મ સાથે છે તે જાણવાનો પ્રયત્ન કર્યો. ૧૮ ટકા ઉત્તરદાતાઓ ૧૫ વર્ષથી વધુ, ૨૧.૬૭ ટકા ૧૧થી૧૫ વર્ષ, ૪૩.૩૩ ટકા ૬થી૧૦ વર્ષ અને ૧૭ ટકા ૧થી૫ વર્ષથી સ્વામિનારાયણ સંપ્રદાયના સંપર્કમાં આવ્યા છે. ઉત્તરદાતાઓએ ધર્મના સંપર્કમાં આવ્યા બાદ કઈ કઈ પ્રવૃતિઓ ધર્મ પ્રમાણે કરી છે તે જાણવા વિવિધ પ્રશ્નો પૂછી માહિતી એકત્ર કરેલ છે. એમાં જોવા મળ્યું કે ૯૧.૬૮ ટકા નિયમિત નિત્ય પૂજા કરતાં જણાયા છે. આ ખૂબ મહત્વની બાબત ગણી શકાય કારણ જેમાં તેઓ જોડાયા છે તેમાં સંપૂર્ણ આસ્થા છે એવું આ બાબત ઉપરથી કહી શકાય. અલબત આ પૂજા ઘરમાં કરવામાં આવે છે અને તેથી જ ૯૭.૩૩ ટકા ઉત્તરદાતાઓના ઘરમાં મંદિર છે. મહદઅંશે સાંજે આરતી કરનારા ૭૫.૩૩ ટકા છે. ૮૧ ટકા નિયમિત થાળ ધરાવે છે અને ૭૭.૬૬ ટકા મંદિરે નિયમિત દર્શન કરવા જાય છે. મોટાભાગના ઉત્તરદાતાઓ વિવિધ તીર્થધામોની મુલાકાત લેતા હોવાનું જણાવ્યું હતું. ૯૩.૩૩ ટકા ઉત્તરદાતાઓએ બોચાસણ અને ગોંડલ, ૯૨.૬૭ ટકા બોચાસણ, ગોંડલ અને ગઢડા મંદિરના દર્શન કરવા ગયા છે. માત્ર ૭.૩૩ ટકા ઉત્તરદાતાઓએ કોઈપણ મંદિરની મુલાકાત લીધી નથી.

ધર્મ પર આસ્થા હોવાનું એક કારણ ૯૨ ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે તેમને ઘેર સંતો પધારે છે. ૩૮.૬૭ ટકા ઉત્તરદાતાઓ મર્યાદામાં ફાળો આપે છે. જ્યારે ૬૬ ટકા યજ્ઞમાં ભાગ લે છે. આ ધર્મની વિશિષ્ટતા છે કે આપત્તિ સમયે આ ધર્મ સક્રિય બની સેવાઓ આપે છે. જેમાં ૭૭.૬૭ ટકા ઉત્તરદાતાઓએ વિવિધ આપત્તિ સમયે સેવા આપી છે. સમાજશાસ્ત્રી દુર્ખિમના મતે ધર્મભાવના સામુહિક કાર્યમાં વ્યક્ત થઈ દૃઢ બને છે તે આ અભ્યાસ પરથી સમર્થન પામે છે. કારણ ૬૨ ટકા ઉત્તરદાતાઓ ઉત્સવમાં નિયમિત હાજરી આપે છે. ૨૫ ટકા મોટેભાગે હાજરી આપે છે. એટલે હાજરી આપવાની સાથે એ ઉત્સવમાં ભાગીદારી પણ નોંધાવતા હોય છે અને તેથી જ ધર્મના સિદ્ધાંતોને વ્યવસ્થિત રીતે પાળતા જાય છે. ૯૭ ટકા દૂધ અને પાણી ગાળીને વાપરે છે. વ્રત અંગેની તપાસ કરતાં જાણવા મળ્યું કે ૭૪.૩૩ ટકા ઉત્તરદાતાઓ અગિયારસનું વ્રત સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી પાળે છે. તે સિવાય પણ ૭૪.૬૭ ટકા જન્માષ્ટમી, ૬૯.૩૪ ટકા રામનવમીના વ્રતઉપવાસ કરે છે. સાથે સાથે ૫૭.૩૩ ટકા એકટાણા પણ કરે છે. એ સિવાય પણ વ્રત કરનારા જોવા મળે છે. ૮૪ ટકા ઉત્તરદાતાઓ રવિસભામાં હાજરી આપે છે. આ સભામાં હાજરી આપવી એટલે કે સત્સંગમાં જવું તે સ્વામિનારાયણ ધર્મમાં મહત્વની બાબત ગણવામાં આવે છે અને તેથી જ મોટાભાગના ઉત્તરદાતાઓ આવી સભાઓમાં હાજરી આપે છે. રવિસભામાં હાજરી આપે એટલે ત્યાંની ચર્ચા અને સત્સંગ બંને ધર્મમાં આસ્થા વધારે છે. તે સાથે જ ૭૮.૬૭ ટકા મહિલાઓ મહિલાસભામાં હાજર રહે છે. આ મહિલાસભામાં તેઓ વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લે છે અને ફાળો પણ આપે છે. ૮૮.૧૫ ટકા બાળકો બાળસભામાં હાજરી આપે છે. જ્યારે ૭૨.૭૩ ટકા બાલિકાઓ બાલિકાસભામાં હાજરી આપે છે. એટલે કે સ્વામિનારાયણ ધર્મ સમગ્ર કુટુંબના સભ્યો માટે કોઈકને કોઈક પ્રવૃત્તિ કરે છે અને તેને કારણે કુટુંબના બધા જ સભ્યો આ ધર્મમાં આસ્થા રાખે છે. ધર્મ કિશોરો માટે શૈક્ષણિક શિબિરો

પણ રાખે છે અને તેમાં ૭૧.૩૪ ટકા કિશોરો શિબિરમાં હાજરી આપે છે. આવી શિબિરોને કારણે તેઓનો અભ્યાસમાં રસ વધે છે અને તેઓ ભયમુક્ત બને છે. સાથે સાથે સામૂહિક જીવન જીવવાની ટેવ પડે છે. ૭૩ ટકા સ્ત્રીઓ ધર્મ દ્વારા થતી વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લે છે. પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવામાં તેઓ ધાર્મિક પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા લે છે અને વિવિધ કૌશલ્યો વિકસાવવામાં સફળ બને છે. ધર્મ વિવિધ પ્રવૃત્તિઓ કરે ત્યારે પથીર૫ દિવસ સેવાઓ આપનાર લગભગ ૬૩ ટકા ઉત્તરદાતાઓ જોવા મળે છે. બધી જ પ્રવૃત્તિઓના સારરૂપે જોવા મળે છે કે ૭૧.૩૩ ટકા બાળકોના અભ્યાસ ઉપર ગુણાત્મક અસર થઈ છે. સાથે સાથે ૭૭.૩૩ ટકા વિદ્યાર્થીઓને કોઈકને કોઈક નાણાંકીય સહાય પ્રાપ્ત થાય છે. ૮૦ ટકા ઉત્તરદાતાઓના કુટુંબની તેમના બાળકોની કારકિર્દી ઘડવામાં સંતોની મદદ પ્રાપ્ત થાય છે. ૮૪ ટકા ઉત્તરદાતાઓ જણાવે છે કે સંતોના માર્ગદર્શનથી તેમને ઘણો લાભ પ્રાપ્ત થાય છે. વિવિધ બાળસભાઓ, બાલિકાસભાઓ તથા કિશોરસભાઓને કારણે ૭૮.૩૩ ટકા બાળકો માતા-પિતાને આદર આપે છે અને ૬૮.૬૬ ટકા શિક્ષકોને આદર આપે છે પરંતુ યોગાસનમાં માત્ર ૮ ટકા ઉત્તરદાતાઓ જ રસ લે છે. અનેકવિધ સ્ત્રી પ્રવૃતિઓને કારણે સ્ત્રીઓમાં પરિવર્તન જોવા મળે છે. અન્ય પછાતવર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની બધી જ મહિલાઓમાં કંઈકને કંઈક પરિવર્તન આવ્યું છે. ૪૧.૩૩ ટકા મહિલાઓની શરમ તૂટી છે. ૬૬.૬૬ ટકા મહિલાઓમાં ચોકસાઈ વધી છે. ૬૨ ટકા સંતાનોની કાળજી માટે જાગૃત બની છે. ૧૫.૩૩ ટકા કાર્યક્રમનું આયોજન કરી શકે છે. ૬૦ ટકા મહિલાઓને ભજન આવડ્યા છે. ૩૬.૬૬ ટકા જાહેરમાં વક્તવ્ય આપી શકે છે. આ ગુણાત્મક પરિવર્તન મહિલાઓમાં જોવા મળે છે.

સ્વામિનારાયણ ધર્મ અનુસૂચિત જનજાતિના વિસ્તારમાં ફરતા દવાખાના પણ ચલાવે છે તેથી તેમને બીમારીમાં ઉપચાર માટે વ્યવસ્થા પ્રાપ્ત થાય છે. અલબત આ બાબત નાણાંકીય કક્ષા ઉપર પણ આધારિત રહે છે. તેથી જોવા મળ્યું કે ૫૪.૩૩ ટકા તબીબ પાસે

જાય છે અને સૌપ્રથમ તો ૮૫.૩૩ ટકા ઘરગથ્થું ઉપચાર દ્વારા બીમારીને નાથવા મથે છે. ૯૪ ટકા ઉત્તરદાતાઓ નજર ઉતારે છે અને કાળો દોરો પણ બાંધે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ૯૨ ટકા અને ૮૮ ટકા ઉત્તરદાતાઓ ભુવા પાસે પણ જાય છે. છતાં ધીમે ધીમે ડોક્ટર પાસે જવાનું પ્રમાણ વધ્યું છે. તબીબી સેવાઓનો લાભ લેતા ઉત્તરદાતાઓની ચર્ચા કરી તો આદિવાસી વિસ્તારમાં ૩૧ અનુસૂચિત જનજાતિના, અનુસૂચિત જાતિના ૫૨ અને અન્ય પછાતવર્ગોના ૩૪ ઉત્તરદાતાઓ નિયમિતપણે આ દવાખાનાનો લાભ લે છે. જ્યારે અન્ય પછાતવર્ગોના ૨૦, અનુસૂચિત જાતિના ૧૫ અને અનુસૂચિત જનજાતિના ૧૧ ઉત્તરદાતાઓ આરોગ્ય સેવાઓનો અનિયમિતપણે લાભ લે છે. ધર્મમાં જોડાવવાથી ૯૧ ટકા ઉત્તરદાતાઓનો દોરાધાગામાં વિશ્વાસ ઓછો થયો છે. આ ખૂબ નોંધપાત્ર બાબત છે અને આ પરિવર્તન મહત્વનું ગણી શકાય. સ્વામિનારાયણ ધર્મમાં વ્યસનમુક્તિ એ મહત્વનો કાર્યક્રમ છે. લોકકલ્યાણના કાર્યમાં સૌ વ્યક્તિઓનું કલ્યાણ થાય તેને માટે બાળસભામાં, કિશોરસભામાં, કિશોરીસભામાં, મહિલાસભામાં અને રવિસભામાં પણ વ્યસનમુક્તિ અંગે મહત્વની ચર્ચાઓ થાય છે અને તેથી જ વ્યસનમુક્તિ માટે ચરોતર પ્રદેશમાં ખૂબ મોટું પ્રદર્શન તૈયાર કરવામાં આવ્યું છે જે અનેક કાર્યક્રમોમાં પ્રસ્તુત કરવામાં આવે છે. તેને પરિણામે દારૂ અન તમાકુ જેવા વ્યસન ઓછા થયેલા પ્રસ્તુત અભ્યાસમાં પણ જણાય છે. પ્રસ્તુત અભ્યાસમાં વિવિધ ઉત્તરદાતાઓમાં વ્યસનની તપાસ કરતાં જાણવા મળ્યું કે કુલ ૬૯ ટકા એટલે કે અન્ય પછાતવર્ગોના ૪૦ ટકા, અનુસૂચિત ૫૦ ટકા અને અનુસૂચિત જનજાતિના ૯૦ ટકા ઉત્તરદાતાઓને દારૂનું વ્યસન હતું જેમાંથી ૫૮.૩૩ એટલે કે ૧૦૫ ઉત્તરદાતાઓએ વ્યસન છોડ્યું છે અને તેઓના કુટુંબીઓ આ દેખીતી ફાયદાને કારણે ધર્મમાં અતિ સક્રિય બન્યા છે. દારૂના વ્યસન સાથે તમાકુના વ્યસનની પણ તપાસ કરાઈ. જેમાં જાણવા મળ્યું કે ૬૬.૬૬ ટકા ઉત્તરદાતાઓ તમાકુના વ્યસનથી પીડિત છે અને

૨૦૦ ઉત્તરદાતાઓ જેમને વ્યસન છે તેમાંથી ૮૯ ટકા રોજના ૧૦ રૂપિયા વ્યસન પાછળ ખર્ચે છે, જ્યારે ૧૧ ટકા ૧૧થી૨૦ રૂપિયા ખર્ચે છે. ધાર્મિક પ્રવૃત્તિઓને કારણે, સભાઓને કારણે તેમાંથી ૧૪૦ ઉત્તરદાતાઓએ વ્યસન છોડ્યું છે. આ અતિ નોંધપાત્ર સિદ્ધિ કહી શકાય. જે વ્યસનમુક્તિનું પ્રદર્શન છે તેમાં વ્યસનથી આવતા પરિણામોની ચર્ચા પણ કરવામાં આવી છે અને તેથી જ લોકોની આંખ ખૂલી છે અને તેઓને વ્યસન છોડ્યા છે. ધર્મની આ અસર મહત્વની ગણાય છે. સંશોધકે ઉત્તરદાતાઓને વિવિધ ૨૮ સવાલો પૂછ્યા હતા જેમાં એમાણે પોતાને મતે પોતાનામાં તથા કુટુંબીજનોમાં આવેલ પરિવર્તન જણાવવાનું હતું. બધા જ ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓની ઓળખમાં પરિવર્તન આવ્યું છે. અનેક પ્રકારની પ્રવૃતિઓમાં તેઓ કાર્યરત છે, તેથી તેઓની પોતાની ઓળખ અલગ ઉભી થઈ છે. સાથે સાથે ૯૦ ટકા અન્ય પછાત વર્ગના ૯૨ ટકા અનુસૂચિત જાતિના તથા ૯૪ ટકા અનુસૂચિત જનજાતિના ઉત્તરદાતાઓએ એવું જણાવ્યું છે કે આ ધર્મમાં જોડાવવાથી તેઓની ઓળખાણ વધી છે. એટલે કે ઘણાબધા લોકો તેમને ઓળખતા થયા છે અને તેમને માટે તે ખૂબ હકારાત્મક બાબત બની છે. હવે તેઓ જ્યારે મંદિરમાં જાય છે, નજીકના શહેરમાં જાય છે તો સંતો, સત્સંગીઓ, કાર્યકરો તેમને ઓળખતા થયા છે. ક્યારે મદદની જરૂર પડે તો ઉત્તરદાતાઓના મતે તેમને સત્સંગીઓનો સહકાર પ્રાપ્ત થાય છે. ૮૬ ટકા અન્ય પછાતવર્ગના ઉત્તરદાતાઓ, ૯૨ ટકા અનુસૂચિત જાતિના ઉત્તરદાતાઓ અને ૮૮ ટકા અનુસૂચિત જનજાતિના ઉત્તરદાતાઓ અન્ય સત્સંગીઓનો જરૂર પડ્યે સહકાર મળતો હોવાનું જણાવે છે. સાથે સાથે અન્ય પછાત વર્ગના ૯૨ ટકા, અનુસૂચિત જાતિના ૮૮ ટકા અનુસુચિત જનજાતિના ૯૩ ટકા ઉત્તરદાતાઓ સંતોનો લાભ પ્રાપ્ત થતો હોવાનું જણાવે છે.

અન્ય પછાતવર્ગના ૮૮ ઉત્તરદાતાઓ, અનુસૂચિત જાતિના ૮૦ ટકા ઉત્તરદાતાઓ અને અનુસૂચિત જનજાતિના ૯૧ ટકા ઉત્તરદાતાઓને મંદિર એક આશ્રયસ્થાન લાગે છે.

સરકારમાં જ્યારે પણ કોઈક મદદ જોઈતી હોય તો, રેશનીંગ કાર્ડ, દાખલા વગેરે સતત માંગવામાં આવે છે. જ્યારે મંદિરમાં માત્ર જય સ્વામિનારાયણ શબ્દ જ પૂરતો છે. અન્ય પછાત વર્ગના ૭૦ ટકા ઉત્તરદાતાઓ, અનુસૂચિત જાતિના ૬૭ ટકા ઉત્તરદાતાઓ અને અનુસૂચિત જનજાતિના ૭૬ ટકા ઉત્તરદાતાઓ એવું માને છે કે કુટુંબના, રોજીરોટીના, સંતાનોના બધા જ પ્રશ્નોમાં ધર્મ મદદરૂપ થાય છે. કેટલાક ઉત્તરદાતાઓએ જણાવ્યું કે 'પડોશના કે ગામના કોઈ વ્યક્તિને કામ હોય અને મંદિરમાં લઈ જાય તો પણ મદદ પ્રાપ્ત થાય છે. સંત સદા મદદરૂપ બને છે.' એટલે કે તેમનો આત્મવિશ્વાસ વધ્યો છે. અન્ય પછાત વર્ગના ૭૨ ટકા અનુસૂચિત જાતિના ૭૦ ટકા અને અનુસૂચિત જનજાતિના ૬૮ ટકા ઉત્તરદાતાઓએ આ ધર્મ સાથેના સંપર્કમાં પોતાનામાં આત્મવિશ્વાસ વધ્યો હોવાનું જણાવ્યું હતું. અન્ય પછાતવર્ગોમાં ૨૫ ટકા, અનુસૂચિત જાતિના ૧૮ ટકા અને અનુસૂચિત જનજાતિના ૧૪ ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેમને સભાસંચાલન આવડ્યું છે. સંતો સતત ઉપદેશમાં અનેક પ્રકારની વાતો કહેતા હોય છે તેથી અન્ય પછાતવર્ગોમાં ૪૩ ટકા, અનુસૂચિત જાતિમાં ૪૦ ટકા અને અનુસૂચિત જનજાતિમાં ૩૨ ટકા ઉત્તરદાતાઓને બાળકોને વાર્તા કહેતા આવડી છે. આ બાબતે અનુસૂચિત જનજાતિના સભ્યો આશ્ચર્યચકિત છે. તેઓ માને છે કે આવું અશક્ય કામ માત્ર સંતોના આશીર્વાદથી જ શકય બન્યું છે અને તેઓ આ બાબતે ખૂબ ખુશ છે. અન્ય પછાતવર્ગના ૬૪ ટકા, અનુસૂચિત જાતિના ૫૮ ટકા અને અનુસૂચિત જનજાતિના ૬૩ ટકા ઉત્તરદાતાઓ માને છે કે તેમની બોલચાલની સ્ટાઈલમાં પરિવર્તન જોવા મળે છે. મુલાકાત દરમિયાન ઉત્તરદાતાઓએ પોતાના પહેરવેશમાં પણ ધર્મને કારણે પરિવર્તન આવ્યું હોવાનું જણાવ્યું હતું. અન્ય પછાતવર્ગના ૭૧ ટકા, અનુસૂચિત જાતિના ૬૭ ટકા અને અનુસૂચિત જનજાતિના ૭૬ ટકા ઉત્તરદાતાઓએ તેમના પહેરવેશમાં પરિવર્તન આવ્યું હોવાનું જણાવ્યું હતું. સ્વામિનારાયણ ધર્મમાં આહારશુદ્ધિને પણ પ્રાધાન્ય અપાયું છે.

મુલાકાત દરમિયાન અન્ય પછાતવર્ગના ૪૪ ટકા, અનુસૂચિત જાતિના ૫૯ ટકા અને અનુસૂચિત જનજાતિના ૬૬ ટકા ઉત્તરદાતાઓ આ ધર્મના સંપર્કથી તેઓના આહારમાં પરિવર્તન આવ્યું હોવાનું જણાવે છે. અનુસૂચિત જનજાતિના ક્ષેત્રકાર્ય દરમિયાન આ ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે ક્યારેક તેઓ અમિષ આહાર લેતા હતા જે સંપૂર્ણપણે બંધ થઈ ગયેલો છે. વળી, તેઓ હિંસા ન કરવાના મંતવ્યમાં સંપૂર્ણપણે સંમતિ ધરાવે છે. અનુ.જાતિના ઉત્તરદાતાઓએ પણ કહ્યું હતું કે તેમના આહારમાં પણ પરિવર્તન આવ્યું છે. મુલાકાત દરમિયાન ઉત્તરદાતાઓએ જણાવ્યું કે મંદિરમાં ભોજન અને સામૂહિક ભોજન તથા સંતોના ઉપદેશને કારણે તેઓના આહારમાં પરિવર્તન શકય બન્યું છે. જીવનમાં જુદા જુદા સમયે સંઘર્ષની પરિસ્થિતિમાં પણ આ ઉત્તરદાતાઓમાં પરિવર્તન આવ્યું હોવાનું તેઓએ જણાવ્યું હતું. ૫૩ ટકા અન્ય પછાતવર્ગના ઉત્તરદાતાઓએ, ૫૮ ટકા અનુસૂચિત જાતિના ઉત્તરદાતાઓએ અને ૫૬ ટકા અનુસૂચિત જનજાતિના ઉત્તરદાતાઓના મતે તેમને જિંદગીમાં સંઘર્ષ ઓછા થયા છે અને ૬૨ ટકા અન્ય પછાતવર્ગના ઉત્તરદાતાઓએ, ૬૭ ટકા અનુસૂચિત જાતિના ઉત્તરદાતાઓએ અને ૭૧ ટકા અનુસૂચિત જનજાતિના ઉત્તરદાતાઓએ તેમના જીવનમાં રહેલો સંતાપ ઓછો થયો હોવાનું જણાવ્યું હતું. ચર્ચા દરમિયાન આ ઉત્તરદાતાઓએએ જણાવ્યું હતું કે ઘરસભાને કારણે કુટુંબના સભ્યોમાં ઉભી થતી ગેરસમજો ઓછી થઈ છે. સત્સંગસભાઓમાં જવાથી તેમના કૌટુંબિક સંબંધોમાં પણ પરિવર્તન આવ્યું હોવાનું તેઓએ જણાવ્યું હતું. અન્ય પછાતવર્ગના ૭૩ ટકા ઉત્તરદાતાઓ, ૭૦ ટકા અનુસૂચિત જાતિના ઉત્તરદાતાઓ અને ૭૬ ટકા અનુસૂચિત જનજાતિના ઉત્તરદાતાઓ એવું માને છે કે સમગ્ર કુટુંબમાં સમરસતા અને સહકારની ભાવના ઉભી થઈ છે. સ્વામિનારાયણ ધર્મદ્વાર ઉજવાતા મહોત્સવો તથા વારતહેવારે થતા ઉત્સવોમાં થતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં આ ઉત્તરદાતાઓની ભાગીદારી વધી છે. મુલાકાત દરમિયાન અન્ય પછાતવર્ગના ૩૯ ટકા ઉત્તરદાતાઓ, અનુસૂચિત

જાતિના ૩૩ ટકા ઉત્તરદાતાઓ અને અનુસૂચિત જનજાતિના ૪૬ ટકા ઉત્તરદાતાઓ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લે છે અને એ ભાગ લેવાને કારણે તેમની સંતો સાથે, સત્સંગીઓ સાથે ઓળખાણ થાય છે અને બધા સાથે એક હોવાની ભાવના જન્મે છે.

આ ધર્મ દ્વારા થતી વિધિ શૈક્ષણિક શિબિરો અને સુશિક્ષિત સંતોને કારણે ઉત્તરદાતાઓએ પોતાના સંતાનોનું ભવિષ્ય સુધર્યું હોવાનું પણ જણાવ્યું હતું. અન્ય પછાતવર્ગના ૬૩ ટકા ઉત્તરદાતાઓ, અનુસૂચિત જાતિના ૬૭ ટકા ઉત્તરદાતાઓ અને અનુસૂચિત જનજાતિના ૭૧ ટકા ઉત્તરદાતાઓ માને છે કે આ ધર્મને કારણે તેમના સંતાનોનું ભવિષ્ય સુધર્યું છે. અન્ય પછાતવર્ગના ૭૦ ટકા ઉત્તરદાતાઓ, અનુસૂચિત જાતિના ૬૧ ટકા ઉત્તરદાતાઓ અને અનુસૂચિત જનજાતિના ૭૪ ટકા ઉત્તરદાતાઓ માને છે કે આ ધર્મના સંપર્કને કારણે તેમને મદદની ખાતરી મળી છે. આમ ધર્મના મંદિરોમાં જવાથી આ સત્સંગ સભાઓમાં જવાથી બધા જ ઉત્તરદાતાઓ માને છે કે બધાને મનની શાંતિ મળી છે. મુલાકાત દરમિયાન ૮૪ ટકા અન્ય પછાતવર્ગના, ૭૬ ટકા અનુસૂચિત જાતિના તથા ૭૯ ટકા અનુસૂચિત જનજાતિના ઉત્તરદાતાઓએ તેઓ ખૂબ મોટા સમુદાયના સભ્ય થયા હોવાનું અનુભવે છે. સૌ એવું અનુભવે છે કે હવે તેઓ એકલા નથી, પરંતુ દુનિયાના અનેક લોકો હવે તેઓની સાથે છે. સામાજિક પ્રસંગોએ અને કુટુંબમાં કોઈની બીમારીના સમયે ઘણા કાર્યકરોની મદદ મળતી હોવાનું તેઓએ જણાવ્યું હતું. પછાત વર્ગના ૬૬ ટકા, અનુસૂચિત જાતિના ૬૮ ટકા અને ૭૬ ટકા અનુસૂચિત જનજાતિના ઉત્તરદાતાઓએ આવા પ્રસંગોએ કાર્યકરોની મદદ મળતી હોવાનું જણાવ્યું હતું. આ ધર્મ દ્વારા થતી વિવિધ પ્રવૃતિઓ તથા સહજાનંદ સ્વામીએ આપેલા નિયમોના પાલનથી ઉત્તરદાતા માને છે કે તેમને આર્થિક લાભ પણ થયો છે. મુલાકાત દરમિયાન ૭૩ ટકા અન્ય પછાતવર્ગના, ૬૯ ટકા અનુસૂચિત જાતિના તથા ૭૮ ટકા અનુસૂચિત જનજાતિના ઉત્તરદાતાઓએ આ ધર્મના નિયમોના

પાલનથીતેઓને આર્થિક લાભ થયો હોવાનું જાણાવે છે. વળી, આ ધર્મ દ્વારા જુદી જુદી જગ્યાએ અદ્યતન છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરવાની તક પણ તેઓને મળતી હોવાનું તેઓએ જાણાવ્યું હતું. અન્ય પછાતવર્ગના ૭૬ ટકા, અનુસૂચિત જાતિના ૬૪ ટકા અને અનુસૂચિત જનજાતિના ૭૧ ટકા ઉત્તરદાતાઓએ પોતાના સંતાનોને અદ્યતન હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરવાની તક મળી હોવાનું જાણાવ્યું હતું. આ ધર્મ દ્વારા કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ તથા વિવિધ સ્થળોએ ઉજવાતા ઉત્સવો વગેરેમાં સેવા આપવા માટે જતા હોવાનું પણ ઉત્તરદાતાઓએ સ્વીકાર્યું હતું. અન્ય પછાતવર્ગના ૮૦ ટકા, અનુસૂચિત જાતિના ૬૮ ટકા અને અનુસૂચિત જનજાતિના ૭૨ ટકા ઉત્તરદાતાઓ માને છે કે તેઓએ ધર્મને શકય એટલી સેવાઓ આપવી જોઈએ. વળી ધર્મના સંપર્કને કારણે તેઓની પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા વધી છે. મુલાકાત દરમિયાન એવું જોવા મળ્યું હતું કે આ ઉત્તરદાતાઓ નિત્યપૂજા, મંદિર દર્શન, વ્રત-તપ વગેરે દ્વારા તેઓની પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા વધી છે. અન્ય પછાતવર્ગના ૯૦ ટકા, અનુસૂચિત જાતિના ૯૨ ટકા અને અનુસૂચિત જનજાતિના ૯૪ ટકા ઉત્તરદાતાઓ એવું માને છે કે તેઓને પ્રભુમાં શ્રદ્ધા વધી છે. ધર્મ સાથેની સતત આંતરક્રિયાને કારણે તથા ધર્મના શાસ્ત્રોનું પઠન કરવાને કારણે તેઓમાં કોઈને પણ નુકસાન ન કરવાની ભાવના દૃઢ થઈ છે. અન્ય પછાતવર્ગના ૯૦ ટકા, અનુસૂચિત જાતિના ૮૨ ટકા અને અનુસૂચિત જનજાતિના ૭૨ ટકા ઉત્તરદાતાઓ એવું માને છે કે કોઈને પણ નુકસાન ન કરવું એ ભાવના ધીમે ધીમે સ્થિર થઈ ગઈ છે.

પ્રસ્તુત અભ્યાસમાં સ્વામિનારાયણ ધર્મમાં જોડાવવાને કારણે મોટાભાગના ઉત્તરદાતાઓએ ઉપરોક્ત બાબતો કહી છે. એમના સમગ્ર જીવનમાં, રોજબરોજના જીવનમાં તથા તેમની વિવિધ પ્રવૃત્તિઓમાં અનેકવિધ પરિવર્તનો જોવા મળે છે. તેઓના વર્તન, વિચાર અને માન્યતાઓમાં અનેકવિધ પરિવર્તનો તેઓ પોતે અનુભવી શકે છે, સમજી શકે છે.

અનુસૂચિત જનજાતિના ઉત્તરદાતાના શબ્દોમાં જોઈએ તો 'જય સ્વામિનારાયણ, સાહેબ અમે તો ભવ તરી ગયા. અમારા બાળકોના નસીબે અમને આ ભગવાન મળ્યા. અમે તો ઝાડ નીચેના ભગવાનમાં માનતા, દોરાધાગા કરતા, ભૂવાને ત્યાં જતાં પણ આવો મોટો ભગવાન, આવા મંદિરો, આવા ઉત્સવોની ઉજવણી એ તો સપનામાંય જોઈ નહોતી. મારો દીકરો વિદ્યાનગર અક્ષરપુરુષોતમ છાત્રાલયમાં રહે છે, તેની રૂમ જોઈ મારી અક્કલ કામ ન કરે. અને બધાય સંતો તેને ભણાવે એ જોઈ મારી આંખમાં તો આંસુ આવી ગયા.'

અન્ય પછાતવર્ગના ઉત્તરદાતાના શબ્દોમાં જોઈએ તો, 'આ ધર્મે તો અમારી કાયાપલટ કરી દીધી. અમારા ઘરવાળા અને બાળકો નસીબદાર છે કે જેમને આવા ધર્મના જોડાવવાનું મળ્યું. મારા ઘેરથીહવે સભાઓ ગજાવે છે, ભગવાનનું નામ લે છે, ધૂન કરે છે અને વ્રત ઉપવાસ કરે છે. સ્વામીબાપાના આશીર્વાદથી અમે સૌ ધન્ય થઈ ગયા.'

પ્રસ્તુત અભ્યાસમાં આવી વાત મુલાકાત દરમિયાન અનેક ઉત્તરદાતાઓએ કરી. પરંતુ તેમાં સત્યતા અને લાગણી, ધર્મ તરફનો અહોભાવ અને સ્વામીબાપા તરફની શ્રદ્ધા સતત જોવા મળી. આ ધર્મે લોકકલ્યાણ અને લોકઉત્થાનનું કાર્ય કર્યુ છે અને પછાતવર્ગોના સમુદાયને ચોક્કસ ઓળખ આપી સમર્થતા તરફ દોર્યા છે એ કહી શકાય.

**(૫) ડૉ. કુ.ભાલોડીયા નીરલ** અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ધર્મ અંગેના વલણો (૨૦૦૭)નો અભ્યાસ એમ.ફીલની પદ્‌વીના ભાગ રૂપે કરવામાં આવ્યો. જેમાં યુવાનોમાં શહેરીકરણ, ઔદ્યોગિકરણના કારણે સમયના ઝડપથી બદલાતા જતા પ્રવાહમાં તેમના વિચારો વર્તનો અને વલણોમાં આવેલા પરિવર્તનોને સમજવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે જેમાં મુખ્યત્વે તેઓએ ધર્મ સંસ્થા અને લગ્ન સંસ્થા અંગે યુવાનો પોતાના જુદા વલણો છોડી નવા વલણો કેટલા ઝડપથી અપનાવે છે તે ને તપાસે છે.

## ૦ સંશોધનના હેતુઓ

સમયના પ્રવાહમાં ઝડપથી બદલાતા યુવાનોનાં વિચારો, વર્તન અને મહત્વાકાંક્ષામાં પણ વધુ ઝડપથી બદલાવ આવ્યો છે. એટલે કે તેઓ જુના વલણો છોડી અને નવા વલણો ઝડપથી અપનાવી લે છે અને આ અભ્યાસ પણ યુવાનોના વલણો વિશેનો જ છે અને એમાં પણ તેઓના ધર્મ સંસ્થા અને લગ્ન સંસ્થા અંગેના વલણો અને તેમાં તે શું પરિવર્તન ઈચ્છે છે તે જાણવાનો છે. પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે પ્રમાણેના છે.

૧. મૈત્રીકરણના થતા લગ્ન અંગેના વિચારો જાણવા.
૨. લગ્ન સિવાય એકલા રહેવા અંગેના મંતવ્યો જાણવા.
૩. યુવાનોના મતે લગ્નના શ્રેષ્ઠ પ્રકાર ક્યાં ક્યાં છે તે જાણવું.
૪. લગ્નના સ્વરૂપો અને પ્રકારો વિશેની જાણકારી પ્રાપ્ત કરવી.
૫. પરંપરાગત લગ્ન પદ્ધતિમાં યુવાનો શું અને કેવા પરિવર્તન ઈચ્છે છે તે તપાસવું.
૬. લગ્નની પદ્ધતિમાં કેટલે અંશે પરિવર્તન આવેલ છે તે જાણવું.
૭. જીવનસાથીની પસંદગી વખતે કઈ કઈ બાબત ધ્યાનમાં રાખવામાં આવે છે તે જાણવું.
૮. મોટી ઉંમરે લગ્ન કરવા પાછળના કારણ તપાસવા.
૯. આંતરજ્ઞાતિય અને આંતર ધર્મીય લગ્ન અંગેના વલણો જાણવા.
૧૦. દહેજ અને વિધવા પુનઃલગ્ન અંગેના વલણો જાણવા.
૧૧. બહુપતિત્વ અને બહુપત્નીત્વ અંગેના યુવાનોના વલણો તપાસવા.
૧૨. છુટાછેડા અંગેના યુવાનોના વલણો તપાસવા.
૧૩. યુવાનોની ધર્મ અને ધાર્મિક વિધિવિધાન અંગેની માન્યતા તપાસવી.
૧૪. ધર્મ અંગેના વિદ્યાર્થીના વલણો જાણવા.

૧૫. કંઠી અને દોરાધાગા અંગેની યુવાનોની માન્યતાઓ જાણવી.

૧૬. ધાર્મિક પુસ્તક વાંચન અંગેના વલણો તપાસવા.

૧૭. બાધા, ચમત્કાર, વ્રત, ઉપવાસ, ધર્મગુરૂ વગેરે તરફની માન્યતાઓ તપાસવી.

૧૮. વિદ્યાર્થીઓનો ધાર્મિક તહેવાર ઉત્સવની ઉજવણીમાં ફાળો જાણવો.

૧૯. વિદ્યાથીઓની કર્મના ફળ અને પુન:જન્મ અંગેની માન્યતાઓ જાણવા.

## o સંશોધન પદ્ધતિ અને માહિતી એકત્રીકરણની રીતો

સામાજીક વિજ્ઞાનોમાં અભ્યાસ અંગેની માહિતી એકત્ર કરવા માટેની અનેક રીતો પ્રવિધીઓ જોવા મળે છે. જેવી કે મુલાકાત પ્રવિધિ, નિરીક્ષણ પ્રવિધી, પ્રશ્નાવલી પ્રવિધિ, એકમ તપાસ પદ્ધતિ વગેરે આ પ્રવિધિઓમાંથી સંશોધકે તેના સંશોધન ક્ષેત્ર અભ્યાસના હેતુઓ અને તેના નિદર્શને ધ્યાનમાં રાખીને કોઈ પ્રયુક્તિ નકકી કરવાની હોય છ. જેમકે અભ્યાસનો નિદર્શ અશિક્ષિત લોકો હોય તો મુલાકાત નિરીક્ષણ જેવી પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવે છે અને શિક્ષિત લોકોનો અભ્યાસ કરવાનો હોય તો પ્રશ્નાવલી પ્રવિધિનો ઉપયોગ કરી શકાય છે.

## o તુલનાત્મક પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં વિવિધ વિદ્યાશાખાઓમાંથી વિદ્યાર્થીઓને પસંદ કર્યા છે અને તેમના વલણો તપાસ્યા છે જેમાં બધા સ્તરે તુલનાત્મક પદ્ધતિનો ઉપયોગ થયો છે. પ્રસ્તુત અભ્યાસમાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓના વલણોનો અભ્યાસ તુલનાત્મક પદ્ધતિથીકરવામાં આવ્યો છે. આ અભ્યાસ માટે જુદા જુદા વિદ્યાશાખાના ૧૦૦ વિદ્યાર્થીઓ અને તેમાંથી ૫૦ સ્ત્રી વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેની તુલના કરવામાં આવી છે.

## ૦ ગ્રંથાલય પદ્ધતિ

વિષય પસંદ કરવાનું કામ પૂર્ણ થતાં તે વિષય ઉપર થયેલા પૂર્વે અભ્યાસોનો અભ્યાસ કરવામાં આવ્યો. આ ઉપરાંત સંશોધનક્ષેત્ર અંગેની ભૌગોલિક, ઐતિહાસિક, માહિતી મેળવવામાં આવી.સંદર્ભ ગ્રંથો અને એમ.ફીલ, પીએચ.ડી.ના શોધ નિબંધોનો અભ્યાસ કરવામાં આવ્યો જે આ સંશોધનમાં ખૂબ ઉપયોગી સાબીત થયેલ છે અને સંશોધનના દરેક તબક્કામાં ગ્રંથાલયનો ઉપયોગ સતત કરવામાં આવ્યો છે.

## ૦ નિદર્શન પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે કાર્યરત ૨૩ ભવનોમાંથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ૧૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૫૦ વિદ્યાર્થીઓનો અને ૫૦ વિદ્યાર્થીનીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં વિષય અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને નિદર્શ પસંદ કરવામાં આવ્યા છે. જે નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે.

## ૦ તારણો

## ૦ સામાન્ય માહિતી

વિનયન વિદ્યાશાખામાંથી ૪૫%, વાણિજ્ય વિદ્યાશાખામાંથી ૧૦%, વિજ્ઞાન વિદ્યાશાખામાંથી ૨૩% અને કાયદાશાખામાંથી ૧૨% વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૧. ૫૦% સ્ત્રી ઉતરદાતાઓ ૫૦% પુરુષ ઉતરદાતાઓ છે.

૨. ૮૯% હિન્દુ ધર્મના છે. ૭% મુસ્લીમ ધર્મના છે. ૪% જૈન ધર્મના છે.

૩. ૨૧.૯૮% ઉત્તરદાતા ઉચ્ચ જ્ઞાતિના છે. ૨૫.૨૭% ઉતરદાતા ઉચ્ચ મધ્યમ જ્ઞાતિના છે. ૨૧.૯૮% ઉતરદાતા મધ્યમ જ્ઞાતિના છે. ૧૨.૦૯% ઉતરદાતા

કારીગર જ્ઞાતિ જૂથમાંથી છે. જ્યારે ૧૮.૬૮% ઉતરદાતા નીમ્ન જ્ઞાતિ જૂથમાંથી સમાવેશ પામ્યા છે. આ પરથી ખ્યાલ આવે છે કે ઉચ્ચ જ્ઞાતિ જૂથની સાથે અનુસૂચિત જાતિમાં પણ ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે.

૪. ૧૬% ઉતરદાતા સંયુક્ત કુટુંબમાંથી આવે છે. ૮૪% ઉતરદાતા વિભક્ત કુટુંબમાંથી આવે છે.

૫. ૧૫% ઉતરદાતાઓ પરણીત છે જ્યારે ૮૫% ઉતરદાતાઓ અપરણીત છે. એટલે કે મોટાભાગના વિદ્યાર્થીઓ અપરણીત હોય ત્યાં સુધીમાંજ ઉચ્ચ શિક્ષણ મેળવી લેવાનો ખ્યાલ ધરાવે છે.

૬. ૮૨% ઉતરદાતા ૨૧થી૨૫ વર્ષ વચ્ચેના છે. જ્યારે ૧૮% ઉતરદાતા ૨૬થી૩૦ વર્ષની ઉંમરના છે.

૭. ૬૫% ઉતરદાતા રાજકોટ જિલ્લાના છે. ૮% જામનગરના છે, ૫% જૂનાગઢના છે. ૧૩% અમરેલીના છે, ૨% ભાવનગરના છે, ૩% સુરેન્દ્રનગરના ૪% પોરબંદરના છે. એ પરથી ખ્યાલ આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સૌરાષ્ટ્રના લગભગ બધાજ જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે.

૮. કુટુંબના સભ્યની સંખ્યા તપાસીએ તો ૬૧% ઉતરદાતા ૦થી૫ સભ્યના કુટુંબમાં રહે છે, ૨૩% ૬થી૮ સભ્યના કુટુંબમાં રહે છે, ૭% ઉતરદાતા ૯થી૧૦ સભ્યના કુટુંબમાં રહે છે. ૯% ઉતરદાતા ૧૦ થી વધારે સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબમાં રહે છે. જે સરકારના કુટુંબ નીયોજન કાર્યક્રમનો નીર્દેશ કરે છે.

૯. ઉતરદાતાના કુટુંબની વાર્ષિક આવક તપાસીએ તો ૧૫% ઉતરદાતાના કુટુંબની આવકનીમ્ન એટલે કે (૨૫,૦૦૦ થી ૫૦,૦૦૦) ની છે. ૬૬% ઉતરદાતાના

કુટુંબની આવક મધ્યમ એટલે કે (૫૦૦૦૦ થી ૭૫૦૦૦) છે. ૧૯% ઉતરદાતાના કુટુંબની આવક ઉચ્ચ એટલે કે (૧ લાખથીઉપર) છે એટલે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં મોટાભાગના વિદ્યાર્થીઓ મધ્યમવર્ગીય છે.

## o ધર્મ અંગેની માહિતી

૧. ૭૩% ઉતરદાતા ધર્મમાં આસ્થા ધરાવે છે. જ્યારે ૨૭% ઉતરદાતા ધર્મમાં આસ્થા ધરાવતા નથી. એટલે કે સમાજમાં ધર્મની પકડ ઓછી થઈ છે પરંતુ સાવ લુપ્ત થઈ ગઈ નથી એમ કહી શકાય.

૨. ૪૮% ઉતરદાતા ધર્મગુરુમાં આસ્થા ધરાવે છે જ્યારે ૫૨% ઉતરદાતા ધર્મગુરુમાં આસ્થા ધરાવતા નથી. આ પરથી ખ્યાલ આવે છે કે વર્તમાન સમયમાં પણ સમાજના પૂર્ણ શિક્ષિત વર્ગ પર પણ ધર્મગુરુ એ પોતાની પકડ રાખી છે.

૩. ૫૦% ઉતરદાતા ધર્મના નીયમોનું પાલન કરે છે. ૨૭% ઉતરદાતા ધર્મના નીયમોનું પાલન કરતા નથી. જ્યારે ૨૩% ઉતરદાતા ધર્મના નિયમોનું પાલન ક્યારેક કરે છે.એટલે કે એક યા બીજી રીતે મોટાભાગના શિક્ષિત લોકો પણ ધર્મએ આપેલા નીયમોનું પાલન કરે છે.

૪. ૩૦% ઉતરદાતા ધર્મની કંઠી રેગ્યુલર પહેરે છે. ૪૩% ઉતરદાતા ક્યારેક ધર્મની કંઠી પહેરે છે. જ્યારે માત્ર ૨૭% ઉતરદાતાજ ધર્મની કંઠી પહેરતા નથી. આ પરથી સમાજના શિક્ષિત વર્ગ પર પણ ધર્મના પ્રતિકોની અસર જોઈ શકાય છે.

૫. ૨૫% ઉતરદાતા રોજ પૂજાપાઠ કરે છે જ્યારે ૭૫% ઉતરદાતા પૂજાપાઠ કરતા નથી. એટલે કે વિદ્યાર્થીઓને ધર્મ પાછળ સમય બગાડવો પડતો નથી એવું કહી શકાય.

૬. ૪૦% ઉતરદાતા નીયમીત રીતે વ્રત ઉપવાસ કરે છે જ્યારે ૨૭% ઉતરદાતા ક્યારેક વ્રત ઉપવાસ કરે છે અને માત્ર ૩૩% ઉતરદાતાજ વ્રત ઉપવાસ કરતા નથી. એવું કહી શકાય કે ધર્મના ભાગરૂપે વ્રત ઉપવાસે પણ સમાજમાં પોતાનું સ્થાન યથાવત રાખ્યું છે એ પછી વૈજ્ઞાનિક કારણરૂપે હોય કે બીજા કોઈ કારણરૂપે પરંતુ શિક્ષિત લાકો પણ વ્રત ઉપવાસ કરે જ છે.

## ૩.૪ અભ્યાસની વિશેષતાઓ :

સમાજશાસ્ત્રમાં વેબર એમ. મર્ટન જેવા સમાજશાસ્ત્રીઓ રચના તંત્રિય કાર્યાત્મકવાદી પરીપ્રેક્ષ્યથી ધર્મની અસરોને તપાસવાનો પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત ધર્મશાસ્ત્રીય શ્રી મોહનીનોવ સ્ટુઓ, જેન્સ ફ્રેઝર, રેડકલીફ બ્રાઉનથી આદિવાસી સમાજનાં ધર્મ, અંધશ્રદ્ધા, જાદુટોના, મંત્ર ટોટમ, ધાર્મિક પ્રતિકો અને ધાર્મિક સંસ્કૃતિ અંગેના નાના નાના સમુદાયના અભ્યાસોએ કરેલા છે. આમ ધર્મ અને સમાજનો સહસંબંધનો તપાસવાનો સમાજશાસ્ત્રની ઉદ્ભવથી થતો રહ્યો છે. ભારતમાં શ્રી એચ. એન. શ્રી નિવાસ, ડૉ. ધ્રુથી, ડૉ. શ્રી રાજગોપાલન વગેરેએ ભારતમાં ધર્મ અને સમાજ વચ્ચેના સહસંબંધને તપાસવાનો પ્રયત્ન કર્યો છે. જેની ચર્ચા આપણે આગળ કરી ગયા છીએ. ડૉ. પંથીએ વૈષ્ણવ સંપ્રદાયનો અભ્યાસ કર્યો છે. આ ઉપરાંત ડૉ. ડી. એન. શોર્ય તથા એમ. આર. શેઠે સ્વાધ્યાય પ્રવૃત્તિની સમાજ ઉપરની અસરોને તપાસેલ છે. એ જ રીતે મારો અભ્યાસ એ આર્ટ ઓફ લિવીંગની વ્યક્તિગત, કૌટુંબિક અને સમાજ જીવન ઉપરની અસરોને તપાસેલ છે.

પ્રસ્તુત અભ્યાસ એ આર્ટ ઓફ લિવીંગના વિવિધ કાર્યક્ષેત્રે પ્રવૃત્તિઓ અને કોર્ષ અંગેની માહિતી પૂરી પાડે છે. આ ઉપરાંત મારા આ સંશોધનમાં આર્ટ ઓફ લિવીંગના આધ્યાત્મિક પાસાઓ અને સમાજ જીવન વચ્ચેના સંબંધોને તપાસ્યા છે. તથા બદલાતાજતા સમયમાં ભૌતિકવાદ અને આધ્યાત્મિકવાદનું સંયોજન આર્ટ ઓફ લિવીંગમાં કેવી રીતે કરવામાં

આવ્યું છે. તથા તેમાં કયા વર્ગો, જ્ઞાતિ, ધર્મ કે સમુદાયના લોકો જોડાયેલા હોય છે. તેને તપાસેલ છે. સામાજિક નિયંત્રણમાં એક ધાર્મિક સંસ્થા તરીકે અને સંસ્થા કેવી ભૂમિકા ભજવે છે વગેરે પાસાઓને પ્રસ્તુત અભ્યાસમાં છે. આમ આ અભ્યાસ એ વર્તમાન સમયમાં કુદકે ને ભૂસકે વધતી જતી આર્ટ ઓફ લિવીંગની લોકપ્રિયતા તથા સમાજમાં તેના સેવા વિશેની ચર્ચા કરવામાં આવી છે. આમ અભ્યાસ સ્વામિનારાયણ સંપ્રદાય, કે સ્વાધ્યાય પ્રવૃત્તિઓની જેમ સમાજ જીવન ઉપરની અસરોને તપાસેલ છે.

# પ્રકરણ-૪

# આર્ટ ઓફ લિવીંગ (જીવન જીવવાની કળા)

૪.૧ પ્રસ્તાવના

૪.૨ પ્રેરણામૂર્તિ શ્રી રવિશંકરજી

૪.૩ આર્ટ ઓફ લિવીંગ દ્વારા ચાલતી પ્રવૃતિઓ અને કોર્ષ

૪.૪ આર્ટ ઓફ લિવીંગનું રચનાતંત્રીય કાર્યાત્મક માળખું

૪.૫ ઉપસંહાર

# પ્રકરણ-૪

# આર્ટ ઓફ લિવીંગ (જીવન જીવવાની કળા)

## ૪.૧ પ્રસ્તાવના

સને ૧૯૮૨માં વ્યક્તિ વિકાસ કેન્દ્ર એ સરકાર માન્ય સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા સરકાર માન્ય ચેરીટેબલ ટ્રસ્ટ છે. વિશ્વની સ્વયંસેવક આધારિત સૌથી મોટી એનજીઓ છે. જે અનેકવિધ સામાજીક સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવૃતિ કરે છે. સમગ્ર વિશ્વમાં ૧૪૬ થી પણ વધારે દેશોમાં ૫૦૦૦ કેન્દ્રો દ્વારા જુદા જુદા સેવા કામો દ્વારા લાખો લોકોના જીવનને આસાનીથી મહેકાવી રહ્યું છે. દેશ, ધર્મ, જ્ઞાતિ કે ઉચ્ચ નીંચના ભેદ કે ઉંમરના બાધ વગર ઉત્સાહથી થનગનતા આ સંસ્થાના હજારો સેવાભાવી યુવાનોનું એક માત્ર ધ્યેય એ દિવ્ય સમાજનું નિર્માણ છે. સંસ્થાનું કાર્ય લોકોનું વિશ્વનીય બની ચૂક્યું છે.

- સંસ્થાના પ્રણેતા વગર આવું અદભૂત કાર્ય થઈ શકે જ નહી. પ્રણેતા શ્રી શ્રી રવિશંકર છે જેને ઈશારે સંસ્થા દિન પ્રતિદિન પ્રગતિ કરી રહેલ છે.
- યુનાઈટેડનેશનની અને સોશીયલ કાઉન્સીલ સાથે એ વિશિષ્ટ રીતે જોડાયેલી છે. તેની સ્વાસ્થ્ય શિક્ષણ સસ્ટેઈનબલ ડેવલપમેન્ટ તથા વિવાદ નિવારણની કમીટીમાં ભાગ લે છે.
- વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા (WHO- World Health Organisation) સાથે એકવીસમી સદીમાં સ્વાસ્થ્ય સેવાઓના વિકાસની નીતિ નિર્ધારિત કરવા માટે આર્ટ ઓફ લિવીંગ પ્રતિષ્ઠાન સલાહકાર તરીકે જોડાયું છે.
- આ સંસ્થાના મુખ્ય પાયા સેવા, સાધના અને સત્સંગ છે.
- જીવનના દરેક તબક્કા માટે મુલ્ય વિકાસ એ એની પ્રવૃતિ છે.
- આર્ટ ઓફ લિવીંગ એ આંતરરાષ્ટ્રીય નોન પ્રોફીટ શૈક્ષણિક અને માનવીય સંસ્થા છે.

- દરેક પ્રકારના જીવનમાં થતાં અનુભવને ધ્યાનમાં લઈ સંસ્થાના કાર્યક્રમ આધારિત પ્રવૃતિઓ કરી રહી છે- તણાવ દૂર કરતી શિબિરો સ્લમ વિસ્તાર તથા ગામડાઓમાં સેવા, સસ્ટોઈનેબલ રૂરલ ડેવલપમેન્ટ (સ્વ આધારિત ગ્રામ વિકાસ) અભાવગ્રસ્ત માટે નિ:શુલ્ક શિક્ષણ, કુદરતી અથવા માનવ પ્રેરિત આફતમાં સહાય અને ટ્રોમા રીલીપ કેમ્પ, પ્રિઝન સ્માર્ટ (નિશુલ્ક જલકોર્ષ) સજીવ ખેતી મૂલ્ય આધારિત શિક્ષણ, શ્રી શ્રી આયુર્વેદ વગેરે મુખ્ય પ્રવૃતિ છે. જીવનને એક વિશાળ નવો દ્રષ્ટિકોણ મળે તેવા ઉદેશ્યથી આ પ્રવૃતિઓ નિર્માણ કરેલ છે.
- આ વિચારધારાને ધ્યાનમાં લાવનારને દુનિયાની પૃથ્વી ઉપર કોઈ વ્યક્તિને લાવવી જ જોઈએ તેવી વ્યક્તિને ઈશ્વર લાવ્યા અને તે છે શ્રી શ્રી રવિશંકરજી (આર્ટ ઓફ લીવીંગના સ્થાપક)

## ૪.૨ પ્રેરણામૂર્તિ શ્રી રવિશંકરજી

શ્રી શ્રી રવિશંકરજીનો જન્મ ૧૩ મે ૧૯૫૬ના દિવસે દક્ષિણ ભારતના એક શ્રીમંત અને સંસ્કૃત પરિવારમાં થયો. બહુજ નાની ઉંમરે આધ્યાત્મિકતા પ્રાપ્ત કરેલ. ચાર વર્ષની વયે એમને પૂર્ણ ગીતાના શ્લોક કંઠસ્થ હતા. તેઓ બાળપણમાં ઘણીવખત ઘણાં લાંબા સમય સુધી ધ્યાનમગ્ન જોવામાં આવતા. ધ્યાન અને પૂજા ગુરુજીની પ્રિય રમત હતી. તેઓ કોઈને પણ અલગ માનતા નહિ તેઓ કહેતા કે સમગ્ર વિશ્વ મારો પરિવાર છે અને ઘણાં બધાં લોકો મારી રાહ જોઈ રહ્યા છે અને સાચે સાચ તે આજ વિશ્વ ગુરુ તરીકે ઉપસી રહ્યા છે. તે ભગવાન નથી પણ જેના હૃદયમાં તે વસી ગયા છે. તે ગુરુજીને પોતાના ભગવાન માને છે.

અભ્યાસકાળ દરમ્યાન તેઓ વિચારમગ્ન રહેતા એકાંતમાં બેસી રહેતા હતા. ધ્યાન એ તેમની મુખ્ય પ્રવૃતિ થઈ પડેલ. લોકો જેઓ કહેતા કે આ કોઈ અલૌકિક માનવી લાગે છે.

જે આગળ જતાં વિશ્વના વિકાસમાં કંઈક કરવા માટે ઈશ્વરે આ પૃથ્વી પર તેમને મોકલ્યા છે. સતર વર્ષની ઉંમરમાં તેમણે આધુનિક વિજ્ઞાન અને વેદોનું અધ્યયન સમાપ્ત કર્યું. ત્યારપછીના વર્ષો વિદ્વાન સંતોના સમાગમ અને એકાંત સાધનોમાં વીત્યા. ગહન ધ્યાન મૌન અને સાધના પછી સહજ સ્ફૂરેલી (શ્વાસોશ્વાસ સુદર્શન ક્રિયા એ ગુરુજીની જગતને અણમોલ ભેટ છે.)

ઈ.સ.૧૯૮૪થી શ્રી શ્રી રવિશંકરજીએ જગત કલ્યાણ માટે તથા અસંખ્ય લોકોને તણાવ અને ચિંતામાંથી મુક્ત કરવા માટે દેશ-વિદેશનું પરિભ્રમણ શરૂ કર્યુ. ૧૯૮૬ ભારત સરકાર આપણા ગુરુજીને યોગશિરોમણી ખિતાબ આપી સનમાન્યા.

પૂ. ગુરુજી માનવજીવનના ઉત્થાનનું મહાન કાર્ય કરી રહ્યા છે. વિશ્વમાં માનવીય મૂલ્યનું સ્થાપન શાંતિની સ્થાપના સર્વ ધર્મ એકતા આ કાર્યોમાં એમનું જીવન સમર્પિત છે હવે પછીના પાના તેમના દ્વારા પ્રેરિત કાર્યક્રમોની ઝલક આપશે. ગુરુજીના સંસર્ગમાં આવનારી દરેક વ્યક્તિ સ્ત્રી કે પુરુષ, યુવાન કે વૃદ્ધ, આસ્તિક કે નાસ્તિક, પ્રસિદ્ધ કે સામાન્ય વ્યક્તિ દરેક પોતાના હૃદયમાં નવો પ્રેમ, પ્રકાશ અને જાગૃતિનો અનુભવ કરે છે. બધાના મનની પરેશાની દૂર થાય છે. અને નવું જીવન જીવવાની પ્રેરણા મળે છે. તેમજ જીવન એક ઉત્સવ બને છે. જીવન સરળ બને છે.

ગુરુજીની યુવાવસ્થા, એમનું શ્વેતવસ્ત્ર પરિધાન, એમના જ્ઞાનની વિશાળતાને જોઈ હૃદયમાં દક્ષિણામૂર્તિની કલ્પના સાકાર થાય છે. તેમનામાં બુદ્ધની શાંતિ, જિસસની કરુણા, શ્રીકૃષ્ણની નટખટતા અને આદિ શંકરાચાર્યના જ્ઞાનના દર્શન થાય છે. નાના મોટા સૌના હૃદયમાં વસી ચૂકયા છે.

## ○ આંતરરાષ્ટ્રીય સંબંધો

આપણી સંસ્થા ઘણી બધી નીચેની સંસ્થાઓ સાથે મેમ્બરશીપ ધરાવે છે.

૧. આંતરરાષ્ટ્રીય નોન ગર્વન્મેન્ટ ઓટર્જનાર્મીશનમાં અલગ Cousultative stuts ECOSOC United Nations (UN)

૨.	સંલગ્ન તથા કાયમી સભ્યપદ યુએનમાં ન્યુયોર્ક, જીનીવા તથા વીએનામાં

૩.	આંતરરાષ્ટ્રીય સંઘ જે હેલ્થપ્રમોશન અને એડ્યુકેશન જે ન્યુયોર્ક અને જીનીવામાં છે.

૪.	હેલ્થ કમીટી પેરીસમાં પણ સભ્યપદ ન્યુયોર્ક

૫.	એનજીઓ હેલ્થ માટે જીનીવા

૬.	નેશનલ એસોસીએશન ઓફ વુમન ઓર્ગેનાઈઝેશન ગન્ડા (Ganda)

૭.	જર્મન એનજીઓ ફોરમ વર્લ્ડ સોશ્યલ સમીટ ૧૯૯૪ થી

આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સો પણ ઘણી નીચે પ્રમાણેની છે.

- યુન વર્લ્ડ સોશ્યલ સમીત કોપનહજન ૧૯૯૫
- યુન વર્લ્ડ કોન્ફરન્સ ઓન વુમન બેઈજીંગ ૧૯૯૫
- આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ઓફ ધ હલસીંન્કી સીટીઝન એસેમ્બલી, એરમેનીયા ૧૯૯૬
- આંતરરાષ્ટ્રીય કોન્ફરનન્સ ઓન કોનલ્ફીટ રીઝોલ્યુસન, સેન્ટ પીટરસબર્ગ/ રૂસીયા માર્ચ ૧૯૯૮
- ફોરમલ કન્સલસ્ટેશન ફોર ધ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) 'ડેવલપમેન્ટ ઓફ ગ્લોબલ હેલ્થ પોલીસી ફોર ધ ૨૧મી સેન્ચૂરી'
- યુનીસેફ (UNICEF) વકીંગ ગ્રમ 'રીબીલ્ડીંગ ધ કોમ્યુનીટી એરાઉન્ડ ચીલુરન, પ્રીસ્પીપલ, વેલ્યુ રીસોર્સ'
- વર્લ્ડ હેલ્થ એસેમ્બલી ૧૯૯૭, ૧૯૯૮
- એનજીઓ ની મીટીંગ WHO/AFRO ડકાર, સેનજલ ફેબ્રુ ૧૯૯૮
- ભાગ લીધેલ ૧૬ વર્લ્ડ કોન્ફરન્સ 'હેલ્થ પ્રમોશન અને હેલ્થ ઈકયુકેશન' સન જોન, પુરટો રીકો, જુન ૧૯૯૮

- ૧૯૯૯માં SEOUL માં વર્લ્ડ કોન્ફરન્સ એનજીઓ 'ધ રોલ ઓફ એનજીઓ ઈન ધ ૨૧મી સેન્ચુરી ઈન્સપાર, એનપાવર, એકટા' ઓકટોબર ૧૯૯૯ ચેર ઓફ ૪ વર્કશોપ
- ૧૯૯૯ 'યુથ પીસ કોન્ફરન્સ', બગદાદ/ઈરાક
- વર્લ્ડ પારલામેન્ટ ઓફ રીલીજીઅન ૧૯૯૯ સાઉથ આફ્રિકા
- યુન વર્લ્ડ સોસ્યસ સમીત, કોર પેનહલ, જીનીવા ફોરમ ૨૦૦૦
- યુન મીલીનીયમ એનજીઓ ફોરમ ૨૦૦૦ ન્યુયોર્ક
- ૮ આંતરરાષ્ટ્રીય એઈડઝ કોન્ફરન્સ, ડરબન સાઉથ આફ્રિકા
- મુખ્ય અતિથિ તરીકે યુએન વર્લ્ડ કોન્ફરન્સ/ એનજીઓ ફોરમ 'વર્લ્ડ સોશ્યલ સમીટ/કોપનહગેન' જીનીવા મે-૨૦૦૦
- સ્ટેટ ઓફ ધ વર્લ્ડ ફોરમ ૨૦૦૦ ન્યુયોર્ક સપ્ટેમ્બર ૨૦૦૦
- મીલેનીયમ પીસ સમીટ ૨૦૦૦ ન્યુયોર્ક
- મુખ્ય અતિથિ તરીકે 'હુમન વેલ્યુસ કચસ એટ ધ યુન જીનીવા'
- વિનોદ સ્પીકર 'સાઉથ એશીયન પીસ સીમ્પોસીયમ' એપ્રીલ ૨૦૦૪

પૂ. ગુરુજી સામે નજર કરતા જ આપણાં મનમાં અનેક ભાવ ઉત્પન્ન થાય છે. જેવા કે,

- યુવાનો તરવરાટ સ્ફૂર્તિ અને ઉત્સાહ
- યાદશક્તિ, આત્મવિશ્વાસ અને એકાગ્રતા
- ક્રોધ, ચિંતા, નિરાશા, ભય, દુ:ખ જેવી લાગણીથી મુક્ત
- પ્રસન્નતા અને આનંદ અવિભાજ્યભર્યુ અંગ
- કુટુંબના પરસ્પરના સંબંધો સુમેળભર્યા બને છે. જેમાંથી પ્રેમ વધે છે.
- જીવનને એક વિશાળ, નવો દ્રષ્ટિકોણ બને છે.

## ૪.૩ આર્ટ ઓફ લિવીંગ દ્વારા ચાલતી પ્રવૃતિઓ અને કોર્ષ

૧. આર્ટ ઓફ લિવીંગ કોર્ષ ભાગ-૧ (૨૧ વર્ષથી ઉપરની વયના લોકો માટે)

૨. આર્ટ એકસલ: (ઓલ રાઉન્ડ ટ્રેનીંગ ઈન એકસેલન્સ) (૮થી૧૨ વર્ષના બાળકો માટેનો કોષ)

૩. શ્રી શ્રી સંસ્કાર કેન્દ્ર... (૮થી૧૨ વર્ષના માટેનો કોર્ષ)

૪. ધ યુથ એમપાવરમેન્ટ સેમીનાર (૧૩થી૧૮ વર્ષના યુવાનો માટે) YES

૫. ધ યુથ એમપાવરમેન્ટ સેમીનાર (૧૮થી૨૫ વર્ષના યુવાનો માટેનો કોર્ષ) YEST

૬. શ્રી શ્રી યોગ શિબિર

૭. આર્ટ ઓફ લિવીંગ કોર્ષ ભાગ-૨

૮. દિવ્ય સમાજનું નિર્માણ (DSN)

૯. યુથ લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ (Y.L.T.P.)

૧૦. ગવર્નમેન્ટ કોર્ષ

૧૧. સહજ સમાધિ-ધ્યાન

૧૨. ઈન્ટરનીટી પ્રોસેસ

૧૩. ટીચર્સ ટ્રેઈનીંગ (TTC) ભાગ-૧ અને ભાગ-૨

૧૪. આયુર્વેદિક કુકીંગ કોર્ષ

૧૫. વૈદિક મેથ્સ

૧૬. વાસ્તુશાસ્ત્ર વિશારદ

## ○ આર્ટ ઓફ લિવીંગ કોર્સ ભાગ-૧ (૨૧ વર્ષથી ઉપરની વયના લોકો માટે)

આર્ટ ઓફ લિવિંગ (જીવન જીવવાની કળા) એ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે વિશિષ્ટ રીતે રચાયેલો અત્યંત અસરકારક કોર્ષ છે.

આર્ટ ઓફ લિવીંગ દ્વારા લેવામાં આવતા ૬ દિવસના કુલ ૨૨ કલાકના આ કોર્સની રચના એવી છે જે તમારા નાડીતંત્રને શુદ્ધ કરી તણાવમાંથી મુક્ત કરી પ્રસન્ન બનાવે છે. પરિણામે વિપરીત પરિસ્થિતિમાં પણ સ્વસ્થતાથી અસરકારક નિર્ણય લેવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે, જે તમારા વ્યવસાયિક તેમજ અંગત જીવનમાં આમૂલ પરિવર્તન આવે છે.

કોઈપણ ધર્મ, જાતિ કે દેશની ૨૧ વર્ષની ઉપરની વ્યક્તિ આ કોર્સ કરી શકે છે. આ કોર્સમાં સરળ ધ્યાન, પ્રાણાયામ, યોગાસન ઉપરાંત અનેક પ્રક્રિયાઓ અને જ્ઞાનચર્ચાઓ આવે છે. શ્વાસોશ્વાસની સુદર્શન ક્રિયા એ આ કોર્સનું હાર્દ છે.

### ○ કોર્સથી થતા મુખ્ય ફાયદા

૧. યુવાનો જેવો તરવરાટ, સ્ફૂર્તિ અને ઉત્સાહ અનુભવાય છે.

૨. યાદશક્તિ, આત્મવિશ્વાસ અને એકાગ્રતા વધે છે.

૩. ક્રોધ, ચિંતા, નિરાશા, ભય, દુ:ખ જેવી નકારાત્મક લાગણીઓ દૂર થાય છે.

૪. પ્રસન્નતા અને આનંદ તમારું અવિભાજ્ય અંગ બની જાય છે.

૫. કુટુંબમાં પરસ્પરના સંબંધો સુમેળ ભર્યા બને છે, જેનાથી પ્રેમ વધે છે.

૬. જીવનને એક વિશાળ, નવો દ્રષ્ટિકોણ મળે છે.

આ ઉપરાંત કેટલીક શારીરિક તકલીફો જેવી કે અસ્થમા, પેટનાં દર્દો, એસિડીટી, હૃદયરોગ હાઈબ્લડપ્રેશર, ડીપ્રેશન, ડાયાબીટીસ, માથાનો દુ:ખાવો, સાંધાનો દુ:ખાવો, પીઠ કમરનાં દર્દ વગેરેમાં કોર્સ કર્યા પછી પણ ઘણા લોકોએ ખૂબ રાહત અનુભવી છે.

## ○ 'સુદર્શન ક્રિયા'

સુદર્શન ક્રિયા એ શ્વાસોશ્વાસની સંપૂર્ણ વૈજ્ઞાનિક, વિશિષ્ટ અને શક્તિશાળી પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં પ્રાણવાયુ શરીરના દરેક કોષ સુધી પહોંચે છે જેનાથી તાણાવ અને નકારાત્મક લાગણીઓથી ઉત્પન્ન થયેલા જે ઝેરી તત્વો કોષમાં જમા થયાં હોય છે તે દૂર થાય છે.

### (૧) સુદર્શન ક્રિયા પર મેડીકલ રીસર્ચ

બેંગ્લોરની નિમહાન્સ સંસ્થા તથા AIIMS (ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ) સંસ્થાઓમાં સુદર્શન ક્રિયા પર ઘણી રીસર્ચ થઈ છે અને ઘણા રોગો પર એનાથી ફાયદો થાય છે એવાં પરિણામ આવ્યા છે. આ રીસર્ચ શું બતાવે છે તે જોઈએ.

- કોર્ટીસોલ નામનો સ્ટ્રેસ હોર્મોન તથા લેકટેટના પ્રમાણનો લોહીમાં ઘટાડો મનની સતત તાણાવરહિત સ્થિતિ સૂચવે છે.
- શરીરની રોગ પ્રતિકારક શક્તિમાં નોંધપાત્ર વધારો થાય છે.
- નેચરલ કીલર કોષો (N.K.Cells) તથા એન્ટી ઓકસીડન્ટ એન્ઝાઈમના લોહીમાં થતા વધારાને કારણે શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધતાં કેન્સર અને બીજા અનેક રોગો નિવારી શકાય છે.
- સુદર્શન ક્રિયાથી લોહીમાં નુકશાનકારક કોલેસ્ટેરોલનો ઘટાડો થાય છે તથા સારા કોલેસ્ટેરોલ (HDL) માં વધારો થાય છે, જેનાથી હૃદયરોગ અને કોલેસ્ટેરોલથી થતા બીજા રોગો થવાની શકયતા લગભગ નહિવત થઈ જાય છે.
- ડીપ્રેશન અને બીજા માનસિક રોગોના ૭૦% જેટલા દર્દીઓએ સુદર્શન ક્રિયા દ્વારા સંપૂર્ણ રાહત મેળવી છે.
- પાચનક્રિયાના રોગો, જેવા કે એસિડીટી, ગેસ, અજીર્ણ વગેરેમાં અદભૂત ફાયદા થાય છે.

- શરીરને નુકશાનકારક ફ્રી-રેડીકલ્સને શરીરમાંથી દૂર કરે છે આવા અનેક પ્રકારના ટોકસિન્સ દૂર થતાં શારીરિક તથા માનસિક સ્વાસ્થ્યમાં વૃદ્ધિ થાય છે.
- નિયમિત રીતે સુદર્શન ક્રિયા કરનારના મગજના ઈ.ઈ.જી. નો અભ્યાસ દર્શાવે છે. કે તેમના મનની સ્થિતિ તણાવરહિત હોય છે. તેમની એકાગ્રતા અને જાગૃતિ વધે છે.
- વિવિધ પ્રકારના વ્યસનો-દારૂ, તમાકુ, ગુટકા વગેરેમાંથી સંપૂર્ણ મુક્તિ દર્દી ધારે તો મળે છે.

સત્‌ના સંગની મસ્તી એટલે સત્સંગ. સત્સંગ કરવાની ઈચ્છા થાય તે ખરેખર ભાગ્યશાળી છે. સેવા, સાધના, સત્સંગ અને જ્ઞાન આ ચાર જીવનના પાયા છે. એક પણ પાયા વગર ચાલે નહીં.

સપ્તાહમાં એક દિવસ સાંજે દરેક કેન્દ્રમાં સત્સંગ રાખવામાં આવે છે, જેમાં સર્વ ધર્મના લોકો ભેદભાવ વગર એક પરિવારની જેમ મળે છે, કીર્તન કરે છે. સત્સંગ એટલા માટે જરૂરી છે કે સત્સંગમાં આપણે બધા જ એક જ ધૂન અથવા ભજન ગાઈએ છીએ. ત્યારે આપણા સૌનું મન જોડાઈ જઈ એક સમષ્ટિ મન બને છે અને વાતાવરણમાં એક નવી શક્તિનો સંચાર થાય છે. વળી આ ધૂનના જે શબ્દો બોલીએ છીએ તે પ્રાચીન સંસ્કૃત શબ્દો છે, જેમાં એક પ્રકારના આંદોલન હોય છે. આપણી ચેતના પણ હજારો વર્ષ પુરાણી છે અને આ તરંગ સાથે આપણા શરીરના દરેક કોષમાં શક્તિનો સંચાર થાય છે. મનની ભાવનાઓ શુદ્ધ થાય છે. મન ખાલી થઈ જાય છે. હૃદય ખીલે છે. પ્રેમ ઉભરાય છે અને ઉંડી શાંતિનો અનુભવ થાય છે.

જે વ્યક્તિઓએ બેઝીક કોર્સ પાર્ટ-૧ કર્યો છે તેમના માટે સપ્તાહમાં એક વખત ગુરુજીની કેસેટ પર સુદર્શન ક્રિયા રાખવામાં આવે છે રોજ બતાવેલ નિત્યક્રમ (યોગાસન, પ્રાણાયામ અને સુદર્શન ક્રિયા) ઉપરાંત સપ્તાહમાં એક વખત આ લાંબી ક્રિયા કરવાથી તેમજ

સત્સંગમાં જોડાવાથી ધીમે ધીમે જીવનમાં ફેરફાર આવે છે અને કોર્સ દરમ્યાન મેળવેલ અનુભવ જીવનમાં વણાય છે.

તમારા કેન્દ્ર પર સાપ્તાહિક સત્સંગ તથા સામૂહિક સુદર્શન ક્રિયા કયા સ્થળે થાય છે તે માહિતી મેળવી તેમાં ભાગ લેવો જોઈએ.

## (૨) આર્ટ એકસેલ

## (ઓલ રાઉન્ડ ટ્રેનિંગ ઈન એકસેલન્સ)

(૮થી૧૨ વર્ષના બાળકો માટેનો કોર્સ)

માતા પિતાને બાળકો માટે સામાન્ય ફરિયાદ હોય છે. જેમકે, ટીવી બહુ જુએ છે, ભણવું નથી ગમતું અથવા શાક તો ખાતો જ નથી, કંઈ કહીએ તો ગુસ્સે થઈ જાય છે વિગેરે વિગેરે... બાળકો જે આવતીકાલના જવાબદાર નાગરિકો છે તેમને માટે પૂ. ગુરુજી શ્રી શ્રી રવિશંકરજીએ 'આર્ટ એકસેલ' નામના સુંદર કોર્સની રચના કરી છે.

આ કોર્સ કરવાથી બાળકોમાં રહેલા આનંદ, ઉત્સાહ અને પ્રેમને ચોક્કસ દિશા મળે છે. આનંદથી થનગનતાં બાળકોની થકી સર્જનાત્મક કાર્યો તરફ વળે છે. આ કોર્સ બાળકમાં દરેક ક્ષેત્રમાં રુચિ અને ધગશ જન્માવે છે.

ટી.વી. તરફનો લગાવ ઓછો થાય છે.સારી-ખરાબ આદતો અને ખોરાક પ્રત્યેની જાગૃતિ બાળકોમાં આવે છે. બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે તથા દરેક કાર્યમાં સંપૂર્ણ એકાગ્રતા આવે છે.

શ્વાસોશ્વાસની વૈજ્ઞાનિક ક્રિયા દ્વારા તેમની ગ્રહણશક્તિમાં વધારો થાય છે. બાળકોના આંતરિક વિકાસ માટે જરૂરી એવા ગુણોનો વિકાસ થઈ શરમ, સંકોચ, ગુસ્સો, ડર, ઈર્ષા વગેરેમાં  ઘટાડો થાય છે. સ્ટેજ ફીયર દૂર થાય છે.

આ કોર્ષ છ દિવસનો, રોજ ૨॥ થી ૩ કલાકનો સમય હોય છે. કોર્સ કરવા માટે તમારા નજીકના કેન્દ્રનો સંપર્ક કરો.

## (૩) શ્રી શ્રી સંસ્કાર કેન્દ્ર

(૮થી૧૨ વર્ષના બાળકો માટેનો કોર્સ)

કુમળા છોડને પાણી ન મળે તો? બસ એટલી જ જરૂર છે બાળકોમાં સંસ્કાર સિંચનની. પૂ. શ્રી રવિશંકરજીએ સંસ્કાર કેન્દ્રની રચના આ માટે કરી છે. સંસ્કાર કેન્દ્ર માટે આખું વર્ષ સપ્તાહમાં એક દિવસ બે કલાકનો સમય હોય છે, જેમાં સંસ્કૃતના શ્લોકો, પૌરાણિક વાર્તાઓ, યોગાસન, પ્રાણાયામ, રમતો દાદીમાના નુસ્ખા, ડ્રોઈંગ, નાટક વિગેરે અનેક વસ્તુઓ છે જેને પરિણામે બાળકો, હસતા, વિવેકી, સ્પષ્ટ અને આત્મવિશ્વાસ વાળા બને છે. આ સેવામાં પાર્ટ-૧ કરેલ દરેક સાધક જોડાઈ શકે છે. આ માટે બે દિવસની ટ્રેઈનીંગ હોય છે.

## (૪) ધ યુથ એમપાવરમેન્ટ સેમીનાર YES

(૧૩ થી ૧૮ વર્ષના યુવાનો માટેનો કોર્સ)

કિશોરો જેમના જીવનમાં થનગનતી યુવાની જ્યારે આવી રહી છે ત્યારે અને યોગ્ય માર્ગે વાળવા અને તેમને જીવનનો સાચો રાહ ચીંધવા આ કોર્સ બહુ જરૂરી છે. કોર્સ બાદ આ જ કિશોરો તેમની યંગ એડલ્ટ કલબ બનાવે છે અને આપણે માની ના શકીએ તેવા સેવાકાર્યો કરે છે.

છ દિવસના કુલ ૨૨થી૨૬ કલાકના શિબિરમાં વાતચીત, જૂથ ચર્ચા, અનુભવોની આપલે સરળ ધ્યાન, પ્રાણાયામ તેમજ યોગાસનો ઉપરાંત શ્વાસોચ્છશ્વાસની અત્યંત શક્તિશાળી પદ્ધતિ, 'સુદર્શન ક્રિયા'નો સમાવેશ થાય છે.

કલબ અથવા સિનેમાના શોખીન યુવાનોને યંગ એડલ્ટ કલબમાં ધ્યાન કરતાં સત્સંગમાં ઝૂમતા અને સેવામાં લાગેલા જોતાં આપણને આનંદ આશ્ચર્ય થાય છે. ત્યાર પછી યુવાનો માટે જે એડવાન્સ કોર્સ છે. તેને યશ કહે છે.

જર્મનીમાં ઘણી બધી યુનિવર્સિટીમાં યશ કમ્પલસરી છે. તેમજ અમેરિકામાં કેટલીક યુનિવર્સિટીમાં આ કોર્સ લેનારને ક્રેડીટ આપવામાં આવે છે.

## (૫) ધ યુથ એમપાવરમેન્ટ સેમીનાર YES+

(૧૮થીર૫ વર્ષના યુવાનો માટેનો કોર્સ)

આઈઆઈટી મુંબઈના પ્રોફેસર પ્રગતિ મુખોપાધ્યાય કહે છે, 'છેલ્લા દસ વર્ષમાં મેં સેંકડો વિદ્યાર્થીઓને આર્ટ ઓફ લિવીંગનો કોર્સ કરતા જોયા છે. કોર્સ કર્યા પછી તેઓ વધારે સારા વિદ્યાર્થી બન્યા છે. વધારે સારા પુત્ર કે પુત્રી બન્યા છે. વધારે સારા મેનેજર બન્યા છે સાચે સાચ વધુ સારા માનવી બન્યા છે. યશ + ખરેખર સંપૂર્ણ આંતરિક પરિવર્તન લાવે છે.'

## (૬) શ્રી શ્રી યોગ શિબિર

અત્યારના ફાસ્ટ ફૂડના યુગમાં જ્યારે શારીરિક મહેનત ઘણી ઓછી થઈ ગઈ છે ત્યારે શરીર અને મનને સ્વસ્થ રાખવા માટે 'યોગા' એ એક જ માત્ર માર્ગ છે. યોગાસન એટલે માત્ર કસરત નથી. શરીર, મન અને શ્વાસનું જોડાણ એને યોગ કહે છે. પૂજ્ય ગુરુજીને ૧૯૮૬માં ભારત સરકાર તરફથી યોગશિરોમણીનો ખિતાબ મળેલો છે. એમના દ્વારા સૂચવાયેલી પાંચ દિવસની રોજના બે કલાકની આ શિબિર કરવાથી મન સ્વસ્થ બને છે. શરીર સ્ફૂર્તિલુ, ચુસ્ત અને તંદુરસ્ત બને છે અને રોગોથી દૂર રહેવાય છે. દરેક વ્યક્તિએ આ યોગાસનો શીખવા અને કરવા જરૂરી છે.

## (૭) આર્ટ ઓફ લિવીંગ કોર્સ ભાગ-૨

ચાર દિવસના આ આવાસીય કોર્સમાં કુદરતી રમણીય શાંત વાતાવરણમાં દુનિયાથી અલગ થઈ તમે સંપૂર્ણ મૌન, ધ્યાન અને જ્ઞાનમાં પૂરેપૂરા ડૂબી શકો છો. આહાર પણ અગત્યનો ભાગ ભજવે છે. વિવિધ ધ્યાન-યોગાસન-ઉંડુજ્ઞાન- વિવિધ પ્રક્રિયાઓ- પ્રાણાયામ અને મનને શુધ્ધ કરી આનંદમાં ડૂબાડતાં સેવા અને સત્સંગ તમારા મનને સાચા અર્થમાં વિશ્રાંતિ આપે છે. કોર્સ કર્યા પછી શિબિરાર્થીઓ કહે છે, 'સ્વર્ગ એટલે શું?' આવું જ ને? આ પ્રેમ અને આનંદ, એ જ સ્વર્ગ નથી શું?'

## (૮) દિવ્ય સમાજનું નિર્માણ (ડીએસએન)

તમારી મર્યાદાઓને તોડીને આગળ વધવાની શક્તિ આ કોર્સમાંથી મળે છે તથા સેવાની ભાવનાનો વિકાસ થાય છે. પદ્મસાધના તેમજ તમારી સંકુચિતતાને ફગાવતી અનેક પ્રક્રિયાઓ આ કોર્સની વિશેષતા છે. ચાર દિવસનો નોન રેસીડેન્શીયલ કોર્સ છે.

જો તમને લાગતું હોય કે, 'હું જગતને વધુ સારું બનાવવા માટે શું કરી શકું? તો એનો જવાબ આ ડીએસએન કોર્સ છે. સમાજ એ સરવાળે વ્યક્તિનું જ પ્રતિબિંબ છે અને આ ડીએસએન કોર્સ વ્યક્તિને, આ જગતને સુવ્યવસ્થિત કરવા માટેનું શિક્ષણ પૂરું પાડે છે.'

## (૯) વાય.એલ.ટી.પી. યુથ લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ

આપણા દેશમાં ૭,૦૦,૦૦૦ (સાત લાખ) ગામડાં છે અને ૭૦% પ્રજા ગામડામાં વસે છે. દેશની આઝાદીને ૫૫ વર્ષ થયાં પણ હજુ ગામડાની પરિસ્થિતિ એવી ને એવી જ છે.

વાય.એલ.ટી.પી. પૂ. શ્રી શ્રી રવિશંકરજીએ ગામડાના યુવાનોને ગ્રામના ઉત્થાન માટે આહ્વાન આપ્યું છે. ગામડાના શિક્ષિત બેકાર યુવાનોને સર્વાંગી તાલીમ આપી ગામની સેવા અર્થે તૈયાર કરવામાં આવે છે.

યુથ લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ ૧૫-૧૫ દિવસના (રેસીડેન્શિયલ) બે ભાગમાં વહેંચાયેલો છે. આ તાલીમ ૫એચ કાર્યક્રમ ૫ર આધારિત છે, જે સમાજના અને ગામડાંઓના દરેક પ્રશ્નને આવરી લે છે. આ ભગીરથ કાર્ય હેઠળ ૩૦૦૦ યુવાનો તૈયાર થાય છે, જેમણે ૨૫૦૦૦થી વધુ ગામડાંઓમાં સેવા કાર્યો ઉપાડયાં છે.

વાય.એલ.ટી.પી.ની ટ્રેઈનીંગ લીધેલ દરેક યુવાન ગામનું વાતાવરણ પ્રેમભર્યું બનાવી, સેવાકાર્યોમાં જોડાઈ ગામના પ્રશ્નો હલ કરવા પ્રેરાય છે. પસંદગી પામેલા ઉમેદવારોને યુવાચાર્યો બનાવવામાં આવે છે. જે ગામોમાં નવચેતના તથા સત્સંગનું આયોજન કરે છે, પંચાયતના સભ્યો સાથે મળી સમિતિ બનાવે છે અને ગામના જ આગેવાનની સહાયથી ૫એચ કાર્યક્રમોનો અમલ કરાવે છે.

આ એક વ્યક્તિનું કાર્ય નથી. આમાં હજારો હાથની જરૂર છે. આ યુવાચાર્યોને સહુ અનેક રીતે મદદગારથઈ શકીએ. તન, મન અને ધન ત્રણેથી આપણે સહુ જ્યારે એમાં જોડાઈશું ત્યારે જ સમાજમાં કંઈક પરિવર્તન આવશે.

## (૧૦) એપેક્ષ- મેનેજમેન્ટ સ્તરે એક નવો અભિગમ

આર્ટ ઓફ લિવીંગ ફાઉન્ડેશન ભારત અને વિદેશમાં કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓ, વેપારીઓ આદિ માટે કોર્પોરેટ કોર્સ આયોજિત કરે છે. આ કોર્સ બીજા મેનેજમેન્ટ કોર્સ કરતાં તદ્દન જુદા જ પ્રકારનો છે. આ કોર્સમાં પુસ્તક વાંચી ભાષણ સાંભળીને મળે એવું સામાન્ય જ્ઞાન નથી. પણ પ્રેકટીકલ પ્રોસેસ છે. આ ૧૬ કલાકના કોર્સ માટે બહુ જ વિશિષ્ટ શિક્ષકો નિયુક્ત થયેલા છે. દેશભરમાં મોટી ઈન્ડસ્ટ્રીઝમાં આ કોર્સની ભારે માંગ છે. અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કરવામાં આ કોર્સ મહત્વનો ભાગ ભજવે છે.

કેટલીક કંપનીઓ જે આ કોર્સનો નિયમિત ફાયદો લઈ રહી છે.

| | | | |
|---|---|---|---|
| 0 | Barger Paints | 0 | Calcutta Electric Supply Co. |
| 0 | Cochin Refineries | 0 | Voltas |
| 0 | Exide Industries Ltd. | 0 | Hindustan Petroleum |
| 0 | Indian Oil | 0 | Hindustan Motors |
| 0 | Godhrej & Boyce | 0 | I.P.C.L. |
| 0 | Kelvinator | 0 | Wipro |
| 0 | HCL Petro | 0 | City Bank |
| 0 | Morgan Stanley | 0 | National Thermal Power Corp. |
| 0 | Ambuja Cement | 0 | S.K.F. Bearings |
| 0 | Philips Carbon Black | 0 | Steel Authority of india |

- 0 Telco
- 0 Tisco
- 0 De-Nocil
- 0 I.S.R.O.
- 0 Bharat Electronics
- 0 Infosys
- 0 C.Dot
- 0 Tata Eixsi
- 0 American Express
- 0 Grinlay's Bank
- 0 Cadilla Lab.

## (૧૧) ગવર્નમેન્ટ કોર્સ

આપણા માટે ગર્વની વાત છે કે રેલ્વે કર્મચારીઓ તથા આર્મીના સ્ટાફ તેમજ કેટલાક સ્થળે ગવર્નમેન્ટના અધિકારીઓને સરકાર તરફથી આર્ટ ઓફ લિવીંગની શિબિર કરાવવામાં આવે છે. જેનાથી તેમનામાં કર્મનિષ્ઠા એકબીજા પ્રત્યે પ્રેમ તેમજ સમજ વધે છે અને જેથી કામના સ્થળે વાતાવરણ ખૂબ સારું બને છે.

## (૧૨) સહજ સમાધિ-ધ્યાન

મનને એની અગાધ અને આંતરિક શાંતિ પહોંચાડતો આ સરળ કોર્સ છે. આ ધ્યાન કરવાથી તમે હળવા સ્ફૂર્તિપૂર્ણ અને તાજગીભર્યા રહો છો. અતિ સરળ એવી આ પ્રક્રિયા મનુષ્ય સ્વભાવમાં હોઈ એમાં કોઈ જ પ્રયત્ન કે એકાગ્રતાની જરૂર નથી. એકવાર શીખ્યા પછી ઘેર કે ઓફિસ, ક્યાંય પણ એની સાધના કરી શકાય.

## (૧૩) ઈન્ટરનીટી પ્રોસેસ

આ ત્રણ કલાકની પ્રક્રિયા છે, જે તમને ઉંડા ધ્યાનમાં લઈ જાય છે. ગુરૂ કૃપાનો ગહન અનુભવ કરાવતી આ પ્રક્રિયા કરવાથી આપણા આ જીવનમાં પૂર્વના જે સંસ્કારો અસર કરતા હોય છે તેમાંથી મુક્તિ મળે છે. આપણી શારીરિક અને ભાવનાત્મક સ્થિતિમાં સુધારો થાય છે. પ્રક્રિયા કર્યા બાદ સંપૂર્ણ તાજા થઈ નવજીવન માટે તૈયાર થયા હો તેવો અનુભવ થાય છે.

## (૧૪) ટીચર્સ ટ્રેઈનીંગ (ટી.ટી.સી.) ભાગ-૧ અને ભાગ-૨

જીવન જીવવાની કળાનું જ્ઞાન આપે પ્રાપ્ત કર્યું તેને સમાજમાં ફેલાવવા અને વધુ લોકો સુધી પહોંચાડવા આપ પણ ટીચર્સ ટ્રેઈનીંગ કોર્સ કરીને સહભાગી બની શકો છો. આર્ટ ઓફ લિવીંગ કોર્સ ભાગ-૧ અને ૨ તેમજ એડવાન્સ કોર્સ તથા ડી.એસ.એન. કોર્સ કર્યા પછી ૧૫ દિવસનો આ રેસીડેન્શીયલ કોર્સ બેંગ્લોર આશ્રમમાં કરી શકાય છે.

છ મહિના સેવામાં જોડાયા બાદ પસંદગી પામેલી વ્યક્તિઓ અને જેમને શિક્ષક બનવાની ઈચ્છા છે તેઓ તાલીમનો ભાગ-૨ કરી શકે છે. ઘડો ભરાય અને પછી એમાંથી વધુ પાણી આવતાં ધારા નીકળે, એ રીતે આનંદ, પ્રેમને વહેંચવાની ઈચ્છા પ્રબળ બને છે. આ પ્રેમ સેવા દ્વારા અભિવ્યક્તિ થાય છે. આવી વ્યક્તિ ગુરુકૃપાથી શિક્ષક બને છે અને આ સેવાયજ્ઞને પોતાના જીવનનો અખંડ ભાગ બનાવી દે છે.

## (૧૫) આયુર્વેદિક કુકીંગ કોર્સ

એસિડીટી, ગેસ, સાંધાનો દુખાવો, ડાયાબીટીસ, હાઈબ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ આ બધું આજે નહી તો કાલે આ છે આપણી રફતાર અને કારણ છે બેઠાડુ જીવન, સ્ટ્રેસ અને આપણો ખોરાક.

આયુર્વેદિક કુકીંગ કોર્સમાં આપણા શરીરનાં દોષો, વાત, પિત્ત, કફ અને એની ઉપર ખોરાકની અસર તથા સાત્વિક પ્રાણશક્તિને વધારનાર અને દોષોને બેલેન્સ કરતી સ્વાદિષ્ટ રસોઈ પ્રેકટીકલ ડેમોન્સ્ટ્રેશન દ્વારા શીખવવામાં આવે છે. આપણી તો રસોઈ કરવાની પદ્ધતિ જ ખોટી છે એ સમજાય છે. આ કોર્સ વર્ષમાં એકાદ વખત જ હોય છે.

## (૧૬) વૈદિક મેથ્સ

તમે વિદ્યાર્થી હો કે શિક્ષક અને કલાર્ક હો કે એકાઉન્ટન્ટ. વેદ કાળના આ ગણિતની મદદથી દરેક કાર્યમાં સરળતા થઈ જાય છે. દરેક વિદ્યાર્થીએ તો શીખવું ખૂબ જ જરૂરી છે કોઈપણ ઉંમરની વ્યક્તિ શીખી શકે છે.

## (૧૭) વાસ્તુશાસ્ત્ર વિશારદ

આ કોર્ષ કર્યા બાદ વાસ્તુશાસ્ત્રના કન્સલ્ટન્ટ બની શકાય છે. આ ૯ દિવસનો રેસીડેન્શીયલ કોર્સ માત્ર બેંગ્લોર આશ્રમમાં થાય છે.

વાસ્તુશાસ્ત્ર એ ખરેખર એક વિજ્ઞાન છે. જે પાંચ તત્વોની (પંચમહાભૂત) અસરથી અને ચાર દિશાઓ તથા ચાર ખૂણામાંથી ઉર્જા આપણા પરિસરમાં પ્રવેશે છે અને શાંતિ, વિકાસ અને વૈભવ લાવે છે તેનું જ્ઞાન છે. આ જ્ઞાનના આધારે આપણે જમીન, મકાન, ફર્નિચર, બગીચો વગેરેનું પ્લાનીંગ ગોઠવરી વિગેરે કરી શકીએ છીએ. વાસ્તુશાસ્ત્રએ ૧૮ મહાઋષિઓએ આપેલું જ્ઞાન છે.

## ૦ સેવાકીય પ્રવૃતિ

આર્ટ ઑફ લિવીંગ દ્વારા સમાજ સુધારણા માટે અનેકવિધ કાર્યક્રમો ચલાવવામાં આવે છે જે નીચે પ્રમાણે છે.

## (૧) પ્રિઝન સ્માર્ટ પ્રોગ્રામ

સમાજના સૌથી વધુ તરછોડાયેલા જેલ કેદીઓના વિકાસને પોતાનું લક્ષ્ય બનાવી. વ્યક્તિવિકાસ કેન્દ્ર પૂરા વિશ્વમાં જેલ કોર્સ યોજી રહ્યું છે. આ શિબિરમાં કેદી તેમજ જેલના કાર્યકરો બન્ને ભાગ લે છે જેને પરિણામે જેલનું વાતાવરણ બદલાય છે.

વિશ્વના અનેક દેશો જેવા કે અમેરિકા, રશિયા, સ્કેન્ડેવીઆ, ઓસ્ટ્રીયા, નેધરલેન્ડ, જર્મની, ક્રોએશિયા, સાઉથ આફ્રિકા અને ઈંગ્લેન્ડમાં ચાલે છે. અમેરિકા, યુરોપ અને આફ્રિકાના સ્કૂલમાં શૂટીંગના બનાવ બન્યા પછી હવે ટીનએજર્સમાંથી આક્રમકતા અને ત્રાસની લાગણી દૂર કરવા માટે નોનએગ્રેશન પ્રોગ્રામ આપવામાં આવે છે. ભારતમાં લગભગ ૧૦૦ જેલમાં જેલકોર્સ ચાલે છે તેમાંથી તિહાર જેલમાંજ ૨૭,૦૦૦ કેદીઓ અને ૯૦૦ ઓફિસરોએ કોર્સ કર્યા છે.

(૨) **NAP Non Agrassion Programme**

ક્રોએશિયા, જર્મની, હોલેન્ડ,આઈવરી કોસ્ટ, નાબિયા, સાઉથ આફ્રિકા, બલ્ગેરિયા, કોમેરૂન, ઈટાલી, ડેન્માર્કઅને યુ.એસ.એ. જેવા દેશોમાં ચાલી રહ્યા છે.

અત્યારે શાળાના બાળકોમાં પણ ક્યારેક ફાયરીંગ કરતા કે બીજા ક્રાઈમ કરતા જોવા મળે છે. જેના ઉપાય તરીકે એનપીએ યોજવામાં આવે છે જેના પરિણામ ખૂબ સારા છે.

(૩) **ડી એડીકશન પ્રોગ્રામ**

- **વ્યસન મુક્તિ કાર્યક્રમ**

સમાજનું સૌથી મોટું દૂષણ હોય તો વ્યસન. વ્યસનની નાબૂદી થાય તો સમાજની આબાદી થાય. આર્ટ ઓફ લિવીંગના કાર્યક્રમ બે પ્રકારના છે.

- **વ્યસન મુક્તિ શિબિર**

મેડીકલ ટ્રીટમેન્ટ, કાઉન્સેલિંગ અને શિબિર દ્વારા શીખવાતા પ્રાણાયામ, ધ્યાન અને શ્વાસોશ્વાસની ક્રિયા બધાનો સમન્વય કરવામાં આવે છે. જેના ખૂબ જ સરસ રીઝલ્ટ છે.

- **વ્યસન મુક્તિ કેન્દ્ર**

જ્યાં એકાદ મહિનો રહી અને વ્યક્તિ ખાત્રીથી વ્યસનમુક્ત બને છે.

(૪) **ધ્યાન કેન્દ્ર**

સમગ્ર માનવ સમાજના સ્વાસ્થ્ય માટે સવારે ઉઠીને ૐ કાર, પ્રાણાયામ, યોગાસન, ધ્યાન અને જ્ઞાન આ બધાનો સમાવેશ ૧ કલાકમાં થઈ જાય એવું સરસ પેકેજ બનાવવામાં આવ્યું છે. આવા કેન્દ્ર જુદા જુદા એરિયામાં નિ:શુલ્ક ચલાવવામાં આવે છે. તમારા કેન્દ્ર પરથી તપાસ કરી એનું સરનામું મેળવી આવા કેન્દ્રમાં જોડાશો તો સ્વાસ્થ્ય સારૂં રહેશે.

(૫) **પએચ કાર્યક્રમ**

Health, Hygine, Home for Homeless, Human V alues, Harmony in Diversity

- **ગુજરાતમાં ૫એચ પ્રોગ્રામ આધારિત વિવિધ સેવા**

'લેવું એ પ્રાણીઓનો સ્વભાવ છે. લઈને બદલામાં આપવું એ મનુષ્યનો સ્વભાવ છે. સતત આપ્યા કરવું એ દૈવી ગુણ છે. આપણી પાસે જે કંઈ છે, એ બીજાને વહેંચવાની ઈચ્છા, બીજાને મદદ કરવાની વૃત્તિ એટલે સેવા. અંતરના આનંદની કાર્યમાં અભિવ્યક્તિ એટલે સેવા. સહજ રીતે સમય સ્થળ અને પરિસ્થિતિની માંગને અનુરૂપ થવું એટલે સેવા. તમારાથી થઈ શકે તેટલી સેવા કરો.'

આપણે કાયમ વિચાર્યા કરીએ છીએ કે મારું શું? મને શું મળશે? એમાં કંઈ નથી. એને બદલે તમારી જાતને પૂછી જુઓ કે 'આ દુનિયાના અને આસપાસના લોકોને હું કઈ રીતે ઉપયોગી થઈ શકું?' હું દુનિયાને શું આપી શકું? જ્યારે આવું વિચારવાનું શરૂ કરીએ ત્યારે આપણું હૃદય ખીલવા માંડે છે અને જીવનને એક નવી દિશા મળે છે.

અને આ વિચારથી સમગ્ર વિશ્વનાં કેન્દ્રોમાં આર્ટ ઓફ લિવીંગના હજારો કાર્યકર્તાઓ સેવાના આવા સાચા ભાવથી સહજપણે જોડાતા જાય છે. ૫એચ પ્રોગ્રામ હેઠળ આ બધાં જ સેવા કાર્યો થાય છે. વાયએલટીપીની ટ્રેનીંગ દ્વારા તથા ડી.એસ.એન. કોર્સ દ્વારા આવા કાર્યકર્તાઓ તૈયાર થાય છે.

**HEALTH**

- ૩૧૦ વેકસીનેશન કેમ્પ થયા જેમાં ૧૧,૨૫૦ બાળકોનું વેકસીનેશન થયું.
- ૭૬૫ મેડિકલ કેમ્પ થયાં. જેમાં ૨૯,૯૧૪ દર્દીઓને સારવાર આપી.
- પેરામેડિકલ ટ્રીટમેન્ટ ૫૮,૧૩૯ દર્દીઓને આપી.
- ઉંડાણના ગામોમાં જઈ મોતિયાની ઓળખ કરી ૫૮૫૭ દર્દીઓના મોતિયાના ઓપરેશન કરાવ્યા. તેમજ રાહત દરે ચશ્મા આપ્યા.
- પોલિયોના ૨૭૯ ઓપરેશન કર્યા તથા ૨૭૫ કેલીપર્સ આપ્યા. રક્તદાન શિબિરો ગોઠવી રૂધિર એકત્ર કર્યું.

**HYGIENE**

- ૧૫,૦૨૮ સ્વચ્છ કેમ્પ કર્યા. કચરાપેટીઓ મુકાવી.
- ૮,૧૦,૦૦૦ છોડનું વાવેતર કર્યું.
- ૭૩૦ કુટુંબો વ્યસન મુક્ત બન્યા.
- ૭થી૮ ટન બિન રાસાયણિક ખાતરનું ઉત્પાદન કર્યું. ૫,૨૯૩ ખેડૂતોએ બિન રાસાયણિક ખેતી કરી.
- ૨૪૯ શૌચાલયો બનાવ્યા. લોકોને સ્વચ્છતા અંગે જાણકારી આપી.
- ૭ ગોબર ગેસ પ્લાન્ટ બનાવ્યા.
- ૧૨ વેરીકુવા, ૬૦ આડબંધ, ૧૦ ચેકડેમ, ૫ તળાવ તથા ૧ ફ્લેકસી ડેમ બનાવવામાં આવ્યા.

**HOME FOR HOMELESS**

૨૧૦ નવા ઘર બાંધી યોગ્ય કુટુંબોને આપ્યાં જેમાં ૯૭ ઘર સરદાર આવાસ યોજના હેઠળ, જ્યારે ૧૧૩ ઘર નાના દહીસરા ગામને દતક લઈ ધરતીકંપ પછી ગામમાં રસ્તા, ગટર, વિજળી, કોમ્યુનીટી હોલ, પ્રાયમરી સ્કુલ વિગેરે સાથે બનાવ્યાં.

**HARMONEY IN DIVERSITY**

- ૩૦૫ બાળમેળાનું આયોજન કર્યું.
- ૧૪૨૧ સમુહ ભોજનનું આયોજન કર્યું.
- સર્વ ધર્મ અને સર્વજ્ઞાતિઓનું ૫ સમૂહ લગ્નનું આયોજન થયું. જેમાં ૧૪૬ લગ્ન થયા. અને ૬૯૦૦૦ લોકોએ ભાગ લીધો.
- ગુજરાતમાં કોમી રમખાણ દરમ્યાન બન્ને જાતિના રાહત કેમ્પમાં નવચેતના શિબિર દ્વારા પ્રેમનો સંદેશો ફેલાવ્યો.
- પૂ.ગુરુજીએ તેમની મુલાકાત દરમ્યાન બન્ને કોમના આગેવાનો મુખ્યમંત્રી તથા રાજકીય નેતાઓને મળી સદ્ભાવનાનો સંદેશ આપ્યો.

**HUMAN VALUES**

- વાય.એલ.ટી.પી. દ્વારા ૩૮૫૬ યુવાનોને ટ્રેઈનિંગ આપી.
- ૪૪૯૭ નવચેતના શિબિર દ્વારા દિવ્ય જ્ઞાન કુલ ૨,૨૯,૨૪૫ ગ્રામવાસીઓએ વિના મૂલ્યે મેળવ્યું.
- ૯૫૧૬ સત્સંગ ગોઠવાયા.
- ૧૧૭ સ્વ:સહાય જૂથની રચના થઈ.
- ૨૯૪ વિધવાઓને સરકારી સહાય મેળવવામાં મદદ કરી.
- અપંગ બાળાઓ, રક્તપિતિયાનાં બાળકો, મંદ બુદ્ધિનાં બાળકો, અંધશાળા તથા આદિવાસી વિસ્તાર વિગેરેમાં આર્ટ એકસેલ અને આર્ટ ઓફ લિવીંગ કોર્સ વિનામૂલ્યે લીધા.

દક્ષિણ ગુજરાતમાં અતિવૃષ્ટિમાં દરેક પ્રકારે સહાય પહોંચાડી. ગુજરાતમાં ધરતીકંપ વખતે પહેલા દિવસથી સેવાકાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં અમદાવાદમાં રસોડું ચલાવી ૨૦ હજાર માણસોને જમાડ્યા. ૫૦ ટ્રકો દ્વારા જીવન જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડી. ૧૫૦ કુટુંબોને ઘરવખરી પૂરી પાડી. ચારસો જેટલા ટેન્ટ આપ્યા. ૧૨ શાળાઓ બાંધી તથા બે હોસ્ટેલ બનાવી. આખું નાના દહીસરા ગામ દતક લીધું. નવું બાંધ્યું જેમાં ૧૧૩ ઘર બાંધ્યા. આમ સંસ્થા દ્વારા અનેક પ્રકારે સેવા થાય છે.

**(૬) I.A.H.V.**

આ સંસ્થા દ્વારા કુદરતી આપત્તિમાં જેમ કે ગુજરાતમાં ધરતીકંપ, જર્મનીમાં પુર, રશિયામાં યુદ્ધ, ઈન્ડોનેશિયામાં ધરતીકંપ, સુનામી, બિહારમાં પૂર, સુરતમાં પૂર, વિગેરેમાં દરેક પ્રકારની ટેમ્પરરી તેમજ લાંબાગાળાની સહાય કરવામાં આવે છે તથા ટ્રોમા રીલીફ કેમ્પ ચલાવવામાં આવે છે. આ સિવાય યુનાઈટેડ નેશન્સ સાથે મળીને સ્ટેન્ડ અપ એન્ડ સ્પીક આઉટ, બેટી બચાવો આંદોલન, તથા એચ.આઈ.વી. એઈડ્સને અટકાવવાના કાર્યક્રમો યોજવામાં આવે છે. હાલમાં નદીઓને શુદ્ધ કરવાનું અભિયાન શરૂ થયું છે.

## (૭) આર.ડી.પી. (રૂરલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ)

આશ્રમનાં રૂરલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ પાસ, ૧૮થીર૫ વર્ષની વયના ગામડાના નવયુવકોને માટે ચાર મહિના માટેનું પ્રયોગાત્મક શિક્ષણ સાથે સાથે વ્યવહારિક જ્ઞાન અને માનવીય મૂલ્યોની સમજ આપવામાં આવે છે. એનો હેતુ ગ્રામીણ યુવક યુવતીઓ જે કોઈ રોજી કામ કરતા નથી તેમની કુશળતાનો વિકાસ કરી તેમને આર્થિક રીતે પગભર બનાવવાનો છે. તેમાં જુદા જુદા પ્રકારના કોર્સ હોય છે.

૧. મેન્યુફેક્ચરીંગ- વેલ્ડીંગ ફેબ્રીકેશન, કાર પેન્ટીરી, ઈલેક્ટ્રીક વર્ક, ઈલેક્ટ્રોનીક્સ, કોમ્પ્યુટર એપ્લીકેશન

૨. માર્કેટીંગ અને સેલ્સ વિગેરે

ગામડાઓમાં જુદા જુદા વર્ગો દ્વારા શિક્ષણ- જેમ કે સિલાઈકામ, કોમ્પ્યુટર વર્ગ, અગરબતી બનાવવાની તાલીમ, જ્યુટ બેગ બનાવવી, ભરતકામ વિગેરે શીખવવામાં આવે છે. ગામડાઓમાં રોજગાર તેમેજ ઉત્પન્ન થયેલી વસ્તુઓનું સંસ્થામાં જુદા જુદા કેન્દ્ર દ્વારા વેચાણ થાય છે.

## (૮) વુમન એમ્પાવરમેન્ટ પ્રોગ્રામ

ગામડામાં સ્વસહાય જૂથો દ્વારા બહેનોને સ્વાવલંબી બનાવવામાં આવે છે. સુનામીથી વિધવા થયેલ બહેનોને સિલાઈકામ દ્વારા પર્સ, થેલા વિગેરે બનાવવાની તાલીમ આપી સ્વાવલંબી બનાવી. વુમન કોન્ફરન્સ યોજવામાં આવે છે જેમાં પૂરા વિશ્વની અગ્રગણ્ય મહિલાઓ આવે છે અને સ્ત્રીઓના પ્રશ્નો ઉકેલવાની દિશામાં નિર્ણયો લે છે.

## (૯) વિસ્તા ઈન્ડીયા - Value Integrated Service of All

આ પ્રોજેક્ટ નીચે આજુબાજુનાં ગામની બહેનોને સ્વાવલંબી બનાવવા જુદા-જુદા ઉદ્યોગ શીખવવામાં આવે છે. તેમને અક્ષરજ્ઞાન, સિલાઈકામ, અગરબત્તી બનાવવી, ભરતકામ, જ્યુટબેગ બનાવવી, કોમ્પ્યુટર અને બીજી કળાઓ શીખવવામાં આવે છે.

## (૧૦) શ્રી શ્રી સેવામંદિર

આ પ્રોજેક્ટ દ્વારા આદિવાસી પછાત વિસ્તારોમાં ગરીબ બાળકો માટે કુલ ૩૬ શાળાઓ- ઘાટશીલા, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, આસામમાં જેમાં ૩,૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે. મફત શિક્ષણ, યુનિફોર્મ, પુસ્તકો અને બપોરનું ભોજન આપણી સંસ્થા દ્વારા આપવામાં આવે છે. ગુજરાતમાં દાહોદમાં આવી શાળા ચાલે છે.

### (૧) શૈક્ષણિક પ્રવૃત્તિઓ

### ○ વેદ વિજ્ઞાન મહા વિદ્યાપીઠ

આજ છે વેદ વિજ્ઞાન મહાવિદ્યાપીઠ બેંગ્લોર... એટલે આપણો આશ્રમ, જે આર્ટ ઓફ લિવીંગની સર્વ પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. જ્યાંના સ્વર્ગ જેવા દિવ્ય વાતાવરણમાં પ્રવેશતાં જ મનની ચિંતાઓ દૂર થઈ અવર્ણનીય શાંતિ અને દિવ્ય આનંદની અનુભૂતિ થાય છે અને વિશ્રામ અનુભવાય છે.

આશ્રમ અનેક પ્રવૃતિઓમાંથી ધમધમતો હોય છે.

- અહીં વેદ વિદ્યાપીઠમાં બાળકો આશ્રમજીવન ગાળી વેદનો અભ્યાસ કરે છે.
- ગુરુકુળની સ્થાપના કરવામાં આવી છે. તેમાં વિદ્યાર્થીઓને પ્રાચીન શાસ્ત્રો તથા સાથે આધુનિક શિક્ષણ પણ આપવામાં આવે છે. પ્રાચીન પદ્ધતિથી પૂજાપાઠ, યજ્ઞ વિગેરે શીખવવામાં આવે છે.
- આ ઉપરાંત અનેક સેવા પ્રવૃતિઓ ચાલે છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારના ગરીબ બાળકો માટે વિનામૂલ્યે ૮૪ની સાલથી કન્નડ માધ્યમમાં શાળા ચલાવવામાં આવે છે. તેમને લાવવા માટે લઈ જવાથી માંડીને, ગણવેશ, પુસ્તકો અને એક સમયના ભોજન આપવા સુધીની વ્યવસ્થા આશ્રમ તરફથી પૂરી પાડવામાં આવે છે.

આ શાળાનું પરિણામ ૧૦૦% આવે છે તથા સમગ્ર જિલ્લાની શાળામાં એ પ્રથમ

નંબર આવે છે. આને પરિણામે બાળકોની સંખ્યા ૨૦૦૦ છે. આ કાર્યમાં આપણો ફાળો આપી સહભાગી થઈએ. રૂા.૧૦ હજાર આપી એક બાળકને એક વર્ષ માટે દત્તક લઈ શકાય છે. 'વેદ વિજ્ઞાન મહાવિદ્યાપીઠ'ના નામનો ડી.ડી. મોકલવો. રૂા.૫૦૦૦ થી વધુ રકમ ૩૫ સીસી મુજબ ઈન્કમટેક્ષમાંથી ૧૦૦% કરમુક્ત છે.

## (૨) વેદવિજ્ઞાન મહાવિદ્યાપીઠ

૨૧ કિ.મી. કનકપુરા રોડ, ઉદયપુરા, બેંગ્લોર (સાઉથ) ૫૬૦૦૪૧.

ફોન: (૦૮૦) ૨૮૪૩૨૨૭૩, ૭૪ ફેકસ: (૦૮૦) ૨૮૪૩૨૮૩૨

Website: www.artofliving.org / www .esatsang.net

**અન્ય આશ્રમ**

વેદવિજ્ઞાન મહાવિદ્યાપીઠ બેંગ્લોર સિવાય, કેનેડા, રશિયા અને જર્મની, જકાર્તા, સાયબીરીયા, માં આર્ટ ઓફ લિવીંગના આશ્રમ આવેલા છે.

આપણું એ સૌભાગ્ય છે કે ભારતમાં બેંગ્લોર પછી બીજો આશ્રમ ગુજરાતમાં બન્યો છે. ત્યાર પછી કેરાલા, ગૌહતી, પૂના, મુંબઈ તથા મદ્રાસમાં આશ્રમ પણ બન્યા છે.

'શ્રી શ્રી ગુજરાત આશ્રમ' મહી નદીના કિનારે આંકલાવાડી ગામ નજીક ૨૪ એકરની પવિત્ર જમીનમાં આવેલો છે. જેમ નર્મદા નદીના કિનારે અનેક ઋષિઓએ તપ કર્યા હતા અને એનો કિનારો પવિત્ર ગણાય છે. તેમ મહી નદી પણ પવિત્ર નદી ગણાય છે.

જ્યાં આશ્રમ છે ત્યાં પુરાતત્વવિદોના જણાવ્યા અનુસાર નારદમુનિએ સહસ્ત્ર તપ કર્યું હતું. એવી આ પુણ્યભૂમિ ગુરુજીના ચરણસ્પર્શથી પાવન બની છે. સેવા, સાધના અને સતત્સંગનું ધામ બન્યું છે. આશ્રમમાં આર્ટ ઓફ લિવીંગ કોર્સ પાર્ટ-૨ તથા વાય.એલ.ટી.પપી. ટ્રેનીંગ કોર્સ, ડી.એસ.એન. કોર્સ, સહજ સમાધિ તથા આર્ટ એકસેલ સમર કેમ્પ ચાલે છે. તે સિવાય નિયમીતપણે સત્સંગ, ક્રિયા વગેરે કાર્યક્રમો થાય છે. નવરાત્રિ, ગુરુપૂર્ણિમા, કૃષ્ણજન્મ, શરદપૂનમ, દિવાળી ઉત્સવ વગેરે કાર્યક્રમો થાય છે. આશ્રમ એક વિશાળ

વટવૃક્ષની જેમ સૌના હૃદય તાપ હરે છે અને સૌને વિશ્રામ આપે છે. એક વખત આ સ્થળની મુલાકાત જરૂરથી લેવા જેવી છે.

**આશ્રમની સુવિધાઓ**

- ૩૦૦ સાધકો રહી શકે તેવી ડોરમેટરી સુવિધાઓ, એ.સી. રૂમ
- ૩૦૦ સાધકો સાધના કરી શકે તેવો Meditation Hall અને અદ્યતન રસોડુ
- ૪૦૦ સાધકો જમી શકે તેવો Dinning Hall
- Devine Shop અને Administration Block
- ગુજરાતી સ્થાપત્ય અને કલાની શરણગારેલ શક્તિ કુટિર
- યજ્ઞ તથા પૂજા માટે વેદ શાળા
- ૪૦ ગાયો સાથે અદ્યતન ગૌશાળા

## (૩) શ્રી શ્રી વિદ્યામંદિર

એસએસઆરવીએમ આપણી વૈદિક સંસ્કૃતિ અને આધુનિક વિજ્ઞાનનો સુલભ સમન્વય છે. શિક્ષણ એટલે ફકત ભણતર નહીં બાળકને ભવિષ્યમાં આ જ સમયમાં હસતાં રહીને જવાબદારી નિભાવવાનું શીખવે તે જ સાચું શિક્ષણ...

આ શાળામાં કુમળાં બાળકો કે જે આપણું ભવિષ્ય છે, તેમની અગાધ શક્તિને શિક્ષણના પાંચ પાસાઓના સમન્વયથી સર્જનાત્મક અને રચનાત્મક માર્ગે વાળવામાં આવે છે. ૧. Information ૨. Concept ૩. Attitude ૪. Imagination, ૫. Freedom

શિક્ષણ એટલે બાળકના મગજને માહિતીથી ભરવું તે નથી, પણ શિક્ષણ એટલે દરેક ક્ષણે જ્ઞાન મેળવવું તે છે.

આશ્રમમાં વિશિષ્ટટ્રેનિંગ દ્વારા તૈયાર થયેલ ઉત્સાહી અને યુવાન શિક્ષકો દ્વારા આ શિક્ષણ આપવામાં આવે છે.

## ○ શ્રી-શ્રી વિદ્યામંદિરની લાક્ષણિકતાઓ

- ○ અભ્યાસક્રમ બાળકને પોતાનો અનુભવ મેળવવાનું અને વિકસાવવાનું સ્વાતંત્ર્ય આપે છે. બાળકની છૂપી શક્તિઓ ખીલે તે રીતેનો અભ્યાસક્રમ દરેક બાળક માટે અલગ અલગ તૈયાર થાય છે.
- ○ અઠવાડિયામાં એકવાર એજ્યુકેશનલ ટુર દ્વારા બાળકને બહારની દુનિયાનો પૂરો પરિચય આપવામાં આવે છે.
- ○ તણાવયુક્ત હરિયાળું અને સુંદર વાતાવરણ તેમને કુદરત સાથે જોડે છે.
- ○ આપણી વૈદિક અને ભારતીય સંસ્કૃતિને પ્રાધાન્ય આપી પ્રાર્થના અને આદર્શ વાર્તાઓથી બાળકોમાં સંસ્કારનું સિંચન કરવામાં આવે છે.
- ○ માનવીય મૂલ્યો જેવા કે કરુણા, સહકાર, મૈત્રીભાવ, નિષ્ઠા વગેરેનું સિંચન કરવામાં આવે છે.
- ○ ૧૬ રાજ્યોમાં ૭૦ સ્કૂલ ચાલે છે.

## (૪) શ્રી-શ્રી યુનિવર્સિટી

ઓરિસ્સામાં ૨૦૦ એકર પરિસરમાં શ્રી શ્રી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

## (૫) શ્રી શ્રી રવિશંકર જુનિયર કોલેજ (બેંગ્લોર)

આ કોલેજમાં સાયન્સ, આર્ટસ અને કોમર્સના માર્ગદર્શક કોર્સીસ ચલાવવામાં આવે છે. હોસ્ટેલ અને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ છે.

## (૬) શ્રી-શ્રી મેનેજમેન્ટ કોલેજ

આ કોલેજ ગોવામાં આવેલી છે.

## (૭) શ્રી-શ્રી મીડીયા સ્ટડી (જર્નાલીઝમ)

આજે જવાબદાર પત્રકારત્વની અછત વર્તાય છે. આજનું પત્રકારત્વ દેશની પ્રગતિને

અનુકૂળ નથી એવી લાગણી દરેકને કોઈને કોઈ પ્રસંગે થાય છે. આથી પૂ. શ્રી-શ્રી રવિશંકરજીની પ્રેરણાથી બેંગ્લોર ખાતે પત્રકારત્વનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં કોર્સ શરૂ કરવામાં આવ્યો છે.

ભારતના બધા જ આગેવાન ન્યુઝ અને મીડીયાની અગ્રગણ્ય વ્યક્તિઓની દોરવણી અનુસાર એક આદર્શ અભ્યાસક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે. ૫૦% માર્કસ સાથે કોઈ પણ વિષયમાં ગ્રેજ્યુએટ ડિગ્રી અને અંગ્રેજી ભાષા પર સારો કાબુ ધરાવનાર વ્યક્તિ જોડાઈ શકશે. અમદાવાદ, દિલ્હી, કલકતા, મુંબઈ આટલા સ્થળે ઈન્ટરવ્યુ લેવાય છે.

## ○ આરોગ્ય-સ્વાસ્થ્ય વિષયક પ્રવૃત્તિઓ

### (૧) શ્રી શ્રી આયુર્વેદ

૧ શ્રી શ્રી કોલેજ ઓફ આયુર્વેદ સાયન્સ એન્ડ રીસર્ચ (૫.૧/૨ વર્ષનો કોર્સ, બારમાં પછી ડીગ્રી કોર્સ છે.) ૨. આયુર્વેદિક ચિકિત્સાલય ૩. આયુર્વેદિક પ્રોડક્ટસનું ઉત્પાદન ૪. આયુર્વેદિક વનસ્પતિનો ઉછેર (ખાસ કરીને દુર્લભ વનસ્પતિ) ૫. આયુર્વેદિક સંશોધન કેન્દ્ર ૬. થેરાપિસ્ટ ટ્રેનીંગ પ્રોગ્રામ (૩ મહિનાનો પ્રોગ્રામ) ૭. આયુર્વેદિક આરોગ્ય કેન્દ્ર ૮. પ્રાચીન ઉપચારવિધિ ૯. નાડી પરિક્ષાણ

### (૨) પ્રાચીન ઉપચારવિધિ

પંચકર્મ વિધિ, મર્મ વિધિ, મેરુ ચિકિત્સા, નસ્ય, વમન, કર્મપુરન, અક્ષિતર્પણ, અભ્યંગ, શિરોધારા જેવી પ્રક્રિયાઓ આપણા શરીર, મન અને ચેતનાને સ્વચ્છ કરી તેમાં સંવાદિતા લાવે છે. આ દરેક ચિકિત્સા આશ્રમમાં કરવામાં આવે છે.

સંસ્થામાં સંપૂર્ણ વૈજ્ઞાનિક પદ્ધતિથી, કુદરતી રીતે સ્વચ્છ વાતાવરણમાં પસંદગી કરેલ વનસ્પતિમાંથી, તજજ્ઞોના નિરીક્ષણ હેઠળ ઉંડા સંશોધન પછી વૈજ્ઞાનિક પદ્ધતિથી, આયુર્વેદિક ઔષધિઓ અને પ્રસાધનો બનાવવામાં આવે છે.

| **ઔષધિ** | **પ્રસાધનો** |
|---|---|
| ○ એમ્બ્રોસીયા મેજિક ટેબ્લે | ○ હર્બલ-હેન્ડ એન્ડ ફેઈસ વોશ |
| ○ ત્રિફલા ટેબ્લેટ | ○ હર્બલ શેમ્પૂ એન્ડ સ્કાલ્પ કલીન્સર |
| ○ લીવોગાર્ડ-ટેબ્લેટ | ○ હેયર ઓઈલ એન્ડ સ્કીન કેર ઓઈલ |
| ○ ચિત્રકાદિવટી | ○ હર્બલ ફેસ પેક |
| ○ નીમ-ટેબ્લેટ | ○ બ્યુટી બાથ પાવડર |
| ○ મધુકારી હર્બલ ચ્હા | ○ શાવર જેલ |
| ○ ચ્યવનપ્રાશ | ○ લીપકેર ક્રીમ એન્ડ ફેઈસ ક્રીમ |
| ○ અરુદ્ર-ઓલ નેચરલ હેલ્થડ્રીંક વિગેરે | ○ સુમેરુ બાથ સોપ વિગેરે વિગેરે |

## (૩) આયુર્વેદિક આરોગ્ય કેન્દ્ર

આશ્રમમાં આયુર્વેદિક જ્ઞાન વિશે સજગતા લાવવા માટે ત્રણ દિવસની શિબિર ગોઠવવામાં આવે છે. તે ઉપરાંત ૩ માસનું આયુર્વેદનું સઘન શિક્ષણ થેરાપિસ્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ દ્વારા આશ્રમમાં આપવામાં આવે છે. ત્યારબાદ તાલીમ પામેલ વ્યક્તિ દ્વારા, જુદા જુદા શહેરોમાં, આયુર્વેદિક આરોગ્ય કેન્દ્રો સ્થાપવામાં આવે છે.

## ○ અન્ય પ્રવૃત્તિઓ

## (૧) શ્રી શ્રી એગ્રીકલ્ચર

ઓર્ગેનિક ફાર્મીંગ- ખેડૂતોને તેનું શિક્ષણ અપાય છે, રાસાયણિક ખાતરના ઉપયોગથી જમીન પણ ખરાબ થાય છે અને આપણા શરીરમાં વિષ જવાથી તંદુરસ્તી બગડે છે.

**વર્મીકલ્ચર:** અળસિયા દ્વારા ખાતરનું ઉત્પાદન

- ○ છાણમાંથી ખાતર બનાવવાની ટ્રેઈનીંગ- ગોબર ગેસ પ્લાન્ટ
- ○ લક્ષ્મીતરુનું લાખોની સંખ્યામાં વાવેતર કે જે વૃક્ષમાંથી એડીબલ તેમજ ઈન્ડસ્ટ્રીયલ ઓઈલ મળે છે તથા તેના દરેક ભાગ કામમાં આવે છે.

**હરિયાળી ક્રાંતિ:** લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ

**જળસંચય:** ખેત પાળા, ખેત તલાવડી, વેરી કુવા, ચેકડેમ, તળાવ વિગેરે.

(મધુમાખી ઉછેર, બાયોગેસ પ્લાન્ટ, વોટર હાર્વેસ્ટીંગ, ફાર્મ મેનેજમેન્ટ, સેનીટેશન મેનેજમેન્ટ, નર્સરી વિગેરે. દરેક ક્ષેત્રમાં વાસ્તવિક પરિસ્થિતિઓમાં કાર્ય થઈ શકે તેવો અનુભવ અપાય છે. માત્ર નોકરી નહિ પણ સ્વતંત્ર ધંધો થઈ શકે તેવું જ્ઞાન અપાય છે.

## (૨) શ્રી શ્રી સેન્ટર ફોર હ્યુમન રીસોર્સીસ

આ સેવા આર્ટ ઓફ લિવીંગ દ્વારા શરૂ કરવામાં આવી છે. જેની દ્વારા એઓએલના જે સાધકોને નોકરીની જરૂર હોય તેમજ જે સાધકોને પોતાની કંપનીમાં સારા કર્મચારીની જરૂર હોય, તેઓ આ સેવાનો લાભ ઉઠાવી શકે છે.

આર્ટ ઓફ લિવીંગનો કોર્સ કરેલ વ્યક્તિ ઉત્સાહી, કલ્પનાશીલ અને જવાબદારી સ્વીકારી શકે તેવી હોય છે. તેને અનુલક્ષીને આર્ટ ઓફ લિવીંગ સંસ્થાએ રોજગાર વિનિમય કેન્દ્ર સ્થાપ્યું છે. આ દિશામાં નવા જ આયામો ખોલી શકે છે.

## (૩) સુમેરુ સોફ્ટવેર સોલ્યુશન સર્વિસ કંપની

આ કંપની વિવિધ પ્રકારના સોફ્ટવેર, ઈન્ડસ્ટ્રી અને કંપનીની જરૂરત મુજબ બનાવી આપવાનું કામ કરે છે. જે બિઝનેસ કંપની અને ઈન્ડસ્ટ્રીને આ સોફ્ટવેર ખરીદવા અને પોતાની જરૂરત મુજબ બનાવવા હોય અને જે સોફ્ટવેર એન્જીનીયરોને પ્રોગ્રામ બનાવવામાં રસ હોય તેઓ  સંપર્ક કરી શકે છે.

## (૪) આર્ટ ઓફ લિવીંગ મેટ્રીમોની

જે લગ્ન માટે ઉત્સુક હોય તેવી વ્યક્તિએ આર્ટ ઓફ લિવીંગનો કોર્સ કર્યો હોય અને જેને લગ્નવિષયક કોઈ બાબતની જાણકારી જોઈતી હોય તો તેઓ પોતાનો બાયોડેટા આ વેબસાઈટ પર રજીસ્ટર કરાવી શકે છે. વારંવાર સ્વયંવર ગોઠવવામાં આવે છે.

## (૫) ઋષિમુખ

ગુરુજી દ્વારા અપાતા જ્ઞાન મેળવવાની જીજ્ઞાસા હોય તેઓ માટે તેમજ પરિવાર દ્વારા ચાલતી પ્રવૃત્તિઓની માહિતી મેળવવા તથા પૂ. ગુરુજીને વિશે જાણવાની ઉત્કંઠા હોય, તેમની જ્ઞાનવાણી વાંચવી હોય તો 'ઋષિમુખ ગુજરાત' જે ગુજરાતી ભાષામાં નીકળે છે, તેનું લવાજમ ભરી સભ્ય બનવું જરૂરી છે. આ સામયિક ખૂબ સુંદર હોય છે અને સામાન્ય રીતે એકી બેઠકે વાંચી જવું ગમે છે. આ પુસ્તકમાં આપેલું ફોર્મ ભરી તમે તેના સભ્ય થઈ શકો છો. આ ઉપરાંત બેંગ્લોરથી ઋષિમુખ અંગ્રેજી ભાષામાં અને ઋષિમુખ હિંદી ભાષામાં પણ નીકળે છે.

**SUMERU PROMOTION**

ગુરુજીનું અગાધ જ્ઞાન, અનેક પુસ્તકો કેસેટ્સ અને વિડિયો કેસેટ્સમાં જળવાયું છે, તેમને કેન્દ્ર પરથી તથા મોટા સત્સંગમાં તે મળી શકશે.

## ૪.૪ આર્ટ ઓફ લિવીંગનું રચનાતંત્રીય કાર્યાત્મક માળખું :

દરેક સંસ્થાના ચોકકસ ધ્યેયો અને રચનાતંત્રીય માળખું હોય છે. સંસ્થાના ધ્યેયોને પરિપૂર્ણ કરવા માટે જે તે સંસ્થા દ્વારા તેનું ચોકકસ માળખું અને કાર્યો/પ્રવૃત્તિઓ/કાર્યક્રમો નકકી કરવામાં આવે છે. જે તે સંખ્યાના બંધારણ મુજબ તેના નીતિનિયમો, ધોરણો ઘડવામાં આવે છે જે અનુસાર સંસ્થા સાથે સંલગ્ન લોકો એ વર્તનવ્યવહારો કરવાના હોય છે.

આર્ટ ઓફ લિવીંગ એક રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સ્વૈચ્છિક સંસ્થા છે. અન્ય સ્વૈચ્છિક સંસ્થાની જેમ આ સંસ્થાના ચોકકસ ધ્યેયો, અને રચનાતંત્રીય માળખુ ઘડાયેલું છે. જેના આધારે સંસ્થા દ્વારા જોડાયેલા લોકો સંસ્થાએ નકકી કરેલા કાર્યો/પ્રવૃત્તિઓ કરે છે. આર્ટ ઓફ લિવીંગની શરૂઆત અંદાજીત ૨૭ વર્ષ પહેલા બેંગ્લોર ખાતે શ્રી શ્રી રવિશંકરજી દ્વારા કરવામાં આવી હતી. આ સંસ્થાનું ધ્યેય

"To promote educational, cultural, social, political development activities and spirituality for the benefit of the public..and To create violence and stress free society."

ઉપરોકત ધ્યેયોને પરિપૂર્ણ કરવા માટે સંસ્થા દ્વારા અલગ અલગ પ્રવૃત્તિઓના સંચાલન માટે કુલ ૮ ટ્રસ્ટો બનાવવામાં આવ્યા છે.

એક મુખ્ય ટ્રસ્ટ છે. જેની નીચે જુદા જુદા ટ્રસ્ટો કાર્યરત છે.

શ્રી શ્રી રવિશંકર ટ્રસ્ટ જે મુખ્ય ટ્રસ્ટ છે જેની નીચે જુદા જુદા ટ્રસ્ટો કાર્ય કરી રહ્યા છે.

જેમ કે

૧. વ્યકિત વિકાસ કેન્દ્ર ઈન્ડીયા ટ્રસ્ટ

૨. વેદ વિજ્ઞાન મહાવિદ્યાપીઠ ટ્રસ્ટ

૩. વિસ્તા ઈન્ડીયા ટ્રસ્ટ

૪. રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ

૫. વાય એલ ટી પી ટ્રસ્ટ

૬. શ્રી શ્રી સેવા મંદિર ટ્રસ્ટ

૭. શ્રી શ્રી ટ્રાઈબલ વેલફેર પ્રોજેકટ ટ્રસ્ટ

૮. (I.A.H.V.) ઈન્ટરનેશનલ એસોસીએશન ફોર હ્યુમન વેલ્યુસ ટ્રસ્ટ

૯. શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર ટ્રસ્ટ

૧. વ્યકિતવિકાસ કેન્દ્ર ઈન્ડીયા ટ્રસ્ટ માં આર્ટ ઓફ લિવીંગના બેઝીક કોર્ષ, આર્ટ એકસેલ, યશ, યસ+, તેમજ દિવ્યસમાજનું નિર્માણ જેવા કોર્ષ કરાવવામાં તથા શ્રી શ્રી યોગા સામેલ છે. આ કોર્ષમાંથી જે ફંડ એકત્રીત થાય તે સેવા કાર્યોમાં વાપરવામાં આવે છે.

૨.	વેદ વિજ્ઞાન મહાવિદ્યાપીઠથી ટ્રસ્ટ જે આર્ટ ઓફ લિવીંગના એડવાન્સ કોર્ષ દ્વારા જે કંઈ ફંડ એકત્રિત થાય તે બધાનો વહીવટ તથા તેને સેવાકીય પ્રવૃતિમાં કેવી રીતે ઉપયોગ કરવામાં આવે છે. તે નકકી કરે છે તેમજ ટ્રસ્ટની અંદર સંસ્કૃત વિદ્યાપીઠોનો સમાવેશ થાય છે. જે લોકોને ભારતીય સંસ્કૃતીના વેદો, ઉપનિષદો તથા ધાર્મિક ગ્રંથો અંગેનું જ્ઞાન પુરૂ પાડે છે.

**૩.	વિસ્તા ઈન્ડીયા ટ્રસ્ટ :**

જે ગામડાની અને શહેરોની અશિક્ષિત અને ગરીબ સ્ત્રીઓ છે તેને એક જગ્યા એ એકત્રીત કરીને ત્યાં તેઓને સીલાઈકામ, મીણબતી બનાવવી, અગરબતીઓ બનાવવા તથા ઘરે કંઈ કામ થઈ શકે તે બધુ શીખવાડવાનું કાર્ય કરાવવામાં આવે છે. આમ આ ટ્રસ્ટ દ્વારા સ્ત્રી સશકિતકરણના કાર્યક્રમો ચલાવવામાં આવે છે.

**૪.	રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ :**

ગામડાનાં યુવાનો જેઓ આગળ ભણી નથી શકયા તથા યુવાનો જે કાંઈ પણ કાર્ય નથી કરતા તેવા લોકોને સુથારી કામ, રંગકામ, તથા ઈલેકટ્રીક ફિટિંગ તેમજ કન્સ્ટ્રકશન જેવા અનેક વોકેશનલ ગાઈન્ડસના કોર્ષ કરાવીને આ યુવાનો પગભર થઈ આગળ વધે અને પોતાના આજીવિકા ચલાવે તેવો હેતુ છે.

**૫.	વાય એલ ટી પી ટ્રસ્ટ :**

યુથ એમ્પાવર ટ્રેનીંગ પ્રોગ્રામ જેમાં યુવાનોને નેતૃત્વની તાલીમ આપી તૈયાર કરી શિક્ષક બનાવીને ગામમાં આરોગ્યના જાગૃતતા અભિયાન તથા ગર્વમેન્ટ સ્કીમનો ગામના લોકોને ખ્યાલ ન હોય તેના વિશે માહિતગાર કરીને કેવી રીતે લાભ લઈ શકાય તે અંગેનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. સજીવ ખેતી, સંડાસ બનાવવા તથા ગામડાના બાળકોને ભણાવવાનું પણ કાર્ય આ યુવાચાર્યો કરતા હોય છે. આ ટ્રસ્ટમાં ગવર્મેન્ટ ગ્રાન્ટ આપે છે

તથા ઘણા લોકો પોતાની આજીવિકાના ૨ ટકા કે ૫ ટકા જેવું દાન આપતા હોય છે.

### ૬. શ્રી શ્રી સેવા મંદિર ટ્રસ્ટ :

જેમાં શહેરમાં કે ગામમાં જે લોકો પોતાના બાળકોને શિક્ષણ આપી શકતા નથી તથા તેઓને જીવનજરૂરી વસ્તુઓ આપી શકતા નથી. તે બધી જ વસ્તુઓ આ ટ્રસ્ટ બાળકોને બ્રસ, પેસ્ટ, કાંસકાથી લઈને સ્લીપર અને ચંપલ પણ આપે છે. શ્રી શ્રી સેવા મંદિર અમદાવાદમાં તથા ધારાવીમાં તેમજ બેંગ્લોરમાં ૮૫૦ થી પણ વધારે બાળકો આ ટ્રસ્ટ અંતર્ગત અભ્યાસ કરી રહ્યા છે. આ ટ્રસ્ટમાં પણ ફંડ ગવર્મેન્ટ તથા સંસ્થાના કાર્યકરો જુદા જુદા સંગીતના કાર્યક્રમો કરીને કે મિઠાઈઓ બનાવીને વેચીને જે ફંડ એકત્રીત થાય તે આ પ્રકારના સેવા મંદિરમાં ભણતા બાળકો માટે વપરાય છે.

### ૭. શ્રી શ્રી ટ્રાઈબલ વેલફેર પ્રોજેકટ ટ્રસ્ટ :

આ ટ્રસ્ટ આદીવાસીઓ તેમજ વંચીત વર્ગ માટે કામ કરતું ટ્રસ્ટ છે. જેમાં ગવર્મેન્ટ સહાય મેળવીને તેમાં સ્કૂલ ચલાવવાનું તેમજ મોબાઈલ ડીસ્પેન્સરી વાન જેમાં લોકો હરતું ફરતું દવાખાનું કરીને દવાઓ આપવાનું કાર્ય કરવામાં આવે છે.

આમ જુદા જુદા ટ્રસ્ટો જુદી જુદી રીતે ફંડ એકઠું કરીને વિવિધ પ્રવૃતિમાં વાપરવામાં આવે છે. આ સંસ્થાની જે પણ બુકસ કે સીડી કે કેસેટ લોકો વાપરે છે તેના મૂલ્યનો ઉપયોગ સેવા કાર્યોમાં કરે છે.

આ સંસ્થાના આયોજકો ટ્રસ્ટીઓમાં જુદા જુદા એરીયાના ટ્રસ્ટીઓ જોવા મળે છે. જેમકે એક દિલ્હીના હોય તો એક કલકતાના તો એક ગુજરાતના તેમજ એક બેંગ્લોરના સ્વામીજી હોય. બધા જ લોકોનો કાર્ય કાળ ૩ વર્ષનો હોય છે. ૩ વર્ષ પછી આપો આપ ટ્રસ્ટીઓ બદલાય જાય છે. અને નવા ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવે છે.

આ સંસ્થાઓને ગવર્મેન્ટ તરફથી ગ્રાન્ટ તથા ગવર્મેન્ટ પ્રોજેકટમાં કાર્ય કરીને કે સ્ટ્રેસ ફ્રી ટ્રેનીંગ પુરી પાડીને ફંડ એકત્રીત કરવામાં આવે છે. દરેક શિક્ષકો એ જે શિબિરમાં ફંડ

એકત્રીત થાય તે ત્યાંની લોકલ ઓફિસમાં જમા થાય અને તે બેંગ્લોર ખાતે જમા થયા બાદ ત્યાંથી સેવા કાર્યમાં આ ફંડ વાપરવામાં આવે છે.

વ્યકિતવિકાસ કેન્દ્ર ઈન્ડીયાની અલગ અલગ ઓફિસ ચાર મેઈન ઝોનમાં જોવા મળે છે. તથા દરેક રાજ્યમાં એના મહાનગરમાં ઓફિસ હોય છે. જે નીચેના ચાર્ટમાં દર્શાવવામાં આવ્યુ છે.

આગળ દર્શાવેલ ચાર્ટમાં દર્શાવ્યા મુજબ, વ્યકિતવિકાસ કેન્દ્ર ઈન્ડિયાના ચાર મુખ્ય ઝોનમાં જુદા જુદા રાજ્યોને વિભાજીત કરવામાં આવ્યા છે. અને તેના દ્વારા વિવિધ કોર્ષની પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે. મુખ્ય ઝોનની અંદર દરેક રાજ્યના મુખ્ય પાટનગરમાં તેની વડી કચેરી હોય છે અને તેના નેજા હેઠળ મોટાભાગના જિલ્લાઓના વડા મથકોમાં તેની કચેરીઓ આવેલી હોય છે. જે તે જિલ્લા તથા તાલુકા મથકો અને ગ્રામીણ કક્ષાએ વિવિધ કાર્યક્રમો ચલાવે છે.

## ચાર્ટ : ૧

**વ્યક્તિ વિકાસ કેન્દ્ર ઈન્ડિયા**

| નોર્થ એપેક્ષ બોડી | ગુજરાત એપેક્ષ બોડી | મહારાષ્ટ્ર એપેક્ષ બોડી | સાઉથ એપેક્ષ બોડી |
|---|---|---|---|
| (૧) દિલ્હી | (૧) અમદાવાદ | (૧) મુંબઇ | (૧) કર્ણાટક |
| (૨) ઉતરાંચલ | (૨) સુરત | (૨) પૂને | (૨) કેરાલા |
| (૩) આગ્રા | (૩) વડોદરા | (૩) નાસિક | (૩) તામીલનાડુ |
| (૪) હરિયાણા | (૪) રાજકોટ | (૪) ગોવા | (૪) આંધ્રપ્રદેશ |
| (૫) ફલીદાબાદ | (૫) ભાવનગર | | (૫) ઓરિસ્સા |
| (૬) ગાઝીયાબાદ | (૬) જામનગર | | |
| (૭) ગુરગાંવ | (૭) અમરેલી | | |
| (૮) પંજાબ | | | |
| (૯) હિમાચલ પ્રદેશ | | | |
| (૧૦) જમ્મુ કાશ્મીર | | | |

વિવિધ કાર્યક્રમો, શિબિરો અને પ્રવૃતિઓ માટે ચાર પ્રકારના લોકો વિવિધ ટ્રસ્ટો હેઠળની પ્રવૃતિઓ કરે છે. જે નીચેના ચાર્ટમાં દર્શાવવામાં આવ્યુ છે.

ઋષિ જે આ સંસ્થા જ્ઞાન સત્સંગ પ્રસાર કરવાનું કાર્ય કરે છે. વધુ ને વધુ લોકો જ્ઞાન સાથે જોડાય અને જીવનને એક સુંદર ઉત્સવ બનાવવા માટે હજારો-લાખો ભકતજનો/સમર્પિત લોકોને એકત્રીત કરી માસ મૂવમેન્ટનું કાર્ય કરે છે જેમ કે આ સંસ્થા UNFPA જેની સ્ત્રીની સંખ્યા ઓછી થઈ રહી છે તેના માટે સંયુકત રાષ્ટ્રસંઘ સાથે કામ કરે છે. અને ઋષીજીઓ

## ચાર્ટ : ૨

## આર્ટ ઑફ લિવીંગનું રચનાતંત્રીય માળખું

**શ્રી શ્રી રવિશંકરજી (પ્રણેતા)**

ઋષિજીઓ
(૧) ઋષિ નિત્યપ્રસાદજી
(૨) ઋષિ વિદ્યાધરજી

સ્વામીજીઓ (૨૨)
(૧) સ્વામી સદ્યોજાતાજી
(૨) સ્વામી પ્રસપાદજી
(૩) સ્વામી વિષ્ણુપાદજી
(૪) સ્વામી શિવચેતન્યજી
(૫) સ્વામી શિવપાદ્જી
(૬) સ્વામી સુંખચેતન્યજી
(૭) સ્વામી બ્રહ્મતેજજી

શિક્ષકો (૩૦૦૦)
(૧) બેઝીક કોર્ષના શિક્ષકો
(૨) આર્ટ ઑફ લિવીંગના શિક્ષકો
(૩) યશ કોષના શિક્ષકો
(૪) યશ+ કોશના શિક્ષકો
(૫) નવચેતનાના શિક્ષકો
(૬) બ્લેશીંગ કોર્ષના શિક્ષકો
(૭) એડવાન્સ કોર્ષના શિક્ષકો
(૮) દિવ્ય સમાજનું નીમર્ણ કોર્ષના શિક્ષકો
(૯) ગુરુપૂજા કોર્ષના શિક્ષકો
(૧૦) વૈદિક મેથ્સ કોર્ષના શિક્ષક
(૧૧) વાય.એલ.ટી.પી. યુથ લિડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ
(૧૨) શ્રીશ્રી યોગા કોર્ષ
(૧૩) શ્રીશ્રી સંસ્કાર કેન્દ્ર શિક્ષકો
(૧૪) શ્રીશ્રી એગ્રીકલ્ચરના શિક્ષકો
(૧૫) સહજ સમાધી કોર્ષના શિક્ષકો
(૧૬) ગવમેન્ટ કોર્ષના શિક્ષકો
(૧૭) કોર્પોરેટ કોર્ષના શિક્ષકો
(૧૮) ટીચર્સ ટ્રેઈનીંગ કોર્ષના શિક્ષકો

આયોજકો

સમર્પિત લોકો

દરેક નાના-મોટા શહેરોમાં જઈને સ્ત્રીભૃણ હત્યા વિશેનો જાગૃતિ અભિયાન ચલાવે છે. તથા ઘણા પર્યાવરણ માટે નવા વૃક્ષો વાવવા તથા તેની જાગૃતિ માટેનું કાર્ય કરે છે.

ઋષિજીઓ મોટા પ્રમાણમાં લોકો એકત્રીત કરી ગહન ધ્યાન સાધના સાથે તે લોકોના રોજબરોજના પ્રશ્નોની ચર્ચા  તેમજ કેવી રીતે સરળ સહજ જીવન જીવી  શકે તે માટે તથા લોકોની સમસ્યાનો ઉકેલ આપતા પ્રશ્નોતરીઓ કરે છે.

આર્ટ ઓફ લિવીંગની શિબિરના ડાયરેકટર તરીકેની સેવા બજાવી રહ્યા છે. ભારતમાં જ નહિ પણ ૭૦ થી વધુ દેશોમાં આ બંને ઋષિજીઓ એ જ્ઞાનનો પ્રચાર કરે છે. જેમાં મુખ્યત્વે પાર્લમેન્ટ ઓફ વર્લ્ડ રિલિજન્સ, કેપટાઉન, સાઉથ આફ્રિકા ૧૯૯૪, યુ.એન. મિલેનિયમ પીસ સમેટ ન્યુયોર્ક ૨૦૦૨, ધ ગ્લોબલ રિલીજીયસ કોન્ફરન્સ ન્યુજર્સી ૨૦૦૩ વગેરેમાં આ સંસ્થાના રીપ્રેન્ટેટીવ તરીકે હાજર રહી કી નોટ સ્પીકર તરીકે પણ પ્રવચનો આપ્યા છે.

o **સ્વામીજીઓ :**

આર્ટ ઓફ લિવીંગની આશ્રમની મુખ્ય જવાબદારીઓ સ્વામીજીઓ સંભાળે છે. જેણે પોતાનું જીવન આર્ટ ઓફ લિવીંગમાં સમર્પિત કરેલ છે. તથા તેઓ બ્રહ્મચર્ય જીવન જીવે  છે.

**સ્વામી સુખ ચેતન્યજી** એ ૨૮ વર્ષની નાની વયે સ્વામીજી બન્યા અને આજે કેનેડાનો આશ્રમ સંભાળી રહ્યા છે. તથા નોર્થ અને સાઉથ અમેરિકામાં ઘણા શહેરોમાં ફરીને આર્ટ ઓફ લિવીંગના જ્ઞાનનો સંસ્થાનો પ્રચાર કરી રહ્યા છે.

**સ્વામી પ્રજ્ઞપાદજી** જે આઈ.આઈ.ટી. ના એક ગ્રેજ્યુએટ છે. તે પણ એકદમ યુવાન યંગ અને ડાયનેમિક વ્યકિતત્વ ધરાવે છે. જે બેંગ્લોર આશ્રમમાં વિશાલાક્ષી મેડીટેશન હોલ બિલ્ડીંગનું કાર્ય એકલે હાથે બીજા ઇજનેર તથા ટીમના સુપર વાઈજર તરીકે કાર્ય કરતા હતા. સ્વામીજી હિલીંગ બ્રેથવર્ક શોપના શિક્ષક પણ છે.

**સ્વામી સધ્યોનીતાજી** નો જન્મ કેરલામાં એક કોમ્યુનિષ્ટ પરિવારમાંથી થયો હતો. એક રાજાના પુત્ર તરીકે જીવન જીવતા હતા. સ્વામી સધ્યોનીતાજી આર્ટ ઓફ લિવીંગના તમામ શિક્ષકોને આંતર દેશીય તેમજ આંતર રાષ્ટ્રીય સ્તરે કયાં મોકલવા તે નકકી કરે છે.

**સ્વામી બ્રહ્મતેજજી :**

સ્વામી  બ્રહ્મતેજજીનું વ્યકિતત્વ ખૂબજ સરળ છે. તે આર્ટ ઓફ લિવીંગના પ્રથમ એડવાન્સ કોર્ષના શિક્ષક હતા. શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર તેમજ શ્રી શ્રી સેવા મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી પણ છે. આર્ટ ઓફ લિવિંગની શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કરવાની મુખ્ય જવાબદારી તેમની પાસે છે. તથા શ્રી શ્રી યુનિવર્સિટી જે ઔરીસ્સામાં બનવા જઈ રહી છે તેનું મુખ્યત્વે કાર્યભાર સ્વામી બ્રહ્મતેજજી સંભાળી રહ્યા છે.

સ્વામી શિવ ચૈત્યજી :

સ્વામી શિવ ચૈત્યજી એ ખૂબજ નાની વયે ૨૩-૨૪ વર્ષે સ્વામી બન્યા ગુજરાત ખાતે બસર આશ્રમના શ્રી શ્રી ગુજરાત આશ્રમનું કાર્યભાર સંભાળી રહ્યા છે. તેમનો સંસ્કૃત ઉપરનો અભ્યાસ અને તેની આગવી પ્રતિભાથી ગુજરાતમાં સંસ્કૃત અભ્યાસક્રમો પણ થોડા સમયમાં શ્રી શ્રી ગુજરાત આશ્રમમાં ચાલુ થવાના છે.

આ ઉપરાંત વિવિધ ૧૭ પ્રકારના કોર્ષ માટે સમગ્ર ભારતમાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૩૦૦૦ થી વધુ શિક્ષકો કાર્યરત છે. અને તે શિક્ષકોને તૈયાર કરવાનું કાર્ય બેંગ્લોર ખાતે કરવામાં આવે છે અને જે તે કોર્ષની તાલીમ લઈને તૈયાર થયેલા શિક્ષકો એ સમગ્ર ભારતના ગામડાઓ સુધી પહોંચી સંસ્થાના ધ્યેયો અને ઉદ્દેશ્યોને પરિપૂર્ણ કરવાનું કાર્ય કરે છે.

## ૪.૫ ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં આર્ટ ઑફ લિવીંગ સંસ્થાનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો છે. જેમાં આર્ટ ઑફ લિવીંગનો ઈતિહાસ અને પરિચય, તેની આધ્યાત્મિક, સામાજિક, શૈક્ષીણક, આરોગ્ય વિષયક તથા જાહેર જીવન સાથે સંબંધિત ક્ષેત્રોની વિવિધ પ્રવૃત્તિનો પરિચય આપવામાં આવ્યો છે. તેમજ તેના રચનાતંત્રીય  માળખું, તેના વિવિધ વિભાગો અને જુદા જુદા સ્તરના લોકોના કાર્યો વિશેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.

# પ્રકરણ-૫

## વ્યકિત, કૌટુંબિક માહિતીનું વર્ગીકરણ

૫.૧ પ્રસ્તાવના

૫.૨ ઉત્તરદાતાની વ્યકિતગત માહિતી

૫.૩ ઉત્તરદાતાની કૌટુંબિક માહિતી

૫.૪ ઉપસંહાર

## પ્રકરણ-૫

## વ્યકિત, કૌટુંબિક માહિતીનું વર્ગીકરણ

### ૫.૧ પ્રસ્તાવના :

પ્રસ્તુત અભ્યાસ રાજકોટ જિલ્લામાં A.O.L. માં ભાગ લીધેલા બેઝીક કોર્ષ કરેલાં લોકોના સંદર્ભમાં કરવામાં આવેલ છે. તે સંદર્ભમાં સંશોધનના અભ્યાસ એકમ તરીકે પસંદ કરેલા ઉત્તરદાતાઓની કૌટુંબિક માહિતી તેમજ સમાજ જીવન અને વૈવાહિક દરરજો, શૈક્ષણિક દરજ્જો, વ્યવસાય તેમજ કૌટુંબિક માહિતી તેમજ સમાજ-જીવનની માહિતીની પૃષ્ઠભૂમિકા ન જાણીએ ત્યાં સુધી અભ્યાસ અધૂરો રહે છે. ઉત્તરદાતાની વ્યકિતગત કે કૌટુંબિક માહિતી તેમજ અન્ય માહિતી પ્રાપ્ત કરવામાં તે ઉપયોગી બને છે.

સંશોધન અભ્યાસમાં ઉત્તરદાતાઓ સંશોધનનો પાયો ગણાય છે. જેવી રીતે મકાનની મજબૂતાઈ અને મકાનના આયુષ્યનો આધાર મકાનનો પાયો કેવો મજબૂત છે તેના ઉપર રહેલો હોય છે. તેવી જ રીતે સંશોધક ઉત્તરદાતાઓ સાથે જેટલું સાયુજ્ય સ્થાપીને, આત્મીયતા કેળવીને કે વિશ્વાસ સંપાદન કરીને સંશોધન માટે જરૂરી માહિતી એકત્ર કરી સંશોધન ક્ષેત્રે નવા સિદ્ધાંતો સ્થાપિત કરી શકે છે.

### ૫.૨ ઉત્તરદાતાની વ્યકિતગત માહિતી :

પ્રસ્તુત પ્રકરણમાં ઉત્તરદાતાની વ્યકિતગત સમાજજીવન અને આર્થિક જીવન અંગેની માહિતીને સમાવિષ્ટ કરવામાં આવી છે. આ માહિતીમાં ઉત્તરદાતાનું ગામ, તાલુકો, જિલ્લો, વય, જ્ઞાતિ, વૈવાહિક દરજ્જો, શૈક્ષણિક દરજ્જો,વ્યવસાય વિગેરેની માહિતી (જાણી તેની અસર ઉત્તરદાતાની જીવનશૈલી ઉપર કેવી પડે છે) તે એકત્રીત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ઉત્તરદાતાએ સંશોધનનો મૂળ પાયો છે. આથી ઉત્તરદાતા પાસેથી સંશોધન અંગેની પાયાની માહિતી એકત્ર કરવામાં આવે છે. જયારે પણ સામાજિક વિજ્ઞાનોમાં

સંશોધન કાર્ય શરૂ કરવામાં આવે ત્યારે સંશોધનના વિષયને અનુરૂપ ઉત્તરદાતા પસંદ કરવામાં આવે છે. અને આ ઉત્તરદાતાઓ દ્વારા જ માહિતી પ્રાપ્ત થતી હોય છે. આ સમગ્ર સંશોધન દરમિયાન કુલ ૨૫૦ ઉત્તરદાતાઓ સાથે ચર્ચા કરી માહિતી મેળવવાનો પ્રયાસ કરેલ છે.

સંશોધનનો મુખ્ય આધાર સંશોધકની ચપળતા, વૈજ્ઞાનિક કલ્પના શકિત, મનોવલણ અને ઉત્તરદાતાઓ સાથે સાયુજ્ય સ્થાપિત કરવાની કુનેહ અને સફળતામાં રહેલી છે. જેનાથી સંશોધનમાં આધારશીલા સમાન માહિતી પ્રાપ્ત થઈ શકે.

### ૫.૨.૧ ઉત્તરદાતાનું વયજુથ :

વયજુથ પ્રમાણે વ્યકિતના વલણો, માન્યતાઓ અને વર્તનનો સમજી શકાય છે. જુદી-જુદી વયજુથના લોકોમાં વર્તન, વ્યવહારો, વલણો તેમની જીવનશૈલી પ્રમાણે અલગ-અલગ હોય છે. પ્રૌઢ વયની વ્યકિત અને યુવાન વયની વ્યકિતના મનોવલણો પણ અલગ-અલગ હોય છે. જુદી-જુદી જ્ઞાતિની અને જુદા-જુદા ધર્મની અને જુદા-જુદા વયજૂથની અસર જુદી-જુદી પડતી હોય છે. આથી પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ કઈ-કઈ વયજુથના છે તેને તપાસવામાં આવ્યું છે. ભિન્ન ભિન્ન વયજુથના ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવી છે.

પ્રસ્તુત અભ્યાસએ ધર્મના સમાજશાસ્ત્રના ભાગરૂપે આર્ટ ઓફ લિવીંગની પ્રવૃતિ અંગેનો સમાજશાસ્ત્રીય અભ્યાસ હોય જેમાં જુદી જુદી ઉમરના ઉતરદાતાઓનો અભ્યાસ એટલા માટે આવશ્યક છે કે A.O. L. માં જોડાયેલ ઉતરદાતાઓની ઉમર પ્રમાણે આ સંપ્રદાયની અસરો પણ તેની શારીરિક, સામાજીક, માનસિક તેમજ અન્ય પાસાઓને સ્પર્શે છે. પ્રસ્તુત અભ્યાસમાં ઉતરદાતાઓ ૧૫ થી ૬૦ વર્ષ ઉમરના ઉતરદાતાઓની પસંદગી કરવામાં આવી છે.

ઉમરના આધારે કરવામાં આવેલ વર્ગીકરણ કોષ્ટક નં. ૫.૧માં દર્શાવવામાં આવેલ છે.

## કોષ્ટક નં. ૫.૧

## ઉત્તરદાતાનું વયજૂથ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વયજૂથ | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૧૫ થી ૨૫ | ૩૧ | ૧૨.૪% |
| ૨ | ૨૬ થી ૫૦ | ૧૭૬ | ૭૦.૪% |
| ૩ | ૫૧ થી ૬૦ | ૩૩ | ૧૩.૨% |
| ૪ | ૬૦ થી વધારે | ૧૦ | ૪% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

તેમજ ગ્રાફના આધારે સ્પષ્ટ થાય છે કે જુદી જુદી પ્રવૃતિઓમાં સામેલ ઉતરદાતાઓ જે ૧૫-૨૫ની ઉમર ધરાવતા ઉતરદાતાઓની કુલ ટકાવારી ૧૨.૪ ટકા છે. જ્યારે ૨૬ થી ૫૦ના ગ્રુપના ઉતરદાતાઓનો પણ સમાવેશ થયેલો છે જેની ટકાવારી છે ૭૦.૪ ટકા છે. જે સૌથી વધારે જોવા મળી છે. જ્યારે ૫૧ થી ૬૦ની ઉંમર ધરાવતા ઉતરદાતાઓની ટકાવારી ૧૩.૨ ટકા છે. જ્યારે ૬૦ થી ઉપરની ઉમર ધરાવતા ઉતરદાતાની સંખ્યા સૌથી ઓછી એટલે કે ૪ ટકા રહેવા પામી છે.

આ પ્રકારે A.O.L. માં જોડાયેલ ઉતરદાતાઓમાં ૨૬ થી ૫૦ ની ઉમર ધરાવતા ઉતરદાતાઓ સૌથી વધારે જોવા મળેલ છે.

જેના પાછળનું મહત્વનું કારણ એ છે કે આ ઉમરના ઉતરદાતાઓ જેઓ કામકાજ કરે છે. જેવો તનાવ અનુભવે છે. જેના માટે આ પ્રવૃતિ ખૂબ જ આવશ્યક જણાય છે.

## ૫.૨.૨ ઉત્તરદાતાઓનું વતન :

પ્રસ્તુત અભ્યાસમાં ઉતરદાતાઓએ જુદા જુદા ગ્રામ તાલુકામાં શહેરમાં વસવાટ કરે છે.

સૌરાષ્ટ્ર તેમજ કચ્છમાં વસવાટ કરે છે. જેવો એ A.O.L. ના જુદા જુદા કોર્ષ તેમજ પ્રવૃતિઓ કરે છે. રાજકોટ એ સૌરાષ્ટ્રનું મુખ્ય શહેર હોય જેથી કરીને આજુબાજુના વિસ્તારના લોકો તેમજ નાના શહેરો જેમ કે અમરેલી, જામનગર, તેમજ ભરૂચ જિલ્લાના ઉતરદાતાઓએ રાજકોટમાં A.O.L. ની વિવિધ પ્રવૃતિઓમાં તેમજ કોર્ષનો લાભ લીધો હોય જેની વિગત નીચે દર્શાવિલ કોષ્ટકમાં આપવામાં આવે છે.

**કોષ્ટક નં. ૫.૨**

**ઉત્તરદાતાની વતનની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | જિલ્લો | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૨૩૧ | ૯૨.૪% |
| ૨ | અમરેલી | ૫ | ૨% |
| ૩ | જામનગર | ૯ | ૩.૬% |
| ૪ | ભરૂચ | ૫ | ૨% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક જોતા જાણાય છે કે મોટા ભાગના ઉતરદાતાઓ રાજકોટ શહેરના જોવા મળેલ છે. જેની ટકાવારી ૯૨.૪ ટકા છે. જયારે અન્ય શહેરોમાં અમરેલીથી રાજકોટ આવીને આ પ્રવૃતિમાં ભાગ લેનારની ટકાવારી ૨ ટકા રહી છે. જામનગર જીલ્લાના ઉતરદાતાઓની ટકાવારી ૩.૬ છે. જયારે ભરૂચ જીલ્લાના ઉતરદાતાઓની ટકાવારી ૨ ટકા રહી છે.

પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ શહેરમાં A.O.L. ની જે શિબિરો ચાલતી હતી શિબિરાર્થીઓને ઉતરદાતાઓ તરીકે પસંદ કરેલ હોઈ રાજકોટ શહેર તથા જિલ્લાના ઉતરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળ્યું છે. પરંતુ આ પ્રવૃતિ અન્ય શહેરો કે જિલ્લાઓમાં પણ ચાલતી હોવાથી સૌરાષ્ટ્ર અને ગુજરાતના અન્ય જિલ્લાઓમાં ઉતરદાતાઓ પણ આ શિબિરમાં જોડાયેલા જોવા મળ્યા છે.

ઉપરોકત વર્ગીકરણની ચર્ચા કર્યા મુજબ સૌથી વધુ ઉતરદાતા રાજકોટ જિલ્લાના છે. રાજકોટ જિલ્લાએ તાલુકાઓ ધરાવે છે.

## ૫.૨.૩ ઉત્તરદાતાની જ્ઞાતિ દર્શાવતું વર્ગીકરણ :

જ્ઞાતિ એ આમાનીય જૂથ છે. જ્ઞાતિનું સભ્યપદ તેના સર્જનો પૂરતું મર્યાદિત છે. જે જ્ઞાતિમાં જન્મેલ બધા જ માણસો આપોઆપ જ્ઞાતિના સભ્યો બને છે. જ્ઞાતિના વ્યવસાય મહદ્ અંશે પરંપરાગત હોય છે. જ્ઞાતિનું સ્થાનક કોટીક્રમમાં સ્થાન નિશ્ચિત હોય છે. જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેના સમંધોમાં પણ જ્ઞાતિનું મહત્વ આંકવામાં આવે છે. સૌરાષ્ટ્ર વિસ્તાર એ અન્યપ્રદેશની સરખામણીમાં રૂઢિચુસ્ત જોવા મળે છે.

વિકાસની દષ્ટિએ સૌરાષ્ટ્ર પ્રદેશનો વિકાસ ધીમો રહ્યો છે. પરંતુ ધાર્મિક સંપ્રદાયો તેમજ ધાર્મિક પ્રવૃતિનું પ્રમાણ સૌરાષ્ટ્રમાં અન્ય રાજ્યો જેવા કે કેરલ, મહારાષ્ટ્રની સમકક્ષ રહ્યો છે.

પ્રસ્તુત અભ્યાસમાં જ્ઞાતિ અને સંપ્રદાયનો નજીકનો સંબંધ છે. સામાન્ય રીતે ઉચ્ચ, મધ્યમ, જ્ઞાતિઓમાં ધર્મનું સમાન મહત્વ છે. નિમ્ન જ્ઞાતિઓમાં તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ધર્મોનું પ્રમાણ વધુ જોવા મળે છે. માટે જ અભ્યાસમાં કંઈ જ્ઞાતિના કયા સ્તરના લોકો આ પ્રવૃતિમાં જોડાય છે તે જાણવું એટલું જ આવશ્યક છે.

## કોષ્ટક નં. ૫.૩

## ઉત્તરદાતાની જ્ઞાતિનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ઉત્તરદાતાની જ્ઞાતિ | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ઉચ્ચ | ૧૪૩ | ૫૭.૨% |
| ૨ | મધ્યમ | ૫૧ | ૨૦.૪% |
| ૩ | બક્ષીપંચ | ૩૧ | ૧૨.૪% |
| ૪ | અનુસુચિત જાતિ | ૯ | ૩.૬% |
| ૫ | અનુસૂચિત જનજાતિ | ૧૬ | ૬.૪% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકમાં જોતા જાણાય છે કે ઉચ્ચ જ્ઞાતિના ઉતરદાતાઓ કુલ ટકાવારી સૌથી વધારે એટલે કે ૫૭.૨ ટકા રહી છે. જયારે મધ્યમ જ્ઞાતિમાંથી આવતા ઉતરદાતાની કુલ ટકાવારી ૨૦.૪ રહી છે. બક્ષીપંચના ઉતરદાતાઓની ટકાવારી ૧૨.૪ જોવા મળી છે. જયારે એસ.સી. અનુસૂચિત જાતિના ઉતરદાતાઓની ટકાવારી ૩.૬ જેનું પ્રમાણ સૌથી ઓછુ રહ્યું છે. જયારે અનુસૂચિત જનજાતિની ટકાવારી ૬.૪ રહી છે.

આ પ્રકારે અભ્યાસમાં કુલ ૨૫૦ ઉતરદાતાઓમાં સૌથી વધારે ઉચ્ચજ્ઞાતિઓની ઉતરદાતાઓની સંખ્યા ૧૪૩ જોવા મળી છે. ઉપલી જ્ઞાતિમાં વાણીયા, બ્રાહ્મણ, લોહાણા અને પટેલ, ઉતરદાતાઓ જોવા મળ્યા છે મધ્યમ જ્ઞાતિઓમાં રાજપૂત, બક્ષીપંચ, જ્ઞાતિસમૂહો તથા વ્યાવસાયિક જ્ઞાતિઓ જેવી કે કુંભાર, આહિર, પ્રજાપતિ, સાધુ, જયારે નિમ્ન જ્ઞાતિમાં અનુસુચિત જાતિના સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં અનુસૂચિત જનજાતિની વસ્તી ઓછી હોવાથી તેમનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે. આમ પ્રસ્તુત અભ્યાસમાં મોટાભાગે ઉપલી મધ્યમ અને બક્ષીપંચના ઉતરદાતાઓ સૌથી વધુ છે. અર્થાત

તેઓને સામાજિક, આર્થિક બાબતોના સંદર્ભમાં સૌથી વધુ પ્રશ્નો હોય છે તેઓ વધુ માનસિક તંગદિલી/તનાવ અનુભવે છે તેમાંથી મુકિત મેળવવા માટે યોગ, ધ્યાનની વિવિધ પ્રવૃતિઓમાં જોડાયેલા જોવા મળ્યા છે.

### ૫.૨.૪ ઉત્તરદાતાનો ધર્મ :

ધર્મ શબ્દનો અર્થ ફરજ પણ થાય છે. જે તે ધર્મના અનુયાયીઓ ધર્મના નિયમો પ્રમાણે વર્તે એ સૂર સંદેશો દરેક ધર્મનો હોય છે. ધર્મના નીતિ, નિયમો, સમાજમાં શાંતિ, એખલાશ, ભાઈચારો અને સુખ-સમૃધ્ધિ નિર્માણ કરે છે. જીવન જીવવાનો યોગ્ય સંદેશો ધર્મના માધ્યમથી વ્યકિતને પ્રાપ્ત થાય છે.

ધર્મ એ અંગત બાબત છે. બિન-સાંપ્રદાયિક છે. આમ છતાં તેનો સામાજિક પ્રભાવ સમાજમાં માનવીની સુખાકારી માટે જાણીતો છે. ધર્મ એ કેટલીક પવિત્ર વસ્તુઓ અને લોકોની શ્રધ્ધા સાથે સંકળાયેલી સાંકળ છે. ધર્મ સમાજને પાપ-પૂણ્ય પવિત્ર-અપવિત્ર જેવા ખ્યાલો આપે છે.

સમાજમાં સંવાદિતા સ્થાપવાનું કાર્ય કરે છે. લોકોને પાપ અને પુણ્યની પરિભાષા દ્વારા પાપ કરતાં અટકાવે છે અને પુણ્ય કરવા માટે પ્રોત્સાહન કરવામાં આવે છે. ઘણા ધાર્મિક વિધિનું સમાજમાં સુગ્રથન લાવવાનું કાર્ય હોય છે. આ દરેક ધર્મ માનવ સમાજને ટકાવી રાખવાનું કાર્ય કરે છે. ભારતીય સમાજમાં ધર્મનું મહત્વ અનેકગણું જોવા મળે છે. ભારતીય સામાજીક સંસ્થાઓના અભ્યાસમાં પણ ભારતનાં ધાર્મિક જૂથનો પરિચય મહત્વનો બની રહે છે. સામાજીક જીવનમાં દરેક ક્ષેત્રોમાં ધર્મની ઓછી વતી અસરો જોવા મળે છે. ધર્મની અસર સામાજીક વલણો અને વિચારો ઉપર પણ જોવા મળે છે. ધર્મના કારણે વ્યકિતમાં રૂઢિવાદી કે ભાગ્યવાદી વલણ પણ વિકસતું હોય છે. કયારેક તેની નકારાત્મક અસર વૈજ્ઞાનિક વિકાસમાં અવરોધ પણ પેદા કરે છે. ભારતમાં ધર્મનું પરિબળ જ્ઞાતિ, કુટુંબ, લગ્ન અને સ્ત્રીના દરજ્જાને અસર કરે છે.

આ સંપ્રદાય હિંદુ ધર્મના મૂલ્યો સાથે જોડાયેલો હોવાના કારણે ધર્મના આધારે પણ વર્ગીકરણ કરવામાં આવ્યુ છે. જેની વિગત નીચેના કોષ્ટકમાં જોવા મળી છે.

**કોષ્ટક નં. ૫.૪**

**ઉત્તરદાતાના ધર્મ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | ઉત્તરદાતાનો ધર્મ | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હિન્દુ | ૨૪૭ | ૯૮.૮% |
| ૨ | મુસ્લિમ | ૦૦ | ૦૦ |
| ૩ | ખ્રિસ્તી | ૦૦ | ૦૦ |
| ૪ | અન્ય | ૦૩ | ૧.૨ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

પરંતુ ભારતના અન્ય રાજ્યોમાં ખ્રિસ્તી, મુસ્લિમ, પારસી સમુદાયના લોકો પણ આ પ્રવૃતિમાં જોડાયેલા જોવા મળે છે.

ઉપરોકત કોષ્ટક જોતા હિન્દુ ધર્મનાં ઉતરદાતાઓ સૌથી વધારે ૨૪૭ ની સંખ્યા ધરાવે છે. જેની કુલ ટકાવારી ૯૮.૮ જોવા મળી છે. જયારે અન્ય ધર્મના ઉતરદાતાઓ જેમાં જૈન, શિખ ધર્મના ઉતરદાતાઓ પણ જોવા મળેલ છે. જેની ટકાવારી ૧.૨ ટકા છે. મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, ધર્મના એક પણ ઉતરદાતા અભ્યાસમાં જોવા મળ્યા નથી.

### ૫.૨.૫ ઉત્તરદાતાઓની ભાષા :

ભારતમાં ઘણી જ ભાષાઓ બોલાય છે. જેમાં મુખ્યત્વે હિન્દી, અંગ્રેજી અને અન્ય પ્રાંતની પ્રાંતિય ભાષાઓ જોવા મળે છે. અહીં ઉત્તરદાતાઓ ગુજરાતના સૌરાષ્ટ્રના રાજકોટ શહેરની આસપાસના તથા ત્યાનાં લોકોની ભાષા ગુજરાતી મુખ્યત્વે બોલતા જોવા મળે છે.

રાજકોટમાં ઉત્તરપ્રદેશ, પંજાબ અને મધ્યપ્રદેશના કેટલાક લોકો સ્થળાંતર કરીને નોકરી કે વ્યવસાયને કારણે રાજકોટ જિલ્લામાં વસવાટ કરતા જોવા મળ્યા છે જેના કારણે પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતી સિવાયની અન્ય ભાષાઓ બોલતા ઉતરદાતાઓ પણ જોવા મળ્યા છે.

**કોષ્ટક નં. ૫.૫**

**ઉત્તરદાતાની ભાષા દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | ઉત્તરદાતાની ભાષા | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૨૩૭ | ૯૪.૮% |
| ૨ | હિન્દી | ૧૧ | ૪.૪% |
| ૩ | અંગ્રેજી | ૦૦ | ૦૦ |
| ૪ | અન્ય | ૦૨ | ૦.૮% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતા ૨૫૦માં જુદી જુદી ભાષાઓ બોલતા લોકો પણ જોવા મળે છે. ગુજરાતમાં પસંદ કરેલા રાજકોટના રહેવાસીઓ ૨૩૭ એટલે કે ૯૪.૮ ટકા લોકોની ભાષા ગુજરાતી છે. જયારે હિન્દી બોલતા લોકો ૧૧.૪ ટકા એટલે કે ૧૧ લોકો જોવા મળ્યા છે. ભાષાનું એક આગવું અસ્તિત્વ તથા અન્ય ભાષા બોલતા ૨ લોકો એટલે કે ૦.૮ ટકા જોવા મળે છે.

### ૫.૨.૬ ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો :

ભારતીય સમાજ પોતાની વિશિષ્ટ અનોખી સંસ્કૃતિને કારણે વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે. અનેક પ્રખ્યાત સમાજવૈજ્ઞાનિકોનું અને ચિંતકોનું ધ્યાન ભારતની વિશિષ્ટ સંસ્કૃતિને જાણવા, સમજવા તરફ પ્રેરાયું છે. ભારતની સામાજીક સંસ્થાઓએ પણ અન્ય દેશની

સંસ્થાઓ કરતાં વિશિષ્ટ છાપ ઉપસાવી છે. કુટુંબ, ધર્મ, લગ્ન, જ્ઞાતિ અને રાજકીય સંસ્થાઓનું માળખું અભ્યાસ કરવા પ્રેરિત કરે છે. તે પૈકીની લગ્નસંસ્થાન જેમાં સંબંધો જ્ઞાતિ આધારિત જોવા મળે છે. લગ્ન સંસ્થા સમાજની એક મહત્વપૂર્ણ સંસ્થા છે. આપણી સંસ્કૃતિને જીવનશૈલીને ચાર આશ્રમોમાં વહેંચેલી છે. એ પૈકી ગૃહસ્થાશ્રમ માનવ જીવનનો સંપૂર્ણ સમય ગણી શકાય. એ સમયમાં એટલે કે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ મેળવવા માટે ભારતીય સમાજમાં 'લગ્ન' એ પ્રથમ શરત છે. ભારતીય સમાજમાં સેવા સંસ્કારોમાંથી લગ્નનો સંસ્કાર સ્ત્રીઓ માટે ફરજીયાત ગણવામાં આવે છે. સ્ત્રીઓ માટે લગ્નવિષયક ઘણા બંધનો જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં ઉતરદાતાઓનો વૈવાહિક દરજ્જો કયો છે તે નીચેના કોષ્ટકમાં દર્શાવે છે.

લગ્ન શબ્દ સંસ્કૃત શબ્દ (વિવાહ) ઉપરથી આવેલો છે. જેનો અર્થ થાય છે કે 'હંકારી જવું' વિહાર એ ઔપચારિક ધાર્મિક વિધી છે. ઉતરદાતાનો વૈવાહિક દરજ્જો પ્રસ્તુત અભ્યાસમાં ખૂબ મહત્વ ધરાવે છે. કારણ કે અહી જે ઉત્તરદાતાઓની સૌથી વધુ સંખ્યા ૨૫ થી ૫૦ની ઉંમરની રહી છે. આથી પરિણીત ઉતરદાતાઓના પ્રશ્નો અને અપરિણીત ઉત્તરદાતાઓના પ્રશ્નોમાં તફાવત જોવા મળે છે. જે અભ્યાસ દરમ્યાન જોઈ શકાય છે. A.O.L. ની પ્રવૃતિઓમાં સક્રિય રીતે ભાગ લેતા ઉત્તરદાતાઓમાં પરિણીત ઉત્તરદાતાઓનું પ્રમાણ અને અપરિણીત ઉત્તરદાતાઓનું પ્રમાણ ઉપરોકત કોષ્ટકમાં દર્શાવેલ છે.

## કોષ્ટક નં. ૫.૬

## ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | પરણિત | ૧૮૮ | ૭૫.૨% |
| ૨ | અપરણિત | ૫૧ | ૨૦.૪% |
| ૩ | છૂટાછેડા લીધેલા | ૦૧ | ૦.૪% |
| ૪ | વિધુર/વિધવા | ૧૦ | ૪% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

કુલ ઉત્તરદાતાઓમાં અપરાણીત ઉત્તરદાતાઓની કુલ ટકાવારી ૨૦.૪ છે. જયારે પરાણીત ઉત્તરદાતાઓની સંખ્યા ૧૮૮ એટલે કે ૭૫.૨ ટકા જેવી થવા પામી છે. આ ઉપરાંત છુટાછેડા કે જે ઉત્તરદાતાના થયેલા છે. તેઓની સંખ્યા ૧ એટલે કે ૦.૬ ટકાવારી છે. જયારે વિધવા કે વિધુર ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦ એટલે કે ૪ ટકા રહી છે. આમ સૌથી વધારે પરણિત ઉત્તરદાતાઓ ૨૫ થી ૪૫ વર્ષના હોય જેની સંખ્યા A.O.L. માં ૧૮૮ જોવા મળ્યા છે. જયારે ૫૧ (૨૦.૪) યુવાન, યુવતીઓ આ પ્રકારની ધાર્મિક, સામાજિક પ્રવૃતિઓમાં જોડાયેલા છે. જે દર્શાવિ છે કે આજનો યુવા વર્ગ ફકત ભૌતિકવાદ, તરફ જ દોરવાયેલા છે તેવું જોવા મળતું નથી તેઓ એટલા જ વિશ્વાસ, આધુનિકરણ શ્રદ્ધાથી ધાર્મિક પ્રવૃતિઓમાં જોડાયેલા જોવા મળ્યા છે. માટે લગ્ન વિષયક ઘણા બંધનો જોવા મળતા હોય છે.

### ૫.૨.૭ ઉત્તરદાતાનો શૈક્ષણિક દરજ્જો :

શિક્ષણરૂપી શકિત દ્વારા નારી શકિતનું પ્રગટીકરણ થાય છે. નારી માં રહેલી અથાક શકિત શિક્ષણની જ્યોત દ્વારા પ્રજ્વલિત બને છે. આથી જ કહેવાયું છે કે ''એક માતા સો

શિક્ષકની ગરજ સારે છે.'' આજના યુગમાં એ વાત સાબિત થઈ ચૂકી છે કે એક યુવક ભણે તો તે પોતે જ ભણે છે.

શિક્ષણ સમાજરૂપી કરોડરજ્જુ સમાન છે. ખરેખર શિક્ષણ દ્વારા સમાજમાં જાગૃતિ આવે છે. વ્યકિતની વિચારસરણી તથા જીવનશૈલી બદલાય છે. તેના વ્યકિતત્વનો વિકાસ થાય છે. કોઈ પણ ઘટના પ્રત્યે તેમના વલણો તથા વિચાર હકારાત્મક બને છે. જેની સીધી અસર પરિણામ પર જોવા મળે છે.

શિક્ષણ એ કોઈપણ સમાજનું પ્રતિબિંબ છે. દરેક ક્ષેત્ર કે જ્ઞાનની ક્ષીતિજોને ખુલ્લી કરી વિસ્તારે છે શિક્ષણથી માનવીની સમજાણશકિત, જાગૃતતા, સભાનતા વિકસે છે. શિક્ષણનાં કારણે વ્યકિત પોતાના જીવનમાં ઉભી થયેલી દરેક સમસ્યાને સરળતાથી નિવારી શકે છે. માનવીનું જીવન શિક્ષણ વિના અધુરૂ ગણાવી શકાય દરેકનાં જીવનમાં શિક્ષણનું મહત્વ અનેકગણું એટલા માટે છે કે સામાજીક સ્થાનને અને શિક્ષણને બહું ઘનિષ્ઠ સંબંધ છે.

શિક્ષણ શબ્દ સંસ્કૃત શબ્દ ઉપરથી બનેલો છે જેનો અર્થ થાય છે શીખવાડવું. દરેકનાં જીવનમાં શિક્ષણનું મહત્વ એટલા માટે છે કે શિક્ષણ તેને વિચારવા કે સમજવાને માટેની રીત, રહન સહનની રીત વ્યકિતગત ટેવો, મુલ્યો વગેરેને અસર કરે છે.

આર્ટ ઓફ લિવીંગનો કોર્ષ કરનાર કે પ્રવૃતિમાં સક્રિય ભાગીદારી નોંધાવનાર ઉત્તરદાતાઓનું શૈક્ષણિક સ્તર જાણવું એટલા માટે આવશ્યક છે કે આ સંપ્રદાય એક બૌદ્ધિક સ્તર ઉપર રચાયેલ છે. જેની પ્રવૃતિઓ તેમજ સેવાકીય પ્રવૃતિઓ સામાન્ય લોકોનાં પ્રશ્નો તેમજ વંચિત લોકોની સમસ્યાને સમજવા માટેના છે આથી જ ઉત્તરદાતાનું શૈક્ષણિક સ્તર અને આર્ટ ઓફ લિવીંગની પ્રવૃતિને વધુ ગહેરો સંબંધ છે !

## કોષ્ટક નં. ૫.૭

## ઉત્તરદાતાનો શૈક્ષણિક દરજ્જો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | શૈક્ષણિક દરજ્જો | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | પ્રાથમિક શિક્ષણ | ૧૦ | ૪% |
| ૨ | માધ્યમિક શિક્ષણ | ૪૩ | ૧૭.૨% |
| ૩ | માધ્યમિક શિક્ષણ | ૩૬ | ૧૪.૪% |
| ૪ | ઉચ્ચ શિક્ષણ | ૧૧૩ | ૪૫.૨% |
| ૫ | ટેકનીકલ શિક્ષણ | ૨૫ | ૧૦% |
| ૬ | પ્રોફેશનલ શિક્ષણ | ૨૩ | ૯.૨% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોકત કોઠો જોતા ઉત્તરદાતાઓનું શૈક્ષણિક સ્તર જોતા સૌથી વધારે ઉત્તરદાતાઓમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાની પદવી ધરાવતા ઉતરદાતાઓની ટકાવારી ૪૫.૨ છે. જ્યારે માધ્યમિક સુધી અભ્યાસ કરનાર ઉત્તરદાતાઓની ટકાવારી ૧૭.૨ છે. ઉચ્ચ માધ્યમિક સુધીનો અભ્યાસ કરનાર ઉત્તરદાતાઓની કુલ ટકાવારી ૧૪.૪ છે. ટેકનીકલ અને પ્રોફેશનલ પદવીઓ ધરાવતા ઉત્તરદાતાઓ ૧૯.૨ ટકા છે. પ્રાથમિક શિક્ષણ લીધેલ ઉત્તરદાતાઓની ટકાવારી ૪ ટકા છે. આમ ઉત્તરદાતાઓના જીવનમાં શિક્ષણનું મહત્વ અનેકગણું છે. ઉચ્ચ જ્ઞાતિના શિક્ષિત તેમજ ઉચ્ચ અભ્યાસ ધરાવતા ઉત્તરદાતાઓનુ પ્રમાણ વધુ જોવા મળે છે. જે દર્શાવે છે કે જ્ઞાતિ ઉંમર અને શિક્ષણનો સંબંધ ગાઢ છે. ઉચ્ચ જ્ઞાતિ કે મધ્યમ જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ વધુ છે જેમ નિમ્ન જ્ઞાતિના હોય તેમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. બીજું, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધ વ્યકિતઓમાં સામાન્ય શિક્ષણ જોવા મળે છે. જયારે યુવાનો અને પુખ્તવયની વ્યકિતઓમાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

### ૫.૨.૮ ઉત્તરદાતાઓનો વ્યાવસાયિક દરજ્જો :

માણસ એક સામાજીક પ્રાણી છે. તે પહેલાં જંગલી અવસ્થામાં જીવતો ત્યારે પોતાનું જીવન ચલાવવા માટે શિકાર કરતો, ખેતી કરતો, પશુપાલનનો ધંધો કરતો. તેનું જીવન સાદું હતું. તેની મુખ્ય ત્રણ જ જરૂરીયાતો આ વ્યવસાયમાંથી પૂર્ણ થતી જેવી કે રોટી, કપડાં અને મકાન.

આજે પણ માનવીની મુખ્ય જરૂરીયાત રોટી, કપડાં અને મકાન છે. અને તે મેળવવા માટે માનવીએ અનેકવિધ વ્યવસાય કરવા પડે છે અને વ્યવસાય અને આવકની સીધી અસર કુટુંબની જીવનશૈલી ઉપર જોવા મળે છે. જેમ કે નોકરીયાત વર્ગની જીવનશૈલી અને ધંધાદારી વર્ગની જીવનશૈલી જુદી જોવા મળશે. આવકના સ્તરના કારણે સમાજમાં ત્રણ વર્ગ જોવા મળે છે. પૈસાદાર, મધ્યમ અને ગરીબ વર્ગ.

વ્યાવસાયિક દરજ્જાની અનેકવિધ અસરો જીવનશૈલી ઉપર જોવા મળે છે. જેમ કે શિક્ષણ, કુટુંબના સભ્યોની સંખ્યા, બાળકોની સંખ્યા, વૃદ્ધોની સંખ્યા, ભૌગોલિક પરિસ્થિતિ, કુટુંબના રીત રિવાજો, તે જ રીતે ધંધાની અને આવકની ચોકકસ એક અસર જીવનશૈલી ઉપર જોવા મળે છે.

સામાન્ય રીતે ઉત્તરદાતાઓનો વ્યવસાય કે નોકરી એ કોઈપણ અભ્યાસમાં ખૂબજ મહત્વ એટલા માટે ધરાવે છે કે વ્યકિતનો વ્યવસાય કે નોકરી તેની રોજબરોજના જીવન તેમજ પ્રવૃતિ સાથે સંકળાયેલ છે. A.O.L. એક સામાન્ય પ્રવૃતિએ રોજબરોજનો તનાવ કામના ભારણ લીધે થતી મુશ્કેલીઓ માંથી વ્યકિત કઈ રીતે રાહત મેળવે તેમજ જે કોઈ આર્થિક પ્રવૃતિ જે કંઈ પ્રેરે છે તેમાં કઈ રીતે વધારે કુશળતા હાંસલ કરે એ હેતુ પણ A.O.L. નો રહ્યો છે. અહીં અભ્યાસમાં કુલ ઉત્તરદાતાઓમાં જુદા જુદા પ્રકારની નોકરી વ્યવસાયની પ્રવૃતિ, સ્ત્રી-પુરુષોને સાંકળવામાં આવ્યા છે. નીચેના કોષ્ટકમાં ઉત્તરદાતાઓની આર્થિક પ્રવૃતિ દર્શાવવામાં આવશે.

## કોષ્ટક નં. ૫.૮

## ઉત્તરદાતાનો વ્યવસાયિક દરજ્જો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વ્યવસાયનું નામ | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ખાનગી નોકરી | ૫૭ | ૨૨.૮% |
| ૨ | સરકારી નોકરી | ૨૦ | ૮% |
| ૩ | નિવૃત્ત | ૦૯ | ૩.૬% |
| ૪ | ધંધો | ૧૧૩ | ૪૫.૨% |
| ૫ | ગૃહિણી | ૫૧ | ૨૦.૪% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકમાં જોતાં AOL માં જોડાયેલ ખાનગી કંપનીમાં કાર્યરત ઉત્તરદાતાઓની ટકાવારી ૨૨.૮ રહી છે. સરકારી નોકરીમાં કાર્યરત ઉત્તરદાતાઓની સંખ્યા ૨૦ એટલે કે ૮ ટકા રહી છે જ્યારે પોતાનો સ્વતંત્ર વ્યવસાય ધરાવતા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૧૩ જેનીકુલ ટકાવારી ૪૫.૨ છે જયારે ઘર ગૃહસ્થી સંભાળનાર સ્ત્રીઓની ટકાવારી ૨૦.૪ છે. તેમજ નિવૃત ઉત્તરદાતાઓની ટકાવારી ૩.૬ ટકા છે.

ઉપરોકત બાબત જોતા સૌથી વધારે ઉત્તરદાતાઓ કેજેઓ પોતાના સ્વતંત્ર વ્યવસાયમાં જોડાયા છે. જે સૌથી વધુ છે. જયારે નોકરી કરતા ઉત્તરદાતાઓ ૩૦.૮ ટકા બીજા નંબરે છે. ગૃહિણીની સંખ્યાની દષ્ટિએ ત્રીજા નંબરે છે. જે દર્શાવે છે કે રોજબરોજની વ્યવસાયીક હાલાકી તનાવ દૂર કરવા માટે AOL ની પ્રવૃતિ ઉપયોગી સાબિત થાય છે.

### ૫.૨.૯ આવકનું વર્ગીકરણ :

ઉત્તરદાતાની આવક અંગે અહીં વર્ગીકરણ કરવામા આવ્યા છે. અભ્યાસના ઉત્તરદાતાઓમાં ખાનગી, સરકારી તેમજ વ્યકિતગત વ્યવસાય ધરાવતા લોકોનો સમાવેશ

થયેલો છે. તેઓની વાર્ષિક આવક અને AOL ને નજીકનો સંબંધ છે.

કારણ કે આવક એ વ્યકિતની જીવનશૈલીને સુનિશ્ચિત કરે છે. આ જીવનશૈલી રોજબરોજની પ્રવૃતિને અસર કરે છે. કોર્ષમાં સામેલ ઉત્તરદાતાઓનું આર્થિક સ્તર, જીવનશૈલી તેમજ આર્ટ ઓફ લિવીંગ આ ત્રણેય બાબતો એકમેક સાથે સંકળાયેલ છે કે કેમ તે નીચેના કોષ્ટક દ્વારા જાણી શકાય.

**કોષ્ટક નં. ૫.૯**

**ઉત્તરદાતાની વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | ઉત્તરદાતાની વાર્ષિક આવક | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૦ થી ૫૦,૦૦૦ | ૬૦ | ૨૪% |
| ૨ | ૫૦,૦૦૧ થી ૧,૦૦,૦૦૦ થી નીચે | ૫૦ | ૨૦% |
| ૩ | ૧,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦ | ૧૦૫ | ૪૨% |
| ૪ | ૩,૦૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦ વચ્ચે | ૨૫ | ૧૦% |
| ૫ | ૫,૦૦,૦૦૦ થી ૭,૦૦,૦૦૦ વચ્ચે | ૭ | ૨.૮% |
| ૬ | ૭,૦૦,૦૦૦ થી ઉપર | ૩ | ૧.૨% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક જોતા ઉત્તરદાતાની વાર્ષિક આવક રૂા. ૧૦૦૦૦ થી ૫૦૦૦૦ ની હોય તેવા ઉત્તરદાતાઓ ૨૪ ટકા છે. જયારે ૨૦ ટકા ઉત્તરદાતાઓ ૫૦૦૦૦ થી ઉપરની આવક ધરાવે છે. ૪૨ ટકા ઉત્તરદાતાઓ ૧ લાખથી ઉપર આવક ધરાવે છે. ૧૦ ટકા ઉત્તરદાતાઓ ૩ લાખથી ઉપર આવક ધરાવે છે. ૨.૮ ટકા ઉત્તરદાતાઓ ૫ લાખની આવક કે તેથી વધુ વાર્ષિક આવક ધરાવે  છે. જયારે સૌથી ઓછી ૧.૨ ટકા ઉત્તરદાતાઓ જેઓની વાર્ષિક આવક ૭ લાખથી ઉપર જોવા મળી છે.

આમ સૌથી વધુ સંખ્યા ૧૦૫ ઉત્તરદાતા કે જેઓ ૧ લાખથી ઉપર આવક ધરાવે છે આમ સામાન્ય રીતે AOL માં જોડાયેલ ઉત્તરદાતાઓ મધ્યમ વર્ગના તથા ઉચ્ચ મધ્યમવર્ગના ઉત્તરદાતાઓ કાર્યરત છે તેવું જોવા મળ્યું છે.

## ૫.૩ ઉત્તરદાતાની કૌટુંબિક માહિતી :

કુટુંબ એ સાર્વત્રિક સામાજિક સંસ્થા છે. ''માનવ સમાજમાં કોઈને કોઈ સ્વરૂપે કુટુંબ જોવા મળે છે. સમાજમાં વ્યકિતના જીવનને પ્રભાવિત કરનાર જેટલા સમૂહ છે. તેમાં કુટુંબનું આગવુ સ્થાન રહેલું છે. પરંતુ કુટુંબનું સ્વરૂપ દરેક સમાજ વ્યવસ્થામાં સમાન જોવા મળતું નથી.'' તેનું કારણ એ છે કે તેની વિવિધતા અને વિશિષ્ટતાનો આધાર સંસ્કૃતિ પર રહેલો છે. સંયુકત કુટુંબમાં અનેક પેઢીઓના સગાઓ સાથે રહેતા હોય છે. જયારે વિભક્ત કુટુંબમાં અને પશ્ચિમના સમાજમાં સામાન્ય રીતે કુટુંબ એટલે માત્ર પતિ-પત્ની અને બાળકોનું બનેલું જૂથ એવો ખ્યાલ પ્રવર્તે છે. ભારતીય સમાજ વ્યવસ્થા સંયુકત કુટુંબ પર આધારીત હતી પરંતુ કેટલાક પરિબળોને કારણે કુટુંબ વ્યવસ્થા સ્વરૂપમાં પરિવર્તન આવેલ છે. પ્રસ્તુત અભ્યાસના આ વિભાગમાં કુટુંબનો પ્રકાર, કુટુંબનું કદ, કુટુંબની સભ્ય સંખ્યા, વય જૂથ, વ્યવસાય, કુટુંબના સભ્યોની જાતિ, તથા આવક જેવા વિવિધ પાસાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. કારણ કે આ વિવિધ પાસાઓ વ્યકિતના જીવન પર, તેની જીવનશૈલી પર અસર કરતા હોય છે. તથા તેના આધારે કુટુંબનું વ્યવસ્થાપન ગોઠવાતું હોય છે. ગૃહિણી ઉપરોકત બાબતોને આધારે કુટુંબનો વહીવટ કરતી હોય છે. આથી કહી અહીં ઉત્તરદાતાના કુટુંબની વિવિધ માહિતી રજૂ કરવામાં આવી છે. પ્રસ્તુત વિભાગમાં ઉત્તરદાતાના કુટુંબનો પ્રકાર કયો છે તે નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનમાં પસંદ કરેલ ઉત્તરદાતાઓની કૌટુંબિક વ્યકિતગત માહિતી મેળવવાનો પ્રયત્ન કરી તેનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. જેમાં આગળના વિભાગમાં

ઉત્તરદાતાઓની વય, જ્ઞાતિ, શૈક્ષણિક દરજ્જો, વૈવાહિક દરજ્જો, ધર્મ, વ્યવસાયનો પ્રકાર, અભ્યાસ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવેલો છે. ઉત્તરદાતાના કુટુંબમાં કુલ સભ્યો કેટલા છે તે જાણવું પણ એટલું જ આવશ્યક છે. જ્યાં સુધી આ પ્રકારની માહિતીના મેળવીએ ત્યાં સુધી અન્ય માહિતીનો સંદર્ભ જાણી ન શકાય માટે કૌટુંબિક પૃષ્ઠભૂમિકા આધારીત વિગતો જાણવી રૂપ છે.

### ૫.૩.૧ કુટુંબનો પ્રકાર

વર્તમાન સમયમાં અનેકવિધ પરિબળો, પ્રક્રિયાઓએ કુટુંબ ઉપર તેના આકાર, કદ ઉપર અસર જન્માવી છે. શહેરીકરણ, ઔદ્યોગીકરણ કે પશ્ચિમકરણમાં પરિણામો આજે સંયુકત કુટુંબમાંથી વિભક્ત કુટુંબ પ્રત્યે જોક વધિ રહ્યો છે. દરેક વ્યકિતને પોતાના વ્યકિતગત વિકાસમાં રસ હોવાને પરિણામે સંયુકત કુટુંબ બાધારૂપ લાગે છે. જ્યારે ભારતમાં સંયુકત કુટુંબનું મહત્વ અનેકગણું હતું. પરંતુ આજે ઉપરોકત પરિબળોનાં કારણે કુટુંબ વ્યવસ્થામાં બદલાવ આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં ૨૫૦ ઉત્તરદાતાઓના કુટુંબ પ્રકાર અંગેની માહિતી જાણવાનો પ્રયત્ન કર્યો છે. જેનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવ્યુ છે.

**કોષ્ટક નં. ૫.૧૦**

**ઉત્તરદાતાના કુટુંબનો પ્રકાર દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | ઉત્તરદાતાના કુટુંબનો પ્રકાર | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સંયુક્ત | ૩૩ | ૧૩.૨% |
| ૨ | વિભક્ત | ૨૧૭ | ૮૬.૮% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં ૧૩.૨ ટકા ઉત્તરદાતાઓ એટલે કે ૩૩ લોકો સંયુકત કુટુંબમાં રહે છે. સંયુકત રહેતા ઉત્તરદાતાઓ બાળઉછેર, સંબંધી તથા તેની જીવનમાં સાથે રહેવાનો અને આગળ વધવા તથા એકબીજાને મદદરૂપ થવાનો

અભિગમ વધુ જોવા મળેલ. આ ઉત્તરદાતાનાં મને સંયુકત કુટુંબ એ વ્યકિતગત વિકાસ બાળકોના વિકાસ માટે પાયાનું છે.

જયારે વિભક્ત કુટુંબ ૮૬.૮ ટકા એટલે કે ૨૧૭ ઉત્તરદાતાઓ એવું માને છે કે સંયુકત કુટુંબ વ્યકિતગત વિકાસમાં બાધારૂપ છે. જયારે વિભક્ત કુટુંબમાં પોતે પોતાનો વિકાસ કરી શકે છે.

આમ જોઈ શકાય છે કે આપણે AOL માં વિભક્ત કુટુંબની સંખ્યા વધારે જોવા મળેલ છે.

સંયુકત કુટુંબની સાનુકૂળતા બાબતે ઉત્તરદાતાઓના મતે સંયુકત કુટુંબમાં જવાબદારીનું વિભાજન થઈ જાય છે. સામાજિક સલામતી મળે છે. બાળઉછેર અને માંદગીના સમયમાં સંયુકત કુટુંબનો સહકાર મળી રહે છે.

આધુનિક શિક્ષણ મેળવનાર યુવાવર્ગ નોકરી કે વ્યવસાયને કારણે ભારતમાં કે વિદેશમાં કયાંય પણ જવામાં ખચકાટ અનુભવતો નથી. આથી નોકરી કે વ્યવસાયમાં નવા સ્થળે પોતાના પરિવારને સાથે લઈ જતો હોવાથી સંયુકત કુટુંબ તૂટે છે અને વિભક્ત કુટુંબો રચાય છે. આજના યુગમાં ફિલ્મો અને સિરિયલોના પ્રભાવને કારણે દરેક વ્યકિતને પોતાનું આગવું વ્યકિતત્વ તેમજ વ્યકિતગત માલિકીના સાધનો વસાવવાની ઈચ્છા પ્રબળ બનતી જાય છે. સંયુકત કુટુંબ પ્રણાલી તેમને બાધક લાગે છે તેથી તેમાંથી અલગ થઈ વિભક્ત કુટુંબો રચાય છે.

પશ્ચિમી વિચારોના પ્રભાવને કારણે મનુષ્યનું માનસ સ્વતંત્ર વિચારધારાવાળું બન્યું છે. આથી સંયુકત કુટુંબમાં વૈચારિક મતભેદો વધતા જાય છે. જેને કારણે કુટુંબમાં કજીયા, કલેશ વધે છે. જે અંતે મતભેદમાંથી મનભેદમાં પરિણમે છે અને કુટુંબ તૂટે છે.

આ ઉપરાંત વિભક્ત કુટુંબની રચના પાછળ અનેક કારણોને જવાબદાર ગણાવી

શકાય છે. જેમ કે આર્થિક પરિબળ કે જેમાં ''દરેક પોતપોતાનું કરીને ખાઈ લે'' એ પ્રકારની જવાબદારી પૂર્ણ ભાવના સાથે તેમજ નિવાસની પ્રતિકૂળતા, કુટુંબના અન્ય સભ્યો વચ્ચે અનુકૂલનની સમસ્યા ગણી શકાય.

### ૫.૩.૨ ઉત્તરદાતાઓનું કુટુંબનું કદ :

કુટુંબ સંસ્થા એ બાળકનું સામાજિકરણ કરતી અત્યંત મહત્વની સંસ્થા છે. કુટુંબનું સામાજિક, આર્થિક વાતાવરણ વ્યકિતના મંતવ્યો વલણો ઘડવામાં અસરકારક બને છે. પ્રાચીન સમયથી સંયુકત કુટુંબ પ્રથાને કારણે કુટુંબની સભ્ય સંખ્યા ઉપર ખાસ વિશેષ ધ્યાન દેવામાં ન આવતું. બાળકને કુદરતની ભેટ ગણી તેનો ઉછેર થઈ જતો. પરંતુ સમાજમાંય પરિવર્તનો આવતા આર્થિક કારણોને લીધે તેમજ યાંત્રિકરણને પરિણામે માનવશ્રમની જગ્યા યંત્રએ લીધી. તેથી માનવકામનું મહત્વ ઘટયું. જેની સીધી અસર કૌટુંબિક સભ્ય સંખ્યા ઉપર પડી. ઉપરાંત શૈક્ષણિક તેમજ સામાજિક જાગૃતિને કારણે વડીલો, બાળકોના ઉછેર તેમજ કેળવણી અંગે સભાન બન્યા જેથી કૌટુંબિક સભ્ય સંખ્યાના દરમાં ઘટાડો જોવા મળ્યો. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાના કુટુંબની સભ્ય સંખ્યા કેટલી છે તે નીચેના કોષ્ટકમાં પ્રતિબિંબિત થાય છે.

ભારતમાં સરેરાશ કુટુંબની સભ્ય સંખ્યા જેટલું જ પ્રસ્તુત અભ્યાસનું કુટુંબનું કદ જોવા મળ્યું છે. ભૂતકાળમાં જેમ વધુ બાળકો હોય તેમ વધુ રોજી કમાઈ આપે તેવો એક ખ્યાલ પ્રવર્તતો હતો. ઉપરાંત બાળકો ઈશ્વરની દેન કહેવાય. તેને રોકી શકાય નહી શિક્ષણના અભાવને લીધે કુટુંબનિયોજન વિશે લોકો જાણતા નહિ અને સ્વીકારતા નહિ. તેમજ સંયુકત કુટુંબ હોવાથી ઘરમાં વડીલોનું વર્ચસ્વ હોવાથી ગર્ભપાત કે ગર્ભ પરિક્ષણ જેવી બાબતોને મહત્વ આપવામાં આવતું નહિ. દીકરાને મહત્વ અપાતું હોવાથી દીકરો ન આવે ત્યાં સુધી રાહ જોવી જેવા અનેક કારણોને લીધે કુટુંબની સંખ્યા વધતી.

ભારતમાં મુખ્યત્વે આગળ ચર્ચા કરી ગયા તે મુજબ બે પ્રકારના કુટુંબો અસ્તિત્વ ધરાવે છે. સંયુકત કુટુંબ અને વિભક્ત કુટુંબ. કુટુંબભાવનાના પ્રકાર અને અર્થવ્યવસ્થાને ગાઢ સંબંધ છે. ભારતમાં જયાં જયાં મહદ્અંશે કૃષિ અર્થવ્યવસ્થા છે ત્યાં હજુ સંયુકત કુટુંબોનું પ્રમાણ વધુ જોવા મળે છે. પરંતુ ઔદ્યોગિકરણ વધતા કૃષિ અર્થવ્યવસ્થાને બદલે ઔદ્યોગિક સમાજવ્યવસ્થા આવતા લોકો ગામડાઓ છોડીને શહેરોમાં ઉદ્યોગો, કારખાનાઓમાં જોડાવા લાગ્યા અને શહેરોના મુખ્યત્વે રહેઠાણની સમસ્યાઓને કારણે વિભક્ત કુટુંબોએ અસ્તિત્વમાં આવ્યા. પરંતુ હજુ સુધી કુટુંબો રહેઠાણની દષ્ટિએ વિભકત બન્યા છે પરંતુ ભાવનાત્મક રીતે/કાર્યાત્મક રીતે સંયુકતતા જળવાઈ રહી છે. પ્રસ્તુત અભ્યાસમાં અહીં કુટુંબના પ્રકારની સાથે કુટુંબનું કદનું સ્વરૂપ કેવું છે તેને તપાસવાનો પ્રયત્ન કરેલ છે.

**કોષ્ટક નં. ૫.૧૧**

**ઉત્તરદાતાના કુટુંબનું કદ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | કુટુંબનું કદ | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૪ | ૮૫ | ૮૦.૯૫% |
| ૨ | ૫ થી ૭ | ૧૯ | ૧૮.૧૦% |
| ૩ | ૭ થી વધારે | ૧ | ૦.૯૫% |
| | કુલ | ૧૦૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક ૫.૧૨ પરથી જોતા જણાય છે કે ૨૫૦ ઉત્તરદાતાઓના પરિવારમાં ૧ થી ૪ સુધીના સભ્યોની સંખ્યા છે. જે નાનું કુટુંબ ગણાવી શકાય. આવા કુટુંબનું પ્રમાણ કુલ એકમના ૮૦.૯૫ ટકા છે તે બતાવે છે કે સમાજમાં વિભક્ત કુટુંબનું પ્રમાણ વધી રહ્યું છે. જયારે ૫ થી ૭ સભ્ય સંખ્યાવાળા કુટુંબો ૧૯ છે જેમાં કેટલાક વિભક્ત કુટુંબની સાથે સંયુકત કુટુંબોનો પણ સમાવેશ થાય છે. તો માત્ર ૧ ઉત્તરદાતાઓના જણાવ્યા પ્રમાણે

તેમના પરીવારમાં ૭ થી વધારે સભ્યો છે. જે વિસ્તૃત સંયુકત કુટુંબ હોવાનું જણાય છે.

આમ મુખ્યત્વે સરકારની કુટુંબનિયોજનની નીતિ અને એક કે બે બાળકની પસંદગી, તથા પતિ-પત્ની બંને આર્થિક પ્રવૃતિમાં જોડાયેલા હોવાને કારણે નાના કુટુંબોનું પ્રમાણ વધુ જોવા મળ્યુ છે. બીજુ મહદ્અંશે ઉત્તરદાતા શહેરોમાં વસવાટ કરનાર છે જયાં રહેઠાણની સમસ્યાને કારણે મોટા કુટુંબો/વિસ્તૃત કુટુંબોનું પ્રમાણ નહિવત જોવા મળ્યું છે આ ઉપરાંત

ઉપરોકત કોષ્ટકમાં નજર નાંખીએ તો આજે કુટુંબના સભ્યોની સંખ્યા ઘટતી જાય છે. તેના કારણોમાં વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ ગર્ભ પરિક્ષણ, વિભક્ત કુટુંબ હોવાથી પતિ-પત્ની પોતાનો નિર્ણય લઈ શકે છે. વધુ બાળકો હોવાથી બાળકોને પૂરતું શિક્ષણ તેમજ પોષણ ન આપી શકાય તે માટે ઓછા બાળકો હોવા જોઈએ તેવું અત્યારના મા-બાપનું માનવું છે. દિકરો દિકરી એક સમાન ગણતા કુટુંબો પણ જોવા મળ્યા. જેથી બે બાળકો પછી પણ ઓપરેશન કરાવી લે છે. અથવા તો સાધનોનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા.

તે ઉપરાંત લોકોનું જીવનસ્તર ઊચું ગયું હોવાથી મર્યાદિત કુટુંબના સભ્યોની સંખ્યા હોયતો જીવન સારી રીતે જીવી શકાય. સ્ત્રી પણ ઘરકામ સિવાય ઘરની બહાર નોકરી કે ધંધો કરતી હોવાથી બાળકોની સંભાળ રાખવાની જવાબદારી વધી જતી. જેથી પણ ઓછા બાળકો યુગલ પસંદ કરતા હતા. જયારે સરકારી ઓફિસોમાં વધારે બાળકો હોય તો L.T.C. કે ઈજાફા જેવા વધારાના લાભ મળી શકતા નહિ.

આમ કુટુંબની સંખ્યા મર્યાદિત જોવા મળેલ છે. તેઓ વિભક્ત કુટુંબમાં રહેતા જોવા મળેલ છે અને પોતાના બાળકોને પોતે જ ઉછેરવાના હોવાથી નાના કુટુંબને તેઓ પ્રાધાન્ય આપે છે. અને કુટુંબના સભ્યોની સંખ્યા સપ્રમાણ રાખીને સારું શિક્ષણ આપીને સ્વનિર્ભર બનાવવા ઈચ્છતા જોવા મળેલા હતા.

જે દર્શાવે છે કે પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચજ્ઞાતિના, ઉચ્ચ આર્થિક દરજ્જો ધરાવતા

તથા શિક્ષિત વ્યકિતઓનું પ્રમાણ વધુ હોવા છતાં પણ સ્ત્રીઓનું પ્રમાણ ભારત અને ગુજરાતનું જે પ્રમાણે વસ્તી ગણતરીના અહેવાલમાં જોવા મળ્યું છે તેજ પ્રમાણ પ્રસ્તુત અભ્યાસમાં પણ જોવા મળ્યું છે જે દર્શાવે છે કે હજુ પણ સ્ત્રીજન્મને એટલી માન્યતા મળી નથી પુત્રજન્મનું એટલુ જ મહત્વ ધરાવે છે.

### ૫.૩.૩ કુટુંબના સભ્યોની જાતિ :

ભારતીય સમાજ વ્યવસ્થામાં સ્ત્રી અને પુરૂષ બન્નેને એક રથના બે પૈડાં માનવામાં આવે છે. બંનેના સહયોગથી જ લગ્ન સંસ્થાનો વિકાસ થાય છે. વિવાહ સમયે એકમેક સાથે જોડાતા પતિ-પત્ની બાદમાં માતા-પિતા બને છે. જે એક પુરૂષ અને એક સ્ત્રી મળીને કુટુંબ રચાય ત્યારે જાતિની સંખ્યા સમાન હોય છે. પરંતુ કુટુંબ બન્યા બાદ આમાં તફાવત જોવા મળે છે.

આજે ભારતીય સમાજના વિકસીત રાજ્યોમાં અને સરેરાશ દર હજાર પુરૂષોએ સ્ત્રીઓનું પ્રમાણ ૯૨૭ જોવા મળ્યું છે. જયારે ગુજરાતમાં ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે દર હજાર પુરૂષોએ ૯૨૦ સ્ત્રીઓ જોવા મળે છે. આમ આજે ઘટતા જતા સ્ત્રીઓનો દર એ એક મહત્વની સમસ્યા ગણવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓના કુટુંબમાં મહિલા સભ્યો તથા પુરૂષ સભ્યોની સંખ્યા દ્વારા આ તફાવત જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એકત્ર કરેલા આંકડાઓ મુજબ નીચે પ્રમાણે માહિતી મળેલ છે.

### કોષ્ટક નં. ૫.૧૨

### કુટુંબનું જાતિ જૂથ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સ્ત્રી | ૪૦૪ | ૪૮.૧૦% |
| ૨ | પુરુષ | ૪૩૬ | ૫૧.૯૦% |
| | કુલ | ૮૪૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી જોતા જાણાય છે કે ૨૫૦ ઉત્તરદાતાઓના પરિવારમાં પુરૂષોની સંખ્યા ૪૩૬ (૫૧.૯૦ ટકા) જોવા મળી છે. જયારે સ્ત્રીઓની સંખ્યા ૪૦૪ એટલે કે (૪૮.૧૦ ટકા) જોવા મળેલ છે.

### ૫.૩.૪ કુટુંબના સભ્યોનું વયજૂથ :

પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ જિલ્લાના પસંદ કરેલા ઉત્તરદાતાઓના પરિવારના સભ્યોની વય જાણવાનો પ્રયાસ સંશોધક દ્વારા સંશોધન દરમિયાન કરવામાં આવ્યો છે.

કોઈપણ કુટુંબમાં કુટુંબના સભ્યોની સંખ્યા જેમ મહત્વની છે તેમ કંઈ ઉંમરના કેટલા સભ્યો છે તે પણ મહત્વનું છે. જેમ કે વસ્તીની દૃષ્ટિએ ભારત વિશ્વમાં પ્રથમ નથી. પણ વિશ્વમાં સૌથી વધારે યુવાનો ભારતમાં વસે છે. તે જ રીતે કુટુંબમાં જો નાના બાળકોનું પ્રમાણ વધારે હોય તો તેમના ઉછેર, અભ્યાસ, વ્યવસાય વિગેરેની જવાબદારી ઓછી સંખ્યા ધરાવતા મોટી ઉંમરના સભ્યો ઉપર આવે છે. એ જ રીતે કુટુંબમાં કામ કરતા હોય તેવા યુવાનોની સંખ્યા વધારે હોય તો મોટી ઉંમરના સભ્યોનો કાર્યબોજ હળવો થઈ શકે. આમ કુટુંબમાં સભ્ય સંખ્યા કરતાં વય મુજબ સંખ્યા કેટલી છે તે મહત્વનું છે. આ ઉપરાંત કુટુંબ વ્યવસ્થાપનમાં કુટુંબના સભ્યોની વયજૂથ પણ ઘણી મોટી અસર પાડે છે.

## કોષ્ટક નં. ૫.૧૩

## કુટુંબના સભ્યોનું વયજૂથ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | કુટુંબના સભ્યોનું વયજૂથ | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૦ થી ૬ | ૨૩ | ૨.૭૭% |
| ૨ | ૭ થી ૧૪ | ૯૮ | ૧૧.૮૧% |
| ૩ | ૧૫ થી ૨૫ | ૧૫૪ | ૧૮.૫૫% |
| ૪ | ૨૬ થી ૫૦ | ૪૧૬ | ૫૦.૧૨% |
| ૫ | ૫૧ થી ૬૦ | ૯૬ | ૧૧.૫૭% |
| ૬ | ૬૦ થી વધારે | ૫૩ | ૬.૩૯% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કુલ ૨૫૦ ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યો ને ૬ વિભાગમાં વહેંચવાનો પ્રયત્ન કરેલ છે. જેમાં ૦ થી ૬ વર્ષની વય ધરાવતા સભ્યો ૨૩ છે એટલે કે ૨.૭૪ ટકા છે. જ્યારે ૭ થી ૧૪ વર્ષની વયજૂથ ઉત્તરદાતાઓના કુટુંબીઓ ૯૮ એટલે કે ૧૧.૬૭ ટકા છે. જ્યારે ૧૫ થી ૨૫ વર્ષના જૂથના ૧૫૪ લોકો જોવા મળ્યા છે. જે કુલ એકમના ૧૮.૩૩ ટકા છે. ઉત્તરદાતાના કુટુંબમાં ૨૬ થી ૫૦ વર્ષની વયના સૌથી વધારે લોકો જોવા મળ્યા છે. જેની સંખ્યા ૪૧૬ એટલે કે ૪૪.૫૨ ટકા જે સૌથી વધારે જોવા મળેલ છે તથા ૫૧ થી ૬૦ વર્ષના ગાળાના સભ્યોની સંખ્યા ૯૬ (૧૧.૪૩ ટકા) છે અને જે સભ્યોની ઉંમર ૬૦ વર્ષથી વધારે છે જેની સંખ્યા ૫૩ (૬.૩૧ ટકા) થાય છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી જોવા મળ્યું કે કુટુંબના ૧૨૧ સભ્યો એવા છે કે જેની ઉંમર ૭ થી ૧૪ વર્ષની છે. જે પોતાનો મોટાભાગનો સમય ભણવા પાછળ ગાળતા હતા. જ્યારે ૧૫ થી ૫૦ વર્ષની વય ધરાવતા કુટુંબના સભ્યો પોતે સરકારી, કે ખાનગી નોકરી કરતા

અથવા પોતાનો નાનો-મોટો ધંધો કરે છે. નિવૃત જીવન ગાળતા બહુ જ ઓછા ૫૩ સભ્યો જોવા મળ્યા છે. પ્રસ્તુત અભ્યાસમાં ૭૬ (૯.૦૫ ટકા) સભ્યોએ આધારીત વસ્તી છે જ્યારે કામ કરી શકે તેવા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ જોવા મળ્યું છે.

**૫.૩.૫ ઉત્તરદાતાનાં કુટુંબના સભ્યોનું શૈક્ષણિક સ્તર પ્રમાણેનું વર્ગીકરણ.**

નીચેનું કોષ્ટક જોતા અહિ કુલ ૨૫૦ ઉત્તરદાતા કે જેઓ આર્ટ ઓફ લિવીંગ સાથે સંકળાયેલા છે. તેમજ જુદી જુદી પ્રવૃતિઓમાં સામેલ છે. આ ઉત્તરદાતાઓનું ઉંમર પ્રમાણે, શૈક્ષણિક સ્તર તેમજ આર્થિક સ્તર મુજબનું વર્ગીકરણ વિભાગ-૧માં દર્શાવવામાં આવ્યુ છે અહિ ઉ.દા. ના કૌટુંબિક સ્તરને તપાસવું પણ એટલું જ આવશ્યક છે. કારણ કે વ્યકિતનું વ્યકિતત્વ તેના સમગ્ર કુટુંબ ઉપરનું પ્રતિબિંબ રજુ કરે છે નીચે દર્શાવેલ કુટુંબનાં ઉ.દા.નું કુટુંબના સભ્યોનું શૈક્ષણિક સ્તર દર્શાવવામાં પ્રયત્ન કરવામાં આવેલ છે.

## કોષ્ટક નં. ૫.૧૪

## કુટુંબના સભ્યોનો શૈક્ષણિક દરજ્જો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | અશિક્ષિત | ૨૧ | ૨.૫ |
| ૨ | પ્રાથમિક | ૧૨૦ | ૧૪.૨૯ |
| ૩ | માધ્યમિક | ૧૪૪ | ૧૭.૧૪ |
| ૪ | ઉચ્ચ માધ્યમિક | ૧૦૦ | ૧૧.૯૦ |
| ૫ | ઉચ્ચ શિક્ષણ | ૩૫૯ | ૪૨.૭૪ |
| ૬ | ટેકનીકલ | ૧૪ | ૧.૬૭ |
| ૭ | પ્રોફેશનલ | ૨૬ | ૩.૧૦ |
| ૮ | ૬ વર્ષથી નીચેના બાળકો | ૨૩ | ૨.૭૪ |
| ૯ | જવાબ ન આપેલા ઉત્તરદાતાઓ | ૩૩ | ૩.૯૩ |
| | કુલ | ૮૪૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક જોતા ઉત્તરદાતાના કુટુંબનું શૈક્ષણિક સ્તરમાં ફક્ત ૨.૫૦ ટકા ઉત્તરદાતાઓ કે જેઓ નિરક્ષર છે. તેમજ પ્રાથમિક સુધીનો અભ્યાસ કરનાર સભ્યોની ટકાવારી ૧૪.૨૯ ટકા છે માધ્યમિક સુધીનો અભ્યાસ કરનાર સભ્યોની ટકાવારી ૧૭.૧૪ ટકા છે ઉચ્ચ માધ્યમિકમાં અભ્યાસ કરતા ઉ.દા. નાં કુટુંબના સભ્યોની ટકાવારી ૧૧.૯૦ ટકા છે જયારે ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરનાર સભ્યોની ટકાવારી ૪૨.૭૪ ટકા છે. જે સભ્યોએ ટેકનીકલ ડિગ્રી હાંસલ કરી છે તેઓની ટકાવારી ૧.૬૭ ટકા છે. જયારે પ્રોફેશનલ એટલે કે ડોકટર, વકીલ કે અન્ય ડિગ્રી મેળવનારની ટકાવારી ૩.૧૦ ટકા છે. જયારે ૬ વર્ષથી નીચેના સભ્યો કે જેઓ બાળકો છે તેની ટકાવારી ૨.૭૪ ટકા છે. જયારે ૩.૯૩ ટકા

ઉત્તરદાતાઓ તરફ આ અંગેનો પ્રત્યુતર મળેલ નથી.

આમ આર્ટ ઓફ લિવીંગ સાથે સંકળાયેલ સક્રિય ઉત્તરદાતાના સભ્યોની શૈક્ષણિક લાયકાત જોતા સૌથી વધુ ઉચ્ચ અભ્યાસ કરનાર સભ્યો છે. જે દર્શાવે છે કે આર્ટ ઓફ લિવીંગમાં સક્રિય રહેનાર સભ્યોના કુટુંબનું શૈક્ષણિક સ્તર અનેકગણું ઉચ્ચું રહ્યું છે.

### ૫.૩.૬ ઉત્તરદાતાનાં કુટુંબનાં સભ્યોનો વ્યવસાય :

અગાઉના પ્રકરણમાં ઉ.દા. નો પોતાનો વ્યવસાય આપણે જોયા બાદ જેસભ્યો આર્ટ ઓફ લિવીંગમાં જોડાયેલ છે તેના સભ્યોનો વ્યવસાયિક દરજ્જો તપાસવાનો પ્રયત્ન નીચેના કોષ્ટકમાં રજુ કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. ૫.૧૫**

**ઉત્તરદાતાના કુટુંબના સભ્યોનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | પ્રાઈવેટ | ૧૧૧ | ૧૩.૨૧ |
| ૨ | ગર્વમેન્ટ નોકરી | ૨૩ | ૨.૭૪ |
| ૩ | નિવૃત્ત | ૨૩ | ૨.૭૪ |
| ૪ | ખેડુતો | ૫ | ૦.૬૦ |
| ૫ | વ્યવસાય | ૧૮૦ | ૨૧.૪૩ |
| ૬ | ગૃહિણી | ૧૯૧ | ૨૨.૭૪ |
| ૭ | બાળકો ૬ વર્ષથી નીચેના | ૨૩ | ૨.૭૪ |
| ૮ | બાળકો ૧૮ વર્ષથી નીચેના | ૨૮૪ | ૩૩.૮૧ |
| | કુલ | ૮૪૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક જોતા ઉત્તરદાતાના કુટુંબના સભ્યોમાં જે સ્ત્રીઓ ગૃહકાર્યમાં જોડાયેલ

છે તેમજ આર્થિક પ્રવૃતિઓમાં સક્રિય નથી તેવા ઉતરદાતાના કુટુંબના સભ્યોની ટકાવારી તેની સંખ્યા ૨૨.૭૪ ટકા છે. જયારે ખેતીકામ સાથે સંકળાયેલ ઉતરદાતાના કુટુંબના કુલ સભ્યોની ટકાવારી ૦.૬૦ ટકા છે. વ્યવસાય સાથે સંકળાયેલ ઉત્તરદાતાઓના કુટુંબનાં સભ્યોની કુલ ટકાવારી ૨૧.૪૩ ટકા છે. જ્યારે અમુક સભ્યો કે જેઓ પ્રાઈવેટ નોકરીમાં કામ કરે છે તેઓની ટકાવારી ૧૩.૨૧ ટકા છે. જયારે સરકારી નોકરીમાં જોડાયેલ સભ્યોની ટકાવારી ૨.૭૪ ટકા જોવા મળે છે. કુટુંબના અમુક સભ્યો કે જેઓ આર્થિક પ્રવૃતિમાંથી નિવૃત થયેલ છે તેઓની ટકાવારી ૨.૭૪ ટકા છે. બાળકોની ટકાવારી ૨.૭૪ ટકા જેઓ વ્યવસાયમાં નિષ્ક્રિયરૂપ જોવા મળે છે. ૩૩.૮૧ ઉત્તરદાતાઓ તરફથી પ્રત્યુતર પ્રાપ્ત થયેલ નથી. આમ કુલ ૮૪૦ સભ્યોમાંથી જુદા જુદા ક્ષેત્રોમાં સંકળાયેલ ઉત્તરદાતાઓની વ્યવસાયિક પ્રવૃતિ અહિ કોષ્ટકમાં દર્શાવેલ છે.

### ૫.૩.૭ ઉત્તરદાતાનાં કુંટુબના સભ્યોની માસિક આવક :

કોઈપણ વ્યકિત, કુટુંબ, સમાજ કે દેશની સુખાકારીનો આધાર સામાન્ય રીતે આર્થિક બાબતો પર અવલંબિત હોય છે. આજના અર્થપ્રધાન યુગમાં પૈસાનું મહત્વ દિનપ્રતિદિન વધતું જાય છે. તેવા સંજોગોમાં વ્યકિતની આવક તેના કુટુંબની સુખ સમૃદ્ધિનો આધાર હોય છે. આજે તો માનવીય સંબંધો પણ આવકના આધારે જ રચાતા જોવા મળે છે. તેવા સંજોગોમાં આંતર-જ્ઞાતીય અને આંતર-ધર્મિય લગ્ન કરેલી યુવતીઓના જીવનમાં આર્થિક બાબત કેવી અસર કરે છે તે જાણવું જરૂરી બની જાય છે. પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની માસિક આવક અંગે માહિતી એકત્રીત કરવામાં આવી. જેમાં નીચે મુજબની માહિતી પ્રાપ્ત થયેલ હતી.

**કોષ્ટક નં. ૫.૧૬**

**ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની માસીક આવક દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | માસિક આવક | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ગૃહિણી | ૩૪ | ૧૩.૬૦% |
| ૨ | ૫૦૦૦ થી ઓછી | ૦૦ | ૦૦% |
| ૩ | ૫૦૦૧ થી ૧૫૦૦૦ | ૧૪ | ૫.૬૦% |
| ૪ | ૧૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૬ | ૨.૪૦% |
| ૫ | ૨૫૦૦૧ થી ૫૦૦૦૦ | ૨૧ | ૮.૪૦% |
| ૬ | ૫૦૦૦૧ થી ૭૫૦૦૦ | ૨૮ | ૧૧.૨૦% |
| ૭ | ૭૫૦૦૦ થી વધારે | ૧૪૭ | ૫૮.૮૦% |

ઉત્તરદાતાનાં અભ્યાસમાં કુટુંબની કુલ માસિક આવકનાં આધારે વર્ગીકરણ કરવામાં આવેલા છે. કુટુંબની આવક ઉપર તેની જીવનશૈલીનો આધાર રહેલો છે.

ઉપરોકત કોષ્ટક જોતા જે ઉત્તરદાતા તરફથી પ્રત્યુતર મળેલ નથી. તેવા ૧૩.૬૦ ટકા છે. જયારે ૫૦૦૦ થી ૧૫૦૦૦ સુધીને આવક ધરાવતા ઉત્તરદાતાઓની ટકાવારી ૫.૬૦ ટકા આવક ધરાવતા ઉત્તરદાતાઓની ટકાવારી ૨.૪૦ ટકા રહી છે જયારે ૨૫૦૦૦ થી ૫૦૦૦૦ જે ઉત્તરદાતા કુટુંબની આવક છે તેની ટકાવારી ૮.૪૦ ટકા છે જયારે ૫૦૦૦૦ થી ૭૫૦૦૦ ની આવક ધરાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૧૧.૨૦ ટકા છે. જયારે ૭૫૦૦૦ થી વધુ માસિક આવક ધરાવતા ઉત્તરદાતાની ટકાવારી ૫૮.૮૦ ટકા જોવા મળી છે.

આમ, ૫૮.૮૦ ટકા ઉત્તરદાતા એવા છે કે જેઓની કૌટુંબિક માસિક આવક સૌથી વધારે જોવા મળે છે. આમ પ્રસ્તુત અભ્યાસમાં મધ્યમ કે ઉચ્ચ મધ્યમ અને ઉચ્ચ આર્થિક સ્તર ધરાવતા ઉત્તરદાતાઓ વધુ જોવા મળે છે. જયારે નિમ્ન આવક જુથના સભ્યોની સંખ્યા ઘણી ઓછી જોવા મળી છે.

## ૫.૩.૮ કુટુંબના સભ્યોએ આર્ટ ઑફ લિવીંગનાં કયા કયા કોર્ષ કર્યા છે :

૫.૧૮ આર્ટ ઓફ લિવીંગ એ લોકોને શારીરિક, માનસિક તંગદિલીમાંથી હળવા કરવા માટે તથા સાચી રીતે સ્વસ્થ જીવન જીવી શકે તે માટે તૈયાર કરે છે. આ ઉપરાંત સામાજિક સેવાની પણ અનેક પ્રવૃતિઓ કરવામાં આવે છે. વિવિધ કોર્ષ દ્વારા વ્યસનમુકિત, લોકોના આત્મવિશ્વાસમાં વધારો કરવો, હકારાત્મક વિચારો-વલણો ધરાવતા થાય તે માટેના પ્રયત્નો કરે છે. ભારતીય સંસ્કૃતિમાં પણ આધ્યાત્મિક જ્ઞાન, મોક્ષને ચાર કર્મોમાં એટલું જ મહત્વ આપવામાં આવે છે. જે યોગાભ્યાસ, ધ્યાન, પ્રાણાયામ દ્વારા કેળવવામાં આવે છે. જે ભારતીય સંસ્કૃતિની આધારશીલા છે. આર્ટ ઓફ લિવીંગ દ્વારા ભારતીય સંસ્કૃતિના તત્વોને જાળવીને વર્તમાન ઝડપી, આધુનિક, વૈજ્ઞાનિક  યુગના માનવોને તેની સાથે જોડવાનું કાર્ય કરે છે. અહીં આર્ટ ઓફ લિવીંગ દ્વારા ચાલતા મુખ્ય બે કોર્ષ કરેલી વ્યકિતઓએ કરેલા છે તેને તપાસવાનો પ્રયત્ન નીચેના કોષ્ટકમાં કરવામાં આવેલો છે.

### કોષ્ટક નં. ૫.૧૭

### કુટુંબના સભ્યોએ કરેલ આર્ટ ઑફ લિવીંગના કોર્ષની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | કોર્ષના નામ | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | બેઝીક કોર્ષ | ૪૨૩ | ૫૧.૨૧% |
| ૨ | એડવાન્સ કોર્ષ | ૧૫૫ | ૧૮.૭૭% |
| ૩ | આર્ટ એક્સેલ, ડી.એસ.એન., | | |
| | શ્રીશ્રી યોગા અન્ય | ૨૪૮ | ૩૦.૦૨% |
| | કુલ | ૮૪૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક જોતા ઉત્તરદાતાનાં કુટુંબના સભ્યો કે તેઓ કોઈ ને કોઈ ને રીતે આર્ટ ઓફ લિવીંગમાં સક્રિય છે. જેમાં જુદા જુદા કોર્ષમાં મુખ્યત્વે બેઝીક કોર્ષ કરનાર ઉત્તરદાતાની સંખ્યા ૨૫૦ છે. જેઓની ટકાવારી ૫૧.૨૧ ટકા છે જયારે એડવાન્સ કોર્ષ કરનાર સભ્યોની ટકાવારી ૧૮.૭૭ ટકા છે જયારે અન્ય એટલે કે ડી.એસ.એન. કોર્ષ, બ્લેસીંગ કોર્ષ, આર્ટ એકસેલ, યુથ કે જે યુવાનો માટેનો છે. તથા કોર્ષ કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૩૦.૦૨ ટકા છે. આમ સૌથી વધારે બેઝીક કોર્ષમાં સભ્ય સંખ્યા વધુ જોવા મળે છે અને તેની પાછળનું મુખ્ય કારણ એ જોવા મળ્યું છે કે પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓ એ જો બેઝીક કોર્ષ કર્યો હોય તો જ આગળના કોર્ષ કરી શકે આથી દરેક ઉત્તરદાતાઓએ બેઝીક કોર્ષ કરેલો છે.

## ૫.૪ ઉપસંહાર

કોઈપણ સંશોધનમાં સંશોધનનો મૂળ આધાર ઉત્તરદાતાઓ હોય છે. સંશોધક સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને તથા અભ્યાસ ક્ષેત્રને કેન્દ્રમાં રાખીને માહિતીનું એકત્રીકરણ કરે છે. તેના માટે ઉત્તરદાતાની પસંદગી પણ કરવામાં આવે છે. ઉત્તરદાતાની

પસંદગી વખતે તેમની વ્યક્તિગત અને કૌટુંબિક માહિતી એકત્રીત કરવામાં આવતી હોય છે. આ સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક તરીકે ઉત્તરદાતા તરીકે આર્ટ ઑફ લિવીંગની વિવિધ શિબીરોમાં જોડાયેલ વ્યક્તિઓને પસંદ કરેલા હતા.

જેમની વ્યક્તિગત તેમજ કૌટુંબિક માહિતની પૃષ્ઠભૂમિકા રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં ઉત્તરદાતાની જ્ઞાતિ, ધર્મ, વયજૂથ, તેમનું વતન, વ્યવહારીક દરજ્જો, શૈક્ષણિક દરજ્જો, તથા વ્યવસાયિક દરજ્જોનું વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કુટુંબનું કદ, કુટુંબનો પ્રકાર, કુટુંબના સભ્યોની જાતિ, વ્યવસાય, તેમની આવક તથા શૈક્ષણિક પરિસ્થિતિને તપાસેલ છે. તેમજ કુટુંબના કેટલા સભ્યો કયા કોર્ષમાં કેટલા સમયથી સંકળાયેલા છે. તેના વિશે વિસ્તૃત માહિતી એકત્ર કરવામાં આવેલછે અને હવે પછીના પ્રકરણ છ માં સંશોધકે આર્ટ ઑફ લિવીંગની ઉત્તરદાતાઓ પાસેની જાણકારી તથા તેના વિવિધ ક્ષેત્રો ઉપરની વિવિધ સમુદાયો ઉપરની અસરોને તપાસેલ છે.

# પ્રકરણ-૬

## માહિતીનું વિશ્લેષણ ભાગ : ૨

## આર્ટ ઑફ લિવીંગની અસરો અને પરિવર્તન

૬.૧ પ્રસ્તાવના

૬.૨ આર્ટ ઑફ લિવીંગનો પરીચય

૬.૩ વ્યક્તિગત-કૌટુંબિક અને સામાજિક અસરો

૬.૪ આર્ટ ઓફ લિવીંગની અસરો

૬.૫ ઉપસંહાર

## પ્રકરણ-૬

## માહિતીનું વિશ્લેષણ ભાગ : ૨

## આર્ટ ઑફ લિવીંગની અસરો અને પરિવર્તન

### ૬.૧ પ્રસ્તાવનાઃ

અગાઉના પ્રકરણમાં આપણે આર્ટ ઑફ લિવીંગમાં જોડાયેલી ઉતરદાતાની વ્યકિતગત તથા કૌટુંબિક માહિતીને પૃષ્ઠભૂમિકા જાણવાનો પ્રયત્ન કર્યો હતો કારણ કે ધાર્મિક બાબતો સાથે વ્યકિતના વલણો, માન્યતાઓ, વલણો, જીવનશૈલી સાથે વ્યકિતનું કુટુંબ, શૈક્ષણિક દરજ્જો, જ્ઞાતિ, વયજુથ જેવા અનેક પરીબળો ભાગ ભજવતા હોય છે.

આ પ્રકરણમાં સંશોધકે અભ્યાસ હેઠળ પસંદ કરેલ ૨૫૦ ઉતરદાતાઓનો આર્ટ ઑફ લિવીંગ વિષેના અનુભવો સભાનતા, જાગૃતિ તથા તેની અગ્રિમતાને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આર્ટ ઑફ લિવીંગમાં જોડાયેલા બાદ ઉતરદાતાના જીવન ઉપર અને તેના કુટુંબના સભ્યો ઉપર કેવી અસરો થઈ છે તેને કારણે શું પરીવર્તન આવ્યુ છે તેને જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમજ સમાજજીવન ઉપરની અસરો અંગેના ઉતરદાતાના અભિપ્રાયો શું છે તેને પણ તપાસેલ છે.

### ૬.૨ આર્ટ ઑફ લિવીંગનો પરીચય :

આ એક એવી સંસ્થા છે. જેમાં સર્વધર્મના લોકો જોડાયેલ છે અને તેના સંસ્થાપક શ્રી શ્રી રવિશંકર છે આ સંસ્થા ૨૭ વર્ષના ટૂંકાગાળામાં ૧૫૫ દેશોમાં પાંચ વિભાગમાં ૨ કરોડથી વધુ લોકો આ સંસ્થા સાથે જોડાયેલા છે.

આ સંસ્થા દ્વારા વ્યકિતને માનસિક શાંતિ અને તે માટેની પ્રવૃતિઓ કરવામાં આવે છે. તેમજ સમાજના વંચીત સમૂહો જેવા કે સ્ત્રીઓ, ગામડાના પછાત જ્ઞાતિના ગરીબ લોકો માટેની સશક્તિકરણના અનેક કાર્યક્રમો ચાલે છે. આ ઉપરાંત જેલના કેદીઓ આપતિ વ્યવસ્થાપન તથા આતંકવાદીઓને સુધારવા માટેની પ્રવૃતિઓ પણ ચાલે છે. આ ઉપરાંત

પર્યાવરણ જાગૃતિ અને જાહેર સ્વાસ્થ્ય માટેના પણ કાર્યક્રમો ચાલે છે. હાલમાં યમુના શુધ્ધિકરણ માટેનો પણ કાર્યક્રમ દિલ્હી ખાતે ચાલે છે આમ આર્ટ ઑફ લિવીંગ દ્વારા વ્યકિત કુટુંબ અને સમાજ સુધારણાનું અનેકવિધ પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે. જેમાં પ્રસ્તુત અભ્યાસના ઉતરદાતાઓ આવા અનેક વિધ સંસ્થા દ્વારા ચાલતા વિવિધ કાર્યક્રમો અંગેની કેટલી જાણકારી ધરાવે છે તેને આ જાણકારી કોના દ્વારા મળી અને તેને કેટલા અંશે તેઓ સક્રિય ભાગ ભજવે છે તેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.

ધર્મ અને ધાર્મિક સંસ્થાઓની ગાઢ અસર વ્યકિત ઉપર અને સમાજ ઉપર પડતી હોય છે. આર્ટ ઑફ લિવીંગ એ પણ એક ધાર્મિક સ્વૈચ્છિક સંસ્થા છે. જેમાં ઘણા લોકો સંકળાયેલ છે. જેની અસર લોકો ઉપર પડેલી જોવા મળેલી છે. જેની ચર્ચા પણ આ પ્રકરણમાં કરવામાં આવી છે.

## ૬.૨.૧ આર્ટ ઑફ લિવીંગની જાણકારી દર્શાવતું વર્ગીકરણ :

વર્તમાન સમયમાં કોઈપણ ક્ષેત્રમાં તેના પ્રચાર પ્રસાર માટે અનેક સાધનો ઉપલબ્ધ હોય છે. જેમકે પેપરમાં જાહેરાત, ટી.વી. દ્વારા, પેમ્પલેટ દ્વારા જાહેરાતો આપીને જે તે બાબતોનો પ્રચાર પ્રસાર કરવામાં આવતો હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં ઉતરદાતાઓને એક પ્રશ્ન પૂછેલ હતો કે આર્ટ ઑફ લિવીંગની જાણકારી તમને કોના દ્વારા મળી. જેના પ્રત્યુતરો નીચેના કોષ્ટકમાં જોવા મળે છે.

## કોષ્ટક નં. ૬.૧

## પંથ વિશેની માહિતી કયાંથી મળી તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | મિત્રો દ્વારા | ૧૨૯ | ૫૧.૬૦% |
| ૨ | કુટંબીજનો | ૯૧ | ૩૪.૪૦% |
| ૩ | ઔપચારિક માધ્યમ જેવા કે જાહેરાત, ઈન્ટરનેટ અને અન્ય | ૪૭ | ૧૨.૦૦% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે કુલ ઉતરદાતામાંથી ૧૨૯ (૫૧.૬૦) ઉતરદાતાઓ કે જેની સંખ્યા સોથી વધુ છે અને તેને અંગેની જાણકારી પ્રાપ્ત થઈ છે. જયારે બીજા નંબરે કુટુંબીજનો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હોય તેવા ૯૧ (૩૬.૪૦) ઉતરદાતાઓએ માહિતી પ્રાપ્ત કરેલ હતી, આ ઉપરાંત જાહેરાત દ્વારા કે ઈન્ટરનેટ દ્વારા કે અન્ય સ્થળે દ્વારા માહિતી પ્રાપ્ત કરી હોય તેવા ૪૭ ઉતરદાતાઓ જેમાં મળ્યા છે. જે દર્શાવે છે કે આર્ટ ઓફ લિવીંગ અંગેની જાણકારી માટે ઔપચારિક માધ્યમો કરતા અનઔપચારિક માધ્યમો દ્વારા જાણકારી મેળવેલી જોવા મળેલ છે.

### ૬.૨.૨ આર્ટ ઑફ લિવીંગમાં શા માટે જોડાયા તે દર્શાવતું વર્ગીકરણ :

વર્તમાન સમયમાં કોઈપણ વ્યકિત અનેકવિધ પ્રવૃતિઓ કરે છે. સામાજીક, આર્થિક રાજનૈતિક તથા ધાર્મિક પરંતુ હંમેશા કંઈક મેળવવા માટે અથવા તો પોતાના પ્રશ્નોના સમાધાન મેળવવા માટે જુદા જુદા રસ્તાઓ અખત્યાર કરે છે. પ્રસ્તુત અભ્યાસના દરેક ઉતરદાતાને ઉપરના કોષ્ટકમાં જણાવ્યા મુજબ અનેકવિધ ક્ષેત્રે દ્વારા માહિતી પ્રાપ્ત થયેલ હતી. પરંતુ તેના સક્રિયતા તેને તપાસવા માટે અને તેના પાછળના કયા પરિબળો કામ કરે છે તેને જોવા માટે

સંશોધક દ્વારા ઉતરદાતાઓ આ પંથમાં માટે જોડાય છે. તેની માહિતી એકત્રીત કરવામાં આવી હતી. જે નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક નં. ૬.૨**

**પ્રવૃત્તિ/પંથમાં શા કારણે જોડાયા તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા |
|---|---|---|
| ૧ | માનસિક શાંતિ | ૨૧૮ |
| ૨ | આધ્યાતિમક માર્ગ આગળ વધવા | ૨૦૮ |
| ૩ | આરોગ્ય | ૨૦૧ |
| ૪ | અનુભવ મેળવવા | ૧૬૧ |
| ૫ | આકસ્મિક | ૨૭ |
| ૬ | વ્યવસાયિક જૂથ | ૨૯ |
| ૭ | અન્ય | ૨૨ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

ઉપરોકત કોષ્ટકમાં એકત્રિત માહિતીને તપાસતા જણાવ્યું છે કે પ્રસ્તુત અભ્યાસના ઉતરદાતાઓ અનેકવિધ કારણોને લીધે જોડાયેલા જોવા મળ્યા છે. જેમાં મહત્તમ ઉતરદાતાઓ માનસિક શાંતિ માટે (૨૧૬) આધ્યાત્મિક માર્ગ આગળ વધવા (૨૦૮) તથા આરોગ્યની જાળવણી માટે (૨૦૧) ઉતરદાતાઓ જોડાયેલા જોવા મળ્યા છે જયારે ૧૦૧ ઉતરદાતાઓ અનુભવ મેળવવા માટે (૨૯) ઉતરદાતાઓ વ્યવસાયિક જૂથના એકભાગ રૂપે તથા ૪૪ ઉતરદાતાઓ આકસ્મિક સંજોગોવસાત કે અન્ય પરિબળોને કારણે જોડાયેલા જોવા મળ્યા છે. જે દર્શાવે છે કે આર્ટ ઓફ લિવીંગ એ લોકોને માનસિક તંગદિલીમાંથી દૂર કરવાની પ્રવૃતિ

તથા ધ્યાન દ્વારા જે કરવામાં આવે છે તેને લીધે તથા ધાર્મિક બાબતો સાથે સંકળાયેલ હોવાના કારણે લોકો આ પ્રવૃતિમાં જોડાયેલા જોવા મળ્યા છે. જયારે ઘણા ઉતરદાતાઓ અનુભવ મેળવવા માટે અથવા તો અનેકવિધ કારણોસર જોડાયેલ જોવા મળ્યા છે.

## ૬.૨.૩ સંસ્થાના સ્થાપક વિશેની જાણકારી :આર્ટ ઓફ લિવિંગ

કોઈપણ સંસ્થાનો આધાર સંસ્થાના સ્થાપક અને તેના હેતુઓને ધ્યાનમાં લઈને સંસ્થાવિકાસ થતી હોય છે. દરેક સંસ્થાના સ્થાપક અંગેનું એક ચીત્ર માનસ પટ પર અંકિત થયેલું હોય છે.

આર્ટ ઓફ લિવિંગ એ એક ધાર્મિક સંસ્થા છે. જેના સ્થાપક શ્રી શ્રી રવિશંકરજી છે. ઉતરદાતાઓને શ્રી શ્રી રવિશંકરજી વિશે કરેલી જાણકારી છે અને તેઓ કેવા દૃષ્ટિકોણથી તપાસે છે તેને સમજવાનો પ્રયત્ન અહિ કરવામાં આવેલો છે.

પ્રસ્તુત અભ્યાસમાં ૨૫૦ ઉતરદાતાઓ શ્રી શ્રી રવિશંકરજી વિશે કેવા અભિપ્રાય ધરાવે છે તે અંગે પૂછતા અનેક વિધ પ્રતિભાવો પ્રાપ્ત થયા છે. મોટાભાગના ઉતરદાતાઓમાંથી શ્રી શ્રી રવિશંકરજીને આધ્યાત્મિક માર્ગદર્શક આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા તરીકે ઈશ્વરના અવતાર તરીકે વર્ણવે છે. જયારે કેટલાક લોકો તેમને એક સંત તરીકે કરૂણાના સાગર અને પ્રેરણાના સ્ત્રોત માને છે. કેટલાક ઉતરદાતાઓ ને વિશ્વ સદ્ગુરૂ તરીકે ઓળખ્યા છે. કેટલાક ઉતરદાતાઓએ તેમને ચુંબકીય પવિત્ર વ્યકિતત્વ ધરાવનાર વ્યકિત તરીકે ફાળવ્યા છે. તો કેટલાકે તેમને ગુરૂપદે સ્થાપ્યા છે. અને ઈશ્વર સુધી પહોંચવાનો માર્ગ મળ્યો હોય તેવું માને છે. જયારે કેટલાક ઉતરદાતાઓ તેમને વસુદેવ કુટુંબકમની ભાવના સંતી અને અવિરત પ્રેમ આપવા વિશ્વમાં ફેલાયેલું કાર્ય કરતા વિશ્વના દરેક જીવોનું કલ્યાણ કરવા ભગવાને લીધેલ અવતાર તરીકે ગણાવ્યા છે. જયારે કેટલાક લોકો એ ના પ્રણેતા પોતા ફ્રેન્ડ, ફિલોસોફર ગાઈડ અને માનવ કલ્યાણ માટે અસંખ્ય લોકોને તનાવ મુકત અને ચિંતા મુકત કરતા યોગ

શિરોમણી પણ ગણાવ્યા છે. જયારે કેટલાક ઉતરદાતાઓ જાદુગર કે ચમત્કારી વ્યકિત તરીકે પણ ગણાવ્યા છે. આ ઉપરાંત જીવન જીવવાની કળાના પ્રણેતા અને સુદર્શન ક્રિયાના શોધકર્તા તરીકે પણ જોયા છે.

આમ શ્રી શ્રી રવિશંકરજીને મહદ્ અંશે ઉતરદાતાઓ આધ્યાત્મિક ગુરૂ તરીકે અને માનવકલ્યાણનું કામ કરનાર વ્યકિત તરીકે ઓળખ્યા છે.

### ૬.૨.૪ આર્ટ ઓફ લિવિંગની જાણકારી દર્શાવતું વર્ગીકરણ :

સંશોધક દ્વારા ઉતરદાતાઓને પૂછવામાં આવ્યુ હતું કે આર્ટ ઓફ લિવિંગ વિશે તમે શું જાણકારી ધરાવો છો. અર્થાત તે અંગેના કેવા અભિપ્રાયો ધરાવો છો. આ પ્રશ્નોના પ્રત્યુતરમાં પણ વિભિન્ન મંતવ્યો જોવા મળ્યા છે. જે નીચે પ્રમાણે છે.

૧. આ એક એવી સંસ્થા છે જે પોતાની જાત ને ઓળખીને જીવન જીવવાની કળા સમજાવે છે.

૨. વ્યકિત અને કુટુંબના સભ્યો અને સ્વજન માટે હેલ્પ લાઈનનું કામ કરતી સંસ્થા છે.

૩. આ એક ઈન્ટટ સ્ટેશન સ્વૈચ્છિકની સંસ્થાછે જે ૧૪૫થી વધુ દેશોમાં ફેલાયેલ છે.

૪. આ એક સ્વૈચ્છિક સંસ્થા છે જે સાધના, સેવા, સત્સંગ દ્વારા દુનિયામાં પરીવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે.

૫. આર્ટ ઓફ લિવિંગ એ સમાજના બધા જ વર્ગના લોકો મળીને સેવાકીય પ્રવૃતિ કરે છે.

૬. કોઈપણ જ્ઞાતિ, જાતિ, ધર્મના ભેદભાવ વગર દિવ્ય સમાજનું નિર્માણ કરી જીવન વિશેનું આધ્યાત્મિક જ્ઞાનયોગ તથા સેવા અને સાધના દ્વારા માનવ

કલ્યાણની પ્રવૃતિઓ દ્વારા સમાજના ઉત્થાનનું કાર્ય કરે છે.

૭. રાષ્ટ્રીય અને સાંસ્કૃતિ વિચારધારાનો વળગીને માનવતા કોણ દ્વારા અનેકવિધ પ્રવૃતિઓ કરી વ્યકિત સમાજ અને રાષ્ટ્રમાં પરીવર્તન લાવનારી સંસ્થા છે.

૮. યુવાનોને વતનના માર્ગ જતા રોકવા ધરતીકંપ, સુનામી જેવી આપદાઓમાં ઘરવિહોણાને આસરો આપવો વ્યસનમુકિત કેન્દ્રો દ્વારા લોકોને વ્યસનમુકત કરવા ગામડાઓને દત્તક લઈ  વિવિધ યોજનાઓ લોકો સુધી પહોંચાડવાનું રસ્તો ભૂલેલાને રસ્તે પાછા વાળવાનું કાર્ય તથા પર્યાવરણ જાગૃતિ અર્થે અનુકરીણ જેવા અનેક કાર્યો કરતી લોકોમાં આનંદ અને ઉત્સહનું ઉજવાણુ ફેલાવતી એક વિશ્વવ્યાપી સંસ્થા છે. જેવો આધાર સ્તંભ એ ધર્મ છે. ટૂંકમાં આર્ટ ઓફ લિવિંગએ સર્મર્ગ ઉતરદાતાઓના મતે એક વિશ્વવ્યાપી સ્વૈચ્છિક સંસ્થા છે. કે જે વિશ્વકલ્યાણની માનવ કલ્યાણની અનેક પ્રવૃતિ કરે છે. તે ઉતરદાતાઓનું જાણવેલું છે.

## ૬.૨.૫ આર્ટ ઓફ લિવીંગની પ્રવૃતિઓ વિશેની જાણકારી અને ભાગીદારી દર્શાવતું વર્ગીકરણઃ

આર્ટ ઓફ લિવીંગ દ્વારા દરેક વયજુથની વ્યકિતઓ માટે અનેક પ્રકારના કાર્યોનું આયોજન કરવામાં આવેલું છે. અને તેના દ્વારા પ્રવર્તમાન સમયની પરિસ્થિતિમાંથી બહાર કાઢવાનું તેમજ યોગ્ય સમજ આપવામાં આવે છે. આ ઉપરાંત દરેક વયજૂથના બાળકો યુવાનો અને વૃદ્ધોને તેમની જરૂરીયાતો મુજબ માનસિક શાંતિ અને તંગદિલીમાંથી બહાર લાવી શકીએ. ખીલવવાનું કાર્ય વિવિધ કોર્ષ દ્વારા કરવામાં આવે છે. ઉતરદાતાઓ આ અંગે સંશોધક દ્વારા કયા કોર્ષની જાણકારી ધરાવે છે. અને કેટલે અંશે કંઈ પ્રવૃતિમાં ભાગ લીધો છે. તેની વિશેની માહિતી એકત્રિત કરવામાં આવે છે. તે નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

## કોષ્ટક નં. ૬.૩

## આર્ટ ઑફ લિવીંગના કોર્ષની જાણકારી અને ભાગીદારી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | જાણકારી | ભાગીદારી |
|---|---|---|---|
| ૧ | બેઝીક | ૨૫૦ | ૨૫૦ |
| ૨ | આર્ટ એકસેલ | ૧૬૪ | ૩૮ |
| ૩ | યશ | ૧૪૩ | ૧૪ |
| ૪ | એડવાન્સ | ૨૦૧ | ૧૦૧ |
| ૫ | ડી.એસ.એન. | ૧૮૫ | ૧૧૬ |
| ૬ | સહજ સમાધિ | ૧૫૦ | ૩૪ |
| ૭ | ટી.ટી.સી. | ૧૩૪ | ૧૨ |
| ૮ | શ્રીશ્રી યોગા | ૧૬૫ | ૫૧ |
| ૯ | યશ-પ્લસ | ૧૩૬ | ૧૧ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

ઉતરદાતાઓ દ્વારા કરેલી માહિતી ઉપરોકત કોષ્ટકમાં જોવા મળે છે કે બેઝીક કોર્ષ એ પાયાનો કોર્ષ હોવાથી દરેક ઉતરદાતાઓએ કરેલો જોવા મળે છે. આર્ટ એકસલ યસ અને યસ + ના કોર્ષ એ બાળકો અને યુવાનોની છે જેમાં ક્રમાનું સાર આર્ટ એકસેલ ૧૬૪ (૬૫%) યસ ૧૪૩ (૫૭.૨૦%) અને યજ્ઞાલય ૧૩૬ (૫૪.૪૦%) ઉતરદાતાઓ આ કોર્ષની જાણકારી ધરાવે છે. પરંતુ આ યુવાનોએ કોર્ષ કર્યો હોવા છતાં મોટાભાગના ઉતરદાતાઓ હોવાથી તેમાં તેઓ જોડાયેલ હોય આ કોર્ષ કરેલા હોય તેનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. જયારે એડવાન્સ અને ડી.એસ.એન. કોર્ષ બીજા તબકકાના કોર્ષ હોવાથી અને મોટાભાગના ઉતરદાતાઓ પણ કોર્ષ કરતા હોવાથી તેમની જાણકારી અને ભાગીદારીનું

પ્રમાણ વધારે જોવા મળે છે. જેમકે એડવાન્સ કોર્ષમાં ૧૦૧ તથા ડીએનમાં ૧૧૬ વ્યકિતઓ જોડાયેલી જોવા મળી છે. આ ઉપરાંત સહજ સમાધિ તથા યોગાના કોર્ષની જાણકારી ૫૦ થી ૬૦ ટકા ઉતરદાતાઓ ધરાવતા હતા. પરંતુ સહજ સમાધિમાં ભાગ લીધો ૩૪ ( ) ઉતરદાતાઓએ યોગની કોર્ષમાં ૫૧ ( ) ઉતરદાતાઓ જોવા મળેલ છે. જયારે ટીચર્સ ટ્રેનીક કોર્ષના જાણકારી કુલ ઉતરદાતાના ૧૩૪ ( ) માહિતી ધરાવતા હતા. પરંતુ તેના ભાગ લીધેલ ઉતરદાતાઓનું પ્રમાણ નહિવત જોવા મળેલ છે જે આ સંસ્થાના શિક્ષકો તરીકે કામ કરતા શિક્ષકોને તાલીમ આપવાનો કોર્ષ હોવાથી ઓછા ઉતરદાતાઓ ભાગ લીધો છે.

### ૬.૨.૬ શિક્ષણ :

શિક્ષણ એ વ્યકિતના સામાજીકરણની મહત્વની સંસ્થા તરીકે કામ કરે છે. શિક્ષણ વ્યકિતને સમાજના ધોરણો પ્રમાણે વ્યકિતઓ કેવા રીતે વર્તન કરવું તે શિખવે છે. જુદા જુદા તબકકાઓ દરમ્યાન ભારતમાં ઔપચારિક અને અનઔપચારિક શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તનો આવતા રહ્યા છે. વર્તમાન સમયમાં શિક્ષણ એ રાજય સરકારની સ્વૈચ્છિક સંસ્થાઓને શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા ગ્રાન્ટ પણ આપે છે. આજે ગ્રાન્ટેબલ સંસ્થાની સાથે સાથે સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે.

શિક્ષણમાં વ્યકિતને જીવન જીવવાની કળા અથવા તો સમાજઉપયોગી શિક્ષણ અપાય તેવી સમાજ અપેક્ષા રાખે છે. વિભિન્ન ક્ષેત્રોમાં શિક્ષણના સ્વરૂપ અને તેના અભ્યાસક્રમોમાં વિવિધતા જોવા મળી છે. વર્તમાન સમયમાં વિનયન વાણીજય અને વિજ્ઞાન, ચિત્ર કળા અને મનોરંજન ઉપરાંત વ્યવસાયિક અને ટેકનીકલ અભ્યાસક્રમ શિખવવામાં આવે છે. આર્ટ ઓફ લિવીંગ દ્વારા સમાજની જરૂરીયાત પ્રમાણે ભારત વિભિન્ન પ્રદેશોમાં પ્રાથમિકથી શરૂ કરીને યુનિવર્સિટી કક્ષાનું શિક્ષણ મેળવી શકે તે માટેના પ્રયત્ન કરવામાં આવે છે. જે નીચેના કોષ્ટકમાં દર્શાવિલ છે.

## કોષ્ટક નં. ૬.૪

### આર્ટ ઑફ લિવીંગ શૈક્ષણિક સંસ્થાની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | જાણકારી | ભાગીદારી |
|---|---|---|---|
| ૧ | શ્રીશ્રી રવિશંકર વિદ્યામંદિર | ૧૮૯ | ૪૬ |
| ૨ | સ્કોલરશીપ | ૫૯ | ૧૧ |
| ૩ | આયુર્વેદા કૉલેજ | ૧૨૯ | ૬ |
| ૪ | જર્નાલિઝમ | ૧૧૬ | ૦ |
| ૫ | ટ્રાયબલ સ્કૂલ | ૫૫ | ૬ |
| ૬ | વેદિક ગણિત | ૭૮ | ૨૦ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

ઉપરોકત કોષ્ટકમાં ઉતરદાતાઓને પૂછવામાં આવ્યુ કે આર્ટ ઓફ લિવીંગની શૈક્ષણિક વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો વિશેની જાણકારી કેટલી ધરાવો છો. તેના સંદર્ભમાં ૭૫% થી ૬૦% ઉતરદાતાઓ જણાવ્યું કે શ્રી શ્રી વિદ્યામંદિર વિશે જાણકારી ધરાવે છે પરંતુ તેમાંથી ૪૬ ઉતરદાતાઓજ તેનો લાભ લીધેલ છે. આ સંસ્થા દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને આપવામાં આવતી સ્કોલર શિપની માત્ર ૫૯ (૨૩.૬૦ ટકા) ઉતરદાતાઓ જાણકારી ધરાવે છે. આ એક જ ઉતરદાતાઓ તેનો લાભ લીધેલ છે. આયુર્વેદીક કોલેજની જાણકારી ૧૨૯ (૫૧.૬૯ ટકા) ઉતરદાતા જાણકારી ધરાવે છે. પરંતુ ફકત ઉતરદાતાઓ તેનો લાભ લીધો હતો. ભારત આયુષ્ય રેખામાં ૨૦૦૯ના અહેવાલ પ્રમાણે ૧૨૫મું સ્થાન ધરાવે છે. અને ભારતના લોકોનું સરેરાશ આયુષ્ય ૬૩ વર્ષનું જોવા મળ્યું છે. જે દર્શાવે છે કે ભારત એ લોકોના આરોગ્ય ઉપર ખૂબ ધ્યાન આપવાની જરૂર છે. સરકાર દ્વારા સ્ત્રીઓ બાળકોના આરોગ્ય ઉપર વિશેષ ભાર આપે છે. અને તેના દ્વારા અનેક કાર્યક્રમો ચલાવવામાં આવે છે.

અને ભારતની સંસ્કૃતિ એ ઘણી પુરાણી સંસ્કૃતિ છે. ચરક સંહિતા જેવા ગ્રંથોમાં અનેકવિધ યોગો માટેની ના અનેક ઉપચારો દર્શાવ્યા. આયુર્વેદ એ ભારતની એ સંસ્કૃતિના અંગ રહ્યું છે. વર્તમાન સમયમાં એલોપેથી, હોમિયોપેથી જેવી તત્કાલીક ઉપચાર પધ્ધતિને બદલે આયુર્વેદ અને નેચરોપથી જેવી પધ્ધતિઓ દ્વારા લોકોનું આરોગ્ય સુધરે અને લોકો સ્વસ્થ રહે તેના માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

આર્ટ ઓફ લિવીંગ દ્વારા પણ ભારતીય સંસ્કૃતિની પરંપરા પ્રમાણે લોકો સારૂ, સ્વસ્થ અને લાંબુ આયુષ્ય ભોગવી શકે તે માટે પુનઃલોકોને આયુર્વેદ તરફ વાળવા માટે શ્રી શ્રી આયુર્વેદ ટ્રસ્ટની રચના કરવામાં આવે છે જે ટ્રસ્ટ હેઠળ અનેક કાર્યક્રમો ચલાવવામાં આવે છે જેવા કે નાડી પરીક્ષણ, સગર્ભાસ્થ પરિક્ષણ જાગૃતિ મંચ ચિકિત્સા આદિવાસી મેડીકલ નર્સરી જેવા અનેક કાર્યક્રમો ચલાવે છે. જેમાં લોકોને આયુર્વેદ પધ્ધતિથી લોકોનું નિદાન કરીને તેનો ઉપચાર કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં ઉતરદાતાઓ આ અંગેની કેટલી જાણકારી ધરાવે છે અને તેનો કેટલો લાભ લીધો છે તેને તપાસવાનો પ્રયત્ન જર્નાલીઝમના કોર્ષ અંગે ૧૧૬ (૪૬.૪૦ ટકા) જાણકારી ધરાવે છે. પરંતુ તેના અન્ય ભાગીદારી એક પણ વ્યકિતની જોવા મળી નથી. જ્યારે આદિવાસીવાળા ગણીત માટે ઉતરદાતાઓને પૂછતા પ્રશ્ન ૫૫ અને ૭૮ ઉતરદાતાઓ જેની જાણકારી ધરાવતા હતા. પરંતુ તેની સક્રિય ભાગીદારી નહિવત જોવા મળી છે.

આમ આર્ટ ઓફ લિવીંગ દ્વારા વિવિધ પ્રકારના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આદિવાસી વિસ્તારની શાળાઓ અને ગ્રામીણ શાળાઓમાં ગરિબ વિદ્યાર્થીઓને ખૂબ નજીવા ખર્ચ શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત તેમજ જરૂરીયાત મંદોને કપડા, અનાજ, ભોજન, નોટબુક, પુસ્તકો તથા સ્કોલર શીપ આપવામાં આવતી હોય છે. પરંતુ ગુજરાતમાં આ અંગેની જાણકારી ખૂબ ઓછા લોકો ધરાવે છે. મોટાભાગના ઉતરદાતાઓને શ્રી શ્રી

વિદ્યામંદિર અંગેની જાણકારી મહદ્ અંશે જોવા મળી છે. ખૂબ ટૂંકા સમયમાં ઔરિસ્સા ખાતે શ્રી શ્રી રવિશંકર વિદ્યાપીઠની સ્થાપના થઈ રહી છે.

### ૬.૨.૭ આરોગ્ય :

કોઈપણ દેશના વિકાસનો આધાર જેને દેશના લોકોના આરોગ્ય કેટલું સારૂ છે કેટલું આયુષ્યરેખા ધરાવે છે. તેના ઉપર રહેલ છે. વ્યકિતની કાર્યક્ષમતાનો આધાર વ્યકિતગત આરોગ્ય ઉપર રહેલ છે. સંયુકત રાષ્ટ્ર સંઘના માનવ વિકાસના અહેવાલ મુજબ ભારત અને આરોગ્યની દૃષ્ટિએ ઘણું પાછળ છે. વ્યકિતના સ્વાસ્થ્યનો આધાર વ્યકિતના રોજબરોજ વર્તમાનવ્યવહારો, જીવનશૈલી, વ્યકિતની ટેવો તથા ઘરની સુવિધાઓ પર રહેલો છે. આ ઉપરાંત વ્યકિત કઈ જ્ઞાતિ, વર્ગ, માંથી આવે છે તથા રહેઠાણના સ્થળની પરિસ્થિતિ પણ તેમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ સંદર્ભમાં ભારતના લોકોનું સ્વાસ્થ્ય સારુ બને અને તેઓ આરોગ્યની સુવિધાઓ સરળતાથી પ્રસ્તુત કરી શકે તે માટેના પ્રયત્નો અનેક સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. નીચેના કોષ્ટકમાં કરવામાં આવે છે.

**કોષ્ટક નં. ૬.૫**

**આર્ટ ઑફ લિવીંગની આરોગ્ય વિષયની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | જાણકારી | ભાગીદારી |
|---|---|---|---|
| ૧ | આયુર્વેદ | ૧૬૭ | ૫૧ |
| ૨ | નાડીપરીક્ષણ | ૨૨૧ | ૧૨૪ |
| ૩ | પંચકર્મકેન્દ્ર | ૧૩૪ | ૧૪ |
| ૪ | સગર્ભા સ્ત્રી પરીક્ષણ જાગૃતિ અભ્યાસ | ૧૧૦ | ૩ |
| ૫ | ટ્રાયબલ મેડીકલ ડિસ્પેન્સરી | ૪૬ | ૨ |
| ૬ | મંત્ર ચિકિત્સા | ૫૧ | ૧ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

ઉપરોકત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે આર્ટ ઓફ લિવીંગ દ્વારા આયુર્વેદ પદ્ધતિથી ટ્રીટમેન્ટ થાય છે તે અંગેની જાણકારી ૧૬૭ (૬૬.૮૦ ટકા) લોકોને તેની જાણકારી છે. જ્યારે નાડીપરીક્ષણ અંગેની જાણકારી ૨૨૧ (૮૮.૪૦ ટકા) લોકો ધરાવે છે. અને સૌથી વધુ સરેરાશ ૫૦ ટકા લોકોએ તેનો લાભ પણ લીધેલો છે. આ સિવાય પંચકર્મ કેન્દ્ર અને સગર્ભાસ્થા પરીક્ષણ જાગૃતિ અંગેની ૧૩૪ (૫૩.૬૦ ટકા) અને ૧૧૦ (૪૪ ટકા) લોકો આ અંગેની જાણકારી ધરાવે છે. પરંતુ તેનો લાભ બહુ ઓછા લોકોએ લીધેલો છે. જ્યારે આદિવાસી મેડિકલ નર્સરી અને મંત્રચિકિત્સા અંગે પ્રસ્તુત અભ્યાસના ફકત ૧૮-૨૦ ટકા ઉતરદાતાઓ માહિતી ધરાવે છે અને તેનો લાભ પણ નગણ્ય લોકોએ લીધેલો જોવા મળ્યો છે.

**૬.૨.૮ સ્વાસ્થ્ય**

**કોષ્ટક નં. ૬.૬**

**સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમની જાણકારી ભાગીદારી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | જાણકારી | ભાગીદારી |
|---|---|---|---|
| ૧ | દૈનિક સ્વાસ્થ્ય | ૧૪૮ | ૪૧ |
| ૨ | જાગૃતિ કાર્યક્રમો | ૧૩૯ | ૨૧ |
| ૩ | વ્યસન મુક્તિ કેન્દ્ર | ૧૫૧ | ૨૯ |
| ૪ | માનસિક સ્વાસ્થ્ય ટ્રોમા રિલીફ કેન્દ્ર | ૫૮ | ૭ |
| ૫ | ઘર વિહોણા ઘર | ૧૨૪ | ૧૨ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

સ્વસ્થ જાગૃતિના કાર્યક્રમો પણ આર્ટ ઓફ લિવીંગ દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં ઉતરદાતાઓને આ અંગે પૂછતા જાણવા મળ્યું દૈનિક સ્વાસ્થ્યના કાર્યક્રમોની જાણકારી ૧૪૮

(૫૯.૨ ટકા) લોકો ધરાવે છે. તથા જેમાં ભાગ લીધેલા ઉતરદાતાઓ ફકત ૪૧ (૧૬.૪ ટકા) જોવા મળેલ છે. તેમજ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેની ૧૩૯ (૫૫.૬૦ ટકા) ઉતરદાતાઓ માહિતી ધરાવતા હતા. જ્યારે ૨૧ (૮.૪ ટકા) ઉતરદાતાઓએ ભાગ લીધો જોવા મળેલ છે. આજના યુગમાં વ્યસન એક સમાજની સમસ્યાઓ છે. જેમાં યુવાનો તથા બાળકો પણ વ્યસનનો ભોગ બને છે. તેની મુકિત માટે વ્યસનમુકિત કેન્દ્રોની સ્થાપના કરવામાં આવે છે. વ્યસનમુકિત કેન્દ્રોની જાણકારી ધરાવતા ૧૫૧ (૬૦.૨૪ ટકા) ઉતરદાતાઓ જોવા મળેલ છે. આ પ્રવૃતિમાં સેવા આપવા જોડાયેલ ૨૯ (૧૧.૬ ટકા) ઉતરદાતાઓ છે.

તેમજ માનસિક સ્વાસ્થ્ય માટે ટ્રોમારિલીફ કેન્દ્રો પણ મુખ્યત્વે કરીને કચ્છના ભૂકંપ અને સુનામી વખતે અસરગ્રસ્ત લોકોને આ સંસ્થા ચલાવે છે. જેની માહિતી ધરાવતા ૫૮ (૨૩.૨ ટકા) ઉતરદાતાઓ છે. અને જે ઉતરદાતાઓ એ ભાગ લીધેલ છે તેવા ૭ (૨.૮ ટકા) છે. આજના સમાજના એવા લોકો જે ઘર બનાવી શકે તેમ નથી. તેવા સમાજના વંચીત નિમ્નકક્ષાના લોકોને ઘર આપવા માટે આ સંસ્થા કાર્ય કરે છે. ઉતરદાતાઓ આર્ટ ઓફ લિવીંગની આ ઉતરદાતા ઘર વિહોણાના ઘર અંગે ૧૨૪ (૪૯.૬ ટકા) ઉતરદાતા માહિતી ધરાવે છે. તેમજ ૧૨ (૪૮ ટકા) ઉતરદાતાઓએ ભાગ પણ લીધેલ છે.

**૬.૨.૯ સત્સંગ :**

સતના અંગેની મસ્તી એટલે સત્સંગ. સત્સંગ કરવાની ઈચ્છા થાય તે ખરેખર ભાગ્યશાળી  છે. સેવા, સાધના, સત્સંગ અને જ્ઞાન આ ચાર જીવનના પાયા છે. એક પણ પાયા વગર ચાલે નહીં. સર્વ ધર્મના લોકો ભેદભાવ વગર એક પરિવારની જેમ મળે છે, કિર્તન કરે છે. સત્સંગ એટલા માટે જરૂરી છે કે સત્સંગમાં આપણે બધા જ એક જ ધૂન અથવા ભજન ગાઈએ છીએ. ત્યારે આપણા સૌનું મન જોડાય જઈ એક સમષ્ટિ મન બને છે અને વાતાવરણમાં એક નવી શકિતનો સંચાર થાય છે.

### કોષ્ટક નં. ૬.૭

### આર્ટ ઑફ લિવીંગના સત્સંગ વિશેની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | જાણકારી | ભાગીદારી |
|---|---|---|---|
| ૧ | જ્ઞાન સત્સંગ | ૨૨૦ | ૧૩૫ |
| ૨ | બાળ સંસ્કાર કેન્દ્ર | ૧૬૪ | ૩૪ |
| ૩ | અઠવાડીક સત્સંગ | ૨૨૧ | ૧૩૦ |
| ૪ | ફેસ્ટીવલ સેલીબ્રેશન સત્સંગ | ૧૬૮ | ૭૩ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

જ્ઞાન સંત્સગમાં લોકો જ્ઞાનની ચર્ચા વિચારણા કરે તથા પ્રશ્નોતરી કરીને પોતાના મનમાં ઉઠતા પ્રશ્નોનું સમાધાન મેળવે છે. ઉપરોકત કોષ્ટકના અર્થે ઉતરદાતાઓના જણાવ્યા પ્રમાણે ૨૨૦ (૮૮ ટકા) લોકો જાણકારી ધરાવે છે. તથા ૧૩૫ (૫૪ ટકા) ઉતરદાતાઓએ ભાગ લીધેલો છે. નાના બાળકોના જીવનમાં સંસ્કારનું સિંચન કરવા માટે બાળ સંસ્કાર કેન્દ્રોનું સંચાલન કરવામાં આવે છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે તથા સંસ્કૃતિ વિશે તથા ઉચ્ચ જ્ઞાન મેળવવા માટે બાળસંસ્કાર કેન્દ્રો જોવા મળે છે. ૧૬૪ (૬૫.૬ ટકા) ઉતરદાતાઓએ બાળસંસ્કાર કેન્દ્ર વિશે જાણે છે તથા ૩૪ (૧૩.૬ ટકા) ઉતરદાતાઓએ પોતાના બાળકો સાથે ભાગ પણ લીધો છે.

સપ્તાહમાં એકવાર સત્સંગ દરેક શહેરોમાં થતો જોવા મળે છે. અઠવાડીક સત્સંગમાં જોડાવાથી ધીમે ધીમે જીવનમાં ફેરફાર આવે છે. ઉતરદાતાના જણાવ્યા પ્રમાણે અઠવાડીક સત્સંગ વિશેની જાણકારી ૨૧૧ (૮૪.૪) ધરાવે છે. તથા ૧૩૦ (૫૨ ટકા) ઉતરદાતાઓએ અઠવાડીક સત્સંગમાં નિયમિત ભાગ પણ લીધેલો છે.

આર્ટ ઓફ લિવીંગમાં ભારતીય સંસ્કૃતિના વિવિધ તહેવારો જેવા કે દિવાળી, ક્રિસમસ, નવરાત્રી, શિવરાત્રી, જન્માષ્ટમી, પોંગલ, ડૉ. આંબેડકર જયંતિ, ૧૫ ઓગષ્ટ, ૨૬

જાન્યુઆરી, તથા ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકરની જન્મતિથિ નિમિત્તે સત્સંગનું આયોજન કરવામાં આવે છે. ૧૬૮ (૬૭.૨) ઉતરદાતાઓને તહેવારોની ઉજવણીના સત્સંગ વિશેની જાણકારી ધરાવે છે. તથા ૭૩ (૨૯.૨ ટકા) ઉતરદાતાઓએ તહેવારોની ઉજવણીના સત્સંગમાં ભાગ લીધો છે.

## ૬.૨.૧૦ રૂરલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ :

આશ્રમના રૂરલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ પાસ, ૧૮ થી ૨૫ વર્ષની વયના ગામડાના નવયુવકોને માટે ચાર મહિના માટેનું પ્રયોગાત્મક શિક્ષણ સાથે સાથે વ્યવહારિક જ્ઞાન અને માનવીય મૂલ્યોની સમજ આપવામાં આવે છે. એનો હેતુ ગ્રામિક યુવક-યુવતીઓ જે કંઈ રોજીરોટીના કામ કરતા નથી. તેમની કુશળતાનો વિકાસ કરી તેમને આર્થિક રીતે પગભર બનાવવાનો છે. તેમાં જુદા જુદા પ્રકારના કોર્સ હોય છે. ૧. મેન્યુફેકચરીંગ-વેલ્ડીંગ, ફેબ્રીકેશન, કાર પેઈન્ટીંગ, રંગકામ, ઈલેકટ્રીક વર્ગ, સુથારીકામ, ગ્રામ વિકાસ તાલિમ કાર્યક્રમ ગામડાઓમાં રોજગાર તેમજ ઉત્પન્ન થયેલી વસ્તુઓનું સંસ્થામાં જુદા જુદા કેન્દ્ર દ્વારા વેચાણ થાય છે.

## કોષ્ટક નં. ૬.૮

## આર્ટ ઑફ લિવીંગના રૂરલ ડેવલપમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ વિશેની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | જાણકારી | ભાગીદારી |
|---|---|---|---|
| ૧ | ગ્રામ વિકાસ તાલીમ કેન્દ્ર | ૧૪૮ | ૧૮ |
| ૨ | સુથારી કામ | ૫૯ | ૪ |
| ૩ | કડીયા કામ | ૪૫ | ૨ |
| ૪ | રંગ રોગાન | ૧૨૧ | ૪૮ |
| ૫ | ઈલેકટ્રીશ્યન | ૫૪ | ૩ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

ઉપરોકત કોષ્ટક ૬.૯ જાણાવ્યા પ્રમાણે ગ્રામ વિકાસ તાલીમ કાર્યક્રમની જાણકારી ધરાવતા ૧૪૮ (૫૯.૨ ટકા) ઉતરદાતા તથા ૧૮ (૭.૨ ટકા) ઉતરદાતાઓએ ભાગ લીધેલો છે. તથા સુથારીકામમાં ૫૯ (૨૩.૬ ટકા) ઉતરદાતાઓએ જાણકારી ધરાવે છે. જયારે ફકત ૪ (૧.૬ ટકા) ઉતરદાતાઓએ ભાગ પણ લીધો છે. કડીયાકામની પ્રવૃતિ વિશે ૪૫ (૧૮ ટકા) ઉતરદાતાઓ જાણકારી ધરાવે છે. તથા ૨ (૦.૮ ટકા) ઉતરદાતાઓએ ભાગ પણ લીધેલો છે.

ભારતીય સમાજએ કૃષિ આધારીત ગ્રામીણ સમુદાય છે. ભારતની ૭૦ ટકા વસ્તી ગામડાઓમાં વસવાટ કરે છે. સમાજની પરિસ્થિતિ અનેક પરિબળોને કારણે બદલાઈ રહી છે. સંયુકત કુટુંબને બદલે વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધી રહ્યું છે. ગ્રામીણ ઉદ્યોગો બ્રિટીશ શાસન દરમ્યાન પડી ભાંગ્યા હતા પરંતુ સ્વતંત્રતા બાદ સરકારે પંચવર્ષીય યોજનાઓ દ્વારા ગામડાઓનું પુનઃનિર્માણ સ્થાપન કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. વિભિન્ન યોજના દરમ્યાન ગ્રામ વિકાસ કાર્યક્રમો અનેક આપવામાં આવ્યા છે. જેનું અમીલકરણ સરકારી સંસ્થાઓ

અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે.

આર્ટ ઓફ લિવીંગ પણ સમાજમાં ગામડાઓના પુનઃસ્થાપન માટેના, યુવાનોને તાલીમ આપી સ્વરોજગારી તરફવાળવાના પ્રયત્નો કરવામાં આવે છે. આ સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસમાં ઉતરદાતા પાસેથી અંગેની માહિતી એકત્રીત કરવામાં આવી હતી.

○ સમાજમાં કેટલાક સમૂહો એવા છે જે સંજોગોનાં શિકાર બનેલા હોય છે અને તેના પરિણામ સ્વરૂપ તેમનું વ્યકિતગત તથા કૌટુંબિક જીવન વેરવિખેર થઈ જાય છે. એવો સમૂહ છે જેલના કેદીઓ કે જેઓ આવેશમાં આવીને પરિસ્થિતિના ભોગ બનીને સમાજના ધોરણોનો ભંગ કરી બેસે છે જેથી તેઓને જેલમાં મોકલવામાં આવે છે. ગુનો અને શિક્ષાએ બંને એકબીજા સાથે જોડાયેલી બાબત છે. માનવ સહજ સ્વભાવમાં વ્યકિત જાણે-અજાણે ગુના કરે છે અને તેનો દંડ ભોગવવો પડે છે. સમાજશાસ્ત્રમાં આવા જેલના કેદીઓના અભ્યાસો કરવામાં આવે છે. ગુનો અને શિક્ષાના સંદર્ભમાં સમાજમાં સમયાંતરે અભિગમોમાં પરિવર્તન આવેલા છે. એક સમય એવો હતો 'જેવા સાથે તેવા' નો વ્યવહાર થતો હતો. પરંતુ ઔદ્યોગિકરણની પ્રક્રિયાને કારણે ગુનાના સ્વરૂપો બદલાયા છે. વર્તમાન સમયમાં જેલમાં કેદીઓને સુધારવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે આર્ટ ઓફ લિવીંગ એ પણ જેલના કેદીઓને માનસિક શાંતિ મળે સારું, સહકારભર્યુ જીવન વ્યતિત કરી શકે તે માટેના પ્રયત્નો કરે છે.

રંગ રોગાન શીખવાડવાની પ્રવૃતિ વિશેની જાણકારી ધરાવતા ઉતરદાતા ૧૨૧ (૪૮.૪) તથા જેમાં ભાગ લીધેલ ઉતરદાતાઓ ૪૮ (૧૯.૨) છે. તથા ઈલેકટ્રીશયને વિશેના કોર્ષની જાણકારી ધરાવતા ઉતરદાતાઓની સંખ્યા ૫૪ (૨૧.૬ ટકા) છે જ્યારે ૩ (૧.૨ ટકા) ઉતરદાતાઓ ભાગ લીધેલ જોવા મળેલ છે. આ કાર્યક્રમો ગ્રામીણ સ્તરે ચાલતા હોવાથી અને

પ્રસ્તુત અભ્યાસના મોટાભાગના ઉતરદાતાઓ શહેરોમાં વસવાટ કરતા હોવાથી ગ્રામ વિકાસ કાર્યક્રમો અંગેની જાણકારી ધરાવતા હોય છે. પરંતુ તેનો લાભ લીધેલ જોવા મળ્યો નથી.

### ૬.૨.૧૧ તરછોડાયેલા સમૂહો માટેની પ્રવૃતિઓ :

સમાજમાં સૌથી વધુ તરછોડાયેલા જેલ કેદીઓના વિકાસને પોતાનું લક્ષ્ય બનાવી. વ્યકિત વિકાસ કેન્દ્રો સમગ્ર વિશ્વમાં જેલના કેદીઓ અંગેના કોર્ષ યોજી રહ્યો છે શિબિરમાં કેદી તેમજ જેલના કાર્યકરો બન્ને ભાગ લે છે જેને પરિણામે જેલનું વાતાવરણ બદલાય છે.

**કોષ્ટક નં. ૬.૯**

**વંચિત સમુહો માટેની પ્રવૃત્તિ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | જાણકારી | ભાગીદારી |
|---|---|---|---|
| ૧ | જેલના કેદીઓ માટેનો પ્રોગ્રામ | ૧૬૯ | ૨૫ |
| ૨ | સ્ત્રી સશક્તિકરણની વ્યવસાયિક પ્રવૃત્તિઓ | ૧૩૧ | ૭ |
| ૩ | ત્રાસવાદી સુધારણા પ્રવૃત્તિ | ૧૪૫ | ૬ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

ઉપરોકત કોષ્ટક ૬.૧૦માં જણાવ્યા પ્રમાણે જેલના કેદીઓ માટેના પ્રોગ્રામની જાણકારી ધરાવતા ઉતરદાતાઓ ૧૬૪ (૬૭.૬ ટકા) છે. તથા જે સ્વયંસેવક તરીકે સેવા આપે છે. તેવા ૨૫ (૧૦ ટકા) ઉતરદાતાઓએ જોવા મળ્યા છે.

### ૬.૨.૧૨ સ્ત્રી શકિતકરણના કાર્યક્રમો :

સહાય જૂથો દ્વારા બહેનોને સ્વાવલંબી બનાવવામાં આવે છે. સુનામીથી વિધવા થયેલ બહેનોને સિલાઈકામ, દ્વારા પર્સ, થેલા વિગેરે બનાવવાની તાલીમ આપી સ્વાવલંબી બનાવી.

○ ભારતીય સમાજમાં સ્ત્રીને શકિત સ્વરૂપે પૂજવામાં આવે છે. એક આદર્શ તરીકે સ્ત્રીનું

સ્થાન ઘણું જ ઉંચુ છે. તેને પૂજનીય ગણવામાં આવે છે. જુદા જુદા યુગોમાં સ્ત્રીઓની પરિસ્થિતિ બદલાતી રહી છે. મધ્યયુગ ને સ્ત્રીઓ માટેનો અંધકારયુગ ગણવામાં આવતો હતો પરંતુ બ્રિટીશ શાસનકાળના ઉતરાર્ધમાં અને સ્વતંત્રતા બાદ સ્ત્રીઓને પુરૂષ સમકક્ષ સ્થાન આપવા માટે અનેક પ્રકારના કાર્યક્રમો કાનૂનો બનાવવામાં આવ્યા છે. સમાજમાં પ્રવર્તતા કુરિવાજોને દૂર કરવાનો પ્રયત્ન થયો છે. વર્તમાન સમયમાં સ્ત્રી અને પુરુષ અને આર્થિક રીતે પગભર હોય તોજ સંસાર સારી રીતે ચાલી શકે તેના માટે પંચવર્ષિય યોજનાઓમાં વિવિધ અભિગમો દ્વારા સ્ત્રીઓને તેમના હકકો-અધિકારો આપી સ્ત્રીઓ સમાનતા અને સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકે યોજનાઓ બનાવવામાં આવી છે. જેમાં સૌથી મહત્વનું પાસું સ્ત્રીઓમાં શિક્ષણ અને આર્થિક સ્વાવલંબનને જાણી શકાય તેના દ્વારા જ સ્ત્રીઓ સમાન અધિકારો ભોગવી શકે તેમજ સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકે.

સરકાર દ્વારા સ્ત્રીસશકિતકરણ માટે શિક્ષણ, આરોગ્ય રાજકીય ક્ષેત્ર અને આર્થિક ક્ષેત્રમાં સ્ત્રીઓની ભાગીદારી વધે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ સ્ત્રીશકિતકરણના પ્રયાસો થાય છે જેમાં આર્ટ ઓફ લિવીંગ દ્વારા પણ અનેક કાર્યક્રમો ચલાવવામાં આવે છે.

લોકોની અપેક્ષા અને જરૂરીયાતો પૂર્ણ ન થતા લોકો ત્રાસવાદ જેવી અસામાજીક પ્રવૃતિઓમાં જોડાતા હોય છે જે સામાજિક વિઘટનની પ્રક્રિયા છે જેના દ્વારા વ્યકિત, કુટુંબ અને સમાજ માટે અનેક સમસ્યાઓ સર્જે છે.

સ્ત્રીસશકિતકરણની વ્યાવસાયિક પ્રવૃતિવિશેનું જ્ઞાન ધરાવતી ૧૩૧ (૫૨.૪) ઉતરદાતાઓ માહિતી દ્વારા છે તેમજ ૭ (૨.૮ ટકા) ઉતરદાતાઓએ ભાગ પણ લીધો છે. ત્રાસવાદ એ આજના દરેક દેશની એક સમસ્યા છે. ત્રાસવાદ ને નાથવા માટેના પ્રોગ્રામો આર્ટ ઓફ લિવીંગ સંસ્થા ચલાવે છે. ઉપરોકત કોષ્ટકમાંથી ૧૪૫ (૫૮ ટકા) ઉતરદાતાઓને

ત્રાસવાદી સૂધારણા પ્રવૃતિઓ વિશેની જાણકારી છે તથા ૬ (૨.૪ ટકા) ઉતરદાતાઓએ સ્વયંસેવક તરીકે તેમાં ભોગ પણ લીધો છે.

### ૬.૨.૧૩ જાહેર પ્રવૃતિઓ :

આર્ટ ઓફ લિવીંગ લોકોના જાગૃતિ લાવવાનું કાર્ય કરે છે. પર્યાવરણ જાગૃતિ અભિયાન તથા પ્લાસ્ટીકના ઓછા વપરાશ માટે શાંતિ માટેની, આપત્તી વ્યવસ્થાપનની પ્રવૃતિ સજીવ ખેતી તથા અનાથગ્રહો જેવી જાગૃતિ અને સભાનતા લાવનાર તથા સમાજની પ્રવર્તમાન સમસ્યાઓ તથા આકસ્મિક ઘટનાઓમાં સમાજને સહાયરૂપ થવા માટેની છે.

**કોષ્ટક નં. ૬.૧૦**

**જાહેર પ્રવૃત્તિની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | જાણકારી | ભાગીદારી |
|---|---|---|---|
| ૧ | પર્યાવરણ જાગૃતિ | ૧૮૦ | ૭૪ |
| ૨ | પ્લાસ્ટીકના ઓછા ઉપયોગ વિશેની માહિતી | ૧૭૧ | ૫૦ |
| ૩ | શાંતિ માટેની | ૧૯૯ | ૭૬ |
| ૪ | આપત્તિ વ્યવસ્થાપન પ્રવૃત્તિઓ | ૧૪૫ | ૨૯ |
| ૫ | સજીવ ખેતી | ૭૦ | ૧૮ |
| ૬ | અનાથ ગૃહ | ૮૩ | ૧૭ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

આ સંસ્થા તથા યુ.એન.ના સહયોગથી પર્યાવરણ જાગૃતી અભિયાન ૪૦ દેશોમાં કરી રહ્યા છે. તથા રાજકોટમાં પણ એક પર્યાવરણ ઉદ્યાન બનાવેલ છે. પર્યાવરણ જાગૃતિ અભિયાન જાણકારી ધરાવતા ૧૮૦ (૭૨ ટકા) ઉતરદાતાઓ હતા જ્યારે જેમાં ભાગ લીધેલ ૬૪ (૨૫.૬) ઉતરદાતાઓ હતા. પ્લાસ્ટીકનો ઉપયોગ ઓછો કરીને પર્યાવરણ બચાવ

અભિયાન આર્ટ ઓફ લવિંગ ચલાવે છે. પ્લાસ્ટીકનો ઓછો ઉપયોગ વિશેની માહિતીની જાણકારી ધરાવતા ઉતરદાતાઓની સંખ્યા ૧૭૧ (૬૮.૪ ટકા), જ્યારે ભાગ લીધેલ ઉતરદાતાની સંખ્યા ૫૦ (૨૦ ટકા) જોવા મળેલ છે. માનસિક શાંતિ માટેની પ્રવૃતિની જાણકારી ધરાવતા ઉતરદાતાઓ ૧૯૯ (૭૯.૬ ટકા) તથા ભાગ લેનાર ઉતરદાતાઓ ૭૬ (૩૦.૪) હતા.

આ ઉપરાંત સુનામી વખતે તથા ગુજરાતના ભૂજના ભૂકંપ વખતે માનસીક રીતે પડી ભાંગેલા લોકોને મદદરૂપ થયા હતા તેમજ ઘરવિહોણા લોકોને ઘરવખરીની પ્રાથમિક જરૂરીયાતો ઓવલી હતી. તેમજ કચ્છમાં અને તમિળનાડુમાં સુનામી પીડીતોને રહેઠાણની સુવિધા પુરી પાડવામાં આવી આ સંદર્ભમાં ઉતરદાતા અંગેની કેટલે અંશે જાગૃતિ હતી તેને તપાસવા ૬૮ ટકા લોકો આ અંગેની માહિતી ધરાવતા હતા. ૨૦ ટકા લોકોએ સક્રિય ભાગ લીધેલ હતો. વિવિધ આપતિઓ દરમ્યાન અનાથ થયેલા બાળકોને અનાથ ગૃહ શરૂ કરીને તેમના સર્વાંગી વિકાસ માટેના પ્રયત્નો સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આ અંગેની જાણકારી અભ્યાસમાં ૫૮ ટકા ઉતરદાતાઓ ધરાવતા હતા જ્યારે સક્રિય રીતે ભાગીદારી ધરાવતા ફક્ત ૧૧ ટકા ઉતરદાતાઓ જોવા મળે છે.

આ ઉપરાંત આર્ટ ઓફ લવિંગ દ્વારા કૃષિક્ષેત્રે પણ અનેકવિધ નવા પ્રયોગો કરવામાં આવે છે. જેમાં હાલમાં સજીવ ખેતીના પ્રયોગો માં પણ વિશેષ ભાર મૂકવામાં આવે છે.

## ૬.૩ વ્યક્તિગત-કૌટુંબિક અને સામાજિક અસરો :

પ્રસ્તુત વિભાગમાં સંશોધકે ઉત્તરદાતાની ધાર્મિક બાબતો કેવી કે દાન, ધર્માદા, વ્યસન પહેલાની પરિસ્થિતિ અને પછીની પરિસ્થિતિ, મુશ્કેલજનક પરિસ્થિતિ સમયના વર્તનની અને કોર્ષમાં જોડાયા પછીની પરિસ્થિતિ આર્ટ ઑફ લિવીંગની વિવિધ પ્રવૃત્તિમાં ભાગીદારીની ચર્ચા કરેલ છે તેમજ બાળકો અંગેના વિવિધ લાભો અંગેની જાણકારી તથા તેનાથી સંતાનોમાં

આવેલ પરિવર્તન વિશેષ છણાવટ કરવામાં આવી છે. તેમજ આ સંસ્થામાં જોડાયા પછી તેમજ વિવિધ કોર્ષ કર્યા પછી વ્યક્તિના વ્યક્તિગત વર્તનોમાં જીવનશૈલીમાં થયેલી અસરો કુટુંબમાં પતિ-પત્ની, બાળકો, માતા-પિતા સાથેના સંબંધો પર પડેલી અસરો અને પાડોશ અને વ્યવસાયિક સંબંધોમાં આવેલ પરિવર્તન અંગેની ચર્ચા કરેલ છે. ઉત્તરદાતા કેવી અનુભૂતિ ધરાવે છે અને સમાજના સામાજિક જીવનો ઉપર પડેલી અસરોને કેવા દૃષ્ટિકોણથી જૂએ છે. આ દરેક મુદ્દાની વિસ્તૃત છણાવટ સંશોધક દ્વારા આ વિભાગમાં કરવામાં આવેલ છે.

## ૬.૩.૧ દાન-ધર્માદા અંગેનું વિશ્લેષણ

ધર્માદા અંગેની વિગત ભારતમાં કર્મ પુર્નજન્મના સિધ્ધાંત અનુસાર દરેક વ્યક્તિ બીજા જન્મ માટે સારા કર્મો કરે છે અને તેના માટે દાન-ધર્માદા કરતા હોય છે.

સૌરાષ્ટ્ર પ્રદેશ એવો પ્રદેશ છે જેમાં ધર્માદાનું મહત્વ ખૂબ જ જાણાય છે. કહેવાય છે કે સૌરાષ્ટ્ર એ સંતસૂરાની ધરતી હોય અહીં દરેક લોકો પોતાની યથાશક્તિ પ્રમાણે દાન-ધર્માદામાં માને છે. આ ધર્માદા પછી એ રોકડ રકમ હોય કે કોઈ વસ્તુ સ્વરૂપે પણ જોવા મળે છે જેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક નં. ૬.૧૧**

**નિયમિત ઉત્તરદાતાઓ ધર્માદાઓની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ધર્માદો કરતા હોય તેવા | ૧૭૨ | ૬૮.૮ |
| ૨ | ધર્માદો ન કરતા હોય તેવા | ૭૮ | ૩૧.૨ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક જોતા કાર્ય અર્થે થતા ધર્માદા મહિમા કુલ ઉત્તરદાતામાંથી ૬૮.૮% ઉત્તરદાતાએ જણાવ્યું કે તેઓ ધર્માદામાં માને છે. જ્યારે ૩૧.૨% ઉતરદાતાઓએ જણાવ્યું

કે તેઓ ધર્માદામાં આસ્થા ધરાવતા નથી. આમ આર્ટ ઓફ લિવીંગમાં જોડાયેલ ઉત્તરદાતાઓમાં મોટાભાગનાં ઉતરદાતાઓ ધર્માદામાં માને છે જે દર્શાવે છે. આ કોર્ષમાં જોડાયેલ ઉતરદાતાઓમાં ધર્મ અને ધર્માદા પ્રત્યે હકારાત્મક વલણ જોવા મળેલ છે!

### ૬.૩.૨ દોરા ધાગામાં આસ્થા

જ્યાં નિરક્ષાણતાનું પ્રમાણ વધુ હોય ત્યા દોરા-ધાગા એટલે કે મુશ્કેલીઓ વખતે અંધશ્રદ્ધામાં આસ્થા પણ વધુ જોવા મળે છે. અહીં ઉતરદાતાઓમાં જોવા મળતી અંધશ્રદ્ધા અંગેનો અભ્યાસ કરવાં માટે તેઓને પ્રશ્નાવલી દ્વારા પ્રશ્ન પૂછી ને જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો જેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક નં. ૬.૧૨**

**દોરાધાગામાં માનતા હોય તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | દોરા-ધાગામાં માનતા હોય તેવા | ૨૨ | ૮.૮% |
| ૨ | દોરા-ધાગામાં માનતા ન હોય તેવા | ૨૨૮ | ૯૧.૨% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં અંધશ્રદ્ધા કે દોરાધાગા અંગેનો છે જેમાં કોઈપણ મુશ્કેલી વખતે ઉત્તરદાતાઓ અંધશ્રદ્ધાનો સહારો લે કે વિજ્ઞાનનો તે સ્પષ્ટ થાય છે તો ૯૧.૨% ઉત્તરદાતાઓએ જાણાવ્યું કે કોઈપણ મુશ્કેલીનો સામનો દોરાધાગા અંધશ્રદ્ધા નહી પરંતુ તેનો વૈજ્ઞાનિક અને વ્યવહારુ ઉપાય હોવો જોઈએ જ્યારે ૮.૮% ઉત્તરદાતાઓએ જાણાવ્યું કે તેઓ અંધશ્રદ્ધામાં માને છે. કારણ તેનાથી ચમત્કારીક બચાવ થયેલો છે. ઉપરોક્ત ટકાવારી જોતા આર્ટ ઓફ લિવીંગમાં જોડાયેલ ૯૧.૨% ઉતરદાતાઓ ઉચ્ચ ડીગ્રી હાંસલ કરેલ હોય જેવો સંપૂર્ણ વ્યવહારુ ઉકેલ અને વૈજ્ઞાનિક વલણ ધરાવે છે.

## ૬.૩.૩ વ્યસન અંગેની માહિતી

ભારતમાં સામાન્ય રીતે ગ્રામીણ સમુદાયમાં એક યા બીજા પ્રકારના વ્યસનો જોવા મળતા હોય છે. વર્તમાન સમયમાં શહેરોમાં પણ લોકો ભિન્ન ભિન્ન પ્રકારના વ્યસનો ધરાવે છે જે વ્યક્તિનો શારીરિક રીતે નાશ કરે છે.

આર્ટ ઓફ લિવીંગની વિશેષ સેવાકીય પ્રવૃતિમાં વ્યસન મુક્તિ પણ એક એવી પ્રવૃતિ કે ધ્યેય છે કે ઘણા ઉતરદાતાઓ કે જેઓ વ્યસન ધરાવતા હતા તે લોકો આ અભિયાનમાં જોડાયા હતા. ઉત્તરદાતાના વ્યસન અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક નં. ૬.૧૩**

**ઉત્તરદાતા વ્યસન કરે છે કે નહીં તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૦૯ | ૪૩.૬% |
| ૨ | ના | ૧૪૧ | ૫૬.૪% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

**કોષ્ટક નં. ૬.૩.૧૪**

**ઉત્તરદાતા કેવા પ્રકારનું વ્યસન કરે છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | બીડી-સિગારેટ | ૧૮ | ૧૬.૫૧% |
| ૨ | તમાકુ/પાન-મસાલા | ૪૩ | ૩૯.૪૫% |
| ૩ | દારૂ/તાડી પીવા | ૧૬ | ૧૪.૬૮% |
| ૪ | ગુટખા | ૧૮ | ૧૬.૫૧% |
| ૫ | અન્ય | ૧૪ | ૧૨.૮૪% |
| | કુલ | ૧૦૯ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક એ ઉત્તરદાતાનાં વ્યસન સંબંધી છે. આર્ટ ઓફ લિવીંગનું એક ધ્યેય વ્યસન મુક્તિ હોય. ૫૬.૪% ઉતરદાતાઓ વ્યસન ધરાવતા નથી. જ્યારે ૪૩.૬% ઉત્તરદાતાઓ વ્યસનમાં ચા નું વ્યસન ધરાવતા ૭.૨% ઉતરદાતાઓ છે. ૧૭.૨% ઉત્તરદાતાઓ તમાકુ વાળા મસાલા ખાય છે. ૬.૪% ઉત્તરદાતાઓ દારૂ કે તાડી પીવે છે. જ્યારે ૭.૨% ઉત્તરદાતાઓ ગુટખા ખાય છે. જ્યારે ૫.૬% ઉત્તરદાતાઓને અન્ય વ્યસન હોય જેની વિગત નથી મળી. આમ કુલ ૪૩.૬% ઉતરદાતા માટે વ્યસન ધરાવે છે.

### ૬.૩.૪ વ્યસન પાછળ ખર્ચાતા ખર્ચની વિગત

ઉ.દા. પાસેથી વ્યસન પાછળ થતા ખર્ચ અંગેની માહિતી મેળવવાનો પ્રયત્ન પ્રસ્તુત અભ્યાસ કરવામાં આવેલ છે.

જે ઉતરદાતાઓને કોઈપણ પ્રકારનું વ્યસન છે તેની વિગત અગાઉનાં કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે. વ્યસન પાછળ થયેલા ખર્ચ પાછળની વિગત તપાસતા જોવા મળ્યું છે કે આ ખર્ચની કુલ રકમ વર્ષે અંદાજિત ૨૯૨૦૪ રૂા. જેવું થવા જાય છે.

### ૬.૩.૫ આર્ટ ઓફ લીવીંગમાં જોડાયા બાદ કેટલા ઉત્તરદાતાઓએ કોઈપણ પ્રકારનું વ્યસન દૂર થયું છે કે નહીં તેની વિગત

આર્ટ ઓફ લીવીંગમાં જોડાયા બાદ કેટલા ઉત્તરદાતાઓએ કોઈપણ પ્રકારનું વ્યસન દૂર કર્યું અથવા આર્ટ ઓફ લીવીંગની પ્રવૃતિ દ્વારા કઈ રીતે તેઓ કાયમી વ્યસનમાંથી મુક્તિ મેળવી શક્યા જેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

### કોષ્ટક નં. ૬.૧૫

### આર્ટ ઑફ લિવીંગમાં જોડાવાથી જ તમારું વ્યસન દૂર થયું હોય તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | વ્યસન દૂર થયું છે. | ૮૪ | ૭૭.૦૬% |
| ૨ | વ્યસન દૂર થયું નથી. | ૨૫ | ૨૨.૯૪% |
| | કુલ | ૧૦૯ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગત મુજબ આર્ટ ઓફ લિવીંગમાં જોડાયા બાદ ૭૭.૬% ઉત્તરદાતાઓ કે જેઓ વ્યસન ધરાવતા હતા તેઓ વ્યસનમાંથી મુક્તિ મેળવી શકયા છે. જ્યારે ૨૨.૯૧% ઉત્તરદાતાઓ હજુ આ સમસ્યાની સામે લડત આપી રહ્યા છે જેઓ વ્યસનમાંથી મુક્તિ મેળવી શક્યા નથી.

### ૬.૩.૬ કૌટુંબિક સમસ્યા કે વિપરીત સંજોગોમાં પહેલા કેવું વર્તન કરતા હતા અને હાલ કેવું વર્તન કરો છો ?

આર્ટ ઓફ લિવીંગ એ વ્યક્તિને રોજબરોજની માનસિક તંગદિલીભર્યા જીવનમાંથી કેવી રીતે હળવા થવુ તે શીખવે છે. સંસારમાં વ્યક્તિને વ્યક્તિગત, કૌટુંબિક, સામાજીક સમસ્યાઓમાંથી પસાર થવું પડતું હોય છે ત્યારે તેવા સંજોગોમાં વ્યક્તિ ચિંતા, ક્રોધ, દ્વેષ, હતાશા જેવી પરિસ્થિતિમાંથી પસાર થતો હોય છે ત્યારે તેમાં આર્ટ ઑફ લિવીંગ એ મુશ્કેલભરી પરિસ્થિતિનો સ્વીકાર કેવી રીતે કરવો તે શીખવે છે તેના કારણે વ્યક્તિ તેમાંથી સરળતાથી બહાર નીકળી શકતી હોય છે.

અહિં આર્ટ ઓફ લિવીંગમાં જોડાયા પહેલા ઉતરદાતાઓની મુશ્કેલી વખતે તો કેવા પ્રકારનું વર્તણૂંક જોવા મળતી તેમજ કોર્ષમાં જોડાયા બાદ કેવુ વર્તન કરે છે તેની વિગત દર્શાવવામાં આવી છે.

### કોષ્ટક નં. ૬.૧૬

### કૌટુંબિક સમસ્યા કે વિપરીત સંજોગોમાં પહેલા અને પછી કેવું વર્તન કરે છે તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | પહેલાનું વર્તન | કુલ ઉત્તરદાતા |
|---|---|---|
| ૧ | ગુસ્સે થવું | ૨૦૧ |
| ૨ | હતાશા આવી જવી | ૧૫૨ |
| ૩ | મારવું | ૫૭ |
| ૪ | ભગવાનનું નામ સ્મરણ | ૧૩૯ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

### કોષ્ટક નં. ૬.૧૭

### કોષમાં જોડાયા બાદનું વર્તન દર્શાવતું કોષ્ટક

| ક્રમ | કોષમાં જોડાયા બાદનું વર્તન | કુલ ઉત્તરદાતા |
|---|---|---|
| ૧ | પરિસ્થિતિનો શાંતિથી સ્વીકાર | ૨૩૪ |
| ૨ | ધ્યાન કરવું | ૨૦૦ |
| ૩ | પરિસ્થિત્મિાંથી બહાનર નીકળવાનો પ્રયત્ન | ૧૮૩ |
| ૪ | અન્ય | ૦૫ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

ઉપરોક્ત કોષ્ટક જોતા ૨૦૧ ઉતરદાતાઓ કોઈપણ મુશ્કેલી વખતે ખૂબ ગુસ્સે થતા હતા ત્યારે ૧૫૨ ઉત્તરદાતાઓ માં હતાશા જોવા મળી હતી. ક્યારેક ગુસ્સે થઈને માર મારી લેતા હતા જેની સંખ્યા ૫૭ હતી જ્યારે ઈશ્વરનું સ્મરણ કરતા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૩૯ ઉત્તરદાતાઓ હતા.

જ્યારે કોર્ષમાં જોડાયા બાદ ૨૩૫ ઉત્તરદાતાઓ કોઈપણ મુશ્કેલીનો નીકાલ શાંતિપૂર્વક કરવા લાગ્યા હતા. જ્યારે ૨૦૦ ઉત્તરદાતાઓ ધ્યાનમાં બેસી જતા હતા. ૧૮૩ ઉત્તરદાતા ઓ આ પરિસ્થિતિમાં બહાર નીકળવાનો પ્રયત્ન અજમાવતા હતા. આમ, આર્ટ ઓફ લિવીંગનો હકારાત્મક પરિણામ દ્વારા મોટાભાગના ઉતરદાતાઓ હકારાત્મક અભિગમ અપનાવતા થયા હતા તેમ કહી શકાય.

### ૬.૩.૭ તમે સત્સંગમાં જાવ છો?

આર્ટ ઓફ લિવીંગનું એક મહત્વનું પાસુ આધ્યાત્મિક સંગીત અને સાધના છે. સત્સંગ દ્વારા કોર્ષમાં સક્રિય સભ્યો આ સત્સંગ નિયમિત માને છે કે કેમ તેની વિગત દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક નં. ૬.૧૮**

**સતસંગમાં જાય છે તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૩૪ | ૯૩.૬% |
| ૨ | ના | ૧૬ | ૬.૪% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

**કોષ્ટક નં. ૬.૧૯**

**સતસંગમાં કયારે જાય છે તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા |
|---|---|---|
| ૧ | નિયમિત | ૮૮ |
| ૨ | કયારેક | ૧૨૫ |
| ૩ | ધાર્મિક પ્રસંગોએ | ૮૨ |
| ૪ | ઈચ્છા થાય ત્યારે | ૩૩ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

ઉપરોક્ત કોષ્ટકમાં ૮૮ ઉત્તરદાતાઓ નિયમિત સત્સંગમાં જાય છે. જ્યારે ૮૨ ઉત્તરદાતાઓ ધાર્મિક પ્રસંગો પૂરતા જ સત્સંગને માણે છે ક્યારેક પોતાના મનથી જતા ઉત્તરદાતાઓ કે જેઓ સત્સંગમાં જોડાય છે તેવા ઉત્તરદાતાઓની ટકાવારી ૧૨૫ છે જ્યારે માત્ર ને માત્ર પોતાની ઈચ્છા હોય ત્યારે જ જતા ઉત્તરદાતાઓની ટકાવારી ૩૩ છે.

## ૬.૩.૮ તમારુ બાળક શાળાએ જાય છે ?

શિક્ષાણ એ સમાજની આધારશિલા છે. સુશિક્ષિત વ્યક્તિ એ સમાજની દિશાને સુવ્યવસ્થિત દિશામાં વાળી શકે છે! અહીં ઉત્તરદાતાઓને તેના બાળકો શાળાએ જાય છે. અભ્યાસમાં કેવો રસ ધરાવે છે તે અંગે પૂછવામાં આવ્યું હતું જેની વિગત નીચે મુજબ છે.

**કોષ્ટક નં. ૬.૨૦**

**ઉત્તરદાતાના બાળક શાળાએ જાય છે તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૫૫ | ૬૨ |
| ૨ | ના | ૩૦ | ૧૨ |
| ૩ | પ્રત્યુત્તર નથી | ૬૫ | ૨૬ |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

## કોષ્ટક નં. ૬.૨૧

### ઉત્તરદાતાના બાળકો કઈ શાળામાં જાય છે તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | આર્ટ ઑફ લિવીંગની સ્કૂલમાં | ૭ | ૨.૮% |
| ૨ | ખાનગી સ્કૂલમાં | ૧૪૦ | ૫૬.૦% |
| ૩ | સરકારીસ્કૂલમાં | ૮ | ૩.૨% |
| ૪ | પ્રત્યુત્તર નથી | ૯૫ | ૩૮% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક જોતા ઉત્તરદાતાના શાળાએ જતા બાળકોની વિગતમાં ૭ બાળકો કે જેઓ આર્ટ ઓફ લિવીંગ દ્વારા ચલાવવામાં આવતી શાળાએ ભણવા જાય છે જ્યારે ૧૪૦ ઉત્તરદાતાઓ પોતાના બાળકોને ખાનગી શાળાએ ભણાવે છે જ્યારે ૮ ઉત્તરદાતાઓ પોતાના બાળકોને સરકારી શાળામાં ભણાવે છે જ્યારે ૩૦ ઉત્તરદાતાઓ એ આ અંગે પ્રત્યુતર દર્શાવિલ નથી.

### ૬.૩.૯ બાળકોએ કરેલ આર્ટ ઓફ લિવીંગના કોર્ષની વિગત

ઉ.દા.ઓનાં બાળકો કે તેઓ પણ ક્યારેક આ પ્રવૃતિમાં રસ ધરાવે છે. મોટાભાગના ઉત્તરદાતાઓ પોતાના બાળકોને આર્ટ ઓફ લિવીંગનો કોર્ષ કરાવવા માંગતા હોય છે જેની વિગત નીચે મુજબ છે.

## કોષ્ટક નં. ૬.૨૨

## બાળકોએ આર્ટ ઑફ લિવીંગના કોર્ષ કર્યો છે તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | કોર્ષ કયો છે | ૧૦૧ | ૪૦.૪% |
| ૨ | કોર્ષ કર્યો નથી | ૬૨ | ૨૪.૮% |
| ૩ | પ્રત્યુત્તર નથી | ૮૭ | ૩૪.૮% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક જોતા જે ઉત્તરદાતાઓ પોતાના બાળકોને આર્ટ ઓફ લીવીંગનો કોર્ષ કરાવેલ છે તેની વિગતો ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ છે જે બાળકો આ કોર્ષમાં સામેલ થયા છે તેની સંખ્યા ૧૦૧ છે. જ્યારે કોર્ષ ના કરેલ હોય તેની સંખ્યા ૬૨ છે. આમ, ઉપરોક્ત કોષ્ટક જોતા મોટાભાગનાં ઉત્તરદાતાઓએ પોતાના બાળકોને આ કોર્ષમાં સામેલ કર્યા છે.

### ૬.૩.૧૦ બાળકોને સંસ્થા દ્વારા મળતી સ્કોલરશીપની વિગતો

ઉત્તરદાતા કે જેવોનાં બાળકોને ભણવાની માટેની આર્ટ ઓફ લિવીંગ સંસ્થા તરફ સ્કોલરશીપ મળે છે કે કેમ તે અંગેની વિગત નીચેનાં કોષ્ટકમાં દર્શાવેલ છે.

## કોષ્ટક નં. ૬.૨૩

## સંસ્થામાંથી સ્કોલરશીપ મળે છે કે કેમ તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧ | ૪.૪% |
| ૨ | ના | ૧૫૪ | ૬૧.૬% |
| ૩ | પ્રત્યુત્તર નથી | ૮૫ | ૩૪.૦% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક જોતા જે ઉ.દા.ઓને અહિં સવાલ કરવામાં આવેલ કે તેઓનાં બાળકોને આર્ટ ઓફ લીવીંગ સંસ્થા સ્કોલરશીપ મળેલ છે કે કેમ તેવા ઉતરદાતાઓની સંખ્યામાં ૧૧ ઉતરદાતાઓને સંસ્થા તરફથી પોતાના બાળકો આગળ ભણવા માટે સ્કોલરશીપ મળી છે જ્યારે ૧૫૪ ઉતરદાતાઓ આ સ્કોલરશીપનો લાભ મેળવી શક્યા.

## ૬.૩.૧૧ કાર્યકરો દ્વારા મળતા માર્ગદર્શનની વિગત

અહિં સવાલ એ કરવામાં આવેલ કે સંસ્થાનાં કાર્યકર દ્વારા તેઓના સંતાનોને અભ્યાસલક્ષી માર્ગદર્શન મળી રહ્યું છે કે કેમ? તે અંગેની વિગત નીચે દર્શાવેલ છે.

**કોષ્ટક નં. ૬.૨૪**

**સંતાનોને અભ્યાસલક્ષી માર્ગદર્શન મળે છે કે નહીં તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૦૧ | ૪૦.૪% |
| ૨ | ના | ૬૨ | ૨૪.૮% |
| ૩ | પ્રત્યુત્તર નથી | ૮૭ | ૩૪.૮% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક જોતા સંસ્થાનાં કાર્યકર્તાઓ દ્વારા ૧૦૧ ઉત્તરદાતાના બાળકોને આગળ શું અભ્યાસ કરવો તે અંગેનું માર્ગદર્શન મળેલ છે જ્યારે ૬૨ ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે તેઓને આ અંગેનું કોઈ માર્ગદર્શન પ્રાપ્ત થયેલ નથી. આમ, મોટાભાગનાં ઉત્તરદાતાઓએ હકારાત્મક જવાબ દર્શાવેલ છે.

## ૬.૩.૧૨ કોર્ષ દ્વારા બાળકોને થતા લાભ અંગેની વિગત

અહિં ઉતરદાતાઓને સંસ્થા દ્વારા જે સંતાનોને માર્ગદર્શન પ્રાપ્ત થયેલ તેનાથી કેવા પ્રકારનો કેટલો લાભ થયો તે અંગે પૂછવામાં આવેલ. કારણ કે આર્ટ ઓફ લિવીંગનું આ

કાર્ય માત્ર ને માત્ર જીંદગીને કેવી રીતે સરળતાથી મુશ્કેલી વિના જીવી શકાય તે અંગેનો હેતુ હોય આ અંગેની માહિતી ઉત્તરદાતાને પૂછવામાં આવી હતી જેની વિગત નીચે દર્શાવેલ છે.

## કોષ્ટક નં. ૬.૨૫

## કોર્ષથી સંતાનના અભ્યાસમાં કોઈ લાભ થયો છે તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ઘણો લાભ થયો છે. | ૧૦૧ | ૪૦.૪% |
| ૨ | મોટાભાગે લાભ થયો છે. | ૮૮ | ૩૫.૨% |
| ૩ | કોઈ જ લાભ નથી થયો. | ૪ | ૧.૬૦% |
| ૪ | પ્રત્યુત્તર નથી | ૫૭ | ૨૨.૮% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક જોતા જેઓએ જણાવ્યું કે તેઓના સંતાનને માર્ગદર્શન દ્વારા ખૂબ લાભ થયો છે તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦૧ છે જ્યારે મોટો લાભ થયો હોય તેવા ઉતરદાતાની સંખ્યા જોવા મળે છે. મોટેભાગે લાભ થયો છે તેની ટકાવારી ૩૫.૨ છે જ્યારે કોઈ લાભ પ્રાપ્ત ના થયો હોય તેવા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. જેના પ્રત્યુત્તર નથી તેવા ઉત્તરદાતાની સંખ્યા ૫૭ (૨૨.૮%) છે.

આમ, સંસ્થાનાં માર્ગદર્શન હેઠળ મોટાભાગ ઉત્તરદાતાઓને લાભ થયેલો છે.

### ૬.૩.૧૩ ગામમાં બાળ સંસ્કાર કેન્દ્ર છે ?

આર્ટ ઓફ લિવીંગની પ્રવૃતિમાં દિવસે ને દિવસે વિસ્તરતી જાય છે જેની વિગત જોતા ક્યાં ગામમાં બાળ સંસ્કાર કેન્દ્રો છે તેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક નં. ૬.૨૬**

**બાળ સંસ્કાર કેન્દ્ર વિશેની માહિતી જાણો છો કે નહીં તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૪૭ | ૫૮.૮% |
| ૨ | ના | ૩૭ | ૧૪.૮% |
| ૩ | પ્રત્યુત્તર | ૬૬ | ૨૬.૪% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક જોતા જે તે ગામમાં બાળ સંસ્કાર કેન્દ્રો છે તેની વિગત જોતા ૧૪૭ ગામમાં બાળકેન્દ્રો જોવા મળ્યા છે જ્યારે ૩૭ ગામમાં બાળકેન્દ્રો જોવા મળતા નથી. આમ, મોટાભાગનાં ઉત્તરદાતાએ જાણાવ્યું કે પોતાના ગામમાં બાળ સંસ્કાર કેન્દ્રો છે.

### ૬.૩.૧૪ તમારુ બાળક આ સભામાં જાય છે?

નાના બાળકો જે બાળસંસ્કાર કેન્દ્રોમાં જાય છે કે કેમ તે અંગેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવિલ છે.

**કોષ્ટક નં. ૬.૨૭**

**તમારું બાળક સભામાં જાય છે કે નહીં તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૭૦ | ૨૮% |
| ૨ | ના | ૮૫ | ૩૪% |
| ૩ | પ્રત્યુત્તર નથી | ૯૫ | ૩૮% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક જોતા ઉત્તરદાતાઓના ૭૦ બાળકો આ સભામાં જાય છે. જ્યારે ૮૫નો બાળકો સભામાં જતા નથી. જ્યારે નિયમિત જતા બાળકોની સંખ્યા ૨૧ છે જ્યારે ક્યારેક જતા બાળકોની સંખ્યા ૪૦ જોવા મળી છે.

### ૬.૩.૧૫ બાળકોમાં બાળસંસ્કાર દ્વારા આવેલ પરિવર્તન

અહિં ઉત્તરદાતા બાળસંસ્કાર કેન્દ્રમાં પોતાના બાળકોને મોકલતા હતા જેના બાળકોનાં સંસ્કારમાં પરિવર્તન જોવા મળે છે જેની વિગત નીચે દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક નં. ૬.૨૮**

**બાળ સંસ્કાર કેન્દ્રમાં જવાથી સંતાનમાં આવેલ પરિવર્તન દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા |
|---|---|---|
| ૧ | માતા-પિતા તથા શિક્ષકને આદર આપતો થયો. | ૯૦ |
| ૨ | પ્રાણાયામ-યોગાસન કરતો થયો. | ૭૦ |
| ૩ | આંતરિક શક્તિઓનો વિકાસ થયો. | ૮૧ |
| ૪ | શારીરિક શક્તિઓનો વિકાસ થયો. | ૬૯ |
| ૫ | કોઈ પરિવર્તન નથી આવ્યું | ૪ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

ઉપરોક્ત કોષ્ટક જોતા માતાપિતા તેમજ શિક્ષકોને આદર આપતા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ છે જ્યારે પોતાના ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ છે જ્યારે પોતાના બાળકો પ્રાણાયામ-યોગાસન કરતા થયા હોય તેવા બાળકોની સંખ્યા ૭૧ છે જે બાળકોની આંતરિક શક્તિમાં વિકાસ થયો હોય તેવા બાળકોની સંખ્યા ૮૧ છે જ્યારે શારીરિક શક્તિ વિકસી હોય તેવા ૬૯ ઉત્તરદાતા જોવા મળે છે. આ  સંસ્કાર કેન્દ્રો દ્વારા કોઈ પરિવર્તન ના આવ્યું હોય તેવા બાળકોની સંખ્યા ૪ જોવા મળી છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક જોતા મોટાભાગનાં ઉત્તરદાતાઓમાં હકારાત્મક પરિવર્તન આવેલ છે.

### ૬.૩.૧૬ આર્ટ ઓફ લિવીંગ દ્વારા સમસ્યા સમયની સહાય :

વ્યકિત જીવનમાં સુખ દુઃખની ઘટનાઓમાંથી પસાર થતી હોય છે. સંસાર ચક્રમાં વ્યકિતને ઘણાબધા પ્રશ્નો, સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે તે વ્યકિત કુટુંબ, મિત્રો, પડોશી તથા નજીકના સ્નેહીજનો કે આપ કોઈ રસ્તે પ્રશ્નોનું સમાધાન શોધતો હોય છે. ભૌતિક બાબતોની સાથે કયારેક ધર્મ કે ધાર્મિક સંસ્થાઓ વ્યકિતઓને સમસ્યામાંથી બહાર નીકળવામાં મદદ કરતી હોય છે. આ સંદર્ભમાં ઉતરદાતાઓને સંશોધક દ્વારા પૂછવામાં આવ્યું હતું કે આ પંથકમાં જોડાવાથી તમને તમારા પ્રશ્નોમાં મદદ મળતી હોય તેવું લાગે છે જેમાં ઉતરદાતાઓ દ્વારા જે પ્રત્યુતરો પ્રાપ્ત થયા તે નીચેના કોષ્ટકમાં દર્શાવિલા છે.

**કોષ્ટક નં. ૬.૨૯**

**પંથમાં જોડાવાથી ઉત્તરદાતાઓના પ્રશ્નોમાં મદદ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૩૮ | ૯૫.૨૦% |
| ૨ | ના | ૪ | ૧.૬૦% |
| ૩ | પ્રત્યુત્તર નથી | ૮ | ૩.૨૦% |
| | કુલ | ૨૫૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે ૨૫૦માંથી ૨૩૮ (૯૫.૨૦ ટકા) ઉતરદાતાઓએ જણાવ્યું છે કે તેઓને તેમની સમસ્યાના સમાધાન માટે માનસિક અને કયારેક નાણાકિય સહાય મળતી હોય છે. જયારે અન્ય ઉતરદાતાઓએ તેનો જવાબ ના માં આપેલ છે.

### ૬.૩.૧૭ ઉત્સવોમાં ભાગીદારી :

આર્ટ ઓફ લિવીંગ દ્વારા વર્ષ દરમ્યાન અનેક પ્રકારના ઉત્સવો ઉજવવામાં આવે છે. તથા યજ્ઞો કરવામાં આવે છે. જેવા કે શિવરાત્રી, નવરાત્રી, દિવાળી, ગાંધીજયંતિ, તથા રાષ્ટ્રીય તહેવારો ઉજવવામાં આવે છે.

## કોષ્ટક નં. ૬.૩૦

## ઉત્સવોની ભાગીદારી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | કુલ ઉત્તરદાતા |
|---|---|---|
| ૧ | હા | ૨૦૯ |
| ૨ | નિયમિત | ૭૨ |
| ૩ | કયારેક | ૧૩૩ |
| ૪ | ના | ૩૦ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

ઉત્સવોમાં અને યજ્ઞોમાં આ સંદર્ભમાં ઉતરદાતાઓને તેની ભાગીદારી વિશે પૂછતા જાણાવ્યું કે ૨૦૫ ઉતરદાતાઓ અર્થાત ૮૩.૬૦ ટકા ઉતરદાતાઓ તેમાં ભાગ લે છે. તેમાંથી નિયમિત રીતે ભાગ લેનાર ઉતરદાતાઓના સંસ્થા ૩૪.૫૦ જોવા મળી છે. જયારે ૬૪ ટકા ઉતરદાતાઓએ દર્શાવ્યું છે કે તેઓ કયારેક કયારેક કોઈક ઉત્સવોમાં ભાગ લેવા દરેક ઉત્સવોની માં નિયમિત ભાગીદારી હોય તેવું ઘણું જ ઓછું જોવા મળે છે. જયારે ૩૦ ઉતરદાતા (૧૨ ટકા) ઓએ તેમાં કયારેક ભાગ લિધા હોય તેવું જોવા મળતું નથી. અને ૧૧ ઉતરદાતાઓએ આ અંગેના પ્રત્યુતરો આપેલ નથી. જે ઉપરોકત કોષ્ટકમાં દર્શાવેલ છે.

### ૬.૪ આર્ટ ઓફ લિવીંગની અસરો :

ધર્મ એ વ્યકિતને અને સમાજમાં પરિવર્તન લાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ધર્મ વ્યકિતને ભવમાંથી મુકિત આપે છે. વ્યકિત ધાર્મિક મૂલ્યો પ્રમાણે વર્તન, વ્યવહારો, કરતાં હોય છે. દરેક સમાજમાં સામાજીક નિયંત્રાણને કાર્ય ૨ પ્રકારે થાય છે. (૧) કાયદાકીય રીતે (૨) સામાજીક ધાર્મિક ધોરાણો પ્રમાણે

જયારે વ્યકિત આ પ્રકારની ધોરણોનો ભંગ કોઇ ત્યાં વ્યકિતગત કૌટુંબિક સામાજીક વિઘટનની ઉદભવે તે જે વ્યકિતએ સમાજ માટે સમસ્યાઓ ઉભી કરે છે. મર્ટના સમાજીક ધોરણ ભંગના સંદર્ભમાં વ્યકિત તેના કેવી રીતે અનુકૂલન સાધે છે. તેના ૫ પ્રકારો દર્શાવિ છે જેમાં સમાજની સામાજીક ધાર્મિક સંસ્થાઓ અને વ્યકિતનું સામાજીક પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કયારેક આ સંસ્થાઓ દ્વારા વ્યકિતએ કેવી રીતે વર્તન કરવું તે રીતેનું માર્ગદર્શન આવે છે. જેને કારણે વ્યકિતગત જીવન શૈલીમાં તથા સમાજી ઉપર લાંબા ગાળે ગાઠ અસરો જોવા મળે છે.

## ૬.૪.૧ આર્ટ ઑફ લિવીંગની અસરો :

આર્ટ ઓફ લિવીંગના વિવિધ કોર્ષ તથા વિવિધ પ્રવૃતિઓની વ્યકિતના જીવન ઉપર, તેમજ કૌટુંબિક જીવન પણ સામાજીક જીવન ઉપર શું અસર પડે છે તે સમજવાનો પ્રયત્ન સંશોધક દ્વારા કરવામાં આવ્યુ છે.

પ્રસ્તુત અભ્યાસના ઉતરદાતાઓએ આર્ટ ઓફ લિવીંગમાં કેટલાક ઉતરદાતાઓન પ્રાથમિક કક્ષાઓની પ્રવૃતિમાં જોડાયેલ છે. તથા કેટલાક ઉતરદાતાઓ મોટાભાગના દરેક પ્રવૃતિઓ સંકળાયેલા જોવા મળ્યા છે. આ સંદર્ભમાં સંશોધકે ઉતરદાતાઓને તેમના વર્તન વ્યવહારમાં તથા તેમના અંગતજીવનમાં કેવી અસરો થઈ છે. તેને તપાસવામાં પ્રયત્ન કર્યો છે. જેની એના કોષ્ટકોમાં દર્શાવવામાં છે. મોટાભાગના ઉતરદાતાઓને તેમના અંગત જીવનમાં તેમની માનસીકતામાં પરિવર્તન આવ્યુ છે તેવું દર્શાવ્યું છે. જેમાં વ્યકિતમાં સમર્પણ ભાવ વિકસ્યો હોય તેવા ૮૬.૮૦ ટકા ઉતરદાતાઓ જોવા મળ્યા છે. બીજાને મદદ કરીને સંતોષ મળ્યા હોય અને ૮૩.૨૦ ટકા ઉતરદાતાઓ જોવા મળ્યા છે. જયારે નિર્ણય શકિતમાં વધારો થયો હોય તેવા ૮૭.૨૦ ટકા ઉતરદાતાઓ જોવા મળે છે. જયારે ૦.૨ ટકા ઉતરદાતાઓ દર્શાવ્યા છે. તેનાથી તેમના અંગત જીવનમાં કોઈ ભાવ છે તેવો નથી. આ ઉપરાંત ઉતરદાતાઓ આર્ટ ઓફ લિવીંગના બેઝીક , ડી.એસ.એન. આર્ટ એકસેલ, શ્રી શ્રી યોગ, દ્વારા યસ+,

જેવા અનેક પ્રકારના વિવિધ કોર્ષ કર્યા પણ તેના વ્યકિતગત જીવનમાં જીવનશૈલીમાં તેમની માનસિકતામાં કોઈ પરિવર્તન આવ્યુ છે કે તેમ તેને તપાસવાનો પ્રયત્ન કરેલ છે. જે નીચેના કોષ્ટકમાં દર્શાવિલ છે.

## કોષ્ટક ૬.૩૧

## આ કોર્ષ પછી આવેલ પરિવર્તન દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | કાંઈપણ નહીં | બહુ જ ઓછો | મધ્યમ | સારો | બહુ જ સારુ |
|---|---|---|---|---|---|---|
| ૧ | આ કોર્ષ કર્યા પછી તમારી કોઈ શારીરિક તકલીફમાં ફાયદો થયો છે ? કેટલા પ્રમાણમાં | ૧૧ | ૮ | ૩૭ | ૧૦૦ | ૮૮ |
| ૨ | તમારી શારીરિક તકલીફ માટે ડૉક્ટરે કોઈ ટ્રીટમેન્ટ સજેસ્ટ કરી હોય તો તેને માટે તમે સમય ફાળવો છો ? | ૨૮ | ૨૪ | ૪૧ | ૮૧ | ૪૧ |
| ૩ | શું તમે તમારી લાઈફ આનંદથી જીવો છો ? | ૩ | ૪ | ૩૦ | ૮૫ | ૧૩૦ |
| ૪ | શું તમને તમારી લાઈફ મીનીંગફૂલ લાગે છે ? | ૭ | ૩ | ૨૪ | ૮૫ | ૧૨૪ |
| ૫ | શું તમે કોન્સ્ટ્રેટ કરી શકો છો ? | ૮ | ૧૪૩ | ૩૨ | ૮૯ | ૯૪ |
| ૬ | શું તમે રોજ-બરોજની જીંદગીમાં સલામતી અનુભવો છો ? | ૧૦ | ૪ | ૩૨ | ૮૯ | ૧૦૮ |
| ૭ | શું તમને લાગે છે કે તમારી આસપાસનું વાતાવરણ સરસ છે ? | ૧૨ | ૬ | ૩૦ | ૯૫ | ૧૦૩ |
| ૮ | રોજીંદુ જીવન તમે ઉત્સાહપૂર્વક જીવો છો? | ૯ | ૪ | ૩૨ | ૮૨ | ૧૧૯ |
| ૯ | શું તમે તમારા શારીરિક દેખાવને બહુ સરળતાથી સ્વીકારો છો ? | ૧૦ | ૬ | ૨૨ | ૮૬ | ૧૧૮ |
| ૧૦ | તમે તમારીશોખની પ્રવૃત્તિ માટે સમય ફાળવી શકો છો ? | ૧૬ | ૨૪ | ૩૯ | ૭૩ | ૯૧ |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉતરદાતાએ દર્શાવ્યા પ્રમાણે જે ઉતરદાતાઓને શારીરિક તકલીફો હતી તે ઉતરદાતાઓને સંશોધક દ્વારા પૂછવામાં આવ્યું હતું કે તમે ડોકટરની ટ્રીટમેન્ટ માટે યોગ્ય સમય ફાળવ્યો છો કે કેમ આ કોર્ષ કર્યા પછી તમારી શારીરિક તકલીફોમાં ફાયદો થયો છે કે કેમ આ સંદર્ભમાં ૮૧ (૩૨ ટકા) ઉતરદાતાઓએ જણાવ્યું છે કે તેઓ પોતાના માટે સમય ફાળવી શકે છે. જ્યારે ફકત ૨૪ એટલે કે ૧૧.૨૦ ઉતરદાતાઓ પોતાના માટે સમય ફાળવી શકતા નથી. જ્યારે ૭૫.૨૦ ટકા ઉતરદાતાઓએ દર્શાવ્યું છે કે કોર્ષ કર્યા પછી તેમની શારીરિક તકલીફોમાં ઘણો ફાયદો થયો છે. જ્યારે ઉતરદાતાઓ પોતાની જીંદગી માટેના વલણોમાં કોઈપણ ફેરફાર થયો છે કે કેમ અને આનંદથી જીવી શકે છે કે કેમ તે સંદર્ભમાં ૮૬ ટકા ઉતરદાતાઓએ દર્શાવ્યું છે. આર્ટ ઓફ લવિંગના વિવિધ કોર્ષ કર્યા પછી તેમના જીવનનો દષ્ટિકોણ બદલાય ગયો છે. અને તેઓપોતાથી જીંદગીને આનંદથી જીવી શકે છે. તેમજ ૧૯૭ ઉતરદાતાઓએ અર્થાત ૭૮.૮૦ ટકા ઉતરદાતાઓને પોતાની જીંદગીના અસલામતીએ ડર હતો તેને બદલે હવે તેઓ પોતાના જીવનમાં સલામતી અનુભવવા લાગ્યા છે. જેના પરિણામ સ્વરૂપ ૨૦૧ ઉતરદાતાઓ (૮૦.૪૦ ટકા) એ પોતાનું જીવન ઉત્સાહપૂર્વક જીવવા લાગ્યા છે. અને તેમની આસપાસના વાતાવરણને જોવા માટેના દષ્ટિકોણ બદલાવે છે. તેવા ઉતરદાતાઓ ૭૯.૨૦ ટકા ઉતરદાતાઓ જોવા મળ્યા છે. અર્થાત આ ઉતરદાતાઓનુ પોતાનું જીવન પ્રત્યેનો દષ્ટિકોણ આસપાસના વાતાવરણ પ્રત્યેનો દષ્ટિકોણ બદલાયો છે. અને સરેરાશ ૮૦ ટકા જેટલા ઉતરદાતાઓએ કોર્ષ કારણે પોતાનું જીવન ખુશનુમા આનંદભર્યુ જીવી શકયા છે. આ ઉપરાંત ૮૧.૬૦ ટકા ઉતરદાતાઓએ પોતાના શારીરિક દેખાવનો સ્વીકાર કરવા લાગ્યા છે. તથા પોતાની સોપણી પ્રવૃતિ માટે ૧૬૪ (૬૫.૬૦ ટકા) ઉતરદાતાઓ સમય ફાળવી શકયા છે. અર્થાત જેવા છે તેવા પોતાની જાતનો સ્વીકાર કરીને પોતાની જીંદગીને જીવવા લાયક બતાવવા માટે પહેલા જે પોતાના શોધ માટે સમય ફાળવી

શકયા ન હતા તે સમય ફાળવી શકયા છે.

આમ ઉપરોકત કોષ્ટકના ઉતરદાતાઓના પ્રત્યુતર પરથી કહી શકાય કે આર્ટ ઓફ લિવીંગના કોર્ષ કર્યા બાદ વ્યકિતના આરોગ્ય વિશેની બાબતોમાં પરિવર્તન આવ્યુ છે. તેમનું જીંદગીમાંથી ભય અને અસલામતીની ભાવના ઘણે બધે અંશે દૂર કરી શકાયું છે. તેમજ દરેક વ્યકિતઓને પોતાની જીંદગી સારી રીતે સુંદર, ઉત્સાહપૂર્વક જીવી શકે તે પ્રકારનો બદલાવ આવે છે તેઓ પોતાના રોજ બરોજના જીવનમાં એકાગ્રતા કેળવી શકયા છે.

## ૬.૪.૨ સામાજિક સંબંધો પરની અસરો :

ભારતીય સંસ્કૃતિમાં વ્યકિતગત, કૌટુંબિક, સામાજિક સંબંધોને વિશેષ મહત્વ આપવામાં આવે છે. વ્યકિતગત સ્વતંત્રતાને બદલે કુટુંબમાં સહકારની ભાવના, ત્યાગપ્રેમ, બલિદાનની ભાવના વિશેષ જોવા મળે છે. પરંતુ બદલાતા જતા સામાજિક પરિવર્તનને કારણે વ્યકિતગત, કૌટુંબિક સંબંધોનું પરિવર્તન આવ્યું છે. વ્યકિતવાદ વધતો ગમો છે. ત્યારે આર્ટ ઓફ લિવીંગના વિવિધ કોર્ષ અને કલ્યાણકારી પ્રવૃતિઓમાં જોડાવાથી વ્યકિતના વ્યકિતગત વ્યવહારો અને સામાજિક સંબંધોમાં કેવા પ્રકારના પરિવર્તનો આવ્યા છે તેને તપાસવાથી પ્રયત્ન સંશોધક દ્વારા અહીં કરવામાં આવ્યો છે જેની વિગતો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

## કોષ્ટક ૬.૩૨

## આર્ટ ઑફ લિવીંગથી વર્તન વ્યવહારમાં કોઇ પરિવર્તનની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | કોઇ જ નહીં | થોડો ઘણો | ઘણો | સંપૂર્ણ |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યક્તિગત સ્વભાવ બદલાયો | ૩ | ૫૬ | ૧૩૦ | ૬૧ |
| ૨ | પતિ-પત્નીના સંબંધો | ૯ | ૪૪ | ૯૬ | ૭૨ |
| ૩ | બાળકો સાથેના સંબંધો | ૩ | ૩૫ | ૧૦૯ | ૭૫ |
| ૪ | માતા-પિતા સાથેના સંબંધો | ૮ | ૪૦ | ૧૧૫ | ૮૪ |
| ૫ | સગા-સંબંધી સાથેના સંબંધો | ૬ | ૪૮ | ૧૧૬ | ૭૩ |
| ૬ | પડોશ સાથેના સંબંધો | ૯ | ૪૬ | ૧૦૯ | ૭૪ |
| ૭ | વ્યાવસાયિક સંબંધો | ૯ | ૩૨ | ૧૦૦ | ૮૦ |
| ૮ | આત્મવિશ્વાસમાં વધારો | ૬ | ૩૧ | ૧૦૧ | ૧૧૧ |
| ૯ | માનસિક શાંતિ | ૪ | ૨૮ | ૧૦૫ | ૧૧૭ |
| ૧૦ | શ્રદ્ધા-વિશ્વાસ વધ્યા | ૮ | ૨૩ | ૧૦૨ | ૧૨૦ |
| ૧૧ | માનવતાવાદી વલણ વધ્યું | ૪ | ૨૮ | ૯૭ | ૧૧૫ |

**નોંધ : એક કરતા વધુ જવાબો મળેલ છે.**

ઉપરોકત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે ઉતરદાતાના વ્યકિતગત સ્વભાવમાં આવેલા પરિવર્તન અંગે પૂછતા ઉતરદાતાઓ દર્શાવ્યું છે કે ૧૯૨ (૭૬.૪૦ ટકા) ઉતરદાતાના વ્યકિત જીવનમાં પરિવર્તન આવ્યુ છે. જયારે ફકત ૩ ઉતરદાતાએ જણાવ્યું છે કે તેમના વ્યકિતગત સ્વભાવમાં કોઈ ફેરફાર થયો નથી. વ્યકિતગત સ્વભાવમાં ઉતરદાતાઓ જણાવ્યુ છે કે તેમનો ગુસ્સો આવવો સ્વભાવ, ચિડીયાપણું, શંકુચિત સ્વભાવ તથા નકારાત્મક દષ્ટિકોણ જે હતો

તેના બદલે હવે આ પ્રકારના સ્વભાવમાં પરિવર્તન આવ્યુ છે. વ્યકિતગત સ્વભાવ ઉપરોકત કૌટુંબિક સંબંધો વિશે પણ ઉતરદાતાઓને પૂછતા ઉતરદાતાઓએ દર્શાવ્યુ છે પતિપત્નીના સંબંધોમાં ૬૭.૨૦ ટકા નો ફેરફાર જોવા મળ્યો છે. જયારે ૪૪ ઉતરદાતાઓ આ ઉપરાંત વ્યકિતના આત્મવિશ્વાસમાં વધારો થયો છે. તેવું ૨૨૨ (૮૮.૮૦ ટકા) ઉતરદાતાઓ દર્શાવેલ છે. આ ઉપરાંત તેઓમાં માનવતા અહીં વલણમાં વધારો થયો છે. શ્રધ્ધાએ વિશ્વાસ વધ્યા છે આમ વ્યકિતગત સ્વભાવ ઉપરાંત વ્યકિતના આત્મવિશ્વાસ તથા વ્યકિતગત અને કુટુંબવિશે, પડોશવિશે અને સમાજ પ્રત્યેના વલણો અને માન્યતામાં પરિવર્તન આવે છે. દર્શાવ્યું છે કે થોડું ઘરનું પરિવર્તન આવ્યુ છે બાળકો સાથેના સંબંધોમાં ૨૮ અર્થાત ૭૩.૬૦ ટકા ઉતરદાતાઓએ દર્શાવ્યું છે કે તેઓ બાળકો માટે સમય ફાળવવા લાગ્યા છે. બાળકોને સમજવાનો પ્રયત્ન કરવા લાગ્યા છે. અને બાળકોની અપેક્ષાએ જરૂરીયાતો સંજોગવાનો પ્રયત્ન કરવા લાગ્યા છે. જયારે ૩૫ (૧૪ ટકા) ઉતરદાતાઓ થોડો ઘણે બાળકો સાથેના સંબંધોમાં સુધારો દર્શાવ્યો છે. આ ઉપરાંત માતા-પિતા સાથેના સંબંધોમાં વર્તમાન સમયમાં જયારે વ્યકિતવાદ તથા વ્યકિતગત સ્વતંત્રતાનુ પ્રમાણ વધતે જાય છે ત્યારે કૌટુંબિક ભાવના ઓછી થતા લોકોનું પ્રમાણ વધે છે. માતાપિતા સાથેના સંબંધો તથા અંગસંબંધોમ થતા સંબંધો ઘટતા જાય છે ત્યારે માતાપિતાના સંબંધોમાં જૂની કૌટુંબિક ભાવના વધે તેવા પ્રયત્નો આર્ટ ઓફ લિવીંગ નો કોર્ષ કરેલ ઉતરદાતાઓ કરવા લાગ્યા છે. આ ઉપરાંત ૧૮૯ (૭૫.૬૦)

વ્યકિતના કૌટુંબિક સંબંધો ઉપરાંત પડોશ સાથેના સંબંધો તથા વ્યવસાયિક સંબંધો વર્તન વ્યવહારનો આધાર રહેલો છે. કારણ કે વ્યકિત એ કુટુંબઉપરાંત પોતાનું મોટાભાગનો સમય એ પોતાના વ્યવસાય પાછળ ખર્ચે છે અને વ્યવસાયિક સંબંધોની ખબર વ્યકિતગત જીવન ઉપર તથા કૌટુંબિક સંબંધો ઉપર પડતી હોય છે. આ સંદર્ભમાં ઉતરદાતાઓને

સંશોધક દ્વારા પૂછવામાં આવ્યું કે આર્ટ ઓફ લવિંગમાં જોડાવાથી તેમના પડોશ સાથેના અને વ્યવસાયિક સંબંધોમાં કોઈ પરિવર્તન આવ્યું છે કે કેમ આ સંદર્ભમાં ઉતરદાતાઓએ જણાવે ૧૮૩ (૭૩.૨૦ ટકા) પડોશ સાથેના સંબંધમાં પરિવર્તન આવેલ છે. પડોશની મુશ્કેલી સમયે કે તેમની મુશ્કેલીના સમય દરમ્યાન પડોશ દ્વારા સાથ સહકારના પગલા વધ્યા છે. જયારે વ્યવસાયિક સંબંધમાં ૭૨ ટકા ઉતરદાતાઓએ દર્શાવ્યું છે કે તેમના સહકર્મચારી સાથેના સંબંધો, બદલાગ્યા છે, માન્યતાઓ તથા વર્તન વ્યવહારોમાં પરિવર્તન આવ્યુ છે. આ કોર્ષમાં કર્યા બાદ તેઓની કાર્ય ક્ષમતામાં વધારો થયો છે માનસિક તંગદિલીમાથી હળવાશ અનુભવવા લાગ્યાં છે. જેના પરિણામ સ્વરૂપ તેમના વ્યવહારિક સંબંધમાં પરિવર્તન આવેલું જોવા મળ્યું છે હવે તેઓ વ્યવસાયિક સંબંધોને બોજારૂપ ન ગણતા સહકારભર્યા વાતાવરણમાં વ્યવસાય કરી શકે છે.

આ ઉપરાંત આર્ટ ઓફ લિવીંગના અન્ય લોકોના સંપર્કમાં આવતાથી વ્યકિતના રહેણીકરણી, પહેરવેશ, ભાષા તથા વિચાર વર્તન ઉપરનું અસર થઈ છે તે અંગે સંશોધકે ઉતરદાતાઓને પૂછતા ઉતરદાતાઓએ જે પ્રત્યુતરો આપ્યા છે. એ કોષ્ટક નં. ૨૫ માં દર્શાવેલ છે. ઉપરોકત કોષ્ટક પરથી જોવા મળે છે કે ૨૩૦ (૯૨ ટકા) ઉતરદાતાઓનો વિચાર અને તેનમાં પરિવર્તન આવ્યુ છે. પરંતુ તેમના પહેરવેશ ઉપર અસર થઈ હોય તેવા ૪૮ ટકા ઉતરદાતાઓ જયારે ભાષા ઉપર અસર થઈ  હોય તેવા ૧૬૮ (૬૪.૬૦ ટકા) ઉતરદાતાઓ જોવા મળ્યા છે. ટૂંકમાં વ્યકિત આર્ટ ઓફ લવિંગમાં જોડાય છે તેને કારણે તેમના વિચાર વર્તન વ્યવહારઓ પહેરવેશ ઉપર પણ ફેરફાર જોવા મળે છે અને આ ઉપરાંત ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા પણ (૯૧.૬૦ ટકા) ઉતરદાતાઓમાં ફેરફારો જોવા મળ્યા છે.

સંશોધક દ્વારા ઉતરદાતાઓને જયારે પૂછવામાં આવ્યું કે ગુરૂજી સાથેની મુલાકાત આર્ટ ઓફ લિવીંગમાં જોડાવાથી કોઈ સમુદાયમાં જોડાયેલા હોવાની ભાવના કે તેની ભાગીદારી વિશે પૂછતા ઉતરદાતાઓએ જે પ્રત્યુતરો આપ્યા છે તેનું નીચેના કોષ્ટકમાં સંદર્ભ છે.

## કોષ્ટક નં. ૬.૩૩

## સંસ્થા સાથેના જોડાણની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | હા | ના | પ્રત્યુત્તર નથી આપેલ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ગુરુજીની મુલાકાત લીધેલા હોય તેવા | ૨૨૭ | ૪ | ૧૯ | ૨૫૦ |
| ૨ | ધર્મમાં જોડાવાથી તમે કોઈ સમુદાયના સભ્ય થયા હોય તેવું લાગે છે. | ૧૯૫ | ૪૪ | ૧૧ | ૨૫૦ |
| ૫ | આ સંપ્રદાયના સેવાકાર્યોમાં જોડાવ છો. | ૨૦૪ | ૩૨ | ૧૪ | ૨૫૦ |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી જોવા મળેલ છે કે ગુરૂજી સાથેની મુલાકાત કે તેમની વાતચીત ઉપરથી ૨૨૭ (૯૦.૮૦) ઉતરદાતાઓને માનસિક શાંતિ મળેલી જોવા મળે છે. જ્યારે ૦૪ ઉતરદાતાઓએ આનો પ્રત્યુતર ના માં આવેલ છે. જ્યારે ૧૯ ઉતરદાતાઓ કંઈ જવાબ આપ્યો નથી. ઉતરદાતાઓને સંશોધકે એમ પણ પૂછેલ કે આ સંપ્રદાયના સભ્ય હોય તેવું તમને લાગે છે તે સંદર્ભમાં પણ ૯૫ (૭૫ ટકા) ઉતરદાતાઓએ જ્યારે ૪૪ ઉતરદાતાઓએ હજુ સુધી સમુદાય ના સભ્ય થયા નથી. જ્યારે આર્ટ ઓફ લિવીંગની વિવિધ સેવાકાર્યમાં કેટલા ઉતરદાતાઓ જોડાયેલા છે તે અંગેની માહિતી એકત્રિત કરતા જોવા મળ્યું છે. ૨૦૪ (૮૧.૬૦ ટકા) ઉતરદાતાઓએ જોડાયેલા છે જ્યારે ૩૨ (૧૨.૮૦ ટકા) ઉતરદાતાએ જોડાયેલ નથી. જ્યારે ૧૪ ઉતરદાતાઓ આ અંગેનો કોઈ પ્રત્યુતર આપેલ નથી.

આ ઉપરાંત સંશોધક દ્વારા ઉતરદાતાઓને પૂછવામાં આવ્યું હતું કે આ સંપ્રદાય/પંથમાં જોડાવાથી તમે કેવી ભાવના અનુભવો છો. તે સંદર્ભમાં ઉત્તરદાતા દાતાઓ તરફથી જે પ્રત્યુતરો પ્રાપ્ત થયા તેમાં મહદ્ અંશે ઉત્તરદાતા દાતાઓએ નીચે પ્રમાણેના પ્રત્યુતરો આપેલ છે.

૧. માનસિક શાંતિ પ્રાપ્ત થઈ.

૨. આનંદમય અને સમર્પણની ભાવનાવાળું જીવન આપે છે.

૩. અવર્ણનીય તૃપ્તિ મળે છે.

૪. આ ધર્મ નથી સેવા સંસ્થા છે.

૫. આના દ્વારા સમગ્ર વિશ્વમાં બંધુત્વનું તનાવમુકત વાતાવરણ ઉભુ થયું છે. હકારાત્મક વર્તન અને લાગણી જીવન જીવવાની ભાવના ઉત્પન્ન થઈ છે.

૬. સ્વનિરીક્ષણ દ્વારા જીવનનો સંપૂર્ણ વિકાસ થશે અને નિર્ધારીત લક્ષ સુધી પહોંચી શકાશે.

૭. જીવનની મુશ્કેલ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવાની શકિત વિકસી છે.

૮. બીજાના ધર્મને ઓળખવા શિખ્યા છીએ.

૯. સ્થાનિક સાંસ્કૃતિક પ્રવૃતિમાં જોડાયા હોવાથી સમાજના સારા માણસોનો સંગઠનાત્મક કાર્યમાં સહાય કરતા હકારાત્મક સંસ્કારિત પ્રવૃતિમાં ભાગ લેતા હોય તેવો ભાવ ઉત્પન્ન થાય છે. તેવો ભાવ ઉત્પન્ન થાય છે.

૧૦. અલગ અલગ રસ્તા (દિશામાં) ચાલવા લોકોને ભેગા કરીને સાથે લઈને ચાલવાની ભાવના ઉત્પન્ન થાય છે.

૧૧. એકબીજા પ્રત્યે પ્રેમ, લાગણી અને સહકારની ભાવના કેળવાય છે.

૧૨. વિશાળ કુટુંબના સભ્ય બન્યા હોય તેમ લાગે છે.

૧૩. નબળા વર્ગના લોકોને સહાયરૂપ થવાની ભાવના કેળવાય છે. બધા ધર્મ માટે સન્માનની ભાવના આદરપૂર્વક સ્વીકાર અને સર્વધર્મ સમભાવની ભાવના વિકસે છે.

૧૪. ઈશ્વરના સ્વરૂપ અને તેની અંગભૂતિની પ્રતિતિ થાય છે. જ્ઞાતિવાદ-જાતિવાદ મૂડીવાદ અને વિખવાદરૂપ અલગ સમભાવ કેળવાય છે.

૧૫. મોક્ષના માર્ગ માટેના શાંતિની પ્રાપ્તી થઈ છે.

ટૂંકમાં આર્ટ ઓફ લિવીંગ અને વ્યકિતગત જીવન ઉપર બહુ ઘેરી અસર છોડેલી જોવા મળી છે. જેના દ્વારા વ્યકિતના ધાર્મિક વિચારો માનસિક વિચારો વલણો અને અન્ય વ્યકિતઓ પ્રત્યેના વલણોમાં પરિવર્તન આવેલું જોવા મળે છે.

### ૬.૪.૩ સમાજ જીવન પરની અસર :

દરેક સમાજમાં સમાજની જરૂરીયાતોને પરીપૂર્ણ કરવા માટે અનેક સામાજીક આર્થિક રાજનૈતિક, શૈક્ષણિક, તથા ધાર્મિક સંસ્થાઓ કાર્ય કરે છે. સમાજ સ્વાસ્થ્યના કાર્યત્મક બાદ જણાવ્યા પ્રમાણે સમાજની એક સંસ્થામાં પરિવર્તન આવતા સમાજના અન્ય એકમો કે સંસ્થાઓમાં પરિવર્તન આવે છે. દા.ત. અર્થ વ્યવસ્થામાં પરિવર્તન આવતા કુટુંબ વ્યવસ્થામાં પરિવર્તન આવે છે. વેબરના અભ્યાસ પ્રમાણે પ્રોટેસ્ટરના અર્થના લોકો વધુ કાર્યશીલ હોય છે. કારણ કે પ્રોટેસ્ટેન્ટ ધર્મમાં વ્યક્તિના રસને વિશેષ મહત્ત્વ આપવામાં આવેલ છે. કેથોલીક ધર્મમાં સંતોષની ભાવના વિશેષ જોવા મળે છે. તેમજ મોજ પ્રાપ્તી ઉપર વિશેષ ભાર મૂકાય છે. આમ રૂઢિવાદી વિચારસરણી હોવાને લીધે આર્થિક વિકાસમાં ગતિ ધીમી હોય છે. સ્વયં સમાજની પાંચેય સંસ્થાઓ પરસ્પરાવ લીધી છે. ભારતીય સંસ્કૃતિના હિન્દુ ધર્મના મૂલ્ય પ્રમાણે પણ વ્યક્તિ ધર્મ અને મોક્ષને વિશેષ મહત્વ આપે છે. પરંતુ સમાજની બદલાતી જતી પરિસ્થિતિમાં ધર્મનો સ્વરૂપણ બદલાયેલું જોવા મળે છે.

આર્ટ ઑફ લિવીંગ એ એક ધાર્મિક સેવા કરતી સંસ્થા છે. જે હિન્દુ ધર્મના પરંપરાગત મૂલ્ય ધોરણો અને વિચારોને નવા સ્વરૂપમાં સમાજ સમક્ષ મૂકવાનો પ્રયત્ન કરે છે. આ સંદર્ભમાં સંશોધકે જેવી રીતે આર્ટ ઑફ લિવીંગની વ્યક્તિગત અને કૌટુંબિક અસરોને તપાસી છે તેવી જ રીતે તેનીસમાજ ઉપર કેવી અસરો થઇ છે તે અંગે ઉત્તરદાતાઓએ કેવી લાગણી અનુભવે છે તેને તપાસવાનો પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસના

ઉત્તરદાતાઓ આ અંગેના તેમના જે પ્રતિભાવો છે તે નીચે મુજબના છે.

આર્ટ ઑફ લિવીંગ સમાજ પરિવર્તનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. સમાજના સભ્યોમાં વ્યક્તિગત સ્વાર્થને બદલે તેમની પ્રેમ અને સહકારની લાગણી વધુ છે. સમાજના સ્વરૂપમાં પરિવર્તન આવેલું છે. ઘણા લોકો વ્યસન મુક્ત થયા છે. ઘર વિહોણાને ઘર પ્રાપ્ત થયા છે. આપઘાતના કિસ્સાઓ ઘણા ઓછા થયા છે.

આ સંસ્થાની પ્રવૃત્તિઓથી સમાજમાં કૌટુંબિક જીવન, સામાજિક જીવન અને વ્યવસાયિક જીવનમાં સ્થિરતા વધે છે. તેના દ્વારા વ્યક્તિએ જીવન કેવી રીતે જીવવું તેનું જ્ઞાન આપવામાં આવે છે. તથા આત્મવિશ્વાસમાં વધારો કરે છે. તથા જીવનમાં પરિવર્તન આવે છે. આ સંસ્થા દ્વારા સમાજનું સંગઠન યોગ્ય રીતે થાય તેમાં દિવ્ય સમાજનું નિર્માણ કરવામાં આવે છે. સમાજ સ્વાસ્થ્ય અને સુરક્ષિત અને સુખી અને ધાર્મિક સંસ્કારોવાળો, નિરોગી પર્યાવરણના સંરક્ષણવાળો, ગુનારહિત સમાજ અને સમાજના લોકોમાં ઉત્સાહ વધ્યો છે. લોકો હળીમળીને રહેતા શીખ્યા છે. એકબીજાને મદદરૂપ થઈ ભાઈચારો કેળવ્યો છે. સમાજ અંધશ્રદ્ધાથી મુક્ત થઈ પ્રમાણિક સમાજ બન્યો છે. માનવીનું આર્થિક, સામાજિક અને માનસિક ઉત્થાન થયું. લોકોનું મનોબળ વધ્યું છે અને વ્યક્તિ કુટુંબને દુઃખ નહીં પરંતુ મુશ્કેલ સમજીને સામનો કરવા માટે હિંમત કેળવી છે. સમાજમાં વૃક્ષ રોપણ કરી પર્યાવરણ બચાવી રહ્યા છે. પ્લાસ્ટીક કે કે અંતે પર્યાવરણના જાગૃતિ આવી છે. લોકો સમાજની જવાબદારી લેવા માંડ્યા છે. સમાજમાં સામાજિક અને વૈચારિક ક્રાંતિની શરૂઆત છે. માનવીય મૂલ્યોનું સિંચન થયું છે. માનવતાવાદી વલણ વધ્યું છે. તથા સમાજ સુધારણાના અનેક કાર્ય થયા છે. લોકોના વાણી-વિચાર અને વર્તનમાં પરિવર્તન આવ્યું છે. જેને કારણે સમાજને એક દિશા મળી છે. અને સમાજમાં વ્યસનમુક્તિ સહકાર સેવા સમર્થન, આત્મીયતા, ઉત્સાહ, આનંદ, શાંતિ, સુખ, પ્રેમ, દયા અનેકગણા જેવા સદ્‌ગુણોનો વિકાસ થયો છે અને

ભારતના સમાજના લોકોમાં આધ્યાત્મિકતામાં વધારો થયો છે અને વિશ્વ શાંતિનો સંદેશ સમગ્ર વિશ્વમાં ફેલાવામાં આવ્યો છે. ટૂંકમાં આ સંસ્થા દ્વારા લોકોને આધ્યાત્મિકતાનો માર્ગ નવા સ્વરૂપે દિશાસૂચન કરીને સમાજમાં સુધારણાલક્ષી રચનાત્મક અને કાર્યાત્મક કાર્ય કરવામાં આવે છે. તેના દ્વારા વસુધૈવ કુટુંબકમની ભાવના ફેલાવીને દિવ્ય સમાજના નિર્માણ કરવાનો સ્વભાવ રહેલો છે. જેની અસરો વ્યક્તિગત અને કૌટુંબિક કક્ષાએ જોવા મળે છે.

## ૬.૫ ઉપસંહાર :

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે ઉત્તરદાતાઓ પાસેથી આ સંસ્થાની વ્યક્તિગત કક્ષાએ વર્તન વ્યવસ્થા, તેના વિચારો, વલણો, માન્યતાઓ, તેની જીવન શૈલીમાં શું અસર થાય છે તેને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આ ઉપરાંત કૌટુંબિક કક્ષાએ પતિ-પત્ની સંબંધો છે. બાળકો સામેના સંબંધો, માતા-પિતા સાથેના સંબંધો, સગાસંબંધીઓના સંબંધોમાં કેવું પરિવર્તન આવ્યું છે તેને દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પડોશી સાથેના સંબંધો તથા વ્યવહારિક સંબંધોમાં આવેલ પરિવર્તનનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. અને સમાજ જીવન પરની અસરોની વિશદ્ અને વિસ્તૃત છણાવટ કરવામાં આવેલ છે.

# પ્રકરણ : ૭

# કેશ સ્ટડીઝ


૭.૧ પ્રસ્તાવના

૭.૨ વૈયક્તિક અધ્યયનો

૭.૩ વૈયક્તિકનું અર્થઘટન

૭.૪ ઉપસંહાર

# પ્રકરણ : ૭

# કેશ સ્ટડીઝ

## ૭.૧ પ્રસ્તાવના

સામાજિક સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે અનેક પ્રયુક્તિઓ અને પ્રવિધિઓ જોવા મળે છે. માહિતી એકત્રીકરણના સાધનોનો આધાર સંશોધનનો વિષય, સંશોધનના હેતુઓ, અભ્યાસ ક્ષેત્ર, અને સંશોધનના એકમો ઉપર રહેલો હોય છે. સંશોધનમાં સંખ્યાત્મક અને ગુણાત્મક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુણાત્મક પદ્ધતિ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ગુણાત્મક પદ્ધતિઓમાં વ્યક્તિ તપાસ પદ્ધતિ, સમૂહ જૂથ ચર્ચા, ડાયરી, તથા ગૌણ દસ્તાવેજો ગણી શકાય. આ અભ્યાસ એ આર્ટ ઑફ લિવીંગમાં ભાગ લીધેલ ઉત્તરદાતાના જીવનમાં આવેલ પરિવર્તનને સૂચવેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રશ્નાવલી, નિરીક્ષણ અને મુલાકાત જેવી પ્રયુક્તિઓ તથા વ્યક્તિ તપાસ પદ્ધતિનો માહિતી એકત્રીકરણ માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે આર્ટ ઑફ લિવીંગની જુદી જુદી જ્ઞાતિ, જાતિ અને વર્ગની વ્યક્તિઓ ઉપર કેવી અસર થઈ છે તેને જાણવા માટે અને ઉંડાણ પૂર્વક ગહન માહિતી એકત્ર કરવા માટે વ્યક્તિ અધ્યયનનો ઉપયોગ કર્યો છે. કુલ ૨૫૦ ઉત્તરદાતાઓ ઉપરાંત ૮ ઉત્તરદાતાઓને વ્યક્તિ અધ્યયન માટે પસંદ કરી તેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે. તથા સંશોધનના મુખ્ય પાસાને સમજાવેલ છે.

પ્રસ્તુત વ્યક્તિ અધ્યયનમાંથી પણ ઉત્તરદાતાઓ એવા છે કે જેઓ આર્ટ ઑફ લિવીંગને પોતાના જીવનમાં આત્મસાત કરેલ છે. અર્થાત તેઓ વધુ ઉંડી આધ્યાત્મિક સમજ ધરાવે છે. બીજું કે આ ઉત્તરદાતાના વ્યક્તિગત જીવનમાં આવેલા વિવિધ પરિણામો વધુ સ્પષ્ટતા સાથે જોઈ શકાય છે. પણ ઉત્તરદાતાઓ એવા પસંદ કરવામાં આવેલા છે જેઓ

આર્ટ ઑફ લિવીંગ સાથે છેલ્લા ૫ વર્ષથી જોડાયેલા છે. જ્યારે બે ઉત્તરદાતાઓ છેલ્લા ૧૫ વર્ષથી તેમની સાથે જોડાયેલા છે. આર્ટ ઑફ લિવીંગ માં જુદા જુદા સ્તરે સંકળાયેલી વ્યક્તિઓની પસંદગી કરવામાં આવેલી છે. જેમાં એક ૠષિજી, એક સ્વામીજી તથા બે ભારત કક્ષાના શિક્ષકો, આંતરરાષ્ટ્રીય કક્ષાના શિક્ષકો તથા ત્રણ સ્વયં સેવકોનો વ્યક્તિ અધ્યયનમાં સમાવેશ કરવામાં આવેલો છે. જેથી ત્રણ સ્તરની વ્યક્તિઓની ભૂમિકા, તેમનો દરજ્જો તથા તેમની જીવનમાં આવેલા પરિવર્તનને જોઈ શકાય છે. આ ઉપરાંત તેનાં વિવિધ જ્ઞાતિના ઉત્તરદાતાને પણ વ્યક્તિ અધ્યયન તરીકે સ્વીકારેલ છે.

ઉપર્યુક્ત ૮ ઉત્તરદાતાની માહિતીને મુખ્યત્વે કુલ ૪ ભાગમાં વહેંચવામાં આવેલ છે. પ્રથમ ભાગના ઉત્તરદાતાની વ્યક્તિગત તથા કૌટુંબિક પૃષ્ઠભૂમિકા અહીં રજૂ કરવામાં આવેલ છે અને કુટુંબનાં સભ્યોનો પ્રાથમિક પરિચય આપેલ છે.

બીજા વિભાગમાં આર્ટ ઑફ લિવીંગના કારણે વ્યક્તિગત જીવનમાં તેમના મૂલ્યો, માન્યતાઓ અને વલણોમાં શું પરિવર્તન આવેલ છે. તેમની જીવનશૈલી ઉપર શું અસર થઈ છે તેને તપાસેલ છે.

ત્રીજા વિભાગમાં આર્ટ ઑફ લિવીંગમાં જોડાવાથી કૌટુંબિક સંબંધો પરની અસર અને કુટુંબના સાથ-સહકાર અંગેની માહિતી પ્રાપ્ત કરેલ છે અને ચોથા વિભાગમાં આર્ટ ઑફ લિવીંગના વિવિધ કોર્ષ તેમજ સમયગાળો તથા સક્રિય ભૂમિકા અને સમાજ જીવન ઉપરની અસરો વિશેના સંશોધકના મંતવ્યો દર્શાવ્યા છે.

## ૭.૨ વૈયક્તિક અધ્યયનો

### (૧) ૠષિ નિત્યપ્રજ્ઞાજી સાથેની મુલાકાત :

કયારેક કોઈને જોતા જ એમ થાય કે એમની આંખોમાં એમનો આત્મા દેખાય છે ! શ્વેત વસ્ત્રો, લાંબા વાળ, પ્રેમથી નિતરતી આંખો, અને સમગ્ર સૃષ્ટિને ભરી દે એવી

પ્રફુલ્લિતતા. એક ક્ષણે એવું લાગે કે કોઈ બાળક પાસે બેઠું છે, તો બીજી જ ક્ષણે એક ગહન મંથનશકિત ધરાવતા સલાહકાર...! રહસ્યમય છતાં નિર્મળ સ્મિત સાથેનું એક અનુપમ વ્યકિતત્વ જે લોકોને હસાવે, રડાવે અને હજુ વધારેને વધારે લૂંટી લેવાનો તલસાટ જગાવે. એ જાદુઈ વ્યકિતત્વનું નામ છે, ઋષિ નિત્યપ્રજ્ઞા !!

શ્રી શ્રી રવિશંકરના એક અનોખા શિષ્ય જે વ્યકિત વિકાસ કેન્દ્રની શિબિરના ડાયરેકટર છે. આ હોદા પર રહીને તેઓ શિક્ષકો અને સ્વયંસેવકોને શિક્ષણ અને માર્ગદર્શન આપે છે.

મે ઋષિ નિત્યપ્રજ્ઞાજીની નવેમ્બર ૨૦૦૯માં નવી દિલ્હી ખાતે મુલાકાત લીધી. એમના જીવન વિશે તથા વ્યકિત વિકાસ કેન્દ્ર સાથેના તેમના અનુભવોની વિગત એકઠી કરી.

શ્રી શ્રી રવિશંકરનો સાથેના શરૂઆતના દિવસોમાં એક પ્રશ્નના ઉતરમાં શ્રી શ્રી એ કહેલું ''હું આ વિશ્વના દરેક ચહેરા પર સ્મિત જોવા ઈચ્છું છું. એક એવું સ્મિત, જે કોઈ પરિસ્થિતિ છીનવી ન શકે.'' બસ, આ એક જ વાકયમાં ઋષિ નિત્યપ્રજ્ઞાને તેમના જીવનનો ઉદ્દેશ મળી ગયો.

વ્યક્તિ વિકાસ કેન્દ્રના પરિચય પહેલા તેઓ શ્રી નિતીન લીમયેના નામથી ઓળખાતા હતા. તેઓ એક સફળ કારકિર્દી ધરાવતા કેમીકલ એન્જિનિયર હતા. નોકરી ઉપરાંત તેઓ એક સોફટવેર ડેવલપમેન્ટ કંપનીમાં ફાયનાન્સિંગ પાર્ટનર હતા. મોટરબાઈક રેસીંગ અને ગાયન, એ બંને એમનાપ્રિય શોખ હતા.

ઋષિ નિત્યપ્રજ્ઞાજીએ લગભગ ૭૦ થી વધારે દેશોમાં પ્રવાસ ખેડેલો છે. આ પ્રવાસ દરમિયાન તેમણે અનેક સંસ્થાઓમાં પ્રવચનો આપ્યા છે. જેમાં,

- પાર્લામેન્ટ ઓફ વર્લ્ડ રિલિજન્સ, કેપ ટાઉન, સાઉથ આફ્રિકા, ૧૯૯૯
- યુ.એન. મિલેનીયમ પીસ સમેટ, ન્યુયોર્ક ૨૦૦૨
- ધ ગ્લોબલ ધર્મા કોન્ફરન્સ, ન્યુજર્સી ૨૦૦૩

વગેરેનો સમાવેશ થાય છે.

ઋષિ નિત્યપ્રજ્ઞાજી ઈન્ટરનેશનલ ફોરમ ફોર વર્લ્ડ પીસ ફોર સ્પિરિચ્યુઅલ એન્ડ રીલીજીયસ લીડર્સ, ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડીયન મેનેજમેન્ટ એસોસિએશન સાથે સંકળાયેલા રહ્યા છે. તેઓએ ઈરાનની સૌ પ્રથમ યોગા અને મેડીટેશન કોન્ફરન્સ સંબોધી છે અને વિશ્વના લગભગ ૭૦ થી વધુ દેશોમાં તેઓ એક પ્રેરણાદાયી વકતા તરીકે મશહુર છે.

તેમની આત્મજ્ઞાનની પ્રાપ્તિ અને સમગ્ર વિશ્વ સાથે એ જ્ઞાનને વહેંચવાનો તેમનો ઉત્સાહ દિન-પ્રતિદિન વધતા જ જાય છે.

અહીં પ્રસ્તુત છે એમની સાથે પ્રશ્ન-ઉત્તરના અંશો.

**પ્રશ્નઃ તમે આ માર્ગ પર કઈ રીતે આવ્યા ?**

ઉત્તરઃ હું એક કેમિકલ એન્જિનિયર હતો અને જીવનનો ઉદ્દેશ શોધતો હતો. મે અનુભવ્યું કે આ શરતોને આધિન સમાજે આપણને આપેલું માળખું, એ જીવનનો ઉદેશ ન હોઈ શકે. મેં સતત પ્રયત્નો ચાલુ રાખ્યા અને શોધતો રહ્યો. આ શોધમાં મે ઘણા સ્થાનોની મુલાકાત લીધી એ સમયે મારામાં સાધારણ બુદ્ધિમતા હતી. જે અનુભવ કર્યા વગર કશું જ સ્વિકારવા તૈયાર ન હતી. આ ભાવના અને મારી શોધ મને અનેક સ્થળોએ લઈ ગઈ. હું શોધતો હતો ત્યારે કોઈએ મને આર્ટ ઓફ લિવીંગની માહિતી આપી. મેં તરત જ ઈચ્છા પ્રગટ કરી. એનો અનુભવ લેવાની. આ રીતે મારો સુદર્શન ક્રિયા સાથે પરિચય થયો. ફકત શ્વાસ લેવાની પ્રક્રિયા દ્વારા મને જે આનંદ, શકિત અને સ્પંદનોનો અનુભવ થયો, એ મને પહેલા કયારેય થયો નહતો.

મને વધુ જાણવાની ઉત્સુકતા જાગી અને મેં એડવાન્સ કોર્સ કરવાનું નકકી કર્યુ. આ કોર્સ દરમિયાન મારી મુલાકાત આર્ટ ઓફ લિવીંગના પ્રણેતા શ્રી શ્રી રવિશંકર સાથે થઈ. હું જયારે એમની સાથે હોઉ, ત્યારે મારી અંદર કશુંક વિસ્તરતું જતું હતું. આ અનુભૂતિ એ મને એમની લગની લગાવી દીધી.

મને એ પ્રસંગ બરાબર યાદ છે જ્યારે શ્રી શ્રી રવિશંકર જેમને લોકો પ્રેમથી ગુરૂજી કહીને સંબોધે છે. એક ૨૦,૦૦૦ લોકોની મેદનીને સંબોધી રહ્યા હતા. ત્યારે કોઈએ એમને પ્રશ્ન કર્યો, ''એક મનુષ્ય તરીકે લોકો જે કંઈ ઈચ્છે, તે બધુ તમે પ્રાપ્ત કરી ચુકયા હશો. છતાં, તમે આટલી મોટી જવાબદારી શા માટે લઈ રહ્યા છો ? આ બધુ તમે શા માટે કરી રહ્યા છો.''

ત્યારે ગુરૂજીએ બહુ જ સુંદરતાથી કહ્યું, ''હું આ વિશ્વના દરેક ચહેરા પર સ્મિત ઈચ્છું છું. એક એવું સ્મિત જેને કોઈપણ પરિસ્થિતિ છીનવી ન શકે.'' જયારે મેં આ સાંભળ્યું, ત્યારે હું ખૂબ રડયો.

મેં અનુભવ કર્યો કે મારા જીવનનું ધ્યેય કે ઉદ્દેશ પણ આજ છે. આ સિવાય કશું જ નહિ. હું ખુશ રહેવાનું શિખવા માંગું છું અને બધાને ખુશ કરવા માંગુ છું.

**પ્રશ્નઃ આ તો બોધિસત્વ જેવી કંઈ ભાવના છે, ખરુંને ? બોધિસત્વ એટલે કોઈ એવી પ્રતિજ્ઞા કહે કે જયાં સુધી બધાને પરમ સુખની અનુભૂતિ ન થાય, ત્યાં સુધી પોતે પાછા આવતા રહેશે.**

ઉત્તરઃ હા, જેમ મેં કહ્યું, મને જે ઉદેશ મળ્યો તે હતો બધા જ ખુશ થાય તે માટેની ઈચ્છા કે અપેક્ષા સુદર્શન ક્રિયા, શ્વાસની પ્રક્રિયા અને ધ્યાન એ સરળ, વાસ્તવિક ઓજારો હતા.

તમે કોઈપણ વ્યકિતને કોર્સમાં લાવો અને એ વધારે ખુશ, તંદુરસ્ત, વધારે હકારાત્મક, ઉત્સાહિત અને કોઈપણ પરિક્ષાનો સામનો કરવા તૈયાર હોય, એવા થઈને બહાર આવશે. આ વસ્તુઓ મને ખૂબ પ્રભાવિત કર્યો. મેં કહ્યું, ''મારે આર્ટ ઓફ લિવીંગ એટલે કે વ્યકિત વિકાસ કેન્દ્રના શિક્ષક બનવું છે.''

**પ્રશ્નઃ લોકોએ પોતાના અનુભવોમાં જણાવ્યું છે કે આ કોર્સ કર્યા પછી, તેમણે કાયાપલટ જેવો અનુભવ કર્યો છે. તમારુ આ વિશે શું માનવું છે ?**

ઉત્તરઃ કુદરત, કુદરતે એક ચેતનાનું સર્જન કર્યુ છે. કુદરત પાસે આ શરીરની રચના કરવાની પ્રતિભા છે. એ ચેતના જેણે શરીરનું સર્જન કર્યુ છે. એ ચેતના પાસે જ આ શરીરને સારૂ કરવાની શકિત છે. આ એવું કંઈ નથી કે જેને શરીરની નસોમાં પિચકારીથી ભરી શકાય. એ તો ત્યાં પહેલેથી છેજ. આપણે, આપણી અંદર એનું આહવાન કરવાની કે જગાડવાની જરૂર છે. આપણી અંદર ખુશી, ઉત્સાહ, પ્રેમ અને શકિતનો ખજાનો ભરેલો છે.

**પ્રશ્નઃ શ્વાસ આપણું જીવન છે એ જાણવા છતાં આપણે તેને ખુબ જ સહજતાથી લઈએ છીએ. છતાં તેમાં જીવનને જડમૂળથી પરિવર્તિત કરવાની શકિત છે?**

ઉત્તરઃ ઘણી વખત મને પણ લાગે છે કે લોકો, શ્વાચ્છોશ્વાસમાં બહુ કાચા છે. તેઓ એનું રહસ્ય જાણવા નથી. કે સમજતા નથી. ફકત શ્વાસમાં આપણને પ્રાણશકિત, ઓકિસજન આપવાની સક્ષમતા છે. એમાં મનને સાફ કરવાની ક્ષમતા છે. તમે કયારેય નોંધ્યું છે ? જયારે આપણા મનની સ્થિતિ બદલાય છે, ત્યારે આપણા શ્વાચ્છોશ્વાસની ગતિ પણ બદલાય છે. જયારે કોઈ વ્યકિત ગુસ્સે થાય છે, ત્યારે શ્વાસ તેજ થઈ જાય છે. જો એની એ જ વ્યકિત દુઃખી કે ઉદાસ હોય, ત્યારે શ્વાસ ''આહહ....'' એમ એકદમ ધીમી ગતિથી ચાલે છે.

જો તમે નોંધ્યું હોય, તો શ્વાસ આપણને લયમાં અને શાંત, આરામદાયી સ્થિતિમાં રાખે છે.

કુદરતે આપણને આ સુંદર નિર્ગમન વ્યવસ્થા આપી છે, જાણે વેકયુમ કલીનર. આપણે ફકત એને વ્યવસ્થિત રીતે વાપરતા શીખવાનું છે. આપણે શ્વાસનો ઉપયોગ કરતા, બિનજરૂરી ભાવનાઓને છોડતા, ભૂતકાળની બિનજરૂરી અસરમાંથી બહાર નીકળતા શીખવાનું છે અને જયારે મન આ નકારાત્મક ભાવનાઓ. નકારાત્મક ભાવનાઓ એટલે ગુસ્સો, દુઃખ,

અપરાધભાવ, ભૂતકાળ માટેનું દોષારોપણ અથવા ભવિષ્ય માટેની વ્યગ્રતા કે ડર, આપણી પોતાની ભૂતકાળની પ્રવૃતિઓ સાથે સંકળાયેલ હિન ભાવના કે પ્રધાનતા. એવી કોઈ પણ ભાવના જે તમારો આનંદ અથવા તમારી સભાનતા કે સંપૂર્ણતા છીનવી શકે. આ બધુ જ ફકત શ્વાસના ઉપયોગથી છોડી શકાય છે. આ કારણથી જ આ કોર્સનું નામ પણ વ્યકિત વિકાસ, એવું છે. આ એક કૌશલ્ય છે જેનાથી મનને સંભાળી શકાય. નકારાત્મક ભાવનાઓને ટાળી શકાય. તમારા મનને ફકત તમારા કાબુમાં જ રાખી શકાય. ફકત આટલું જ કરવાથી આપણી આ ક્ષણની જરૂરીયાતને સંતોષી શકાય. આપણે જયારે વર્તમાન ક્ષણમાં રહીએ ત્યારે ભૂતકાળના અનુભવોમાં વહી જવાથી, ટેવો અને નકારાત્મક ભાવનાઓથી બચી શકાય. આ પ્રક્રિયા એક સુંદર સાધન છે. તમે જો અશાંત, વ્યાકુળ કે પરેશાન હો, તો ફકત ૩-૪ મિનિટના શ્વાસથી જ તમારા મનને શાંત કરી શકાય છે.

**પ્રશ્નઃ આ એવું કંઈ છે, જે આખો દિવસ કરી શકાય ?**

ઉત્તરઃ આખો દિવસ. આ કોર્સનો પ્રથમ પહેલું શ્વાસ લેવાની પ્રક્રિયા છે. આ કોર્સનો બીજો પહેલુ જે મને વધુ રસપ્રદ લાગે છે, એ છે માનવ મન વિશેનો અભ્યાસ. જુદા જુદા લોકો એક જ અનુભવમાંથી પ્રસાર થાય, છતાં દરેક વ્યકિતની અનુભૂતિ અલગ અલગ હોય છે. ભલેને પરિસ્થિતિ અને અનુભવ એક જ હોય.

ઘણી બધી એવી આદતો હોય છે જે આપણા જીવન માટે હાનીકારક હોય છે. ઘણી બધી આદતો એવી હોય છે જે આપણા જીવનને ચલાવવા માટે ફાયદાકારક હોય છે. આ બંને આદતોને સમજવી, હાનીકારક આદતોને છોડવી અને ફાયદાકારક આદતોને અપનાવવી આ જ આર્ટ ઓફ લિવીંગ શીખવે છે.

**પ્રશ્નઃ એવા ઘણા સંશોધનાત્મક અભ્યાસ છે. જેનું તારણ સૂચવે છે કે સુદર્શન ક્રિયા દ્વારા ગ્લાનિ, વ્યાકુળતા વગેરેથી મુકિત મળે છે. આ શિબિર યુનિવર્સિટીમાં શીખવવામાં આવે છે. એ આપણા મનને પાછુ એ જ સ્થિતિમાં લાવે છે, જેવા આપણે જન્મ લીધો ત્યારે હતું-નિયમ પુસ્તિકા વગરનું. આપણે બહારથી જો વેકયુમ કલીનર લઈએ, તો એ પણ એને વાપરવાની નિયમ પુસ્તિકા કે યુઝર મેન્યુઅલ સાથે આવે છે મને એવું લાગે છે કે આપણા પોતાના મન માટેની સુચનાઓ યોગાભ્યાસથી આવે છે.**

ઉત્તરઃ એ સાચું છે. તમે ખરું જ કહ્યું, યુઝર મેન્યુઅલ. મને પણ લાગે છે, આ શિબિર એક નિયમ પુસ્તિકા જેવી છે, આપણા મન માટે, આપણા શરીર માટે, આપણી પોતાની જીંદગી માટે.

આ કોર્સ આપણા અસ્તિત્વના અલગ અલગ સ્તરો પર અલગ અલગ રીતે કાર્ય કરે છે. જો આપણે આપણા વ્યકિતગત અસ્તિત્વને જોઈએ, તો એના ૭ સ્તર છે. આ પ્રથમ સ્તર આપણું શરીર છે. બીજું સ્તર આપણો શ્વાસ. ત્રીજું સ્તર આપણા મનની ઉપસ્થિતિ. ચોથુ સ્તર એ બુદ્ધિ. જે સમજી શકે છે. જે બે વસ્તુઓ વચ્ચેનો તફાવત ઓળખી શકે છે. જે જીવન કેવી રીતે કાર્યરત છે, તે સમજે છે, બધી પ્રક્રિયાઓ પ્રવૃતિઓ કેવી રીતે થાય છે તે બુદ્ધિ છે. આપણા અસ્તિત્વનું પાંચમું સ્તર એ સ્મૃતિ છે. એ એક સંગ્રહસ્થાન જેવું છે. જાણે કોમ્પ્યુટરની હાર્ડ ડિસ્ક. એમાં હજારો જીવનકાળની છાપ કે પ્રભાવ એકઠા થયેલા છે. એમાં અલગ વિભાગો બનેલા હોય છે. ચેતન સ્મૃતિ અને કમ ચેતન સ્મૃતિ. ચેતન સ્મૃતિ એટલે, જયારે આપણને ઘટનાઓ, નામ અને આકાર, પ્રક્રિયા કેવી રીતે થઈ હતી, કોઈ વ્યકિત એ શું કહેલું, મેં શું કરેલું. આ બધુ યાદ રહે છે. ઘટના, આકાર અને નામ સાથે સંકળાયેલ સ્મૃતિ, એ ચેતન સ્મૃતિ છે. જયારે કમ ચેતન સ્મૃતિ છાપ કે પ્રભાવ એકઠા કરે

છે, કોઈ ઘટનાની અસર એકઠી કરે છે.

જો તમે નોંધ્યું હોય, તો લોકો ચેતન સ્મૃતિ વિસરી જાય છે. લોકો કોઈ ઘટના બનેલી, એ ભૂલી જાય છે. પરંતુ આ ઘટનાની અસર કોઈ આદત સ્વરૂપે, કોઈ ભાવનાના સ્વરૂપે રહી જાય છે. આ કમચેતન સ્મૃતિ આપણા પછીના જીવનકાળમાં પણ રહે છે.

**પ્રશ્નઃ સંસ્કાર, ખરું કે ?**

ઉત્તરઃ હા, સંસ્કાર. ઉદાહરણ તરીકે, તમે કોઈ ઘટના સંપૂર્ણપણે ભૂલી ગયા હો, પણ એની અસર રહી જાય છે. માનો કે જ્યારે તમે બાળક હતા ત્યારે તમારા પર ખૂબ ગુસ્સે થવું હોય કે સખ્તાઈથી વર્તતું હોય. આને લીધે તમે હવે આવું કંઈ જ સહન નહિ કરવાનું નક્કી કરી લીધું હોય. અમુક સમય પછી તમને આવો નિર્ણય શા માટે લીધેલા ? લોકોનું વર્તન, એ બધુ કદાચ ભુલાઈ જશે. પણ એ નિર્ણય એમ જ રહેશે. આ નિર્ણય તમારી આખી જીંદગી કાયમ રહેશે. ચેતન સ્મૃતિ બહુ જલ્દી ભુંસાઈ જાય છે પણ કમ ચેતન સ્મૃતિ કાયમ માટે રહી જાય છે. સુદર્શન ક્રિયામાં આ અર્ધચેતન સ્મૃતિનું શુદ્ધિકરણ થાય છે. જે સંસ્કાર કે કર્મ, આદતો, આનું બધા જ સ્તર પર શુદ્ધિકરણ થાય છે. જ્યારે તમે ભૂતકાળની ઘટનાઓની અસરો જુઓ, ત્યારે તમે વર્તમાન ક્ષણ માટે સુચાલક ફાયદાકારક નિર્ણયો વધારે આસાનીથી લઈ શકો છો. ભૂતકાળના અનુભવોથી દોરવાઈ જવાને બદલે, તમારી બુદ્ધિ, વિવેક અને સભાનતા તમને વધારે ફાયદાકારક નિર્ણયો લેવા પ્રેરશે.

**પ્રશ્નઃ એનો મતલબ, ખાસ કરીને ગ્લાની અને વ્યગ્રતા એ ભાવનાત્મક કે જૈવીક-રાસાયણિક પ્રક્રિયાઓ છે ? ફક્ત કોઈ વસ્તુ પર વિચારતા રહેવાને બદલે એના પર થોડા ગહન સ્તરે કાર્ય કરવાથી આપણે સંપૂર્ણ ઢાંચામાં બદલાવ લાવી શકીએ છીએ.**

ઉત્તરઃ બરાબર. મારો પણ આ જ મુદ્દો છે. મનને મનથી જ સંભાળવું કે કાર્યરત કરવું એ બહુ અઘરૂં છે. હજારો વખત લોકો નક્કી કરે છે. ઓહ, હવે હું ગુસ્સે નહિ થાઉં અથવા

તો, હવે હું દુઃખી નહિ થાઉ અથવા હું હવે આ ભાવનાઓમાં અટવાઈને નહિ રહું. આ બધુ તમે માનસિક સ્તરે નકકી કરો છો. પણ, જેવું કંઈક ખોટુ થાય કે તરત મન છટકી જાય છે. એ ખુબ જ સુક્ષ્મ છે. નિરાકાર છે. એ ત્યારે હોય છે જયારે મનને કંઈ હાથોહાથ વાસ્તવિક જોઈએ છે. અહીં શ્વાસની મોટી ભૂમિકા છે. ફકત શ્વાસથી આપણે મનને કાબુમાં રાખી શકીએ છીએ. જે રીતે પતંગને કાબુમાં રાખવા માટે દોરો વાપરીએ છીએ, એવું જ કંઈક.

**પ્રશ્નઃ ખરું, જે રીતે પતંગને એક પતંગ વડે જ કાબુમાં ન રાખી શકાય. બરાબર ?**

ઉત્તરઃ અવશ્ય ! એટલે શ્વાસ એ દોરી છે અને મન એ પતંગ છે. તમારી ભાવનાઓ, તમારા ચડાવ-ઉતાર આ બધું જ આ દોરી વડે એટલે કે શ્વાસ વડે કાબુમાં લાવી શકાય છે. આ શિબિરમાં એ જ શીખવવામાં આવે છે.

**પ્રશ્નઃ હા, અને જો તમે આ પતંગની ઉપમા તરફ જુઓ, તો પહેલી નજરે એ ખૂબ જ પડકારજનક લાગે છે પણ પછી ખૂબ જ આસાન બની જાય છે.**

ઉત્તરઃ ચોકકસ ! અને આમ જુઓ તો આપણા જીવનને અનુભવવા માટેનું હથિયાર એ મન છે. એ મન જ છે જેના દ્વારા આપણે ખુશીની પળો, દુઃખની ક્ષણો, કોઈ વ્યકિત સાથેનું જોડાણ, કોઈની સાથે ન જોડાઈ શકવાની પરિસ્થિતિ, કંઈક વિશેની સમજાણશકિત કે કંઈ સમજી શકવાની અસમર્થતા, આ બધું જ આપણા મનમાં જ ચાલતું હોય છે. જયારે જીવન જીવવા માટેનું આ હથિયાર એકદમ તૈયાર હોય, જેમકે કાર, એકદમ મરામ્મત કરેલ હોય તો, ચલાવવાનો આનંદ અનેરો હોય છે. અમે આ જ કરીએ છીએ. કારની મરામ્મત...!!!

**ખરું. ત્યારે જ તમે આ પ્રવાસનો આનંદ લઈ શકો છો!**

## પ્રશ્નઃ શ્રી શ્રી રવિશંકરજીએ આ કોર્સ કઈ રીતે વિકસાવેલો ?

ઉત્તરઃ બાળપણથી એમના માતા-પિતાને લાગતું કે એમના મા કંઈક અસામાન્ય છે. જયારે તેઓ ૪-૫ વર્ષના હતા ત્યારે તેઓ લગભગ ૩-૪ કલાક ધ્યાન કરતા. તેઓના પિતાજીએ ઘણી વખત અમને કહેલું કે શ્રી શ્રી રવિશંકરજી નાના હતા ત્યારે રમતાં રમતાં કંઈક બોલતા, તો તે સાચું જ પડતું. પહેલા વર્ષે તેઓ આ વસ્તુને ફકત એક સંયોગ જ માનતા અને પછી એ વાતને કોઈ મહત્વ ન આપતા. પણ આવું જયારે ફરી-ફરીને થવા લાગ્યું. ત્યારે તેઓ માનતા થયા. કે એ કંઈક અસાધારણ છે. તેમના માતાજીને લગભગ ૩૦-૪૦ બાળકો માટે રોજ રસોઈ કરવી પડતી કેમ કે બાળકો તેમનાથી બિલકુલ દુર ન રહી શકતા. તેઓ એક અકાલપરિપકવ બાળક હતા. ફકત ૪ વર્ષની વયે, તેઓને આખી ભગવત ગીતા મોઢે હતી જયારે તેઓ ૧૯ વર્ષના થયા, ત્યારે તેઓ સ્નાત્તક પદવી ધરાવતા હતા.

આ પછી તેઓ હિમાલયમાં ગયા અને ૪ વર્ષ સુધી પ્રબુદ્ધ (સંન્યાસી) શિક્ષક પાસે રહ્યા અને ૨૩ વર્ષની ઉંમરે એમણે એમનો પોતાનો પંથ શરૂ કર્યો. તેઓ સમાધિમાં બેઠા જે અને લગભગ ૧૦ દિવસના ધ્યાન પછી માર્ચ-૧૯૮૨માં એમને સુદર્શન ક્રિયા મળી. જાણે કંઈ ભેટ તેઓ લોકોને એ શિખવવા માટે એટલા આતુર હતા. જેવું તેઓએ આ શિખવવાનું શરૂ કર્યુ. તરત જ લોકોમાં રૂપાંતરણ ચાલુ થયું. અને આ રીતે આખા વિશ્વમાં એનો ફેલાવો થયો.

## પ્રશ્નઃ એમાં એવું કંઈ શકિતશાળી છે સંપૂર્ણ રૂપાંતરણ કરે છે. આ એવું લાગે છે જાણે એમનો જન્મ આ માટે જ થયો.

ઉત્તરઃ ચોકકસ. અને જે લોકોએ આ રૂપાંતરણનો અનુભવ કર્યો છે, એ લોકોએ તેને પોતાના સમુદાયમાં ફેલાવવાની જવાબદારી લીધી છે.

વ્યકિત વિકાસ કેન્દ્રનો એક મોટો કાર્યક્રમ છે જેને કહે છે, પ્રિઝન સ્માર્ટ પ્રોગ્રામ.

SMAR નો મતલબ થાય છે, Stress Management and Rehabilitation Training. તનાવ નિયંત્રણ વ્યવસ્થા અને પુનઃસ્થાપન તાલિમ. વિશ્વભરમાં લગભગ ૨૦૦ જેટલી જેલોમાં આ તાલીમનો સમાવેશ કરવામાં આવ્યો છે. તિહાર જેલ, ન્યુ દિલ્હી, ભારત, તેમાંની એક છે. તેમાં રહેનારા લગભગ ૨૬૦૦૦ કેદીઓએ આ તાલિમ લીધેલી છે અને અસાધારણ અનુભવો આપેલા છે. તેમાના ઘાણા લોકો એ ગુરૂજીને પત્રો લખ્યા છે કે જો આ જ્ઞાન મને અહિ આવતા પહેલા મળ્યું હોત, તો હું આજે અહિ ન હોત... ખૂબ જ પ્રેમ અને માન સાથે તેઓ કહે છે ગુરૂજી. અમે અહીં છીએ, એના માટે તમે જવાબદાર છો. જો તમે અમારા સુધી પહેલા પહોંચી ગયા હોત, તો અમે આ ગુનાઓ ન કર્યા હોત અને તો અમે અહીં ન હોત. ગુરૂજી કહે છે, ''દરેક અપરાધીની અંદર એક શિકાર કે ભોગ બનનાર હોય છે. કંઈક દુઃખ, કંઈક દુષ્ટ, એમના જીવનમાં કંઈક ખોટું જરૂર બન્યું હશે, જેણે એના હૃદય આટલા કઠોર બનાવી દીધા હશે. આના પરિણામે જ થોડા ખરાબ અનુભવો ગુનામાં પરિવર્તિત થયા હશે. તેઓ કહે છે, અપરાધીનો દોષ કાઢવાને બદલે આપણે જે શિકાર થયો છે એના ઝખ્મ રુઝાવવા જોઈએ.

**પ્રશ્નઃ એ પાછું સંસ્કાર બદલવા તરફ અથવા આપણે એ સ્મૃતિઓને કયા સંગ્રહીએ છીએ કે આદતોને બદલીએ છીએ, એ તરફ જાય છે.**

ઉત્તરઃ હા, અને એ સ્મૃતિ, આદતોમાંથી મુક્તિ પામે છે.

**પ્રશ્નઃ તમને ખબર છે, તમે હજુ પણ કેમિકલ એન્જિનિયર જ રહ્યા છો.**

ઉત્તરઃ હા, પણ હવે હું અલગ કેમિકલ સાથે કામ કરું છું દા.ત. એન્ડોરફીન્સ.

**પ્રશ્નઃ લોકોના ચહેરા પરના સ્મિતની વાત કરીએ, તો ઘણા રીસર્ચ એવું બતાવે છે કે સુદર્શન ક્રિયાથી લોકોમાં ઘણું પરિવર્તન આવે છે આનો નિયમિત અભ્યાસ કરવાથી લોકોમાં શારીરિક ફેરફાર આવે છે, જે અસ્તિત્વમાં બાકીના સ્તરોને પણ અસર કરે છે.**

ઉત્તરઃ મને ખૂબ જ આનંદ થાય છે સમગ્ર વિશ્વ આ વાસ્તવિકતા વિશે જાગ્રત થઈ રહ્યુ છે. જાણે આધ્યાત્મિકતાની લહેર ચોતરફ ફેલાઈ રહી છે. આ કેટલું સુંદર છે.

**પ્રશ્નઃ તમે શું ફેરફારો જોયા છે ?**

ઉત્તરઃ મને એવું લાગે છે કે આપણે બદલાવના આ મોટા તબકકામાંથી પસાર થઈ રહ્યા છીએ. આવતા ૮-૧૦ વર્ષોમાં તમે જોશો, ધ્યાન, પ્રાણાયામ, યોગા, શાકાહાર, આયુર્વેદ આ જ લોકોનું જીવન હશે. બધા જ લોકોની જીવનપદ્ધતિ આના પર જ આધારીત હશે.

મને લાગે છે આ વિશ્વ વધારે ખુશ, સકારાત્મક અભિગમ ધરાવતું હશે. સંભાળ રાખવાની અને બધા સાથે વહેંચણી કરવાની સંસ્કૃતિ ફરીથી આવશે. પરોપકારિતાનો માનવ સ્વભાવ જાણે કયાંક ખોવાઈ ગયો હતો. તે પાછો આવી રહ્યો છે.

**પ્રશ્નઃ જો આપણે એ તરફ પાછા ન વળીએ, તો આપણે જ આપણો વિનાશ નોતરીશું ?**

ઉત્તરઃ મને લાગે છે કે લોકો હવે જાગૃત થઈ રહ્યા છે અને હું એ માટે ખૂબ જ આશાવાદી છું.

**પ્રશ્નઃ એક તરફ આધ્યાત્મિકતાનો વિકાસ થઈ રહ્યો છે ત્યારે બીજી તરફ સંઘર્ષ અને ભેદભાવો વધી રહ્યા હોય એવું તમને લાગે છે ખરું ?**

ઉત્તરઃ હું એને કંઈક અલગ રીતે જોઉં છું. જયારે કોઈ જૂનું મકાન કે ઈમારત તુટી અને નવી બનવાની હોય ત્યારે વચ્ચેના સમયમાં એ બધો કાટમાળ લાગે છે. પણ એના શિલ્પીને ખબર હોય છે કે આ બદલાવનો તબકકો છે.

**પ્રશ્નઃ આ કાટમાળ સાથે કઈ રીતે વ્યવહાર કરવો ?**

ઉત્તરઃ મને લાગે છે, આ સમય છે જવાબદારી લેવાનો. તમે જે કોઈ લોકોને ઓળખો છો. અરે, જે લોકોને ઓળખતા નથી. પણ છતાં જે લોકોને તમે મળો છો, તેમને આ અસાધારણ રસ્તો દેખાડો. તેમને આગળ વધવું છે કે નહિ. એ તેમને જ પસંદ કરવા દો. પણ આપણે આપણું કાર્ય કરતા જ રહેવાનું. જે એક ખેડૂત જેવું છે. આપણે ફકત બીજ વાવવાનું કાર્ય કરવાનું છે. એનાથી કયું બીજ ફળીભૂત થઈને વૃક્ષ બનશે. એ બીજ પર જ છોડી દેવું.

**પ્રશ્નઃ તમારો વ્યકિત વિકાસ કેન્દ્રમાં જોડાયા પછીનાં કોઈ યાદગાર અનુભવ કહેશો ?**

ઉત્તરઃ આમ તો અસંખ્ય અનુભવો થતા જ રહે છે, છતાં એક પ્રસંગ તમને સંભળાવું છે.

એક વખત હું મોસ્કોમાં હતો. મારે સાઈબીરીયા કોર્સ લેવા જવાનું હતું. હું એરપોર્ટ જઈ રહ્યો હતો. ત્યારે રશિયન માફિયાએ મારું અપહરણ કર્યું. મને કોઈ મકાનમાં એક રૂમમાં બંધ કરી દીધો. મેં એ બંધ રૂમમાં મંત્રોચ્ચાર શરૂ કરી દીધા. આ પછી મેં બંધ બારણાને જોરજોરથી ખટખટાવ્યા. ખબર નહિ શું થયું, કે કોઈએ દરવાજો ખોલી નાખ્યો. હું તરત જ ત્યાથી ભાગી છૂટયો. આવી પરિસ્થિતિમાં પણ મારા મનની એટલી સજાગતા હતી કે મેં મારો પાસપોર્ટ એર ટિકીટ સાથે લીધા પછી ભાગવાનું શરૂ કર્યુ. આવી સજગતા ફકત આ નિયમિત અભ્યાસથી જ આવી શકે. હું એરપોર્ટ પર પહોંચ્યો ત્યારે ફ્લાઈટ રન-વે પર હતી. મને થયું કે હું ફ્લાઈટ ચુકી ગયો. પરંતુ ખબર નહિ કેમ ? ફ્લાઈટ રન-વે પરથી પાછી ફરી હું ફ્લાઈટમાં ચડયો પછી જ ફ્લાઈટ ગઈ અને હું સાઈબીરીયા કોર્સ માટે પહોંચી શકયો.

**પ્રશ્નઃ તમારો કોઈ સંદેશ ?**

ઉત્તરઃ ચાલો, આપણે શોધીએ મનુષ્ય બનવું એ ખરેખર શું છે ? આપણો સમય અને શકિત ફકત ખાવા, સુવા, ટીવી જોવામાં, કામ કરવામાં કે શારીરિક સંબંધોમાં ન વેડફીએ. જીવન આટલું મધ્યકોટિક ન હોઈ  શકે. જીવનને ઉત્ક્રાંતિની જરૂર છે.

## (૨) સ્વામી પ્રજ્ઞપાદજી સાથેની મુલાકાત

સ્વામી પ્રજ્ઞપાદજી જે આર્ટ ઓફ લિવીંગમાં સ્માઈલીંગ સ્વામી તરીકે ઓળખાય છે. એ કદાચ જીવનમાં તમે જોયેલા સૌથી સરળ વ્યક્તિ છે. તેઓ મુંબઈના આઈ.આઈ.ટી.માંથી ભણેલા એન્જીનીયર છે. પહેલા તેઓ પ્રશાંત રાજગોર તરીકે ઓળખાતા હતા. ૩૬ વર્ષની ઉંમરે તેઓ જીવનમાં કંઈ સારુ કે વિશિષ્ટ શોધવાની તલપ ધરાવતા હતા.

આ તડપ વચ્ચે ૧૯૯૬માં તેઓ આર્ટ ઓફ લિવીંગનો કોર્સ કરી અને શ્રી શ્રી રવીશંકરજીને મળ્યા. બસ, આ મુલાકાત પછી ટૂંક સમયમાં જ તેઓ સ્વયંસેવક તરીકે પૂર્ણ સમય આર્ટ ઓફ લિવીંગમાં સેવા બનાવતા હતા.

તેઓ આર્ટ ઓફ લિવીંગના અલગ અલગ કોર્સ શીખવે છે અને તેમનો સૌથી મહત્વનો ગુણ એ સહજ રહેવાની તેમની ક્ષમતા છે. પ્રસ્તુત છે તેમની સાથેની મુલાકાતના અંશો.

- **તમે આર્ટ ઓફ લિવીંગ સાથે કઈ રીતે જોડાયા?**
- મેં આર્ટ ઓફ લિવીંગ નો કોર્સ કર્યો. ત્યાં સુધી હું જીવનમાં કંઈક એવું શોધતો હતો જેના અનુભવ મેં ક્યારેય ન કર્યો હોય. એવુ અદ્‌ભુત સુદર્શન ક્રિયા કર્યા પછી મને થયું કે આ એજ છે એની મને તલાશ હતી. ૧૯૯૧માં હું શ્રી શ્રી રવિશંકરજીને મળ્યો. તેઓ એટલા સરળ અને સહજ છે. એમને મળતા એકાદ ક્ષણમાં જ થયું

કે એમની સાથે મારો ગાઢ પરિચય છે. એ મારા છે. બસ, ત્યાર પછી થોડા સમયમાં જ હું એક સ્વયંસેવક બની ગયો.

- **તમને આ ટેકનીકથી કંઈ વિશેષ ફાયદો થયો છે?**
- આ ટેકનીકથી મારી અસ્થમાની તકલીફ દૂર થઈ ગઈ. આ ઉપરાંત મારું શરમાણપણુ અને અંર્તમુખતા દુર થઈ ગઈ.
- **તમારો આર્ટ ઓફ લીવીંગ સાથે જોડાયા પછીનો શો અનુભવ છે?**

જ્યારે મેં આઈ.આઈ.ટી.માં સ્નાતકનો અભ્યાસ પૂરો કર્યો ત્યાર પછી મેં નોકરી માટેની ઘણી બધી ઓફર ઠુકરાવેલી. મને એવું લાગેલું કે એ મારી એક વ્યક્તિ તરીકેની બધી જ શ્રેષ્ઠ લાક્ષણિકતાએ બહાર નહિ લાવી શકે. અહી આશ્રમમાં મારી વિકાસક્ષમતાને સંપૂર્ણપણે ખોલવાની તક મળી છે. મારી સર્વાંગ ક્ષમતાનો વિકાસ થયો છે. મારો આત્મવિશ્વાસ ખૂબજ વધ્યો છે અને મને અનન્ય આત્મસંતોષનો અનુભવ થયો છે. મારા આઈટીઆઈના મિત્રો કહે છે, હું સંપૂર્ણપણે બદલાઈ ગયો છું. મારું અહીનું કામ આ સંપૂર્ણ આશ્રમનું સંચાલન કરવાનું છે.

અહીં જ્યારે બાંધકામની જવાબદારી મને સોંપી ત્યારે મને લોકોનું કેવી રીતે સંચાલન કે વહીવટ કરવો, તે શીખવા મળ્યુ. લોકોના પોતાના કામ નહિ કરવાના અલગ અલગ રસ્તા હોય છે અને તેમની પાસે એ કામ કરાવવુ એક પડકાર એ પણ જરાપણ કડકાઈ વગર.

અહી આશ્રમમાં ગુરુજીએ ખૂબજ કાળજીપૂર્વક આત્મસમાન વિકસાવ્યુ છે. મને એક પ્રસંગ યાદ આવે છે થોડા વર્ષો પહેલા ગુરુજી એમની કુટિરની બહાર લોકોને પ્રસાદ વહેંચી રહ્યા હતા. હું એમની સામે બેઠો હતો. એમણે મને કહ્યું, તને જે જોઈએ તે લઈ લે. મને એમણે જાતે ન આપ્યુ એ વિચારથી દુ:ખી થઈને મેં કહ્યુ કે તમે મને આપો. ત્યારે એમણે ફરીથી મને જાતે લેવા કહ્યું અને ઉમેર્યુ કે અહી આશ્રમમાં લોકોને આવી રીતે ઉંચકીને લેતા શીખવું છું. ત્યારે મને સમજાયુ કે એ મારામાં આત્મસમ્માનની ભાવના જગાડતા હતા.

**પ્રશ્ન. તમારુ આ ટેકનીકસ વિશે શું મંતવ્ય છે ?**

○ સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, શ્વાસોશ્વાસની ક્રિયા એ જીવનમાં સંપૂર્ણ રૂપાંતર, શાંતિ, ઉત્સાહ અને એક સકારાત્મક દ્રષ્ટિકોણ લાવે છે.

આજના સમયમાં ધ્યાન એ જરૂરિયાત કરતા પણ વધારે છે. આપણા મનને અને બુદ્ધિને વધારે સક્ષમતાથી કાર્ય કરવા માટે, તેને શાંત કરવા ખુબ જ જરૂરી છે. ધ્યાન આ કરવામાં મદદરૂપ બને છે અને પરિણામસ્વરૂપ આપણે વ્યવસ્થિત ખાઈ શકીએ, કામ કરી શકીએ છીએ.

આ એક પ્રક્રિયા છે જ્યા જ્યારે કોઈ એકાગ્રતા ન હોય, ત્યારે જ વધારે લાભ છે.

**પ્રશ્ન. આર્ટ ઓફ લિવીંગનો ઉદેશ શું છે?**

જ. આર્ટ ઓફ લિવીંગનો ઉદેશ બધાના જ ચહેરા પર સ્મિત જોવાનો છે. એ આનંદ અનન્ય છે અને ખુશીની ફોર્મ્યુલા એકદમ આસાન છે. જો આપણે આપણા વિશે વધારે વિચાર્યા કરીએ તો આપણને ઉદાસી લાગે છે જ્યારે બીજાના વિશે વિચારીએ ત્યારે પૂર્ણતાનો અનુભવ થાય છે. જે રીતે શરીર ને પાણીની તરસ હોય છે. આત્માને આધ્યાત્મની તરસ હોય છે એ જ રીતે બધી જ ઉંમરના લોકોને ખુશી અને શાંતિની એક તરસ હોય છે જે આર્ટ ઓફ લિવીંગ પાસે પૂરી થાય છે.

જે વ્યક્તિ યોગ કરે છે, તે યોગ્ય બને છે. અને પોતાની હાથમાં રહેલા અવસરોને ઓળખી શકે છે. અમારી શિબીરોમાં અને આ ક્ષમતાઓને ઈજન આપવામાં આવે છે. થોડુંક સમર્થન અને લોકોને પોતાની રીતે સ્વતંત્રતાથી વિચાર અને સંવેદના અનુભવવાનું શીખવાય છે.

આપણા જીવન માટે આપણે જ જવાબદાર છીએ. આપણ પડકારોનો સામનો કરતા જાતે જ શીખવાનું છે. બધી જ વસ્તુઓ માટે બીજાને દોષી ઠેરવવા એ કાયરતા છે.

આત્મસમ્માન એ સ્વતંત્રતા માટે જરૂરી છે અને અમારા કોર્સની રૂપરેખા એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે જેથી લોકોનો દ્રષ્ટિકોણ બદલાય છે. આત્મસમ્માન બંધાય છે અને તેઓ પોતાની ક્ષમતામાં વિશ્વાસ કરે છે અને એ પણ યાદ રાખે છે કે જો તમે નિષ્ફળ હોવા માટે તૈયાર નથી, તો તમે સફળ થઈ શકો.

## (૩) શ્રીમતી તનુજા લીમયે સાથે મુલાકાત

શ્રીમતી તનુજા લીમયે આર્ટ ઓફ લિવીંગના એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત શિક્ષક છે. તેઓ ઋષિ નિત્યપ્રજ્ઞાજીના ધર્મપત્નિ છે. અને 'તનુમા'ના હુલામણા નામથી ઓળખાય છે તેઓ દેશ વિદેશમાં પ્રવાસ કરે છે અને વિવિધ જાતિઓ, સંસ્કૃતિ અને પૂર્વભૂમિકા ધરાવતા લોકોને તેમના મન અને ભાવનાને નિયંત્રિત કરતા, તનાવમુકત રહેતા, અનેક પ્રકારની વિવિધતામાં વચ્ચે સુમેળ સ્થાપતા તથા જીવનમાં આનંદ અને શાંતિનો સંચાર કરતા શીખવે છે.

લગભગ ૧૨ વર્ષથી તેઓ યુરોપ, જાપાન, સાઉથ આફ્રિકા, કેનેડા અને અમેરિકામાં વ્યાપક પ્રવાસ કરે છે તેમની વિશેષતામાં લોકોને આર્ટ ઓફ લિવીંગના શિક્ષક બનવાની તાલિમ અને પ્રેરણા આપવાની છે. આ ઉપરાંત તેઓ આર્ટ ઓફ લિવીંગના એડવાન્સ કે ઉચ્ચ સ્તરનો ધ્યાનનો કોર્ષ છે જેના દ્વારા લોકો પોતાના પર જાતે જ લાદેતા સીમાબંધનો, દૂર કરી તેમની સાચી ક્ષમતાને ઓળખે છે તેમની પ્રતિભાઓને વિશ્વકલ્યાણ માટે અર્પણ કરે છે.

શ્રીમતી તનુજા લીમયે સાથે મુલાકાતના થોડા અંશો અહીં પ્રસ્તુત છે.

**પ્રશ્નઃ તમારો આર્ટ ઓફ લિવીંગ સાથે પરિચય કેવી રીતે થયો ?**

ઉત્તરઃ મારો ઉછેર વડોદરાના એક ધાર્મિક વાતાવરણ ધરાવતા ઘરમાં થયો હતો. મારું બાળપણ ઘણું ખુશ હતું પરંતુ હું થોડી બળવાખોર સ્વભાવની હતી. ઘરમાં ધાર્મિક વાતાવરણ

હોવા છતાં કે કદાચ એ વાતાવરણને લીધે જ જેમ જેમ હું મોટી થઈ અને કિશોરાવસ્થામાં પહોંચી ત્યારે હું  મહદ અંશે મંદિર વિરોધી અને ગુરૂઓ પ્રત્યે ખૂબ શંકાશીલ હતી.

આમ જુઓ તો મને કોઈ સાહજિક સમસ્યા ન હતી, છતાં એવું લાગતું હતું કે કંઈક ખુટે છે. એવો કોઈ ખાલીપો હતો જે હું સમજી શકતી નહતી. મેં એક તરંગમાં જ આર્ટ ઓફ લિવીંગનો કોર્સ કર્યો કેમકે મારી એક મિત્રને કોર્સ કરવો હતો અને તેને કોઈ સાથે જાય તેવી વ્યકિતની જરૂર હતી. બસ, આ જ હતો મારો આર્ટ ઓફ લિવીંગ સાથેનો પરિચય જેણે મારું જીવન હંમેશા માટે પલટી નાખ્યું.

**પ્રશ્નઃ તમે હમણાં જ કહ્યું કે તમે ગુરૂઓ પરત્વે ખૂબ જ શંકાશીલ હતા. આમ છતાં તમે શ્રી શ્રી રવિશંકરજીને તમારા ગુરૂ તરીકે સ્વીકાર્યા છે અને તમે પોતે પણ એક શિક્ષક બનવાનું નકકી પણ કર્યુ. આ પરિવર્તન કઈ રીતે આવ્યું ?**

ઉત્તરઃ જે રીતે મોટાભાગના લોકો સાથે બને છે એમ મારા પ્રથમ કોર્સ પછી મારા જીવનમાં પરિવર્તન આવ્યું, જે મને તરત તો અનુભવ ન થયો. મારા માતા પિતા એ આ પરિવર્તન અનુભવ્યું. હું એટલી અકળાયેલી ન હતી. જેટલી હું પહેલા રહેતી અને મેં ગુસ્સે થવાનું સદંતર બંધ કરી  દીધું હતું. આ મારા સ્વભાવથી તદન વિરુદ્ધ હતું. મને વારંવાર માથું દુઃખવાની ફરિયાદ રહેતી અને આ તાલીમ પછી આ ફરિયાદ તરત જ દૂર થઈ ગઈ.

છતાં હું શિક્ષક બનવા માટે એકદમ અસંભવિત ઉમેદવાર હતી. બસ માત્ર નસીબના જોરે હું ગુરૂજી દ્વારા અપાયેલ એડવાન્સ કોર્સ કરવા ગઈ. મારા માટે એ શિબિરમાં બેસવું ખૂબ જ મુશ્કેલ હતું. પ્રથમ દિવસે મને એવું તિવ્રતાથી મન થતું કે હુ બધું છોડીને ભાગી જાઉં. પણ જેમ જેમ દિવસો ગયા મારામાં બદલાવ આવતો રહ્યો. હું ધીમે ધીમે શાંત થતી ગઈ અને મેં ભવિષ્યની ચિંતા કરવાને બદલે વર્તમાન ક્ષણમાં રહેવાનું શરૂ કર્યુ. એ એક અદભૂત

અનુભવ હતો. એ પછી મને લાગ્યું કે આ એ જ વસ્તુ છે જે મને જોઈએ છે અને હું શિક્ષક બનવા માગતી હતી. અહિ જ હું મારા પતિને પણ મળી.

**પ્રશ્નઃ આ નિર્ણય પર તમારા માતા પિતાના શું પ્રતિભાવ હતા ?**

ઉત્તરઃ પહેલા એમને ખૂબ જ આઘાત લાગેલો. એમને મારામાં આવેલા પરિવર્તનથી ખુશી જરૂર થયેલી, પરંતુ આ એ નહોતું જે તેમણે મારા વિશે વિચાર્યુ હતું. ત્યારપછી મારા પિતાજી હાઈ બ્લડપ્રેશર અને ડાયાબિટીસથી ખૂબ પીડાતા હતા. તેમના ડોકટર્સ, જેને આ પદ્ધતિમાં ખૂબ આસ્થા હતી. એમણે મારા પિતાજીને મારી સાથે આ કોર્સ કરવાનું કહ્યું. આ કોર્સથી મારા પિતાજીને ખૂબ જ ફાયદો થયો અને તેમણે મારા નિર્ણયને સમર્થન આપ્યું.

**પ્રશ્નઃ આર્ટ ઓફ લિવીંગના શિક્ષક બનવાનો મોટામાં મોટો ફાયદો તમને શું થયો ?**

ઉત્તરઃ એક શિક્ષક તરીકે તમારો આત્મવિશ્વાસ ખૂબ જ વધારે હોય છે અને તમે લોકો સાથે ખૂબ જ સહજતાથી જોડાઈ શકો છો. મને એવું લાગે છે કે હું ઘણા બધા લોકો સાથે જોડાયેલી છું અને એ સ્વામિત્વભાવ ખરેખર અદ્‌ભૂત છે.

હું પહેલા લોકો સાથે સ્વસ્થતાથી જરા પણ વાત કરી શકતી નહોતી અને પછી હું એક સાથે ૩૦૦-૪૦૦ લોકો સાથે પણ સહજતાથી જોડાઈ જતી હતી. હું કોઈ ચોકકસ સિદ્ધાંત વિના પણ લોકોને કોર્સ વિશે વાત કરતી થઈ ગઈ અને તેમને શાંતિ અને ખુશી પ્રાપ્ત કરતા જોતી હતી. લોકોને આ શાંતિ તરફ વાળવામાં નિમિત બનવું એ ખૂબ જ સંતોષકારક અનુભવ છે.

મારો એક ખાસ અનુભવ છે નૈરોબીમાં આર્ટ ઓફ લિવીંગનું કેન્દ્ર શરૂ કરવાનો. હું સાઉથ આફ્રિકામાં હતી જયારે ગુરૂજીએ મને ફોન કર્યો અને કહ્યું કે મારે નૈરોબીમાં કંઈ કરવું જોઈએ. એ પછીની જ ક્ષણે હું નૈરોબીના એક ભારતીય કુટુંબ સાથે વાત કરતી હતી, જેનો

નંબર મને કોઈએ આપેલો. મેં તેમની સાથે ફોન પર વાત કરી અને તેમના ઘરને મારો આધાર બનાવ્યો. એ પછીના ત્રણ દિવસમાં મે એક શિબિરનું આયોજન કર્યુ અને પછી એક સુવ્યવસ્થિત કેન્દ્ર શરૂ થયુ આ આર્ટ ઓફ લિવિંગની શકિત છે.

મેં લગભગ સમગ્ર વિશ્વનો પ્રયાસ કર્યો છે. મેં જાપાનમાં જયાં લોકોની આંખમાં જોવાને પણ અસમ્માનીય ગણવામાં આવે છે, ત્યાં કામ કર્યુ છે અને સફળ પણ રહી છું. જયારે હું પોલેન્ડમાં હતી ત્યારે મેં એક દુભાષીયાની મદદથી કાર્ય કરેલું ખબર નહીં કેમ પણ કોઈપણ જગ્યાએ કંઈ જ નડતરરૂપ નથી લાગતું અને ગુરૂદેવની કૃપાથી બસ, બધુ થઈ જાય છે.

**પ્રશ્નઃ આર્ટ ઓફ લિવીંગ ફાઉન્ડેશનનું લક્ષ્ય શું છે ?**

ઉત્તરઃ આર્ટ ઓફ લિવીંગનું લક્ષ્ય દરેક વ્યકિતને તેની સાચી ક્ષમતાનું ભાન કરાવવાનું છે. જીવનને સંપૂર્ણ રીતે અને તનાવરહિત જીવવું એ એક કલા છે. પ્રાવિણ્ય, અંતદ્રષ્ટિ, સર્જનાત્મકતા અને જ્ઞાન છે. આર્ટ ઓફ લિવીંગ તેની વિવિધતાસભર શિબિરો મારફત લોકોને સક્ષમ બનાવી આ મુલ્યોને સમાજમાં ફેલાવે છે.

અમે આ શિબિરો મારફત તનાવમુકત મન, અપનાવવાની ભાવના, માનવતાસભર મૂલ્યોનું સિંચન કરીએ છીએ અને બધા જ જાતિ, ધર્મ, પુર્વભૂમિકા અને સંસ્કૃતિ ધરાવતા એકઠા થઈ સેવા અને ઉત્સવ મનાવવા પ્રેરીત કરીએ છીએ.

સેવા એ આ સંસ્થાનું હાર્દ છે. જે વિશાળ સંખ્યામાં આ સંસ્થા અલગ અલગ સેવા પ્રવૃતિ કરે છે, તે ખરેખર અસાધારણ છે. મને એનો એક હિસ્સો હોવાનો ખૂબ આનંદ છે.

**પ્રશ્નઃ તમારા લગ્ન એક આર્ટ ઓફ લિવીંગના શિક્ષક સાથે થયા છે. તમારા અનુભવ પરથી એક સુખી લગ્નનું રહસ્ય શું છે ?**

ઉત્તરઃ સુખી લગ્નનું રહસ્ય પતિ-પત્નિની માત્ર એકબીજાને બદલે સાથે મળીને કોઈ સહેતુક લક્ષ્યને કેન્દ્ર બનાવવાનાં છે. જો તમે સમગ્ર વિશ્વમાં બદલાવ લાવવા ઈચ્છતા હો. તો તમે

નાખુશ ન રહી શકો.

બંનેએ એકબીજાને સારી રીતે સમજવા જોઈએ. ગુરૂજી કહે છે, દરેક સ્રીએ સમજવું જોઈએ કે દરેક પુરુષને એક અહંકાર હોય છે અને દરેક સ્ત્રીએ એને અનુકૂળ થવું જોઈએ. એ જ રીતે દરેક પુરુષે એ સમજવું જોઈએ કે દરેક સ્રીને ભાવનાઓ હોય છે અને તેમણે એને અનુકૂળ થવું જોઈએ, જો જીવનમાં સુખી થવું હોય તો !

**પ્રશ્નઃ તમારી ભવિષ્ય માટે શું આશાઓ છે ?**

ઉત્તરઃ ભવિષ્ય સુંદર છે પણ એ મારા જીવનનું કેન્દ્ર નથી. મને વર્તમાનમાં જીવવું અને દરેક ક્ષણનો ભરપુર આનંદ લેવો ગમે છે. હું બધા લોકોને પણ આ જ સંદેશ આપું છું.

## (૪) કુ. આશા વોરા સાથેની મુલાકાત

એનું નામ આશા વોરા છે એનો જન્મ સપ્ટે. ૧૬,૧૯૭૩ના થયેલો. એણે ડીપ્લોમા ઈન કોમર્શીયલ પ્રેકટીસ અને બી.કોમ.નો અભ્યાસ કરેલો છે.

તેમના પિતાનું નામ વીરજીભાઈ વોરા છે તેઓ ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયામાં ઓડીટર હતા અને હાલમાં નિવૃત છે. તેઓના ભાઈને કાપડની દુકાન ચલાવવામાં મદદ કરે છે તેમના માતાનું નામ રામુબેન વોરા છે. તેઓ એક પ્રાથમિક શિક્ષક હતા અને હાલમાં નિવૃત છે.

તેમના ભાઈનું નામ કુણાલ વોરા છે તેણે ધોરણ ૧૧ સુધીનો અભ્યાસ કરેલો છે અને કાપડનો વેપારી છે. તેની ભાભીનું નામ અરૂણા વોરા છે તે ગૃહિણી છે તેમને બે પુત્રો છે. મારી બહેનનું નામ દિપ્તી ખીમસુરીયા છે. તેણે ધોરણ ૧૧ સુધી અભ્યાસ કરેલો છે અને ગૃહિણી છે તેને ૩ બાળકો છે.

એ કુટુંબ વિભક્ત કુટુંબ છે અને આશાબેન ડાયવોર્સ છે તેના જણાવ્યા પ્રમાણે કોઈ બાળક નથી.

## ૨. કુટુંબના સભ્યો-૭

કુટુંબના કેટલા સભ્યો કોર્ષ સાથે જોડાયેલા છે?-

તેના ભાઈ અને ભાભીએ પાર્ટ-૧ ડીએસએન અને યોગાના કોર્સ કરેલ છે તથા તેના ભાઈના પુત્ર પર્વ (ભાઈનો પુત્ર) આર્ટ એકસેલ કોર્સ કરેલ છે. ભાઈ અને ભાભી બંને સેવા પ્રવૃતિમાં રોકાયેલાં છે. નવચેતના શિબિર અને અન્ય કોર્સ કરવામાં સેવા આપે છે.

## ૩. તમારા વ્યક્તિગત જીવનમાં આર્ટ ઓફ લિવીંગની શું અસર થઈ છે?

આર્ટ ઓફ લિવીંગનો કોર્સ કર્યા પહેલા મારો સ્વભાવ ખુબ જ અલગ હતો. હું વાતવાતમાં ચિડાઈ જતી. ખુબ જ ગુસ્સો કરતી હતી. લોકો સાથે સહેલાઈથી હળી મળી શકતી નહોતી. મારામાં ખુબ જ ચંચળતા હતી અને હું એક જગ્યાએ થોડા લાંબા સમય સુધી બેસી શકતી નહોતી. એક અજીબ બેચેની મને હંમેશા ઘેરી રહેતી.

આ કોર્સ કર્યા પછી મારો ગુસ્સો, ચીડીયાપણુ અને બેચેની લગભગ નહીવત થઈ ગયા છે. લોકો સાથેનો વ્યવહાર ખાસ્સો બદલાઈ ગયો છે. હું સ્થિરતાપૂર્વક અને એકાગ્રતાથી કામ કરી શકુ છું.

મારું મને ઘણુ પ્રફુલ્લિત રહે છે. મારો આત્મવિશ્વાસ ઘણો વધી ગયો છે જેને લીધે મારી કારકિર્દીમાં મેં ઘણી પ્રગતિ કરી છે.

મને ભવિષ્યનો ડર સતાવતો નથી અને દરેક વસ્તુ મે હકારાત્મક અભિગમ સાથે સમજી શકુ છું.

## ૪. તમારા મૂલ્યો/માન્યતાઓ અને વલણોમાં શું પરિવર્તન આવ્યું છે?

પહેલા હું મુર્તિપૂજા કે વ્યક્તિપૂજામાં બિલકુલ માનતી ન હતી. કોઈ ગુરૂની કલ્પના જ કરી શકતી નહોતી. આ કોર્સ કર્યા પછી, શ્રી શ્રી રવિશંકરજી અને આર્ટ ઓફ લિવીંગ સંસ્થા

અને તેની પ્રવૃતિઓને જાણ્યા પછી આ તમામ માન્યતાઓ ધરમૂળથી બદલાઈ ગઈ છે. જીવનમાં ઈશ્વરનું અસ્તિત્વ, ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને એક ગુરૂનું મહત્વ મને આ કોર્સ કર્યા પછી જ સમજાયું છે.

મેં કયારેય જીવનને આટલા વિસ્તારથી જોયુ ન હતું. મારી પોતાની જાત, કુટુંબના સભ્યો, મિત્રો અને સગાસંબંધીઓથી પરે સામાજીક જીવન છે. એ મને આ સંસ્થા સાથે જોડાયા પછી જ સમજાયું છે.

**૫. આર્ટ ઓફ લિવીંગના કોર્સ બાદ તમારી ભાવનાઓમાં શું ફર્ક આવ્યો છે?**

આ કોર્સ કર્યા પહેલા મને અસલામતી અને એકલતાની લાગણી હતી જીવન પ્રત્યે એક અસંતોષ હતો જે હવે ઓછો થઈ ગયો છે, કે સદંતર ગાયબ થઈ ગયો છે. આજે હું જે કંઈ છું તેનાથી પૂર્ણ સંતુષ્ટ છું. મને અસલામતી નથી લાગતી એવું સંપૂર્ણપાણે ન કહી શકાય, પણ હવે મને એનો ડર નથી લાગતો અને હું પરિસ્થિતિને વધારે સહજતાથી સ્વીકારી શકુ છું.

એક એવી ભાવના હંમેશા રહે છે કે જે થાય છે તે સારા માટે જ થાય છે. આ હકારાત્મક અભિગમ કે પરિસ્થિતિને સ્વીકારવાની સહજતા પહેલા ન હતી. હવે હું ગમે તેવી વિપરીત પરિસ્થિતિનો હસતા હસતા સામનો કરી શકુ છું.

કોર્સ કર્યા પહેલા મને કોઈ મને સ્વીકારતુ નથી કે પ્રેમ નથી કરતું એવી ભાવના હતી જે હવે બદલાઈ ગઈ છે. મારો આત્મવિશ્વાસ ખૂબ જ વધી ગયો છે.

**૬. તમારા કુટુંબનો સાથ સહકાર આર્ટ ઓફ લિવીંગની પ્રવૃતિઓમાં કેવો મળે છે?**

આમ જુઓ તો હું એકલી રહી ને સ્વતંત્ર જીવન જીવુ છું. એટલે રોજબરોજના જીવનમાં મારે કોઈ પ્રવૃતિ માટે કોઈની અનુમતિ કે સહકારની જરૂર પડતી નથી.

છતાં શરૂઆતમાં જ્યારે હું આર્ટ ઓફ લિવીંગ સાથે જોડાઈ અને આશ્રમ જવાનું શરૂ કર્યુ ત્યારે મારા માતાપિતા માટે એ ઘણુ અજુગતુ હતું. આપણા સમાજમાં સામાન્ય રીતે આશ્રમને સાધુબાવા વગેરે સાથે જોડવામાં આવે છે. મારા માતાપિતાને એવું લાગતું હતું કે હું આશ્રમના ચકકરમાં સાધ્વી થઈ જઈશ અને સંસારથી અલગ થઈ જઈશ. સમય જતા, તેમણે મારા જીવનમાં એની હકારાત્મક અસરો જોઈ ગુરૂજીએ મારા પર કૃપા કરી અને મારું જીવન સદંતર બદલી નાખ્યુ છે. મારી કારકિર્દીમાં ધરમૂળની પરિવર્તન આવ્યું છે. માત્ર નાણાકીય જ નહિ હું આજે મારા કામ માટે અનેક દેશોમાં પ્રવાસ કરુ છું. અને આજે માત્ર હું જ નહિ મારા માતાપિતા પણ માને છે કે આ બધી ગુરૂજીની કૃપાથી જ છે. હવે તેઓને મારી કોઈ પ્રવૃતિ સામે કોઈ વાંધો નથી.

થોડા સમયથી મારો ભાઈ અને ભાભી પણ કોર્સ કરી અને સેવામાં જોડાયા છે અને હવે મારી પ્રવૃતિઓને સારી રીતે સમજી શકે છે.

## ૭. કુટુંબ જીવન પર શી અસરો થઈ છે?

મારા માતા પિતા અને ભાઈ બહેન સાથે વધારે સુમેળભર્યા સંબંધોનો વિકાસ થયો છે.

## ૮. આર્ટ ઓફ લિવીંગની સમાજ પર અસરો વિશેના તમારા મંતવ્યો શા છે ?

આર્ટ ઓફ લિવીંગ વ્યક્તિગત સ્તરે તેમજ અલગ અલગ સેવા પ્રવૃતિઓ દ્વારા આ સમાજને બદલાના પ્રયાસો કરે છે તે મારા મતે એક આવકારદાયક પગલુ છે.

જે સંસ્થામાં હું કામ કરુ છું ત્યાં બધા જ લોકોએ આ કોર્સ કરેલ છે. અહિં લોકોનો તણાવનું પ્રમાણ ખુબ જ ઓછું છે. આને લીધે અંદરોઅંદરનું ઘર્ષણ, ટાળી શકાય છે અને વધારે સંવાદિતા, સુમેળભર્યા વાતાવરણમાં બધા જ કાર્ય આસાનીથી હસતા હસતા કરી શકાય છે. આ પહેલાની મારી ઓફિસોમાં મેં આવું વાતાવરણ ક્યારેય જોયુ નથી. એ ખરેખર પ્રશંસનીય છે.

સમાજમાં બધાજ લોકો જો આવી રીતે હળી મળીને સ્નેહ અને સંવાદિતતા સર્જાય તો અલગ અલગ કોમો વચ્ચે ઘર્ષણ, હિંસા ટાળી શકાય.

આર્ટ ઓફ લિવીંગના હેલ્થ, હાઈજિન વગેરે વિશેના જાગૃતિ અભિયાન ને લીધે નાના-નાના ગામડાઓમાં પણ યોગ, પ્રાણાયામનું મહત્વ લોકો સમજે છે. ગામડાઓમાં લોકોએ શૌચાલયોનો ઉપયોગ કરતા થયા છે. લોકો ઓર્ગેનીક ખેતી કરે છે. તેમના દ્વારા ચલાવાતી શાળાઓમાં બાળકોને મફત શિક્ષણ મળે છે એના પરિણામે ઘણા વાલીઓ જે પૈસાના અભાવે બાળકોને શિક્ષણ નહોતા આપી શકતા, તે હવે શકય બન્યુ છે.

## ૯. તમે આર્ટ ઓફ લિવીંગની કઈ પ્રવૃતિમાં જોડાયા છો?

હું આર્ટ ઓફ લિવીંગનાં પાર્ટ-૧ અને શ્રીશ્રી યોગા કોર્સની શિક્ષક છું. આ સિવાય આર્ટ ઓફ લીવીંગની એક શાખા, હ્યુમન રિસોર્સ, જે લોકોને નોકરી અપાવવામાં મદદરૂપ થાય છે, તેમાં પણ સેવા આપુ છું.

## ૧૦. જો તમે આર્ટ ઓફ લિવીંગમાં વ્યવસ્થાપક તરીકે સેવા બજાવી હોય કે હાલમાં બજાવતા હોય તો તે વિશેના તમારા મંતવ્યો શા છે ?

એક શિક્ષક તરીકે કોર્સ લેવાનો અનુભવ, અત્યંત સંતોષકારક છે. આ સંસ્થામાં લાખો લોકો વિશ્વભરમાં નિસ્વાર્થ સેવા બજાવે છે.

## ૧૧. તમે કરેલ વિવિધ કોર્સની કોર્સની માહિતી

પાર્ટ-૧ એપ્રિલ ૨૦૦૬

એડવાન્સ્ડ કોર્સ- ફેબ્રુઆરી ૨૦૦૭, ઓકટો ૨૦૦૭

ડી.એસ.એન. જાન્યુ ૨૦૦૮

ટી.ટી.ઓ-૧ ૨૦૦૮

ટી.ટી.સી.-૨ એપ્રિલ ૨૦૦૯

**૧૨. રોજબરોજની પ્રવૃતિઓમાં ઉઠતી નકારાત્મક ભાવનાઓ સામે સુદર્શન ક્રિયાથીમન શાંત રાખી શકો છો?**

હા. ઉલટુ હવે નકારાત્મક ભાવના ઉઠવાનું પ્રમાણ જ ઘણુ ઓછુ થઈ ગયું છે. જે પણ વિપરીત પરિસ્થિતિ કે અનુભવો છે તે પણ પસાર થઈ જ જવાનું છે અને એ ક્ષણિક છે એવો વિશ્વાસ ફુર ક્ષણ રહે છે. આમ છતાં જો કોઈ ભાવના ઉઠે તો તેને સાહજીકતાથી લઈને મનને શાંત રાખી શકુ છું.

## (૫) શ્રી સૂયકાન્ત શુકલ સાથેની મુલાકાત

**શ્રી સૂયકાન્ત શુકલને પ્રશ્નો કરતા પૂછ્યું કે મિલનસાર સ્વભાવ અને શાંતિ પ્રક્રિયાના સાયન્સના વિષયો હોવા છતાં તેમાં તમે અભ્યાસ કેમ ન કર્યો ?**

અભ્યાસ: સાયન્સના વિષયો હોવા છતાં પિતાની આવક મર્યાદીત હોવાથી ભણાવતા ભણાવતા (નોકરી) કરતાં ઈતિહાસ વિષયમાં એમ.એ. કર્યું. બી.એડ. પણ નોકરી કરતાં કરતાં કર્યું. કોવિદ વિનીત જેવી પરિક્ષા આપી હિન્દીના પરીક્ષક થઈ હિન્દીની સેવા કરી હાલ રાજકોટમાં હિન્દી-રાષ્ટ્રભાષા પ્રચાર સમીતીમાં અધ્યક્ષ તરીકે કામ કરે છે. સ્કાઉટગાઈડ જેવી પ્રવૃતિમાં પણ પ્રમુખ તરીકેની સેવા છેલ્લા ૫૦ વર્ષથી આપે છે. એસટીસી, સિનીયર, પીટીસી, હિન્દી શિક્ષા સનદ જેવી પરિક્ષાઓ પાસ કરેલ છે.

તેમના પિતા સરધારમાં સરકારીશાળામાં આચાર્ય હતાં. ગાંધીજીના સંપર્કમાં હતા. અસ્પૃશ્યતા નિવારણમાં માનતા હતા. ગામડામાં હરિજનોને સાથે ભણવા માટે સ્કુલમાં પ્રોત્સાહિત કર્યા. સવારે ૭ાા થી ૧૨ાાનો સમય કાયદેસર કામ કરી સૌને બાળકોને વિનામૂલ્યે રમવા બોલાવતા તેમાં ક્રિકેટ, કબડ્ડી, ખોખો, મોયદાંડિયા જેવી રમતો પણ રમાડતા.

તેમને છ ભાઈઓ હતા અને ચાર બહેનો હતી. ભાઈઓ બધા શિક્ષણમાં જ પડેલા

હતા તેમાં એક ભાઈ મરચંટ નેવીમાં એન્જીનીયર રહીને બધા દેશો જોઈ લીધેલા.

બાકી એક પ્રિન્સીપાલ કોલેજમાં વાસદ મુકામે, એક વિરાણીમાં આચાર્ય તરીકે (સેલ્ફ ફાઈનાન્સમાં) પોતે નવોદીત જવાહર વિદ્યાલયમાં હતા તથા એક આઈટીઆઈમાં હતા. એક ભાઈ પાંચ વર્ષથી સોલારની એજન્સી લઈ પ્રથમ સ્થાન મેળવતા રહેલા.

તેમને બહેનોમાં બે બહેનો ગૃહકાર્ય કરે છે તથા ૨ બહેનો શિક્ષણના વ્યવસાયમાં છે. બંનેએ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે નોકરી કરી નિવૃત થયેલ છે.

તેમના માતાએ અભ્યાસ કરેલ નહીં ધો.૨ સુધીજ ભણેલ પણ સંસ્કૃત, ગુજરાતી, હિન્દી પુસ્તકો વાંચતા તથા આધ્યાત્મિક મનોબળ ઘણું હતું. તેઓ મૃત્યુથી પણ ડરતા નહીં અને બીજાને હિંમત આપતા.

તેઓનું ફેમીલી સંયુક્ત કુટુંબ હતું પહેલા તો કાકા, દાતા, પિતા બધા સાથેજ રહેતા બાદમાં પિતાની સાથે બધા ભાઈઓ સાથે રહ્યા હતા.

બાળકો કાંઈ નથી પત્ની સાથે ત્રણ વર્ષનો સંસાર ભોગવ્યા બાદ પત્નીનું અવસાન થતાં બીજા લગ્ન કરેલ ન હતા.

કુટુંબમાં પ્રથમ બાર સભ્યો હતા પણ હાલ બીજા ભાઈઓ નોકરી અર્થે જુદા જુદા થઈ જતાં હાલમાં બે ભાઈઓ બે બહેનો સાથે રહે છે. નાનાબહેને પિતા અને માતાની સેવા કરતાં લગ્ન પણ કર્યા નથી.

કુટુંબમાં ૪ સભ્યો આર્ટ ઓફ લિવીંગમાં જોડાયેલાં છે.

આર્ટ ઓફ લિવીંગની સેવા પ્રવૃતિ તથા શ્રીશ્રી રવિશંકર વિદ્યામંદિરમાં વ્યવસ્થા વિભાગમાં તેઓ જોડાયેલાં છે અને આજે પણ સેવા આપે છે. ગુરુજીનાં આદેશ પ્રમાણે જે કાર્યકરો તેમાં ભ્રષ્ટાચાર ન થાય તે જોવાનું તે મુદ્દે શાળાની માન્યતા પણ પૈસા વગર મેળવેલ. અપિલમાં જઈને બધીજ ધો.૭ સુધીની માન્યતા મેળવેલ છે.

તેઓ નવચેતના શિબિર સેવા માટે ગામડામાં ખુલ્લી રિક્ષામાં રાતના બાર એક વાગ્યા સુધી જઈને શિબિરો લેતા ઘરવિહોણાનો ઘર બનાવવા માટેની સેવામાં જોડાયેલ. જ્ઞાનમંદિર બંધાતા તેમાં પણ યથાયોગ્ય ફાળો આપેલ હતો.

**પ્રશ્ન. વ્યક્તિગત જીવનમાં શું અસર થઈ ?**

જ. પહેલાં ગુસ્સામાં આવી જતાં એ કોર્ષ કર્યા બાદ કંટ્રોલ આવી ગયો. હતાસા હતી. ગમે તેવા કપરા સંજોગોમાં પણ પાર ઉતારવાની શક્તિ કેળવી લીધી હતી. ઘણો સંઘર્ષ કર્યો.

સ્વમહેનતે બીજાના દાન વગર શાળા ઉભી કરી આદર્શ શાળા બનાવી. પછાત વિસ્તારની પ્રથમ શાળા બની અને જવાહર વિદ્યાલય અને નવોદીત વિદ્યામંદિરની શાળાનો વિકાસ કર્યો. સાયન્સ ક્ષેત્રે સાંસ્કૃતિક ક્ષેત્રે, રમતગમત ક્ષેત્રે જીલ્લામાં પ્રથમ નંબર મેળવ્યો.

આ બધું આર્ટ ઓફ લિવીંગને કારણે થતું હતું. કમરનો એક મણકો અકસ્માત થવાથી થોડો ટૂટયો હતો. ગુજરાતનાં બધાં ડૉકટરને બતાવવા છતાં ખામી રહી જશે તેમ કહેતા ઓપરેશન કરાવેલ નહી. છ માસ સુધી ખાટલામાં રહી સર્વિસ કરી સમય પણ પસાર કર્યો પણ આર્ટ ઓફ લિવીંગના બેઝીક કોર્સ કરવાથી તકલીફ દૂર થઈ હાલ ૧૮ કલાક કામ કરવા છતાં કોઈ તકલીફ નથી રહી. એડવાન્સ કોર્સ વિગેરે હોવાથી શરીરમાં સ્ફૂર્તિ અને ઉમંગ રહે છે. કાર્ય સફળતાથી પાર કરી શકાય હિંમત, તાકાત અને કાર્ય કરવાની વિધવિધ પ્રવૃતિથી આનંદપૂર્વક કાર્ય સિદ્ધિ મળે છે.

**પ્રશ્ન. મૂલ્યો, માન્યતાઓ અને વલણોમાં શું પરિવર્તન આવ્યું**

જ. શિક્ષણમાં નાણાં લઈને નોકરીમાં ભરતી કરવામાં આવતી હતી. આચાર્ય તથા સંચાલક તરીકે હોવા છતાં આ પ્રથાનો વિરોધ કર્યો અને ગુણવતાને ધ્યાનમાં રાખી નિમણુંક કરવામાં આવતી. કામને પ્રધાનતા આપવામાં આવતી હતી નાણાંને નહી.

બેડીપરા જેવા પછાત વિસ્તારમાં ભાઈઓ અને બહેનોની પ્રથમ મિશ્ર શાળાની

શરૂઆત કરવામાં આવી કોઈ અનિચ્છનીય બનાવ વગર સફળ સંચાલન કર્યું.

બહેનોને ભણાવતાં નહીં તેમાં પરિવર્તન લાવી સ્ત્રી જાગૃતિ કેળવી સમાજમાં પરિવર્તન લાવી કેળવણીક્ષેત્ર, રમતગમત ક્ષેત્ર, સાંસ્કૃતિક ક્ષેત્રે આગળ લાવી શક્યા.

**પ્રશ્ન. કુટુંબનો સાથ સહકાર કેવો મળે છે ?**

જ. તેમના આર્ટ ઓફ લિવીંગ કરવા માટે કુટુંબનો સારો સહકાર મલ્યો છે. માતાપિતા તો પ્રોત્સાહન આપતા.

**પ્રશ્ન. કુટુંબ જીવન પર શું અસર થઈ ?**

જ. તેમના કુટુંબ જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું પહેલા પુજા કરવા ખાતર ફરતા હતા પણ આ કોર્ષ કર્યા બાદ પદ્ધતિસર કરતાં થયા તેનો અર્થસભર રીતે થવા માંડ્યું તેમાંથી ઘણું બધું જાણ્યું.

તેમના જીવન જીવવાની શૈલી પણ બદલાઈ ગઈ. નિરાશા દૂર થઈ, દુ:ખ આવે તો પણ તેમાંથી પાર નીકળી જવાનું હતું. હકારાત્મક વિચારો તરફ ઘરના સર્વે વળ્યા. નકારાત્મક ભાવના દૂર થઈ.

ઘરના લોકો સંપથી રહેતા શીખ્યા. વ્યક્તિ જેવી છે તેવી સ્વીકારવાની ભાવના જાગૃત થઈ છે. દરેક વ્યક્તિનો વિકાસ થાય તે માટે એકબીજા પ્રયત્ન કરવા લાગ્યા.

આર્ટ ઓફ લિવીંગથી સમાજમાં ખૂબજ સારી અસર થઈ છે.

વ્યક્તિનો વિકાસ થયો છે.

આધ્યાત્મિક ઉન્નતિ થઈ છે.

નકારાત્મક ભાવના દૂર થઈ છે અને હકારાત્મક વલણ તરફ લોકો આગળ વધ્યા છે.

સંસારમાં પતિ-પત્ની વયના માતાપિતા વચ્ચેના તથા બાળકોના વ્યવહારમાં ફરક પડ્યો છે. માણસના માનસમાં પરિવર્તન આવ્યું છે.

બીજાના આપેલા મંતવ્યો પર ગુસ્સે થતાં હતા તે ભાવના દૂર થઈ છે.

**પ્રશ્ન. આર્ટ ઓફ લિવીંગની કઈ પ્રવૃતિમાં જોડાયા છો?**

જ. તેઓ આર્ટ ઓફ લિવીંગ દ્વારા ચાલતી શ્રીશ્રી રવિશંકર વિદ્યામંદિર સંસ્થામાં રાજકોટમાં પ્રથમથી જ જોડાયેલા છે.

નવચેતના શિબિરો દ્વારા ગામડામાં ચિંતામુક્ત કરવા તથા ધ્યાનની પ્રવૃતિમાં ગામડે ગામડે જઈને પ્રવૃતિ કરવામાં આવે છે.

તેઓએ આર્ટ ઓફ લિવીંગ દ્વારા હીલીંગનો કોર્ષ કરી માણસોને દુ:ખમાંથી દૂર કરવા માટેની પ્રકૃતિ કરવામાં મદદરૂપ થાઉ છું.

**પ્રશ્ન. આર્ટ ઓફ લિવીંગથી વ્યવસ્થાપક તરીકે સેવા બજાવી હોય કે હાલમાં બજાવતા હોય તે વિશેના તમારા મંતવ્યો શું છે ?**

જ. તેઓ હાલમાં શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિરમાં વ્યવસ્થાપક તરીકે સેવા આપે છે અને નવચેતના શિબિરો ગામડામાં લેવા જાય છે. એડવાન્સ કોઈ બેઝીક કોર્ષ કે આર્ટ એકસલ જેવા કોર્ષમાં વ્યવસ્થાપક તરીકે સેવા આપે છે.

સેવા દ્વારા એક પ્રવૃતિ કરી મન પ્રસન્ન રહે છે તથા સમાજ સેવા થઈ શકે છે.

**પ્રશ્ન. આર્ટ ઓફ લિવીંગમાં કેટલા વિવિધ કોર્ષ અને તેના સમયગાળા વિશેની માહિતી જણાવશો ?**

જ. શરૂઆતમાં આર્ટ ઓફ લિવીંગનો બેઝીક કોર્ષ ૧૯૯૬માં કર્યો. માત્ર ૬ દિવસના આ કોર્ષથી જીવનમાં નવું પરિવર્તન આવ્યું તથા ત્યારથી આજ દિવસ સુધી એકપણ દિવસ ચૂક્યા વગર સુદર્શન ક્રિયા નિયમિત કરું છું. આ ગાળો ૧૯૯૬ થી આજ સુધી સતત ચાલુ જ છે.

ત્યારબાદ એડવાન્સ કોર્ષ કરવાનો થયો તેમાં ૨૧ એડવાન્સ કોર્ષ કર્યા. તેમાં કાયાવરણ (વડોદરા) પ્રેરણાધામ (જુનાગઢ) વાસદ (વડોદરા) ૠષિકેશ અને બેંગ્લોર આશ્રમ, વડોદરા,

સુરત તથા અમદાવાદમાં એડવાન્સ કોર્ષ કર્યા.

ગુરૂપુજાનો કોર્ષ એક વિશિષ્ટ કોર્ષ છે તે પણ બેંગ્લોર આશ્રમમાં ભાનુદીદીના નેજા હેઠળ કર્યો. તે કોર્ષ કરવાથી દરરોજ ગુરૂપુજા કરું છું અને ગુરૂની નજીક ખૂબજ હોય તેવો ભાવ પ્રતિત થાય છે.

હિલીંગ કોર્ષ (આશિર્વાદ) આ કોર્ષ દ્વારા દુ:ખી વ્યક્તિના દુ:ખ દૂર કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે તે કોર્ષ બેંગ્લોર મુકામે કર્યો.

નવચેતના શિબીર માટેનો કોર્ષ આઠ દિવસનો વાસદ મુકામે કર્યો. ગામડામાં જઈને ગ્રામ્ય પ્રજામાં રામધ્યાન કરાવવાનું તથા ગ્રામ્ય લોકોમાં જાગૃતિ લાવવા માટેનાં પ્રયત્નો કર્યા.

પાર્ટ-૧ ટીચર્સ ટ્રેનીંગ કોર્ષ બેંગ્લોર મુકામે પંદર દિવસનો કર્યો.

શ્રીશ્રી રવિશંકર વિદ્યામંદિર ચલાવવા માટેના કોર્ષ બેંગ્લોર મુકામે કર્યો તથા અમદાવાદ મુકામે હતા તેની તાલીમ લીધી. આ કોર્ષ ૪ દિવસનો થયો. કાર્યશાળાના રૂપમાં લેવામાં આવેલ.

**પ્રશ્ન. રોજબરોજની પ્રવૃતિઓમાં ઉઠતી નકારાત્મક ભાવનાઓ સામે સુદર્શન ક્રિયાથી મન શાંત રાખી શકો છો?**

જ. રોજબરોજની પ્રવૃતિમાં ઘણી વખત નકારાત્મક ભાવના ઉઠે આ નહીં થાય તેવું લાગે પણ સુદર્શનક્રિયા કર્યા બાદ તે પડકાર જીલી લેવાતી શક્તિ મળી છે અને તેમાં સફળતા પણ મળે છે.

રાજકોટ શહેરમાં એસએસસીમાં સ્થળ સંચાલક તરીકે કોઈ તૈયાર થતુ નહોતુ પણ આ કામ મને સોપાતા મેં તે સરસ રીતે પાર પાડ્યું અને ફોર્મ બનાવ્યા અને વ્યવસ્થિત આયોજન કર્યું. તે કોર્ષ આજ સુધી એસએસસી બોર્ડે સ્વીકાર્યાં છે અને તે પ્રમાણે તેનો અમલ કરે છે. આ બધું સુદર્શન ક્રિયા દ્વારા જ થઈ શક્યું હતું. ધ્યાનમાં પ્રેરણા મળતાં તે પ્રમાણેની પ્રવૃતિ કરતાં સફળતા મળતી.

આમ ખૂબજ ટેન્સન હોય તો પણ સુદર્શન ક્રિયા દરરોજ કરવાથીનવું બળ મળે છે ગમે તેવી ચિંતા હોય તો મુક્તિ મળે છે.

## (૬) શ્રી નિરજ વિઠલાણી સાથેની મુલાકાત

આ ભાઈ નામે નિરજ વિઠલાણી હાલમાં રાજકોટમાં રહે છે અને તેનો અભ્યાસ પણ ચાલુ છે. એમ.બી.એ.નો અભ્યાસ ચાલે છે. પરિવારમાં દાદા, દાદી, માતા-પિતા અને બહેન છે. બહેન અપરિણીત છે. વિભક્ત કુટુંબમાં રહે છે. કુટુંબમાં છ સભ્યો સાથે રહે છે તેમાંથી ત્રણ સભ્યો આર્ટ ઑફ લિવીંગમાં જોડાયા છે જે આ સંસ્થાની અનેક પ્રવૃતિ સાથે જોડાયેલ છે. આ ભાઈ આર્ટ એકસલ અને યશ કોર્ષના ટીચર છે. વધુમાં ડીડીસી Commuilityમાં Fecilites (સત્સંગ સહાયક) તરીકે ફરજ બજાવે છે. સત્સંગમાં તેમની નિયમિત હાજરી હોય જ છે.

### પ્રશ્ન. આર્ટ ઑફ લિવીંગમાં જોડાયાથી શું પરિવર્તન આવ્યું ?

જ. સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ કોઈ પ્રવૃતિમાં આવી જાય ત્યારે થોડા સમય માટે તેઓના મનમાં વિહવળતા આવી જાય તેવું તેમના મનમાં પણ થયેલ. પ્રવૃતિમાં જોડાયા ત્યારે નેગેટીવ પ્રકૃતિના હતા. પરંતુ આર્ટ ઑફ લિવીંગમાં જોડાયા બાદ તેનું જીવન પરિવર્તન થતું ગયું. અને પોઝીટીવ માઈન્ડનો બની ગયો. અને સૌની સાથે હકારાત્મક રીતે રહી પ્રવૃતિઓમાં રસ લેવા લાગે છે. તેમના શરીરમાં એક મોટી ખામી છે. ડાબા પગમાં પોલિયો છે. સ્થિરતાથી ચાલી શકાય નહિ તેમજ લાંબુ ચાલવામાં ઘણી મુશ્કેલી ઉભી થાય છે. આ પરિસ્થિતિમાંથી પણ થોડો સુધારો થવા લાગ્યો છે. જેના કારણમાં રેગ્યુલર યોગાસન, પ્રાણાયામ અને સાધના, પગમાં ઘણો જ ફેર પડ્યો છે. આજે ત્રણ પૈડાવાળી ટ્રાયસિકલ દ્વારા ગમે ત્યાં પહોંચી જાય છે જ્યારે પોતે બેઠા હોય ત્યારે આપણને કે અન્ય કોઈને એમ લાગેજ નહિ કે આ પોલિયોના દર્દી છે.

**પ્રશ્ન. હાલમાં શું કરો છો ?**

જ. હાલમાં સર્વિસ કરે છે ત્યાં હાર્ડ વર્ક હોય છે. કાર્ય પણ વધારે કરવાનું હોય છે તો પણ સહેલાઈથી કરી શકું છું, અને Relex તરીકે રહી શકે છે. હું હાલમાં નિશંકોચ પણે દરેક સાથે વાત કરી શકું છું અને કામ પણ થઈ શકે છે.

**પ્રશ્ન. કુટુંબ તરફથી કેવો સહકાર મળ્યો છે ?**

જ. તેમના પરિવાર દ્વારા પણ તેમને પૂરતો સહકાર મળી રહે છે. કુટુંબ સાથે સહકાર આપીને ઉનાથી રાજકોટ મોકલ્યા છે. પરિવારમાં મમ્મીનું પણ ઓપરેશન કરાવેલ તેને પણ સારૂં થઈ ગયું પરિવારનું કામ પણ સારી રીતે કરી શકે છે.

**પ્રશ્ન. સમાજ પર કેવી અસર થઈ છે ?**

આ બધાં કારણોસર સમાજના દરેક પ્રકારના કામ કરી શકે છે. સમાજમાં રહેલ બદીઓ, દારૂ, સિગારેટ અને તમાકુ જેવા વ્યસની લોકોને સવારવાનું કામ તે કરી શકે છે. તણાવ મહંત સમાજ બનાવવામાં તેમાં ફાળો આપી શકે છે તેમજ નવા પરિચયમાં આવતી વ્યક્તિને આર્ટ ઑફ લિવીંગમાં જોડાવા અંગે પૂરા પ્રસન્ન રહે છે. લોકોનો પણ સહકાર મળે છે એવું પણ તેમના મનમાં થયા કરે છે કે આ કોર્ષ મે વહેલા કર્યો હોત તો સમાજની ઘણી વ્યક્તિઓને મદદરૂપ થયો હોત.

નિરજભાઈ દ્વારા આજથી બેઝીક, એડવાન્સ, એડવાન્સ, વીથ ગુજરાતી દિવ્ય સમાજના નિર્માણ, શ્રીશ્રી યોગા, પીડીએસ અને ટીટીસી ફેસ ૧૮-૨-૨૦૦૪ થી ૨૦૦૯ દરમ્યાન કરેલ છે.

સુદર્શન ક્રિયાની પોતાના શરીર અને મન પર જે અસર થઈ છે જેને કારણે તણાવ મુક્ત થતા સમાજમાં ઘણાને ઉપયોગી થવાય છે.

## (૭) શ્રી બલદેવપ્રસાદ હરિશ્ચંદ્ર ત્રવાડી સાથેની મુલાકાત

### ૦ કુટુંબનો પરિચય

નામ: બલદેવપ્રસાદ હરિશ્ચંદ્ર ત્રવાડી

પિતા: ભૂતપૂર્વ પ્રાથમિક શિક્ષક

પ્રાથમિક શાળા, રાજકોટ મહાનગરપાલિકા સંચાલીત શાળાઓમાં નિવૃત વિરનગર પ્રાથમિક શાળા તાલુકો જસદણ, જી.રાજકોટ ગુજરાત- હાલમાં હૈયાત નથી.

માતા: ઘરકામ કરતાં હતા. શિક્ષણ પ્રાથમિક વિભાગ આધ્યાત્મિક વ્યક્તિ હતા. ધર્મ ધ્યાન અને બાળકોના વિકાસ પર ધ્યાન, બે પુત્રો અને એક દીકરી છે. હાલમાં હયાત છે. સૌ પોતપોતાની ઘેર સુખી છે તેમના પરિવાર સાથે શાંતિથી રહે છે. સૌના ઘર વ્યવસ્થિત છે. હાલમાં માતા હૈયાત નથી. પરલોક પામ્યા છે.

ભાઈબહેન: બે ભાઈઓ- ૧ હું પોતે અને બીજા મારાથી મોટા જે ગવર્મેન્ટ સર્વન્ટ હતા. સારા અધિકારી હતા. સેન્ટ્રલ ગવર્મેન્ટની ફરજ બજાવતા હતા. હાલમાં નિવૃત છે.

મોટાભાઈ બીએસસી સાયન્સ ગ્રેજ્યુએટ બહેન દશ ધોરણ સુધીનો અભ્યાસ છે.

લગ્ન: ૧૯૬૦ મે તારીખ ૩૦ના રોજ થયેલ ભૂતપૂર્વ ટીચર હાઈસ્કુલ સુધીની નોકરી રાજકોટમાં ૪૦ વર્ષ માધ્યમિક શિક્ષક તરીકે ફરજ બજાવી ઓકટોબર ૧૯૯૨માં નિવૃત થયેલ છેલ્લી સર્વિસ નિવૃત જીવન ગાળુ છું.

પત્ની: પીટીસી, એસ.ટી.સી. અને તે પણ ભૂતપૂર્વ પ્રાથમિક શિક્ષક રાજકોટ

- એક પુત્ર અને બે પુત્રીઓ છે.
- કુટુંબના સભ્યોની સંખ્યા હાલમાં છ વ્યક્તિઓ છીએ. અમો બે અને પુત્ર, પુત્રવધુ અને બે બાળકો મળી કુલ છ વ્યક્તિઓ છીએ.
- બાળકો સિવાયના બધા સભ્યો આર્ટ ઑફ લિવીંગમાં જોડાયેલા છીએ.

○ આર્ટ ઓફ લીવીંગની પ્રવૃતિમાં બે વ્યક્તિ ટીચર છે. બેઝીક ટીચર અને આર્ટ એકસલ, બેઝીક ટીચર, યોગા ટીચર એક પુત્ર ઈન્ડીયા લેવલે ટીચર છે. જે ગુરુજીની નજીકમાં પ્રવૃતિઓ કરી રહે છે. હું અને મારા પત્ની સત્સંગ સેવા અને સાધના સાથે સંકળાયેલા છે.

**પ્રશ્ન. વ્યક્તિગત જીવન પર શું અસર થઈ છે ?**

○ વ્યક્તિગત જીવનમાં આર્ટ ઓફ લિવીંગ કોર્ષની અસર સારા પ્રમાણમાં થયેલ. ગુસ્સા અને મૌન પર કાબુ આવેલ છે. બને ત્યાં સુધી કોઈની પ્રવૃતિમાં આડે ન આવવું તે નિર્ણય લેવામાં કોઈ મુશ્કેલી પડતી નથી. નગરો તેનાથી દૂર રહે છે પણ સંબંધ બગાડવો નહિ તે પ્રમાણે અનુસરવામાં આવે છે. બચપણના સ્વભાવ કરતાં ઘણુંજ પરિવર્તન આવેલ છે.

એક વખત હું વધારે પડતો બિમાર પડી ગયેલ. મને પેરેલીસીઝનો એટેક આવ્યો જે એક વખત નહિ પરંતુ બે વખત એટેક આવેલ હતો. હું પણ હિંમત હારી ગયો હતો. ૯ જુન ૨૦૦૧ના રોજ હતાષા આવી ગઈ અને મને એમજ લાગેલ કે કાલે સવારે મારો દેહ આ પૃથ્વી પર નહીં હોય.

પરંતુ ઉલ્ટું થયું ગુરુજીમાં અમારા પરિવારને જે શ્રદ્ધા હતી. આર્ટ ઓફ લિવીંગપ્રત્યેની તેની પ્રવૃતિમાં જે વિશ્વાસ હતો તેને પરિણામે તબીયત સુધરવા લાગી.

થોડો સમય તો એમ જ થયા કરતું હતું. આખો પરિવાર આર્ટ ઓફ લિવીંગની પ્રવૃતિમાં જ પ્રવૃત રહેશે તો પરિવારની જવાબદારીમાં કોઈ અડચણ તો નહિં આવે ને? ના એવું કંઈ બનેલ નથી, તેને કારણે ઘણાંજ ઉંચા સારા આદર્શ પાયાનો વિચાર કરેલ જે પ્રમાણે અનુસરવાનો પ્રયત્ન શરૂ કરી દીધો. સાદાઈ, અજુગતી પ્રવૃતિઓ, ખોટા સંબંધો, સ્પષ્ટ વકતા અને સત્યને પગલે ચાલવા લાગ્યા. જેને જીવન સરળ બનેલ છે અને નિશ્ચિતપણે

પ્રગતિ થયેલ છે. જીવનમાં કરેલ ભૂલોમાં સુધારો આવેલ છે. ભવિષ્યમાં આવી ભૂલો ન થાય તે માટે મકકમતા આવેલ છે.

માન્યતાની દ્રષ્ટિએ જોઈએ તો આર્ટ ઓફ લિવીંગ દ્વારા થતી પ્રવૃતિઓ, કાર્યો ઉતમ પ્રકારના છે પણ કેટલાક મધ્યમ કક્ષાના માનવી જેઓ આ પ્રવૃતિમાં રસ ધરાવતા હોય તે ઉંચી ફીને કારણે રસ લઈ શકે નહિ. આ અંગે સંસ્થા દ્વારા કોઈ યોગ્ય નિર્ણય લેવાય તેવું મારું માનવું છે. પોતે જ શક્તિશાળી છે એવી કેટલાકમાં ભાવના જોવા મળે છે. જે અંગે ઉદારતા કેળવાય એ જરૂરી છે. પરિવર્તનમાં યોગ્ય માર્ગદર્શન મળતા તેમજ આર્ટ ઓફ લિવીંગ પરિવાર દ્વારા પ્રેમ સદભાવના મિલનસાર સ્વભાવથી જીવન જીવવાના વલણમાં અને ફેરફાર થયા. બંને ત્યાં સુધી ઓછું બોલવું, કોઈની વાતમાં માથું મારવું નહિ. ખોટી વાતો કરવી નહિ ખોટી પોતાની છાપ ઉભી ન કરવી વગેરે.

આર્ટ ઓફ લિવીંગ કોર્ષ બાદ ભાવના (લાગણી)માં પણ ફેરફાર થયો. પ્રથમ તો એ લોકો પર વિશ્વાસ મુકી ખેંચાતો હતો જે બંધ થયુ કોઈ વ્યક્તિ ગમે તે પ્રશ્ન કરે કે મુશ્કેલીની વાત કરે એટલે ખેંચાઈ ને અંગત મુશ્કેલી સહન કરીને ભોગ આપતો જે બંધ થઈ ગયું. પ્રેમ રાખવો જરૂર લાગે ત્યાં સહકાર આપવો પણ વધારે જાત તોડવાની જરુર નથી એવું લાગેલ. અવારનવાર સંબંધ બગાડી નાખતા જે બંધ થયું- દરેકને અધિકાર છે જે અધિકારમાં બને તેટલો સહકાર આપવો આર્થિક સહકાર અપાતો જેમાં મર્યાદા બાંધી સદંતર બંધ થયેલ છે.

**પ્રશ્ન. આર્ટ ઓફ લિવીંગની સમાજ ઉપર અનેક પ્રકારની અસરો થયેલ છે?**

જ. ○ સમાજના લોકોનો ગુસ્સા પર કાબુ રહેતો હોય તેમ લાગે છે.

○ ગુસ્સા ઉપર કાબુ રહેવાને કારણે મનને શાંતિ મળતી હોય તેવું લાગે છે. પ્રમાણમાં લોકોના મન પ્રફુલિત રહેતા હોય તેવું લાગે છે.

○ બને ત્યાં સુધી લોકો પારકી પંચાતમાં સમય ઓછો વેડફતા હોય તેમ પણ અસર થઈ હોય તેમ લાગે છે.

- થોડું બોલવામાં નવ ગુણ એટલે મૌનનો અસરો વધુ પ્રમાણ લેવા લાગ્યો.
- યોગ અને સાધના કરવાથી શારીરિક પરિસ્થિતિમાં સુધારો થવા લાગે છે.
- ઘણાં લોકો વ્યસન મૂક્ત થયા કેટલાંક આ વ્યસન મુક્તિ કરાવ્યા અને કેટલાંક લોકોએ વ્યસનનું પ્રમાણ ઓછા પ્રમાણ થયું.
- પરિવારમાં શાંતિ આવતી હોય તેવું કેટલાંક પરિવારમાં બન્યું અને અહમવાળી વ્યક્તિઓમાં ફેરફાર થયો નથી એવું કેટલીક પરિચિત વ્યક્તિના સહવાસથી લાગેલ છે.
- માનસિક તનાવનું પ્રમાણ ઓછું થયુ હોય તેમ લાગે છે લોકો હળીમળીને રહેતો હોય તેવું પણ લાગે છે.
- આર્ટ ઓફ લિવીંગ દ્વારા થતાં સત્સંગથી લોકોમાં આધ્યાત્મિક વલણ વધારે આવ્યું હોય તેમ પણ લાગે છે અને સેવાની ભાવના જાગૃત થઈ છે.
- હું આર્ટ ઓફ લિવીંગ સેવાકીય પ્રવૃતિમાં શક્તિના પ્રમાણમાં બચત સમયમાં જોડાયેલ છું- હાલમાં તો આ સંસ્થા દ્વારા ઘણી પ્રવૃતિઓ થાય છે તે મહદઅંશે બહુ જ થોડી પ્રવૃતિમાં જોડાયેલ છું. જ્યારે સંસ્થા દ્વારા કોઈ મોટો ઉત્સવ ઉજવવાનો હોય કોઈ મોટુ ફંકશન હોય ત્યારે સ્વયંસેવક તરીકે જે ફરજ સોંપવામાં આવે છે તે થાય તેટલા પ્રમાણમાં કરીએ છીએ તેમાં શુભહેતુથી સહકાર રહે છે હવે પાછલી જીંદગીમાં આ પ્રવૃતિમાં વધુ સહકાર આપી જોડાવા ઈચ્છા ધરાવું છું. ખાસ કરીને સેવાકીય પ્રવૃતિમાં વધુ રસ ધરાવુ છું હવે કેટલું થશે તે ઈશ્વર જાણે. ગુરુજીની શુભેચ્છા પ્રમાણે થશે.

## પ્રશ્ન. આર્ટ ઑફ લિવીંગના કયા કોર્ષ કર્યા છે ?

- મેં આર્ટ ઓફ લીવીંગમાં ઘણીજ જાતના કોર્ષ કરેલ છે. (૧) બેઝીક કોર્ષ ૪ વખત ૧ વખત અને ત્રણ વખત રીપીટર તરીકે (૨) ૪ વખત પ્રેરણાધામ- જૂનાગઢ, કાયાવરણ, બરોડા, બેંગ્લોર ગુરુજીના સાનિધ્યમાં અને ઋષિકેષ ગુરુજીના સાનિધ્યમાં (ડી.એસ.એન.) દિવ્ય સમજનું નિર્માણ બે વખત આ સમયગાળા દરમ્યાન કોર્ષ કર્યાનો આત્મસંતોષ થયેલ છે જેનાથી કોર્ષ કર્યાનો સમય અને પ્રસંગને યાદ કરતાં બધું ભૂલી જવાય છે. મનમાં એમજ થયા કરે છે કે આ જીંદગી કરતા આવી પ્રવૃતિમાં સદાય માટે જોડાઈ શાંતિ મળે તેવું કંઈક કરુ. પ્રેરણાધામમાં પણ ગુરુજીના સાનિધ્યમાં કોર્ષ કરેલ કુદરતી વાતાવરણમાં જે આનંદ મળેલ છે તે આનંદ ફરી મળવો મુશ્કેલ છે તેવીજ રીતે બરોડા અને ઋષિકેશ તેમજ બેંગ્લોરમાં ગુરુજી સાથેના સંપર્કમાં અનેરો આનંદ મળેલ છે. ફરી પણ આજ રીતે ગુરુજીના સાનિધ્યમાં તેમની રાહબારી નીચે થતાં કોર્ષમાં જવાની ઈચ્છા છે જે પૂર્ણ થાય તેવી પ્રભુ પાસે પ્રાર્થના.
- રોજબરોજની પ્રવૃતિમાં ઘણાં પ્રકારની નકારાત્મક ભાવનાઓ ઉઠે છે તેને કંટ્રોલમાં રાખવા અને કાબુમાં રાખવાના પ્રયત્નો થાય છે. પણ પુરતી સફળતા મળતી નથી. મનને કાબુમાં રાખવાનો પ્રયત્ન થતા અનેક વિટંબણાઓ આવી જાય છે જેના નિરાકરણમાં વધારે પડતો સમય જાય છે. વિચારોમાં અટવાઈ જવાય છે. પરિણામે ખોરાક અને ઉંઘ પર વધારે અસર થાય છે. એકાંત વધારે પસંદ રહે છે. રાત્રે ઉઠીને પૂજાના રૂમમાં બેસી ગુરુજીને પ્રાર્થના કર્યા કરવાનું મન થાય છે.

○ સુદર્શન ક્રિયાથી મનને શાંત રાખી શકું છું. જે દિવસે વિચારો પણ સારા આવે છે. નકારાત્મક વિચારોથી દૂર રહી શકાય છે. શરીરમાં પણ સ્ફૂર્તિ અને તાજગી જેવું વાતાવરણ લાગે છે. મન હળવું થઈ જાય છે અને શરીરમાંનો કચરો બહાર ફેંકાઈ જતો હોય તેવું લાગે છે. ઘણી વખત આખુ શરીર ધ્રુજવા લાગે છે એમજ થાય કે શરીરમાં કંઈ મેગ્નેટ મૂક્યુ હોય તેવું લાગે પણ થોડીવારમાં એકદમ હલકું થઈ જાય છે અને મનને શાંતિ મળે છે એ જ માંગુ છું જે માટે પૂ. ગુરુજીને પ્રાર્થના. મારી અનિયમિતતા દૂર કરીશ અને જે કોઈ અનિયમિત રહેતા હશે તેને નિયમિત સુદર્શનક્રિયા કરવા અંગે સમજાવીશ.

## (૮) શ્રી સુનિલ પી. ડાંગા સાથેની મુલાકાત

**પ્રશ્ન. આપે કયાં સુધી અભ્યાસ કર્યો છે અને કુટુંબીજનોની માહિતી આપશો ?**

જ. મારું નામ સુનિલ પી. ડાંગા અને અભ્યાસ ૧૨ સાયન્સ પાસ છે. મારા પિતાની ઉંમર ૬૩ વર્ષ અને એમને સાડી અને ડ્રેસની દુકાન છે. મારા મમ્મીની ઉંમર ૫૫ વર્ષ અને ગૃહિણી છે. મારા એક મોટા ભાઈ છે. જેમની ઉંમર ૩૫ વર્ષ અને ચાર્ટડ એકાઉન્ટ છે. મારા ભાભી પણ સી.એ. છે. એમની ઉંમર પણ ૩૫ વર્ષ છે. મારી ઉંમર ૩૦ વર્ષ છે. મારાથી એક મોટા બહેન છે. જે અમદાવાદ રહે છે. ઉંમર ૩૩ વર્ષ છે. મારા લગ્ન ૫ વર્ષ અગાઉ ૨૦૦૫ માં થયેલા છે. મારી પત્નીની ઉંમર ૨૫ વર્ષ છે અને અભ્યાસમાં ૧૦ પાસ છે.

**પ્રશ્ન. તમે કેવા કુટુંબમાં રહો છો ? માહિતી આપો.**

જ. અમાર ફેમીલીમાં હું મારા મોટાભાઈ અને મમ્મી-પપ્પા ત્રાણેય અલગ રહીએ છીએ.

મારા મોટા ભાઈ ને એક બાળક છે અને મને પણ એક બાળક છે. અને મને પણ એક બાળક છે. મારા કુટુંબમાં મમ્મી, પપ્પા, મોટા ભાઈ, ભાભી, મોટા બહેન, મારી પત્ની અને હું બધા જ આર્ટ ઑફ લિવીંગમાં જોડાયેલા છીએ. રેગ્યુલર મમ્મી, સિવાય બધા જ સાધના, સેવા અને સત્સંગમાં જોડાઈ છે. કોઈપણ આર્ટ ઑફ લિવીંગ અને સમાજના સેવા પ્રોજેક્ટમાં બધા તન-મન-ધનથી જોડાઈ છે.

**પ્રશ્ન. આર્ટ ઑફ લિવીંગના કોર્ષથી શી અસર થઈ ?**

જ. આર્ટ ઑફ લિવીંગના કોર્ષ કરવાથી મારા મન પર કયા પરિબળો કેવી રીતે અસર કરે છે તે હું જાણી શક્યો અને ગુરુદેવના જ્ઞાનથી એમાંથી મુક્ત થઈ શક્યો. હવે જીવનમાં કોઈ પણ દુર્ઘટનાની મારા પર મોટી અસર થતી નથી. મન વગર કારણે ખુશ રહે છે. બધા પોતાના લાગે છે.બધા માટે કંઈક કરવાનું મન થાય છે. લોકોના સુખ, દુઃખમાં ભાગીદાર બનું છું. લોકોને સમય આપી એમની વાત સાંભળું છું અને શક્ય એટલી મદદ કરું છું. કાર્ય શક્તિમાં ખૂબ જ વધારો થયો છે. બધા જ પ્રકારની સંપત્તિમાં વધારો થયો છે. બીજા લોકો મારી નિંદા કરે તો પહેલા જેટલું દુઃખ નથી લાગતું ભૂતકાળને ભૂલી શકયો છું અને ભવિષ્યનું ન વિચારતા વર્તમાનમાં વધારે રહું છું.

જ. આપણે આપણા કુટુંબનું ધ્યાન રાખવું જોઈએ બીજાનું નહીં. એની બદલે વસુદૈવ કુટુંમ્બકમની ભાવના ઉત્પન્ન થાય છે.

- જીવનમાં બધા માટે પ્રેમ વધ્યો છે.
- જીવનમાં શાંતિનું મહત્ત્વ વધ્યું છે.
- જીવનમાં બધાને આદર આપવાનું મન થાય છે.
- કોઈની નિંદા ગમતી નથી.
- બીજાનું દુઃખ પોતાનું લાગે છે.

**પ્રશ્ન. કઈ ભાવનાનો વિકાસ થયો ?**

જ. સારી ભાવનાઓમાં વધારો થયો છે. બધા માટે સારા વિચાર, સારી લાગણી થાય છે જેના માટે ખરાબ ભાવ આવે તે વધારે ક્ષણ ટકતો નથી. બીજી ક્ષણે એના માટે દયા આવે છે.

**પ્રશ્ન. તમારા કુટુંબના કયા સભ્યો મદદ કરે છે ?**

જ. કુટુંબના સભ્યોને એકબીજા માટે પ્રેમ, આદરની ભાવના વધી છે. એકબીજાનું ધ્યાન રાખે છે. જવાબદારીઓ લે છે. એકબીજાની વાતનું ખોટું નથી લાગતું, વધારે ગુસ્સો નથી આવતો.

**પ્રશ્ન. આર્ટ ઑફ લિવીંગથી સમાજના લોકો કયા મૂલ્યો પર જીવન જીવીને સમાજને સુંદર, શિસ્તવાળો, પ્રમાણિક, જવાબદાર, સુખી સમાજ બનાવી શકાય તેનું ચણતર આર્ટ ઑફ લિવીંગ પરિવાર કરી રહ્યો છે.**

જ. હું આર્ટ ઑફ લિવીંગનું આયુર્વેદ અને આર્ટ ઑફ લિવીંગના પુસ્તકો, ભજનોની સી.ડી. વગેરે લોકો સુધી પહોંચાડું છું.

**પ્રશ્ન. તમોએ કયા કોર્ષ કર્યા છે ?**

જ. બેઝીક કોર્ષ-૨૦૦૬, એડવાન્સ કોર્ષ-૨૦૦૬ માં, દિવ્ય સમાજ નિર્માણ-૨૦૦૭, એડવાન્સ કોર્ષ-૨૦૧૦, બ્લેસીંગ કોર્ષ-૨૦૧૦, સહજ સમાધિ-૨૦૧૦,

**પ્રશ્ન. સુદર્શન ક્રિયાથી શો ફાયદો થયો ?**

જ. ૧૦૦% મનને શાંત રાખી શકાય છે.

## ૭.૩ વૈયક્તિકનું અર્થઘટન :

ઉપરોક્ત વૈયક્તિક અધ્યયનને તપાસ્યા બાદ જોવા મળેલ છે કે આર્ટ ઑફ લિવીંગની વિશેની દરેકમાં એક સામાન્ય સમજ જોવા મળે છે. જે એક બધી જ વ્યક્તિને કોઈ ખાસ

પ્રકારનું વર્તન કરવા પ્રેરે છે અને જે અલ્પ વ્યક્તિઓ કરતા અલગ પ્રકારનું હોય છે. જેને વિગતવાર નીચે મુજબ સમજાવી શકાય.

### o ઉત્તરદાતાની આર્ટ ઑફ લિવીંગ પ્રત્યેની અનુભૂતિ :

આર્ટ ઑફ લિવીંગ પ્રત્યેની અનુભૂતિની માત્રા અને તિવ્રતા દરેક સ્તરની વ્યક્તિઓ ઉપર અલગ અલગ જોવા મળી છે. જેઓ છેલ્લા થોડાક વર્ષથી જોડાયેલા છે તેઓમાં કુતુહલ વૃતિ વધુ છે તે વધુ જાણવાના પ્રયત્નમાં જે કશું નવું જાણીને તેને પ્રાપ્ત કરવાની તીવ્ર અભિક્ષા જોવા મળેલ છે. દરેક ઉત્તરદાતાઓએ દર્શાવ્યું છે કે આર્ટ ઑફ લિવીંગમાં જોડાયા બાદ તેમના વલણોમાં પરિવર્તન આવેલા છે. તેઓ માટે જીવન એક ઉત્સવ બની ગયેલ છે. તેમનામાં અન્ય ધર્મને ઓળખવાની અને એકતાની ભાવના અનુભવાય છે. આર્ટ ઑફ લિવીંગ દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ થઈ હોય તો ભાવ જોવા મળ્યો છે. પોતાની જાતને ઓળખ આનંદની અનુભૂતિ કેળવી શકાય છે. શાંતિ સદ્ભાવના અને સર્મપણની ભાવનાનો અનુભવ થયેલ છે. દરેક ઉત્તરદાતા એવી સમજ ધરાવે છે કે 'સાધના એટલે દૈનિક પ્રવૃત્તિથી નિવૃત્તિ નહીં પરંતુ દૈનિક પ્રવૃત્તિને દૈવી ચૈતનાની અસર તળે તે સાધના.''દરેક ઉત્તરદાતા દૈવી તત્વ પર અતૂટ વિશ્વાસ ધરાવે છે કે હંમેશા તેને દોરે છે અને મારી સાથે છે. બધા ઉત્તરદાતાઓ જાણકારી ધરાવે છે કે આધ્યાત્મિક એ મોક્ષ નથી એ ચેતનાના રૂપાંતરની પ્રક્રિયા છે. તેમજ ચેતનાના સ્તરો વિશેની જાણકારી ધરાવે છે અને તે અનુસાર ગુસ્સો, ઈર્ષા, શોષણ, ગમા-અણગમા, હિંસા, પ્રતિક્રિયાઓ વગેરે પ્રાણી ચેતનામાંથી આવે છે. જયારે પ્રેમ, કરૂણ્ય, સંવાદિતા, એકતા, સહકાર વગેરે આધ્યાત્મિક ચેતનામાંથી આવે છે.

### o આર્ટ ઑફ લિવીંગની વ્યક્તિગત જીવન પરની અસરો :

આર્ટ ઑફ લિવીંગમાં જોડાવાથી વ્યક્તિના મનોવલણો, ભાવ, વર્તન, વ્યવહારો, પરિવર્તન આવેલું જોવા મળેલું છે. આર્ટ ઑફ લિવીંગમાં ગુરુની ઉપરની શ્રદ્ધાને કારણે દરેક

ઉત્તરદાતાને પોતાને ન ગમતી પરિસ્થિતિમાં પણ વિચલીત કરતા નથી. દૈવીતત્વ હંમેશા મારી સાથે છે અને મને દોરે છે. તેવો આત્મવિશ્વાસને સુરક્ષાનો અનુભવ કરાવે છે. જીવનમાં એક પ્રકારની વિશ્રાંતિ મળે છે. જીવનને ગમે તેવી જટીલ ઘટનામાં પણ ચિંતા, અધિરાય, ગુસ્સો પ્રતિશોધ જેવા ભાવોની જગ્યાએ શાંતિ, પ્રેમ, સંવાદિતા અને સહકારના ભાવ ઉભા કરે છે. પહેલા જે સમસ્યા વ્યક્તિને અતિશય વિચલિત અને હતાશા કરી દેતી હતી, અનેક જલદ પ્રતિક્રિયા પેદા કરતી હતી તેજ ઘટના હવે પ્રગતિ માટેનું સોપાન થઈ ગયું છે. જીવનમાં બનતી ઘટના પ્રત્યે સમત્વ આપે છે. વ્યક્તિ વધુ સાત્વિક તથા વધારે જવાબદારી લેતા થયા છે અને હકારાત્મક દ્દષ્ટિકોણથી જૂએ છે.

## ૦ સમાજ જીવન પરની અસર :

દરેક સમાજમાં સમાજની જરૂરીયાતોને પરીપૂર્ણ કરવા માટે અનેક સામાજીક આર્થિક રાજનૈતિક, શૈક્ષણિક, તથા ધાર્મિક સંસ્થાઓ કાર્ય કરે છે. સમાજ સ્વાસ્થ્યના કાર્યત્મક બાદ જણાવ્યા પ્રમાણે સમાજની એક સંસ્થામાં પરિવર્તન આવતા સમાજના અન્ય એકમો કે સંસ્થાઓમાં પરિવર્તન આવે છે. દા.ત. અર્થ વ્યવસ્થામાં પરિવર્તન આવતા કુટુંબ વ્યવસ્થામાં પરિવર્તન આવે છે. વેબરના અભ્યાસ પ્રમાણે પ્રોટેસ્ટરના અર્થના લોકો વધુ કાર્યશીલ હોય છે. કારણ કે પ્રોટેસ્ટેન્ટ ધર્મમાં વ્યક્તિના રસને વિશેષ મહત્ત્વ આપવામાં આવેલ છે. કેથોલિક ધર્મમાં સંતોષની ભાવના વિશેષ જોવા મળે છે. તેમજ મોજ પ્રાપ્તી ઉપર વિશેષ ભાર મૂકાય છે. આમ રૂઢિવાદી વિચારસરણી હોવાને લીધે આર્થિક વિકાસમાં ગતિ ધીમી હોય છે. સ્વયં સમાજની પાંચેય સંસ્થાઓ પરસ્પરાવ લીધી છે. ભારતીય સંસ્કૃતિના હિન્દુ ધર્મના મૂલ્ય પ્રમાણે પણ વ્યક્તિ ધર્મ અને મોક્ષને વિશેષ મહત્વ આપે છે. પરંતુ સમાજની બદલાતી જતી પરિસ્થિતિમાં ધર્મનો સ્વરૂપ પણ બદલાયેલું જોવા મળે છે.

આર્ટ ઑફ લિવીંગ એ એક ધાર્મિક સેવા કરતી સંસ્થા છે. જે હિન્દુ ધર્મના

પરંપરાગત મૂલ્ય ધોરણો અને વિચારોને નવા સ્વરૂપમાં સમાજ સમક્ષ મૂકવાનો પ્રયત્ન કરે છે. આ સંદર્ભમાં સંશોધકે જેવી રીતે આર્ટ ઑફ લિવીંગની વ્યક્તિગત અને કૌટુંબિક અસરોને તપાસી છે તેવી જ રીતે તેની સમાજ ઉપર કેવી અસરો થઈ છે તે અંગે ઉત્તરદાતાઓએ કેવી લાગણી અનુભવે છે તેને તપાસવાનો પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસના ૩ ઉત્તરદાતાઓ આ અંગેના તેમના જે પ્રતિભાવો સ્વભાવ છે તે નીચે મુજબના છે.

આર્ટ ઑફ લિવીંગ ના લોકોની શારીરિક તંદુરસ્તી સારી બને છે. સમાજ પરિવર્તનમા: મહત્વની ભૂમિકા ભજવે છે. સમાજના સભ્યોમાં વ્યક્તિગત સ્વાર્થને બદલે તેમની પ્રેમ અને સહકારની લાગણી વધુ છે. સમાજના સ્વરૂપમાં પરિવર્તન આવેલું છે. ઘણા લોકો વ્યસન મુક્ત થયા છે. ઘર વિહોણાને ઘર પ્રાપ્ત થયા છે. આપઘાતના કિસ્સાઓ ઘણા ઓછા થયા છે.

આ સંસ્થાની પ્રવૃત્તિઓથી સમાજમાં કૌટુંબિક જીવન, સામાજિક જીવન અને વ્યવસાયિક જીવનમાં સ્થિરતા વધે છે. તેના દ્વારા વ્યક્તિએ જીવન કેવી રીતે જીવવું તેનું જ્ઞાન આપવામાં આવે છે. તથા આત્મવિશ્વાસમાં વધારો કરે છે. તથા જીવનમાં પરિવર્તન આવે છે. આ સંસ્થા દ્વારા સમાજનું સંગઠન યોગ્ય રીતે થાય તેમાં દિવ્ય સમાજનું નિર્માણ કરવામાં આવે છે. સમાજ સ્વાસ્થ્ય અને સુરક્ષિત અને સુખી અને ધાર્મિક સંસ્કારોવાળો, નિરોગી પર્યાવરણના સંરક્ષણવાળો, ગુનારહિત સમાજ અને સમાજના લોકોમાં ઉત્સાહ વધ્યો છે. લોકો હળીમળીને રહેતા શીખ્યા છે. એકબીજાને મદદરૂપ થઈ ભાઈચારો કેળવ્યો છે. સમાજ અંધશ્રદ્ધાથી મુક્ત થઈ પ્રમાણિક સમાજ બન્યો છે. માનવીનું આર્થિક, સામાજિક અને માનસિક ઉત્થાન થયું. લોકોનું મનોબળ વધ્યું છે અને વ્યક્તિ કુટુંબને દુઃખ નહીં પરંતુ મુશ્કેલ સમજીને સામનો કરવા માટે હિંમત કેળવી છે. સમાજમાં વૃક્ષ રોપણ કરી પર્યાવરણ બચાવી રહ્યા છે. પ્લાસ્ટીકનો ઓછો ઉપયોગ કરીને પર્યાવરણમાં જાગૃતિ આવી છે. લોકો સમાજની

જવાબદારી લેવા માંડ્યા છે. સમાજમાં સામાજિક અને વૈચારિક ક્રાંતિની શરૂઆત છે. માનવીય મૂલ્યોનું સિંચન થયું છે. માનવતાવાદી વલણ વધ્યું છે. તથા સમાજ સુધારણાના અનેક કાર્ય થયા છે. લોકોના વાણી-વિચાર અને વર્તનમાં પરિવર્તન આવ્યું છે. જેને કારણે સમાજને એક દિશા મળી છે. અને સમાજમાં વ્યસનમુક્તિ સહકાર સેવા સમર્થન, આત્મીયતા, ઉત્સાહ, આનંદ, શાંતિ, સુખ, પ્રેમ, દયા અનેકગણા જેવા સદ્‌ગુણોનો વિકાસ થયો છે અને ભારતના સમાજના લોકોમાં આધ્યાત્મિકતામાં વધારો થયો છે અને વિશ્વ શાંતિનો સંદેશ સમગ્ર વિશ્વમાં ફેલાવામાં આવ્યો છે. ટૂંકમાં આ સંસ્થા દ્વારા લોકોને આધ્યાત્મિકતાનો માર્ગ નવા સ્વરૂપે દિશાસૂચન કરીને સમાજમાં સુધારણાલક્ષી રચનાત્મક અને કાર્યાત્મક કાર્ય કરવામાં આવે છે. તેના દ્વારા વસુધૈવ કુટુંબકમની ભાવના ફેલાવીને દિવ્ય સમાજના નિર્માણ કરવાનો સ્વભાવ રહેલો છે. જેની અસરો વ્યક્તિગત અને કૌટુંબિક કક્ષાએ જોવા મળે છે.

## ૭.૪ ઉપસંહાર :

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે આર્ટ ઑફ લિવીંગમાં વિવિધ સ્તરે સક્રિય રીતે કાર્ય કરતી જુદી જુદી જ્ઞાતિના વિવિધ દરજ્જો ધરાવતી વ્યક્તિઓ તેમજ વિવિધ વર્ષોનો અનુભવ ધરાવતી વ્યક્તિના વ્યક્તિગત અને કૌટુંબિક સંબંધો તેમજ સમાજ જીવન પરની અસરો અંગેના તેમના અનુભવોની ચર્ચા કરેલ છે. તેમજ તેમના વ્યક્તિગત જીવન અને કૌટુંબિક જીવનમાં આવેલ પરિવર્તનનો નિર્દેશ કરેલ છે તેમજ તેઓએ અનુભવેલી અનુભૂતિ અને તેમની ભાવનાઓને વિસ્તૃત રીતે સમજાવવાનો પ્રયત્ન કરેલ છે.

# પ્રકરણ-૮

# ઉપસંહાર-તારણો

૮.૧ પ્રસ્તાવના

૮.૨ સારાંશ

૮.૩ તારણો

૮.૪ ભાવિ સંશોધનના ક્ષેત્રો

# પ્રકરણ-૮

# ઉપસંહાર-તારણો

## ૮.૧ પ્રસ્તાવના

સમાજશાસ્ત્રમાં સામાજિક નવરચના અંગે શ્રી સોરોકીનનો સમાજ વિકાસનો વિચાર સમજવો જરૂરી છે. સામાજીક પરિવર્તનના ચક્રાકાર સિદ્ધાંતો મુજબ દરેક સમાજ ઉદભવ, વિકાસ અને વિઘટનના ચક્રમાંથી પસાર થાય છે. સામાજીક વિકાસના આવા ચક્રાકાર સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં સોરોકીન ભાવનાવાદી આદર્શવાદી અને ભૌતિકવાદી આ ત્રણ પ્રકારની સાંસ્કૃતિક મનોદશાનું વર્ણન કરે છે, જેમાં ભાવનાવાદી અને ભૌતિકવાદી સંસ્કૃતિ દરેક બાબતમાં પરસ્પર વિરોધી છે. બન્નેનો સંતુલિત સમન્વય આદર્શવાદી સંસ્કૃતિમાં જોવા મળે છે. આવી આદર્શવાદી સંસ્કૃતિનું નિર્માણ કરવામાં શ્રી શ્રી રવિશંકરજી એ અગત્યનું પ્રદાન કર્યું છે.

ભૌતિકવાદી સંસ્કૃતિ શરીર અને પ્રાણની ઈચ્છાથી તથા જરૂરિયાતો ઉપર ભાર મૂકે છે. કાલમાર્કસની વિચારસરણી ઉપરથી પણ આ ખ્યાલ સ્પષ્ટ થયેલો છે. પરિણામે તે ઈન્દ્રિય સુખવાદી બની જાય છે. પરંતુ ભાવનાવાદી સંસ્કૃતિ મનુષ્યના મન અને આત્માને કેન્દ્રમાં રાખે છે, તેથી તે આધ્યાત્મિક સ્વરૂપ ધારણ કરે છે. ભૌતિકવાદી સંસ્કૃતિ જ્ઞાનેન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતા પુરાવાઓને જ જ્ઞાનના સ્રોત તરીકે સ્વીકારે છે અને તેથી પ્રયોજવાદી અને વર્તનવાદી બની જાય છે, જ્યારે ભાવનાવાદી સંસ્કૃતિ ઈન્દ્રિયાતી પુરાવાઓને પણ જ્ઞાનના સ્રોત તરીકે સ્વીકારે છે.

ધર્મમાં સહજ અને સરળ આજે કોઈએ બતાવ્યો નથી. આદર્શવાદી સંસ્કૃતિમાં ઉપર્યુક્ત બંને સંસ્કૃતિઓનાં તત્વો યોગ્ય પ્રમાણમાં મિશ્રણ થયેલું છે. શ્રી રવિશંકરજી એક નવું સામાજીક બંધારણ આપીને નવી જ રીતે સમાજરચના કરવાનું કામ કર્યું છે અને અનેક

ધાર્મિક સ્મૃતિઓ, સંહિતાઓની માફક તેમણે પણ એક નવા પ્રકારની આચારસંહિતા આપી છે.

સોરોકીનના જણાવ્યા પ્રમાણે જયારે સમાજમાં કોઈ એક સાંસ્કૃતિક મનોદશાનો અતિરેક થાય છે ત્યારે તેના વિઘટનનો પ્રારંભ થાય છે. અને પછી તે વિરોધી દિશામાં પ્રયાણ શરૂ કરે છે. ભાવનાવાદી સંસ્કૃતિનો અતિરેક થતાં એ ક્રમશઃ ભૌતિકવાદી સંસ્કૃતિના અંતિમ કિનારે જઈ પહોંચે છે અને ભૌતિકવાદી સંસ્કૃતિનો અતિરેક થતાં એ પુન: ભાવનાવાદી સંસ્કૃતિની દિશામાં પાછો ફરે છે. આમ ઘડીયાળના લોલકની જેમ તમામ સમાજો ભાવનાવાદી અને ભૌતિકવાદી બિંદુઓની વચ્ચે ઝોલા ખાયા કરે છે.

વ્યક્તિ આવી પરિસ્થિતિમાં ચોકકસ નિર્ણયો લઈ શકતા નથી તેઓ ધર્મને મદદ કરે છે. જો કે સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા સતત ચાલુ રહે છે. આ પ્રક્રિયામાં શહેરીકરણ ઔદ્યોગિકરણ, કાનુન, શિક્ષણ, વૈશ્વિકરણ, ઉદારીકરણ જેવી અનેક પ્રક્રિયાઓ તથા પરીબળો મહત્વની ભૂમિકા ભજવે છે. પ્રસ્તુત અભ્યાસમાં સમાજ વ્યવસ્થામાં ધાર્મિક સંસ્થાઓને કારણે સમાનતા અન્ય એકમોમાં આવતા પરિવર્તનોને તપાસ્યા છે. જેમાં આર્ટ ઑફ લિવીંગની જુદા જુદા વર્ગો ઉપરની અસરોને તપાસી છે.

## ૮.૨ સારાંશ

પ્રસ્તુત મહાશોધ નિબંધ એ પીએચડીના અભ્યાસના ભાગરૂપે કરવામાં આવેલ છે. જેમાં આર્ટ ઑફ લિવીંગની વિવિધ જ્ઞાતિઓ, વર્ગો, શૈક્ષણિક સ્થાન, વિગેરે પાસાઓ પરની અસરોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. હિન્દુ ધર્મમાં અસમાનતાના અને પવિત્રતા અને અપવિત્રતાના ખ્યાલોને આધારે વ્યક્તિના વર્તન વ્યવહારો નક્કી કરવામાં આવતા હતા. પરંતુ પુન: જાગરણની પ્રક્રિયા બાદ ધીમે ધીમે સમાજના વિવિધ એકમોમાં અનેક પ્રકારના પરિવર્તનો જોવા મળ્યા છે. જેમાં પક્ષો, સંતો, અને લોકશાહી સાહિત્ય દ્વારા સમાનતાના

મૂલ્યોને પ્રસ્થાપિત કરવાનો તેના દ્વારા સમાજમાં  જાગૃતિ લાવવાની શરૂઆત થઈ.

પ્રો. ડો. થુથીના મતે પારંપારિક દ્રષ્ટિકોણથી હિન્દુધર્મમાં અનેક બદીઓ જોવા મળેલ હતી. આવા સંજોગોમાં ધર્મને આધુનિક મૂલ્યાંકન પુન:સ્થાપન કરવાના હેતુથી શ્રી સહજાનંદ સ્વામી, શ્રી પાંડુરંગ દાદા તથા શ્રીશ્રી રવિશંકર દ્વારા અનેક વિવિધ સંપ્રદાયો/સંસ્થાઓની સ્થાપના કરી પ્રસ્તુત અભ્યાસમાં મહદ્અંશે રાજકોટ જીલ્લામાં આર્ટ ઑફ લિવીંગ સાથે જોડાયેલી વ્યક્તિઓને ઉત્તરદાતાઓ તરીકે હેતપૂર્વક આકસ્મિક યદચ્છ નિદર્શન દ્વારા પસંદ કરવામાં આવેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં આ. સંસ્થામાં જોડાયેલ જુદા જુદા વર્ગ અને જ્ઞાતિના લોકોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ હાથ ધરેલ છે. ઉત્તરદાતાઓ પાસેથી પ્રશ્નાવલી બંધ અને ખૂણા પ્રકારની પ્રશ્નાવલી દ્વારા નિદર્શ દ્વારા પસંદ કરેલ ૨૫૦ ઉતરદાતાઓ પાસેથી અભ્યાસને લગતી માહિતી એકત્રીત કરવામાં આવેલ છે તેમજ વ્યક્તિએકમ અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. જ્યારે વિષય પસંદગી, અભ્યાસ સમસ્યા તથા અભ્યાસના હેતુઓ નક્કી કરવા અભ્યાસનું મહત્વ દર્શાવવા માટે દ્વિતીય સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેમાં રાજકોટ જીલ્લાની ભૌગોલિક ઐતિહાસિક માહિતી એકત્રીત કરવામાં આવેલ હતી તથા ધાર્મિક અભ્યાસો માટે અનેક સંદર્ભ પુસ્તકો પ્રકાશીત અને અપ્રકાશીત શોધનિબંધો તથા લેખોનો ઉપયોગ કરવામાં આવેલ છે. માહિતી વિશ્લેષણ માટે કોર્ડીંગ પદ્ધતિનો ઉપયોગ કરીને કોડ લીસ્ટ બનાવીને સરળ કોષ્ટકીકરણ કરવામાં આવેલ છે.

સમગ્ર અભ્યાસને ૮ પ્રકરણમાં વિભાજીત કરેલ છે. જેમાં પ્રથમ પ્રકરણમાં સંશોધન આયોજનના પ્રારંભથી અંત સુધીની સમગ્ર પ્રક્રિયાની છણાવટ કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે વિષય પસંદગી સંશોધનની સમસ્યા, સંશોધનના હેતુઓ તેનું મહત્વ સંશોધન અભ્યાસ, અભ્યાસ પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, માહિતી અભ્યાસની માહિતી વિશ્લેષણ, ક્ષેત્રકાર્યના અનુભવો તથા અભ્યાસની મર્યાદાઓની ચર્ચા કરેલ છે.

બીજા પ્રકરણમાં સંશોધકે ધર્મના સમાજશાસ્ત્રની સૈદ્ધાંતિક સમજ પુરી પાડેલ છે જેમાં સમાજશાસ્ત્રના શાસ્ત્રીય પરંપરાના કોમ્ટવેબર, માર્કસ તથા દૂર્ખાઈમ જેવા સમાજશાસ્ત્રીઓની ધર્મના સમાજશાસ્ત્રના ખ્યાલોની વિસ્તૃત છણાવટ કરેલી છે.

ત્રીજા પ્રકરણમાં સંશોધક દ્વારા ધર્મના સમાજશાસ્ત્રનો વિવિધ અભ્યાસો, પુસ્તકો તથા લેખો અને પ્રકાશિત શોધનિબંધોનું વિશ્લેષણ પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં કરવામાં આવ્યું છે તથા પ્રસ્તુત અભ્યાસની વિશિષ્ટતા દર્શાવેલ છે.

ચોથા પ્રકરણ સંશોધકે આર્ટ ઑફ લિવીંગનો પરિચય આપવાનો પ્રયત્ન કરેલ છે. જેમાં આર્ટ ઑફ લિવીંગને ઉદ્ભવ અન વિકાસ, તેનું રચનાતંત્રીય માળખું, કાર્યાત્મક માળખું તેના વિવિધ વિભાગો, વિવિધ કાર્યક્રમો તથા વૈશ્વિક કક્ષાએ વિભિન્ન દેશોમાં આ સંસ્થાના આવેલા કેન્દ્રોની ચર્ચા કરેલ છે.

પાંચમા પ્રકરણમાં સંશોધકે ઉતરદાતાની સામાન્ય માહિતીનું વિશ્લેષણ કરેલ છે. જેમાં વ્યક્તિગત તથા કૌટુંબિક માહિતીમાં ઉતરદાતાના કુટુંબના સભ્યોની જ્ઞાતિ, વર્ગ, વયજુથ, ધર્મ, શિક્ષણ વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, કુટુંબનું કદ, વ્યવસાયી કામ કરનાર સભ્યોની સંખ્યા, આવક તેમજ આર્ટ ઑફ લિવીંગના કરેલા કોર્ષ જેવા વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવેલી છે.

છઠ્ઠા પ્રકરણમાં ઉતરદાતાની આર્ટ ઑફ લિવીંગ વિશે કેવા પ્રકારની માહિતી ધરાવે છે? કોના દ્વારા આમાં જોડાયા છે? ક્યા ક્યા કોર્ષ કરેલા છે ? સંસ્થાના સ્થાપક અને આર્ટ ઑફ લિવીંગ વિશેની જાણકારી કેટલી ધરાવે છે? આ સંસ્થામાં જોડાવા પાછળના કારણો ક્યા કયા હતા? અને સંસ્થા દ્વારા ચાલતા વિવિધ કાર્યક્રમો વિશેની જાણકારી તથા તે સક્રીય ભાગીદારીની માહિતી એકત્રીત કરી વિશ્લેષણ કરેલ છે. આ ઉપરાંત આર્ટ ઑફ લિવીંગને કારણે તેમની ટેવો કુટુંબના વર્તન વ્યવહારો, બાળકોને માટેના અભ્યાસલક્ષી માર્ગદર્શનો,

સ્કોલર શીપમાં સંસ્થાની સહકારીતાને પણ સંશોધકે તપાસેલ છે તેમજ વ્યક્તિગત અને કૌટુંબિક સંબંધોમાં વર્તન વ્યવહારોમાં આવેલા ફેરફારો વિશે ચર્ચા કરવામાં આવેલ છે તેમજ આ ધાર્મિક સંસ્થામાં જોડાવાથી તેઓ કેવી ભાવના ધરાવે છે? અને સમાજની અસર અંગેના પ્રત્યાઘાતો કેવા છે તેની વિસ્તૃત ચર્ચા કરેલ છે.

સાતમા પ્રકરણમાં સંશોધકે વ્યક્તિગત મુલાકાત લઈને મહત્વના લગતા વિવિધ વર્ગના વિવિધ જ્ઞાતિના, વિવિધ શૈક્ષણિક દરજ્જો ધરાવતા સંસ્થામાં વિવિધ પ્રવૃતિઓ સાથે જોડાયેલા વિવિધ કામ કરતા, મુખ્ય કેશ સ્ટડીની રજુઆત કરીને પ્રસ્તુત અભ્યાસના વિવિધ હેતુઓને તથા વિવિધ પાસાઓ અંગેનો મુલાકાતીઓના પ્રત્યાઘાતોને તપાસવાનો પ્રયત્ન કરેલ છે જે સંશોધનના મહાશોધ નિબંધના અભ્યાસના આધારે દર્શાવવામાં આવેલા છે.

સમગ્ર શોધ નિબંધ સમગ્ર અભ્યાસમાં આધારે એકત્રીત માહિતીના આધારે માહિતીનું વિશ્લેષણ કરી મહત્વના તારણો તારવ્યા જે નીચે મુજબ દર્શાવેલ છે.

## ૮.૩ તારણો

પ્રસ્તુત અભ્યાસનું અભ્યાસક્ષેત્ર રાજકોટ જીલ્લા પુરતુ મર્યાદીત આપવામાં આવેલું છે. આ અભ્યાસમાં આર્ટ ઑફ લિવીંગને શિબિરમાં જોડાયેલ ઉતરદાતાઓ પુરતુ મર્યાદીત રાખેલ છે. આ અભ્યાસમાં મુખ્યત્વે આર્ટ ઑફ લિવીંગની જાણકારી, તેની પ્રવૃતિની ભાગીદારી, સમાજના વિવિધ ક્ષેત્રો તથા વ્યક્તિ કુટુંબ અને સમાજ જીવન પરની ચર્ચા કરવામાં આવેલી છે.

આ અભ્યાસમાં માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા ઉતરદાતાની વિષય સંબંધી અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીત કરવામાં આવેલ છે. આ ઉપરાંત એકમ અભ્યાસ પદ્ધતિ દ્વારા મુલાકાત પ્રયુક્તિ દ્વારા ઉતરદાતા પાસેથી ઉંડાણપૂર્વકની માહિતી એકત્રિત કરવામાં આવેલી છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક તેમજ ગૌણ માહિતીના

સ્રોતોનો ઉપયોગ કરવામાં આવેલો છે. પ્રાથમિક સ્રોતો તરીકે નિરીક્ષણ, મુલાકાત તેમજ પ્રશ્નાવલી પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવેલો છે. જ્યારે ગૌણ માહિતીમાં આર્ટ ઑફ લિવીંગનો પરીચય અભ્યાસલેખો શિબીરના લાભાર્થી અંગેની સંખ્યા અન્ય અભ્યાસ લેખોનો ઉપયોગ કરેલ છે. માહિતી એકત્રીકરણમાં વર્ગીકરણ અને વિશ્લષણ કરવામાં આવેલ છે. અને સૌથી છેલ્લે એકત્રીત કરેલ માહિતીને આધારે અભ્યાસના તારણો તારવવામાં આવ્યા છે. પ્રસ્તુત અભ્યાસ ૨૫૦ ઉતરદાતાઓ પૂરતો મર્યાદીત છે. ઉત્તરદાતાઓની વ્યક્તિગત બાબતો તથા આર્ટ ઑફ લિવીંગ વિશેની માહિતીનો પુષ્ટીકરણ કરીને જે તારણો તારવવામાં આવેલા છે જે નીચે મુજબ છે.

૧. પ્રસ્તુત અભ્યાસમાં ઉતરદાતાઓ ૧૫ થી ૬૦ વર્ષ ઉમરના ઉતરદાતાઓની પસંદગી કરવામાં આવી છે. આ પ્રકારે આર્ટ ઑફ લિવીંગમાં જોડાયેલ ઉતરદાતાઓમાં ૨૬ થી ૫૦ ની ઉમર ધરાવતા ઉતરદાતાઓ સૌથી વધારે જોવા મળેલ છે. (કોષ્ટક નં. ૫.૧)

2. મોટા ભાગના ઉતરદાતાઓ રાજકોટ શહેરના જોવા મળેલ છે. જેની ટકાવારી ૯૨.૪ ટકા છે. જયારે અન્ય શહેરોમાં અમરેલીથી રાજકોટ આવીને આ પ્રવૃતિમાં ભાગ લેનારની ટકાવારી ૨ ટકા રહી છે. જામનગર જીલ્લાના ઉતરદાતાઓની ટકાવારી ૩.૬ છે. જયારે ભરૂચ જીલ્લાના ઉતરદાતાઓની ટકાવારી ૨ ટકા રહી છે. (કોષ્ટક નં. ૫.૨)

૩. આ પ્રકારે અભ્યાસમાં કુલ ૨૫૦ ઉતરદાતાઓમાં સૌથી વધારે ઉચ્ચજ્ઞાતિઓની ઉતરદાતાઓની સંખ્યા ૧૪૩ જોવા મળી છે. (કોષ્ટક નં. ૫.૩)

૪. હિન્દુ ધર્મનાં ઉતરદાતાઓ સૌથી વધારે ૨૪૭ ની સંખ્યા ધરાવે છે. જેની કુલ ટકાવારી ૯૮.૮ જોવા મળી છે. જયારે અન્ય ધર્મના ઉતરદાતાઓ જેમાં જૈન,

શિખ ધર્મના ઉતરદાતાઓ પણ જોવા મળેલ છે. જેની ટકાવારી ૧.૨ ટકા છે. મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, ધર્મના એક પણ ઉતરદાતા અભ્યાસમાં જોવા મળ્યા નથી. (કોષ્ટક નં. ૫.૪)

૫. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતા ૨૫૦માં જુદી જુદી ભાષાઓ બોલતા લોકો પણ જોવા મળે છે. ગુજરાતમાં પસંદ કરેલા રાજકોટના રહેવાસીઓ ૨૩૭ એટલે કે ૯૪.૮ ટકા લોકોની ભાષા ગુજરાતી છે. જયારે હિન્દી બોલતા લોકો ૧૧.૪ ટકા એટલે કે ૧૧ લોકો જોવા મળ્યા છે. ભાષાનું એક આગવું અસ્તિત્વ તથા અન્ય ભાષા બોલતા ૨ લોકો એટલે કે ૦.૮ ટકા જોવા મળે છે. (કોષ્ટક નં. ૫.૫)

૬. કુલ ઉત્તરદાતાઓમાં અપરણીત ઉત્તરદાતાઓની કુલ ટકાવારી ૨૦.૪ છે. જયારે પરણીત ઉત્તરદાતાઓની સંખ્યા ૧૮૮ એટલે કે ૭૫.૨ ટકા જેવી થવા પામી છે. આ ઉપરાંત છુટાછેડા કે જે ઉત્તરદાતાના થયેલા છે. તેઓની સંખ્યા ૧ એટલે કે ૦.૬ ટકાવારી છે. જયારે વિધવા કે વિધુર ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦ એટલે કે ૪ ટકા રહી છે. આમ સૌથી વધારે પરણિત ઉત્તરદાતાઓ ૨૫ થી ૪૫ વર્ષના હોય જેની સંખ્યા આર્ટ ઑફ લિવીંગમાં ૧૮૮ જોવા મળ્યા છે. (કોષ્ટક નં. ૫.૬)

૭. સૌથી વધારે ઉત્તરદાતાઓમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાની પદવી ધરાવતા ઉતરદાતાઓની ટકાવારી ૪૫.૨ છે. જ્યારે માધ્યમિક સુધી અભ્યાસ કરનાર ઉત્તરદાતાઓની ટકાવારી ૧૭.૨ છે. ઉચ્ચ માધ્યમિક સુધીનો અભ્યાસ કરનાર ઉત્તરદાતાઓની કુલ ટકાવારી ૧૪.૪ છે. ટેકનીકલ અને પ્રોફેશનલ પદવીઓ ધરાવતા ઉત્તરદાતાઓ ૧૯.૨ ટકા છે. પ્રાથમિક શિક્ષણ લીધેલ ઉત્તરદાતાઓની ટકાવારી ૪ ટકા છે. આમ ઉત્તરદાતાઓના જીવનમાં શિક્ષણનું મહત્વ અનેકગણું છે. ઉચ્ચ જ્ઞાતિના શિક્ષિત તેમજ ઉચ્ચ અભ્યાસ ધરાવતા ઉત્તરદાતાઓનુ પ્રમાણ વધુ જોવા મળે છે. (કોષ્ટક નં. ૫.૭)

૮. સૌથી વધારે ઉત્તરદાતાઓ કેજેઓ પોતાના સ્વતંત્ર વ્યવસાયમાં જોડાયા છે. જે સૌથી વધુ છે. જયારે નોકરી કરતા ઉત્તરદાતાઓ ૩૦.૮ ટકા બીજા નંબરે છે. ગૃહિણીની સંખ્યાની દૃષ્ટિએ ત્રીજા નંબરે છે. (કોષ્ટક નં. ૫.૮)

૯. આમ સૌથી વધુ સંખ્યા ૧૦૫ ઉત્તરદાતા કે જેઓ ૧ લાખથી ઉપર આવક ધરાવે છે આમ સામાન્ય રીતે આર્ટ ઑફ લિવીંગમાં જોડાયેલ ઉત્તરદાતાઓ મધ્યમ વર્ગના તથા ઉચ્ચ મધ્યમવર્ગના ઉત્તરદાતાઓ કાર્યરત છે તેવું જોવા મળ્યું છે. (કોષ્ટક નં. ૫.૯)

૧૦. પ્રસ્તુત અભ્યાસમાં ૧૩.૨ ટકા ઉત્તરદાતાઓ એટલે કે ૩૩ લોકો સંયુકત કુટુંબમાં રહે છે. આર્ટ ઑફ લિવીંગમાં વિભક્ત કુટુંબની સંખ્યા વધારે જોવા મળેલ છે. (કોષ્ટક નં. ૫.૧૦)

૧૧. જે નાનું કુટુંબ ગણાવી શકાય. આવા કુટુંબનું પ્રમાણ કુલ એકમના ૮૦.૯૫ ટકા છે તે બતાવે છે કે સમાજમાં વિભક્ત કુટુંબનું પ્રમાણ વધી રહ્યું છે. જયારે ૫ થી ૭ સભ્ય સંખ્યાવાળા કુટુંબો ૧૯ છે જેમાં કેટલાક વિભક્ત કુટુંબની સાથે સંયુકત કુટુંબોનો પણ સમાવેશ થાય છે. તો માત્ર ૧ ઉત્તરદાતાઓના જણાવ્યા પ્રમાણે તેમના પરીવારમાં ૭ થી વધારે સભ્યો છે. જે વિસ્તૃત સંયુકત કુટુંબ હોવાનું જણાય છે. (કોષ્ટક નં. ૫.૧૧)

૧૨. ૨૫૦ ઉત્તરદાતાઓના પરિવારમાં પુરૂષોની સંખ્યા ૪૩૬ (૫૧.૯૦ ટકા) જોવા મળી છે. જયારે સ્ત્રીઓની સંખ્યા ૪૦૪ એટલે કે (૪૮.૧૦ ટકા) જોવા મળેલ છે. (કોષ્ટક નં. ૫.૧૨)

૧૩. કુટુંબના ૧૨૧ સભ્યો એવા છે કે જેની ઉંમર ૭ થી ૧૪ વર્ષની છે. જે પોતાનો મોટાભાગનો સમય ભણવા પાછળ ગાળતા હતા. જયારે ૧૫ થી ૫૦ વર્ષની વય

ધરાવતા કુટુંબના સભ્યો પોતે સરકારી, કે ખાનગી નોકરી કરતા અથવા પોતાનો નાનો-મોટો ધંધો કરે છે. નિવૃત જીવન ગાળતા બહુ જ ઓછા ૫૩ સભ્યો જોવા મળ્યા છે. પ્રસ્તુત અભ્યાસમાં ૭૬ (૯.૦૫ ટકા) સભ્યોએ આધારીત વસ્તી છે જ્યારે કામ કરી શકે તેવા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ જોવા મળ્યું છે. (કોષ્ટક નં. ૫.૧૩)

૧૪. કુટુંબનું શૈક્ષણિક સ્તરમાં ફક્ત ૨.૫૦ ટકા ઉત્તરદાતાઓ કે જેઓ નિરક્ષર છે. તેમજ પ્રાથમિક સુધીનો અભ્યાસ કરનાર સભ્યોની ટકાવારી ૧૪.૨૯ ટકા છે માધ્યમિક સુધીનો અભ્યાસ કરનાર સભ્યોની ટકાવારી ૧૭.૧૪ ટકા છે ઉચ્ચ માધ્યમિકમાં અભ્યાસ કરતા આર્ટ ઑફ લિવીંગનાં કુટુંબના સભ્યોની ટકાવારી ૧૧.૯૦ ટકા છે જ્યારે ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરનાર સભ્યોની ટકાવારી ૪૨.૭૪ ટકા છે. જે સભ્યોએ ટેકનીકલ ડિગ્રી હાંસલ કરી છે તેઓની ટકાવારી ૧.૬૭ ટકા છે. જ્યારે પ્રોફેશનલ એટલે કે ડોકટર, વકીલ કે અન્ય ડિગ્રી મેળવનારની ટકાવારી ૩.૧૦ ટકા છે. જ્યારે ૬ વર્ષથી નીચેના સભ્યો કે જેઓ બાળકો છે તેની ટકાવારી ૨.૭૪ ટકા છે. જ્યારે ૩.૯૩ ટકા ઉત્તરદાતાઓ તરફ આ અંગેનો પ્રત્યુતર મળેલ નથી. (કોષ્ટક નં. ૫.૧૪)

૧૫. જે સ્ત્રીઓ ગૃહકાર્યમાં જોડાયેલ છે તેમજ આર્થિક પ્રવૃતિઓમાં સક્રિય નથી તેવા ઉતરદાતાના કુટુંબના સભ્યોની ટકાવારી તેની સંખ્યા ૨૨.૭૪ ટકા છે. જ્યારે ખેતીકામ સાથે સંકળાયેલ ઉતરદાતાના કુટુંબના કુલ સભ્યોની ટકાવારી ૦.૬૦ ટકા છે. વ્યવસાય સાથે સંકળાયેલ ઉત્તરદાતાઓના કુટુંબનાં સભ્યોની કુલ ટકાવારી ૨૧.૪૩ ટકા છે. જ્યારે અમુક સભ્યો કે જેઓ પ્રાઈવેટ નોકરીમાં કામ કરે છે તેઓની ટકાવારી ૧૩.૨૧ ટકા છે. જ્યારે સરકારી નોકરીમાં જોડાયેલ સભ્યોની ટકાવારી

૨.૭૪ ટકા જોવા મળે છે. કુટુંબના અમુક સભ્યો કે જેઓ આર્થિક પ્રવૃતિમાંથી નિવૃત થયેલ છે તેઓની ટકાવારી ૨.૭૪ ટકા છે. બાળકોની ટકાવારી ૨.૭૪ ટકા જેઓ વ્યવસાયમાં નિષ્ક્રિયરૂપ જોવા મળે છે. ૩૩.૮૧ ઉત્તરદાતાઓ તરફથી પ્રત્યુતર પ્રાપ્ત થયેલ નથી.(કોષ્ટક નં. ૫.૧૫)

૧૬. ૫૮.૮૦ ટકા ઉત્તરદાતા એવા છે કે જેઓની કૌટુંબિક માસિક આવક સૌથી વધારે જોવા મળે છે. આમ પ્રસ્તુત અભ્યાસમાં મધ્યમ કે ઉચ્ચ મધ્યમ અને ઉચ્ચ આર્થિક સ્તર ધરાવતા ઉત્તરદાતાઓ વધુ જોવા મળે છે. જ્યારે નિમ્ન આવક જુથના સભ્યોની સંખ્યા ઘણી ઓછી જોવા મળી છે. (કોષ્ટક નં. ૫.૧૬)

૧૭. મુખ્યત્વે બેઝીક કોર્ષ કરનાર ઉત્તરદાતાની સંખ્યા ૨૫૦ છે. જેઓની ટકાવારી ૫૧.૨૧ ટકા છે જ્યારે એડવાન્સ કોર્ષ કરનાર સભ્યોની ટકાવારી ૧૮.૭૭ ટકા છે જ્યારે અન્ય એટલે કે ડી.એસ.એન., કોર્ષ, બ્લેસીંગ કોર્ષ, આર્ટ એકસેલ, યુથ કે જે યુવાનો માટેનો છે. તથા કોર્ષ કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૩૦.૦૨ ટકા છે. (કોષ્ટક નં. ૫.૧૭)

૧૮. ઉતરદાતામાંથી ૧૨૯ (૫૧.૬૦) ઉતરદાતાઓ કે જેની સંખ્યા સોથી વધુ છે અને તેને અંગેની જાણકારી પ્રાપ્ત થઈ છે. જ્યારે બીજા નંબરે કુટુંબીજનો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હોય તેવા ૯૧ (૩૬.૪૦) ઉતરદાતાઓએ માહિતી પ્રાપ્ત કરેલ હતી, આ ઉપરાંત જાહેરાત દ્વારા કે ઈન્ટરનેટ દ્વારા કે અન્ય સ્થળે દ્વારા માહિતી પ્રાપ્ત કરી હોય તેવા ૪૭ ઉતરદાતાઓ જેમાં મળ્યા છે. (કોષ્ટક નં. ૬.૧)

૧૯. ઉતરદાતાઓ અનેકવિધ કારણોને લીધે જોડાયેલા જોવા મળ્યા છે. જેમાં મહત્તમ ઉતરદાતાઓ માનસિક શાંતિ માટે (૨૧૬) આધ્યાત્મિક માર્ગ આગળ વધવા (૨૦૮) તથા આરોગ્યની જાળવણી માટે (૨૦૧) ઉતરદાતાઓ જોડાયેલા જોવા મળ્યા છે

જયારે ૧૦૧ ઉતરદાતાઓ અનુભવ મેળવવા માટે (૨૯) ઉતરદાતાઓ વ્યવસાયિક જૂથના એકભાગ રૂપે તથા ૪૪ ઉતરદાતાઓ આકસ્મિક સંજોગોવસાત કે અન્ય પરિબળોને કારણે જોડાયેલા જોવા મળ્યા છે. (કોષ્ટક નં. ૬.૨)

૨૦. બેઝીક કોર્ષ એ પાયાનો કોર્ષ હોવાથી દરેક ઉતરદાતાઓએ કરેલો જોવા મળે છે. આર્ટ એકસલ, યસ અને યસ+ ના કોર્ષ એ બાળકો અને યુવાનોની છે જેમાં ક્રમાનું સાર આર્ટ એકસેલ ૧૬૪ (૬૫%) યસ ૧૪૩ (૫૭.૨૦%) અને યશ+ ૧૩૬ (૫૪.૪૦%) ઉતરદાતાઓ આ કોર્ષની જાણકારી ધરાવે છે. (કોષ્ટક નં. ૬.૩)

૨૧. ૭૫% થી ૬૦% ઉતરદાતાઓ જાણાવ્યું કે શ્રી શ્રી વિદ્યામંદિર વિશે જાણકારી ધરાવે છે પરંતુ તેમાંથી ૪૬ ઉતરદાતાઓજ તેનો લાભ લીધેલ છે. આ સંસ્થા દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને આપવામાં આવતી સ્કોલર શિપની માત્ર ૫૯ (૨૩.૬૦ ટકા) ઉતરદાતાઓ જાણકારી ધરાવે છે.  આ એક જ ઉતરદાતાઓ તેનો લાભ લીધેલ છે. આયુર્વેદીક કોલેજની જાણકારી ૧૨૯ (૫૧.૬૯ ટકા) ઉતરદાતા જાણકારી ધરાવે છે. (કોષ્ટક નં. ૬.૪)

૨૨. આર્ટ ઓફ લિવીંગ દ્વારા આયુર્વેદ પધ્ધતિથી ટ્રીટમેન્ટ થાય છે તે અંગેની જાણકારી ૧૬૭ (૬૬.૮૦ ટકા) લોકોને તેની જાણકારી છે. જયારે નાડીપરીક્ષણ અંગેની જાણકારી ૨૨૧ (૮૮.૪૦ ટકા) લોકો ધરાવે છે. સૌથી વધુ સરેરાશ ૫૦ ટકા લોકોએ તેનો લાભ પણ લીધેલો છે. આ સિવાય પંચકર્મ કેન્દ્ર અને સગર્ભાસ્થા પરીક્ષણ જાગૃતિ અંગેની ૧૩૪ (૫૩.૬૦ ટકા) અને ૧૧૦ (૪૪ ટકા) લોકો આ અંગેની જાણકારી ધરાવે છે. પરંતુ તેનો લાભ બહુ ઓછા લોકોએ લીધેલો છે. (કોષ્ટક નં. ૬.૫)

૨૩. દૈનિક સ્વાસ્થ્યના કાર્યક્રમોની જાણકારી ૧૪૮ (૫૯.૨ ટકા) લોકો ધરાવે છે. તથા જેમાં ભાગ લીધેલા ઉતરદાતાઓ ફક્ત ૪૧ (૧૬.૪ ટકા) જોવા મળેલ છે. તેમજ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેની ૧૩૯ (૫૫.૬૦ ટકા) ઉતરદાતાઓ માહિતી ધરાવતા હતા. જ્યારે ૨૧ (૮.૪ ટકા) ઉતરદાતાઓએ ભાગ લીધો જોવા મળેલ છે. તેમજ માનસિક સ્વાસ્થ્ય માટે ટ્રોમારિલીફ કેન્દ્રો પણ મુખ્યત્વે કરીને કચ્છના ભૂકંપ અને સુનામી વખતે અસરગ્રસ્ત લોકોને આ સંસ્થા ચલાવે છે. જેની માહિતી ધરાવતા ૫૮ (૨૩.૨ ટકા) ઉતરદાતાઓ છે. (કોષ્ટક નં. ૬.૬)

૨૪. ઉતરદાતાઓના જણાવ્યા પ્રમાણે ૨૨૦ (૮૮ ટકા) લોકો જાણકારી ધરાવે છે. તથા ૧૩૫ (૫૪ ટકા) ઉતરદાતાઓએ ભાગ લીધેલો છે. નાના બાળકોના જીવનમાં સંસ્કારનું સિંચન કરવા માટે બાળ સંસ્કાર કેન્દ્રોનું સંચાલન કરવામાં આવે છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે તથા સંસ્કૃતિ વિશે તથા ઉચ્ચ જ્ઞાન મેળવવા માટે બાળસંસ્કાર કેન્દ્રો જોવા મળે છે. ૧૬૪ (૬૫.૬ ટકા) ઉતરદાતાઓએ બાળસંસ્કાર કેન્દ્ર વિશે જાણે છે તથા ૩૪ (૧૩.૬ ટકા) ઉતરદાતાઓએ પોતાના બાળકો સાથે ભાગ પણ લીધો છે. (કોષ્ટક નં. ૬.૭)

૨૫. ગ્રામ વિકાસ તાલીમ કાર્યક્રમની જાણકારી ધરાવતા ૧૪૮ (૫૯.૨ ટકા) ઉતરદાતા તથા ૧૮ (૭.૨ ટકા) ઉતરદાતાઓએ ભાગ લીધેલો છે. તથા સુથારીકામમાં ૫૯ (૨૩.૬ ટકા) ઉતરદાતાઓએ જાણકારી ધરાવે છે. જ્યારે ફક્ત ૪ (૧.૬ ટકા) ઉતરદાતાઓએ ભાગ પણ લીધો છે. કડીયાકામની પ્રવૃતિ વિશે ૪૫ (૧૮ ટકા) ઉતરદાતાઓ જાણકારી ધરાવે છે. તથા ૨ (૦.૮ ટકા) ઉતરદાતાઓએ ભાગ પણ લીધેલો છે. (કોષ્ટક નં. ૬.૮)

૨૬. જેલના કેદીઓ માટેના પ્રોગ્રામની જાણકારી ધરાવતા ઉતરદાતાઓ ૧૬૪ (૬૭.૬ ટકા) છે. તથા જે સ્વયંસેવક તરીકે સેવા આપે છે. તેવા ૨૫ (૧૦ ટકા) ઉતરદાતાઓએ જોવા મળ્યા છે. (કોષ્ટક નં. ૬.૯)

૨૭. આ સંસ્થા તથા યુ.એન.ના સહયોગથી પર્યાવરણ જાગૃતી અભિયાન ૪૦ દેશોમાં કરી રહ્યા છે. તથા રાજકોટમાં પણ એક પર્યાવરણ ઉદ્યાન બનાવેલ છે. પર્યાવરણ જાગૃતિ અભિયાન જાણકારી ધરાવતા ૧૮૦ (૭૨ ટકા) ઉતરદાતાઓ હતા જયારે જેમાં ભાગ લીધેલ ૬૪ (૨૫.૬) ઉતરદાતાઓ હતા. પ્લાસ્ટીકનો ઉપયોગ ઓછો કરીને પર્યાવરણ બચાવ અભિયાન આર્ટ ઓફ લિવીંગ ચલાવે છે. પ્લાસ્ટીકનો ઓછો ઉપયોગ વિશેની માહિતીની જાણકારી ધરાવતા ઉતરદાતાઓની સંખ્યા ૧૭૧ (૬૮.૪ ટકા), જયારે ભાગ લીધેલ ઉતરદાતાની સંખ્યા ૫૦ (૨૦ ટકા) જોવા મળેલ છે.

૨૮. માનસિક શાંતિ માટેની પ્રવૃતિની જાણકારી ધરાવતા ઉતરદાતાઓ ૧૯૯ (૭૯.૬ ટકા) તથા ભાગ લેનાર ઉતરદાતાઓ ૭૬ (૩૦.૪) હતા.

૨૯. સ્ત્રીસશકિતકરણની વ્યાવસાયિક પ્રવૃતિવિશેનું જ્ઞાન ધરાવતી ૧૩૧ (૫૨.૪) ઉતરદાતાઓ માહિતી દ્વારા છે તેમજ ૭ (૨.૮ ટકા) ઉતરદાતાઓએ ભાગ પણ લીધો છે.

૩૦. ત્રાસવાદ એ આજના દરેક દેશની એક સમસ્યા છે. ત્રાસવાદ ને નાથવા માટેના પ્રોગ્રામો આર્ટ ઓફ લિવીંગ સંસ્થા ચલાવે છે. ઉપરોકત કોષ્ટકમાંથી ૧૪૫ (૫૮ ટકા) ઉતરદાતાઓને ત્રાસવાદી સૂધારણા પ્રવૃતિઓ વિશેની જાણકારી છે તથા ૬ (૨.૪ ટકા) ઉતરદાતાઓએ સ્વયંસેવક તરીકે તેમાં ભોગ પણ લીધો છે. (કોષ્ટક નં. ૬.૯)

૩૧. ૯૧.૨% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે કોઈપણ મુશ્કેલીનો સામનો દોરાધાગા અંધશ્રદ્ધા નહી પરંતુ તેનો વૈજ્ઞાનિક અને વ્યવહારુ ઉપાય હોવો જોઈએ જ્યારે ૮.૮% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ અંધશ્રદ્ધામાં માને છે. (કોષ્ટક નં. ૬.૧૨)

૩૨. આર્ટ ઓફ લિવીંગનું એક ધ્યેય વ્યસન મુક્તિ હોય. ૫૬.૪% ઉતરદાતાઓ વ્યસન ધરાવતા નથી. જ્યારે ૪૩.૬% ઉત્તરદાતાઓ વ્યસનમાં ચા નું વ્યસન ધરાવતા ૭.૨% ઉતરદાતાઓ છે. ૧૭.૨% ઉત્તરદાતાઓ તમાકુ વાળા મસાલા ખાય છે. ૬.૪% ઉત્તરદાતાઓ દારૂ કે તાડી પીવે છે. જ્યારે ૭.૨% ઉત્તરદાતાઓ ગુટખા ખાય છે. જ્યારે ૫.૬% ઉત્તરદાતાઓને અન્ય વ્યસન હોય જેની વિગત નથી મળી. (કોષ્ટક નં. ૬.૧૪)

૩૩. આર્ટ ઓફ લિવીંગમાં જોડાયા બાદ ૭૭.૬% ઉત્તરદાતાઓ કે જેઓ વ્યસન ધરાવતા હતા તેઓ વ્યસનમાંથી મુક્તિ મેળવી શકયા છે. જ્યારે ૨૨.૯૧% ઉત્તરદાતાઓ હજુ આ સમસ્યાની સામે લડત આપી રહ્યા છે જેઓ વ્યસનમાંથી મુક્તિ મેળવી શક્યા નથી. (કોષ્ટક નં. ૬.૧૫)

૩૪. ૨૦૧ ઉતરદાતાઓ કોઈપણ મુશ્કેલી વખતે ખૂબ ગુસ્સે થતા હતા ત્યારે ૧૫૨ ઉત્તરદાતાઓ માં હતાશા જોવા મળી હતી. ક્યારેક ગુસ્સે થઈને માર મારી લેતા હતા જેની સંખ્યા ૫૭ હતી જ્યારે ઈશ્વરનું સ્મરણ કરતા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૩૯ ઉત્તરદાતાઓ હતા. જ્યારે કોર્ષમાં જોડાયા બાદ ૨૩૫ ઉત્તરદાતાઓ કોઈપણ મુશ્કેલીનો નીકાલ શાંતિપૂર્વક કરવા લાગ્યા હતા. જ્યારે ૨૦૦ ઉત્તરદાતાઓ ધ્યાનમાં બેસી જતા હતા. ૧૮૩ ઉત્તરદાતા ઓ આ પરિસ્થિતિમાં બહાર નીકળવાનો પ્રયત્ન અજમાવતા હતા. (કોષ્ટક નં. ૬.૧૬, ૬.૧૭)

૩૫. ૮૮ ઉત્તરદાતાઓ નિયમિત સત્સંગમાં જાય છે. જ્યારે ૮૨ ઉત્તરદાતાઓ ધાર્મિક પ્રસંગો પૂરતા જ સત્સંગને માણે છે.(કોષ્ટક નં. ૬.૧૮, ૬.૧૯)

૩૬. ઉત્તરદાતાના શાળાએ જતા બાળકોની વિગતમાં ૭ બાળકો કે જેઓ આર્ટ ઓફ લિવીંગ દ્વારા ચલાવવામાં આવતી શાળાએ ભણવા જાય છે જ્યારે ૧૪૦ ઉત્તરદાતાઓ પોતાના બાળકોને ખાનગી શાળાએ ભણાવે છે જ્યારે ૮ ઉત્તરદાતાઓ પોતાના બાળકોને સરકારી શાળામાં ભણાવે છે. (કોષ્ટક નં. ૬.૨૦, ૬.૨૧)

૩૭. જે બાળકો આ કોર્ષમાં સામેલ થયા છે તેની સંખ્યા ૧૦૧ છે. જ્યારે કોર્ષ ના કરેલ હોય તેની સંખ્યા ૬૨ છે. (કોષ્ટક નં. ૬.૨૨)

૩૮. ૧૧ ઉતરદાતાઓને સંસ્થા તરફથી પોતાના બાળકો આગળ ભણવા માટે સ્કોલરશીપ મળી છે જ્યારે ૧૫૪ ઉતરદાતાઓ આ સ્કોલરશીપનો લાભ મેળવી શક્યા. (કોષ્ટક નં. ૬.૨૩)

૩૯. સંસ્થાનાં કાર્યકર્તાઓ દ્વારા ૧૦૧ ઉત્તરદાતાના બાળકોને આગળ શું અભ્યાસ કરવો તે અંગેનું માર્ગદર્શન મળેલ છે જ્યારે ૬૨ ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે તેઓને આ અંગેનું કોઈ માર્ગદર્શન પ્રાપ્ત થયેલ નથી. આમ, મોટાભાગનાં ઉત્તરદાતાઓએ હકારાત્મક જવાબ દર્શાવેલ છે.(કોષ્ટક નં. ૬.૨૪)

૪૦. તેઓના સંતાનને માર્ગદર્શન દ્વારા ખૂબ લાભ થયો છે તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦૧ છે જ્યારે મોટો લાભ થયો હોય તેવા ઉતરદાતાની સંખ્યા જોવા મળે છે. મોટેભાગે લાભ થયો છે તેની ટકાવારી ૩૫.૨ છે જ્યારે કોઈ લાભ પ્રાપ્ત ના થયો હોય તેવા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. જેના પ્રત્યુત્તર નથી તેવા ઉત્તરદાતાની સંખ્યા ૫૭ (૨૨.૮%) છે.(કોષ્ટક નં. ૬.૨૫)

૪૧. જે તે ગામમાં બાળ સંસ્કાર કેન્દ્રો છે તેની વિગત જોતા ૧૪૭ ગામમાં બાળકેન્દ્રો જોવા મળ્યા છે જ્યારે ૩૭ ગામમાં બાળકેન્દ્રો જોવા મળતા નથી. (કોષ્ટક નં. ૬.૨૬)

૪૨. ઉત્તરદાતાઓના ૭૦ બાળકો આ સભામાં જાય છે. જ્યારે ૮૫નો બાળકો સભામાં જતા નથી. જ્યારે નિયમિત જતા બાળકોની સંખ્યા ૨૧ છે જ્યારે ક્યારેક જતા બાળકોની સંખ્યા ૪૦ જોવા મળી છે. (કોષ્ટક નં. ૬.૨૭)

૪૩. માતાપિતા તેમજ શિક્ષકોને આદર આપતા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ છે જ્યારે પોતાના ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ છે જ્યારે પોતાના બાળકો પ્રાણાયામ-યોગાસન કરતા થયા હોય તેવા બાળકોની સંખ્યા ૭૧ છે જે બાળકોની આંતરિક શક્તિમાં વિકાસ થયો હોય તેવા બાળકોની સંખ્યા ૮૧ છે જ્યારે શારીરિક શક્તિ વિકસી હોય તેવા ૬૯ ઉત્તરદાતા જોવા મળે છે. (કોષ્ટક નં. ૬.૨૮)

૪૪. ૨૫૦માંથી ૨૩૮ (૯૫.૨૦ ટકા) ઉતરદાતાઓએ જણાવ્યું છે કે તેઓને તેમની સમસ્યાના સમાધાન માટે માનસિક અને કયારેક નાણાકિય સહાય મળતી હોય છે. (કોષ્ટક નં. ૬.૨૯)

૪૫. ઉત્સવોમાં અને યજ્ઞોમાં આ સંદર્ભમાં ઉતરદાતાઓને તેની ભાગીદારી વિશે પૂછતા જણાવ્યું કે ૨૦૫ ઉતરદાતાઓ અર્થાત ૮૩.૬૦ ટકા ઉતરદાતાઓ તેમાં ભાગ લે છે. તેમાંથી નિયમિત રીતે ભાગ લેનાર ઉતરદાતાઓના સંસ્થા ૩૪.૫૦ જોવા મળી છે. જયારે ૬૪ ટકા ઉતરદાતાઓએ દર્શાવ્યું છે કે તેઓ કયારેક કયારેક કોઈક ઉત્સવોમાં ભાગ લેવા દરેક ઉત્સવોની માં નિયમિત ભાગીદારી હોય તેવું ઘણું જ ઓછું જોવા મળે છે. જયારે ૩૦ ઉતરદાતા (૧૨ ટકા) ઓએ તેમાં કયારેક ભાગ લિધા હોય તેવું જોવા મળતું નથી. અને ૧૧ ઉતરદાતાઓએ આ અંગેના પ્રત્યુતરો આપેલ નથી. (કોષ્ટક નં. ૬.૩૦)

૪૬. જેમાં વ્યકિતમાં સમર્પણ ભાવ વિકસ્યો હોય તેવા ૮૬.૮૦ ટકા ઉતરદાતાઓ જોવા મળ્યા છે. જે ઉતરદાતાઓને શારીરિક તકલીફો હતી તે ઉતરદાતાઓને સંશોધક દ્વારા પૂછવામાં આવ્યું હતું કે તમે ડોકટરની ટ્રીટમેન્ટ માટે યોગ્ય સમય ફાળવ્યો છો કે કેમ આ કોર્ષ કર્યા પછી તમારી શારીરિક તકલીફોમાં ફાયદો થયો છે કે કેમ આ સંદર્ભમાં ૮૧ (૩૨ ટકા) ઉતરદાતાઓએ જાણાવ્યું છે કે તેઓ પોતાના માટે સમય ફાળવી શકે છે. જયારે ફકત ૨૪ એટલે કે ૧૧.૨૦ ઉતરદાતાઓ પોતાના માટે સમય ફાળવી શકતા નથી. જયારે ૭૫.૨૦ ટકા ઉતરદાતાઓએ દર્શાવ્યું છે કે કોર્ષ કર્યા પછી તેમની શારીરિક તકલીફોમાં ઘણો ફાયદો થયો છે. તેમજ ૧૯૭ ઉતરદાતાઓએ અર્થાત ૭૮.૮૦ ટકા ઉતરદાતાઓને પોતાની જીંદગીના અસલામતીએ ડર હતો તેને બદલે હવે તેઓ પોતાના જીવનમાં સલામતી અનુભવવા લાગ્યા છે. (કોષ્ટક નં. ૬.૩૧)

૪૭. ઉતરદાતાના વ્યકિતગત સ્વભાવમાં આવેલા પરિવર્તન અંગે પૂછતા ઉતરદાતાઓએ દર્શાવ્યું છે કે ૧૯૨ (૭૬.૪૦ ટકા) ઉતરદાતાના વ્યકિત જીવનમાં પરિવર્તન આવ્યુ છે. જયારે ફકત ૩ ઉતરદાતાએ જાણાવ્યું છે કે તેમના વ્યકિતગત સ્વભાવમાં કોઈ ફેરફાર થયો નથી. વ્યકિતગત સ્વભાવમાં ઉતરદાતાઓએ જાણાવ્યુ છે કે તેમનો ગુસ્સો આવવો સ્વભાવ, ચિડીયાપણું, સંકુચિત સ્વભાવ તથા નકારાત્મક દષ્ટિકોણ જે હતો તેના બદલે હવે આ પ્રકારના સ્વભાવમાં પરિવર્તન આવ્યુ છે. વ્યકિતગત સ્વભાવ ઉપરોકત કૌટુંબિક સંબંધો વિશે પણ ઉતરદાતાઓને પૂછતા ઉતરદાતાઓએ દર્શાવ્યુ છે પતિપત્નીના સંબંધોમાં ૬૭.૨૦ ટકા નો ફેરફાર જોવા મળ્યો છે. જયારે ૪૪ ઉતરદાતાઓ આ ઉપરાંત વ્યકિતના આત્મવિશ્વાસમાં વધારો થયો છે. તેવું ૨૨૨ (૮૮.૮૦ ટકા) ઉતરદાતાઓ દર્શાવેલ છે. જયારે ૩૫ (૧૪ ટકા) ઉતરદાતાઓ થોડો ઘણે બાળકો સાથેના સંબંધોમાં સુધારો દર્શાવ્યો છે.

૪૮. ઉતરદાતાઓએ જાણાવ્યું છે કે ૧૮૩ (૭૩.૨૦ ટકા) પડોશ સાથેના સંબંધમાં પરિવર્તન આવેલ છે. પડોશની મુશ્કેલી સમયે કે તેમની મુશ્કેલીના સમય દરમ્યાન પડોશ દ્વારા સાથ સહકારના પગલા વધ્યા છે. જયારે વ્યવસાયિક સંબંધમાં ૭૨ ટકા ઉતરદાતાઓએ દર્શાવ્યું છે કે તેમના સહકર્મચારી સાથેના સંબંધો, બદલાગ્યા છે, માન્યતાઓ તથા વર્તન વ્યવહારોમાં પરિવર્તન આવ્યુ છે.

૪૯ ૨૩૦ (૯૨ ટકા) ઉતરદાતાઓનો વિચાર અને વર્તનમાં પરિવર્તન આવ્યુ છે. પરંતુ તેમના પહેરવેશ ઉપર અસર થઈ હોય તેવા ૪૮ ટકા ઉતરદાતાઓ જયારે ભાષા ઉપર અસર થઈ  હોય તેવા ૧૬૮ (૬૪.૬૦ ટકા) ઉતરદાતાઓ જોવા મળ્યા છે. ટૂંકમાં વ્યકિત આર્ટ ઓફ લિવીંગમાં જોડાય છે તેને કારણે તેમના વિચાર વર્તન વ્યવહારઓ પહેરવેશ ઉપર પણ ફેરફાર જોવા મળે છે અને આ ઉપરાંત ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા પણ (૯૧.૬૦ ટકા) ઉતરદાતાઓમાં ફેરફારો જોવા મળ્યા છે.(કોષ્ટક નં. ૬.૩૧)

## ૮.૪ ભાવિ સંશોધનના ક્ષેત્રો :

સંશોધક દ્વારા જયારે સંશોધન કરવામાં આવે છે ત્યારે સંશોધકને સંશોધનના નવા-નવા ક્ષેત્રો અંગેના વિચારો ઉદ્‌ભવે છે. જે ભાવિ સંશોધકને તેના અભ્યાસ માટે દિશાસૂચક બને છે. પ્રસ્તુત અભ્યાસમાં પણ સંશોધકને અભ્યાસ માટે સુજેલા સંશોધનના ક્ષેત્રો નીચે મુજબના છે.

૧. આર્ટ ઑફ લિવીંગમાં જોડાયેલ વ્યક્તિઓમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

૨. સ્ત્રીઓ અને પુરુષોની તુલના કરીને પણ સંશોધન કરી શકાય.

૩. જ્ઞાતિ અને વર્ગને ચલ તરીકે પસંદ કરીને જ્ઞાતિ અને વર્ગને તુલનાત્મક અભ્યાસ આર્ટ ઑફ લિવીંગ માં જોડાયેલા લોકોનો કરી શકાય.

૪. આ અભ્યાસ એ રાજકોટ જિલ્લા પૂરતો છે તેને બદલે ગુજરાતના ત્રણ ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં લઈને તુલનાત્મક અભ્યાસ કરવો જોઈએ.

૫. ભારતના જુદી જુદી ભૌગોલિક લાક્ષણિકતા ધરાવતા પ્રદેશોની પસંદગી કરી મેક્રો લેવલનો અભ્યાસ કરી શકાય.

૬. શિબિરમાં જોડાયેલા લોકોનો શિબીર દરમ્યાન પ્રયોગાત્મક પદ્ધતિથી અભ્યાસ કરી શકાય તેનાં ખાસ કરીને બાળકોનો અભ્યાસ કરી શકાય.

૭. આર્ટ ઑફ લિવીંગમાં જોડાયેલા બાળકો અને ન જોડાયેલા બાળકોનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય.

## પરિશિષ્ટ : ૧

## સંદર્ભ સૂચિ


1. Corrington R.H., The Melanesians, Oxford, 1891
2. Dodwell H.H., Cambridge History of India, S.
3. Durkheim Emile, The Elementary forms of Religious life, translated by, J.W. Swain, Free Press, Glenco, 1947
4. Frazer James, The Golden Bough, The Macmillion Co. New York, 1945
5. Goode William J., Mehtod in Social Research Mcgraw- and Hatt paul K, Hill book co. inc. New york, 1952.
6. Ghurye G.S., Indian Sadhus, Popular Prakashan, Bombay, 1964
7. Honigsheim p., Sociology of Religion, Modern Sociological Theory, The Dryden Press, New York, 1957
8. Malcom John, 'Minutes on visiting cuth' in copies of Major Gen. Sir John Malcom' Gov. of Bombay, 1823-1830, British Library-Add M.S. 22082
9. Majmudar A.k., Bhakti Renaissance, Bhartiya Vidyabhavan, Bombay, 1965.
10. Malinowaski B., Magic, Science and Religion and other essays, Glenco, 1948

11 Mukherjee R.N., People and Institution of India, Sarasvati Sadan, Delhi, 1961

12 Munshi K.M., Gujarat and its Literature, Bhartiya Vidyabhavan, Bombay, 1954.

13. Northrop, The Logic of the Sciences and Humanities, The Macmillan Co. London, 1937

14. Parekh M.C., Shri Swaminarayan, Bhartiya Vidyabhavan, Bombay, 1980.

15. Pearson Karl, The Grammar of Science, Adam and Charles Black, London, 1911.

16. Pryns Hopkins, Character and personality (Journal) Vol. 3 Sept. 1939.

17. Rajyagor S.B., History of Gujarat, S. Chand & Co. ltd. New Delhi, 1982.

18 Sen S.p., Social and Religious reform movement in the ninetieth and twentieth centuries, Institute of Historical studies, Calcutta, 1979

19 Scott Willam P., Dictionary of Sociology, Indian edition

20 Srinivas M.N., Religion and Society among the coorgs of South India, Asia publishing house, New Delhi, 1965

21 Tripathi B.D., Sadhus of India, The Sociological view, Popular Prakashan, 1978

22 The Vaishnavas of Gujarat, Langmans Green & Co. London, 1935

23 Tylor Edward B, Primitive Culture, John Murray, London, 1913

24 Venugopal C., Religion and Indian Society, A sociological perspective, Gyan publishing house, New Delhi, 1998

25 Weber Max, The Sociology of Religion, Translated by Ephraim fischoff, introduction by, Talcott Parsons, Methuen & Co. Ltd. London, 1965

26 Young Pauline V., Scientific Social Surveys and Research, Asia publishing house, Bombay 1960

27 Yinger Milton J., The Scientific Study of Religion, The Macmillian Co., London

28. A Birds Eye View of All Religion - 1995, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

29. A Smile - A Secret Gift, 1998, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

30. Astrology & All possibilities, 2001, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

31. Bang on the Door, 1985, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

32. Belonglingness to Sllence, 1999, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

33. Bills & Prosperty, 1990, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

34. Celebrating Love, 1999, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

35. Celebrating Silence, 1997, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

36. Guru of Joy, 1990, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

37. Hinduism & Christianity Color, 1997, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

38. Knowledge Sheet Vol. 1-7, 1995, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

39. Satsang (Color), 1994, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

40. Punrnava, 1991, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

41. Science & Spirituality, 1998, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

42. Narad Bhakti Sutra, 1995, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

## સંદર્ભ સૂચિ


૧. આચાર્ય નવીનચંદ્ર, ભારતમાં વૈષ્ણવ ધર્મ અને શાકત સંપ્રદાય (ઉગમ અને વિકાસ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૮૬

૨. ગાંધીજી, વ્યાપક ધર્મભાવના, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૬૧

૩. ગુજરાતી વિશ્વકોશ, (ખંડ ૧ અને ૧૯)
ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૮૯ અને ૨૦૦૪

૪. જોશી વિદ્યુત, સમુદ્ર મંથન, કળશ પૂર્તિ, દિવ્ય ભાસ્કર, તા. ૧૨, માર્ચ-૨૦૦૮

૫. ઝવેરી મહેન્દ્ર કૃષ્ણલાલ, સામાજિક પરિવર્તન, ગુજરાત યુનિવર્સિટી, ૧૯૭૭

૬. ત્રિવેદી નવલરામ જગન્નાથ, સમાજ સુધારાનું રેખાદર્શન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૭૪

૭. દવે મંજુલાબહેન બી., ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૦૮

૮. દેસાઈ અક્ષયકુમાર રમણલાલ, ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૭૭

૯. દેસાઈ નીરા, ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૯૮

૧૦. ધ્રુવ આનંદશંકર બાપુશંકર, હિન્દુ વેદ ધર્મ, પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, ૧૯૬૧

૧૧. પટેલ બહેચરભાઈ આર., મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય (ઐતિહાસિક અધ્યયન) અશેષ પ્રકાશન, બોરસદ, ૧૯૭૫

૧૨. પટેલ હસમુખભાઈ હ., કાર્લ માર્ક્સ (સમાજશાસ્ત્રીય દષ્ટિએ એક વિહંગાવલોકન), યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૯૮

૧૩. પરમાર વાય.એ., સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૨૦૦૨

૧૪. પારેખ હિરાલાલ ત્રિભુવનદાસ, અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૭૬

૧૫. પેટલીકર ઈશ્વર, રાજા રામમોહનરાય, આર.આર. શેઠની કંપની, મુંબઈ, ૧૯૭૩

૧૬. બક્ષી મધુસૂદન વિષ્ણુપ્રસાદ, સમાજલક્ષી વિજ્ઞાનોનું તત્વજ્ઞાન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૭૯

૧૭. મર્ચંટ આમ્રપાલી એમ., સામાજિક ક્રિયાનું સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૨૦૦૪.

૧૮. રાજગોર શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૯૮

૧૯. વાઘેલા બી.જી., ભગવાન સ્વામિનારાયણનું સમકાલીન લોકજીવન, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ, ૧૯૯૭

૨૦. વ્યાસ ત્રિભુવન ગૌરીશંકર, સ્વામિનારાયણ સંપ્રદાયની ઐતિહાસિક સમાલોચના, ગુજરાતી સાહિત્ય સંમેલન, ૧૨મું અધિવેશન, ધર્મ અને તત્વજ્ઞાન વિભાગ

૨૧. વ્યાસ રશ્મિબેન ત્રિભુવનભાઈ, ઓગણીસમી સદીમાં ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સાંસ્કૃતિક પ્રદાન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પી.એચડી. ની ડિગ્રી માટે માન્ય કરેલ મહાનિબંધ

૨૨. સાધુ અક્ષરવત્સલદાસ, ભગવાન સ્વામિનારાયણ અને અંત્યોદય, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ, ૧૯૯૯

૨૩. સાધુ આદર્શજીવનદાસ, સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ-જીવન અને કાર્ય, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ, ૨૦૦૪

૨૪. શાસ્ત્રી દુર્ગાશંકર કેવળરામ, વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ, શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૩૯

૨૫. શાસ્ત્રી હરિપ્રસાદ અને પ્રવીણચંદ્ર ચીમનલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ (ગ્રંથ ૮, બ્રિટીશ કાળ), ૧૯૮૪

૨૬. રાઠોડ, સ્વામિનારાયણ સંપ્રદાય અને તેની અસરો (પી.એચડી. થીસીસ)

૨૭. આચાર્યઆનંદ, સ્વામિનારાયણ સંપ્રદાય અને પછાત જ્ઞાતિઓ (પી.એચડી. થીસીસ)

૨૮. શેઠ એન. આર., સ્વાધ્યાય પ્રવૃતિ

૨૯. ઝણકાર એચ.ડી., સ્વાધ્યાય પ્રવૃતિની ખારવા સમાજ પરની અસરો (પી.એચડી. થીસીસ)

૩૦. શાહ વિપિન મા., મેકસવેબર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૯૭

૩૧. શેઠ સુરેશભાઈ ચી., ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળો (૧૮૧૮ થી ૧૯૬૦), યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૯૯

૩૨. શુકલ યશવંત, ઐતિહાસિક સંદર્ભમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રદાન 'સ્વામિનારાયણ સંતસાહિત્ય' બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોતમ સંસ્થા, અમદાવાદ, ૧૯૮૧

૩૩. શ્રીકાન્ત લક્ષ્મીદાસ, ભારતની પછાત જાતિઓ અને તેમનો ઉત્કર્ષ, ગુજરાત યુનિવર્સિટી, ૧૯૬૪

૩૪. શ્રીનિવાસ એમ.એન., આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૯૩

૩૫. શ્રીનિવાસ એમ.એન., આધુનિક ભારતમાં જ્ઞાતિ અને બીજા લેખો, અનુવાદક, પુરુષોતમ છ. શાહ, ભાષાન્તર નિધિ, બળવંત ભવન, ભાવનગર, ૧૯૬૯.

૩૬. સવગૃહનો માર્ગ, ૧૯૯૩, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૩૭. પ્રભુને વહાલી મોજ મસ્તી, ૧૯૯૮, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૩૮. હિન્દુ ધર્મ-ખ્રિસ્તી ધર્મ, ૧૯૯૯, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૩૯. પ્રેમમૂર્તિ સદ્દગુરુ, ૧૯૯૨, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૪૦. મૌનની ઉજવણી, ૧૯૯૭, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૪૧. નવા યુગનું જ્ઞાન, ૨૦૦૦, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૪૨. સંબંધના રહસ્યો, ૧૯૯૮, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૪૩. ગુરુ અનમોલ વચન, ૧૯૯૯, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૪૪. બારણે પ્રહાર, ૧૯૯૪, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૪૫. નારદ ભક્તિ સુત્ર-૧૯૯૨, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૪૬. તપાસનું તત્વ, ૨૦૦૧, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૪૭. પ્રાર્થના આત્માનો સાદ, ૧૯૯૪, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૪૮. અનમોલ મોતી, ૧૯૯૯, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૪૯. એક ઈશ્વર એક સત્ય, ૨૦૦૦, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૫૦. જ્ઞાનવાણી, ૧૯૯૫, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૫૧. પ્રેમની ઉજવણી, ૧૯૯૩, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

# Global Youth Conferences

## HIV/AIDS Conference in Mexico:

WAYE and Art of Living participated in the international HIV/AIDS conference organised in partnership with all of the major HIV/AIDS practitioners, including UNAIDS. This conference, which took place in Mexico City,  touched upon a wide range of issues, including coping with the disease, medical dimensions and treatments, prevention amongst high-risk youth, and dealing with the psychological aspects of HIV/AIDS.






# Global Youth Conferences

## World Ethics Forum

Art of Living Youth programs were represented strongly at this Forum, held at Keble College, University of Oxford. WAYE Director Dinesh Ghodke addressed the audience on the need for universal health care for youth. With the burgeoning population of people aged 15-35, the capacity to offer preventive and curative health services to this population segment is critical and will be a determinant to the economic prosperity of all nations. Additionally, Mr. Ghodke promoted the importance of integrating ethics and human values into mainstream business and political culture.






# Global Youth Conferences

## Arab Youth League:

Art of Living youth leaders participated in this conference which serves as a forum for youth in the Middle East to provide their views, perspectives, and insights on current societal challenges.








# Middle Eastern Programmes
# Participants from Iraq, Israel, UAE, Lebanon










# YES!+ Course with Mohawib





# Indo - Pakistan Youth Peace Initiatives







India and Pakistan are probably among the youngest countries in the world with the median age of India at 24.9 years and that of Pakistan at 19.8 years. That's a strong enough reason to demonstrate that it's the youth of both the nations who will play a great role in opening up channels of communication and understanding, thus dispelling the long clouds of suspicion, bitterness and war.






The directors of WAYE (World Alliance for Youth Empowerment), the youth body of the Art of Living Foundation, Dinesh Ghodke and Khurshed Batliwala, recently toured Pakistan for 2 weeks. Under Sri Sri's guidance and inspiration, they visited Pakistan to bring about a greater understanding among the youth of the two countries. This was a continuation of the message of peace and goodwill that Sri Sri brought to Pakistan as the first Hindu spiritual leader to visit them in July 2004.



Over 100 Pakistani youth from various universities underwent a 7-day program in the age group of 18 to 25 years at the Indus School of Arts and Architecture, Karachi. Muslims, Christians, Zoroastrians, Hindus and young people of the Sufi faith participated in the Youth Empowerment Seminar.





The aim was to empower the youth as individuals and then enable them to take responsibility for a violence-free, stress-free society. Strategies were also discussed to take initiatives for breaking prejudices by bringing together people through music, dance, drama, arts, sports and social service. Almost all agreed to the fact that since we take food, fashion, music and technology





from all over the world; it's time to globalize wisdom as well and not just potato chips and fizzy drinks. The youth thus have a major role in deepening the roots and broadening the vision of a nation.







The youth were inspired by the social work of the AOL volunteers during the Pakistan earthquake in June 2005 and the tremendous humanitarian efforts by the foundation worldwide.



The WAYE directors conducted programs in Karachi, Islamabad and Lahore and were featured in HUM TV, Jiyo Channel and TV1, major Pakistani TV networks and the top 4 radio channels, FM 89, FM 91, FM 99 and FM 103. They also met with the UNICEF, UNDP, UNAIDS representatives and sought to find more avenues to work together with the youth by building on each other's strengths. Discussions were also held with heads of various NGO's like Insaan and Maqsad Foundation and an understanding was reached to carry out youth exchange programs to be held between India and Pakistan for social service and cultural activities.

# Peace Concerts

## Peace Concerts held across

Mumbai

Pune

Delhi

Bangalore

Kolkata



# Results of YES! (Youth Empowerment Skills) in New York City Public Schools



## Improvements reported by high school students upon completing YES!

400 students in 5 NYC Public Schools participated in the survey

- Reduced Stress.................................93%
- Reduced Anger & Irritability...........86%
- Better Mood.....................................93%
- Improved Sleep...............................69%
- Improved Calmness.........................96%
- Improved Focus...............................89%

## Yes! Preliminary findings – 2006-2007

### (3 N.Y.C. public schools)
### Before/After YES!
### Statistically Significant Changes




Shaenfield, D., Columbia University (in preparation)

## Yes! Preliminary findings –2006-2007

**Students had statistically significant changes in:**

- Conflict Resolution
- Self-Esteem
- Anger Coping
- Planning and Concentration
- Distractibility
- Irritability

**Research at 3 NYC Public High Schools, Sept 2006-June 2007**

*Using validated psychological instruments in an evaluation designed by Dr. Redder, faculty of the Dept. of Education at Barry University, FL, for evaluating YES! as part of the federally funded "Safe Schools, Healthy Students" Initiative*



## Our Supporters

The Art of Living International Centre, 21st Km., Kanakpura Road, Udayapura, Bangalore 560 082, Karnataka, India.
www.artofliving.org www.wayeonline.org www.yesplus.org www.itsmytree.com

# Art of Living & WAYE

**Youth Programs and Impact**

**World Alliance For Youth Empowerment**

WAYE

THE ART OF LIVING

# WAYE Programs and Impact Report

## Contents and Summary


- **Executive Summary**
- **Sri Sri's Vision for Global Youth Empowerment**
- **Launch of WAYE**
- **Education Programs**
- **Key Performance Indicators and Measurables**
- **Science of Breath**
- **Testimonials**
- **Youth Humanitarian Service Projects**
  Peace Initiatives
  Global Environmental Initiatives
  Poverty and Health Education
  WAYE and UNFPA
  Eradicating Violence through Education
- **Global Youth Conferences**
  World Youth Peace Summit **1800 Youth Leaders,**
  Integrated Value Education Conference, **157 Youth Leaders**
  HIV/AIDS Conference in Mexico
  World Ethics Forum
  Arab Youth League
  Middle Eastern Programs
  Indo-Pak Cross-Cultural Conference
- **Peace Concerts**
- **YES!+ USA**
- **YES! in New York City Public Schools**
- **Effect of Art of Living Courses on Children, Teens, and Educators**

# Executive Summary

This report details the work of the World Alliance for Youth Empowerment (WAYE), which was founded as an NGO in 2006 to implement His Holiness Sri Sri Ravi Shankar's vision for youth empowerment and development. With strong support from its parent organization, the Art of Living Foundation (AOLF), WAYE has expeditiously launched a series of programs that have delivered substantial benefits for youth participants. These education programs are providing young people with the sort of multi-dimensional learning opportunities that will accelerate their physical, spiritual, economic, and intellectual growth. Featuring practical leadership training methods, WAYE programs have given thousands of youth worldwide the precious skills and confidence to participate in and resolve societal-level challenges.

As the youth empowerment wing of the Art of Living, WAYE is working with the full awareness that investments in youth are irrevocably linked to the achievement of the Millenium Development Goals. It has pursued a strategic youth empowerment strategy that can feasibly be implemented, sustain results, and achieve impact on a larger scale. WAYE has converged many development models and programs featuring youth as the catalysts for community-driven development and socio-economic change.

In this report, we will showcase the various activities and impact of WAYE. From global conferences to special youth events, and university programs to humanitarian service projects, significant activities are ongoing and in the pipeline. Now active in 25 states in India, as well as in 40 countries globally, WAYE is continually extending the reach and scale of its impact on youth through a multitude of different avenues.

# Sri Sri's Vision for Global Youth Empowerment

His Holiness Sri Sri Ravi Shankar has identified the lack of proper education and guidance for youth as the predominant reason for rampant social problems encountered in the world today. Young people in both developed and developing countries are feeling neglected, purposeless, and holding little hope of securing the sort of opportunities that will elevate the quality of their lives.

The impetus behind the Art of Living's youth programs are to offer a sustainable platform to support young people in all aspects of their lives. Sri Sri has specifically designed programs that meet the multi-dimensional needs of young people. His programs address the critical human development element of education, which extends beyond mere intellectual growth. Topics such as non-violence, emotional stability, clarity of mind and thinking, dynamism in action, personal evolution, and many more, are tackled through simple techniques, exercises, and wisdom that have delivered results to millions of people.

By focusing on what is not taught at school or at home, Sri Sri has empowered young people and inspired them to take full responsibility for their own lives. Rather than looking externally for support, youth in the Art of Living are taught to identify their individual talents and to work to find an expression for them. After undergoing Art of Living programs, youth have testified to seeing major transformations in their life, including increased self-esteem and strong confidence levels that have led to a heightened commitment towards humanitarian service for society.

Sri Sri Ravi Shankar's practical approaches to education are uniquely all-inclusive and feasibly implementable at a worldwide scale. His vision for every youth is to enjoy a violence-free society, a stress-free mind, a disease-free body, an inhibition-free intellect, and a sorrow-free soul. These are the universal birth rights of all young people in this world. Because of the unique education programs and humanitarian service projects of the Art of Living, thousands of youth worldwide are living out this vision today. By disseminating these programs to people in all countries, the world can move towards sustainable reform and the creation of a more peaceful and progressive society.

# Launch of WAYE

Sri Sri's passion for young people prompted the consolidation of Art of Living youth programs into the broader global vision of WAYE. By providing a framework for an exclusive focus on young people, Sri Sri has consolidated the focus areas of the youth work into 7 primary themes:

**Leadership Training**

**Humanitarian Service**

**Environmental Responsibility**

**Overcoming Substance Abuse**

**Eliminating Stress and Youth Violence**

**Youth Employment**

**Female Feticide and HIV/AIDS**



Involving youth en masse on these focus areas has required an inclusive participatory approach where youth can be engaged through avenues that interest them.

**Entertainment (music, dance, theatre etc)**

**Fine Arts (poetry, painting, film-making)**

**Sports**

**Technology**

**Entrepreneurship**

**Education**

**Empowerment**



# Launch of WAYE

WAYE's mission is to prevent youth marginalisation and to inspire young people to drive social change. This mission was officially inducted during the "Night of the Youth" (Yuvaratri) celebrations, on 24th December 2006.

The unique attributes of the WAYE organization include several key X-Factors.

WAYE is first and foremost concerned with the human development dimension at the individual level. The organization has not absorbed itself in building a movement. This approach has been instrumental in the quality of our interventions and work, and is a direct result of the leadership philosophy of His Holiness Sri Sri Ravi Shankar.

In addition, WAYE volunteers are trained to sustain the highest level of commitment in their work. Inspired by a vibrant community of young leaders, WAYE members strive to make a difference now. Their attitude has driven the growth of the organization. Lastly, and importantly, WAYE has put into place strong capacity development institutions that attract and inspire more volunteers every day all over the globe.



# The Web of WAYE Outreach



# Yuvaratri 2006

## “Night of the Youth” Celebrations













## Yuvaratri 2006:

**Over 75,000** young people assembled together on Christmas Eve, 2006 at the Somaiya Medical College Grounds in Mumbai to celebrate the spirit of youth and “Go MAD” (Make A Difference).

The event was graced by His Holiness Sri Sri Ravi Shankar who delivered the keynote address and inspired each individual to become immersed in wisdom and humanitarian service.

**WAYE partnered with organizations such as UNFPA, UNDP, UNESCO, UNICEF, UNAIDS, USAID INDIA & SIDA.**

# Art of Living Education Programs

Art of Living programs consist of two primary components: education and humanitarian service activities. Art of Living education programs have become renown across the world for their brilliant leadership training methods, focus on personal development, and health and wellness techniques. Also, all of the Art of Living programs are impeccably designed to inspire participants to engage in humanitarian service. This unique combination of topics has delivered a dynamic curriculum that engages students and sustains their enthusiasm and interest long past the duration of the course.

UTSAV
Art Excel
YES!
Life Skills Lab
YES!+
YES!+ Winter Break

# Art of Living Education Programs

YES!+ Accelerating Excellence

## YES!+ (Youth Empowerment Skills Workshop):

An innovative educational and life skills program that provides students and young professionals with the tools to achieve their ideal life with ease, creativity, energy, and an inhibition-free mind.

### Impact

It provides the tools they need to make responsible life decisions with confidence and clarity, more joy and enthusiasm, while developing a broader vision along with cultivating leadership potential.

YES!+ also empowers students to become more centered and focused, to manage negative emotions and to live life more fully in the present moment, with increased awareness, perception, and expression.

YES!+ programs have worked brilliantly throughout the world. Successful courses have happened in North America, Europe, the Middle East, North Africa, West Africa, and East Asia. By transcending all traditional boundaries and uniting people of all cultures and civilizations, YES!+ is sowing the seeds of peace for the next generation of leaders.





# Art of Living Education Programs



## The YES!+ Winter Break







## UTSAV!

Literally translated as "Peaceful Celebration", this program has transformed the lives of thousands of young people. Taught as a four-day, sixteen hour seminar, UTSAV! contains a strong personal development and maturation element that has yielded beneficial results to participants. Beyond the deep relaxation techniques that rejevunate body and mind and enable more dynamic activity, youth proclaimed the following results:

### Impact

Increased awareness, clarity & focus

Being better equipped to handle our emotions

Increased physical energy & stamina

Unleashing of our full potential & abilities

Greater self-esteem

Enhanced interpersonal skills

Harmonious relationships at home and at work















# Utsavs around India





Utsav Mumbai
3800 Youth

Utsav Indore
800 Youth





Utsav Nagpur
2000 Youth

## Utsavs around India



### Utsav Akola
# 1600 Youth






### Utsav Amravati
# 1400 Youth



### Utsav Bangalore
# 1000 Youth

## Utsavs around India



### Utsav Kolkatta
# 1300 Youth




### Utsav Chennai
# 1100 Youth








### Utsav Jalandar
# 2600 Youth

# Youth Power



DNA speak up

Mumbai, Monday, February 25, 2008 p2

**big shout**

Today's Question: **Would you like to be part of the WAYE movement?**

54567

sms SU <space> A or B or C to 54567 for answer.
A: Yes B: No C: Can't say

Saturday's Question: **Will an Indian film ever win the Oscars?**

21% Yes 79% No 0% Next year

**talking point**

"There is a fountain of youth: It is your mind, your talents, the creativity you bring to your life and the lives of people you love. When you learn to tap this source, you will truly have defeated age."
—**Sophia Loren**, actress

E-mail **speakup@dnaindia.net**, call **39888888 Extn 455** or log on to **speakup.dnaindia.com** | Team Speak Up: Mahafreed Irani, Preety Acharya, Munira Chendvankar

**4**

Is the number of hours per day that the Utsav training programme lasted, over four days. This programme essentially dealt with cleaning the youth from inside by practicing pranayams, yoga and meditation techniques. This programme is just the beginning.

**43**

Is the number of colleges from different areas of Mumbai that were part of the Utsav

**87**

Was the number of volunteers from all over Mumbai that helped on the Utsav

## The power of youth

Some call it a unique movement, others hail it as a youth revolution befitting the 21st Century. But whatever the label, one thing's for certain, the World Alliance by Youth Empowerment initiative — supported by *DNA* — is change in the offing. Don't take our word for it...just listen to the youth

**Just the FAQs**

**How many zones will the initiative cover?**

**Different wards in different areas have been chosen and certain roads have been earmarked for adoption. The wards are T ward, G South ward, K East ward, M West Ward and N ward. The participants would carry out road cleaning, public awareness, put potted plants and involve others living nearby in the project**

- Saturday March 1, at Guru Dwara Hall, Mulund from 6pm - 8.30pm Contact: 9892929185
- Sunday March 2 at All India Institute of Local Self Government Bodies, Juhu Lane, Andheri (W), From 7am - 11am Contact: 9223338388
- Sunday, March 2, at Chembur Education Society Hall, near Chembur Naka, Chembur/Ghatkopar from 10am - 1pm Contact: 9892490940
- Sunday, March 2, Nalanda Education Centre, Kamala Mills Compound, Lower Parel from 9am - 11am Contact: 9920254757
- Sunday March 2, at Kanakshri Hall, Ashok Nagar, Near Temptation Restaurant, Kandivli (E) from 10am - 1pm. Contact: 9223359621



### Finally the youth are getting a chance

I have been a practitioner of Yoga for the last two years. It has helped in boosting my confidence to a great extent.

At a time when we youth have neither a platform nor an initiative to make a difference, the clean up drive is something I am eagerly looking forward to.

I come from Zone 2 in Chembur. The first area I would like to clean is the Tilak Nagar area. I also want to plant more trees around Ghatkopar. I have always been inspired by *Rang De Basanti* and am glad that finally the youth are getting a chance.

—**Sourav Ghosh**

### The movement will become a city revolution

Since we practise yoga and meditation we have more energy than other people. We are at peace with our own system and therefore can help others too. I want to give something back to society. An ID card will be given to the youngsters participating in this movement. This will give them the authority to warn others not to spit or litter in public spaces.

We also plan to plant as many trees as we can. When other people see us, they will be inspired too. This way, the cleanliness movement will become a city revolution.

—**Varun Shah**

### We want to use this healing power to help solve problems

The Art of Living has helped me be a more efficient person. We want to use this healing power to help people solve all their problems. Once citizens are stress free and calm, they can have the time to think of their environment and city too. When they are happy within they will want to make others happy.

Ours is a unique idea and we hope that the movement picks up mileage. We will keep the roads free of garbage, place dustbins and work with the BMC's cleanliness marshals. We intend to interact with residents too.

—**Sanket Potdar**

### We are vanguard in the coming war

A revolution is waiting to start. We have adopted 6 districts where we are working with 550 villages. Now, in those districts, farmer suicides have stopped completely. We are the vanguard or frontline soldiers in this war, and we want to bring transformation first within us, and then around the city. Young students will spread the message and bring about the change they want to see. Slowly every city will look up to us and follow the example.

—**Kavita Khanna**, WAYE Instructor

### Ambassadors of change are youth

We are looking to transform Mumbai city. It is nice to see so many youngsters taking time out from their lives to gather here.

We wanted to start an initiative where the youth would be involved, and we are on our way to doing so.

We are transforming the city externally with roads, highways and airports, but we realised that citizens need to be transformed too.

Young citizens will be the ambassadors of change in the city.

**Sanjay Ubale**, Secretary, special projects, Government of Maharashtra

### 2,000 today; 22,000 tomorrow

Yoga is the best way to de-stress yourself. Since I have taken up yoga, I make it a point to practise it early in the morning.

All of us know that we cannot survive in a polluted environment. The first thing I would like to do when I join the cleanliness drive is to teach people how to separate dry and wet garbage. And I believe yoga will help, as only when you are clean on the inside, can you keep the environment clean. Today we may be only 2,000 people, but we aim to spread the message to at least 22,000 people.

—**Tamana Taneja**

### We can make a difference in our own way

Yoga is a great way to energise yourself. As a student my life is very hectic. However, yoga helps me keep energetic all day long.

I am more than sure that the clean Mumbai campaign will work. Once people get the hang of it, everyone will be more than willing to do it. We aim to form groups in society and clean the main roads at various locations. If we believe in ourselves, then we surely can clean the whole of Mumbai. I am sure we all can make a difference in our own small way.

—**Samina Jamadar**

### I hope we can live up to the initiative

I am glad that the Maharashtra government has agreed to this initiative to clean Mumbai. We can finally take a step forward to clean the city.

A major clean-up in Mumbai is required. All of us need to clean ourselves from within and without. And this is where yoga will help us. The presence of more than 2,000 youngsters here shows that we surely are on our way to make a big difference. I hope that all of us can live up to this initiative.

—**Prit Pathak**

### We will see a major change in our environment

I have come all the way from Kolkata especially for this course. There is so much to do now. Mumbaikars have got a great opportunity to clean up their city. And I hope this initiative comes to Kolkata soon. One this initiative picks up pace, all places in India will become beautiful and clean. It's a brilliant idea. All of us youngsters are more than willing to contribute. If we pursue this initiative consistently, then we will see a major change in our environment, which will benefit us.

—**Ritika Agarwal**

# First Mega-Utsav in Mumbai



dna.sunday
Mumbai, February 24, 2008

INNER SPACES

**Last Zoroastrian saint was a priest in this fire temple**

Tardeo's Kappawala Agiary was constructed in 1941 when the fire was shifted from Fort to Tardeo. This fire temple serves the highly concentrated Parsi population in Tardeo, Grant Road and nearby areas in south Mumbai. The fire in this agiary was consecrated in 1857. Of the city's 44 fire temples, for many Parsis this fire temple is of great importance as the last Zoroastrian saint, Dastur Jamshed Ervad Sohrab Kukadaru (1831-1900), was a priest here.

2

**Clean Up Act:** Mumbai instructors Dinesh Ghodke, Khurshed Batliwala (above from left) and Kavita Khanna (inset) want to ignite positive feelings among the young and channel their energy into cleaning up the city — Satheesh Nair & Mukesh Trivedi.DNA

SOUL SEARCH

## Enthusiasm Matters

Robin Sharma

"Be enthusiastic" smacks of the obvious. "Be energetic" sounds trite. "Be passionate" seems boring. Yet without enthusiasm, energy and passion, you cannot lead your field and an organisation cannot get to world class. (Hey, I never suggested this leadership stuff was rocket science.)

Ralph Waldo Emerson once said: "Every great and commanding movement in the annals of the world is due to the triumph of enthusiasm." And Samuel Ullman observed: "Nobody grows old merely by living a number of years. We grow old by deserting our ideals. Years may wrinkle the skin but to give up enthusiasm wrinkles the soul." Enthusiasm matters.

The people I love to be around are generally those that have a simple, heartfelt quality: They are enthusiastic. Wildly so.

They are open to life. They are curious. They love to learn. They smile when they see me. And they have a lot of fun. Play hard or don't play at all.



## Look inwards to clean Mumbai

Can mind power and positive thinking help clean up Mumbai? WAYE, a youth initiative of Art of Living, certainly thinks so. In a four-day workshop partnered by *DNA*, WAYE's instructors got 1,700 youngsters between the ages of 18 and 30, to "get inspired" and transform Mumbai. Instructors Khurshed Batliwala, Dinesh Ghodke and Kavita Khanna discuss how they plan to make sure young Mumbaikars internalise, and then act on, making their city a cleaner, more liveable place

**DNA Correspondent**

We always start with the premise that every human being is born wonderful, with spiritual values. With time, these get clouded by stress and ignorance. If we can find the tools to bring a person out of the daily stress, anger and frustration he feels, we can restore him to his natural, pristine self. This is the basis for our motto, clean on the inside, clean on the outside. The idea is that is you are happy and have a sense of wellbeing on the inside, you will be much more willing to improve things in the environment around you. If you are filthy on the inside, you will not be able to see the dirt all around you, and will, subsequently, not have the desire to clean it up either. That's probably how and why so many Mumbaikars continue to make a life in a city rapidly going to seed. Responsibility of any sort, is a function of peace of mind; bring peace to the person, and he will be much more amenable and disposed to positive acts.

At the WAYE workshop, we want to ignite positive feelings in the young people attending the course, and then channel their positive energy into cleaning up the city. After all, society is all about people, so if you want to live peacefully in society, you have to make sure to bring peace of mind to all the others in society.

For our Mumbai transformation project, we plan to split these 1,700-odd youngsters into groups of 20 or 30 and assign a road to each of these groups. That is, give them a portion of a road in the city — maybe 100-200 metres — to keep clean. They will work in stages; first they will pick up litter, then convince the residents of the area to try and green the street (even putting potted plants in their windows would help), and later undertake garbage segregation and removal. Later, we also plan to employ rainwater harvesting in these areas and try to have farmers' markets, a concept that we already follow as part of our 100 mile-lunch programme at Art of Living. This implies that we can only cook and eat things produced within a 100-mile radius of a particular area, and this drastically cuts down on our ecological footprint. We have tied up with state government and BMC officials, as well as corporate houses; this will be a long-term project.

change mumbai
make a difference
from within

Mumbai, as a city, is, after all, all about the streets. If you clean up the roads, you clean up the city. While we do have courses with younger people — some of our youngest participants have been eight-year-olds — we decided to involve this age group in the Mumbai transformation project because not only are young people idealistic, energetic and rebellious, they *can* actually do things, as opposed to, say, school-going kids. Moreover, we really rely on the basic, innate goodness of people. Because it's only after certain things happen, that people become sceptical, cynical and put on a mask. When you are feeling good about yourself, you will want to do things for others. And when we talk of being clean on the inside, we usually talk to these youngsters about saying no to drugs, tobacco and alcohol. And the tools we us to inspire them are very simple: yoga, pranayam and sudarshan kriya, which involves regulating your breathing and bringing it in sync with the rhythms of your body and the rhythms of the world outside. Because we believe if you transform individuals, you can transform the city.

dnasunday@dnaindia.net

**Playing Hard:** With enthusiasm, energy and passion you can handle life with a smile, with strength and grace — Getty Images

Today, show up at work with all the enthusiasm you can genuinely muster. Be outrageously energetic and madly alive. See the best in people. Go the extra mile to delight your customers.

See the opportunity for learning and personal evolution amidst a seeming setback. Embrace change as a chance to grow. Have a laugh with a teammate. Tell your loved ones you adore them. Spread some passion.

I'll be the first to agree that you can't control what happens to you each day. But with an abundance of enthusiasm, I have no doubt that whatever the coming hours bring, you will handle them with grace, strength and a smile.

*Robin Sharma is author of* The Greatness Guide *(Jaico)*

dnasunday@dnaindia.net

## Life Skills Lab

This course is a semester long program that is integrated into the curriculum of universities and college. It provides individuals with the opportunity and inspiration to engage in humanitarian service activities and gain precious life skills.

### Impact

- Through this participatory immersive workshop, participants break through personal barriers, old habits, or inhibitions that previously held them back and prevented them from achieving success in life.
- By learning how to drop old emotional wounds, self-concepts, and fears, Life Skills Lab participants find balance in their own lives, enhance the lives of their families and communities, and are able to contribute substantially to society through their careers and service.





## YES!

This program revolutionizes how teens deal with the increasing social and academic pressures of adolescence. The course provides students with problem-solving strategies and leadership training, skills on how to release stress, manage negative emotions and advanced techniques for non-violent conflict resolution. Community service projects are organized either during the course, or post-course in order to integrate the human values dimension into their lives through first hand experience. Youth are challenged to go beyond their limited perspective to consider the impact they can make on the world at large.

### Impact

- The class has proven to accelerate the maturity of participants, while offering tangible short and long-term health benefits.
- 
- Students have remarked that the special emphasis on education that fosters human values, a sense of belonging, a broader vision and attitude of service toward others has enhanced their strength of character.






# Art of Living Education Programs

## Art Excel

All-Round Training for Excellence provides a physical, mental, and spiritual education for children. The ART Excel course is a highly effective stress management and human values training program. A unique aspect of the program is a specific set of breathing techniques that systematically release emotional and physical stress.

### Impact

- Children have successfully used the ART Excel techniques to bring about a state of calmness and relaxation.
- Human values such as joy, friendliness and compassion that are naturally present in children, but may have been hidden by stress, become apparent.
- The children show enhancement of creative skills, improvement of memory and concentration, development of leadership qualities and healthy emotions, clarity of mind and better interaction with other children after undergoing the program.









# Key Performance Indicators and Measurables

Numerous studies on the effects of the Art of Living Youth Education programs have been documented. However, one independent study conducted by the NGO Partners in Development Initiatives from Delhi was particularly telling. 1,800 participants of the Utsav program filled out a pre-test and post-test questionnaire that measured their changes in key categories such as self-awareness, leadership capabilicecety, and confidence.

As clearly indicated by the survey results, there was a drastic change in the confidence level of participants post-course, self awareness improved tremendously, and leadership qualities emerged  are evident from their study and research. It was also observed that addictions and bad habits were reduced and relationships at home and with others improved in many folds.









# Science of Breath



# Testimonials

**WORLD HEALTH ORGANIZATION**
Regional Office For South-East Asia

**ORGANISATION MONDIALE DE LA SANTE**
BUREAU REGIONAL DE ASIE DU SUD-EST

*I discovered that they really do teach the Art of Living - an integrated, wholesome and stress free attitude to life, work, relationships, responsibility.*

*I believe this workshop has been directly contributing to the cherished values of Professionalism, Perseverance and Respect.*

Dr M. Otgon, Md, Phd
Regional Fellowships Officer
SEARO

---

**SULTANATE OF OMAN**
**MINISTRY OF HELATH**

**Students of Institute of Health Sciences have really appreciated what they have learned.**
**I look forward to continued collaboration of mutual benefit to both organizations**

**Alya Mohammed Msellem Al-rawahy**
**Dean**

---

**Saudi American Bank**

samba سامبا

Our employees come from different countries and from different cultural backgrounds and the program has been well received throughout. **90% of the workshop participants gave the course the highest rankings across all dimensions of effectiveness.**

Vivek Vig
General Manager
Saudi Arabia, SAMBA

---

Google

We conduct the Art of Living workshop of our googlers once per quarter. Students report an **increase in their sense of community, confidence and clarity of mind**. Such plaudits map well to our objectives of team building, leadership development and concentration respectively.

Mark Ball
Sr. Associate, Training
Google, Inc.

---

**UNITED NATIONS**
United Nations Interim Administration Mission in Kosova

**NATIONS UNIES**
Mission d'administartion Interimaire Des Nation Unies an Kosova

**UNMIK**

110 officers of Special Police Units of U.N. Mission in Kosovo attended the Art of Living workshop. **It has tremendously helped these officers to improve their mental alertness and reduce mental tension** especially when they are working in highly tense situations for international peace keeping.

Col. A. M. Muhammed
Indian Special Police Units
United Nations Mission In Kosova

---

**IBM**

Raman G Vishwanathan
Manager, NED

I recommend this workshop to anyone in the academic, management, and industrial community. In a world facing the challenges of globalization, **Art of Living's apex offers the tools necessary to build a harmonius and productive**

---

**THE WORLD BANK**
INTERNATIONAL BANK FOR RECONSTRUCTION AND DEVELOPMENT
INTERNATIONAL DEVELOPMENT ASSOCIATION

We first decided to offer the art of living workshop when stress and work-life balance emerged as the major concern in our staff survey.

Two reported outcomes from staff have been:
(i) **sustained reduction in stress, and consequent increase in productivity**, from continued practice of the breathing techniques taught in the course; and
(ii) significant **improvement in teamwork** as a result of innovative processes embedded in the workshop.

The workshop has now become a regular offering in the staff learning program.

Sanjay Pradhan
Director, Public Sector Governance
PREM

---

**National Aeronautics and Space Administration**

**Goddard Space Flight Center**
Greenbelt, MD 20771

*I have seen fundamental changes in participants functioning, and in their interpersonal skills because of art of living's workshop, which enables them to be more productive, creative and skilled engineers, scientists and staff.*

Bill Hayden
Senior Systems Engineer, Nasa Goddard

---

The workshop participants were Albanians, Serbs and Roma people who went through war traumas. They had **expereince of peacefulness, relief from negative emotions and improved health** during and after the workshop.
Mother Theresa Association fully supports the Art of Living workshop and wishes you success



The Kosova Humanitarian And Charitable Society
**Mother Teresa**

## National Institute of Fashion Technology
(Ministry of Textiles. Govt. of Maharashtra)

It was indeed **wonderful experience** for all the students, faculty members and staffs of national institute of fashion technology, (NIFT) Kolkata who attended the "Art of Lliving workshops".

The **positive changes** in their physical health, mental attitude and degree of cheerfulness are quite visible and tangible.

Shantmanu, IAS
Director

## Indian Institute Of Technology Bombay
Powai, Mumbai

The visit of our NSS students to villages in maharashtra expereince first hand, the **immense transformation in the quality of life of the villagers through rain water harvesting and chemical free farming.**

Prof V M Gadre    Prof Prasanna Gandhi
Coordinators, NSS, IIT Bombay

## Indian Institute of Technology Bombay

YES![+] workshop does not teach quick-fix solutions, theoretical concepts nor preaches religion or the superficial success formulas but **offers practical tools to the young potential minds for a creative and productive life.**

Dr. Prof Pragati Mukhopadhyay
CRNTS, IIT Bombay

## Humboldt University, Berlin

The observed results are: **heightened awareness, better concentration, heightened ability to relax.**
Also there is a visible improvemnet in the social behaviour of the students through the group processes.

L. Schulte
Responsible for health sports

## INDIAN INSTITUTE OF MANAGEMENT
Vastrapur, Ahmedabad

*I see aray of hope in the Art of Living for the future of corporate sector. I have benefitted a lot from this workshop and I recommend this to all the people I meet.*
*Art of Living workshop teaches you to manage your own self, your life and your environment.*

Vinod V Mathur

## BOSTON COLLEGE
Department of Human Resource

YES![+] workshop incorporates the sudarshan kriya and all of the breathing techniques, it also addresses challenges facing students.
The **special presentations on issues of time management, decision-making, leadership,** and on taking initiative and responsibility as well as particular techniques to improve concentration and energy when studying **were effective** and well-received.

Pat Touzin, LICSW
Director, Faculty & Staff Assistance Program

## Indian Institute of Technology Kanpur

YES![+] workshops seem to have proved to be very **effective in eliminating stress and depression** amongst students who work in a high powered academic environment.
The program is expected to become a great tool in helping a youth to empower themselves and to make them responsible citizens who would contribute to the society.

Prawal Sinha
Dean

## Virginia Tech
College of Engineering

The YES![+] workshop was taught to a group of students, faculty and staff not long after the recent after the tragedy that occurred on our campus. although the workshop **was especially good in helping us deal with our emotions related to the shootings, it also had great value in teaching us how to deal with everyday stress and emotions.**

It was fun taking the class with a wide variety of people - students, staff and faculty members in a large range of ages.

I also encourage you to promote the art of living courses on your campus in support of the foundation's campaign for a violence-free, stress-free world.

Linda Vick
Academic And Career Advisor,
MED, Virginia Tech

## Cornell University
Office of the Dean of Students

*The workshop far exceeded my expectations and I have since experienced a new level of peacefulness, clarity of thoughts, joy, physical energy and reduction of everyday stress.*

Sophie Siddhu
Assistant of Dean of Students

## Florida Gulf Coast University

We offered this workshop for 2 hours of credit through the occupational therapy department in the college of health professions.
**The workshop was always filled with a waiting list.**

Kathy Kleist
Executive Director
Florida Gulf Coast University

## HIGH SCHOOL OF TELECOMMUNICATION ARTS AND TECHNOLOGY
Brooklyn, NY

YES![+] workshop teaches **tools** that are not easily learned inside of school, but **that can enhance the abilities and quality of work** for students and teachers alike.

Philip Weinberg,
Principal

# WAYE Humanitarian Service

## WAYE humanitarian service programs have operated with the specific objective of:

- Influencing key systems, institutions and policies, and inspiring responsibility & human values among youth for social change;
- Offering sustainable and effective solutions to address youth related issues through participation and collaborations;
- Fostering co-operation among local, state and national agencies for providing service to the community.

There are innumerable Art of Living Youth service programs happening at local, national, and international levels all over the world. The size and scope of the organization's service activities are difficult to quantify. However, there are several critical themes that are currently points of sectoral focus which warrant attention.

## Stand Up-Speak Out:

Art of Living has partnered with the One Foundation and the United Nations to support the Millenium Development Goals. Thousands of youth and active citizens gather in different cities worldwide to urge decision makers to take action on these critical topics.



# WAYE Humanitarian Service

## Peace Initiatives

### Peace Marches 2000-2008:

Youth leaders led marches of thousands of young people all over India to advocate non-violence, compassion, and global equity. These students and young professionals were also championing several causes. Some were propogating the integration of universal human values in business, politics, and society. Others were marching for swift government action after events such as the 2000 Gujurat Earthquake.

### Transforming Insurgents:

Interventions which targeted at-risk youth and insurgents in Nagaland were remarkably successful in nurturing non-violence in society. Violent towns and villages were brought to total peace as transformed youth vowed pursue non-violent means to achieving social transformation

## Global Environmental Initiatives

### Mission Green Earth:

In collaboration with the Art of Living and United Nations Environment Program, WAYE is leading the largest tree planting and adoptation intiative in history. 100 million newly planted and adopted trees is the ambitious target of the initiative.





# Global Environmental Initiatives

## Eco-Drives:

In various cities around the world, street and city cleanup and adoption efforts have been led by graduates of the WAYE education programs. These include recycling and cleanliness drives, which have completely transformed many environmentally degraded areas of India. For example, the Mumbai Clean Up campaign featured 1800 college students taking leadership to clean 100 streets in the city. This project was completed in collaboration with Delloite and the United Way Foundation.










# Mumbai Clean Up Drive



## Clean sweep

PILES OF garbage, overflowing drains — problems that the 12 housing societies on Garden Lane in Andheri (East) have faced for 20 years. Two months ago 22 students, all of whom live in Goregaon, Borivali and Vile Parle that decided it was time to give the road a thorough clean up. So armed with brooms, buckets and rakes they fished out accumulated silt and cleared up piles of leaves and they haven't looked back ever since. Garden Lane is now their own. And these students, all members of the World Alliance for Youth Empowerment (WAYE), hope to get the society's 1,000-odd residents working for the cause soon.

What would make these students take on the responsibility of an area they didn't belong to? "We're always pointing a finger at the civic authorities and our neighbours but how often do we take a step. It's our city and it doesn't really matter which area you clean up," Khushboo Gurnani (19).

Gurnani, a student of Mithibai College who lives in Andheri (West), and her teammates hope to lead by example. For the first five weeks the students went about the cleaning sans assistance; by the sixth week they had a handful of eager residents come forward to help. Even the society's eight-year-olds gave up their weekend gully cricket matches to help the young bunch. "We feel a sense of guilt when we see these students cleaning the area. I've now asked my son Robin to join them," says resident J K Parmar. In addition to the weekend clean up, the students have run a house-to-house garbage disposal awareness campaign and a hawker clean up drive in the vicinity.

You could help WAYE in the clean-up. Call Khushboo at 9221526122

And along with the responsibility comes a feeling of accomplishment. "It feels so good when we look at the road and see how clean it now looks. We're finally able to give back to a city we've lived in for 20 years," says Vile Parle resident Kunal Kulkarni (19).

But this is no teenage whim; the students are in it for the long haul. "We will continue with the clean-up and hawker drive until we can hand over the road to the residents' care," says Gurnani. And they're willing to persist for as long as it takes.

PRASAD GORI

Students sweep the Garden Lane in Andheri (E)

WAYE members at the Garden Lane in Andheri (E)

PRASAD GORI

# Take charge

This vacation, adopt a cause and see it through. Venetia D'Souza meets students for whom volunteering is serious business

THEY'RE not in it for extra marks or a college social service programme. A handful of city students are adopting long-term social projects, some miles away from their homes, and enlisting the help of NGOs, local residents and event the Brihanmumbai Municipal Corporation (BMC) to see them through. "Even students who are serious about a cause find it difficult to follow up on projects because of studies and college commitments," says Rishi Aggarwal, former director, Mumbai Helpline, who has headed many such projects. And that's what makes the work of this new breed of volunteers so special.

## Stop spitting!

TWO WEEKS ago, 18-year-old Omkar Bhatkar decided it was time for him to get involved in a social cause. Not the one-week programmes or month-long drives that he had previously volunteered for. This time he was going to take up a cause and see it through.

So after mailing various NGOs, he entered into a deal with NGO Mumbai Helpline — Adopt the G Ward and launch a No Spitting, Anti Honking drive to support the Brihanmumbai BMC's Clean-Up drive launched in November 2007.

He kept his promise. On April 20, Bhatkar and 10 city students marched along the city streets carrying banners that read *Thookna band Mumbai Sehatmand* (Stop spitting to keep Mumbai healthy) and staged s… at Dadar Station, Shivaji Park an… Mahim to stir the residents and get t… ing. And it worked. "We had m… passers-by volunteer to help us. O… asking how we planned to executive… says Bhatkar.

But getting the campaign goin… biggest challenge, especially since … volunteers and no database to fall back on. Scraps (messages) for assistance on social networking website Orkut, had students come forth from Kandivli, Dombivli and Borivli, none of whom lived or studied in the focus area. "I was looking to commit myself to a cause and this was the perfect opportunity. It really didn't matter that our focus area was miles away from my home," says Pritha Dalvi, a second year student of engineering.

Over the next few days, the team set out on foot between Mahim creek and Siddhivinayak Temple, Prabhadevi to map the area's *panwallahs*. They then set about creating innovative spittoons — multi-coloured paper bags in various sizes. Over April 18 and 19 the team went distributing bags and enforc-

DIPAK HAZRA

Omkar Bhatkar interacts with a *panwallah*

To be a part of the upkeep of G ward, contact Omkar at 9220573597

## Making no bones about it

LEAH SALDANHA still remembers the shrill cry of a dog being beaten to death when she was barely-three-years-old. Over the last seventeen years, the memory has given the otherwise demure Saldanha the courage to defend hundreds of strays in Kannamwar Nagar, Vikhroli (East). And until six months ago, this Sophia College student's conviction was backed by no NGO or group of volunteers.

Right from nursing sick puppies to keeping a count of the dogs taken by the BMC for sterilisation — she's taken on complete responsibility of the 20 strays in the two-km stretch. Infact she knows each one by name.

"I know exactly which dog has been taken for sterilization and I make it a point to follow up on it's progress every time the municipal van comes around," says Saldanha. It's no wonder then that her family and friends fondly call her mama. "None of the dogs have gone missing in the area. People don't mess with them when they know that someone is keeping a tab," she says.

But though Saldanha makes no bones about her work, she admits that there have been trying times. Threats from enraged residents, trips to injured dogs in the middle of the night and the pain of having reached an ailing pup a little too late — none of these have held her back.

Infact, six months ago, Saldanha joined In Defence of Animals (IDA), a Mumbai-based NGO for strays, to help further her cause. "Leah constantly asks for guidance on helping the strays in the area. Recently she called to ask how to rescue a dog who was being beaten up in the area. The man was hurling abuses and screaming at her when she intervened," says Vivienne Choudhury, an IDA committee member. Choudhury adds that it's rare to find students as hands-on and committed as Saldhana.

And with IDA for assistance, the 20-year-old has big plans for the strays in her area. First up, a thorough sterilisation drive. "After that I want to work with a vet and learn first-aid measures. It's often too late by the time the ambulance comes along," she says.

Looking to support Leah in her cause? Call In Defence of Animals at 9320056588

TURN TO PAGE 4

ATUL MALEKAR

Nagar strays





## Poverty and Health Education

### Each One-Teach One:

WAYE graduates from urban areas were sent into rural villages to propogate health awareness, good hygiene, and service to the community. Each graduate adopted one family in the rural areas and sustained a commitment to their advancement.

### Inter-Faith Conference on HIV/AIDS Prevention and Care:

This conference dealt with the different perspectives on how faith leaders are and should be dealing with youth and HIV/AIDS. Many of the traditions today possess hard lines on this issue. This prompted an empassioned discussion on issues such as HIV/AIDS stigma, discrimination, as well as compassion, unconditional love, and the role of faith leaders in the disease.

### Donate-a-Book:

This youth service program is a massive book drive aimed at donating books to aboriginal and tribal communities in India and abroad. Because of a lack of cultural and educational integration, aboriginal communities have remained largely isolated. In particular, tribal youth sorely need the opportunity to receive a modern education in order to break debalitating social patterns.






## WAYE and UNFPA

WAYE and UNFPA collaborated to combat the issue of falling sex ratio in India with a vision of 'Restoration of the Natural Equilibrium in the Sex Ratio' and a mission to

Combat the Social Menace of "Sex Selection" through Spiritual Initiatives. WAYE and UNFPA aimed to impact all levels of society especially through the medical fraternity.

With a goal to 'Accelerate the level of involvement of the Medical Students Youth Fraternity in order to strengthen mechanisms and initiatives for promoting action towards combating the Declining Sex Ratio', this approach tackles the issue at the grass-root level of the medical fraternity.

WAYE developed a specialized YES!+ program (Youth Empowerment Seminar – full form) to address the issue of sex selection in India. The project was implemented from December 2006 to October 2007. WAYE conducted the YES!+ UNFPA program at 11 medical (rural and urban) colleges across the state of Maharashtra.

Overall the project was successful in sensitizing the students, changing their attitudes for taking action to combat sex selection in both rural and urban Maharashtra by future doctors. While the initial attitude and responses of the colleges and the students varied, the program resulted in a huge success in all the colleges where the program was implemented.






# Eradicating Violence through Education:

## Aurwan Tand Project:

**Aurwan Tand**: A lonely village in Uttar Pradesh - a place with 100% illiteracy, where children dream of growing up to become Naxalites! YES!+ is running a school there called "Sri Sri Seva Mandir" championed by ordinary youth, who are doing extraordinary things.






Resting in the lap of nature, Aurwan Tand is a small village in eastern Uttar Pradesh: block Naugarh, tehsil Chakia and district Chandauli. and having a population of merely 30 families, mostly from the Kharwar tribe.The livelihood of people is mostly based on cattle-herding, cultivating small pieces of land and gathering jungle products like 'mahua' and 'chironji'. The typical earnings are just six thousand to eight thousand rupees a year. Illiteracy, ignorance and unhygienic conditions exist in the whole area. Awareness about health is totally lacking. There is no electricity and no means of transportation. The nearest market, Naugarh, is 16 km. away.









With a vision of promoting educational excellence, volunteers of Art of Living made arrangements for running a school with higher classes.

Currently there are two teachers in this school. Fortunately, both are inclined towards social service. This is a coeducational school with 41 students. The number of boys and girls is 25 and 16 respectively.

The whole area, comprising of about ten villages, has a number of scheduled tribes and backward communities— including Kharwar, Musahar, Harijan and Ahir— but lacks schools with secondary education. Therefore, children from nearby villages also come here on foot to get instruction.

## SSRVM objectives

The aim of Art of Living is the all-round development of students. Along with studies, it imparts knowledge of rules of health, cleanliness, environmental awareness, etc.

Apart from all this, to join them with the mainstream of the nation, they are inspired to learn from the lives of great leaders of our country. Feelings of patriotism, honesty and integrity are instilled in them. For this purpose a "bal sabha" (children's assembly) is organised every week.The annual function of the school was celebrated in May, 2007.










# Global Youth Conferences

## Youth World Peace Summit:

Held in June of 2006, this Peace Summit galvanized 1,600 young leaders to advocate collective action on contemporary social issues. Working in collaboration with the United Nations, the conference established a framework for participant to develop socially productive habits, to engage in public service, to meet social entrepreneurs from the field,  and to realize their own potential as responsible participants in the world.

## India Young Leaders Forum








# Global Youth Conferences

## International Conference on Integrated Value Education
## 760 Youths, 300 Educators, 29 Countries,

In April 2007, Art of Living and WAYE held a conference at the Foundation's International Center in Bangalore. The theme of education was explored in depth, with a specific focus on the following five aspects:

**Information** – Developing a strong sense of discrimination for sound information sources and right information

**Creativity** – This space to allow this quality to blossom is directly correlated to sustaining the student's enthusiasm and commitment

**Concepts** – The fundamental grounding of any student should be impeccable and strong

**Attitude** – Adaptable and respectful students are certain to progress.

**Freedom** – Students should strive for this in all aspects of their life.








# SEVA PROJECTS

## WOMEN EMPOWERMENT PROGRAMME

**The fine female qualities like softness, gentleness, compassion and nurturing instinct should not be lost while becoming powerful. - Sri Sri**

*"The contribution I make to my family is substantial. Now my husband respects me. My life is rich because of SSRDP"*



## SSRDP

**GIFTING ENTREPRENEURSHIP SKILLS**











**Rural Development Programme**

**When you train a woman you help her village and the entire nation .....**
**Sri Sri**




**Over 2,000** women move from abject poverty to **self-confidence, self-reliance & self-esteem**

## VISTA

(Value integrated services to all)


True LAUGHTER happens in deep silence.
Choice is bondage. choicelessness is FREEDOM.
SILENCE is language of GOD.
CELEBRATION is a real prayer.
BREATH is the workshop of HEALING.
MEDITATION is the food of soul .
When ENERGY is high we are more centered , enthusiastic & joyful.
DANCE is a manifestation of INNER JOY.
LOVE is not emotion it is your very existence.
You are music & unsung song. To reach that depth of silence . Just SING.


SEVA PROJECTS
5H SEVA PROJECTS
5H PROGRAMME
Over 68,00,000 Lives touched Globally
HOMES
HEALTH
HYGIENE
HUMAN VALUES
HARMONY IN DIVERSITY
5H Programme
5H Programme is implemented by youth trained under YLTP (Youth Leadership Training Programme)
YLTP focuses on developing confident and dynamic youth leaders
Imparting holistic training and skills to become socially and economically independent
With firm commitment and cooperation YLTP youths are strengthening their communities worldwide
YLTP
YLTP -Moulding youth into empowered rural entrepreneurs
HYGIENE
Providing clean drinking water and sanitary conditions
5H Programme
HUMAN VALUES
Sustaining Development through human values
5H Programme
HOMES
A roof over every head
5H Programme
HEALTH
Basic health care for everyone
MOBILE DENTAL CLINIC
5H Programme
HARMONY IN DIVERSITY
Bringing the world together
5H Programme

# HIS HOLINESS SRI SRI RAVI SHANKAR



# SEVA PROJECTS

## PRISON SMART COURSES















# SEVA PROJECTS

## PRISON SMART COURSES















# SRI SRI RAVI SHANKAR VIDHAYA MANDIR

## SEVA PROJECTS



























# SEVA PROJECTS

Sri Sri Ayurveda

## A HOLISTIC DEVELOPMENT OF THE HUMAN PERSONALITY

"The study of life is Ayurveda - Veda means knowledge, and Ayu is life.According to Ayurveda, life is not rigid compartments; it is a harmonious flow. The whole universe is made up of five elements, each one of them contains the other four and they flow into one another. The approach of Ayurveda towards life is holistic, sum total" - Sri Sri Ravishankar



















The Art of Living

Copyright © 2002 The Art of Living Foundation

# SEVA PROJECTS

## SRI SRI EDUCATION

### Sri Sri College of Ayurvedic Science & Research



# BAMS











- Highly qualified faculty
- State-of-the-art laboratory
- Comprehensive library with hi-speed internet
- Herbal garden
- 100 bed hospital
- Research & Development centre
- Separate hostels for boys and girls
- Picturesque and pleasant campus





AYURVEDA

www.ssrvm.org

### Sri Sri Ravishankar Pre University College, Bangalore







Students will be suitably equipped to face the modern progressive world and at the same time be proud of the deep rooted rich Indian culture and heritage.

*SALIENT FEATURES*

- Stress-free environment for learning
- Dedicated and trained faculty that includes
  - Distinguished academicians
  - Practicing professionals from IITs and IIMs
- Techniques to improve observation and perception skills
- Eco-friendly infrastructure
- Develops students into independent thinkers and leaders



www.ssrvm.org

THE ART OF LIVING

# SRI SRI INSTITUTES






# SEVA PROJECTS

*"We are here to make the whole world, everyone, aware of what could be the possiblities of life, where they can reach, how joyful they can be. We are here to develop the individual"*

*- Sri Sri*

## ART OF LIVING HUMAN RESOURCES



Thousands of placements

- client companies across the world
- over 10,000 candidates to select from

*bringing together professional talent and corporate houses ...*



www.aolhr.org info@aolhr.org

## SUMERU
Global Technology Solutions



Sumeru, a global IT service provider of choice to leading corporations in India, North- America, Europe, Middle-East and South-East Asia since 2002.

### Areas of Expertise

- Application Software Development
- Information & Network Security
- SAP

We are proud to be associated with IAHV's (International Association for Human Values) 5H program.




**Sumeru Software Solutions Pvt. Ltd.**

Visit us at: www.sumeru.com Mail us at: info@sumerusolutions.com

## The Art of Living Matrimony
VVMVP

*|| Marriage is for enabling the other person to grow in life ||*



TIE THE KNOT BY VEDIC RITES



SWAYAMWARA
jeevan saathi ki khoj

*www.ArtofLivingMatrimony.com*




ગ્રાફ નં. ૫.૧ : ઉત્તરદાતાનું વયજૂથ દર્શાવતો ગ્રાફ




ગ્રાફ ૫.૨ : ઉત્તરદાતાની વતનની માહિતી દર્શાવતો ગ્રાફ




ગ્રાફ ૫.૩ : ઉત્તરદાતાની જ્ઞાતિનું વર્ગીકરણ દર્શાવતો ગ્રાફ




ગ્રાફ ૫.૯ : ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો  દર્શાવતો ગ્રાફ




ગ્રાફ ૫.૭ : ઉત્તરદાતાનો શૈક્ષણિક દરજ્જો દર્શાવતો ગ્રાફ




ગ્રાફ ૫.૮ : ઉત્તરદાતાનો વ્યવસાયિક દરજ્જો દર્શાવતો ગ્રાફ




| | બેઝીક | આર્ટ એક્સેલ | યશ | એડવાન્સ | ડી.એસ.એન. | સહજ સમાધિ | ટી.ટી.સી. | શ્રીશ્રી યોગા | યશ-પ્લસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જાણકારી | ૨૫૦ | ૧૬૪ | ૧૪૩ | ૨૦૧ | ૧૮૫ | ૧૫૦ | ૧૩૪ | ૧૬૫ | ૧૩૬ |
| ભાગીદારી | ૨૫૦ | ૩૮ | ૧૪ | ૧૦૧ | ૧૧૬ | ૩૪ | ૧૨ | ૫૧ | ૧૧ |

ગ્રાફ ૬.૩ : આર્ટ ઑફ લિવીંગના કોર્ષની જાણકારી અને ભાગીદારી દર્શાવતો ગ્રાફ




ગ્રાફ ૬.૧૦ : જાહેર પ્રવૃત્તિની માહિતી દર્શાવતો ગ્રાફ




ગ્રાફ ૬.૧૫ : આર્ટ ઑફ લિવીંગમાં જોડાવાથી જ તમારું વ્યસન દૂર થયું હોય તે દર્શાવતો ગ્રાફ

# આર્ટ ઑફ લિવીંગની સામાજિક અસરો - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

A SOCIAL IMPACT OF THE ART OF LIVING - A SOCIOLOGICAL STUDY

## મહાનિબંધની સંક્ષેપિકા

**ડોકટર ઓફ ફિલોસોફીની (સમાજશાસ્ત્ર) ઉપાધિ માટેના નિયમો અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રજૂ કરવા માટે**


**માર્ગદર્શક**

***ડૉ. હેમીક્ષાબેન રાવ***
પ્રોફેસર અને અધ્યક્ષ
સમાજશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.

**સંશોધક**

***રાજેશ બી. ત્રિવેદી***
એમ.એ.
સમાજશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.



**સમાજશાસ્ત્ર ભવન,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,**
**રાજકોટ - ૩૬૦ ૦૦૫.**

**૨૦૧૦**

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે **શ્રી રાજેશ બી. ત્રિવેદી** એ આ મહાશોધ નિબંધ **''આર્ટ ઓફ લિવીંગની સામાજિક અસરો - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ''** મારા માર્ગદર્શન નીચે પીએચ.ડી. (સમાજશાસ્ત્ર)ની પદ્‌વી માટે તૈયાર કર્યો છે. આ સંશોધન મૌલિક છે જે અન્યત્ર અને કોઈ પદવી માટે રજૂ કરવામાં આવ્યું નથી કે આ સંશોધનનો કોઈપણ અંશ કયાંય પ્રસિધ્ધ થયો નથી.

આ શોધ પ્રબંધનો સારસંક્ષેપ પીએચ.ડીની ઉપાધિની જરૂરિયાતના ભાગરૂપે રજૂ કરેલ છે.

**ડૉ. હેમીક્ષાબેન રાવ**
**પ્રોફેસર અને અધ્યક્ષ**
**સમાજશાસ્ત્ર ભવન**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,**
**રાજકોટ.**

# આભારી છું...


➢ સૌ પ્રથમ મારા માર્ગદર્શક અને ગુરુ ડો. હેમીક્ષારાવ (પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટનો હું ઋણી છું. સંશોધનના પ્રત્યેક તબક્કે તેમના અનુભવપૂર્ણ માર્ગદર્શને મારા સંશોધનમાં નવી કેડી કંડારી આપી છે. તેમની સાથે મારી બી.એ. એમ.એ. થી લઈને પીએચ.ડી. સુધીની સફરે મારા સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુને દૃઢ કર્યું છે. સતત નવું ને નવું વાંચતા રહેવું, વિચારતા રહેવું અને કપરા સંજોગોમાં પણ નિષ્ઠાપૂર્વક પોતાનું કર્મ કરતા રહેવાનું તેમની પાસેથી શીખવા મળ્યું છે. સંશોધન કાર્ય દરમિયાન મારાથી થયેલી ભૂલોને તેમણે પ્રેમથી સમજાવી પણ છે અને ક્યારેક જરૂર પડ્યે મીઠો ઠપકો પણ આપ્યો છે. સંશોધન કાર્ય દરમિયાન જ્યારે પણ કોઈ મૂંઝવણ પેદા થાય ત્યારે રાજકોટ ખાતેનું તેમનું નિવાસસ્થાન મારા માટે પાવરહાઉસ બની રહેતું. જીવન પ્રત્યેનો હકારાત્મક અભિગમ અને સતત કર્મશીલ રહેવાની તેમની ધગશે મારી જેવા યુવાનને હંમેશા પ્રોત્સાહિત કર્યો છે.

➢ આજે હું જે કંઈ છું તે મારા કુટુંબનો આભારી છું. આ મહાનિબંધના ભગીરથકાર્યને સંપન્ન કરવામાં મારા પૂજ્ય માતા શ્રીમતી કુસુમબેન ત્રિવેદી, પિતા શ્રી બળવંતભાઈ ત્રિવેદી, બહેન શ્રીમતી જીજ્ઞાસા, જીજાજી શ્રી સૌરભ કકુલકર્ણી, મોટા બહેન શ્રીમતી બીના જોષી તથા જીજાજી શ્રી તિર્જેન જોશીનો હું ઋણી છું. તેમના આશીર્વાદે મારામાં હંમેશા નવી ચેતનાનો સંચાર કર્યો છે. આ સંશોધન કાર્યને સંપન્ન કરવામાં મારી પત્ની શ્રીમતી મનીષાના પ્રેમ અને હુંફે મને હંમેશા હિંમત આપી છે. આ સંશોધન કાર્ય દરમિયાન મારા બે નાના બાળકો ચિ.સર્વજ્ઞ અને ચિ.રીષભ માટે હું જરૂરી સમય ફાળવી શક્યો નથી તેનો મને ખેદ છે.

➢ ડો. જયશ્રી નાયક તથા ડૉ. હરેશભાઈ ઝાલાએ જે જ્ઞાનરૂપી ગાઈડલાઈન તથા સહકાર આપ્યો છે એ માટે હું બધાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

➢ સમગ્ર સંશોધન કાર્યનો આત્મા ક્ષેત્રકાર્ય છે. મારા આ ક્ષેત્રકાર્ય દરમિયાન આર્ટ ઓફ લિવીંગ સંપ્રદાયના ઋષીજી, સ્વામીજી, શિક્ષકો અને ઉત્તરદાતાઓના સહકારને આ તબક્કે અવગણી શકાય નહીં. માન. ઋષિ નિત્ય પ્રજ્ઞાજી, શ્રીમતી તનુજા લીમયે, શ્રી મેહુલ પરીખનો આભાર માનું છું. વળી, ક્ષેત્રકાર્ય દરમિયાન ઉત્તરદાતાઓએ આપેલી માહિતી વિના તો આ કાર્ય અસંભવિત હતું. તેમનો પણ આભાર.

➢ પ્રસ્તુત મહાનિબંધને તૈયાર કરવામાં અનેક અંગ્રેજી સંશોધન ગ્રંથોના સંદર્ભો ટાંકવાનું બનતું. આ અંગ્રેજી ગ્રંથોના સંદર્ભોને સમજવામાં અમારા સાથી મીસ અલ્પા વોરાએ

કરેલી મદદ બદલ તેમનો પણ આભારી છું. ડો.નીરૂલા સીંઘ, રીસર્ચ સાયન્ટીસ્ટ મેમોરિયલ મ્યુઝિયમ અને લાયબ્રેરી, તીનમૂર્તિ હાઉસ ન્યુ દિલ્હીનો હું આભારી છું.

➢ ભાષાકીય ક્ષતિઓ દૂર કરી પ્રુફરિડીંગ કરી આપનાર અમારી સ્કુલનાં પ્રિન્સીપાલ શ્રી ભાનુભાઈ શુકલનો હું આભાર માનું એટલો ઓછો છે.

➢ મારા ક્ષેત્રકાર્યમાં જેનો સતત સહકાર મળતો રહ્યો છે તેવા ડો.ચંદ્રકાંતભાઈ વાઘેલા, શ્રી દીપક પંજાણી શ્રી તુસાર વાકાણી, શ્રી નીકુંજ, ડો.કલ્પેશ પટેલ, શ્રીમતી વૃંદાબેન તે સર્વે પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરુ છું.

➢ આ સમગ્ર કાર્ય દરમિયાન સમયસર અને ટાઈપીંગ અને બાઈન્ડીંગ કરી આપી સાથ આપનાર શ્રી પિનાકીન લખતરિયાનો જેટલો આભાર માનુ એટલો ઓછો છે.

➢ આ સમગ્ર કાર્ય દરમિયાન મને ડેટા એન્ટ્રી તથા ચાર્ટ બનાવી આપવામાં મદદ કરવા બદલ હું કું.મોસમી સી. વાઘેલા, તથા કુ. હેના કુલકર્ણીનો આભાર માનું એટલો ઓછો છે.

➢ તદઉપરાંત નામી અનામી શુભેચ્છો, મિત્રો, વડીલો, વિદ્વાનો, જ્ઞાતિજનો, પરિવારજનો વગેરે કોઈને કોઈ ક્ષેત્ર કાર્ય કરવામાં મદદરૂપ થયા હોય અને નામ લખવામાં ભૂલાઈ ગયા હોય તો તેઓનો હું અંત:કરણપૂર્વક સાદર આભાર માની વિરમું છું.

રાજકોટ

તા...../..../૨૦૧૦

**— રાજેશ બી. ત્રિવેદી**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૦ | પ્રસ્તાવના | ૬-૭ |
| પ્રકરણ-૧ | સંશોધન આયોજન | ૮-૧૩ |
| પ્રકરણ-૨ | સંશોધન પ્રશ્નની સૈદ્ધાંતિક સમજ | ૧૪ |
| પ્રકરણ-૩ | સંદર્ભ સાહિત્ય | ૧૫ |
| પ્રકરણ-૪ | આર્ટ ઓફ લિવીંગ (જીવન જીવવાની કળા) | ૧૬-૧૭ |
| પ્રકરણ-૫ | વ્યકિત, કૌટુંબિક માહિતીનું વર્ગીકરણ | ૧૮ |
| પ્રકરણ-૬ | માહિતીનું વિશ્લેષણ ભાગ : ૨ | ૧૯ |
| પ્રકરણ-૭ | કેશ સ્ટડીઝ | ૨૦-૨૧ |
| પ્રકરણ-૮ | ઉપસંહાર-તારણો | ૨૨ |
| ૦ | સંદર્ભ સૂચિ | ૨૩ |

# પ્રસ્તાવના

૨૧મી સદીમાં સામાજીક સંશોધનના ક્ષેત્રે અનેક નવા નવા ખેડાણો થઈ રહ્યા છે. કોઈપણ સામાજીક વિજ્ઞાનના વિકાસમાં નવા નવા સંશોધનોનું યોગદાન અમૂલ્ય હોય છે. પદ્ધતિસરના સંશોધનના અંતે જ સિદ્ધાંત મળે છે. આવા વિપુલ સિદ્ધાંતો જ સામાજિક વિજ્ઞાનોના વિકાસની પારાશીશી બને છે. એક વિષયના રૂપમાં ૨૦૦ વર્ષ કરતા પણ જૂનો ઈતિહાસ ધરાવનાર સમાજશાસ્ત્રએ માનવસંબંધોના જટિલ તાણાવાણાને વૈજ્ઞાનિક એરણ પર મૂકી મૂલ્યમુક્ત સંશોધનોની ભેટ વિશ્વને આવી છે.

વર્તમાન સમયમાં સમાજશાસ્ત્રમાં અભ્યાસોની આગવી પરંપરાઓનો પ્રારંભ થયો છે જેમાં પર્યાવરણ, મહિલા સશક્તિકરણ, પાણીના વ્યવસ્થાપન જેવી બાબતોનો સમાવેશ થાય છે. પરંતુ તેની સાથે સાથે સમાજની પાયાની મહત્વની પાંચ સંસ્થાઓ લગ્ન સંસ્થા, કુટુંબ સંસ્થા, ધર્મસંસ્થા, રાજ્યસંસ્થા અને શિક્ષણ સંસ્થા. જે એકબીજા સાથે પરસ્પરાવલંબીત છે. સમાજશાસ્ત્ર વર્તમાન સમયમાં આ પાયાની સંસ્થાઓની બદલાતી ભૂમિકા-કાર્યો તથા સમાજ પરની તેની અસરોનો અભ્યાસ કરે છે.

સમાજશાસ્ત્રએ મૂળભૂત રીતે સામાજિક તથ્યોનો અભ્યાસ કરે છે. ધર્મની મૂળભૂત વિભાવના સમાજશાસ્ત્રીય સંદર્ભમાં સામાજીક નિયંત્રણના સંદર્ભમાં સમજી શકાય છે. વૈદિક યુગથી વર્તમાન સમય સુધી ભારતીય સમાજ જીવનના અનેક તાણાવાણા ધર્મ સાથે જોડાયેલા જોવા મળે છે. સામાજીક વ્યવસ્થામાં ધર્મ માનવીની દૈનિક જીવનશૈલીમાં સંકળાયેલો છે.

સમાજશાસ્ત્રી મેકસવેબર (જેમણે, ભારતીય ધાર્મિક વ્યવસ્થા પર અભ્યાસ કર્યો છે) અને નિસ્બેત સામાજીક વ્યવસ્થાને અનુસરવા અને સમજવા માટે ધર્મને મહત્વનું પરિબળ ગણાવ્યુ છે. મેલીનોવસ્કીએ જીવવિજ્ઞાનમાં અને રોબર્ટ મર્ટને એજ આધાર લઈને કાર્યાત્મકવાદમાં ધર્મનો ઉલ્લેખ કર્યો છે. વેબર, મર્ટન તથા ધૂર્યેના ધર્મના અભ્યાસો, ઓલ્વીનના આદિમધર્મ અંગેના લખાણો મારા અભ્યાસમાં કેન્દ્રસ્થાને છે.

વર્તમાન સમયમાં ધર્મ કે ધાર્મિક સંસ્થાના બદલાતા જતા અભિગમો, તેના સ્વરૂપ અને રચનાતંત્રીય માળખામાં અને ભૂમિકામાં આવેલ પરિવર્તન સમજવું જરૂરી બની ગયું છે. ધર્મ એ વ્યક્તિના વર્તનવ્યવહારોને નિયંત્રીત કરે છે ત્યારે વર્તમાન સમયમાં બદલાતી સામાજિક

પરિસ્થિતિ પર ધર્મના વિવિધ સંપ્રદાયોની કેવી અસર થઈ છે તેને તપાસવાનો પ્રયત્ન કરેલ છે.

આર્ટ ઓફ લિવીંગ એ હિંદુ ધર્મના મૂલ્યો પર આધારિત એક સેવા કરતી રજીસ્ટર્ડ ધાર્મિક સ્વૈચ્છિક સંસ્થા છે જે સમાજમાં ચોક્કસ હેતુઓને પરિપૂર્ણ કરવા માટે સમાજમાં લોકોની માનસિક તંગદિલી દૂર કરી, શાંતિ, પ્રેમ, સહકાર, ભાતૃત્વ અને વસુદૈવ કુટુંબકમની ભાવના સમાજમાં પ્રસરે તે માટેના પ્રયત્નો કરે છે. આ ઉપરાંત સમાજકલ્યાણની વિવિધ પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે. હું પોતે છેલ્લા ૧૫ વર્ષથી આર્ટ ઓફ લિવીંગ સાથે સક્રિય રીતે જોડાયેલો છુ. મારા પોતાના અનુભવો તથા આજુબાજુના લોકોમાં આવેલ પરિવર્તન તથા સમાજના કેટલાક વર્ગોમાં આવેલ પરિવર્તન તથા સમાજના કેટલાક વર્ગોમાં આવેલ પરિવર્તનોને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી સમજવા માટે મારા પીએચ.ડી.ના અભ્યાસ માટે મેં આ વિષયની પસંદગી કરી હતી. મેં ભક્તિ સંપ્રદાય, સ્વામિનારાયણ સંપ્રદાય, સ્વાધ્યાય પ્રવૃત્તિ જેવી વિવિધ ધાર્મિક સંસ્થાઓની સમાજજીવન પરની અસરો અંગેના અભ્યાસો જોતા મને આર્ટ ઓફ લિવીંગની સામાજીક અસરોને પણ તપાસવા માટે પ્રેરણા મળી.

મારા અભ્યાસમાં મે આર્ટ ઓફ લિવીંગનું ધ્યેય, તેનું રચનાતંત્રીય માળખુ તેની વિવિધ પ્રવૃતિઓ, કાર્યક્રમોની વ્યક્તિગત અસરો, કૌટુંબિક અસરો અને સમાજજીવન પરની અસરોને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મારા સમગ્ર અભ્યાસનું ક્ષેત્ર રાજકોટ જીલ્લા પૂરતુ મર્યાદિત રાખવામાં આવ્યું છે. આમ આ અભ્યાસ એ Microlevel (લઘુકક્ષા)નો છે. મારો અભ્યાસ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવા માટે નિરીક્ષણ, મુલાકાત, પ્રશ્નાવલી પ્રયુક્તિઓ તથા વ્યક્તિ એકમ અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. પ્રસ્તુત મહાશોધ નિબંધને કુલ આઠ પ્રકરણોમાં વિભાજીત કરેલા છે.

સામાજીક સંશોધનની વિશેષતા એ છે કે તેનુ અભ્યાસવસ્તુ લાગણીઓથી ધબકતો માનવ સમુદાય છે. સંશોધનની આ માત્રામાં આ સમુદાયના સહકાર વિના મંઝીલ સુધી પહોંચી શકાય નહી. માનવસંબંધોને વૈજ્ઞાનિક આધાર પર સમજવામાં અનેક વ્યક્તિઓની મદદ સંશોધકને હુંફ અને કંઈક નવું શોધી કાઢવાની પ્રેરણા આપશે.

# પ્રકરણ-૧
# સંશોધન આયોજન

વિશ્વમાં અનેક રહસ્યો ધરબાયેલા છે. માનવી આદિમકાળથી આ રહસ્યોનો પામવાનો પ્રયત્ન કરી રહ્યો છે. પોતાના પ્રયાસો અને પ્રવૃત્તિઓને કારણે તેણે અનેક રહસ્યોને ઉદ્‌ઘાટિત પણ કર્યા છે કે જેનાથી વિશ્વ અપરિચિત હતું. આ રહસ્યોને પામવાની પ્રવૃત્તિથી તેના જ્ઞાનમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પણ થતી રહે છે અને ઉપલબ્ધ જ્ઞાનને વાસ્તવિકતાની એરણ પર ચકાસી સ્પષ્ટતા મેળવી શકાય છે. રહસ્યોને જાણવાની અને તેને ઉદ્‌ઘાટિત કરવાની તેની આ પ્રવૃત્તિ એટલે જ સંશોધન. જ્યારે આવો પ્રયત્ન સામાજિક ઘટનાઓ પાછળના રહસ્યને સમજવા માટે કરવામાં આવે છે ત્યારે તેને સામાજિક સંશોધન કહેવાય.

પ્રસ્તુત અભ્યાસમાં આર્ટ ઓફ લિવીંગની સામાજિક અસરાને વૈજ્ઞાનિક પદ્ધતિથી ચકાસવાનો પ્રયાસ કર્યો છે.

### ૧. આર્ટ ઓફ લિવીંગ

ભારતમાં અનેક વિવિધતા જોવા મળે છે. જેવીકે પ્રદેશ, ભાષા, ધર્મ વિગેરે. ભારતમાં હિંદુ, મુસ્લીમ, શીખ, જૈન, પારસી, બૌદ્ધ, ખ્રિસ્તી જેવા અનેક ધર્મના લોકો વસવાટ કરે છે. જેમાં હિંદુ ધર્મની વસ્તી સૌથી વધુ જોવા મળે છે. હિન્દુ ધર્મમાં અનેક સંપ્રદાયો અનેક પેટાધર્મો જોવા મળે છે. તેમાં જુદા જુદા સમયાંતરે પરિવર્તનો આવતા રહ્યા છે. ધર્મ એ વ્યક્તિના જીવનમાં મહત્વ ધરાવે છે. હિન્દુ ધર્મના સ્વામિનારાયણ સંપ્રદાય, પાંડુરંગ દાદાની સ્વાધ્યાય પ્રવૃતિ તથા આર્ટ ઓફ લિવીંગ જેવા સંપ્રદાયો અસ્તીત્વ ધરાવે છે. જેઓ સમાજ સુધારાની પ્રવૃતિઓ ચલાવે છે.

વર્તમાન સમયમાં છેલ્લે અઢી દસકાથી શ્રી શ્રી રવિશંકર મહારાજ દ્વારા આર્ટ ઓફ લિવીંગની પ્રવૃતિ ચલાવવામાં આવે છે. આ એક આંતરરાષ્ટ્રીય કક્ષાનું બીનસરકારી સંગઠન છે.

આર્ટ ઓફ લિવીંગ એ હિંદુ સંપ્રદાયના મૂલ્યો, ધોરણો અને નીતિ નિયમો પ્રમાણે કાર્ય કરે છે. પરંતુ છેલ્લા દસકા દરમિયાન આ પ્રવૃતિમાં ખૂબ મોટા પ્રમાણમાં લોકો જોડાય છે.

આર્ટ ઓફ લિવીંગની વિશ્વમાં ૧૪૫ દેશોમાં ૪૫૦૦ કેન્દ્રો દ્વારા જુદા જુદા સેવાકાર્યો ચલાવવામાં આવે છે અને તેના દ્વારા દરેક શ્રેણીના લોકો સુધી માનવ કલ્યાણ અને માનવીય મૂલ્યોમાં વધારો કરી લોકોને સારી રીતે જીવન જીવવામાં મદદરૂપ બનવાનો પ્રયત્ન કરે છે અને તેના  દ્વારા અનેક લોકોના જીવનમાં મોટા પાયા પર પરિવર્તન આવ્યા છે. લોકોની જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું છે.

આમાં સુદર્શન ક્રિયા શીખવાડવામાં આવે છે. જેના દ્વારા સ્વની ઓળખ અને સ્વની જાગૃતિ થાય છે. શ્વાચ્છોશ્વાસની એવી સુંદર અને સરળ પ્રક્રિયા છે જેના દ્વારા ઘણા રોગોમાંથી મુક્તિ મળે અને લોકો ઘણા બધા સેવાકાર્યમાં જોડાય છે. આને લોકોના જીવનમાં પરિવર્તન આવે છે તેના દ્વારા સમાજ કલ્યાણની અનેક પ્રવૃતિઓ કરવામાં આવે છે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે વિષય પસંદગી, સંશોધન પ્રશ્ન, સંશોધન હેતુ, સંશોધનની વિભાવનાઓ, સંશોધનનું મહત્વ, સંશોધન સમસ્યા અંગેનો અભિગમ, સંશોધન ક્ષેત્ર, સંશોધન પ્રયુક્તિઓ, માહિતીનું વર્ગીકિરણ અને પૃથક્કરણ, સંશોધન અહેવાલની રૂપરેખા, સામાજિક સંશોધનની મર્યાદા અને ક્ષેત્રકાર્યના અનુભવો સામેલ કરેલ છે.

## ૦ સંશોધન હેતુ

કોઈપણ સામજિક સંશોધન પાછળ ચોક્કસ હેતુ હોય છે. ચોક્કસ હેતુ સંશોધનને દિશા પ્રદાન કરે છે. અહીં સંશોધન પ્રશ્નને ધ્યાનમાં રાખી પ્રસ્તુત અભ્યાસ માટે નીચેના હેતુઓ નક્કી કરવામાં આવ્યા છે:

૧. આર્ટ ઓફ લિવીંગની ઐતિહાસિક પૂર્વ ભૂમિકા સંબંધી માહિતી એકત્રીત કરવી.
૨. આર્ટ ઓફ લિવીંગ બહુવિધ માળખુ ધરાવતા ભારતના ક્યા ક્યા સામાજીક સ્તરમાં વ્યાપકતા ધરાવે છે અને તેના વ્યાપકતા પરિબળો/પરીસ્થિતિને સમજવાનો પ્રયાસ.
૩. આર્ટ ઓફ લિવીંગની વિવિધ પ્રવૃતિઓ વિશેની જાણકારી મેળવવી અને તેના વ્યવસ્થાપનનું માળખુ તપાસવું.
૪. આર્ટ ઓફ લિવીંગની વિવિધ પ્રવૃતિઓની વ્યક્તિ, પરિવાર તથા સમાજ ઉપર કેવી કેવી અસર પડે છે તેને તપાસવી.

## ૦ સંશોધનનું મહત્વ

પ્રસ્તુત અભ્યાસ એ આર્ટ ઓફ લિવિંગની સામાજીક અસરોને સમાજશાસ્ત્રીય પરીપ્રેક્ષથી સમજવાનો છે. આર્ટ ઓફ લિવીંગ એ અગાઉ ચર્ચા કર્યા મુજબ દક્ષિણ ભારતમાં કર્ણાટક રાજ્યમાં બેંગ્લોર સ્થીત સંસ્થા છે. જે સમગ્ર વિશ્વમાં પોતાનો વ્યાપ્ત ધરાવે છે અને તેની અસર સમાજના તમામ જ્ઞાતિ વર્ગના લોકો ઉપર પ્રભાવ અસર રહી છે. આ સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ દ્વારા સમાજના ગામડાના છેવાડાના લોકોના ઉત્કર્ષ માટે યુવાનો તથા માનસિક રીતે અશાંતિ અનુભવતા લોકોના કલ્યાણ માટેની અનેક પ્રવૃતિઓ કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં આર્ટ ઓફ લિવીંગની વિવિધ શિબીરોમાં જોડાયેલા શિબિરાર્થીઓના જીવન ઉપર તેમના સામાજીક આતર્થક અને દૈનિક જીવનચર્યા ઉપર કેવી અસર થઈ છે તેને તપાસવાનો પપ્રયત્ન કરવામાં આવ્યો છે. આમ આ સંસ્થા દ્વારા સમાજની વર્તમાન સમસ્યાઓ મુખ્યત્વે લોકોને માનસિક તંગદિલીમાંથી  બહાર કાઢી તંગદિલી નિવારવાનો અને શાંતિપૂર્ણ જીવન જીવી શકે તે માટેનો પ્રયત્ન કરવામાં આવે છે. કે જેથી લોકો આત્મહત્યા કે બીજી કોઈ ગુનાહિત પ્રવૃતિઓ કરતાં અટકે તેમજ સમાજ કલ્યાણની વિવિધ પ્રવૃતિઓ દ્વારા સમાજના નબળા વર્ગ માટે અનેકવિધ પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે તેનાથી લોકોને કેટલો લાભ થયો છે તે સમજી શકાશે. આ ઉપરાંત આ બધાથી આ દ્વારા લોકોના સામાજીક જીવન ઉપરની અસરો દ્વારા યુવાનોમાં ભૌતિકતાવાદ તરફની ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ અને સંવાહક તરીકેની જે ભૂમિકા આ સંસ્થા દ્વારા ભજવવામાં આવે છે તે કેટલે અંશે સીધ્ધ થઈ શકી છે તે જાણી શકાશે.

## ૦ સંશોધન ક્ષેત્ર

રાજકોટ જિલ્લાને સંશોધન ક્ષેત્ર તરીકે પસંદ કરેલ છે.

## ૦ સંશોધન પ્રયુક્તિઓ

કોઈપણ વિજ્ઞાનનું આવશ્યક લક્ષણ છે- તેનું પદ્ધતિશાસ્ત્ર. સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે, કારણ કે તેની પાસે સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરવા માટેનું ચોક્કસ પદ્ધતિશાસ્ત્ર છે. ફ્રાંસના વિદ્વાન ઈમાઈલ દુર્ખિમે (૧૮૫૮-૧૯૧૭) સમાજશાસ્ત્રમાં સામાજિક ઘટનાઓનો પદ્ધતિસર અભ્યાસ કરવાની વાત કરી. દુર્ખિમનો સામાજિક તથ્યનો સિદ્ધાંત સમાજશાસ્ત્રમાં રજૂ થયેલું સૌ પ્રથમ પદ્ધતિશાસ્ત્ર છે.

### ૧. ગ્રંથાલય

દિલ્હીમાં રહેવાને કારણે દિલ્હીમાં આર્ટ ઓફ લિવીંગ સાથે Organisa તરીકે જોડાયેલ હોવાને કારણે ત્યાંનું ગ્રંથાલય બેંગ્લોરની સંસ્થાના ગ્રંથાલયનો લાભ પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત JNV Delhi University, Saurashtra University નાં ગ્રંથાલયનો ધર્મનાં સમાજશાસ્ત્ર સંબંધી થયેલા અભ્યાસો તથા વેબટ, દુર્ખિમના અભ્યાસો મેળવ્યા હતા. સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય સમજવામાં ગ્રંથાલયમાંથી અનેક માહિતી પ્રાપ્ત કરી હતી. ઈન્ટરનેટના આ યુગમાં વિષયને લગતી કેટલીક દુર્લભ માહિતી જુદીજુદી વેબસાઈટ પરથી પ્રાપ્ત થઈ છે.

ઉપરોક્ત ગ્રંથાલયોની વારંવાર મુલાકાતો, પુસ્તકો અને સામયિકોના વાંચનની મારી વિષય અંગેની સૂઝ અને અભિમુખતા કેળવાઈ છે. મારા સંશોધનને લગતા ખ્યાલો સ્પષ્ટ થયા છે, ઐતિહાસિક દ્દષ્ટિબિંદુ કેળવાયું છે. ઘણીવાર એક સાથે અનેક પુસ્તકો જ્યારે નજર હેઠળથી પસાર થઈ જતાં ત્યારે ક્યાં પુસ્તકમાંથી કઈ માહિતી મારા સંશોધન પ્રશ્નના વિશ્લેષણમાં વધુ ઉપયોગી નિવડશે એ અંગેની મથામણ સતત ચાલતી અને તેમાંથી મને હંમેશા યોગ્ય માર્ગ મળતો રહ્યો છે. સમગ્ર સંશોધન યાત્રા દરમિયાન જુદાં જુદાં ગ્રંથાલયના વિવિધ સંદર્ભ પુસ્તકોએ આ સંશોધનને સમૃદ્ધ બનાવવાનું ભાથું પૂરું પાડ્યું છે એમ કહીશ તો તે અસ્થાને નથી.

### ૨. વ્યક્તિ તપાસ પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં વ્યક્તિ તપાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કારણ કે આર્ટ ઓફ લિવીંગ માં અનેક જ્ઞાતિ-વર્ગ ધર્મ ના લોકોની પૂર્વની પ્રવૃતિઓ તેમના સામાજીક વલણો, અપેક્ષાઓ, માન્યતાઓ, વિચારો, જીવનશૈલી વિગેરેમાં આ સંપ્રદાયમાં આવ્યા બાદ શું પરિવર્તન આવ્યું છે તેને સમજવામાં તપાસવામાં વ્યક્તિ તપાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં કુલ ૧૦ વ્યક્તિઓનો એકમ અભ્યાસ કરીને તેમના અનુભવોને આગળના પ્રકરણમાં દર્શાવવામાં આવ્યું છે. ૧૦ એકમોનો વ્યક્તિ તપાસ પદ્ધતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેઓમાં ઉચ્ચ/મધ્યમ/નિમ્ન જ્ઞાતિના તેજ રીતે ઉચ્ચ/મધ્યમ/નિમ્ન વર્ગના લોકો જુદા જુદા ધર્મનાં શિક્ષકો, યુવાનો, શાળાના વિદ્યાર્થીઓ શિક્ષણ અને અશિક્ષીતો અને સરકારી અને બીનસરકારી સંસ્થામાં નોકરી કરતા લોકોની ઊંડાણપૂર્વકની મુલાકાત લીધા બાદ જેમના જીવનમાં જે વિવિધ અસરો થઈ છે તેને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## ૩. પ્રશ્નાવલિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ઉતરદાતાઓ શિક્ષિત હોવાથી પ્રશ્નાવલી પ્રયુક્તિનો ઉપયોગ કરેલ છે. પ્રશ્નાવલીને ઉતરદાતાઓ પાસેથી રૂબરૂ ભરાવેલ છે. જેથી તેઓને કોઈ પ્રશ્નોની અસ્પષ્ટતા હોય તો તે તાત્કાલીક દૂર કરી શકાય. બીજુ પ્રશ્નાવલીમાં બંધ અને ખુલ્લા બંને પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવેલ છે. પ્રતિભાવો/અભિપ્રાયો સંબંધી પ્રશ્નો ખુલ્લા સ્વરૂપના છે. જ્યારે અન્ય પ્રશ્નોનું સ્વરૂપ બંધ સ્વરૂપનું છે આમ આ અભ્યાસમાં મિશ્રિત પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રશ્નાવલીને કુલ ચાર વિભાગમાં વહેંચવામાં આવી છે. પ્રથમ બે વિભાગ એ ઉતરદાતાની વ્યક્તિગત અને કૌટુંબિક માહિતીનો છે. જેમાં ઉતરદાતાની ઉંમર, વતન, જ્ઞાતિ, ધર્મ, માતૃભાષા, વૈવાહિક દરજ્જો, શૈક્ષણિક દરજ્જો અને આર્થિક દરજ્જો અને પરિસ્થિતિની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત કુટુંબનો પ્રકાર, કુટુંબનું કદ, કુટુંબના સભ્યોની જાતિ તેમનું વયજૂથ, શિક્ષણ, વ્યવસાય, આવકની માહિતીની સાથે સાથે આર્ટ ઓફ લીવીંગ સાથે કેટલા લોકો જોડાયેલા છે. તેની માહિતી પણ પ્રાપ્ત કરેલ છે. જેમાં કુલ ૧૮ પ્રશ્નોનો સમાવેશ કરેલ છે. વિભાગ-૩માં આર્ટ ઓફ લિવીંગની જાણકારી તેની પ્રવૃતિઓ, અને કાર્યક્રમો વિશેની જાણકારી થતા ભાગીદારી સંબંધી માહિતી એકત્રીત કરેલ છે જેમાં કુલ પાંચ પ્રશ્નોની માહિતી એકત્રીત કરેલ છે. જ્યારે વિભાગ-૪માં આર્ટ ઓફ લિવીંગની વ્યક્તિની જીવનશૈલી, વિચારો, માન્યતાઓમાં આવેલ પરિવર્તન, કૌટુંબિક અસર, બાળકો પરની અસર, આર્ટ ઓફ લીવીંગ સાથેનો સંબંધ તથા સમાજ જીવન પરની અસરોનો નિર્દેશ કરેલ છે જેમાં ૩૧ પ્રશ્નો પૂછેલ છે. આમ સમગ્ર પ્રશ્નાવલીમાં કુલ ૫૪ પ્રશ્નો દ્વારા વ્યક્તિગત, કૌટુંબિક માહિતી આર્ટ ઓફ લિવીંગ વિશેની જાણકારી તથા તેની વ્યક્તિ પર, કુટુંબ પર તથા સમાજ જીવન પરની અસરો અને તેને કારણે આવેલ પરિવર્તનનો નિર્દેશ કરેલ છે.

## ૩. નિદર્શન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં હેતુપૂર્વક સ્તરીત નિદર્શનનો ઉપયોગ કરીને નિદર્શના એકમો પસંદ કરવામાં આવ્યા છે. અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને ત્રણ સ્તરના ઉતરદાતાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

૧. શિક્ષકો

૨. સ્વયં સેવકો

૩. શિબિરાર્થી ઉતરદાતાઓ.

નિદર્શની પસંદગીમાં આકસ્મીક નિદર્શન પ્રયુક્તિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. કારણ કે ત્રણે સ્તરના ઉતરદાતાઓની પસંદગી વિવિધ શિબિરોમાં ભાગ લેતા શિક્ષકો, સ્વયંસેવકો અને શિબિરાર્થીઓને ઉતરદાતા તરીકે પસંદ કરેલ છે. જેમાં શિક્ષકો અને સ્વયંસેવકો કુલ ૧૦% લેખે પસંદ કરેલ છે. રાજકોટ જીલ્લામાં કુલ ૭૦ શિક્ષકો, ૩૩૦ સ્વયંસેવકો છે. તેમાંથી ૧૦% લેખે ૭ શિક્ષકો, ૩૩૦ સ્વયંસેવકો છે તેમાંથી ૧૦% લેખે ૭ શિક્ષકો, ૩૩ સ્વયંસેવકો નિદર્શન તરીકે પસંદ કરેલ છે. જ્યારે ૨૧૦ ઉતરદાતાઓ બે કોર્ષના સમગ્ર ઉતરદાતાઓનો અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૧.૧૦ સંશોધન અહેવાલની રૂપરેખા

પ્રસ્તુત સંશોધન અહેવાલમાં વિષયને લગતી માહિતી એકત્રીત કરી, તેનું વિશ્લેષણ કરી, કોષ્ટકીકરણ કરવામાં આવ્યું છે. પ્રાપ્ત થયેલી માહિતીને વૈજ્ઞાનિક રીતે ચકાસીને તેને જુદાં જુદાં પ્રકરણોમાં વિભાજિત કરી છે. સંશોધન અહેવાલના અંતે સંદર્ભ પુસ્તકોની યાદી, પરિશિષ્ટ તેમજ મુલાકાત માર્ગદર્શિકા પણ બિડવામાં આવી છે. સમગ્ર લખાણની પ્રક્રિયા દરમ્યાન જોડણી વિષયક ભૂલો ન રહી જાય તે માટેની પણ તકેદારી રાખી છે.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત થયેલી માહિતીને નીચે મુજબના પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવી છે.

પ્રકરણ-૧. સંશોધન આયોજન

પ્રકરણ-૨. સંશોધન પ્રશ્નની સૈદ્ધાંતિક સમજ

પ્રકરણ-૩. સંદર્ભ સાહિત્ય

પ્રકરણ-૪. આર્ટ ઓફ લીવીંગનો પરિચય

પ્રકરણ-૫. માહિતીનું વિશ્લેષણ-૧ (વ્યક્તિગત-કૌટુંબિક માહિતી)

પ્રકરણ-૬. માહિતીનું વિશ્લેષણ-૨ (આર્ટ ઑફ લિવીંગની અસરો અને પરિવર્તન)

પ્રકરણ-૭. કેશ સ્ટડીઝ

પ્રકરણ-૮ તારણો અને સૂચનો

૮. પરિશિષ્ટ

# પ્રકરણ-૨
# સંશોધન પ્રશ્નની સૈદ્ધાંતિક સમજ

ધર્મનું સમાજશાસ્ત્ર ઈશ્વરના અસ્તિત્વને પુરવાર કરી શકતું નથી અથવા નકારી શકતું નથી. વળી સમાજશાસ્ત્ર સામાજિક-ધાર્મિક સુધારણાઓનો અભ્યાસ પણ નથી. ધર્મના સમાજશાસ્ત્રના સંદર્ભમાં નીચેના બે મુદ્દાઓ મહત્વનાં છે :

૧. ભગવાન છે કે નહીં એ પ્રશ્ન ધર્મનું સમાજશાસ્ત્ર ઉઠાવતું નથી. આના કરતા તે કેટલાક ચોકકસ પ્રકારના પ્રશ્નો તરફ પોતાનું ધ્યાન કેન્દ્રીત કરે છે. શું લોકો ભગવાન છે એમ માને છે ? શા માટે તેઓ આમ માને છે ? આ માન્યતા ઉપર તેઓ કેવી રીતે પહોચ્યાં ? તેઓ પોતાના ભગવાનને કઈ રીતે વર્ણવે છે ? તેમની સામાજિક પરિસ્થિતિ કેવી છે ? વગેરે પ્રશ્નોના ઉતર મેળવવાનો પ્રયાસ સમાજશાસ્ત્રી કરે છે.

૨. ધર્મની ફિલસૂફી ઉપરની બાબતથી તદન જુદી વસ્તુ છે. ફિલસુફીમાં ઘણી ઉપશાખાઓ હોય છે જેમકે, આધિભૌતિક, જ્ઞાનમીમાંસા અને નૈતિકતા વગેરે. તેમાં નિષ્ણાત ફિલસૂફે ભગવાન છે કે નહીં તે પ્રશ્ન અંગે વિશિષ્ટ દલીલો કરવાની હોય છે. તે રીતે આ શાખાના નિષ્ણાંતોએ જ્ઞાનમીમાંસા કે ભગવાનને જાણવાની વિવિધ રીતોનો અભ્યાસ કરવાનો છે. ધર્મના ફિલસૂફ ધર્મ અને નૈતિકતા વચ્ચેના સંબંધો પણ સ્પષ્ટ કરે છે.

ધર્મનું સમાજશાસ્ત્ર ધર્મને એક સ્વાભાવિક સામાજિક ઘટનાના રૂપમાં જુએ છે. પ્રત્યેક સ્વભાવિક સામાજિક ઘટનાના બે પાસાં હોય છે-કાર્ય અને કારણ. ધર્મનું સમાજશાસ્ત્ર આ બંને પાસાંનો અભ્યાસ કરે છે. તે ધર્મની ઉત્પતિ અને સાતત્ય માટે જવાબદાર કારણોનું વિશ્લેષણ કરે છે. સાથે સાથે સામાજિક વ્યવસ્થાની અંતર્ગત ધર્મને ટકાવી રાખનારા પરિબળોનું વિવેચન પણ ધર્મનું સમાજશાસ્ત્ર કરે છે. આ પરિબળો અને કાર્યોનું વિવેચન બે દષ્ટિકોણથી કરી શકાય :

૧. વ્યકિત સાથે સંબંધિત પરિણામ

૨. વૈયક્તિક જીવન પર ધર્મનો શું પ્રભાવ પડે છે તેનું વિવેચન ધર્મનું સમાજશાસ્ત્ર કરે છે.

પ્રકરણ બે માં સંશોધકે ધર્મની વ્યાખ્યાઓ, ધર્મના સમાજશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ, સમાજશાસ્ત્રીઓના ધર્મ અંગેના વિચારો મુદ્દાઓનો સમાવેશ કરેલ છે.

# પ્રકરણ-૩
# સંદર્ભ સાહિત્ય

સંશોધન પ્રશ્નની પસંદગી બાદ તેને સંબંધિત સાહિત્યનું ગહન અને આલોચનાત્મક અધ્યયન કરવું જરૂરી છે. શોધવિષય સંબંધિત પૂર્વજ્ઞાન પ્રાપ્ત કરવાથી અધ્યયનકાર્ય સરળ બને છે. શ્રીમતી પી.વી.યંગ (૧૯૬૦:૧૨૪:૧૨૫)નાં મતે

૧. શોધ વિષયનાં સંબંધમાં એક અંત:દૃષ્ટિ તથા સામાન્ય જ્ઞાન મેળવવા

૨. સંશોધન કાર્યમાં ઉપયોગી થઈ શકે તેવી પદ્ધતિઓનાં પ્રયોગનાં સંદર્ભમાં

૩. ઉપકલ્પનાનાં નિર્માણમાં તથા

૪. એક જ સંશોધન કાર્યનું પુનરાવર્તન કરવાની ક્ષતિમાંથી બચત માટે તેમજ

૫. અગાઉનાં સંશોધકોએ શોધપ્રશ્નનાં જે પાસા ઉપર ધ્યાન ન આપ્યુ હોય તે જાણવા માટે પણ મદદરૂપ બને છે.

એમ પણ કહી શકાય કે સાહિત્ય સમીક્ષાથી સંશોધન માટે માહિતીનાં સ્રોત અને પ્રયુક્તિઓ વિશે વાસ્તવિક જ્ઞાન મળે છે.

યોહાન પરમાર (૧૯૮૬:૧૬)નાં જણાવ્યા અનુસાર ‘વૈજ્ઞાનિક સંશોધનનું એક લક્ષણ એ છે કે વૈજ્ઞાનિક સિદ્ધાંત કાયમી હોતો નથી. કારણો, તર્કનિપુણ દલીલો, નવા તથ્યો ને પ્રયોગોને આધારે તથ્યો વચ્ચે પ્રકાર્યાત્મક સંબંધો શોધીને જૂના સિદ્ધાંતનું ખંડન કરી તેમાં સુધારા-વધારા કરી શકાય છે. અથવા નવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરી શકાય છે. કોઈપણ સિદ્ધાંતને સનાતન સત્ય ગણી ન શકાય’ આથી તેની જાણકારી મેળવવા લેખિત સંશોધન સાહિત્યનું વાંચન ઉપયોગી નીવડી શકે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે અભ્યાસ પુસ્તકો, સંશોધન અભ્યાસો, અભ્યાસની વિશેષતાઓ વગેરે મુદ્દાઓનો સમાવેશ કરેલ છે.

# પ્રકરણ-૪
# આર્ટ ઓફ લિવીંગ (જીવન જીવવાની કળા)

સને ૧૯૮૨માં વ્યક્તિ વિકાસ કેન્દ્ર એ સરકાર માન્ય સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા સરકાર માન્ય ચેરીટેબલ ટ્રસ્ટ છે. વિશ્વની સ્વયંસેવક આધારિત સૌથી મોટી એનજીઓ છે. જે અનેકવિધ સામાજીક સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવૃતિ કરે છે. સમગ્ર વિશ્વમાં ૧૪૬ થી પણ વધારે દેશોમાં ૫૦૦૦ કેન્દ્રો દ્વારા જુદા જુદા સેવા કામો દ્વારા લાખો લોકોના જીવનને આસાનીથી મહેકાવી રહ્યું છે. દેશ, ધર્મ, જ્ઞાતિ કે ઉચ્ચ નીંચના ભેદ કે ઉંમરના બાધ વગર ઉત્સાહથી થનગનતા આ સંસ્થાના હજારો સેવાભાવી યુવાનોનું એક માત્ર ધ્યેય એ દિવ્ય સમાજનું નિર્માણ છે. સંસ્થાનું કાર્ય લોકોનું વિશ્વનીય બની ચૂક્યું છે.

- સંસ્થાના પ્રણેતા વગર આવું અદભૂત કાર્ય થઈ શકે જ નહી. પ્રણેતા શ્રી શ્રી રવિશંકર છે જેને ઈશારે સંસ્થા દિન પ્રતિદિન પ્રગતિ કરી રહેલ છે.
- યુનાઈટેડનેશનની અને સોશીયલ કાઉન્સીલ સાથે એ વિશિષ્ટ રીતે જોડાયેલી છે. તેની સ્વાસ્થ્ય શિક્ષણ સસ્ટેઈનબલ ડેવલપમેન્ટ તથા વિવાદ નિવારણની કમીટીમાં ભાગ લે છે.
- વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા (WHO- World Health Organisation) સાથે એકવીસમી સદીમાં સ્વાસ્થ્ય સેવાઓના વિકાસની નીતિ નિર્ધારિત કરવા માટે આર્ટ ઓફ લિવીંગ પ્રતિષ્ઠાન સલાહકાર તરીકે જોડાયું છે.
- આ સંસ્થાના મુખ્ય પાયા સેવા, સાધના અને સત્સંગ છે.
- જીવનના દરેક તબક્કા માટે મુલ્ય વિકાસ એ એની પ્રવૃતિ છે.
- આર્ટ ઓફ લિવીંગ એ આંતરરાષ્ટ્રીય નોન પ્રોફીટ શૈક્ષણિક અને માનવીય સંસ્થા છે.
- દરેક પ્રકારના જીવનમાં થતાં અનુભવને ધ્યાનમાં લઈ સંસ્થાના કાર્યક્રમ આધારિત પ્રવૃતિઓ કરી રહી છે- તણાવ દૂર કરતી શિબિરો સ્લમ વિસ્તાર તથા ગામડાઓમાં સેવા, સસ્ટોઈનેબલ રૂરલ ડેવલપમેન્ટ (સ્વ આધારિત ગ્રામ વિકાસ) અભાવગ્રસ્ત માટે નિ:શુલ્ક શિક્ષણ, કુદરતી અથવા માનવ

પ્રેરિત આફતમાં સહાય અને ટ્રોમા રીલીપ કેમ્પ, પ્રિઝન સ્માર્ટ (નિશુલ્ક જલકોર્ષ) સજીવ ખેતી મૂલ્ય આધારિત શિક્ષણ, શ્રી શ્રી આયુર્વેદ વગેરે મુખ્ય પ્રવૃતિ છે. જીવનને એક વિશાળ નવો દ્રષ્ટિકોણ મળે તેવા ઉદ્દેશ્યથી આ પ્રવૃતિઓ નિર્માણ કરેલ છે.

- આ વિચારધારાને ધ્યાનમાં લાવનારને દુનિયાની પૃથ્વી ઉપર કોઈ વ્યક્તિને લાવવી જ જોઈએ તેવી વ્યક્તિને ઈશ્વર લાવ્યા અને તે છે શ્રી શ્રી રવિશંકરજી (આર્ટ ઓફ લીવીંગના સ્થાપક)

## ○ પ્રેરણામૂર્તિ શ્રી રવિશંકરજી

શ્રી શ્રી રવિશંકરજીનો જન્મ ૧૩ મે ૧૯૫૬ના દિવસે દક્ષિણ ભારતના એક શ્રીમંત અને સંસ્કૃત પરિવારમાં થયો. બહુજ નાની ઉંમરે આધ્યાત્મિકતા પ્રાપ્ત કરેલ. ચાર વર્ષની વયે એમને પૂર્ણ ગીતાના શ્લોક કંઠસ્થ હતા. તેઓ બાળપણમાં ઘણીવખત ઘણાં લાંબા સમય સુધી ધ્યાનમગ્ન જોવામાં આવતા. ધ્યાન અને પૂજા ગુરુજીની પ્રિય રમત હતી. તેઓ કોઈને પણ અલગ માનતા નહિ તેઓ કહેતા કે સમગ્ર વિશ્વ મારો પરિવાર છે અને ઘણાં બધાં લોકો મારી રાહ જોઈ રહ્યા છે અને સાચે સાચ તે આજ વિશ્વ ગુરુ તરીકે ઉપસી રહ્યા છે. તે ભગવાન નથી પણ જેના હૃદયમાં તે વસી ગયા છે. તે ગુરુજીને પોતાના ભગવાન માને છે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે પ્રેરણામૂર્તિ શ્રી રવિશંકરજી, આર્ટ ઓફ લિવીંગ દ્વારા ચાલતી પ્રવૃતિઓ અને કોર્ષ, આર્ટ ઓફ લિવીંગનું રચનાતંત્રીય કાર્યાત્મક માળખું, ઉપસંહાર વગેરે મુદ્દાઓનો સમાવેશ કરેલ છે.

# પ્રકરણ-૫
# વ્યકિત, કૌટુંબિક માહિતીનું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસ રાજકોટ જિલ્લામાં આર્ટ ઑફ લિવીંગમાં ભાગ લીધેલા બેઝીક કોર્ષ કરેલાં લોકોના સંદર્ભમાં કરવામાં આવેલ છે. તે સંદર્ભમાં સંશોધનના અભ્યાસ એકમ તરીકે પસંદ કરેલા ઉત્તરદાતાઓની કૌટુંબિક માહિતી તેમજ સમાજ જીવન અને વૈવાહિક દરરજ્જો, શૈક્ષણિક દરજ્જો, વ્યવસાય તેમજ કૌટુંબિક માહિતી તેમજ સમાજ-જીવનની માહિતીની પૃષ્ઠભૂમિકા ન જાણીએ ત્યાં સુધી અભ્યાસ અધૂરો રહે છે. ઉત્તરદાતાની વ્યકિતગત કે કૌટુંબિક માહિતી તેમજ અન્ય માહિતી પ્રાપ્ત કરવામાં તે ઉપયોગી બને છે.

સંશોધન અભ્યાસમાં ઉત્તરદાતાઓ સંશોધનનો પાયો ગણાય છે. જેવી રીતે મકાનની મજબૂતાઈ અને મકાનના આયુષ્યનો આધાર મકાનનો પાયો કેવો મજબૂત છે તેના ઉપર રહેલો હોય છે. તેવી જ રીતે સંશોધક ઉત્તરદાતાઓ સાથે જેટલું સાયુજ્ય સ્થાપીને, આત્મીયતા કેળવીને કે વિશ્વાસ સંપાદન કરીને સંશોધન માટે જરૂરી માહિતી એકત્ર કરી સંશોધન ક્ષેત્રે નવા સિદ્ધાંતો સ્થાપિત કરી શકે છે.

કોઈપણ સંશોધનમાં સંશોધનનો મૂળ આધાર ઉત્તરદાતાઓ હોય છે. સંશોધક સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને તથા અભ્યાસ ક્ષેત્રને કેન્દ્રમાં રાખીને માહિતીનું એકત્રીકરણ કરે છે. તેના માટે ઉત્તરદાતાની પસંદગી પણ કરવામાં આવે છે. ઉત્તરદાતાની પસંદગી વખતે તેમની વ્યક્તિગત અને કૌટુંબિક માહિતી એકત્રીત કરવામાં આવતી હોય છે. આ સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક તરીકે ઉત્તરદાતા તરીકે આર્ટ ઑફ લિવીંગની વિવિધ શિબીરોમાં જોડાયેલ વ્યક્તિઓને પસંદ કરેલા હતા.

જેમની વ્યક્તિગત તેમજ કૌટુંબિક માહિતની પૃષ્ઠભૂમિકા રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં ઉત્તરદાતાની જ્ઞાતિ, ધર્મ, વયજૂથ, તેમનું વતન, વ્યવહારીક દરજ્જો, શૈક્ષણિક દરજ્જો, તથા વ્યવસાયિક દરજ્જોનું વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કુટુંબનું કદ, કુટુંબનો પ્રકાર, કુટુંબના સભ્યોની જાતિ, વ્યવસાય, તેમની આવક તથા શૈક્ષણિક પરિસ્થિતિને તપાસેલ છે. તેમજ કુટુંબના કેટલા સભ્યો કયા કોર્ષમાં કેટલા સમયથી સંકળાયેલા છે. તેના વિશે વિસ્તૃત માહિતી એકત્ર કરવામાં આવેલછે અને હવે પછીના પ્રકરણ છ માં સંશોધકે આર્ટ ઑફ લિવીંગની ઉત્તરદાતાઓ પાસેની જાણકારી તથા તેના વિવિધ ક્ષેત્રો ઉપરની વિવિધ સમુદાયો ઉપરની અસરોને તપાસેલ છે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે ઉત્તરદાતાની વ્યકિતગત માહિતી, ઉત્તરદાતાની કૌટુંબિક માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરેલ છે.

# પ્રકરણ-૬
# માહિતીનું વિશ્લેષણ ભાગ : ૨

આ પ્રકરણમાં સંશોધકે અભ્યાસ હેઠળ પસંદ કરેલ ૨૫૦ ઉતરદાતાઓનો આર્ટ ઑફ લિવીંગ વિષેના અનુભવો સભાનતા, જાગૃતિ તથા તેની અગ્રિમતાને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આર્ટ ઑફ લિવીંગમાં જોડાયેલા બાદ ઉતરદાતાના જીવન ઉપર અને તેના કુટુંબના સભ્યો ઉપર કેવી અસરો થઈ છે તેને કારણે શું પરીવર્તન આવ્યુ છે તેને જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમજ સમાજજીવન ઉપરની અસરો અંગેના ઉતરદાતાના અભિપ્રાયો શું છે તેને પણ તપાસેલ છે.

આ એક એવી સંસ્થા છે. જેમાં સર્વધર્મના લોકો જોડાયેલ છે અને તેના સંસ્થાપક શ્રી શ્રી રવિશંકર છે આ સંસ્થા ૨૭ વર્ષના ટૂંકાગાળામાં ૧૫૫ દેશોમાં પાંચ વિભાગમાં ૨ કરોડથી વધુ લોકો આ સંસ્થા સાથે જોડાયેલા છે.

આ સંસ્થા દ્વારા વ્યકિતને માનસિક શાંતિ અને તે માટેની પ્રવૃતિઓ કરવામાં આવે છે. તેમજ સમાજના વંચીત સમૂહો જેવા કે સ્ત્રીઓ, ગામડાના પછાત જ્ઞાતિના ગરીબ લોકો માટેની સશક્તિકરણના અનેક કાર્યક્રમો ચાલે છે. આ ઉપરાંત જેલના કેદીઓ આપતિ વ્યવસ્થાપન તથા આતંકવાદીઓને સુધારવા માટેની પ્રવૃતિઓ પણ ચાલે છે. આ ઉપરાંત પર્યાવરણ જાગૃતિ અને જાહેર સ્વાસ્થ્ય માટેના પણ કાર્યક્રમો ચાલે છે. હાલમાં યમુના શુદ્ધિકરણ માટેનો પણ કાર્યક્રમ દિલ્હી ખાતે ચાલે છે આમ આર્ટ ઑફ લિવીંગ દ્વારા વ્યકિત કુટુંબ અને સમાજ સુધારણાનું અનેકવિધ પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે. જેમાં પ્રસ્તુત અભ્યાસના ઉતરદાતાઓ આવા અનેક વિધ સંસ્થા દ્વારા ચાલતા વિવિધ કાર્યક્રમો અંગેની કેટલી જાણકારી ધરાવે છે તેને આ જાણકારી કોના દ્વારા મળી અને તેને કેટલા અંશે તેઓ સક્રિય ભાગ ભજવે છે તેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે ઉત્તરદાતાઓ પાસેથી આ સંસ્થાની વ્યક્તિગત કક્ષાએ વર્તન વ્યવસ્થા, તેના વિચારો, વલણો, માન્યતાઓ, તેની જીવન શૈલીમાં શું અસર થાય છે તેને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આ ઉપરાંત કૌટુંબિક કક્ષાએ પતિ-પત્ની સંબંધો છે. બાળકો સામેના સંબંધો, માતા-પિતા સાથેના સંબંધો, સગાસંબંધીઓના સંબંધોમાં કેવું પરિવર્તન આવ્યું છે તેને દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પડોશી સાથેના સંબંધો તથા વ્યવહારિક સંબંધોમાં આવેલ પરિવર્તનનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. અને સમાજ જીવન પરની અસરોની વિશદ્ અને વિસ્તૃત છણાવટ કરવામાં આવેલ છે.

# પ્રકરણ : ૭
# કેશ સ્ટડીઝ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે આર્ટ ઑફ લિવીંગની જુદી જુદી જ્ઞાતિ, જાતિ અને વર્ગની વ્યક્તિઓ ઉપર કેવી અસર થઈ છે તેને જાણવા માટે અને ઉંડાણ પૂર્વક ગહન માહિતી એકત્ર કરવા માટે વ્યક્તિ અધ્યયનનો ઉપયોગ કર્યો છે. કુલ ૨૫૦ ઉત્તરદાતાઓ ઉપરાંત ૮ ઉત્તરદાતાઓને વ્યક્તિ અધ્યયન માટે પસંદ કરી તેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે. તથા સંશોધનના મુખ્ય પાસાને સમજાવેલ છે.

પ્રસ્તુત વ્યક્તિ અધ્યયનમાંથી પણ ઉત્તરદાતાઓ એવા છે કે જેઓ આર્ટ ઑફ લિવીંગને પોતાના જીવનમાં આત્મસાત કરેલ છે. અર્થાત તેઓ વધુ ઉંડી આધ્યાત્મિક સમજ ધરાવે છે. બીજું કે આ ઉત્તરદાતાના વ્યક્તિગત જીવનમાં આવેલા વિવિધ પરિણામો વધુ સ્પષ્ટતા સાથે જોઈ શકાય છે. પણ ઉત્તરદાતાઓ એવા પસંદ કરવામાં આવેલા છે જેઓ આર્ટ ઑફ લિવીંગ સાથે છેલ્લા ૫ વર્ષથી જોડાયેલા છે. જયારે બે ઉત્તરદાતાઓ છેલ્લા ૧૫ વર્ષથી તેમની સાથે જોડાયેલા છે. આર્ટ ઑફ લિવીંગ માં જુદા જુદા સ્તરે સંકળાયેલી વ્યક્તિઓની પસંદગી કરવામાં આવેલી છે. જેમાં એક ઋષિજી, એક સ્વામીજી તથા બે ભારત કક્ષાના શિક્ષકો, આંતરરાષ્ટ્રીય કક્ષાના શિક્ષકો તથા ત્રણ સ્વયં સેવકોનો વ્યક્તિ અધ્યયનમાં સમાવેશ કરવામાં આવેલો છે. જેથી ત્રણ સ્તરની વ્યક્તિઓની ભૂમિકા, તેમનો દરજ્જો તથા તેમની જીવનમાં આવેલા પરિવર્તનને જોઈ શકાય છે. આ ઉપરાંત તેનાં વિવિધ જ્ઞાતિના ઉત્તરદાતાને પણ વ્યક્તિ અધ્યયન તરીકે સ્વીકારેલ છે.

ઉપર્યુક્ત ૮ ઉત્તરદાતાની માહિતીને મુખ્યત્વે કુલ ૪ ભાગમાં વહેંચવામાં આવેલ છે. પ્રથમ ભાગના ઉત્તરદાતાની વ્યક્તિગત તથા કૌટુંબિક પૃષ્ઠભૂમિકા અહીં રજૂ કરવામાં આવેલ છે અને કુટુંબનાં સભ્યોનો પ્રાથમિક પરિચય આપેલ છે.

બીજા વિભાગમાં આર્ટ ઑફ લિવીંગના કારણે વ્યક્તિગત જીવનમાં તેમના મૂલ્યો, માન્યતાઓ અને વલણોમાં શું પરિવર્તન આવેલ છે. તેમની જીવનશૈલી ઉપર શું અસર થઈ છે તેને તપાસેલ છે.

ત્રીજા વિભાગમાં આર્ટ ઑફ લિવીંગમાં જોડાવાથી કૌટુંબિક સંબંધો પરની અસર અને કુટુંબના સાથ-સહકાર અંગેની માહિતી પ્રાપ્ત કરેલ છે અને ચોથા વિભાગમાં આર્ટ ઑફ લિવીંગના વિવિધ કોર્ષ તેમજ સમયગાળો તથા સક્રિય ભૂમિકા અને સમાજ જીવન ઉપરની અસરો વિશેના સંશોધકના મંતવ્યો દર્શાવ્યા છે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે આર્ટ ઑફ લિવીંગમાં વિવિધ સ્તરે સક્રિય રીતે કાર્ય કરતી જુદી જુદી જ્ઞાતિના વિવિધ દરજ્જો ધરાવતી વ્યક્તિઓ તેમજ વિવિધ વર્ષોનો અનુભવ ધરાવતી વ્યક્તિના વ્યક્તિગત અને કૌટુંબિક સંબંધો તેમજ સમાજ જીવન પરની અસરો અંગેના તેમના અનુભવોની ચર્ચા કરેલ છે. તેમજ તેમના વ્યક્તિગત જીવન અને કૌટુંબિક જીવનમાં આવેલ પરિવર્તનનો નિર્દેશ કરેલ છે તેમજ તેઓએ અનુભવેલી અનુભૂતિ અને તેમની ભાવનાઓને વિસ્તૃત રીતે સમજાવવાનો પ્રયત્ન કરેલ છે.

# પ્રકરણ-૮
# ઉપસંહાર-તારણો

પ્રસ્તુત મહાશોધ નિબંધ એ પીએચડીના અભ્યાસના ભાગરૂપે કરવામાં આવેલ છે. જેમાં આર્ટ ઑફ લિવીંગની વિવિધ જ્ઞાતિઓ, વર્ગો, શૈક્ષણિક સ્થાન, વિગેરે પાસાઓ પરની અસરોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. હિન્દુ ધર્મમાં અસમાનતાના અને પવિત્રતા અને અપવિત્રતાના ખ્યાલોને આધારે વ્યક્તિના વર્તન વ્યવહારો નક્કી કરવામાં આવતા હતા. પરંતુ પુન: જાગરણની પ્રક્રિયા બાદ ધીમે ધીમે સમાજના વિવિધ એકમોમાં અનેક પ્રકારના પરિવર્તનો જોવા મળ્યા છે. જેમાં પક્ષો, સંતો, અને લોકશાહી સાહિત્ય દ્વારા સમાનતાના મૂલ્યોને પ્રસ્થાપિત કરવાનો તેના દ્વારા સમાજમાં જાગૃતિ લાવવાની શરૂઆત થઈ.

પ્રસ્તુત અભ્યાસનું અભ્યાસક્ષેત્ર રાજકોટ જીલ્લા પુરતુ મર્યાદીત આપવામાં આવેલું છે. આ અભ્યાસમાં આર્ટ ઑફ લિવીંગને શિબિરમાં જોડાયેલ ઉતરદાતાઓ પુરતુ મર્યાદીત રાખેલ છે. આ અભ્યાસમાં મુખ્યત્વે આર્ટ ઑફ લિવીંગની જાણકારી, તેની પ્રવૃતિની ભાગીદારી, સમાજના વિવિધ ક્ષેત્રો તથા વ્યક્તિ કુટુંબ અને સમાજ જીવન પરની ચર્ચા કરવામાં આવેલી છે.

આ અભ્યાસમાં માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા ઉતરદાતાની વિષય સંબંધી અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીત કરવામાં આવેલ છે. આ ઉપરાંત એકમ અભ્યાસ પદ્ધતિ દ્વારા મુલાકાત પ્રયુક્તિ દ્વારા ઉતરદાતા પાસેથી ઉંડાણપૂર્વકની માહિતી એકત્રિત કરવામાં આવેલી છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક તેમજ ગૌણ માહિતીના સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવેલો છે. પ્રાથમિક સ્ત્રોતો તરીકે નિરીક્ષણ, મુલાકાત તેમજ પ્રશ્નાવલી પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવેલો છે. જ્યારે ગૌણ માહિતીમાં આર્ટ ઑફ લિવીંગનો પરીચય અભ્યાસલેખો શિબીરના લાભાર્થી અંગેની સંખ્યા અન્ય અભ્યાસ લેખોનો ઉપયોગ કરેલ છે. માહિતી એકત્રીકરણમાં વર્ગીકરણ અને વિશ્લષણ કરવામાં આવેલ છે. અને સૌથી છેલ્લે એકત્રીત કરેલ માહિતીને આધારે અભ્યાસના તારણો તારવવામાં આવ્યા છે. પ્રસ્તુત અભ્યાસ ૨૫૦ ઉતરદાતાઓ પૂરતો મર્યાદીત છે.

# સંદર્ભ સૂચિ

1. Corrington R.H., The Melanesians, Oxford, 1891
2. Dodwell H.H., Cambridge History of India, S.
3. Durkheim Emile, The Elementary forms of Religious life, translated by, J.W. Swain, Free Press, Glenco, 1947
4. Frazer James, The Golden Bough, The Macmillion Co. New York, 1945
5. Goode William J., Mehtod in Social Research Mcgraw- and Hatt paul K, Hill book co. inc. New york, 1952.
6. A Smile - A Secret Gift, 1998, Pub. By. Sri Sri Publication Trust, Banglore.
7. Astrology & All possibilities, 2001, Pub. By. Sri Sri Publication Trust, Banglore.
8. Bang on the Door, 1985, Pub. By. Sri Sri Publication Trust, Banglore.
9. Belonglingness to Sllence, 1999, Pub. By. Sri Sri Publication Trust, Banglore.
10. Bills & Prosperty, 1990, Pub. By. Sri Sri Publication Trust, Banglore.
11. Celebrating Love, 1999, Pub. By. Sri Sri Publication Trust, Banglore.
12. Celebrating Silence, 1997, Pub. By. Sri Sri Publication Trust, Banglore.
13. Guru of Joy, 1990, Pub. By. Sri Sri Publication Trust, Banglore.
14. Hinduism & Christianity Color, 1997, Pub. By. Sri Sri Publication Trust, Banglore.
15. Knowledge Sheet Vol. 1-7, 1995, Pub. By. Sri Sri Publication Trust, Banglore.

૧. આચાર્ય નવીનચંદ્ર, ભારતમાં વૈષ્ણવ ધર્મ અને શાકત સંપ્રદાય (ઉગમ અને વિકાસ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૮૬

૨. ગાંધીજી, વ્યાપક ધર્મભાવના, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૬૧

૩. ગુજરાતી વિશ્વકોશ, (ખંડ ૧ અને ૧૯)
ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૮૯ અને ૨૦૦૪

૪. પરમાર વાય.એ., સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૨૦૦૨

૫. મર્ચંટ આમ્રપાલી એમ., સામાજિક ક્રિયાનું સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૨૦૦૪.

૬. વાઘેલા બી.જી., ભગવાન સ્વામિનારાયણનું સમકાલીન લોકજીવન, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ, ૧૯૯૭

૭. સાધુ અક્ષરવત્સલદાસ, ભગવાન સ્વામિનારાયણ અને અંત્યોદય, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ, ૧૯૯૯

૮. શાસ્ત્રી દુર્ગાશંકર કેવળરામ, વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ, શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૩૯

૯. રાઠોડ, સ્વામિનારાયણ સંપ્રદાય અને તેની અસરો (પી.એચડી. થીસીસ)

૧૦. આચાર્યઆનંદ, સ્વામિનારાયણ સંપ્રદાય અને પછાત જ્ઞાતિઓ (પી.એચડી. થીસીસ)

૧૧. હિન્દુ ધર્મ-ખ્રિસ્તી ધર્મ, ૧૯૯૯, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૧૨. પ્રેમમૂર્તિ સદ્ગુરુ, ૧૯૯૨, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૧૩. મૌનની ઉજવણી, ૧૯૯૭, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૧૪. નવા યુગનું જ્ઞાન, ૨૦૦૦, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૧૫. સંબંધના રહસ્યો, ૧૯૯૮, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૧૬. ગુરુ અનમોલ વચન, ૧૯૯૯, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૧૭. બારાણે પ્રહાર, ૧૯૯૪, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૧૮. નારદ ભક્તિ સુત્ર-૧૯૯૨, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૧૯. તપાસનું તત્વ, ૨૦૦૧, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.

૨૦. પ્રેમની ઉજવણી, ૧૯૯૩, પબ્લીકેશન : શ્રી શ્રી પબ્લીકેશન ટ્રસ્ટ, બેંગ્લોર.